BAOU
Education for All

# Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## એમ.એ.: ઈતિહાસ

## MAHIS-103

## પ્રથમ સત્ર

# વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓ



BAOU
Education
for all

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

**પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**નિદર્શન (Direction)**

*પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* — *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓ પન યુનિવર્સિટી, અમદાવાદ.*

*પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ* — *વિભાગાધ્યક્ષ, ઈતિહાસ અને પ્રોફેસર લાઈબ્રેરી એન્ડ ઈન્ફાર્મેશન સાયન્સ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.*

**સંપાદક (Editor)**

*ડૉ. સોનલ ચૌધરી* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

**સહ-સંપાદક (Co-Editor)**

*ડૉ. મુકેશ આહિર.* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*ડૉ. ગોરધન એમ. રોહિત* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

**વિષય સમિતિ (Subject Committee)**

*પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ* — *વિભાગાધ્યક્ષ, ઈતિહાસ અને પ્રોફેસર લાઈબ્રેરી એન્ડ ઈન્ફાર્મેશન સાયન્સ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.*

*ડૉ. સોનલ ચૌધરી* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* — *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*

*પ્રો.ડૉ. જીગીશ પંડ્યા* — *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, એસ.પી. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.*

**વિષય પરામર્શન (Subject Review)**

*ડૉ. પ્રધ્યુમન ખાચર* — *અધ્યક્ષ અને એસોસિયેટ પ્રોફેસર , મહિલા કોલજ, જુનાગઢ.*

*ડૉ. જસરાજ ચૌધરી* — *અધ્યક્ષ અને એસોસિયેટ પ્રોફેસર, આર્ટસ કોલેજ, વડાલી.*

**લેખન (Writing)**

*ડૉ.ધમેન્દ્ર પરમાર* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ધર્મસિંહજી આર્ટસ કોલેન્જ, રાજકોટ.*

*ડૉ. ભાવિન પરમાર* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ગુજરાત કોલેજ, અમદાવાદ.*

*ડૉ. હરપાલ રાણા* — *પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*

*ડૉ. નરેશ પરીખ* — *અસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , સ્વામીનારાયણ આર્ટસ કોલેજ,કડી*

**ભાષા પરામર્શન (Language Review)**

*ડૉ. અજય રાવલ* — *ઉમિયા આર્ટસ કોલેજ, અમદાવાદ.*

**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

978-93-5598-989-5

**ISBN :**

**પ્રકાશન વર્ષ : 2026-પ્રથમ આવૃત્તિ**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**પ્રથમ સત્ર એમ.એ. : ઈતિહાસ**

**MAHIS-103**

**વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓ**


**એકમ : 1** **01**
**સંસ્કૃતિનો અર્થ, ઉદ્દભવ, પ્રસાર અને તેના લક્ષણો**

**એકમ : 2** **22**
**મિસરની સંસ્કૃતિ**

**એકમ : 3** **50**
**સુમેરિયન સંસ્કૃતિ**

**એકમ : 4** **75**
**બેબિલોનિયન સંસ્કૃતિ**

**એકમ : 5** **99**
**ઍસિરિયન સંસ્કૃતિ**

**એકમ : 6** **122**
**ઈરાનની સંસ્કૃતિ**

**એકમ : 7** **140**
**ચીનની સંસ્કૃતિ**

**એકમ : 8** **153**
**ગ્રીસ યુનાની સભ્યતા**

એકમ : 9 171

સિંધુ ખીણની સંસ્કૃતિ

એકમ : 10 188

રોમન  સંસ્કૃતિ

એકમ : 11 201

વૈદિક સંસ્કૃતિ

એકમ : 12 224

ખ્રિસ્તીધર્મનો ઉદ્દભવ-વિકાસ બાઈઝાન્ટાઈન સભ્યતા અને ખ્રિસ્તીધર્મનો ઉદ્દભવ-વિકાસ

એકમ : 13 241

ઈસ્લામ સંસ્કૃતિ અને ધર્મયુધ્ધો

એકમ : 14 271

ભારતનાં મહાકાવ્યોનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ

# પાઠ્યક્રમ પરિચય

વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓ નામના પેપરથી વિદ્યાર્થીઓ વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓ વિશે જાણકારી મેળવી શકશે. તે સમયની શાસન વ્યવસ્થા તેમજ સામાજિક, ધાર્મિક તેમજ વહીટી સ્થિતિની જાણકારી પ્રાપ્ત કરી શકશે.

જગતની પ્રાચિન સંસ્કૃતિનું સ્થાપત્ય, કલા, શિક્ષણ અને કલાવિજ્ઞાનનો અભ્યાસ કે જાણકારી પ્રાપ્ત કરી શકશે.

જગતના પ્રાચિન સ્થાપ્યો તેમજ વિભિન્ન સંસ્કૃતિઓના સાહિત્ય વિશે જાણકારી મેળવી શકશે.

વિભિન્ન સંસ્કૃતિમાં કેવા શાસકો થયા તે રાજાઓએ જનહિત માટે કેવા કાર્યો કર્યા તે વિશે માહિતગાર થશે.

આ સંસ્કૃતિઓએ જગતના લોકોને માનવ સભ્યતા પ્રસ્થાપીત કરવા કેવા પ્રયાસો કર્યા તેના વિશે જાણકારી પ્રાપ્ત થશે.

જગતની વિભિન્ન સંસ્કૃતિઓ આવનાર ભવિષ્ય માટે એક દિવ્ય સુચનનું કાર્ય છે. જેમાં રાજા હમ્મુરાબીનો કાયદા સંગ્રહ, ચિનની દિવાલ, ઈજીપ્તના પિરામીડો વિશે વિદ્યાર્થીઓ માહિતગાર થશે.

પોતાની સંસ્કૃતિ બચાવવા એથેન્સ અને સ્પાટા જેવા નાના રાજ્યોએ વિશાળ ઈરાની સામ્રાજ્ય સાથે કરેલા સંઘર્ષ વિશે જાણકારી પ્રાપ્ત કરશે.

આ વિભિન સંસ્કતિઓમાં માનવ સભ્યતા પ્રસ્થાપિત કરવા તેમણે ઘડેલા માનવમૂલ્યો, સંસ્કારો, ધર્મ, રાષ્ટ્ર, માનવ સબંધો વિશે જાણકારી પ્રાપ્ત કરે.

સમગ્ર વિશ્વની સૌથી પ્રાચીન વૈદિક સભ્યતા વિશે જાણે.  તેમા મનુષ્ય જીવનના ચાર પુરૂષાર્થ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વિષે માહિતગાર થાય.

વિદ્યાર્થીઓ રામાયણ મહાકાવ્ય દ્વારા માનવ સબંધો જેમાં પિતા-પુત્ર, ભાઈઓ, રાજા અને પ્રજા તેમજ સેવકની જે સમર્પણની ભાવના વિષે જાણે.

સિંધુ ખિણની સંસ્કૃતિનું નગર બાંધકામ, ગટર યોજના, વેપાર, શાસન વિષે જાણકારી પ્રાપ્ત કરે.

મહાભારત મહાકાવ્યમાં આવતા આંતરિક કુટુંબ સંઘર્ષ ત્યારબાદ થયેલુ ભિષણ મહાયુદ્ધ જેમાં પિતા-પુત્ર, કાકા-ભાઈ, દાદા-ગુરૂ, મિત્ર વચ્ચેના સંબંધો વચ્ચે માનવકર્તવ્યને પ્રથમ ઘણી તેમની સાથે કરેલું યુદ્ધ જે જગતા યુદ્ધોના ઈતિહાસમાં ભાગ્યેજ ઉદાહરણ તરીકે મળી શકે છે. તેમની મનોવ્યથા, લાચારી, પોતાના વચનનું મહત્ત્વ અંતે મૃત્યુ સ્વીકારી માનવ સભ્યતામાં સ્થાપેલા ઉચ્ચ મૂલ્યો વિષે જાણે.

વ્યક્તિએ કર્તવ્ય પરાયણ કેવી રીતે કરવું તે માટે ભગવાન કૃષ્ણએ આપેલો દિવ્ય બોધ વિષે માહિતગાર થાય.

વૈદિક સંસ્કૃતિ સમગ્ર માનવજાતિને સ્પર્શે છે. મનુષ્યજાતિ સામે આવતા કોઈપણ પ્રશ્ન કે સમસ્યા તેનું યોગ્ય અને સચોટ માર્ગદર્શન મેળવી શકે .

# એકમ : 1 — સંસ્કૃતિનો અર્થ, ઉદ્દભવ, પ્રસાર અને તેના લક્ષણો

## :: રૂપરેખા ::

1.0 ઉદેશ્યો

1.1 પ્રાસ્તાવિક

1.2 સંસ્કૃતિનો અર્થ

- 1.2.1 સંસ્કૃતિનો શાબ્દીક અર્થ
- 1.2.2 સંસ્કૃતિની વ્યાખ્યા
- 1.2.3 સંસ્કૃતિનું સ્વરૂપ

1.3 ઉદ્ભવ અને વિકાસ

- 1.3.1 સંસ્કૃતિના વિકાસના વિવિધ તબક્કા
  - 1.3.1.1 પ્રાથમિક અથવા વન્ય અવસ્થા (પૂરા પાષાણકાલીન જીવન) (savage condition)
  - 1.3.1.2 અસભ્યાવસ્થા અથવા બાબરિયા (ખાદ્ય સંગ્રાહક થી ઉત્પાદકનો તબક્કો) (barbarous condition)
  - 1.3.1.3 સભ્ય અવસ્થા અથવા અર્બન (નગરીય તબક્કો) (civilized condition)

1.4 સંસ્કૃતિના લક્ષણો

- 1.4.1 સાર્વત્રિકતા અને ભિન્નતા (Universality and Differentiation)
- 1.4.2 સંસ્કૃતિનું અમૂર્તપણું (Abstractness of Culture)
- 1.4.3 માનવસર્જિત ઉદ્સેન્દ્રિય વાસ્તવિક્તા (Superorganic reality)
- 1.4.4 વર્તનની શીખેલી રીતોની ઢબ (A pattern of learned ways of behaving)
- 1.4.5 વૃદ્ધિ અને પ્રેષણા (હસ્તાંતરણ) (Growth and transmission)
- 1.4.6 સ્થિર અને પરિવર્તનશીલ (Fixed and variable)

**1.4.7 પ્રસરણ (spread)**

**1.5 નિષ્કર્ષ**

**1.6 ચાવીરૂપ શબ્દો**

**1.7 તમારી પ્રગતિ ચકાસો ના જવાબો**

**1.8 બહુવૈકલ્પિક પ્રશ્નો**

**1.9 સ્વાધ્યાય**

**1.10 સંદર્ભો**

## 1.0 ઉદેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે…*

- *સંસ્કૃતિનો અર્થ અને સ્વરુપ વિશે જાણી શકશો.*
- *સંસ્કૃતિના વિકાસના તબ્બકાઓનો પરિચય મેળવશો.*
- *સંસ્કૃતિના લક્ષણોની જાણકારી પ્રાપ્ત કરશો.*

## 1.1 પ્રાસ્તાવિક

*માણસ એક સામાજિક પ્રાણી છે. માણસ પોતાની જરૂરિયાતો સંસ્કૃતિ દ્વારા પૂરી કરે છે. માનવસમાજ અને પ્રાણીસમાજ વચ્ચે પાયાનો તફાવત હોય તો તે સંસ્કૃતિનો છે. માનવસમાજમાં સંસ્કૃતિ હોય છે જ્યારે પ્રાણીસમાજમાં તેનો અભાવ હોય છે. સંસ્કૃતિએ માનવસમાજની અદ્વિતીય લાક્ષણિકતા છે. સંસ્કૃતિ વિના માણસ અને પ્રાણીમાં બહુ જાઝો તફાવત ન હોત આથી માનવસમાજ અને પ્રાણીસમાજવચ્ચેનો મહત્વના તત્વ તરીકે સંસ્કૃતિ છે.*

*માનવ એ સમૂહમાં રહેનારું પ્રાણી છે. સમૂહમાં રહેતાં રહેતાં અરસપરસના સંસર્ગથી તેણે જીવન સંબંધી અમુક ખ્યાલો બાંધ્યાં, વળી તેના વસવાટના પ્રદેશની ભૌગોલિક રચનાએ પણ તેને અમુક ખ્યાલો આપ્યા. ઉપરાંત તેની આસપાસ રહેલી કુદરતની શક્તિએ પણ તેને અમુક રીતે જીવન જીવવાની ફરજ પાડી. આ બધું ખ્યાલમાં લઈને દરેક માનવસમાજે પોતાની અમુક વિશિષ્ટતાઓ કેળવી તેણે આચાર વ્યવહારના અમુક સામાન્ય નિયમો બાંધ્યા, નીતિના સામાન્ય નિયમો ઘડ્યા, સામાન્ય ધાર્મિક માન્યતાઓ પોષી અને વિધિક્રિયાઓ નિર્માણ કરી, સાહિત્ય રચ્યું, તત્ત્વજ્ઞાન વિચાર્યું અને*

*અમુક પ્રકારના રીતરિવાજો ચાલુ કર્યાં. આ રીતે દરેક સમાજનું બીજા સમાજથી કાંઈક જુદું વિશિષ્ટત્વ ઉત્પન્ન થયું. આ વિશિષ્ટત્વને આપણે સંસ્કારિતા* (culture) *કહેશું.*

*સંસ્કૃતિમાં ધર્મ, કલા, વિજ્ઞાન, આસ્થા, રીતરિવાજો, જીવનશૈલી અને માણસે બનાવેલી દરેક વસ્તુનો સમાવેશ થાય છે. આ વસ્તુઓને તેનું સાંસ્કૃતિક વાતાવરણ કહેવામાં આવે છે. ભૌગોલિક વાતાવરણથી તદન એક અલગ જ, સાંસ્કૃતિક વાતાવરણ જે માનવસર્જિત છે. દરેક સમાજની પોતાની સામૂહિક જીવનશૈલી હોય છે. તેની કલાઓ, માન્યતાઓ, જ્ઞાન વગેરે એક વિશિષ્ટ પ્રકાર છે જેને આપણે સામાન્ય અર્થમાં સંસ્કૃતિ હેઠળ રાખી શકીએ છીએ.*

*માનવસમાજે પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે અનેક માધ્યમો બનાવ્યા છે. આમ, સંસ્કૃતિમાં ભાષા, વિચારો, માન્યતાઓ, રિવાજો, સંહિતાઓ, સંસ્થાઓ, સાધનો, તકનીકો, કલાના કાર્યો, ધાર્મિક વિધિઓ અને સમારંભો જેવા અન્ય ઘટકોનો સમાવેશ થાય છે.*

## 1.2 સંસ્કૃતિનો અર્થ

### 1.2.1 સંસ્કૃતિનો શાબ્દીક અર્થ

*"સંસ્કૃતિ" શબ્દ બે શબ્દોથી બનેલો છે - 'સમ' અને 'કૃતિ'. ઉપસર્ગ 'સમ' નો અર્થ 'સારું' અને 'કૃતિ' શબ્દનો અર્થ થાય છે 'કરવું'. આ અર્થમાં તે "સંસ્કાર" નો સમાનાર્થી છે. માણસની આંતરિક અને બાહ્ય ક્રિયાઓ સંસ્કારોને અનુરૂપ હોય છે. સંસ્કૃતિ શબ્દ સંસ્કૃતમાંથી ઉદભવ્યો હોવાનું જણાય છે. સંસ્કૃત એટલે શુદ્ધ. આ અર્થમાં, સંસ્કૃતિનો અર્થ તે તત્વ છે જે વ્યક્તિને શુદ્ધ કરે છે. કેટલાક વિચારકો માને છે કે સંસ્કૃત શબ્દ સંસ્કાર પરથી આવ્યો છે, જે શુદ્ધિકરણની ક્રિયાને દર્શાવે છે. એટલે કે, સંસ્કૃતિ દ્વારા, જે વ્યક્તિ જન્મથી જૈવિક અસ્તિત્વ ધરાવે છે, તે સામાજિક અસ્તિત્વમાં પરિવર્તિત થાય છે.*

*'સંસ્કૃતિ' શબ્દ લેટિન શબ્દ કલ્ટ અથવા કલ્ટસ પરથી આવ્યો છે, જેનો અર્થ થાય છે ખેડાણ અથવા ખેતી અથવા શુદ્ધિકરણ અને પૂજા. તે વસ્તુને એટલી હદે કેળવવા અથવા શુધ્ધ કરવા માટે સંદર્ભિત કરવામાં આવે છે જેનુ આચરણ લોકોમાં આદર અને પ્રશંસા જગાડે છે. સંસ્કૃતિને જીવન માર્ગ તરીકે ગણવામાં આવે છે. તમામ વ્યક્તિઓ માટે, જાતિ, સંપ્રદાય, જાતિ, ધર્મ, વંશીયતા, વ્યવસાયો, શૈક્ષણિક લાયકાત, લિંગ, ઉંમર અને સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના, સંસ્કૃતિને જીવનની પરિસ્થિતિઓને પ્રભાવિત કરતી અનિવાર્ય પાસાઓમાંની એક તરીકે ગણવામાં આવે છે.*

*સંસ્કૃતિ એ પ્રતીકાત્મક સંદેશાવ્યવહાર છે, તે એક પેઢીથી બીજી પેઢી સુધી પ્રસરણ થાય છે. સંસ્કૃતિ વ્યક્તિઓ વચ્ચે એકતાને પ્રોત્સાહન આપે છે, તેમની વચ્ચેના તફાવતોને ધ્યાનમાં*

લીધા વગર જ્યારે વ્યક્તિઓએ એકબીજા સાથે સંકલનમાં અને એક બની કામ કરવાની જરૂર હોય, ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓ અને વિવિધ પ્રકારની સંસ્થાઓમાં, ત્યારે તેમના માટે એકબીજાની સંસ્કૃતિને સ્વીકારવી આવશ્યક છે. એક મહત્વપૂર્ણ પરિબળ કે જેને ધ્યાનમાં લેવાની જરૂર છે તે છે, તમામ વ્યક્તિઓએ અન્ય સંસ્કૃતિઓના સંદર્ભમાં સકારાત્મક દૃષ્ટિકોણ બનાવવાની જરૂર છે અને કોઈપણ પ્રકારનો ભેદભાવપૂર્ણ વ્યવહાર ન હોવો જોઈએ.

સંસ્કૃતિ એ તમામ ભૌતિક અને બિન-ભૌતિક તથ્યોની સંપૂર્ણતા છે, જે વ્યક્તિને સમાજમાં સામાજિક અસ્તિત્વ બનાવે છે. સંસ્કૃતિ એ દૈવી શક્તિ નથી પરંતુ માણસનું સર્જન અને તેનું સતત અસ્તિત્વ માણસ દ્વારા ભૂતકાળના વારસાના પ્રતીકાત્મક પ્રસારણ પર આધારિત છે. તે માત્ર વિવિધ વર્તણૂકોનો સમૂહ નથી, પરંતુ વર્તણૂકોના આંતરસંબંધ અને સંગઠન દ્વારા રચાયેલી એક નવું માળખું છે.

સંસ્કૃતિ દિવસે ને દિવસે બદલાઈ રહી છે. તે નવા વર્તન, નવા વિચારો અને નવી શોધના આગમન સાથે વધતી અને સમૃદ્ધ થતી રહે છે, તેથી જ સંસ્કૃતિ ક્યારેય સ્થિર રહેતી નથી. સંસ્કૃતિમાં એક વ્યવસ્થા હોય છે, આ સંસ્કૃતિના એક તત્વમાં બદલાવ આવે અને અન્ય તત્વો પણ બદલાય તે સ્વાભાવિક છે.

અંગ્રેજીમાં 'culture' શબ્દ લેટિન શબ્દ 'colere' પરથી આવ્યો છે જેનો અર્થ થાય છે 'હળવું' અથવા જમીન ખેડવી. મધ્યયુગીન સમયમાં, આ શબ્દનો ઉપયોગ પાકની પ્રગતિશીલ શોધ માટે કરવામાં આવતો હતો. આ પરથી ખેતીની કળા માટે કૃષિ શબ્દ બન્યો છે.

સંસ્કૃતિને જટિલ પદ્ધતિ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જેમાં જ્ઞાન, માન્યતાઓ, કળા, નૈતિકતા, કાયદા અને રિવાજો અને અન્ય કોઈપણ ક્ષમતાઓ અને ટેવોનો સમાવેશ થાય છે જેને સમાજના સભ્યો તરીકે વ્યક્તિઓ દ્વારા અમલમાં મૂકવાની જરૂર હોય છે. સંસ્કૃતિમાં ગર્ભિત અને સ્પષ્ટ પેટર્નનો સમાવેશ થાય છે, જે વર્તન પ્રતીકો દ્વારા હસ્તગત અને પ્રસારિત થાય છે, જે માનવ જૂથોની વિશિષ્ટ સિદ્ધિઓનું નિર્માણ કરે છે, જેમાં કલાકૃતિઓમાં તેમના મૂર્ત સ્વરૂપનો સમાવેશ થાય છે. સંસ્કૃતિના આવશ્યક મૂળમાં પરંપરાગત, ઐતિહાસિક રીતે મેળવેલા અને પસંદ કરેલા વિચારો અને ખાસ કરીને તેમના આકર્ષિત મૂલ્યોનો સમાવેશ થાય છે.

એક તરફ સંસ્કૃતિ પ્રણાલીઓને ક્રિયાના ઉત્પાદનો તરીકે ગણવામાં આવે છે અને બીજી બાજુ, તેઓને ભવિષ્યની ક્રિયાના ઘટકો તરીકે ગણવામાં આવે છે. સંસ્કૃતિનું એક મહત્વનું પાસું છે, તે વ્યક્તિઓના એક જૂથને બીજા જૂથથી અલગ પાડે છે. તે વલણ, ધોરણો, મૂલ્યો અને માન્યતાઓના સમૂહને સંદર્ભિત કરે છે, જેને વ્યક્તિઓએ ધ્યાનમાં

લેવાની અને તેમના જીવનમાં અમલમાં મૂકવાની જરૂર છે. આ એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડવામાં આવે છે.

### 1.2.2 સંસ્કૃતિની વ્યાખ્યા

શબ્દકોશમાં સંસ્કૃતિને 'ચોક્કસ સમય અથવા લોકોના રિવાજો અને સભ્યતા' અને 'બૌદ્ધિક અને કલાત્મક સિદ્ધિ અથવા અભિવ્યક્તિ' તરીકે વ્યાખ્યાયિત કરે છે. સમય જતાં, વિવિધ વિચારકો અને તત્વજ્ઞાનીઓએ સંસ્કૃતિના અર્થને પોતપોતાની રીતે વ્યાખ્યાયિત કર્યો છે.

19મી સદીના અંત ભાગમાં 'સંસ્કૃતિ' શબ્દ અને તેની વિભાવનાનો વ્યાપક વિકાસ થયો. આ અગાઉ સંસ્કૃતિ કે સંસ્કૃતિઓ તો હતી જ; પણ 'સંસ્કૃતિ' શબ્દને સમજવાની અને તેને વ્યાખ્યા આપીને સમજાવવાની શરૂઆત 19મી સદીના અંત ભાગથી થઈ.

સામાજિક નૃવંશશાસ્ત્રના પિતા તરીકે ઓળખાતા સર એડવર્ડ બર્નેટ ટાઈલરનું મુખ્ય યોગદાન સમાજ અને સંસ્કૃતિના ઉત્ક્રાંતિની વિભાવના તરફ હતું. 1871માં પ્રકાશિત તેમના પુસ્તક પ્રિમિટિવ કલ્ચર્સમાં સંસ્કૃતિની વિભાવના આપી હતી. ટાયલરે જણાવ્યું હતું કે

"સંસ્કૃતિ અથવા સભ્યતા જટિલ (ર્ઙ્દ્ક્ષીટ્ુ ર્ક્ષી) પદ્ધતિ છે જેમાં જ્ઞાન, માન્યતા, કળા, નૈતિકતા, કાયદો, રીતરિવાજો અને સમાજના સભ્ય તરીકે માણસ દ્વારા પ્રાપ્ત કરેલી અન્ય ક્ષમતાઓ તેમજ ટેવોનો સમાવેશ થાય છે." - સર એડવર્ડ બર્નેટ ટાઈલર

સંસ્કૃતિને શિક્ષણના પરિણામ અને પાયા બંને તરીકે વર્ણવતા, પં. જવાહરલાલ નહેરૂ કહે છે કે "તે શારીરિક અને માનસિક બંને લક્ષણોની રચના અને વૃદ્ધિ માટે મૂળભૂત છે."

સાંસ્કૃતિક ઈતિહાસકાર રેમન્ડ વિલિયમ્સ સંસ્કૃતિને "જીવનની સંપૂર્ણ રીત અથવા લાગણીની રચના" તરીકે જુએ છે. સંસ્કૃતિની અન્ય કેટલીક વ્યાખ્યાઓ આ મુજબ છે:

"સંસ્કૃતિ એ ચોક્કસ સમાજના સભ્યો દ્વારા અપનાવવામાં આવતી જીવનપદ્ધતિ છે."

- ક્લાઈડ ક્લકહામ

"સંસ્કૃતિ એ અમુક અદ્ભુત પદાર્થો, ક્રિયાઓ (વર્તણૂકના ધોરણો) અને વસ્તુઓનું સંગઠન છે. વિચારો (માન્યતાઓ, જ્ઞાન), અને લાગણીઓ (વૃત્તિઓ, હેતુઓ) જે રૂપક ચિહ્નોના ઉપયોગ પર આધાર રાખે છે. - લેસ્લી વ્હાઈટ

"સંસ્કૃતિ એ જીવન જીવવાની એક સંપૂર્ણ પદ્ધતિ છે જે વ્યક્તિની શારીરિક, માનસિક અને અન્ય જરૂરિયાતોને પૂર્ણ કરે છે અને તેને પ્રકૃતિના બંધનમાંથી મુક્ત કરે છે."

- મોલિનોવસ્કી

"સંસ્કૃતિમાં સમાજમાં વ્યક્તિઓ દ્વારા હસ્તગત અથવા જાળવવામાં આવેલા વલણો અને વિચારો તેમજ બૌદ્ધિક, કલાત્મક અને સામાજિક આદર્શો અને સંસ્થાઓનો સમાવેશ થાય છે જેને સમાજના સભ્યો સ્વીકારે છે અને તેના પર કાર્ય કરવાનો પ્રયાસ કરે છે."

- બિડની

"સંસ્કૃતિ' એ તમામ વર્તણૂકીય પેટર્ન માટે સામૂહિક નામ છે જે સામાજિક રીતે પ્રાપ્ત થાય છે અને પ્રતીકો દ્વારા પ્રસારિત થાય છે." - ફેયર ચાઈલ્ડ

"સંસ્કૃતિ એ વસ્તુઓનો જટિલ સંગ્રહ છે જે આપણે સમાજના સભ્યો તરીકે વિચારીએ છીએ, કરીએ છીએ અને પકડી રાખીએ છીએ." - બિરસ્ટેડ

"સંસ્કૃતિ એ શીખેલ વર્તણૂકના દાખલાઓનો સરવાળો છે જે સમાજના સભ્યોની લાક્ષણિકતા છે અને તે જૈવિક વારસાનું પરિણામ નથી." - હૉબલ

"સંસ્કૃતિ શીખેલા વર્તનો અને તેની પેદાશની સતત પરિવર્તનશીલ ઢબ છે, જેનો સમાજના સભ્યો દ્વારા ઉપયોગ તથા પ્રેરણા(ક્રિહજદ્વૈજર્જૈહ) થાય છે." -ક્યુબર

", ંસ્કૃતિને શીખેલા વર્તનની ઢબ" — લિંટન

" માજના સભ્ય તરીકે આપણી વિચારવાની રીતો, પ્રવૃતિ કરવાની રીતો તથા આપણી પાસે જે કાંઈ છે તે બધા જટિલ જથ્થાનો સંસ્કૃતિમાં સમાવેશ થાય છે."

-રોબર્ટ બર્સ્ટિડ્ટ

"સંસ્કૃતિ એટલે સૈધ્ધાંતિક રીતે વ્યવ્હારીક રીતે મૂલ્યનો સાક્ષાત્કાર કરવાનો પ્રયત્ન."

-બી.એસ. સન્યાલ

"સંસ્કૃતિએ કોઈ માનવીય ક્રિયાઓનું ભૌતિક પરિણામ નહીં પરંતુ એવી ક્રિયાઓનું જ નામ છે જેને તે સાધ્યના રૂપમાં જ મહત્વપુર્ણ માને છે."

-ડૉ. દેવરાજ

"સંસ્કૃતિમાં એવી બાબતોનો સમાવેશ થાય છે કે જે એક પેઢીને વારસામાં હસ્તાંતરિત કરે છે. કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિ તેનો સામાજિક વારસો છે." - સદર લેન્ડ અને વુડવર્થ

*માનવશાસ્ત્રની દ્રષ્ટિએ સંસ્કૃતિનો અર્થ તમામ વર્તનને સમાવે છે; તે મૂળભૂત રીતે લોકોની જીવનશૈલીનું પ્રતિનિધિત્વ કરે છે. નૃવંશશાસ્ત્રની ભાષામાં સંસ્કૃતિ માત્ર ઝીણવટભરી સંસ્કારિતા સાથે સંબંધિત નથી પરંતુ તેને રોજિંદા જીવનના એક ભાગ તરીકે ગણવામાં આવે છે જે દરેક સમાજ ધરાવે છે. સંસ્કૃતિ પર માનવશાસ્ત્રનો ભાર એ લોકોના જીવનની રીતને સમજવાનો છે, દરેક સમાજની એક સંસ્કૃતિ હોય છે જે સરળ અથવા જટિલ અને અન્ય સંસ્કૃતિઓથી અલગ હોઈ શકે છે. દરેક સંસ્કૃતિ પોતાનામાં અનન્ય છે.*

### 1.2.3 સંસ્કૃતિનું સ્વરૂપ

*આમ સંસ્કૃતિ એટલે…*

- *એવી જટિલ પૂર્ણતા કે જેમાં પ્રજાનાં જ્ઞાન, માન્યતાઓ, કલા, નૈતિકતા, કાનૂનો અને રીતરિવાજોનો સમાવેશ થાય છે.*
- *સમાજના સભ્ય તરીકે વ્યક્તિએ પ્રાપ્ત કરેલી ક્ષમતાઓ અને ટેવોનો સમૂહ*
- *સંસ્કૃતિ એક પેઢી બીજી પેઢીને હસ્તાંતરિત થાય છે.*
- *સંસ્કૃતિએ સામાજિક વિરાસત-વારસો છે.*
- *કોઈ એક ચોક્કસ સ્થાને કોઈ ચોક્કસ સમયમાં રહેલા લોકસમૂહની પૂર્ણ જીવનશૈલી.*

*આમ, સંસ્કૃતિ શબ્દનો પ્રયોગ સમાજના સંપૂર્ણ જીવનને વ્યક્ત કરવા માટે કરવામાં આવે છે. સંસ્કૃતિ સંજ્ઞાનો ત્રણ રીતે વિચાર કરી શકાય. એક તો સંસ્કૃતિનું સ્વરૂપ, બીજું તેનાં મૂલ્યો અને ત્રીજું એ સંસ્કૃતિની વ્યક્તિ પર પડતી અસર. આ ત્રણેય પાસાનો સંયુક્ત વિચાર કરવાથી જ સંસ્કૃતિનું હાર્દ માપી શકાય છે. સંસ્કૃતિ અને સભ્ય વ્યક્તિનો સંબંધ અન્યોન્યાશ્રિત છે. સંસ્કૃતિ વ્યક્તિ દ્વારા પ્રગટ થાય છે અને વ્યક્તિ સંસ્કૃતિને ટકાવી રાખવામાં તથા વિકસાવવામાં પોતાનો ફાળો આપે છે. પરસ્પર પરાવલંબનની પ્રક્રિયા છે. એક પેઢીમાંથી બીજી પેઢીમાં થતી સાંસ્કૃતિક સંક્રાંતિ વડે જ સમાજ ટકી રહે છે. પ્રણાલિકાધિન અને મહદંશે પરીવર્તનશીલ એવા પછાત સમાજમાં સંસ્કારોની સંક્રાંતી મુખ્યત્વે કુટુંબ અને જાતિની પ્રણાલિકાઓ દ્વારા થાય છે. બીજી બાજુ, આધુનિક સંકુલ સમાજમા સંસ્કારિતાનો સંદર્ભ પણો જ વિશાળ છે. તેમા સાંસ્કૃતિક સંદર્ભ સતત બદલાયા કરે છે. આમ સંસ્કૃતિ એ સમાજનું સમગ્ર જીવન છે. બધા મનુષ્યોના વર્તનનાં સામાન્ય લક્ષણોનો એ સરવાળો છે. સમન્વય છે.*

*સાંસ્કૃતિક માનવ નૃવંશશાસ્ત્ર* (Anthropology) *અનુસાર 'ઈથોસ'* (Ethos)*નો અભ્યાસ કરવાથી લોકોના ચારિત્ર્ય અને તેમના હેતુઓ વિશે જાણી શકાય છે. ઈથોસ એ ગ્રીક ભાષાનો શબ્દ છે. તે સંસ્કારના કેન્દ્રનું સૂચન કરે છે. આ સંસ્કારકેન્દ્ર દરેક સુલભ સંસ્કૃતિના હાર્દમાં રહેલું છે. તેના અભ્યાસ દ્વારા પ્રજાની સંસ્કૃતિ અને સંસ્કારકેન્દ્ર વિશે જાણી શકાય છે. ગ્રીક પ્રજાનું સંસ્કારકેન્દ્ર (ઈથોસ) બુદ્ધિ દ્વારા નિયંત્રિત થતું. તે લોકો કોઈ પણ બાબતના અતિરેકનો ત્યાગ કરતા હતા. તેથી તે લોકોનું જીવન મધ્યમમાર્ગી હતું.*

*રોમન પ્રજાનું સંસ્કારકેન્દ્ર (ઈથોસ) કાનૂન દ્વારા નિયંત્રિત થતી સુવ્યવસ્થિત સમાજરચના. ભારતના મધ્યકાલીન યુગની પ્રજાનું સંસ્કારકેન્દ્ર* (Ethos) *મોક્ષ પામવાની ઈચ્છા હતું. મધ્યકાલીન ચીનમાં વિદ્વત્તા કેન્દ્રવર્તી હતી જ્યારે મધ્યકાલીન જાપાનમાં લડવૈયાઓ અગ્રસ્થાને હતા. આ બાજુ અમેરિકન પ્રજાનું* (Ethos) *સંસ્કારકેન્દ્ર વ્યક્તિ સ્વાતંત્ર્યના આદર્શ પર રચાયેલી જીવનશૈલી છે. ભારતની સંસ્કૃતિનો ઈથોસ આધ્યાત્મિકતા છે. ભારતનું સાંસ્કૃતિક વૈશિષ્ટ્ય આધ્યાત્મિકતા, અહિંસાત્મકતા, સહિષ્ણુતા, સામાજિક વિષમતા તેમજ ભાગ્યવાહિતા પર આધારિત છે.*

*ઉપર્યુક્ત ચર્ચાથી જણાશે કે કોઈ પણ સમાજની સંસ્કૃતિમાં તે સમાજમા લોકોનું જ્ઞાન, માન્યતાઓ, ધર્મ", કળા, સાહિત્ય જેવા સમાજિક વારસાનો એટલે કે વિચારવાની રીતોનોઃ સામાજિક ધોરણો અને મૂલ્યોનો એટલે કે, પ્રવૃત્તિ કરવાની રીતોનો સમાવેશ થાય છે. સામાજિક વારસો જીવનશૈલીનો જ નિર્દેશ કરે છે, સામાજિક વારસો અને ધોરણો તથા મૂલ્યો વાસ્તવમાં તો વિભિન્ન પ્રતીકોને જ બનેલો છે. આ સામાજિક વારસો ધોરણો, મૂલ્યો અને પ્રતીકો જીવનની એક પદ્ધતિનું નિર્માણ કરે છે. આથી જ સંસ્કૃતિને જીવનશૈલી* (way of life) *તરીકે એળખવામાં આવે છે.*

## (ક) તમારી પ્રગતિ ચકાસો.

**1. નીચેની ખાલી જગ્યાઓ પૂરો**

(1) *'સંસ્કૃતિ' શબ્દ* _________ *અને* _________ *બે શબ્દોથી બનેલો છે.*

(2) *'સંસ્કૃતિ' શબ્દ લેટિન શબ્દ* _______________ *પરથી આવ્યો છે.*

(3) *સંસ્કૃતિની સૌ પ્રથમ વિભાવના* _____________ *આપી હતી.*

(4) *'સંસ્કૃતિ' માટે અંગ્રેજીમાં* ___________ *શબ્દનો પ્રયોગ થાય છે.*

(5) *ભારતના મધ્યકાલીન યુગની પ્રજાનું સંસ્કારકેન્દ્ર* (Ethos)__________ *પામવાની ઈચ્છા હતું.*

2. *સંસ્કૃતિનો શાબ્દીક અર્થ સ્પષ્ટ કરો.*

## 1.3 ઉદ્ભવ અને વિકાસ

દુનિયાના વિચારકો, સમાજશાસ્ત્રીઓ, ઈતિહાસકારો અને માનવશાસ્ત્રીઓ માને છે તેમ દુનિયાની બધી જીવસૃષ્ટિમાં મનુષ્ય સૌથી શ્રેષ્ઠ પ્રાણી છે. કારણ કે, તેનામાં વિચાર અને વિવેકનું તત્ત્વ રહેલું છે. દુનિયાની બીજી જીવસૃષ્ટિની રહેણીકરણીમાં કોઈ ફેરફાર જોવા મળતો નથી, જ્યારે મનુષ્યની રહેણીકરણીમાં હંમેશાં ફેરફારો થતા રહે છે. હજારો વર્ષોથી મનુષ્ય અનુભવે શીખતો આવ્યો છે.

સામાજિક સંસ્કૃતિ એ મનુષ્યની કરોડો વર્ષની સાધનાનું ફળ છે. સંસ્કૃતિની આ સાધના આજે પણ ચાલુ છે. આ અર્થમાં સંસ્કૃતિ એ કોઈ ભૂતકાળની બાબત નથી, પણ તે સતત વહેતું ઝરણું છે. તેનો સંબંધ વર્તમાન જીવન સાથે છે. આ અર્થમાં તે જીવનની પ્રક્રિયા છે. ધર્મની જેમ સંસ્કૃતિ એ પરિપક્વ ફળ નથી, પણ વિકાસ પામતું વૃક્ષ છે. સમાજગત વારસો એ સંસ્કૃતિના વિકાસની ચાવી છે. તેમાં વંશપરંપરાથી આવેલી કલા, રાચરચીલું, વસ્તુના ઉત્પાદનની વિશિષ્ટ પ્રક્રિયાઓ, ભાષા, પહેરવેશ, વિચારો, ટેવો અને મૂલ્યો વગેરેનો સમાવેશ થાય છે. આથી જ માનવીને એક સામાજિક પ્રાણી તરીકે ઓળખવામાં આવે છે.

સંસ્કૃતિમાં પાર્થિવ તત્ત્વો, બૌદ્ધિક તત્ત્વો, જાતિય તત્ત્વો, ધાર્મિક તત્ત્વો, સૌંદર્ય તત્ત્વો વગેરેનો સમાવેશ થાય છે. મનુષ્યે પોતાના જીવન માટે જે ભૌતિક જરૂરિયાતો ઊભી કરી છે, તેનો પાર્થિવ તત્વોમાં સમાવેશ થાય છે. એટલે કે માણસને જીવન ટકાવવા માટે આહાર, વિહાર, વસ્ત્ર, રહેઠાણ, ઓજારો, રાચરચીલું, માલમિલકત વગેરેની જરૂર પડે છે. જીવન ટકાવવા માટે આહાર એ ખુબ અગત્યની જરૂરીયાત છે. મનુષ્ય તેની બાબરિયા અવસ્થાથી સભ્ય અવસ્થા સુધી આહાર મેળવવા સતત પ્રયત્નશીલ રહ્યો છે.

શિકારી અવસ્થા સુધી કોઈ સાધનો શોધાયાં ન હતાં. બાબરિયા અવસ્થામાં ખેતીની અને હથિયારોની શોધ થતાં તેને પોતાનો આહાર મેળવવામાં સરળતા પડી. માનવી શિકારી અવસ્થામાંથી કૃષિ અવસ્થામાં આવતાં જરૂર કરતાં વધારે ખોરાકનું ઉત્પાદન થવા લાગ્યું. પરિણામે અર્થવ્યવસ્થા ઉત્પન્ન થઈ. તેમાંથી 'સાટા' પદ્ધતિ અસ્તિત્વમાં આવી. આ સમયમાં મનુષ્યની મિલકતમાં પશુઓની ગણતરી થતી હતી. વધારે ઉત્પાદન થતાં તેમાંથી વેપાર વિકસ્યો, તેમાંથી નાણાંવ્યવસ્થાનું સર્જન થયું. આમ શિકારી અવસ્થાથી બેંકિંગ વ્યવસ્થા સુધીનો સમાવેશ પાર્થિવ તત્ત્વોમાં કરી શકાય.

મનુષ્ય અન્ય પ્રાણીઓ કરતાં જુદો પડે છે, તેનું મહત્ત્વનું કારણ તેનામાં રહેલી વિચાર કરવાની શક્તિ છે. જૂના પાષાણ યુગનો માનવી પોતાનો વિચાર વ્યક્ત કરવા અભિનયનો ઉપયોગ કરતો. આમાંથી ધીમે ધીમે વાણીનો વિકાસ થયો. વાણીમાંથી

*ભાષાનો વિકાસ થયો અને ભાષામાંથી લિપિનો વિકાસ થયો. આ લિપિના સાધન દ્વારા સાહિત્યનો વિકાસ થયો. આ સર્વનો બૌદ્ધિક તત્ત્વોમાં સમાવેશ થાય છે.*

*સમય જતાં સ્ત્રી અને પુરુષ વચ્ચે વિજાતીય આકર્ષણ થતાં તેમાંથી બંને વચ્ચે પ્રેમની ભાવના વિકસી. તેમાંથી લગ્નપ્રથા અસ્તિત્વમાં આવી. જ્યારે માણસે કુટુંબ નહોતું કેળવ્યું ત્યારે પુરુષનું એક ટોળું સ્ત્રીના એક ટોળા સાથે સંબંધ બાંધતું. સ્ત્રી-પુરુષના જાતિય સંબંધથી જે બાળકો ઉત્પન્ન થતાં તે ટોળાની મિલકત ગણાતા. આમાંથી ધીરે ધીરે માનવી પોતાના સ્વતંત્ર કુટુંબમાં રહેતો થયો. તેમાંથી સમાજીકરણનો વિસ્તાર ગામ અને કસબા સુધી વધ્યો. લગ્નની પ્રક્રિયામાંથી માનવસગાઈની ભાવના વિકસી. સમાજમાં એકબીજા સાથેનાં ચોક્કસ સબંધો અસ્તિત્વમાં આવ્યાં.*

*માનવીનું જ્ઞાન જેમ જેમ વિકાસ પામતું ગયું તેમ તેમ તેને પોતાની આસપાસ રહેલાં પ્રકૃતિના તત્ત્વોની શક્તિ અને અસરનો ખ્યાલ આવતો ગયો. પરિણામે તે કુદરતનાં તત્ત્વોને આશ્ચર્યથી પૂજવા લાગ્યો, જેમાંથી જુદા જુદા દેવોની પૂજા અસ્તિત્વમાં આવી. આમાંથી ધીરે ધીરે વૃક્ષપૂજા, પક્ષીપૂજા પ્રાણીપૂજા, પિતૃપૂજા, જાદુ, મંત્ર વગેરે અસ્તિત્વમાં આવ્યાં. ધીરે ધીરે માનવી જુદા જુદા રોગો માટે વનસ્પતિનો દવા તરીકે ઉપયોગ કરતો થયો. આ સર્વમાંથી વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને ધર્મનો વિકાસ થયો.*

*પ્રકૃતિનાં જે તત્ત્વોમાં મનુષ્ય સુંદરતા જોતો તેનો ઉપયોગ તે પોતાના માટે કરતો. ધીરે ધીરે આમાંથી દેહશૃંગાર, ગૃહશૃંગાર વગેરેનો વિકાસ થયો. ધીરે ધીરે માટીમાંથી માનવીએ સુંદર શિલ્પ અને સ્થાપત્યનું સર્જન કર્યું. આ સાથે ચિત્ર, સંગીત, નૃત્ય આદિ કલાઓનો માનવીએ પોતાના મનોરંજન માટે વિકાસ કર્યો.*

### 1.3.1 સંસ્કૃતિના વિકાસના વિવિધ તબક્કા

*સંસ્કૃતિ વિશે એમ કહેવાય છે કે તેની પાત્રતા મનુષ્યમાં છે. માનવસમાજની ભૂમિમાં જ સંસ્કૃતિનો છોડ પાંગરી શકે. . કુદરત માનવીને જીવન આપે છે. માનવીએ તેમાંથી સંસ્કૃતિનું નિર્માણ કરવાનું છે. પથ્થરમાંથી જેમ આપણે પ્રતિમા બનાવીએ છીએ, સ્વરમાંથી સંગીત ઉપજાવીએ છીએ, શબ્દમાંથી કવિતા જન્માવીએ છીએ, તેમ જીવનમાંથી આપણે સંસ્કૃતિ પ્રગટાવવી જોઈએ. ઐતિહાસિક વિકાસ અને સમય પરિવર્તનની સાથે સાથે સંસ્કૃતિમાં પણ પરિવર્તન અને પરિવર્ધન સંભવ્યા જ કરે છે. જેના ફળ સ્વરૂપે એક સંસ્કૃતિમાં નવાં તત્ત્વો જોડાય છે, અનેક જૂનાં તત્ત્વો પરિવર્તન પામે છે અને કેટલાંક તત્ત્વો અંત પણ પામે છે. આથી સંસ્કૃતિ એ સદાયે વિકસતી પ્રક્રિયા છે. દરેક સંસ્કૃતિ ઓછી-વધતી ગતિએ હંમેશાં આગળ વધે છે. સંસ્કૃતિ એ બંધિયાર સરોવર નથી, પણ વહેતી નદી છે. સંસ્કૃતિના વિકાસના ત્રણ તબક્કા હોય છે :* (1) *પ્રાથમિક અથવા વન્ય અવસ્થા (*savage condition), (2) *અસભ્યાવસ્થા* (barbarous condition) *અને* (3) *સભ્ય અવસ્થા* (civilized condition).

### 1.3.1.1 પ્રાથમિક અથવા વન્ય અવસ્થા (પૂરા પાષાણકાલીન જીવન) (savage condition)

*આ માનવ જીવનની પ્રથમ અવસ્થા છે કે જેમાં માનવપ્રાણીની જીવન જીવવાની રીત બીજા પ્રાણીઓ જેવી, પ્રાણીઓને પકડવાની, કંદમૂળ, બીજ, કે ફળાદિને તોડવાની હતી. આ અવસ્થા કદાચ અઢી લાખ વર્ષો પૂર્વેથી ચાલી આવતી હતી. આ અવસ્થામાં માનવી તેના વિકાસની પ્રાથમિક કક્ષાએ હતો. તે તદ્દન પશુ અવસ્થામાં જ રહેતો અને પશુ જેવું જ જીવન જીવતો. ખાવા પીવાનો, કપડાં પહેરવાનો કે રહેઠાણનો કોઈ ખ્યાલ ન હતો. તેની પાસે ભાષા પણ ન હતી. શિકારની શોધમાં તે જૂથો સાથે ભટક્યા કરતો અને શિકાર કરેલા પશુના માંસને ખાઈને જીવન જીવતો. ખાધેલું કાચું માંસ પચાવવા માટે તે દિવસો સુધી પાણીમાં પડયો રહેતો અથવા તો ઝાડ ઉપર ઠેકડા મારતો. સંરક્ષણનો તેને કોઈ ખ્યાલ ન હતો. હાથનો ઉપયોગ તે પગ તરીકે કરતો. અરે પાણી પીવાની તરસ લાગે ત્યારે તે હાથનો કે વાસણનો ઉપયોગ કરવાને બદલે પશુની જેમ પોતાનું મોં સીધુ પાણીમાં નાખતો. આ પ્રકારની પ્રાથમિક અથવા વન્ય અવસ્થામાં તેણે અનેક વર્ષો પસાર કર્યાં. ધીરે ધીરે તે અસભ્યાવસ્થામાં આવ્યો.*

### 1.3.1.2 અસભ્યાવસ્થા અથવા બાબરિસ (અસંસ્કારી) (ખાદ્ય સંગ્રાહકથી ઉત્પાદકનો તબક્કો) (barbarous condition)

*આ અવસ્થામાં માનવી અનાજ ઉત્પાદનની, રોપાઓ ઉછેરવાની અને પશુઓ પાળીને ઉછેરવાની આ અવસ્થાને પુરાતત્ત્વવિદો નૂતન પાષાણ યુગ તરીકે ઓળખાવે છે. માનવીની આ અવસ્થાના અવશેષો અનેક સ્થળોએથી મળી આવ્યા છે. આ અવસ્થામાં વનવાસી માનવીની જીવનપદ્ધતિમાં કેટલાક ફેરફારો થયા. તેણે ખેતીની શોધ કરી. ઈતિહાસ કહે છે કે ખેતીની શોધ સ્ત્રીઓએ કરી હતી. પુરુષવર્ગ જ્યારે શિકારની શોધમાં જતો ત્યારે જમીનમાં ઊગેલા છોડવાઓમાં થતા ફેરફારની સ્ત્રીઓ નોંધ લેતી. આ અવલોકનમાંથી તેમણે ખેતીની શોધ કરી. ટૂંકમાં, અનાજ આપતો દરેક છોડ એક અથવા બીજા બાબરિયા સમાજે શોધ્યો હતો.*

*ખેતીની શોધ થતાં મનુષ્યનો ખોરાકનો પ્રશ્ન હલ થઈ ગયો. શિકારને માટે જે માનવી દિવસોના દિવસો સુધી રખડ્યા કરતો તેને હવે સરળતાથી ખોરાક પ્રાપ્ત થતાં ફુરસદના સમયમાં તે હથિયારો, ઓજારો અને રાચરચીલું બનાવવા લાગ્યો. કલાના ક્ષેત્રમાં પણ તે ખેડાણ કરવા લાગ્યો. આ યુગમાં મનુષ્યે ખેતી પછી બીજી મહત્ત્વની શોધ અગ્નિની કરી. અગ્નિની શોધે મનુષ્યના અનેક પ્રશ્નો હલ કર્યા. હવે તે પોતાનો ખોરાક રાંધીને ખાવા લાગ્યો. પરિણામે તે ખોરાકને સરળતાથી પચાવતો થયો. બીજી બાજુ અગ્નિએ માનવી માટે હુન્નર ઉદ્યોગનાં દ્વાર ખુલ્લાં કર્યાં. અંધકારનો ભય દૂર થયો. ભયંકર ઠંડીમાં તે હૂંફ મેળવતો થયો. આમ માનવીને 'અગ્નિ'ના આવા ઉપયોગને કારણે તેને દેવ માનવા લાગ્યો હતો.*

*આ યુગમાં ત્રીજી મહત્ત્વની બાબત એ બની કે માનવીએ ખેતીની સાથે પશુ- પાલનનો વિકાસ કર્યો. જે માનવી ખોરાક માટે પશુઓનો સંહાર કરતો હતો તે માનવી તે પશુઓનો ઉપયોગ ખેતી માટે તેમજ માલને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે કરવા લાગ્યો. ત્યારબાદ ચક્રની શોધ કરી તેણે બળદગાડી, ઊંટગાડી વગેરે વાહનના સાધનો બનાવ્યા. પશુઓ મારફતે તે માલની હેરફેર સરળતાથી કરવા લાગ્યો. આમ, ધીરે ધીરે માલની હેરફેરનો પ્રશ્ન હલ થયો. આ ઉપરાંત તે ચાકડા ઉપર અનેક પ્રકારના માટીના વાસણો તૈયાર કરવા લાગ્યો. પોતાના જીવનની જરૂરિયાત માટે તે પથ્થર ઉપરાંત ધાતુનાં ઓજારો બનાવવા લાગ્યો.*

### 1.3.1.3 સભ્ય અવસ્થા અથવા અર્બન (નગરીય તબક્કો) (civilized condition)

*સભ્ય અવસ્થા કે નગરીય અવસ્થા તે સંસ્કૃતિના વિકાસની ત્રીજી અને મહત્વની અવસ્થા છે. આ અવસ્થામાં પ્રવેશતાં પહેલાં માનવીએ પાંચ મહત્ત્વની શોધો કરી હતીઃ*

(1) *ધાતુઓ શોધવાની કળા,*

(2) *ચક્ર,*

(3) *બળદગાડી,*

(4) *વજન ઉચકવા ગધેડાનો ઉપયોગ, અને*

(5) *શઢવાળી નાવ.*

*આ સર્વ શોધો નગરીય અર્થતંત્રના પાયા બની. આ સમયે લેખનકળા કે લિપિની શોધ થતાં સંસ્કૃતિનો વિકાસ ઝડપી બન્યો. નગરીય અવસ્થાની આ સૌથી મોટી વિશિષ્ટતા હતી.*

*આ સમયે માનવી ખેતીમાંથી પોતાની જીવન જરૂરિયાત કરતાં વધારે ઉત્પન્ન કરતો થયો. આના પરિણામે મનુષ્યની આર્થિક પ્રવૃત્તિનો વિકાસ થયો. માનવી પહેલા ઉત્પાદનને સમૂહમાં વહેંચીને ભોગવતો હતો, તેના હવે તે ભાગ પાડવા માંડયો. આ રીતે તેને ધીમે ધીમે મિલકત ઊભી કરવા માંડી. સમાજની અંદર અત્યાર સુધી જે ફક્ત ખેડૂતોનો વર્ગ હતો, ત્યાં શ્રમજીવીઓ, કારકૂનો, અધિકારીઓ, વણિકો, વગેરે જુદા જુદા વર્ગો ઉત્પન્ન થયા. આર્થિક સંપન્ન લોકોનો વર્ગ વધ્યો. ગરીબો અને અમીરો એવા ભેદભાવ શરૂ થયા. તેમાંથી અનેક જુદી જુદી વિચારસરણીનો જન્મ થયો; જેમ કે મૂડીવાદ, સમાજવાદ, શાહીવાદ વગેરે.*

*વિશ્વની સંસ્કૃતિઓનો વિકાસ મોટે ભાગે નદી કિનારે થયો છે. માનવજીવનના વિકાસમાં નદીઓએ મોટો ફાળો આપ્યો છે. તેથી જ નદી લોકમાતા કહેવાય છે. નગરોની સંસ્કૃતિ જ્યાં પાણીની સગવડ હોય, જમીન ફળદ્રુપ હોય, જમીનમાંથી ખનીજો નીકળતી હોય ત્યાં વિકસી. આમ, ઉદ્યોગોનું વિશેષીકરણ એ સભ્ય સમાજને અસભ્ય સમાજથી જુદુ પાડતું એક વિશિષ્ટ તત્ત્વ છે. ધીરે ધીરે આર્થિક સલામતી સાચવવાની આવશ્યકતા ઊભી થતાં એકસરખા હુન્નર કળા મંડળો, શ્રેણીઓ, મહાજનો વગેરે અસ્તિત્વમાં આવ્યાં. તેમાંથી*

આચારવિચારની માનસિક ભૂમિકા ઊભી થતાં પરસ્પર લગ્નના વહેવારો શરૂ થયા. તેમાંથી જ્ઞાતિઓ અને ધર્મસંસ્થાઓનો જન્મ થયો હતો.

**(ખ)તમારી પ્રગતિ ચકાસો**

1. ખરા ખોટા જણાવો.

(1) સંસ્કૃતિ એ કોઈ ભૂતકાળની બાબત નથી, પણ તે સતત વહેતું ઝરણું છે. તેનો સંબંધ વર્તમાન જીવન સાથે છે. [ ]

(2) સંસ્કૃતિના પ્રારંભિક તબક્કાને વન્ય અવસ્થા પણ કહેવાય છે. [ ]

(3) બાબરીયા તબક્કામાં માનવી રખડતું ભટકતુ જીવન ગાળતો હતો. [ ]

(4) નગરીય તબક્કામાં માનવી ખેતી કરતો થયો હતો. [ ]

(5) સભ્ય આવસ્થામાં લેખન અને લિપીનો ઉપયોગ થતો હતો. [ ]

2. સંસ્કૃતિના વિકાસનો ખાદ્ય સંગ્રહક થી ઉત્પાદનનો તબક્કો સમજાવો.

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

## 1.4 સંસ્કૃતિના લક્ષણો

સંસ્કૃતિનો વિકાસ પ્રકૃતિમાંથી ધીમે ધીમે પ્રગતિ દ્વારા થયો છે. આમ સંસ્કૃતિ છે પ્રાચીનકાળની અર્વાચીનકાળની માનવીની વિકસિત સ્થિતિનું દર્શન કરાવે છે. સંસ્કૃતિ આતરિક છે. તે મનુષ્યના સામાજિક, ધાર્મિક અને નૈતિક ખ્યાલોમાં સમાયેલી હોય છે. સંસ્કૃતિ સામાજિક વારસાના સ્વરૂપે ટકે છે એક પેઢી બીજી પેઢીને તે વારસા તરીકે આપે છે. આમ સંસ્કૃતિ એ સતત વહેતો પ્રવાહ છે. સંસ્કૃતિ કદી નાશ પામતી નથી. તે સંક્રમણ અને આક્રમણ દ્વારા પોતાનું સાતત્ય જાળવી રાખે છે. રિવાજો, પરંપરાઓ, ધોરણો, વલણ, મૂલ્યો, સિદ્ધાંતો, આદર્શો અને પ્રતીકોને વ્યક્તિઓના જીવનને સંચાલિત કરતા કેટલાક મહત્વપૂર્ણ ક્ષેત્રો તરીકે ગણવામાં આવે છે. વ્યક્તિઓનું વર્તન અને વર્તન આ પાસાઓ દ્વારા સંચાલિત થાય છે. જ્યારે વ્યક્તિઓ નૈતિક આચરણ અને વર્તન કરે છે, જે સમાજમાં સ્વીકાર્ય છે, ત્યારે એવું માનવામાં આવે છે કે તેઓ સંસ્કૃતિના વિવિધ પાસાઓના સંદર્ભમાં સારી રીતે વાકેફ છે. સમગ્ર સમુદાય અને રાષ્ટ્રની અંદર, તમામ વ્યક્તિઓ માટે આ પાસાઓ અનુસાર પોતાની જાતને વર્તવું મહત્ત્વપૂર્ણ છે.

આ પાસાંઓ ઉપરાંત, વ્યક્તિઓ માટે સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં જાગૃતિ કેળવવી જરૂરી છે. સામાજીકરણને એક અનિવાર્ય માર્ગ તરીકે ગણવામાં આવે છે જેના દ્વારા વ્યક્તિઓ સંસ્કૃતિના વિવિધ પાસાઓ અને લાક્ષણિકતાઓના સંદર્ભમાં

જાગૃતિ પેદા કરે છે. સામાજીકરણ ઉપરાંત, વ્યક્તિઓ સંસ્કૃતિની દ્રષ્ટિએ વ્યક્તિની સમજને વધારવા માટે તકનીકો, પુસ્તકો અને અન્ય વાંચન સામગ્રીનો ઉપયોગ કરે છે. સંસ્કૃતિની લાક્ષણિકતાઓ નીચે મુજબ જણાવવામાં આવી છે:

### 1.4.1 સાર્વત્રિકતા અને ભિન્નતા (Universality and Differentiation)

સંસ્કૃતિ માનવસમાજમાં સાર્વત્રિકપણે જોવા મળે છે. પ્રત્યેક યુગના પ્રત્યેક માનવસમાજમાં કોઈ ને કોઈ સ્વરૂપની સંસ્કૃતિનું અસ્તિત્વ જેવા મળે છે. માનવીની જૈવિક અને માનસિક રચનામાં રહેલી સમાનતામાંથી મહદ્અંશે સંસ્કૃતિની સાર્વત્રિકતાનું સર્જન થયુ છે. માનવીની જૈવિક, માનસિક અને પ્રાથમિક સામાજિક જરૂરિયાતો સમાન છે. આ જરૂરિયાતોને સંતોષવાના પ્રયત્નની ફલશ્રુતિરૂપે સંસ્કૃતિ ઉદ્ભવે છે. આથી દરેક સમાજમાં સંસ્કૃતિનાં કેટલાંક સમાન તત્વો, જેવાં કે કુટુંબ, લગ્ન, ભાષા કે બોલી, ઉંમર અને લિંગભેદ, ધર્મ, સામાજિક નિયંત્રણની પદ્ધતિ, મનોરંજન પ્રવૃત્તિઓ, કલા, સાહિત્ય વગેરે સાર્વત્રિક રીતે જોવા મળે છે.

સંસ્કૃતિમાં સાર્વત્રિકતાની સાથેસાથે ભિન્નતા પણ જોવા મળે છે. પ્રાચીન, મધ્યયુગીન અને આધુનિક યુગની ભારતની સંસ્કૃતિમાં સ્પષ્ટ તફાવત જોઈ શકાય છે. એવી જ રીતે ભારતમાં હિન્દુ, મુસ્લિમ વગેરે કોમોની સંસ્કૃતિમાં તફાવત જેવા મળે છે. ગામડાં અને શહેરોની સંસ્કૃતિમાં પણ ભિન્નતા જોવા મળે છે. તેવી જ રીતે વિશ્વનાં અમેરિકા, રશિયા, ચીન, જાપાન, ભારત વગેરે સમાજોની સંસ્કૃતિ પણ એકબીજાથી જુદી પડે છે.

### 1.4.2 સંસ્કૃતિનું અમૂર્તપણું (Abstractness of Culture)

સંસ્કૃતિ અમૂર્ત છે. કેટલાક વિદ્વાનો ભૌતિક સંસ્કૃતિ અને અભૌતિક સંસ્કૃતિ એવા સંસ્કૃતિના બે પ્રકાર પાડે છે. પરંતુ આવું વર્ગીકરણ વાસ્તવિક નથી. હકીકતમાં સંસ્કૃતિ અભૌતિક-અમૂર્ત છે. લોકોની જીવનશૈલી, ભાષા, ધર્મ, સાહિત્ય, મૂલ્યો, ધોરણો, પ્રતીક પાછળનો અર્થ વગેરેને આપણે મૂર્ત સ્વરૂપે જેઈ શક્તા નથી, માત્ર અનુભવીએ છીએ, તે ભાવાત્મક છે. આમ, સંસ્કૃતિ માનવ વર્તનમાં અને લોકોની જીવનશૈલીમાં વ્યક્ત થતી અમુર્ત ઘટના છે.

### 1.4.3 માનવસર્જિત ઉદ્સેન્દ્રિય વાસ્તવિક્તા (Superorganic reality)

સમગ્ર સૃષ્ટિનો વિચાર કરીએ તો એક બાજુ ભૌતિક વાસ્તવિકતા જેવી કે સુર્ય, ચંદ્ર, જમીન, સમુદ્રો, પર્વતો વગેરે જેવા મળે છે. આ ભૌતિક વાસ્તવિક્તા માનવસર્જિત નથી. સંસ્કૃતિ આવી ભૌતિક વાસ્તવિકતા નથી. બીજી બાજુ સમગ્ર જીવસૃષ્ટિ જોવા મળે છે, જેને જૈવિક વાસ્તવિકતા કહેવામાં આવે છે. સંસ્કૃતિ આવી જૈવિક વાસ્તવિકતા પણ નથી.

*સંસ્કૃતિ માનવસર્જિત છે. સ્પેન્સર તથા ક્રોબર સંસ્કૃતિને માનવસર્જિત ઉદ્‌સેન્દ્રિય વાસ્તવિકતા* (Superorganic reality) *તરીકે ઓળખાવે છે. સંસ્કૃતિ એ ભૌતિક અને જૈવિક વાસ્તવિકતાથી પર છે, સ્વતંત્ર છે. માનવીની શારીરિક અને જૈવિક રચનાથી, સમગ્ર ભૌતિક ઘટનાઓથી સંસ્કૃતિ સ્વતંત્ર છે અને તે વિશિષ્ટ સામાજિક અર્થ ધરાવે છે. જેમ કે, ધર્મ, લગ્ન, વિભિન્ન પ્રતીકો વગેરેને સમાજે નક્કી કરેલો ચોક્કસ અર્થ રહેલો છે. સંસ્કૃતિના આ લક્ષણને (માનવ- સર્જિતપણું, ભૌતિક અને જૈવિક સૃષ્ટિથી પર, સમાજે નક્કી કરેલો અર્થ) લીધે સંસ્કૃતિને ઉદ્‌સેન્દ્રિય વાસ્તવિકતા તરીકે ઓળખવામાં આવી છે.*

**1.4.4 વર્તનની શીખેલી રીતોની ઢબ** (A pattern of learned ways of behaving)

*સંસ્કૃતિ શીખેલા વર્તનની ઢબ છે. સંસ્કૃતિ પોતે વર્તન નથી, પરંતુ તે વર્તન અને વર્તનની ઢબમાં વ્યક્ત થાય છે. તે વર્તન અને વર્તનની ઢબ નક્કી કરતી, વર્તનને માર્ગદર્શન આપતી, વર્તનમાં વણાઈ ગયેલી ઘટના છે. તે વર્તનની રીતો નક્કી કરે છે, વર્તનની આ રીતો શીખી શકાય તેવી છે. વ્યક્તિ શું શીખશે અને શું નહીં શીખે તે તેની સંસ્કૃતિ નક્કી કરે છે. ખાન-પાન, પોષાક, બોલવા-ચાલવાની, વર્તન-વ્યવહારની રીતો શીખી શકાય છે, ભાષા શીખી શકાય છે. જ્ઞાન મેળવી શકાય છે. આથી સંસ્કૃતિને શીખેલાં વર્તનોની રીત તરીકે ઓળખાવી છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે સંસ્કૃતિ જન્મજાત કે જૈવિક ઘટના નથી, તે વ્યક્તિગત ઘટના પણ નથી પરંતુ સામૂહિક પેદાશ છે.*

*સાથે સાથે સંસ્કૃતિ વર્તનની ઢબ નક્કી કરે છે. એટલે કે સંસ્કૃતિ અમુક ઢાળામાં ઢળાયેલી જોવા મળે છે. તે માનવવર્તનને સંગઠિત સ્વરૂપ બક્ષે છે. લગ્નની પદ્ધતિ, ખાન-પાનની પદ્ધતિ, કુટુંબજીવન અને બાળઉછેરની પદ્ધતિ, વ્યાવસાયિક તાલીમ અને જ્ઞાન મેળવવાની પદ્ધતિ વગેરે સંસ્કૃતિની ઢબનો નિર્દેશ કરે છે. એટલે કે, સંસ્કૃતિ દ્વારા શીખેલાં વર્તનો પરસ્પર સંકળાયેલાં, સંગઠિત થયેલાં હોય છે. વર્તનની આ ઢબ વ્યક્તિ સમાજથી પર રહીને અલગતામાં ધરાવી શક્તી નથી, કે મેળવી શક્તી નથી. પરંતુ સમાજના સભ્ય તરીકે જ તે ધરાવે છે. આપણે જે ભાષા બોલીએ છીએ, જે ધર્મ પાળીએ છીએ, જે શિક્ષણ મેળવીએ છીએ તે આપણે જે સમાજમાં રહીએ છીએ તે સમાજના મોટા ભાગના સભ્યો ધરાવે છે. આમ, સંસ્કૃતિ શીખેલાં વર્તને અને તેની ઢબ છે તથા તે સમાજના મોટા ભાગના સભ્યો ધરાવે છે.*

**1.4.5 વૃદ્ધિ અને પ્રેષણા (હસ્તાંતરણ) (Growth and transmission)**

*સંસ્કૃતિ વૃદ્ધિ અને પ્રેષણા (હસ્તાંતરણ) પામતી રહે છે. એટલે કે સંસ્કૃતિમાં નવાં તત્ત્વો ઉમેરાતાં જાય છે અને પેઢી-દર-પેઢી વારસામાં મળતી રહે છે. આ લક્ષણ નીચેની ચર્ચાથી સ્પષ્ટ થશે.*

*સંસ્કૃતિમાં નવાં તત્ત્વો ઉમેરાતાં રહે છે અને કેટલાંક તત્ત્વો અદશ્ય થતાં જાય છે. દા. ત., હિન્દુ સંસ્કૃતિનો વિચાર કરીએ તો ઋગ્વેદકાલીન સંસ્કૃતિનાં કેટલાંક તત્ત્વો તે પછીના યુગમાં  ધીમે ધીમે અદશ્ય થતાં ગયાં, તે સાથેસાથ કેટલાંક નવાં તત્ત્વો ઉમેરાતાં ગયાં. દરેક પેઢી નવાં સાહિત્ય સ્વરૂપો, કલાના નમૂના, રિવાજો, નીતિ-નિયમ વગેરેમાં ઉમેરો કરે છે. નવાં કાવ્યો, નાટકો, જ્ઞાન, વાર્તા- એનું સર્જન સંસ્કૃતિની વૃદ્ધિનો નિર્દેશ કરે છે. એ જ રીતે સંસ્કૃતિનાં વિભિન્ન તત્વોમાં દરેક પેઢી પોતાનો ફાળો આપી તેમાં ઉમેરો કરે છે. આમ, સંસ્કૃતિ વૃદ્ધિ પામતી રહે છે.*

*સંસ્કૃતિની પ્રેષણા(હસ્તાંતરણ) થાય છે, એટલે કે, સંસ્કૃતિ પેઢી-દર-પેઢી સામાજિક વારસારૂપે અવિરતપણે વહેતું આવતું અને વહેતું રહેતું ઝરણું છે, માનવી પોતાના પૂર્વજો પાસેથી સાહિત્ય, કલા, જ્ઞાન, મૂલ્યો, નીતિ, ધર્મ વગેરે સામાજિક વારસારૂપે મેળવે છે. એક વ્યક્તિ બીજી વ્યક્તિને, એક જૂથ બીજા જૂથને, જૂની પેઢી નવી પેઢીને સંસ્કૃતિ શીખવે છે. શીખવાની અને શીખવવાની પ્રક્રિયા દ્વારા સંસ્કૃતિનું ઝરણું અવિરતપણે ચાલુ રહે છે તેને જ સંસ્કૃતિની પ્રેષણા કહેવામાં આવે છે. સંસ્કૃતિની પ્રેષણાની બે રીતે જેવા મળે છે :*

- *અનૌપચારક રીત : માબાપ, વડીલો, મિત્રો, નેતાઓ વગેરે દ્વારા અનૌપચારિક શિક્ષણપદ્ધતિ દ્વારા વ્યક્તિ સંસ્કૃતિનાં વિભિન્ન તત્ત્વો સામાજિક વારસારૂપે મેળવે છે. વર્તમાનપત્રો, પુસ્તકો, રેડિયો, સિનેમા, નાટકો, સપર્ક, શિખામણો, અનુકરણ વગેરે દ્વારા સંસ્કૃતિની પ્રેષણા થાય થાય છે.*

- *ઔપચારક રીત : ઔપચારિક સંગઠનો જેવાં કે શાળા, કોલેજ, તાલીમ કેન્દ્રો વગેરે દ્વારા વ્યક્તિ જે સંસ્કૃતિ મેળવે છે તે સંસ્કૃતિની પ્રેષણાની ઔપચારિક રીત છે.*

*સંસ્કૃતિની પ્રેષણા સંપર્ક દ્વારા જ શક્ય બને છે. શીખવું અને શીખવવું એવી દ્વિમાર્ગી પ્રક્રિયા દ્વારા તેની પ્રેષણા થાય છે. માનવીએ માનવી બનવા માટે અને માનવી તરીકે રહેવા માટે અન્ય માનવીઓના સંપર્કમાં રહેવુ જરૂરી છે. ભાષા, વાણી જેવા પ્રતિકો સંસ્કૃતિની પ્રેષણાનું માધ્યમ છે. સંસ્કૃતિની પ્રેષણાને લીધે તેનું સાતત્ય જળવાઈ રહે છે. આમ, સાતત્ય પણ સંસ્કૃતિનું લક્ષણ છે.*

### 1.4.6 સ્થિર અને પરિવર્તનશીલ (Fixed and variable)

*સંસ્કૃતિનાં વિભિન્ન તત્ત્વો મહદ્અંશે સ્થિર છે, તે લાંબા સમય સુધી ટકી રહે છે. વૈદિક સંસ્કૃતિનાં તત્ત્વો જેવાં કે લગ્નને સંસ્કાર, પુત્રનું મહત્વ વગેરે આજે પણ જેવા મળે છે. એ જ રીતે ભાષા, સાહિત્ય, કળા વગેરે માટે પણ કહી શકાય. સંસ્કૃતિની પ્રેરણાને લીધે સંસ્કૃતિ ટકી રહી છે, વર્તનની ઢબ સ્વરૂપે સંસ્કૃતિ સ્થિરતા ધરાવે છે.*

*સંસ્કૃતિ મહદ્અંશે સ્થિર છે તેનો અર્થ એવો નથી કે તેમાં પરિવર્તનને અવકાશ નથી. સંસ્કૃતિ ગત્યાત્મક છે. પરિવર્તનશીલ છે. દરેક પેઢી સંસ્કૃતિનાં અમુક તત્ત્વો છોડી દે છે અને નવાં તત્વો વિકસાવે છે. આ બાબત સંસ્કૃતિની પરિવર્તનશીલતા કે ગત્યાત્મકતા દર્શાવે છે. રીવાજો બદલાતા રહે છે, સાહિત્યના સ્વરૂપો બદલાતાં રહે છે. શિક્ષણપદ્ધતિ બદલાતી રહે છે, કુટુંબ-પદ્ધતિ, લગ્ન. પદ્ધતિ બદલાતી રહે છે. કોઈપણ સમાજના વિભિન્ન યુગોની સંસ્કૃતિમાં તફાવત જોવા મળે છે. આ તફાવત સંસ્કૃતિની ગત્યાત્મકતા કે પરિવર્તનશીલતા સૂચવે છે. આમ, સંસ્કૃતિ સ્થિત્યાત્મકતા અને ગત્યાત્મકતા જેવી પરસ્પર વિરોધી લાક્ષણિકતાઓ ધરાવે છે.*

### 1.4.7 પ્રસરણ (spread)

*સંસ્કૃતિ પ્રસરણ પામતી રહે છે. એક સમાજની સંસ્કૃતિ બીજા સમાજમાં ફેલાય છે, એક વર્ગની સંસ્કૃતિ બીજા વર્ગમાં ફેલાય છે, શહેરની સંસ્કૃતિ ગામડામાં ફેલાય છે. આને સંસ્કૃતિનું પ્રસરણ કહેવામાં આવે છે. સંસ્કૃતિના પ્રસરણ માટે સંપર્ક અનિવાર્ય છે. ભારતનો બૌદ્ધ ધર્મ ચીન, જાપાન, સિલોનમાં ફેલાય, ભારતની આધ્યામિક સંસ્કૃતિ પશ્ચિમમાં ફેલાઈ અને પશ્ચિમની ભૌતિકવાદી વિચારસરણી ભારતમાં ફેલાઈ. આમ, વિભિન્ન જૂથો અને સમાજો વચ્ચે સંસ્કૃતિનું આદાન-પ્રદાન જેવા મળે છે સંપર્ક વ્યવહારનાં સાધનોના વિકાસે આજે વિશ્વસંસ્કૃતિની નિર્માણની ભૂમિકા સર્જી છે.*

## 1.5 નિષ્કર્ષ.

*સંસ્કૃતિનાં પાસાં પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય છે. સંસ્કૃતિ એ સદાયે વિકસતી પ્રક્રિયા છે. દરેક સંસ્કૃતિ ઓછી વધતી ગતિએ હંમેશા આગળ વધે છે. શરૂઆતમાં સંસ્કૃતિનો વિકાસ અલ્પ પ્રમાણમાં થયો હતો. એક સાદી કાર્યપદ્ધતિ અમલમાં આવતા હજારો વર્ષ નીકળી જાય છે. જથ્થો વધતાં તે સંસ્કૃતિ ઝડપથી અમલમાં આવી અને જટીલ બની જાય છે. અદ્યતન યુગમાં સંસ્કૃતિનો વિકાસ ઝડપી જણાય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તેની ઝડપ ઘણી વધી છે. અદ્યતન વાહન વ્યવહારનાં સાધનો દ્વારા મનુષ્યનો પરસ્પરનો વ્યવહાર ઝડપી બન્યો છે. તેની સાથે સંસ્કૃતિનો વિકાસ પણ ઝડપી બન્યો છે. અવનવા સંશોધનો પણ સંસ્કૃતિને ફેલાવવામાં મદદરૂપ બને છે. આમ, આપણે સંસ્કૃતિનો અર્થ, ઉદ્ભવ, વિકાસ અને તેની લાક્ષણિકતાઓની વિગતે અભ્યાસ કર્યો.*

## (ગ) તમારી પ્રગતિ ચકાસો

1. *નીચે આપેલા જોડકા જોડો*

| **વિભાગ – અ** | **વિભાગ-બ** |
|---|---|
| (1) *સંસ્કૃતિનું અમૂર્તપણું* | (A) *બૌધ્ધ ધર્મ ચીન, જાપાનમાં ફેલાવો* |
| (2) *સંસ્કૃતિની આનૌપચારક રીત* | (B) *ભાષા, ધર્મ, સાહિત્ય, મુલ્યો વગેરે* |
| (3) *સંસ્કૃતિની ઔપચારક રીત* | (C) *કુટુંબ, લગ્ન, ભાષા કે બોલી, ઉંમર* |
| (4) *સંસ્કૃતિનું પ્રસરણ* | (D) *શાળા, કૉલેજ, તાલીમ કેંદ્રો* |
| (5) *સંસ્કૃતિનાં સમાન તત્વો* | (E) *માબાપ, વડીલો, અને મિત્રો દ્વારા* |

2. *સંસ્કૃતિ વૃદ્ધિ અને પ્રેષણા (હસ્તાંતરણ)પામતી રહે છે. આ વિધાન સમજાવો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 1.6 ચાવીરૂપ શબ્દો

**પ્રતીકાત્મક** *પ્રતિક સમાન રૂપ*

**પ્રસરણ** *ફેલાવો*

**ઉત્ક્રાંતિ** *ક્રમિક વિકાસ*

**નૃવંશશાસ્ત્ર** *માનવજાતિની ઉત્પત્તિથી લઈ થયેલા વિકાસની વિચારણા આપતી વિદ્યા*

**અન્યોન્યાશ્રિત** *એકબીજા પર નિર્ભર*

**ઈથોસ** *નૈતિકતા*

**અમૂર્ત** *આકારહિન, નિરાકાર*

**ઉદ્‌સેન્દ્રિય** *કુદરતી રીતે જ ઉદભવતું (ઓર્ગેનિક)*

**પ્રેષણા** *એક બીજાને મોકલવું તે*

**પ્રસરણ** *ફેલાવો*

## 1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

*(ક) (૧) સમ, કૃતિ (૨) કલ્ટ અથવા કલ્ટસ* (3) *ટાયલરે* (4) culture (5) *મોક્ષ*

2. 1.2.1 *ના મુદ્દાઓને આધારે તમારો જવાબ લખો.*

*(ખ)* 1. (1 – □), ( 2 - □), ( 3 - ×), (4 –×), ( 5 - □)

2. 1.3.1.2 *ના મુદ્દાઓને આધારે તમારો જવાબ લખો.*

## 1.8 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. *સંસ્કૃતિમાં નીચેની કઇ બાબતોનો સમાવેશ થતો નથી ?*

(A) *ધર્મ* (B) *કલા*

(C) *રીત રિવાજો* (D) *ભૌતિક સાધનો*

2. *લેટિન શબ્દ 'ર્જીીાીિ' નો અર્થ શું થાય છે ?*

(A) *જમીન ખેડવી* (B) *ખેતી*

(C) *શુધ્ધ* (D) *એકતા*

3. *"સંસ્કૃતિ એ ચોક્કસ સમાજના સભ્યો દ્વારા અપનાવવામાં આવતી જીવન પદ્ધતિ છે."*

*આ વ્યાખ્યા કોણે આપી છે?*

(A) *મોલિનોવસ્કી* (B) *ક્લાઈડ ક્લકહામ*

(C) *બિડની* (D) *હૉબલ*

4. *ક્યા શાસ્ત્ર મુજબ સંસ્કૃતિને માત્ર ઝીણવટભરી સંસ્કારિતા સાથે સંબંધિત નથી પરંતુ તેને રોજિંદા જીવનના એક ભાગ તરીકે ગણવામાં આવે છે ?*

(A) *વેચાણ* (B) *સાટા*

(C) *મૂડીવાદી* (D) *ભાગબટાઇ*

5. *ખોરાકના ઉત્પાદન વધવાથી અર્થવ્યવસ્થાની કઇ પદ્ધતિ અસ્તિત્વમાં આવી?*

(A) *વેચાણ* (B) *સાટા*

(C) *મૂડીવાદી* (D) *ભાગબટાઇ*

6. *સંસ્કૃતિના વિકાસના કેટલા તબક્કા છે ?*

(A) *ચાર* (B) *ત્રણ*

(C) *પાંચ* (D) *સાત*

7. *અસભ્યાવસ્થા બીજા ક્યા નામે ઓળખાય છે ?*

(A) *બાબરીયા* (B) *વન્ય અવસ્થા*

(C) *નગરીય* (D) *સભ્ય અવસ્થા*

8. *જ્ઞાતિઓ અને ધર્મસંસ્થાઓનો જન્મ કઈ અવસ્થામાં થયો હતો ?*

(A) *વન્ય અવસ્થા* (B) *અસભ્યાવસ્થા*

(C) *સભ્ય અવસ્થા* (D) *પ્રાથમિક અવસ્થા*

9. *કોણ સંસ્કૃતિને માનવસર્જિત ઉદ્‌સેન્દ્રિય વાસ્તવિકતા* (Superorganic reality) *તરીકે ઓળખાવે છે ?*

(A) *મોલિનોવસ્કી* (B) *સ્પેન્સર તથા ક્રોબર*

(C) *ક્લાઈડ ક્લકહામ* (D) *હૉબલ*

10. *નીચેનામાંથી ક્યુ સંસ્કૃતિનું લક્ષણ નથી ?*

(A) *અમૂર્તપણું* (B) *વૃદ્ધિ અને પ્રેષણા*

(C) *મૂડીવાદ* (D) *સ્થિર અને પરિવર્તનશીલ*

*જવાબો :* (1 - D), (2 - A), (3 - B), (4 - A), (5 - B), (6 - B), (7 - A), (8 - C), (9 - B), (10 - C)

## 1.9 સ્વાધ્યાય

1. *સંસ્કૃતિનો શાબ્દિક અર્થ આપી તેની વ્યાખ્યા સમજાવો.*

2. *સંસ્કૃતિના વિકાસના તબક્કાઓની વિગતે ચર્ચા કરો.*

3. *સંસ્કૃતિના લક્ષણો વર્ણવો.*

## 1.10 સંદર્ભો


1. *આચાર્ય, નવીનચંદ્ર અને પરમાર, થોમસ, જગતની અગ્રગણ્ય સભ્યતાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,*2012
2. *દવે, હર્શિદા, માનસશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,* 2005.
3. *ખી.ચાં.શાહ અને ર.લ.વાયડા, ભારતનો સાસ્કૃતિક ઈતિહાસ, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ પ્રકાશન, મુંબઈ,* 1987.
4. *ડૉ. મુકુન્દરાય દુર્લભજી કોટેચા, ભારતીય સંસ્કૃતિની તાત્વિક ભૂમિકા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,* 1983.
5. डॉ. वात्स्यायन, समाजशास्त्रीय निबंध, केदारनाथ रामनाथ प्रकाशन, मेरठ,१९८५.
6. https://gujarativishwakosh.org/ સંસ્કૃતિ, થોમસ પરમાર. visited on 07/08/24.
7. https://social-work.in/sanskrti-kya-hai/; visited on 07/08/24.
8. https://www.researchgate.net/publication/344664806_Meaning_and_Significance_of_Culture; visited on 07/08/24.
9. https://www.yourarticlelibrary.com/culture/culture-the-meaning-characteristics-and-functions/9577, visited on 25/08/24.
10. https://www.nideffer.net/classes/GCT_RPI_S14/readings/Chap8CharacteristicsofCulture.htm visited on 25/08/24.

# એકમ : 2 મિસરની સંસ્કૃતિ

**:: રૂપરેખા ::**


**2.0 ઉદ્દેશ્યો**

**2.1 પ્રાસ્તાવિક**

**2.2 રાજવંશોનું શાસન**

- **2.2.1 પિરામિડ યુગ**
- **2.2.2 સામંતવાદી યુગ**
- **2.2.3 સામ્રાજ્યવાદી યુગ**

**2.3 મિસરની સંસ્કૃતિની શાસન-વ્યવસ્થા**

- **2.3.1 ફારુન(રાજા)**
- **2.3.2 રાજ્યના અધિકારીઓ**
- **2.3.3 પ્રાંતીય શાસનવ્યવસ્થા**
- **2.3.4 ન્યાય વ્યવસ્થા**
- **2.3.5 લશ્કરી વ્યવસ્થાપન**

**2.4 સામાજિક જીવન**

- **2.4.1 સમાજનું સ્વરૂપ**
- **2.4.2 સ્ત્રીઓની સ્થિતિ**
- **2.4.3 ખોરાક**
- **2.4.4 પોશાક**
- **2.4.5 અલંકારો તથા સૌંદર્ય પ્રસાધનો**
- **2.4.6 રહેઠાણ તથા રાચરચીલું**
- **2.4.7 આનંદ-પ્રમોદના સાધનો**
- **2.4.8 ગુલામીપ્રથા**

**2.5 આર્થિક જીવન**

**2.5.1 ખેતી**

**2.5.2 પશુપાલન**

**2.5.3 ઉદ્યોગ અને હસ્તકલા**

**2.5.3.1 ધાતુ ઉદ્યોગ**

**2.5.3.2 પેપિરસ ઉદ્યોગ**

**2.5.3.3 અન્ય ઉદ્યોગો**

**2.5.4 વેપાર વાણિજ્ય**

**2.6 ધાર્મિક જીવન**

**2.6.1 મિસરની દેવસૃષ્ટિ**

**2.6.1.1 પ્રકૃતિપૂજા તથા પશુપૂજા**

**2.6.1.2 સ્થાનીય દેવો**

**2.6.1.3 પ્રકૃતિના દેવો**

**2.6.2 ઈખ્નેતોનનો એકેશ્વરવાદ**

**2.6.3 ધર્મમાં રાજાનું સ્થાન**

**2.6.4 ધર્મગુરૂઓ (પુરોહિત)**

**2.6.5 પૂજનવિધિ**

**2.6.6 મરણોત્તર જીવનની માન્યતા**

**2.7 કલા**

**2.7.1 સ્થાપત્ય કલા**

**2.7.1.1 મંદિરો**

**2.7.1.2 મકાનો**

**2.7.1.3 વિશ્વની અજાયબી પિરામિડ**

**2.7.1.4 કીર્તિસ્તંભો**

**2.7.2 શિલ્પકલા**

**2.7.3 ચિત્રકલા**

**2.7.4 સંગીતકલા**

2.7.5 લેખન કળા (લિપિ)

2.8 મિસરની સંસ્કૃતિની શિક્ષણ વ્યવસ્થા

2.9 મિસરની સંસ્કૃતિનું સાહિત્ય

2.10 મિસરની સંસ્કૃતિનો વિજ્ઞાન ક્ષેત્રે વિકાસ

2.10.1 ગણિત-ભૂમિતિ

2.10.2 ખગોળશાસ્ત્ર

2.10.3 વૈદકશાસ્ત્ર

2.11 મિસરની સંસ્કૃતિનું પતન

2.12 સારાંશ

2.13 ચાવીરૂપ શબ્દો

2.14 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

2.15 બહુવૈકલ્પીક પ્રશ્નો

2.16 સ્વાધ્યાય

2.17 સંદર્ભો

## 2.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે-*

- *મિસરના રાજવંશો અને તેમની શાસન વ્યવસ્થા વિશે જ્ઞાન પ્રાપ્ત કરશો.*
- *મિસરની સંસ્કૃતિના સામાજિક અને આર્થિક જીવન અંગે જાણકારી મેળવશો.*
- *મિસરની સંસ્કૃતિના ધાર્મિક જીવન વિશે પરિચય મેળવશો.*
- *મિસરની સંસ્કૃતિના સાસ્કૃતિક જીવન વિશે માહિતી મેળવશો.*

## 2.1 પ્રાસ્તાવિક

*સામાન્ય રીતે, પ્રાચીન સંસ્કૃતિઓ નદીની ખીણોની ફળદ્રુપ જમીનોમાં ઉદભવી હતી. પરિણામે, પ્રાચીન સમયમાં નદીઓના કિનારે અથવા તેની આસપાસના વિસ્તારોમાં મોટા સામ્રાજ્યો ઉભા થયા અને પડી ભાંગ્યા. મિસર પણ આવા દેશોમાંનો એક છે. આજના સમયે મિસરના પ્રદેશને 'ઈજિપ્ત'ના નામે ઓળખવામાં આવે છે. મિસરની સંસ્કૃતિ એ નાઈલ નદીને કાંઠે વિકસેલી હતી. હાલમાં આફ્રિકાના ઈશાન*

*ખૂણામાં આવેલો મેંફિસથી કેરો સુધીનો પ્રદેશ પ્રાચીનકાલમાં 'મિસર' તરીકે ઓળખાતો. તેની સભ્યતા ખૂબ જ પ્રાચીન છે. પ્રો. ફ્લન્ડસે પેટ્રી માને છે કે મિસરની સંસ્કૃતિ ઈ.સ.ના* 10,000 *વર્ષ પહેલાં શરૂ થઈ હતી. મિસરમાંથી મળેલા પ્રાગ ઐતિહાસિક સમયના અવશેષોના આધારે મિસરની સંસ્કૃતિને તાસિયન, બદરિયન, અમરાતિયન, ગેરઝિયન, સેમૈનિયન એમ પાંચવિભાગોમાં વહેંચવામાં આવેલી છે. પ્રસિદ્ધ ઈતિહાસકાર વિલડુરા માને છે તેમ મિસરમાં આવેલી પ્રજા તે મિશ્ર પ્રજા હશે. અહીં જે પ્રજા વસતી હતી તેમાં એક બાજુ ન્યુબિયા, ઈથિયોપિયા અને લિબિયાના વતનીઓ હતા. જ્યારે બીજી બાજુ સેમેટિક પ્રજાની વસાહતો વિકસી હતી. વિદ્વાનો એમ પણ માને છે કે પશ્ચિમ એશિયાની કેટલીક જાતીઓ આ પ્રદેશ તરફ આવીને અહીંની પ્રજા સાથે સમન્વય સાધીને સ્થિર થઈ હશે. આપણે સૌ પ્રથમ મિસરની રાજકીય પરિસ્થિતિ વિશે માહિતી મેળવીએ.*

## 2.2 રાજવંશોનું શાસન

*મિસર લગભગ* 5 *હજાર વર્ષ પહેલાં રાજકીય રીતે એકીકૃત બન્યું હતું. મિસરની રાજવંશાવળીઓ લગભગ ઈ.સ. પૂર્વે* 3100*ની છે. આ સમયથી મિસરના રાજવંશનો સમયગાળો શરૂ થયો હતો. મિસરની રાજકીય વ્યવસ્થાના પ્રારંભ વિશે માનવામાં આવે છે. પ્રાચીન મિસરની વસ્તીનો મુખ્ય વ્યવસાય કૃષિ હતો. મિસરમાં ખેતીના વિકાસ માટે સિંચાઈ વ્યવસ્થાનું નિર્માણ ખૂબ જરૂરી હતું પરંતુ આ કામ કોઈ વ્યક્તિગત કુટુંબ કે કુળ કરી શકે તેમ ન હતું. તેથી વિવિધ ગોત્ર-સમુદાયોથી ભેગા થઈને પોતાના મોટા સુમદાયોનું નિર્માણ કર્યું. પ્રાચીન ગ્રીક ઈતિહાસકારોના મતે આ સમુદાયોને 'નોમ' કહેવામાં આવતા હતા. દરેક નોમનું પોતાનું નામ, રિવાજો અને અલગ બોલી પણ હતી. નોમના વડાને નોમપતિ કહેવામાં આવતો. સમયાંતરે અલગ અલગ નોમ એકબીજા સાથે સંમલિત થયા પરિણામ સ્વરૂપ મિસરમાં બે સામ્રાજ્યો શકિતશાળી સામ્રાજયનો જન્મ થયો. એક સામ્રાજ્ય ઉત્તરીય અને બીજુ સામ્રાજ્ય દક્ષિણી કહેવાતું. વિવિધ નોમના નોમપતિમાંથી શક્તિશાળી નોમપતિ સમગ્ર સામ્રાજ્યનો શાસક બન્યો સમયાંતરે આ બંને સામ્રાજ્ય વચ્ચે મોટો સંઘર્ષ થયો, જેમાં દક્ષિણનું રાજ્ય વિજયી બન્યું. આમ લગભગ ઈ.સ. પૂર્વે* 3100 *દક્ષિણના ફારુન (રાજા) મિનિસે સમગ્ર મિસર પર પોતાની સત્તા સ્થાપી. મિસરનો ઈતિહાસ સામાન્ય રીતે ૩ મુખ્ય સમયગાળામાં વહેંચાયેલો છેઃ પ્રાચીનયુગ (પિરામિડ કાળ), મધ્યયુગ (સામંતવાદી કાળ) અને નૂતનયુગ (સામ્રાજ્યવાદી કાળ). લગભગ* 31 *રાજવંશોએ* 3100 *વર્ષ સુધી મિસર પર શાસન કર્યું અને અંતે ઈ.સ. પૂર્વે* 332 *માં સિકંદરે મિસર પર અધિકાર મેળવ્યો.*

### 2.2.1 પિરામિડ યુગ

*મિસરમાં સંગઠિત રાજકીય જીવન ઈ.સ.પૂર્વે* 3400 *માં શરૂ થયું હતું. જ્યારે 'મીનીસે' ઉત્તર અને દક્ષિણ મિસરને એક કર્યું અને મિસરનું સંયુક્ત સંગઠિત રાજ્ય બનાવ્યું, ત્યારે*

*તેની સાથે મિસરમાં પ્રથમ રાજવંશની સ્થાપના થઈ. ઈતિહાસકારોએ આ પ્રથમ રાજવંશને 'તિનીજ' અથવા 'થિનીજ' રાજવંશ કહયો છે.*

*મેનેસ દ્વારા સ્થાપિત 'તિનીજ' અથવા 'થિનીજ' બંને વંશના શાસકોએ લાંબા સમય સુધી મિસર પર શાસન કર્યું, જેનો પ્રથમ શાસક 'મેનેસ' હતો. મેનેસે 'ટેની' શહેરને રાજધાની બનાવી બાસઠ વર્ષ સુધી શાસન કર્યું. બનાવ્યું, જેને ગ્રીક લોકો 'મેંફિસ' કહે છે, મેનસે રાજ્યને સંગઠિત સ્વરૂપ આપવા માટે નિયમો અને કાયદાઓ બનાવ્યા અને મિસરમાં એક સુવ્યવસ્થિત રાજ્ય વ્યવસ્થા વિકસાવવાનો પ્રયાસ કર્યો. મીનીસના મૃત્યુ પછી, 'તિનીજ' અથવા 'થિનીજ' રાજવંશમાં સત્તર શાસકોએ 420 વર્ષ સુધી મિસર પર શાસન કર્યું.આ શાસકોએ મિસરના નવા રચાયેલા રાજ્યને સંગઠિત અને મજબૂત બનાવી તેનું વિસ્તરણ કર્યું. વિવિધ પ્રકારના પ્રતીકો વિકસાવીને મિસરમાં શાસક અથવા રાજાના પદની પ્રતિષ્ઠા વધારી. મિનિસ પછીના 17 શાસકોની ગણના મિસરના રાજકીય ઈતિહાસમાં બીજા રાજવંશ તરીકે ગણવામાં આવે છે.*

*આ પછી, ત્રીજા રાજવંશે ઈ.સ. પૂર્વે 2980માં મિસર પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું. આ ત્રીજા વંશમાં 'ઝોસર' નામનો પ્રતાપી શાસક થયો. જેણે. ઝોસરે મિસરની રાજધાની 'ટેની' અથવા 'મેંફિસ' શહેરમાં ઘણી ઈમારતો બનાવીને રાજધાનીનું મહત્વ વધાર્યું. ઝોસરને તેના મંત્રી 'ઈમહોતેપે' મિસરમાં ઈમારતોના નિર્માણમાં, લિપિના વિકાસમાં તથા ચિકિત્સાક્ષેત્રમાં ખૂબ સહાય કરી હતી. ઈમહોતેપની સલાહથી ઝોસેરે સક્કારામાં સ્ટેપ પિરામિડ બનાવ્યો હતો.*

*ઝોસર પછી મિસરના ત્રીજા રાજવંશનો મુખ્ય શાસક 'નાફ્રુ' હતો. તેણે 179 ફૂટ લાંબા જહાજનું નિર્માણ કરીને જળમાર્ગો દ્વારા મિસરના વેપારમાં સુધારો કર્યો મિસરમાં ચોથા રાજવંશની સત્તા 'ખુફુ' નામના શાસકે કહી હતી. મિસરમાં સ્થાપત્યનો ઉત્તમ અને સૌથી મોટો પિરામિડ બંધાવનાર ખુફ હતો. ખુફુના અવસાન બાદ તેના પુત્ર 'ખેફ્રે' મિસરની સત્તા સંભાળી હતી. એમ માનવામાં આવે છે કે મિસિરમાં સ્ફિન્સનુ નિમાર્ણ ખેફ્રેએ કરાવ્યું હતું. મિસરમાં પાંચમા રાજવંશની સ્થાપના યુસેરકાફ દ્વારા કરવામાં આવી, પરંતુ આ વંશનું શાસન લાંબું ચાલ્યું નહીં અને રાજ્યની સત્તામાં ઘટાડો થવા લાગ્યો. મિસરમાં છઠ્ઠા રાજવંશની સત્તા 'તેતી દ્વિતીય' સ્થાપિત કરી હતી. છઠ્ઠા રાજવંશમાં, 'તેતી દ્વિતીય' સિવાય, 'પેપી પ્રથમ', 'પેપી દ્વિતીય' જેવા શાસકો થઈ ગયા. પેપી દ્વિતીય એ પ્રાચીન મિસરની સંસ્કૃતિનો છેલ્લો શાસક હતો. તેના મૃત્યુ બાદ મિસરમાં પિરામિડન યુગનો અંત આવ્યો અને સામંતવાદી યુગનો પ્રારંભ થયો હતો. આ યુગમાં કબરો ઉપર જે ભવ્ય પિરામિડો તૈયાર થયા તેથી આ યુગને પિરામિડ યુગ કહેવાય છે.*

### 2.2.2 સામંતવાદી યુગ

*મિસરમાં પિરામિડ અથવા પ્રાચીન સામ્રાજ્યનો સમયગાળો ઈ.સ. પૂર્વે 2475 માં સમાપ્ત થયો. આ સમયે કેન્દ્રીય સત્તા નબળી પડતા સામ્રાજ્યના જુદા જુદા ભાગોમાં સામંતો*

શક્તિશાળી બન્યા. સમગ્ર મિસરમાં અવ્યવસ્થા ફેલાઈ. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ કે નવમા અને દસમા રાજવંશના શાસન દરમિયાન, રાજકીય સત્તાનું કેન્દ્ર હવે મેફિંસના બદલે હેરાક્લેઓપોલિસ શહેર બન્યું આ સ્થિતિ લગભગ ત્રણસો વર્ષ સુધી ચાલી. પછી ઈ.સ. પૂર્વે.૨૧૬૦માં સામંતોએ મિસરમાં રાજાઓની સત્તા પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો અને મિસરમાં અગિયારમા રાજવંશની સ્થાપના કરી. આ રાજવંશમાં, ઈન્ટેફ અને મેન્ટુહોતેશ નામના રાજાઓએ રાજકીય વ્યવસ્થા સુદ્રઢ કરીને કેન્દ્રની શક્તિ વધારવાનો પ્રયાસ કર્યો. તેઓએ સમગ્ર મિસર પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું. પરંતુ અગિયારમા વંશના શાસકોને સામંતવાદી શક્તિઓને સંપૂર્ણપણે દબાવવામાં સફળતા મળી નહીં. પરિણામે ઈ.સ. પૂર્વે 2000 માં એમેનેમહેટે મિસરમાં બારમા રાજવંશની સ્થાપના કરી, જે અગિયારમા રાજવંશના છેલ્લા ફારુનના પ્રધાન હતા. બારમા રાજવંશના રાજાઓએ પુનઃ મિસરમાં કેન્દ્રીય સત્તાની પ્રતિષ્ઠા વધારવામાં સફળ થયા પરંતુ તે લાંબો સમય સુધી ટકાવી ન શક્યા. પ્રાચીન મિસરનો બારમો રાજવંશ ઈ.સ. પૂર્વે 1788 માં સમાપ્ત થયો. મિસરના સામ્રાજ્યની સત્તા સામંતોએ પુનઃ મેળવી. સામંતોની શોષણખોર વૃતિઓના કારણે મિસરમાં ફરી અરાજકતા ફેલાઈ ગઈ. આ પરિસ્થિતિનો લાભ લઈ ઈ.સ. પૂર્વે 1765માં, પૂર્વ આફ્રિકાથી આવતા સેમિટિક જાતિની હિક્સાસ પ્રજાએ મિસર પર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો. આ પ્રજાએ મિસરમાં 200 વર્ષ રાજ્ય કર્યું. મિસરના ઈતિહાસમાં આ પ્રજાના રાજાઓને શેફર્ડ કીંગ કહેવાય છે. આ રાજાઓના ક્રુર શાસનથી કંટાળીને, મિસરવાસીઓએ અહમિઝ નામના સામંતની આગેવાની હેઠળ બળવો કર્યો અને હિક્સોસ રાજવીઓને હરાવીને મિસરમાં સ્વતંત્ર રાજવંશની સ્થાપના કરી.

### 2.2.3 સામ્રાજ્યવાદી યુગ

મિસરમાં આ યુગનો આરંભ 18માં રાજવંશથી થયો હતો. આ યુગ દરમિયાન મિસરે ઘણી પ્રગતિ કરી તેથી આ યુગને મિસરનો સુવર્ણયુગ કહેવાય છે. આ યુગમાં મિસરથી રાજધાની થિબ્સ બન્યું. આ યુગનો પ્રથમ રાજવી થુતમોસ-૧લો હતો તેના પછી તેની દીકરી હતશેપસૂત ગાદી પર આવી હતી. હતશેપસૂતે રાજ્યતંત્ર વ્યવસ્થિત બનાવ્યું તેના સમયમાં મિસરના વ્યાપારનો વિકાસ થવા લાગ્યો. તેણે પોતાના માટે નાઈલના પશ્ચિમ કિનારે સુંદર કબર બનાવી હતી તેનુ અનુકરણ કરી અન્ય 60 રાજવીઓએ પોતાના માટે કબરો બનાવી હતી. જે મિસરના ઈતિહાસમાં 'રાજાઓની કબરની ખીણ' તરીકે ઓળખાય છે. હતશેપસૂત બાદ થુતમોસ-2, થુતમોસ-3, એમોનહોતેપએ ગાદી સંભાળી હતી. એમોનહોતેપ (ઇખ્નેતોન) પોતાના શાસન દરમિયાન મિસરમાંથી એમોન દેવની પૂજા બંદ કરાવી એતોન દેવની પૂજા શરૂ કરાવી હતી. તેણે પોતાની રાજધાની થિબ્સથી એખનેતોન ખાતે ફેરવી હતી. એમોનહોતેપને દીકરો ન હોવાથી તેના પછી તેનો જમાઈ તુતેન્ખેમોન ગાદી પર આવ્યો જે મિસરના

18માં રાજવંશનો છેલ્લો રાજવી મનાય છે. તુતેન્ખેમોન પોતાના શાસન દરમિયાન પુનઃ રાજધાની થિબ્સ બનાવી હતી તથા એમોન દેવની પૂજા શરૂ કરાવી હતી.

19માં રાજવંશમાં મિસરનો રાજા રામી-સીસ બન્યો જે મહાન પરાક્રમી હતો. તેણે ન્યુબિયા જીતી લઈ મિસરનો ખજાનો સોનાની ભરી દિધો હતો. તેણે અનેક વિજયો મેળવી શિલાલેખો કોતરાવ્યા હતા. તેણે કર્નાક અને લક્ષોરમાં ભવ્ય મંદિરોનું નિર્માણ કરાવ્યું હતું. રામી-સીસના વંશે મિસરમાં 400 વર્ષ રાજ્ય કર્યું. રામી-સીસના ઉત્તરાધિકારીઓ નબળા આવતા ઈ.સ.પૂ.954માં મિસર પર ઈથિયોબિયા, લિબિયા, એસેરિયન પ્રજાના હુમલાઓના કારણે મિસર પડી ભાગ્યું.. મિસરના ર૬માં વંશના રાજકુમાર સઈસે આ હુમલાઓનો સામનો કરી મિસરને નવજીવન આપ્યું તેથી આ સમયગાળો 'સઈત પુનરુત્થાન' નામે ઓળખાય છે. સઈસ બાદ મિસરને કોઈ શક્તિશાળી રાજા ન મળતા ઈરાનના રાજા કેબિંસિસે તેને જીતીને ઈરાની રાજ્યની ભાગ બનાવી દિધું. ઈરાની રાજ્યના શાસન દરમિયાન મિસરમાં નહેરો બંધાઈ, વેપારનો વિકાસ થયો પરંતુ ઈરાન અને મિસર વચ્ચે સતત સંઘર્ષ ચાલું જ રહ્યો. જે લગભગ ઈ.સ. પૂર્વે 332 સુધી ચાલું રહ્યો. પછી ઈ.સ. પૂર્વે 332 માં મિસર પર સિંકદરના આક્રમણ સાથે મિસર ગ્રીક સામ્રાજ્યનો ભાગ બની ગયું. સિંકદરે મિસરમાં એલેક્ઝાંન્ડ્રીયા નગર વસાવ્યું. સિંકદરના મૃત્યુ બાદ મિસરમાં તોલેમી વંશની સત્તા પ્રવર્તી. તોલેમી વંશના શાસન દરમિયાન મિસરનો સાસ્કૃતિક વિકાસ થયો. પરંતુ તોલેમી વંશના પાછળના રાજવીઓની નિર્બળતાનો લાભ રોમન પ્રજાએ લીધો. રોમન સમ્રાટ જુલિયસ સીઝરે તોલેમી વંશની છેલ્લી રાણી ક્લીઓપેટ્રાને પરણીને મિસર સર કર્યું. જુલિયસ સિઝર તથા તેના અનુગામી એન્તોની સાથે કલીઓપેટ્રાને લગ્નસંબંધથી સિઝરિયોન તથા અન્ય એક પુત્ર થયા હતા. આ બંને પુત્રોને ઓકેટેવિયસ સિઝરે મારી નંખાવી મિસર કબજે કર્યું. આમ ઈ.સ.પૂ.૩૦ થી મિસર રોમન સામ્રાજ્યનો ભાગ બનાવી ગયું.

## 2.3 મિસરની સંસ્કૃતિની શાસન-વ્યવસ્થા

મિસરનું શાસન વ્યવસ્થા વ્યવસ્થિત હતી પરંતુ શાસન વ્યવસ્થા ધર્મના રંગે રંગાયેલી હતી. મિસરની શાસનવ્યવસ્થામાં રાજા (ફારૂન) સર્વોપરી હતો. આપણે સૌ પ્રથમ રાજા વિશે માહિતી મેળવીએ

### 2.3.1 ફારુન(રાજા)

આપણે આગળ જણાવ્યું કે, પ્રાચીન મિસરના રાજ્યતંત્રમા રાજા સર્વોપરી હતો. મિસરમાં રાજાઓને દૈવી અંશ માનવામાં આવતા તેથી રાજા પોતાને સૂર્યદેવ 'રે' ના પુત્રો માનતા હતા. મિસરમાં રાજા ફેરો નામે ઓળખાતા જેનો અર્થ વિશાળ ભવન થાયછે. રાજા શાંતિના સમયના ન્યાયંતત્રના વડા, યુદ્ધના સમયે લશ્કરના સેનાપતિ તથા દેવમંદિરમાં

*ધર્મગુરૂ તરીકે સત્તા ધરાવતા હતા. મિસરમાં રાજાની સત્તા અબાધિત હતી. મિસરમાં રાજાશાહી વંશ પરંપરાગત હતી.*

### 2.3.2 રાજ્યના અધિકારીઓ

*મિસરની સંસ્કૃતિમાં રાજવહીવટમાં રાજાને મદદ કરવા માટે બે પ્રકારના અધિકારીઓ હોવાની માહિતી મળે છે જેમાંથી 1) સ્થાનિક અધિકારીઓ જે પ્રાંતોમાં ફરજ બજાવતા જ્યારે 2) કેન્દ્રીય અધિકારીઓ જે રાજધાનીમાં રાજા સાથે રહીને વહીવટી કાર્યમાં સહાય કરતા. મિસરના વહીવટીતંત્રને વિવિધ ખાતાઓમાં વહેંચી નાખવામાં આવ્યું હતું આ દરેક ખાતામાં રાજા તરફથી અધિકારીઓની નિમણૂંક કરવામાં આવતી.*

*વજીર રાજ્યનો સૌથી વડો અધિકારી હતો. જે શાસનવ્યવસ્થામાં રાજા બાદ વજીરનું સ્થાન હતું. વજીરનું મુખ્ય કાર્ય મહેસૂલ ઉઘરાવવાનું, શાહી આદેશનું પાલન કરાવવાનું, પ્રજાની સ્મસ્યાઓનો ઉકેલ લાવવાનું હતું. આ ઉપરાંત વજીર ન્યાય, યુદ્ધ, ખેતી, બંદરો, વિદેશ વ્યાપાર વગેરે ખાતાઓના વડા તરીકે કાર્ય કરતો. વજીર મિસરના વહીવટીતંત્રમાં કોષાધ્યક્ષનું પદ મહત્વનું હતું જે રાજ્યની નાણાકીય બાબતોન પર દેખરેખ રાખતો હતો. આ ઉપરાંત કૃષિમંત્રી સમગ્ર રાજ્યની જમીનો પર દેખરેખનું કાર્ય કરતો. પ્રાચીન મિસરમાં રાજા પોતે આ અધિકારીઓની કામગીરીનું નિરક્ષણ કરતા તથા ગુપ્તચરો મારફતે દરેક ખાતાની વહીવટને લગતી માહિતી મેળવતા. રાજાને રાજકાર્યમાં સહાય કરવા માટે 'સરૂ' નામની વૃદ્ધ રાજસેવકોની સમિતિ હતી.*

### 2.3.3 પ્રાંતીય શાસનવ્યવસ્થા

*મિસરની સંસ્કૃતિમાં રાજાઓ દ્વારા સામ્રાજ્યના સુયોગ્ય વહીવટ માટે સમગ્ર રાજ્યને 40 પ્રાંતોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. પ્રાંતીય અધિકારીને 'નોમેન' અથવા 'નોમાર્ક' કહેવામાં આવતો, જેની નિમણૂક ફારુન(રાજા) દ્વારા કરવામાં આવી હતી. 'નોમેન'નું કામ પ્રાંતોમાં મહેસૂલ ઉઘરાવવાનું, ન્યાય આપવાનું તથા શાંતિ સ્થાપિત કરવાનું હતું. મિસરની સંસ્કૃતિમાં 'નોમેન' ફેરો (રાજાને) વફાદાર હતા પરંતુ મિસરના પતનના વર્ષોમાં તેમણે ફેરોનું શાસન ફગાવી દિધું હતું. મિસરની સંસ્કૃતિમાં પ્રાંતોમા આવેલા શહેરોનું શાસન ફારુન દ્વારા નિયુક્ત કરાયેલા અધિકારીઓ દ્વારા તથા ગામડાઓનું સંચાલન સ્થાનિક સામંતોને અધિકાર હતો.*

### 2.3.4 ન્યાયવ્યવસ્થા

*મિસરની સંસ્કૃતિમાં ન્યાયવ્યવસ્થાનો વડો રાજા હતો. રાજ્યના દરેક પ્રાંતોમાં ન્યાય માટે ન્યાયાધીશોની નિમણૂંક રાજા કરતો. રાજ્યના મુખ્ય નગર મેંફિસ, થિબ્સમાં ન્યાયની અદાલતો હતી. ન્યાયાધીશો બંને પક્ષને સાંભળ્યા બાદ સામાન્ય ગુના માટે ફટકાની અથવા અંગવિચ્છેદની સજા કરતા. જ્યારે જેવા ભયંકર ગુના માટે મૃત્યુદંડ, જીવતા સળગાવવાની, ગૂંગળાવીને મારી નાખવાની ક્રુર સજા કરવામાં આવતી. મિસરમાં ન્યાય પરંપરાગત નિયમોના આધારે કરવામાં આવતો હતો.*

### 2.3.5 લશ્કરી વ્યવસ્થા

*મિસરની લશ્કરી વ્યવસ્થાનો વડો રાજા હતો. મિસરમાં બે પ્રકારની સેનાઓ હતી. રાજાની સ્થાયી સેના અને સામંતોની અસ્થાયી સેના. રાજાની સ્થાયી સેના પ્રાંતો તથા રાજધાનીમાં કાયદો તથા વ્યવસ્થાનું જાળવવાનું કાર્ય કરતી. રાજા તથા શાહી કુંટુંબના સભ્યોની સુરક્ષાનું કાર્ય કરતી. યુદ્ધના સમયે રાજા સામંતો પાસેથી કામચલાઉ લશ્કરની વ્યવસ્થા કરતો. મિસરની સેનામાં પાયદળ તથા હયદળ એમ મુખ્ય બે ભાગ હતા. મિસરની સેનામાં ભરતી માટે યોગ્ય શારીરિક લાયકાતના આધારે ભરતી કરવામાં આવતી. લશ્કરના સૈનિકોને વિવિધ પ્રકારના શસ્ત્રોની તાલીમ આપવામાં આવતી. મિસરની સેનામાં તીરંદાજોનું વધુ મહત્વ હતું.*

**(ક) તમારી પ્રગતિ ચકાસો.**

**(છ) નિમ્ન લિખિત પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. *ઉત્તર અને દક્ષિણ મિસરનું સંયુક્ત સંગઠિત રાજ્યની સ્થાપના કોણે કરી.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. *પ્રારંભિક મિસરની રાજધાનીનું નામ જણાવો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. *ઈ.સ. પૂર્વે 332માં કોના આક્રમણથી મિસરની સંસ્કૃતિનો અંત આવ્યો હતો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

4. *મિસરની સંસ્કૃતિમાં પ્રાંતોના વડાને કયા નામથી ઓળખવામાં આવતા હતા.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

5. *મિસરની સેનામાં સૌથી વધારે કોનું મહત્વ હતું.*

(B) મિસરના રાજકીય ઈતિહાસની ટૂંકમાં જાણકારી આપો.

## 2.4 મિસરની સંસ્કૃતિનું સામાજિક જીવન

*મિસરના લોકોનું સામાજિક સ્વરૂપ, ખોરાક, પોશાક, આનંદપ્રમોદના સાધનો, ગુલામીપ્રથા તથા સમાજમાં સ્ત્રીઓનું સ્થાન પર ચર્ચા કરીશું.*

### 2.4.1 સમાજનું સ્વરૂપ

*મિસરની સંસ્કૃતિમાં સમાજ ચાર વિભાગમાં વહેંચાયેલો હતો -1) રાજા અને તેનું કુટુંબ 2) ધર્મગુરૂ અને ઉમરાવો, 3) વેપારીઓ અને કારીગરો 4) ખેડૂતો અને ગુલામો આપણે અગાઉ વહીવટીતંત્રમાં જોઈ ગયા છીએ કે મિસરની સંસ્કૃતિમાં રાજા અને તેનું કુંટુબનો ઉચ્ચવર્ગમાં થતો. આ વર્ગના લોકો વૈભવી જીવન જીવતા હતા.*

*મિસરના સમાજમાં બીજો વર્ગ ધર્મગુરૂ તથા ઉમરાવોનો હતો. ધર્મગુરૂઓ ધર્મના વડા હોવાને કારણે પ્રાચીન મિસરમાં ધર્મગુરૂઓને ખૂબ આદર આપવામાં આવતું હતું. ધર્મગુરૂઓને દેવતાઓ સુધી પહોચવા માટે માધ્યમ માનવામાં આવતા હતા તેથી લોકો દ્વારા અપાતી અપાર સંપત્તિના કારણે તેઓ વૈભવી જીવન જીવતા હતા. ધર્મગુરૂઓ રાજકીય બાબતોમાં પણ મહત્વનું સ્થાન ધરાવતા સમાતરે ધર્મગુરૂઓનો પ્રભાવ વધતા તેમના દ્વારા મિસરમાં એકવીસમા રાજવંશની સ્થાપના થઈ હતી. મિસરના તમામ મંદિરોની અપાર સંપત્તિ પર ધર્મગુરૂઓનો અધિકાર હતો.*

*મિસરના સમાજમાં ત્રીજો વર્ગ કારીગરો અને વેપારીઓનો હતો. આમ જોઈએ તો રાજાઓએ સામંતોને પોતાના અંકુશમાં લાવવા માટે આ વર્ગને પ્રોત્સાહિત કર્યો હતો. રાજા દ્વારા આપવામાં આવેલા આર્થિક અધિકારોને કારણે આ વર્ગની સ્થિતિમાં સુધારો થયો. આ વર્ગના વેપારીઓએ મિસરની લિપિનો અભ્યાસ કરી વેપારનો વિકાસ કર્યો હતો જેથી રાજ્યની આર્થિક સમૃદ્ધિમાં વધારો થયો હતો. મિસરમાં શિક્ષત વર્ગને 'શાસ્ત્રી'*

*કહેવામાં આવતો. સમાજમાં તેમને સન્માન આપવામાં આવ્યું હતું. રાજ્યની સેવામાં મોટો વર્ગ આ સમાજમાંથી જોડાયેલો હતો.*

*મિસરના સમાજમાં ચોથો વર્ગ ખેડૂતો, મજૂરો અને ગુલામોનો હતો. આ વર્ગની હાલત ખૂબ દયનીય હતી. આ વર્ગ ગુલામીમાં જીવન જીવતો હતો. આ વર્ગને રાજ્યમાં ભવ્ય ઈમારતોના નિર્માણમાં નિર્દયતાથી વેઠ કરાવવામાં આવતી હતી.*

### 2.4.2 સ્ત્રીઓની સ્થિતિ

*મિસરના સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો ઉંચો હતો. મિસરની સભ્યતામાં મહિલાઓને જે સ્થાન મળ્યું હતું તે કોઈ પ્રાચીન સભ્યતામાં પ્રાપ્ત થયું ન હતું આ કારણોસર, પ્રાચીન ગ્રીસના રહેવાસીઓ મિસરની સ્ત્રીઓની સ્વતંત્રતા વિશે લખે છે કે "મિસરમાં, સ્ત્રીઓ પુરુષો પર શાસન કરે છે."*

*મિસરના સમાજમાં માતૃવંશ કુટુંબની પ્રથા પ્રચલિત હતી. જાહેર જીવનમાં સ્ત્રીઓ પુરૂષ જેટલી જ સ્વતંત્રતા ભોગવતી. મિસરમાં સ્ત્રીઓના ઉચ્ચ સ્થાન માટે તેમના વારસા હકને જવાબદાર કારણ ગણાવી શકાય જેમ કે શાહી કુટુંબોમાં રાજ્યના ઉત્તરાધિકારી તરીકે પ્રથમ હક સ્ત્રીઓને આપવામાં આવેલો હતો. જેના કારણે રાજકુમારો તેમની બહેનો સાથે લગ્ન કરતા હતા. લગ્નની બાબતમાં સ્ત્રીઓને સંપૂર્ણ સ્વતંત્રતા હતી. પ્રાચીન મિસરમાં હેટશેપસટ અને ક્લિયોપેટ્રા જેવી પ્રતિભાશાળી રાણીઓનું શાસન હતું.*

*મિસરમાં સ્ત્રીઓની સાથે કેટલીક ધાર્મિક બાબતો જોડાયેલી હતી. જેમ કે મિસરમાં સૌથી સુંદર સ્ત્રીને દર વર્ષે પૂરથી ભરેલી નાઈલ નદીમાં ફેંકવાની પરંપરા હતી જેથી નાઈલની દેવી પ્રસન્ન થાય અને અન્ય લોકોને મારી ન નાખે. આ સમયે વિખવાદ અને ઝઘડાઓનું કારણ બનેલી સ્ત્રીઓમાં સૌથી સુંદર સ્ત્રી ભગવાન એમોનને સોંપવામાં આવતી હતી. મિસરના સમાજમાં એકપત્નીત્વ પ્રથા હતી પરંતું રાજાઓ તથા ઉમરાવોમાં દાસીઓ રાખવાનો રિવાજ હતો. મિસરના સમાજમાં પાદરી, દાયણ, ગાયન અને નૃત્યનો વ્યવસાય સ્ત્રીઓ કરતી. સમાજમાં વેશ્યાઓ અને નર્તકીઓ હતી, જેનું મુખ્ય કામ ધનિકોનું મનોરંજન કરવાનું અને તેમને શારીરિક આનંદ આપવાનું હતું. મિસરમાં દેવોને ખુશ કરવા માટે દેવદાસી પ્રથા પ્રચલિત હતી.*

### 2.4.3 ખોરાક

*મિસરવાસીઓની કબરોમાંથી જે ખાદ્ય પદાર્થો મળી આવેલા છે તે ઉપરથી તેમના આહાર વિહારની માહિતી મળે છે. ખોરાકમાં તેઓ ઘઉં, જવ,ચોખા જેવા અનાજ, મધ, શાકભાજી, જવની રોટી, ફળોનો ઉપયોગ કરતા. મિસરમાં સમુદ્ર કિનારે નિવાસ કરતા લોકો માંસાંહારી હતા જે ખોરાકમાં માછલીનો ઉપયોગ કરતા. ધાર્મિક ઉત્સવો તથા તહેવારો પર ઉચ્ચ વર્ગમાં ફળોનો રસ તથા ગરીબ વર્ગમાં સુરા (દારુ) પીવાતો હતો.*

### 2.4.4 પોશાક

*મિસરવાસીઓના મળેલા ચિત્રો ઉપરથી તેમના પોશાક, અલંકારો, સૌંદર્ય પ્રસાધનો, રાચરચીલું વગેરે વિશે માહિતી મળે છે. મિસરની સ્ત્રીઓ લાંબો શણનો પાતળો ઝભ્ભો પહેરતી. પુરૂષો કમરે પટ્ટો ધારણ કરી લુંગી પહેરતા ક્યારેક ઉપરના ભાગમાં ઝભ્ભો પહેરતા. મિસરના ઉચ્ચવર્ગના લોકો લાંબો ઝભ્ભો પહેરતા જ્યારે સ્ત્રીઓ ભરત ભરેલા વસ્ત્રો પહેરતી.*

### 2.4.5 અલંકારો તથા સૌંદર્ય પ્રસાધનો

*પિરામિડોમાંથી મળેલા અલંકારો પરથી કહી શકાય કે મિસરની પ્રજા અલંકારોની શોખીન હતી. સ્ત્રીઓ કુંડલ, કંકણ, વીંટી, માળા જ્યારે પુરુષો વીંટી જેવા આભુષણો પહેરતા. મિસરની સંસ્કૃતિના આભુષણો સોના-ચાંદી તથા હાથીદાંતમાંથી બનાવાવામાં આવતા હોવાની માહિતી મળે છે.*

*મિસરના સ્ત્રી-પુરૂષો સૌંદર્ય પ્રસાધનોથી પરિચિત હતા અને તેનો મુક્તપણે ઉપયોગ કરતા હતા. સ્ત્રીઓ આંખોમાં મેશ, હોઠ પર લિપસ્ટિક તથા નખને મેંદીથી રંગવાનો શોખ ધરાવતી. મિસરની સ્ત્રીઓ વાળમાં તેલ લગાવી તેને વિવિધ પ્રકારની વાળ ઓળાવવાની કલાથી પરિચીત હોવાનું જાણવા મળે છે. તેઓ કેશકલા માટે કાસનાં અરીસા તથા કાંસકાના ઉપયોગ કરતા.*

### 2.4.6 રહેઠાણ તથા રાચરચીલું

*મિસરવાસીઓ મળેલા નગરોના અવશેષો પરથી તેમના રહેઠાણ તથા રાચરચીલા વિશે માહિતી મળે છે. અહીંના લોકો ઈંટોનો ઉપયોગ કરી એક માળવાળા મકાનોનું નિર્માણ કરતા હોવાનું જાણવા મળે છે. દરેક મકાનમાં ખુલ્લો ચોક, બે ત્રણ ઓરડા, ગંદા પાણીના નિકાલ માટેની વ્યવસ્થા હોવાનું અનુમાન છે.*

*ઉત્ખનન દરમિયાન મકાનોમાંથી રાચરચીલાના અવશેષો મળ્યા છે. જેમાં ખુરશી, બાજઠ, પાનદાનીઓ, દર્પણ, કપડા મુકવા માટે લાકડાની પેટીઓ, વગેરે મળી આવેલા છે. પિરામિડોમાંથી નકશીકામ વાળી ખુરશીઓ તથા પગ મૂકવાના બાજઠ મળી આવેલા છે.*

### 2.4.7 આનંદ-પ્રમોદના સાધનો

*મિસરની સંસ્કૃતિના લોકો રમતગમત તથા મનોરંજનના શોખીન હતા. ઉચ્ચ વર્ગના લોકો શિકાર, પશુઓની સાઠમારી, રથદોડ, ઘોડાદોડ વગેરે માધ્યમોથી મનોરંજન મેળવતા જ્યારે સામાન્ય વર્ગના લોકો કુસ્તી, સંતાકુકડી, સોગઠાબાજી, ચોપાટ વગેરે સાધનોમાંથી આનંદ પ્રમોદ મેળવતા આ ઉપરાંત મિસરના પિરામિડોમાંથી મંજિરા, વીણા જેવા લોકવાદ્યોના મળેલા અવશેષો તથા ભીંતચિત્રો પર વિવિધ વાદ્યો વગાડતી તથા નૃત્ય*

*કરતી સ્ત્રીઓના ચિત્રો પરથી કહી શકાય કે અહીંની સ્ત્રીઓ સંગીત અને નૃત્યની શોખીન હશે.*

### 2.4.8 ગુલામી પ્રથા

*મિસરની સંસ્કૃતિમાં ગુલામ બનાવવાની કોઈ પ્રથા નહોતી. મિસરમાં જે ગુલામો હતા તે મોટા ભાગના યુદ્ધ કેદીઓ હતા જેમની પાસે શારીરીક શ્રમનું કામ લેવામાં આવતું જેમ કે પુરુષો પાસે જમીન ખેડવાનું, પિરામિડો માટે વજનદાર પથ્થરો ખેંચવાનું તથા ચઢાવવાનું, નહેરોનું સફાઈ કરવાનું કામ કરાવવામાં આવતું. જ્યારે સ્ત્રીઓ પાસે ઘરકામ કરવામા આવતું. મિસરની મોટા ભાગની જમીનો રાજા તથા ઉમરાવોની હતી જેમાં આ ગુલામો વેઠનું કામ કરતા. ગુલામોને દેવા પેટે વેચી શકાતા, ગુલામો પોતાના માલિકોની રહેમ નજરથી સ્વતંત્રતા પણ મેળવી શકતા તો કેટલાક ગુલામો તેમના માલિકોના પ્રિય બન્યા અને ઉચ્ચ હોદ્દા પર સ્થાપિત  થયા. પ્રાચીન વિશ્વના અન્ય દેશો કરતાં મિસરના ગુલામોની સ્થિતિ સારી હતી.*

## 2.5 મિસરની સંસ્કૃતિનુ આર્થિક જીવન

*પ્રાચીન મિસરના લોકોનું આર્થિક જીવન મુખ્યત્વે કૃષિ, ઉદ્યોગો અને વેપાર પર નિર્ભર હતું આપણે તેના વિશે માહિતી મેળવીએ.*

### 2.5.1 ખેતી

*મિસરની સંસ્કૃતિના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. નાઈલ નદીમાં જ્યારે પૂર આવતું અને તે ઓસરી ગયા બાદ જે કાંપ તૈયાર થતો તે ખેતી માટે ખૂબ લાભદાયી હતો તેથી મિસરવાસી ઘઉં, જવ, ડાંગર, વટાણા, ડુંગળી, શણની ખેતી તથા ઓલિવ, દ્રાક્ષ, અનાનસ, દાડમ, અંજીર વગેરે ફળોનું ઉત્પાદન કરતા હતા. કપાસની ખેતી વિશ્વમાં સૌ પ્રથમ મિસરમાં શરૂ કરવામાં આવી હતી. ખેતીને વિકસાવવા માટે રાજ્ય દ્વારા નાઈલ નદીમાંથી નહેરો બનાવી સિંચાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી. ખેતીના ક્ષેત્રે હળ જેવા સાધનની શોધ થતાં મિસરવાસીઓ બળદ અને હળના ઉપયોગથી ખેતી કરવા લાગ્યા. રાજ્ય દ્વારા વધારે જમીનને ખેતીલાયક બનાવવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી હતી. કૃષિ કાર્યમાં ખેડૂતોને સલાહ અને સહાય આપવા માટે રાજ્ય દ્વારા કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી હતી. મિસરમાં ખેડૂત ઊપજનો પાંચમો ભાગ મહેસૂલ તરીકે રાજ્યને આપતો હતો.*

### 2.5.2 પશુપાલન

*પિરામિડોમાંથી પ્રાપ્ત થયેલા બળદગાડી, ઘેટાંગાડીના ચિત્રો પરથી કહી શકાય કે મિસરવાસીઓ ગાય, ખચ્ચર, ઘેટાં, ડુક્કર, વાંદરાઓ અને મધમાખી જેવા વિવિધ પ્રકારના પ્રાણીઓનો ઉછેર કરતા હતા. બળદનો ઉપયોગ ખેતીમાં અને રથ ખેંચવામાં થતો હતો. ખચ્ચર અને ગધેડાનો ઉપયોગ માલ વહનમાં થતો હતો. વાંદરાઓનો ઉપયોગ*

*ફળો તોડવા માટે થતો હતો. મધમાખીઓ દ્વારા મધ મેળવવામાં આવતું હતું. મિસરવાસીઓ ઘોડાથી અજાણ હતા પરંતુ સામંતયુગના પતન પછી પશ્ચિમ એશિયામાંથી ઘોડાની આયાત કરવામાં આવતી હતી.*

**2.5.3 ઉદ્યોગો અને હસ્તકલા**

2.5.3.1 *ધાતુ ઉદ્યોગ:-*

*મિસરવાસીઓ પ્રાચીનકાળથી ધાતુ કામ જાણતા હતા. જો કે મિસરવાસીઓને તાંબા સિવાયની અન્ય ધાતુઓ બહારથી આયાત કરવી પડતી હતી, તેમ છતાં તેઓએ ધાતુ ઉદ્યોગમાં ઘણી પ્રગતિ કરી હતી. સોનું અને લોખંડ બહારના દેશોમાંથી આયાત કરવામાં આવતું હતું. મિસરવાસીઓએ તાંબામાં કલાઈ ઉમેરીને કાંસુ બનાવવાની રીત વિકસાવી હતી. તેઓ તલવાર, બખ્તર, શિરત્રાણ તેમજ ખેતીના ઓજારો વગેરે આ ધાતુમાંથી બનાવતા. જ્યારે સોના અને ચાંદીમાંથી વિવિધ આભૂષણો બનાવતા.*

2.5.3.2 *પેપિરસ ઉદ્યોગ:-*

*પ્રાચીન મિસરવાસીઓનો મુખ્ય ઉદ્યોગ પેપિરસ છોડની છાલનો ઉપયોગ કરી તેમાંથી કાગળ અને સાદડી બનાવવાનો હતો. પેપિરસના છોડ નાઈલ નદીની ખીણમાં પુષ્કળ પ્રમાણમાં જોવા મળતા તેની છાલને લંબાઈની દિશામાં કાપીને છાલનો એક સ્તર ઊભી રીતે અને એક સ્તરને આડી રીતે ચિપકાવી કાગળ બનાવવામાં આવતો. મિસરના લોકો આ પ્રકારના કાગળમાંથી બનેલી પટ્ટીઓ જોડીને લાંબા કાગળો તૈયાર કરતા.*

2.5.3.3 *અન્ય ઉદ્યોગો:-*

*મિસરમાં ધાતુકામ ઉપરાંત લાકડા, માટી, કાચ, કાગળ અને કાપડનું કામ કરતા કુશળ કારીગરો પણ હતા. લાકડામાંથી વિવિધ પ્રકારના ફર્નિચર, ટેબલ, ખુરશીઓ, પલંગ, સંદુર, હોડી, ગાડી વગેરે બનાવતા. લાકડા પર કોતરણી અને નકશીકામ કરવામાં આવતું હતું. મિસરના લોકો વિવિધ પ્રકારની માટીના વાસણો બનાવી તેની પર ચળકાટ લાવવાની કલા જાણતા હતા. મિસરવાસીઓ કાચ બનાવતા તેને રંગી તેમાંથી સુશોભનની વસ્તુઓ બનાવતા. મિસરના વણકરો કપાસ અને શણના છોડમાંથી કાપડ તૈયાર કરવાની પદ્ધતિ જાણતા હોવાથી અતિ બારીક કાપડ વણવામાં કુશળ હતા. ચાર હજાર વર્ષ પહેલાં વણાયેલા કાપડના નમૂના અહીંથી પ્રાપ્ત થયેલા છે. મિસરમાં ચર્મઉદ્યોગના કારીગરો ચામડામાંથી કોટ, તીર મુકવાનું ભાથું વગેરે બનાવતા.*

*મિસરમાં દરેક કારીગરી વંશપરંપરાગત હતી. કારીગરોનો મોટો સમુદાય ગુલામોનો હતો. દરેક કારીગરોનો પોતાનો સમાજ હતો.*

**2.5.4 વેપાર વાણિજ્ય**

*મિસરની પ્રજા વિદેશો સાથે વ્યાપારી સંબંધો ધરાવતી હતી. મિસરનો વ્યાપાર બદલાપદ્ધતિથી ચાલતો હતો. મિસરવાસીઓ ઈરાન, ક્રિટ, સુદાન, મેસોપોટેમીયા, ક્રીટ,*

સાયપ્રસ, સિરિયા અને ભારત સાથે સમુદ્રમાર્ગે વેપારી કરતા. તેઓ માટીના વાસણો, કપડાં, ઝવેરાત, ઘઉં, જવ, કાગળ, કીમતી પથ્થરો, આભુષણો અને કાચની વસ્તુઓ વગેરેની નિકાસ કરતા. જ્યારે સોનું, ચાંદી, હાંથીદાત, ઘોડા, રથ લાકડું, માછલી વગેરેની વિદેશોમાંથી આયાત કરતા મિસરવાસીઓ ભારતમાંથી રંગ, મસાલા, ચંદન, માળા અને સૌદર્ય પ્રસાધનની ચીજવસ્તુઓનો વેપાર કરતા. મિસરવાસીઓનો આંતરિક વેપાર બદલાપદ્ધતિથી ચાલતો જયારે વિદેશો સાથે કાચામાલના બદલે પાકામાલ દ્વારા ચાલતો તેમ છતાં વિનિમયના માધ્યમ તરીકે સોના-ચાંદીનો કરવામાં આવતો.

**(ક તમારી પ્રગતિ ચકાસો.**

*(છ) નિમ્ન લિખિત વિધાનો ખરા(✓ ) છે કે ખોટા(ઠ) ? તપાસો.*

1. *ધર્મગુરૂઓને દેવતાઓ સુધી પહોંચવાનું માધ્યમ માનવામાં આવતું હતું.*
2. *મિસરમાં સૌથી સુંદર સ્ત્રીને દર વર્ષે નાઈલ નદીમાં ફેંકવાની પ્રથા હતી.*
3. *ઈજિપ્તિયન સમાજમાં ગુલામીની પ્રથા ન હતી.*
4. *મિસરવાસીઓ બળદના માધ્યમથી ખેતી કરતા હતા.*
5. *મિસરવાસીઓ પેપિરસ નામના છોડની છાલમાંથી કાગળ બનાવતા હતા.*

(B) *મિસરના સામાજિક જીવન વિશે માહિતી આપો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 2.6 મિસરની સંસ્કૃતિનું ધાર્મિક જીવન

*મિસરની સંસ્કૃતિના ધાર્મિક જીવન જાણકારી મેળવવા માટે સૌ પ્રથમ મિસરની દેવસૃષ્ટિ વિશે માહિતી મેળવવી અનિવાર્ય છે.*

### 2.6.1 મિસરની સંસ્કૃતિની દેવસૃષ્ટિ

2.6.1.1 *પ્રકૃતિપૂજા તથા પશુપૂજા*

*મિસરની સંસ્કૃતિના લોકોમાં પ્રાંરભમાં પ્રકૃતિપૂજા પ્રચલિત હતી. તેઓ આકાશ, પૃથ્વી, તારા, ગ્રહો, સૂર્ય, ચંદ્ર, નદી જેવા પ્રકૃતિ તત્વોની પૂજા કરતા હતા. પ્રકૃતિની સાથે અહીં પશુપુજા પણ પણ કરવામાં આવતી. મિસરના લોકો વૃષભ, ગાય, બકરી, કૂતરા, સર્પ, બિલાડી, બાજ, મગર, મરઘો, વગેરેની પૂજા કરતા મિસરની દરેક જાતિનું એક પવિત્ર ચિહ્ન હતું જેનો આકાર પશુ જેવો હતો દા:ત પાંખોવાળો વૃષભ.*

2.6.1.2 *સ્થાનીય દેવો*

*મિસરની સંસ્કૃતિમાં જે સ્થાનિક દેવો હતો તેમાં સોથી મોટા દેવ 'એમોન' હતા જેમનું મોઢું હંસ જેવું હતું. સમયાંતરે 'એમોન' સ્થાનિય દેવમાંથી સમગ્ર મિસર સામ્રાજ્યના દેવ તરીકે પૂજાતા હતા. 'એમોન' પછી મિસરવાસીઓ બિલાડીના માથાવાળી 'બાસ્ત' દેવીની પૂજા કરતા જેના નામ પરથી મિસરમાં એક નગરનું નામ 'બ્રુબાસ્તીસ' હતું. સ્થાનિય દેવોમાં ત્રીજા દેવ સારસ પક્ષી જેવું મુખ ધરાવતા 'થોથ' દેવ હતા જેને મિસરના લોકો વિદ્યાનો દેવ માનતા હતા. આ દેવને ચંદ્રદેવ અને જાદુના દેવ તરીકે પણ ઓળખવામાં આવતા હતા તેથી માદાં માણસોને સાજા કરવા માટે આ દેવની પુજા કરવામાં આવતી હતી. ચોથા દેવ 'એપીસ' હતો જે વૃષભ દેવ તરીકે મિસરના લોકો પૂજા કરતા હતા. 'એપીસ'ને નાઈલ નદીનું બીજુ રૂપ પણ માનવામા આવતા.*

2.6.1.3 *પ્રકૃતિના દેવો*

*મિસરની દેવસૃષ્ટિના પ્રકૃતિના દેવોમાં સૌથી મહાન દેવ 'ઓસિરિસ' છે. મિસરવાસીઓ પ્રકૃતિનો દેવ અને નાઈલ નદીના દેવ તરીકે'ઓસિરિસ'ની પૂજા કરતા. મિસરના લોકો દેવી 'ઈસિસ'ની આદર્શ માતા તરીકે તેમની પૂજા કરતા હતાં.'ઓસિરિસ' અને 'ઈસિસ'નું લગ્ન જીવન પ્રાચીન મિસરવાસીઓ માટે એક આદર્શ અને પ્રેરણા સ્રોત હતું. 'હોરસ' 'ઓસિરિસ' અને 'ઈસિસ'નો પુત્ર હતો મિસરના લોકો પ્રેમના દેવ તથા પ્રકાશના દેવ તરીકે તેની પૂજા કરતા. આ સિવાય મિસરવાસીઓ 'સેતેખ' સંહારક દેવ, 'અનુબિસ' મૃત્યુના દેવ તરીકે પૂજા કરતા હતા.*

*મિસરની સંસ્કૃતિમાં કેટલાક દેવ એવા પણ જોવા મળે છે કે સમય જતા તેમનું મહત્વ હતું. જેમાં 'રા' જેને સૂર્ય દેવ તરીકે પૂજવામાં આવતાં. મિસરમાં રાજાને સૂર્યદેવનું સ્વરૂપ માનવામાં આવતા હતા. આ સિવાય મિસરમાં દક્ષિણની દેવી 'નેખેબી' જે જેનું ચિહ્ન ગીધ હતું અને ઉત્તરની દેવી 'વાઝત' છે જેનું ચિહ્ન નાગ હતું તેમની પણ મિસરવાસીઓ પ્રકૃતિના દેવો તરીકે પૂજા કરતા હતા.*

**2.6.2 ઈખ્નેતોનનો એકેશ્વરવાદ**

*મિસરની સંસ્કૃતિમાં અસંખ્ય દેવી દેવતાઓની પૂજા કરવામાં આવતી હતી. મિસરના રાજા ઈખ્નેતોને આ દેવી દેવતાઓની પૂજા બંધ કરાવી માત્ર એક જ દેવ 'એતોન'(સૂર્ય)ની પૂજા દાખલ કરી. આમ તેમણે બહુદેવવાદની સ્થાને વિશ્વના ઈતિહાસમાં પ્રથમવાર એકેશ્વરવાદનો સિદ્ધાંત આપ્યો. ઈખ્નેતોને મિસરના તમામ દેવી દેવતાઓના મંદિરો બંધ કરાવી દિધા એટલે સુધી અસંખ્ય મંદિરો વાળી રાજધાની થિબ્સની જગ્યાએ 'એખનેતોન'ને રાજધાની બનાવી. ઈખ્નેતોનના મત મુજબ 'એતોન' વિશ્વના સર્જક છે. તે દયાળુ અને શાંતિના પ્રતિનિધિ છે. વળી આ દેવતાની પૂજા દરેક વ્યક્તિ ધર્મગુરૂની મદદ વગર કરી શકતા. મિસરના લોકોએ ઈખ્નેતોનના એકેશ્વરવાદી વિચારો સ્વીકાર્યા ન હતા. ધર્મગુરૂઓએ તેનો વિરોધ કર્યો તેના આધાતથી ઈખ્નેતોન ત્રીસ વર્ષની વયે*

અવસાન પામ્યો તેના અવસાન બાદ મિસરમાં પુનઃ દેવી દેવતાઓની પૂજા થવા લાગી. ધર્મના ક્ષેત્રે ક્રાંતિ લાવવામાં ઈખ્નેતોને મહત્વનું યોગદાન આપ્યું જેથી એકેશ્વરવાદી ધર્મનો વિકાસ થયો.

### 2.6.3 ધર્મમાં રાજાનું સ્થાન

મિસરની સંસ્કૃતિમા ફેરો (રાજા) ધાર્મિક ક્ષેત્રનો શ્રેષ્ઠ વ્યક્તિ હતો જે પોતે ઈશ્વરનો દૈવી અંશ ગણાવતો. રાજા પાસે શાસન કરવાનો દૈવી અધિકાર હતો. રાજાને સર્વોચ્ચ પૂજારી માનવામાં આવતો હતો. દૈવીતત્વને કારણે તે લાંબા સમય સુધી રાજ્ય કરી શકતો. રાજાને ધાર્મિક કાર્યોમાં સહાય કરવા માટે ધર્મગુરૂઓ હતા

### 2.6.4 ધર્મગુરૂઓ

મિસરની સંસ્કૃતિમાં ધર્મગુરુઓ દેવો અને મનુષ્ય વચ્ચે કડીરૂપ ગણાતા તેથી તેમનુ સ્થાન મહત્વનું હતું ધર્મગુરૂઓ જાદુ, કર્મકાંડ દ્વારા લોકોની માંગણીઓ દેવ સુધી પહોંચાડતા હોવાનું માનવામાં આવતું. મંદિરોના પ્રાંગણમાં બનેલી વિશાળ ઈમારતોમાં ધર્મગુરૂઓ રહેતા. મંદિરની સંપતિ તેમની મિલકત ગણાતી. ધર્મગુરૂઓને કરવેરા, લશ્કરી તાલીમ, વેઠમાંથી મુક્તિ આપવામાં આવી હતી. મિસરના ધાર્મિક જીવનમાં ભ્રષ્ટાચાર લાવવા માટે ધર્મગુરઓને સૌથી વધારે જવાબદાર માનવામાં આવે છે. સમયાંતરે ધર્મગુરૂઓના કારણે રાજાની સત્તા ઘટવા લાગી પરિણામે મિસરની સંસ્કૃતિનું પતન થયું.

### 2.6.5 પૂજનવિધિ

મિસરના દરેક દેવની પૂજા કરવામાં આવતી જેની વિધિ એકસરખી હતી. સવારે દેવને પ્રાર્થના કર નિત્યકર્મ શરૂ કરવામાં આવતું. દેવ પ્રતિમાને સુગંધિત દ્રવ્યોથી સ્નાન કરવાંમાં આવતું. સ્નાન બાદ કિમતી વસ્ત્રો, મુગટ પહેરાવાતો. ત્યારબાદ દેવને ભોગ ધરાવવામાં આવતો. ભોજન બાદ દેવની સામે અટપટા મુકદમાનો નિકાલ કરવામાં આવતો. બપોરે દેવને ગીત, નૃત્ય અને વાદનની પોઢણ કરવામાં આવતું. સાજે ફરી દેવ દર્શન કરી શયનભોગ બાદ કિમતી વસ્ત્રો અને મુગટ ઉતારી ધૂપ દિપ કરવામાં આવતા અને દેવને શયન કરાવવામાં આવતું. તહેવારોના પ્રસંગે દેવને મંદિરની બહાર લાવી સરઘસ ફેરવવામાં આવતું.

### 2.6.6 મરણોત્તર જીવનની માન્યતા

ભારતીયોની જેમ, પ્રાચીન મિસરવાસીઓ આત્માની અમરતામાં માનતા હતા. મિસરવાસીઓ માનતા હતા કે મૃત્યુ પછી આત્માને ફરીથી તેના મૃતદેહમાં પાછો લાવવો હોય તો 1) બા (આત્મા), 2) યખુ(પ્રકાશ), 3) નામ, 4) છાયા, 5) હૃદય, 6) કા (શક્તિ) એમ છ વસ્તુઓને સાચવી રાખવી જોઈએ એમા પણ કાં(શક્તિ) તો મૃત્યુ પછી પણ જીવંત રહે છે. તેથી કાં(શક્તિ) મૃતદેહમાં ફરીથી પ્રવેશ કરી શકે છે. તેથી મિસરના લોકો મૃત્યુ પામેલી વ્યકિતના દેહને મસાલા ભરીને 'મમી' બનાવીને સુરક્ષિત રાખતા હતા. તેઓ રાસાયણિક પદાર્થમાં કાપડની પટ્ટીઓ પલાળી દેતા હતા અને મૃત શરીર પર લપેટી

*લેતા હતા અને તેને 'સરકોફેગસ' નામની ખાસ પ્રકારની પેટીમાં સુરક્ષિત રીતે રાખ્યા પછી, પિરામિડ બનાવીને તેમાં મૃત શરીરને દફનાવતા હતા. આથી મૃત શરીર સડતું કે બગડતું નથી. આજે પણ ઘણા પ્રાચીન ઈજિપ્રીયન મૃતદેહો, જેને 'મમી' કહેવાય છે, હજારો વર્ષોથી સાચવવામાં આવ્યા છે. રાજસ્થાનના જયપુર મ્યુઝિયમમાં આવી મમી નમૂના તરીકે રાખવામાં આવેલા છે. જેથી મનુષ્યનો આત્મા તેના જૂના દેહમાં પ્રવેશ કરવા ઈચ્છે તો પ્રવેશી શકે. તેથી મૃતાત્માને જીવવા માટે કબરમાં મૃત દેહની સાથે ખોરાક, પાણી વસ્ત્ર, રાચરચીલું અને અન્ય સામ્રગી મુકવામાં આવતી. આત્માને અનિષ્ટોથી બચવા માટે ધર્મગુરૂઓ કાગળ પર જાદુઈ મંત્રો લખી આપતા જે શબપેટીમાં મુકાતા. પિરામિડોની દિવાલો પર સારા ચિત્રો અંકિત કરવામાં આવતા જેથી મૃતક પરલોકમાં સુખી જીવન વ્યતીત કરી શકે.*

*મિસરના લોકમાં મૃત્યુ પછીના જીવન વિશે એવી માન્યતા હતી કે મનુષ્યને સ્વર્ગમાં પ્રવેશ લેવા માટે મૃતાત્માની પરીક્ષા લેવામાં આવતી. એક ચિત્ર પરથી સ્પષ્ટ થાય છે કે એ ચિત્રમાં દેવ 'ઓસિરિસ'ના સભાગૃહમાં પ્રવેશે છે દેવ તેના પાપ-પૃણ્યના આધારે સ્વર્ગ અને નરક પ્રદાન કરે છે. ચિત્રમાં મૃત્યુદેવ 'અનુબીસ' ત્રાજવુ લઈને ઉભો છે. ત્રાજવા પાસે વજનની નોંધ રાખનાર 'થોથ' દેવ ઊભો છે 'થોથ'ની પાછળ 'એમેસ્ત' નામનો રાક્ષસ હોય છે. 'અનુબીસ' ત્રાજવામાં એક બાજુ કા (આત્માં) અને બીજી બાજું હૃદય મુકે છે. ત્રાજવું જો સમતોલન થાય તો મૃતાત્માને સ્વર્ગમાં પ્રવેશ મળે અને જો હૃદયનું વજન ઓછું થાય તો તરત જ એમસ્ત રાક્ષસ તેને ખાઈ જાય છે. તેથી પૃથ્વી પર મૃતાત્મા સારા કાર્યો કરે તો સ્વર્ગ મળે.*

*ધર્મગુરૂઓ આ માન્યતાનો લાભ લઈ મૃતાત્માને સુખ મળે તે માટે માછલી, નાગ, બાજ વગેરે આકારના માંદળિયા આપતા. મિસરની પ્રજા એટલી તો અંધશ્રદ્ધાળુ હતી કે ધર્મના નામે ધર્મગુરૂઓ કર્મકાંડ, મંત્રો, તાવીજો વગેરે દ્વારા તેમને છેતરતા અને અઢળક ધન મેળવતા.*

## 2.7 મિસરની સંસ્કૃતિનું સાંસ્કૃતિક જીવન

*જગતની પ્રાચીન સંસ્કૃતિઓમાં મિસરની સંસ્કૃતિના સાંસ્કૃતિક જીવનમાં વિવિધ કલાઓનો સમાવેશ થાય છે જેમાં સ્થાપત્યકલા, શિલ્પકલા, ચિત્રકલા, સંગીતકલા તથા લેખનકલાની ભવ્યતા અને સુંદરતાની દ્રષ્ટિએ પ્રશંસાપાત્ર છે આપણે સૌ પ્રથમ સ્થાપત્યકલા વિશે માહિતી મેળવીએ.*

### 2.7.1 સ્થાપત્ય કલા

*મિસરની સંસ્કૃતિની સ્થાપત્યકલા ધર્મથી પ્રભાવિત હતી. મિસરમામાં ભવન નિર્માણકલા મુખ્યત્વે દેવતાઓ અને રાજાઓ પ્રત્યે આદર દર્શાવવા માટે વિકસાવવામાં આવી હતી. મિસરમાં દેવતાઓ માટે ભવ્ય મંદિરો, રાજાઓના મહેલો, કબરો, પિરામીડ વગેરે સ્થાપત્યકલાના ઉત્તમ ઉદાહરણો છે.*

2.7.1.1 *મંદિરો*

*મિસરના લોકો પહાડોમાંથી મંદિરોનું નિર્માણ કરતા. મિસરમાં બે પ્રકારના મંદિરો જોવા મળે છે. એક સ્થાનિક દેવ માટે તથા બીજુ મરેલા રાજા માટે. આ મંદિરોમાં મુખ્ય ભાગ બહારનો ચોક, અંદરનો ચોક, પ્રવેશ ખંડ તથા ગર્ભગૃહ હતા. મિસરમાં આવેલું કર્ણાકનાં મંદિરનું નિર્માણ વિશાળ સ્તંભો પર કરવામાં આવેલું છે. આ સ્તંભો ૬૯ ફૂટ ઊંચા છે. મંદિરની અંદર વિશાળ પૂજાનો ઓરડો છે. મંદિરની ચારેબાજુ બગીચાઓ અને તળાવનું નિર્માણ કરવામાં આવેલું છે. મિસરના મંદિર સ્થાપત્યમાં કર્ણાક, લક્ષોર, એમોન તથા એબીકડોસના મંદિરો સ્થાપત્યકલાના ઉત્તમ નમૂના છે.*

2.7.1.2 *મકાનો*

*મિસરની સ્થાત્યકલામાં ભવન નિર્માણ નોધપાત્ર છે. મિસરમાં સામાન્ય લોકો મકાનો બાધવા માટે ઈંટોથી જ્યારે  ઉચ્ચ વર્ગના લોકો પથ્થરોથી મકાનો બાંધતા. આ સમયે પથ્થરથી બાધવામાં આવતા મકાનો વૈભવી વસ્તુ ગણાતા. શરૂઆતમાં મકાનો છાપરાવાળા બાંધવામાં આવતા સમયાંતરે થાંભલાઓ ઊભા કરી મકાનો બાંધવાની શરૂઆત થઈ. મકાનો એ રીતે બાંધવામાં આવતા જેથી સૂર્યનો તાપ અંદર આવી શકે અને ઉનાળામાં ઠંડક રહે. આ સમયના મકાનોના મળેલા અવશેષો પરથી કહી શકાય કે મકાનની દિવાલો* 10 *ફૂટ ઊંચી તથા૪ ફૂટ પહોળી રાખવામાં આવતી. મકાનની છત નળાકાર રાખવામાં આવતી.*

2.7.1.3 *વિશ્વની અજાયબી પિરામિડ*

*મિસરની સ્થાપત્યકલાના ઉત્તમ નમૂના પિરામિડ છે. જે આજે પણ ઈજનેરી વિદ્યાનું સૂચક મનાય છે. મિસરના લોકો મરણોત્તર જીવન વિશે માનતા હોવાથી મૃતદેહને સાચવવા માટે આવા પિરામિડોની રચના કરવામાં આવી હતી. પ્રાગ ઐતિહાસિક યુગમાં મિસરના લોકો માટીની કબરો તૈયાર કરાવી લાકડાની પેટીમાં શબ મુકતા, શબની આસપાસ જીવન જરૂરીયતની વસ્તુઓ મુકી શબને પેટી સાથે દફનાવી દેતા. આવી કબરો મસત્બા નામે ઓળખાય છે. મિસરના સક્કરામાં જૂનામાં જૂની મસ્તબાનો નમૂનો મળે છે.*

*મસ્તબામાંથી પિરામિડના સ્વરૂપનું સર્જન થયું. પિરામિડના બાંધકામમાં સ્ટેપ પિરામિડની રચના નોંધપાત્ર છે. પિરામિડ એટલે મિસરના રાજા-રાણીની શંકુ આકારની કબરો. પિરામિડોની નીચેના ભાગમાં મોટા ઓરડાઓ હતા જેમાં મૃતદેહ (મમી) રાખવામાં આવતા. તેની સાથે મૃત વ્યક્તિની પ્રિય વસ્તુઓ, તથા મૃતકોનો ગ્રંથ રાખવામાં આવતો. નાઈલ નદીના* 96 *કિ.મીના વિસ્તારમાં આવા પિરામિડો જોવા મળે છે આ પિરામિડોમાં મિસરના ચોથા રાજવંશના ફેરો ખુફુએ બંધાવેલો ગિઝેહનો પિરામિડ તેની ભવ્યતા અને વિશાળતા માટે જાણીતો છે. આ પિરામિડ* 484 *ફૂટ ઊંચો અને* 755 *ફૂટ લાંબો છે. તેના નિર્માણમાં ૨૩ લાખ પથ્થરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પિરામિડ* 1 *લાખ* 20

હજાર માણસોએ 20 વર્ષમાં બાંધ્યો હતો. ખુફુના પિરામિડ ઉપરાંત ઝોસર, ચિઓપ્સના પિરામિડો પણ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે.

2.7.1.4 *કીર્તિસ્તંભો*

*મિસરના રાજા અને રાણી પોતાની સિદ્ધિઓની પ્રશસ્તી માટે કીર્તિસ્તંભોનું નિર્માણ કરાવતા હતા. આ કિર્તીસ્તિંભો ગ્રેનાઇટના પથ્થરમાંથી તૈયાર કરવામાં આવતા. મહારાણી હેટશેપશટે લક્ષર તથા કર્ણાકના મંદિરોના પ્રાંગણાં કીર્તીસ્તંભોનું નિર્માણ કરાવ્યું હતું. આ ઉપરાંત થટમોસ પહેલો, થટમોસ બીજો, રામસીસ ના કીર્તિસ્તંભો મળી આવેલા છે.*

**2.7.2 શિલ્પકલા**

*મિસરમાં સ્થાપત્યકલાની સાથે શિલ્પકલાનો પણ ઉત્તમ વિકાસ થયેલો જોવા મળે છે. આમ જોઈએ તો મંદિરો અને પિરામિડની સુંદરતા વધારવા માટે મિસરની લોકો શિલ્પોનું નિર્માણ કરવાનું શરૂ કર્યું. મિસરની પ્રજા શરૂઆતમાં માટી, તથા હાથીદાંતમાંથી શિલ્પો બનાવતી હતી. મિસરના પહેલા રાજવંશ દરમિયાન પથ્થરમાંથી શિલ્પો બનાવવાની શરૂઆત થઈ ચોથા અને પાંચમાં રાજવંશ દરમિયાન મિસરમાં ગ્રેનાઈટ તથા ચૂનાના પથ્થરોમાંથી શિલ્પોનું નિર્માણ થવા લાગ્યું. સમયાંતરે સોનું-ચાંદી, તાંબુ અને કાંસામાંથી શિલ્પો બનવા લાગ્યાં. આ શિલ્પો મનુષ્યના આકાર કે પશુપંક્ષીના આકારના તૈયાર કરવામાં આવતા. તુતેનખામેનની કબરમાંથી ગાયનું સોનાના મસ્તકવાળું શિલ્પ મળી આવ્યું છે. વળી ઈજિપ્તની પ્રજા ભાસ્કર્ય કલા જાણતી હતી ભાસ્કર્ય કલાના ઉત્તમ શિલ્પોનું નિર્માણ થયું. આપણને પિરામિડોની દિવાલો તથા મંદિરોની દિવાલો પર ભાસ્કર્ય કલાની સુંદર આકૃતિઓ જોવા મળે છે.*

*મિસરના મંદિરોમાં 80 કે 90 ફૂટ ઉંચી જે તે સમયના રાજાની પ્રતિમા મળે છે. જે એક જ પથ્થરમાંથી તૈયાર કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ પ્રતિમામાં ગતિશીલતાની કોઈ ભાવના નથી, શરીરના અન્ય ભાગો કરતાં ચહેરાના લક્ષણો પર વધુ ધ્યાન આપવામાં આવ્યું હતું.*

*મિસરમાંથી સંતુલન, હાવભાવ અને મુદ્રામાં ઉત્તમ શિલ્પોનું નિર્માણ થયું જેમા રાજા ખફ્રેનો ચહેરો અને માથું, જેની ઉપર દેવ હોરસ ગરુડના રૂપમાં તેની પાંખો ફેલાવીને બેઠો છે. મનુષ્ય અને પ્રાણીની આકૃતિના સુંદર સંયોજનમાંથી નિર્માણ પામેલી સૌથી પ્રસિદ્ધ નરસિંહકાય પ્રતિમા અથવા (સ્ફીંક્સ) છે, જે મિસરની શિલ્પકલાનો ઉત્તમ નમૂનો છે. આ પ્રતિમાં મિસરના ફેરો ખાફરની વીરતાપૂર્ણ નીડરતા અને સિંહ જેવું વ્યક્તિત્વ રજૂ કરે છે. આટલા વર્ષો પછી પણ પ્રતિમાના હોઠ પર હળવું હાસ્ય જોવા મળે છે. આ વિશાળ પ્રતિમા ગીઝાના પિરામિડની નજીક આવેલી છે.*

*આ ઉપરાંત એમનહોતેપ ત્રીજાનું શિલ્પ, ઈખ્નેતોનની રાણી નેફરતિતીનું શિલ્પ, મિસરની રાજધાની કેરોના સંગ્રહાલયમાં સંગ્રહિત ખુફેનું પાષાણ શિલ્પ, અખરોટ તોડતા ઉંદરનું શિલ્પ વગેરે મિસરની શિલ્પકલાના બેનમૂન ઉદાહરણો છે.*

### 2.7.3 ચિત્રકલા

*મિસરમાં ચિત્રકલાનો વિકાસ સ્વતંત્ર રીતે થયો ન હતો પરંતુ સ્થાપત્યકલાની સહાયક તરીકે વિકાસ પામી હતી. મિસરમાં ચિત્રકલાનો પૂર્ણ વિકાસ છેક 18માં રાજવંશ દરમિયાન જોવા મળે છે. હિઅરકોપોલિસની કબરમાંથી ચિત્રકલાનો જૂનામાં જૂનો નમૂનો મળે છે. પિરામિડોની દિવાલો તથા થિબ્સ નગરના મંદિર પર હોડીની મુસાફરી, ખેતી અને શિકારના સુંદર ચિત્રો, કેટલાક સ્થાપત્યો પર પ્રાણીઓ, પક્ષીઓ અને માછલીઓના આકર્ષક ચિત્રો  જોવા મળે છે. કર્ણાકના મંદિરની દિવાલ પરના ચિત્રમાં ફેરોને દેવતા સાથે વાર્તાલાપ કરતા બતાવામાં આવ્યો છે. કેટલાક ચિત્રોમાં પશુઓના શિરવાળા દેવતાઓ જોવા મળે છે. રાણી હાશેમપુટના શાસનકાળ દરમિયાન નિર્માણ પામેલા મંદિરની દિવાલ પર, ત્રણ મોટી નૌકાઓનું ખૂબ જ જીવંત ચિત્ર બનાવવામાં આવ્યું હતું, જેમાં નાવિકોને હોડીની સાથે હલેસા મારતા દર્શાવવામાં આવ્યા છે. આ ચિત્રમાં માહિતી આપતો લેખ પણ જોવા મળે છે. 21માં રાજવંશ સમયના મળી આવેલા એક ચિત્રમાં એક પિતૃઓને અર્પણ કરતો દર્શાવાયો છે. આ ચિત્રમાં પેપીરસનો ઉપયોગ થયો હોવાનું જાણવા મળે છે. મિસરના ચિત્રો જોતા ખ્યાલ આવી જાય છે કે મિસરમાં ચિત્રકારોને તાલીમ આપવા માટે તાલીમી કેન્દ્રો સ્થપાયેલા હશે.*

### 2.7.4 સંગીતકલા

*મિસરના પિરામિડો તથા મંદિરોની દીવાલો ઉપરનાં ચિત્રોમાંથી મિસરની સંગીતકલા વિશે માહિતી મળે છે. મિસરમાં બે પ્રકારનું સંગીત પ્રચલિત હોવાનું જાણવા મળે છે જેમાં એક સાંપ્રદાયિક-જે મંદિરોમાં ગવાતું અને બીજુ બિનસાંપ્રદાયિક- જે આર્થિક ઉપાર્જન માટે ગવાતું.*

*મંદિરોમાં ધાર્મિક સંગીત માટે 'સિસ્ટ્રમ' નામનું વાજિંત્ર ખાસ વપરાતું. જેનો ઉપયોગ ધાર્મિક ક્રિયાઓ સમયે કરવામાં આવતો. 'સિસ્ટ્રમ'ની રચના એવી હતી કે એક ધાતુની પેટીને ગોળ વાળીને તેના બે છેડા એક હાથમાં પકડાવેલા હોય છે. ગોળાકારની અંદરની બાજુએ સામ સામે ત્રણ ત્રણ કાણાં હોય છે. તેમાં પાતળા સળિયા નાખેલા હોય છે. આ કાણાં મોટાં હોય જેથી વાજિંત્રને હલાવીને વગાડવામાં આવે ત્યારે તેમાંથી કર્ણપ્રિય રણકાર ઊઠે. આ વાજિંત્રનો ઉપયોગ સંગીતમાં તાલ આપવા માટે કરવામાં આવતો હોવાનું માનવામાં આવે છે. મિસરના સંગીતમાં તાલનું મહત્ત્વ વિશેષ હોય તેમ જણાય છે. કારણે કે ધાર્મિક સંગીત વખતે 'ટેખુરિન' જેવા વાજિંત્રનો ઉપયોગ તાલ આપવા માટે કરવામાં આવતો. આ ઉપરાંત સંગીતમાં વાંસળી, તંતુવાદ્યમાં સારંગીનો, વીણાનો ઉપયોગ વિશેષ થતો હોય તેમ જણાય છે. તુતેન્ખેમોનની કબરમાંથી કેટલાક*

*રણશીંગાં મળી આવ્યાં છે જેનો ઉપયોગ લશ્કરને સજાગ કરવામાં થતો હશે. હોવાનું જણાય છે.*

*મિસરમાં આર્થિક ઉપાર્જન માટે તથા મનોરંજન માટે સંગીતનો પ્રસાર માત્ર નીચલા વર્ગોમાંજ જોવા મળે છે કારણ કે કોઈ ઉચ્ચ વર્ગનો માનવી વાજિંત્રો વગાડતો જોવા મળતો નથી.*

### 2.7.5 મિસરની સંસ્કૃતિની લિપિ :

*મિસરની સંસ્કૃતિની મૂળલિપિ ચિત્રલિપિ હતી જેનો ઉપયોગ ધાર્મિક લખાણો સિવાયની બીજી નોંધો માટે કરવામાં આવતો ગ્રીક પ્રજા આ લિપિને 'હિરેટિક લિપિ' તરીકે ઓળખાવે છે. ધાર્મિક લખાણો માટે મિસરવાસીઓએ 24 મૂળાક્ષરોવાળી લિપિ વિકસાવી હતી. જેને 'હિરોગ્લિફિક લિપિ' કહેવાય છે. આ લિપિના જાણકાર માત્ર મિસરના ધર્મગુરુઓ હતા. મિસરવાસીઓ મેશવાળા કાળા પાણીમાં ગુંદર ઉમેરીને શાહી બનાવતા અને બરૂ કિત્તાથી પેપિરસ નામના કાગળ પર લખતા. આ લિપિ જમણી બાજુથી ડાબી બાજુ લખાતી. 'હાઈરોગ્લેફિક' લિપિ ભણનાર વિદ્યાર્થીને 500 ચિહ્નોનું જ્ઞાન હોવું અનિવાર્ય હતું. પિરામિડો, મંદિરો અને મકાનોની દિવાલો પર 'હાઈરોગ્લેફિક' લિપિમાં લખાયેલા અવશેષો મળી આવે છે. આ લખાણોમાં દેવતાઓની સ્તુતિ તથા મનુષ્યના મૃત્યુ બાદ આત્માની મુસાફરીના વર્ણનની માહિતી મળે છે. માનવસમાજ માટે મહાન શોધ એવી લેખનકલા માટે વિશ્વ મિસરનું ઋણી છે.*

**(ગ) તમારી પ્રગતિ ચકાસો.**

**(છ) નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. *નાઈલ નદીના દેવતાનું નામ ____________ હતું.*
2. *મિસર રાજા ____________ એકેશ્વરવાદનો પ્રસાર કર્યો.*
3. *____________ એ વિશ્વની અજાયબી તરીકે મિસરની સ્થાપત્યકલાનું ઉત્તમ ઉદાહરણ છે.*
4. *સંગીતમાં ____________ ઉપયોગ ધાર્મિક ક્રિયાઓ સમયે કરવામાં આવતો.*
5. *હાઈરોગ્લેફિક લિપિમાં _____________ જેટલા ચિહ્નો હતા.*

**(B) મિસરના દેવસૃષ્ટિ વિશે ટૂંકમાં જણાવો.**

____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________

## 2.8 મિસરની સંસ્કૃતિની શિક્ષણ વ્યવસ્થા

*વિશ્વની અન્ય સંસ્કૃતિની જેમ મિસરમાં શિક્ષણ કેન્દ્રો મંદિરો હતા તથા આપવાનું કાર્ય ધર્મગુરૂઓ કરતા. મોટા ભાગે ઉચ્ચ વર્ગના બાળકોને જ શિક્ષણ મેળવવાનો અધિકાર હતો. શિક્ષણનો મૂળ ઉદ્દેશ્ય રાજ્યને મદદરૂપ થવા માટે (લહિયા) કારકુન તૈયાર કરવાનો હતો. લખાણમાં અક્ષરોના મરોડ સુધારવા માટે સુલેખનપોથીનો ઉપયોગ થતો હોવાનું અનુમાન છે કારણ કે સામ્રાજ્યયુગની કેટલીક સુલેખનપોથીના અવશેષો પ્રાપ્ત થયેલા છે. વિદ્યાર્થીઓને વ્યાખ્યાન પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવતું. મંદિરની શાળાનું શિક્ષણ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીને રાજ્યની કચેરી સાથે જોડાયેલી માન્ય શાળામાં શિક્ષણ લેવા માટે દાખલ થતો. સેસ અને હેલિયાપોલિસ તે સમયના પ્રખ્યાત કેન્દ્રો હતા. મિસરની શાળાઓમાં ભૂમિતિ,અંકગણિત, બીજગણિત, તત્વજ્ઞાન, ખગોળ, ચિત્રકલા, વાણિજ્ય, ઈતિહાસ, ખગોળશાસ્ત્ર, નીતિ, રાજ્યવહીવટ, નૈતિકતા અને શિસ્ત જેવા વિષયોનું જ્ઞાન આપવામાં હતું. શિક્ષણ પૂર્ણ કર્યા બાદ રાજ્ય દ્વારા વિદ્યાર્થીને નોકરી આપવામાં આવતી.*

## 2.9 મિસરની સંસ્કૃતિનું સાહિત્ય

*મિસરવાસીઓનું સાહિત્ય ધર્મપ્રધાન તથા પદ્યમાં રચાયેલું જોવા મળે છે. આ સાહિત્યનું ખેડાણ ધર્મગુરૂઓ દ્વારા થયુ હતું. આ ધાર્મિક સાહિત્ય મિસરના પાંચમાં અને છઠ્ઠા રાજવંશ દરમિયાન બંધાયેલા પાંચ પિરામિડોની દિવાલો પર લખાયેલું હોવાથી તેને' પિરામિડ ગ્રંથો' કહેવામાં આવે છે. આ સાહિત્યમાં મૃત રાજા સુખ માટે લખાયેલા સ્તોત્રો તથા મંત્રોનો સમાવેશ થાય છે. મિસરના સામંતયુગ સમયના સાહિત્યના જે અવશેષો મળે છે તેમાં પેપિરસના વીંટાઓ પર લખાયેલ લખાણ મુખ્ય છે. જેમા વાર્તાઓ, જાસુસી કથાઓ, રાજકુમારોની પ્રેમકથાઓ, ઓસિરિસ દેવનું નાટક, પ્રાર્થનાઓ, કવિતાઓ, ગીતોનો સમાવેશ થાય છે. આ વીંટાઓ કાચની બરણીમાં સાચવવામાં આવતા હતા.જેના અવશેષ પ્રાપ્ત થયેલા છે.*

*આ ઉપરાંત મિસરન સાહિત્યમાં વ્યવહારિક કાગળો, કાયદેસરના દસ્તાવેજો, નોંધો, જાદુના મંત્રો, યુદ્ધ ગીતો,નીતિસૂત્રો, પ્રણયગીતો, ઉપદેશોનો સમાવેશ થાય છે. મિસરનું મોટાભાગનું સાહિત્ય સ્ત્રીઓ દ્વારા રચાયું હતું. મિસરનું થીબ્સ શહેર સાહિત્યનું પ્રખ્યાત કેન્દ્ર હતું. હેરોડોટસ કહે છે, " વિશ્વના પ્રાચીન સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં એવો કોઈ દેશ નથી જેની તુલના મિસર સાથે થઈ શકે."*

## 2.10 મિસરની સંસ્કૃતિનું વિજ્ઞાન

### 2.10.1 ગણિત-ભૂમિતિ

*મિસરમાં ગણિત અને ભૂમિતનો વ્યાપક વિકાસ થયેલો જોવા મળે છે. મિસરવાસીઓનું પિરામિડોનું બાંધકામ માટે ગણિતનાં જ્ઞાન પર આધારિત હતું. નાઈલ નદી આવતા પૂરને ચઢવા-ઉતરવાના સમયની નોંધોના આધારે કરવામાં જમીન માપણીએ ભૂમિતિનું જ્ઞાન વિકસાવ્યું. આમ જગતમાં ભૂમિતિની શોધનો યશ મિસરના ફાળે જાય છે.*

*મિસરવાસીઓ ગણિતમાં* 1 *થી* 9 *સુધીની ગણતરીનું અંકજ્ઞાન ધરાવતા ત્યાર પછી* 10, 100 *અને* 1000 *લખવા માટે પ્રતીકો બનાવ્યા હતા. દા:ત. હજાર લખવા માટે કમળનું ફૂલ પ્રતીક હતું, આમ* 999 *લખવા માટે* 27 *ચિહ્નો ઉપયોગ થતો આ ઉપરાંત તેમને સરવાળો, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારનું જ્ઞાન હતું. જયારે ભૂમિતના જ્ઞાનથી ચોરસ, વર્તુળ, સમઘન વગેરેનું ક્ષેત્રફળ ગણી શકતા. મિસરવાસીઓને પદાર્થવિજ્ઞાન તથા રસાયણવિજ્ઞાન વિશે પ્રગતિ કરી હોય તેમ જણાતું નથી.*

### 2.10.2 ખગોળશાસ્ત્ર

*મિસરવાસીઓને ખગોળશાસ્ત્રનું જ્ઞાન હતું. તેમને નક્ષત્રો અને ગ્રહો વિશેની માહિતી હતી. મિસરવાસીઓએ વર્ષની ત્રણ ઋતુઓ નાઈલ નદીમાં પાણી ચઢવા-ઉતરવા પ્રમાણે ખેડાણ તથા પાકના સમયને અનુલક્ષીને નક્કી કરી. દરેક ઋતુના ચાર મહિના હતા દરેક મહિનો* 30 *દિવસનો હતો. બાર માસને અંતે નદીના પૂર અને સૂર્યની ગતિ મેળવવા માટે પાંચ દિવસનો ઉમેરો કરી મિસરવાસીઓએ* 365 *દિવસનું કેલેન્ડર બનાવ્યું હતું. પરંતુ મિસરવાસીઓએ જે કેલેન્ડર બનાવ્યું તેમાં* 6 *કલાકની ખોટ પડતી હતી. આ ભૂલ વર્ષો સુધી ચાલી પાછળથી રોમન ખોગળવેતાએ જુલિયસ સીઝરની સૂચનાથી આ ભૂલને સુધારી તેથી આ કેલેન્ડર 'જુલિયસ કેલેન્ડર' તરીકે ઓળખાયું. આ કેલેન્ડરમાં ઈ.સ.*1582*માં પોપ ગ્રેગોરીએ તેમાં એક સુધારો કર્યો. જે સૈકાના વર્ષને* 400*એ ભાગી શકાય તે સૈકામાં ફેબ્રુઆરી મહિનાને એક દિવસ વધારે આપવો. તેથી આ કેલેન્ડર 'ગ્રેગરીયન કેલેન્ડર' 'ગ્રેગરીયન કેલેન્ડર' તરીકે ઓળખાયું જેનો આજે ઉપયોગ કરીએ છીએ.*

### 2.10.3 વૈદકશાસ્ત્ર

*મિસરવાસીઓમાં તબીબી વિજ્ઞાનનો વિકાસ થયો હતો. મિસરમાંથી તબીબીજ્ઞાનને લગતા પેપિરસનો એક વીંટો ઈ.સ.પૂ.*1600*માં* 48 *પ્રકારના રોગો તથા વાઢકાપના કેસો વર્ણવેલા છે. તેમાં દરેક કેસના મથાળા નીચે રોગની પદ્ધતિના લક્ષણો, ઉપચારો આપવામાં આવેલા છે. મિસરવાસીઓ શીતળા, લકવો, ક્ષય, પથરી, એનીમિયા, બળિયા વગેરે જેવા રોગોથી પિડાતા હતા. ઈસ.પૂ.*1850*માંથી મળી આવેલા 'કાહૂન પેપિરસ'માંથી ગર્ભ નિરોધક ઉપચારોની માહિતી મળે છે. 'ધી ઈબસ પેપિરસ' નામના ભોજપત્રમાંથી* 700 *પ્રકારની ઔષધિઓ વિશે માહિતી મળે છે. મિસરના તબીબો નાડી પરીક્ષણથી દર્દીના રોગ વિશે જાણી તેનો ઉપચાર કરતા. મિસરના ફેરો ઝોસરનો સલાહકાર ઈમહોટેપ આ સમયનો મહાન તબીબ હતો. આ તબીબો સ્ત્રીરોગો,*

*નેત્રરોગો, આંતરડા, કિડનીના રોગ અને વાઢકાપના નિષ્ણાંત હતા. મિસરવાસીઓ રોગોથી બચવા માટે આંતરડાની સફાઈ માટે ઉપવાસ અને જુલાબના પ્રયોગ કરતા. ઈજિપ્તે ગણિત, ભૂમિતિ, તબીબી ક્ષેત્રે પ્રગતિ કરીને જગત વિકાસમાં અન્ય સંસ્કૃતો કરતા વિશેષ યોગદાન આપ્યું છે.*

(ઘ) (ક) **તમારી પ્રગતિ ચકાસો.**

*(છ) નિમ્ન લિખિત વિધાનો ખરા(✓ ) છે કે ખોટા*(X) *? તપાસો.*

1. *પ્રાચીન મિસરમાં સેસ અને હેલિયાપોલિસ શિક્ષણના કેન્દ્રો હતા.*
2. *મિસરનું થીબ્સ શહેર સાહિત્યનું પ્રખ્યાત કેન્દ્ર હતું.*
3. *સ્ફિન્સની પ્રતિમાં મિસરના રાજા ખુફુના વ્યક્તિત્વને રજૂ કરે છે.*
4. *મિસરવાસીઓને ૧ થી ૯ સુધીનું અંકજ્ઞાન હતું.*
5. *મિસરવાસીઓએ નક્ષત્રોના આધારે ૩૬૨ દિવસનું વર્ષ બનાવ્યું હતું.*

(B) *પ્રાચીન મિસરના સાહિત્ય  અને વિજ્ઞાનના વિકાસ વિશે મૂલ્યાંકન કરો.*

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

## 2.11 મિસરની સંસ્કૃતિનું પતન

*મિસર પર* 31 *રાજવંશોનું શાસન કર્યું. ઈ.સ. પૂર્વે* 332 *માં ગ્રીક શાસક એલેક્ઝાન્ડરે મિસર પર કબજો કર્યો. એલેક્ઝાંડરે અહીં એલેક્ઝાન્ડ્રિયા નામના શહેરની સ્થાપના કરી, જે સદીઓ સુધી વેપાર, શિક્ષણ અને સંસ્કૃતિનું કેન્દ્ર રહ્યું. ગ્રીસનો પ્રભાવ સમાપ્ત થયા પછી રોમે મિસર પર નિયંત્રણ મેળવ્યું. આ સંસ્કૃતિના પતન વિશે જવાહરલાલ નેહરુએ લખ્યું છે - "હજારો વર્ષના ભવ્ય ઈતિહાસ પછી, મિસરની પ્રાચીન સંસ્કૃતિ અદશ્ય થઈ ગઈ અને ગ્રેટ પિરામિડ, સ્ફિન્ક્સ અને મેમ્ફિસના શહેરો સિવાય કોઈ નિશાન છોડ્યું નહીં."*

*વિદ્વાનોએ મિસરની સંસ્કૃતિના પતન માટે જે કારણો આપેલા તે આ મુજબ છે:*

1. *મિસરના રાજાઓ દ્વારા લોકો પર નવા ધર્મો સ્વીકારવા માટે બળજબરીથી દબાણ કરવામાં આવ્યું તેથી લોકોમાં રાજા પ્રત્યે અસંતોષ ઉભો થયો.*

2. *મિસરના જાગીરદારો અને શાસકો દ્વારા ખેડૂતો, મજૂરો અને ગુલામોનું શોષણ કરવામાં આવ્યું હતું. તેથી આ મિસરના તેથી કટોકટીના સમયે શાસક વર્ગને નિમ્ન વર્ગનો ટેકો મળ્યો ન હતો.*
3. *મિસરના પતન માટે રાજાઓ દ્વારા બાંધવામાં આવેલા પિરામિડ અને મંદિરો માટે બિનજરૂરી ખર્ચ પણ માનવામાં આવે છે.*
4. *મિસરના રાજાઓના વૈભવી જીવનથી મિસરની લશ્કરી વ્યવસ્થા તુટી ગઈ. બીજી તરફ વિદેશી પ્રજાઓએ મિસર પર આક્રમણો કરી વિવિધ પ્રદેશો પર પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું.*
5. *રાજાની સામ્રાજ્યવાદી ભાવનાને કારણે મિસરમાં બળવા થયા પરિણામે તેનું પતન અનિવાર્ય બન્યું.*

## 2.12 સારાંશ

*મિસરની સંસ્કૃતિની સિદ્ધિઓના આધારે પ્રાચીન મિસરના રહેવાસીઓને માનવ સંસ્કૃતિના પ્રણેતા તરીકે ગણવામાં આવે છે. મિસરની સંસ્કૃતિએ ઘણા ક્ષેત્રોમાં માનવજાતનું નેતૃત્વ કરેલ છે. માનવજાતના ઈતિહાસમાં મિસરની સંસ્કૃતિ શાસન, કાયદા, કૃષિ, કલા, ધર્મ અને સાહિત્યની વ્યવસ્થા સુવ્યવસ્થિત બનાવી છે. મિસરની સંસ્કૃતિએ સુવ્યવસ્થિત રાજ્યતંત્ર, કેલેન્ડર, મૂળાક્ષરો, શાહી, કાગળ, લેખનકલાની ભેટ આપી છે. ધર્મ, ગણિત- ભૂમિતિ, ઈજનેરી કલા, વૈદિકશાસ્ત્રનું ઉત્તમ જ્ઞાન  આપ્યું છે. મિસરના પિરામિડો આજે પણ વિશ્વમાં અજાયબીમાં સ્થાપન ધરાવે છે. મિસરની સંસ્કૃતિએ આપેલા અમૂલ્ય યોગદાનથી વિદ્વાનો મિસરને 'માનવસંસ્કૃતિનું' પારણું કહે છે.*

## 2.13 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| *નોમ* | *મિસરમાં વિવિધ ગોત્ર સમુદાયથી બનેલો સમાજ* |
| *શેફર્ડકિંગ* | *હિક્સાસ જાતિના લોકોના રાજા* |
| *સરૂ* | *મિસરમાં વૃદ્ધ રાજસેવકોની સમિતિ* |
| *સુરા* | *મિસરમાં ઉચ્ચ વર્ગમાં પીવાતુ એક પ્રકારનું પીણું* |
| *બ્રુબાસ્તીસ* | *બાસ્તદેવીના નામથી ઓળખાતું મિસરનું એક નગર* |
| *થોથ* | *મિસરનો વિદ્યાનો દેવ* |
| *મસ્તબા* | *માટીની કબરો* |
| *ભાસ્કર્ય* | *આછા ઉપસાવેલા શિલ્પો* |
| *સ્ફિંક્સ* | *મનુષ્ય અને પ્રાણીના સંયોજનથી બનેલી એક પ્રતિમા* |
| *સિસ્ટ્રમ* | *મંદિરોમાં ધાર્મિક ક્રિયાઓ સમયે વગાળાતું એક વાજિંત્ર* |

| | |
|---|---|
| હિરોગ્લિફિક લિપિ | ધાર્મિક લખાણો માટે વપરાતી લિપિ |
| પિરામિડ ગ્રંથો | પિરામિડની દિવાલો પર લખાયેલું સાહિત્ય |

## 1.14 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

*(ક) વિભાગ*

(A) 1) *મેનેસ,* 2) *'ટેની' અથવા 'મેમ્ફિસ',* 3) *એલેક્ઝાંડર* 4) *'નોમેન' અથવા 'નોમાર્ક'* 5) *તીરંદાજો*

(B) 3.2 *ના મુદ્દાને આધારે જવાબ લખો.*

*(ખ) વિભાગ*

A) 1) -✓ 2) -✓ 3) -X 4) -✓ 5) -✓

(B) 3.4 *ના મુદ્દાને આધારે જવાબ લખો.*

*(ગ) વિભાગ*

(A) 1) *ઓસિરિસ* 2) *અખનાટ* 3) *પિરામિડ* 4) *સિસ્ટ્રમ* 5) 2800

(B) 1.6 *ના મુદ્દાને આધારે જવાબ લખો.*

*(ઘ) વિભાગ*

(A) 1-✓ 2)-✓ 3)-X 4)-✓ 5)-X

(B) 1.8 *તથા* 1.9 *ના મુદ્દાને આધારે જવાબ લખો.*

## 1.15 બહુવૈકલ્પીક પ્રશ્નો

1. *મિસરમાં નોમના વડા કયા નામથી ઓળખાતા હતા.*

A. *નોમપતિ* B. *નોર્માક* C. *રાજા* D. *ફેરો*

2. *સામ્રાજ્યવાદી યુગમાં મિસરની રાજધાની કઈ હતી.*

A. *મેનેસ* B. *થિબ્સ* C. *સેસ* D. *ગિઝેહ*

3. *પ્રાચીન મિસરમાં કુલ કેટલા રજવાંશોએ શાસન કર્યું હતું.*

A. 21 B. 26 C. 31 D. 36

4. *મિસરના રાજાઓ પોતાના કયા દેવના પુત્ર માનતા હતા.*

A. *રે* B. *નોમ* C. *એમોન* D. *એતોન*

5. *મિસરનો સમાજ કેટલા વર્ગોમાં વિભાજીત હતો.*

A. *એક* B. *બે* C. *ત્રણ* D. *ચાર*

6. *નાઈલ નદીના દેવતાનું નામ શું હતું.*

A. *હોરસ* B. *ઈસિસ* C. *ઓસિરિસ* D. *હોતસ*

7. *મિસરવાસીઓ કયા ઝાડની છાલમાંથી કાગળ બનાવતા હતા.*

A. *વિરોઝ* B. *પેપિરસ* C. *પિરાસ્પી* D. *ફેરોટ્રી*

8. *નીચેનામાંથી કયા દેવું મોઢું હંસ જેવુ હતું.*

A. *એપીસ* B. *એમોન* C. *એતોન* D. *બાસ્ત*

9. *નીચેનામાંથી કયા ફેરોએ ગિઝેહનો પિરામિડ બનાવ્યો હતો.*

A. *ખેફ્રે* B. *ઈખ્નેતોન* C. *ખુફુ* D. *ઝોસર*

10. *નીચેનામાંથી કઈ સંખ્યા માટે કમળનાચિહ્નનો ઉપયોગ કરવામાં આવતો હતો.*

A. 10 B. 100 C. 1000 D. 10000

*જવાબ* : 1 - A, 2 - b, 3 - C, 4 - A, 5 - D, 6 - C, 7 - A, 8 - B, 9 - C, 10 – C

## 2.16 સ્વાધ્યાય

1. *મિસરના રાજવંશો અને તેમની શાસન વ્યવસ્થા અંગે વિસ્તૃત જાણકારી આપો.*
2. *મિસરની સંસ્કૃતિના સામાજિક અને આર્થિક જીવન અંગે વિગતે જણાવો.*
3. *મિસરની સંસ્કૃતિના ધાર્મિક તથા સાંસ્કૃતિક માળખાનું મૂલ્યાંકન કરો.*
4. *મિસરની સંસ્કૃતિના પતન માટેના કારણોનું વિશ્લેષણ કરો.*

## 2.17 સંદર્ભો


1. *આચાર્ય, નવીનચંદ્ર, પરમાર, થોમસ, જગતની અગ્રગણ્ય સભ્યતાઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૨.*
2. तातेड, सोहन राज, विद्यासागर सिंह, विश्व की पुरातन सभ्यताओं की ऐतिहासिक विवेचना (भाग - 1), पारीक बुक डिस्ट्रीब्यूटर्स, जयपुर, 2018.
3. हरीश कुमार, विश्व का इतिहास, अर्पण पब्लिकेशन, नई दिल्ली, 2017.
4. चंचरीक, के. एल., विश्व की प्राचीन सभ्यताएं, यूनिवर्सिटी पब्लिकेशन, नई दिल्ली, 2011.
5. रघुवीर सिंह, प्राचीन सभ्यताओ का इतिहास, रावत प्रकाशन, नई दिल्ली, 2012.
6. प्रसाद, ओम प्रकाश, प्राचीन विश्व का उदय एवम् विकास (विज्ञान की भूमिका), राजकमल प्रकाशन, नई दिल्ली, 2011.
7. अग्रवाल, सुजीत, विश्व इतिहास का सर्वेक्षण, विश्वभारती पब्लिकेशन, नई दिल्ली, 2013.

# એકમ : 3 સુમેરિયન સંસ્કૃતિ

:: રૂપરેખા ::


3.0 ઉદ્દેશ્યો

3.1 પ્રાસ્તાવિક

3.2 સુમેર સભ્યતાની શરૂઆત અને રાજકીય વિકાસ

3.3 સુમેરિયન સંસ્કૃતિની શાસન વ્યવસ્થા

3.3.1 સુમેરિયન સંસ્કૃતિનું પ્રાચીન પ્રજાતંત્ર

3.3.2 સુમેરિયન લોકશાહીનું રાજતંત્રમાં પરિવર્તન

3.3.3 ઈશ્વરીય શાસનનો ખ્યાલ

3.3.4 'લુગલ' અને તેના અધિકાર

3.3.5 સુમેરિયન સંસ્કૃતિની પ્રાંતીય વ્યવસ્થા

3.3.6 સુમેરિયન સંસ્કૃતિની લશ્કરી વ્યવસ્થા

3.3.7 સુમેરિયન સંસ્કૃતિની ન્યાય વ્યવસ્થા

3.4 સુમેરિયન સંસ્કૃતિ સામાજિક જીવન

3.4.1 સમાજનું સ્વરૂપ

3.4.2 સ્ત્રીઓની સ્થિતી

3.4.3 ખોરાક

3.4.4 પોશાક

3.4.5 અલંકારો

3.4.6 સૌંદર્ય પ્રસાધનો

3.4.7 લગ્ન વ્યવસ્થા

3.4.8 દેવદાસી પ્રથા

3.4.9 ગુલામી પ્રથા

3.5 સુમેરિયન સંસ્કૃતિનું આર્થિક જીવન

3.5.1 ખેતી

3.5.2 પશુપાલન

3.5.3 હુન્નર ઉદ્યોગો

3.5.4 વ્યાપાર-વાણિજ્ય

3.5.5 વિનિમય પ્રથા

3.6 સુમેરિયન સંસ્કૃતિનું ધાર્મિક જીવન

3.6.1 વિશ્વની ઉત્પત્તિની કલ્પના

3.6.2 સુમેરિયન સંસ્કૃતિના દેવતાઓ

3.6.3 મંદિરો અને પૂજારીઓ

3.6.4 મૃત્યુ પછીના જીવનમાં માન્યતા

3.6.5 મૃત્યુ સંસ્કાર

3.6.6 નૈતિક આદર્શોનો વિકાસ

3.7 સુમેરિયન સંસ્કૃતિની લલિતકલાઓ

3.7.1 સ્થાપત્યકલા

3.7.2 શિલ્પકલા

3.7.3 ચિત્રકલા

3.8 સુમેરિયન સંસ્કૃતિનું સાંસ્કૃતિક જીવન

3.8.1 લિપિ

3.8.2 શિક્ષણ

3.8.3 સાહિત્ય

3.8.5 વિજ્ઞાન

3.9 સુમેરિયન સંસ્કૃતિનું પતન

3.10 સારાંશ

3.11 ચાવીરૂપ શબ્દો

3.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**3.13 બહુવૈકલ્પીક પ્રશ્નો**

**3.14 સ્વાધ્યાય**

**3.15 સંદર્ભો**

## 3.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે-*

- *સુમેરિયન સંસ્કૃતિના રાજકીય વિકાસ અને શાસન વ્યવસ્થાને જાણી શકશો.*
- *સુમેરિયન સંસ્કૃતિના સામાજિક, આર્થિક અને ધાર્મિક જીવન અંગેની માહિતી મેળવશો.*
- *સુમેરિયન સંસ્કૃતિના સાંસ્કૃતિક વારસાનું જ્ઞાન મેળવશો.*

## 3.1 પ્રાસ્તાવિક

*એશિયાની ભૂમિ સુમેરિયન સંસ્કૃતિની જન્મદાતા છે. પશ્ચિમ એશિયામાં આવેલી યુફ્રેટિસ અને ટાઈગ્રીસ નદીઓ વચ્ચેના પ્રદેશને પ્રાચીન સમયમાં 'મેસોપોટેમિયા' કહેવામાં આવતું હતું. મેસોપોટેમીયાના દક્ષિણ ભાગને 'સુમેર' કહેવામાં આવતું હતું. સુમેરના ઉત્તર-પૂર્વીય ભાગને 'બેબીલોન' અને 'અક્કડ' (અક્કાદ) કહેવામાં આવતું હતું જ્યારે ઉત્તરના ઉચ્ચ પ્રદેશોનું નામ 'અસિરિયન' હતું. સુમેરિયન અને બેબીલોન સંસ્કૃતિના લોકોએ શાંતિપૂર્ણ સંસ્કૃતિની રચના કરી, ત્યારે અસિરિયન સંસ્કૃતિના લોકોએ લશ્કરી સંસ્કૃતિ વિકસાવી.*

*મેસોપોટેમીયામાં માનવ સંસ્કૃતિનો પ્રારંભિક વિકાસ સૌ પ્રથમ સુમેરમાં થયો હતો, જે પર્સિયન ગલ્ફના દરિયાકાંઠાનો ભાગ છે. સુમેરમાં સંસ્કૃતિની શરૂઆત કરનાર પ્રજા ક્યાંથી આવી હશે? તે અંગે વિદ્વાનોમાં મતભેદ છે. કેટલાક વિદ્વાનો મધ્ય એશિયા અથવા આર્મેનિયામાંથી અને કેટલાક વિદ્વાનો મોંગોલિયામાંથી આ પ્રજા આવી હોવાનું અનુમાન ધરાવે છે. તેથી ઓપાર્ટ નામના વિદ્વાને સૌ પ્રથમ સુમેરમાં સંસ્કૃતિનો વિકાસ કરનાર લોકોને 'સુમેરિયન' કહેવાનું શરૂ કર્યું. લગભગ પાંચ હજાર વર્ષ પહેલાં મેસોપોટેમીયામાં નાના શહેરી રાજ્યોની સ્થાપના થઈ. અંગ્રેજી અને ફ્રેન્ચ પુરાતત્વવિદોએ 16મી સદીમાં આ સંસ્કૃતિની શોધ કરી હતી. આ સંસ્કૃતિનો વિકાસ ઈ. સ. પૂર્વે 4500 માં શરૂ થયો હતો. આપણે સૌ પ્રથમ સુમેરિયન સંસ્કૃતિના રાજકીય વિકાસનો પરીચય મેળવીએ.*

## 3.2 સુમેર સભ્યતાની શરૂઆત અને રાજકીય વિકાસ

*સુમેરનો દસ્તાવેજી ઈતિહાસ કવિઓ અને ભાટ ચારણોએ પોતાની રચનાઓમાં જાળવી રાખ્યો છે. વળી, સુમેરનો ઈતિહાસ અનુશ્રુતિક વૃતાંતો, રાજાની નામાવલિઓ, શિલાલેખો પરથી જાણવા મળે છે. ઈતિહાસકારોનું માનવું છે કે લગભગ પાંચ હજાર વર્ષ પહેલા મેસોપોટેમીયાને અડીને આવેલા 'સુમેર' વિસ્તારમાં માનવસમૂહો જુદા જુદા જૂથોમાં આવ્યા અને અહીં સ્થાયી થયા. સમયાંતરે આ સમૂહોએ ધીમે ધીમે પોતાની વસાહતો સ્થાપી અને 'સુમેર'ની ભૂમિમાં પોતાના નાના નગર રાજ્યોની સ્થાપના કરી. આવા શહેરી રાજ્યોમાં ઉર, ઈરિચ, એરિડુ, ઉરુક, નિપ્પર, લગશ, લારસ, કિશ, ઉમ્મ, નિશિન, અગાદે વગેરે અગ્રણી હતા. આ રાજ્યો એકબીજાથી અલગ અને સ્વતંત્ર હતા, પરંતુ કેટલીકવાર તેમની વચ્ચે રાજ્યની સીમાઓને લઈને સંઘર્ષ થતા હતા. જેમાં ઉમ્મ અને લગશ નગર રાજ્યો વચ્ચે લગભગ ચારથી સાડા ચાર હજાર વર્ષ પહેલા સંઘર્ષ શરૂ થયો હતો. 'લગશ' નગર રાજ્યના નેતા 'ઈન્નતામ' એ 'ઉમ્મ' નગરને હરાવીને તેના પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું. ઉમ પરની જીતથી ખુશ થઈને 'લગશ' ના નેતા 'ઈન્નતામ' એ પોતાને રાજા જાહેર કર્યો અને 'કિશરાજ'નું બિરુદ ધારણ કર્યું. કિશરાજ ઈન્નાતમના મૃત્યુ પછી 'ઉરુકગીન' નામની વ્યક્તિએ 'ઈન્નાતમ'ના અનુગામીઓના હાથમાંથી રાજ્યની સત્તા છીનવી લીધી અને પોતાને લગશ અને સુમેરનો રાજા જાહેર કર્યો. આ રીતે સુમેર પ્રદેશના રાજા બનીને, 'ઉરુકગિને' પોતાના રાજ્યને વ્યવસ્થિત કરવાનો પ્રયાસ કર્યો અને જનહિતના કાર્યો કર્યા. પરંતુ ઉરુકગિનની ઈર્ષ્યા કરનારા લોકોએ તેના વિરુદ્ધ કાવતરું ઘડ્યું અને 'ઉમ્મનગર' રાજ્યના નેતા 'લુગલ ઝગીસી'ને ઉશ્કેર્યા. ઝગીસીએ ઉરુકગિન પર હુમલો કર્યો અને તેને હરાવી સુમેર અને લગશના રાજ્ય પર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો, પરંતુ ઝગીસીનું શાસન લાંબું ચાલ્યું નહીં. ઈ.સ. પૂર્વે 2850ની આસપાસ મેસોપોટેમિયા પ્રદેશના મધ્ય દક્ષિણમાં સ્થિત 'અક્કાદ' રાજ્યના 'શરુંગી' અથવા 'શર્કિત' નામના સેમિટિક જાતિ જૂથના નેતાએ જગીસીના રાજ્ય પર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો અને 'અક્કાદ' અને 'સુમેર' પ્રદેશોના નગર-રાજ્યોને એક કરીને 'સુમેર-અક્કાદ સામ્રાજ્ય'ની સ્થાપના કરી.*

*મેસોપોટેમિયામાં સુમેર-અક્કાદ સામ્રાજ્યની સ્થાપના પછી 'સારગોન' આ રાજ્યનો પ્રથમ શાસક બન્યો. તે એક શક્તિશાળી અને સામ્રાજ્યવાદી શાસક હતો. તેણે છેક ભૂમધ્ય સમુદ્ર સુધી પોતની સત્તા વિસ્તારી વિશાળ સામ્રાજ્યની સ્થપાના કરી તેણે અગેડમાં રાજધાનીની સ્થપાના કરી. વહીવટીતંત્રને સંગઠિત સ્વરૂપ આપવા માટે તેણે કાયદાઓનો સંગ્રહ તૈયાર કર્યો. તે ઉદાર અને ધાર્મિક વૃત્તાવાળો હોવાથી અનેક ધાર્મિક પુસ્તકો એકત્રિત કરાવ્યા. તેણે રાજ્યોમાં અનેક દેવળ બંધાવ્યા જેમાં નિપ્પુર અને લીલનુ દેવળ ખૂબ ભવ્ય હતું. સાર્ગોન પ્રથમ પછી ઈ.સ. પૂર્વે 2750ની આસપાસ તેના ત્રીજા પુત્ર 'નરામસિને' સુમેર-અક્કાદ સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. નરામસિન બાદ તેના*

*ઉતરાધિકારીઓ નબળા આવતા ઈ.સ. પૂર્વે 2600 આસપાસ 'ગુટી' અથવા 'ગુટીયમ' જાતિના લોકોએ સુમેર-અક્કાદ સામ્રાજ્ય પર કબજો કર્યો. ઈ.સ. પૂર્વે 2500ની આસપાસ 'લગશ' નગર રાજ્યના 'ગુડીઆ'એ મેસોપોટેમિયામાંથી 'ગુટીયો'ને ભગાડી પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું. સમયાતરે 'ઉર' નગર રાજ્યના 'નમ્મુ' નામના નેતાએ સુમેર-અક્કાદ સામ્રાજ્ય પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું. ઉરે સુમેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે નોંધપાત્ર પાળો આપ્યો. ઉર-નમ્મુ પછી તેનો પુત્ર ડુંગીએ ઈ.સ. પૂર્વે 2450 સત્તા મેળવી. તેના શાસનકાળ દરમિયાન તેણે મેસોપોટેમીયામાં નિયમ અને કાયદાનું રાજ્ય સ્થાપિત કરવા માટે કાયદા સંહિતાની રચના કરાવી. ડુંગીના શાસન દરમિયાન સુમેરિયન સંસ્કૃતિ પુનઃજીવિત થઈ પરંતુ ડુંગીના ઉત્તરાધિકારી નબળા હોવાથી સુમેર-અક્કાદ સામ્રાજ્યના પતનની શરૂઆત થઈ. ઈ.સ. પૂર્વે 2250માં અમોરાઈટ (એમોર) જાતિના લોકોએ મેસોપોટેમીયા પ્રદેશમાં પ્રવેશ કરવાનું શરૂ કર્યું. સુમેરના પ્રદેશ પર એમોર લોકોની સત્તા બસો વર્ષ સુધી ચાલી સમયાંતરે બેબિલોનના હમ્મુરાબીએ એમોર લોકોને સુમેરમાંથી હાંકી કાઢી પોતાની સત્તા સ્થાપી, આમ,સુમેરની સંસ્કૃતિનો ધીરે ધીરે અસ્ત થયો.*

## 3.3 સુમેરિયન સંસ્કૃતિની શાસન વ્યવસ્થા

*સુમેરીયન સંસ્કૃતિના રાજકીય વિકાસની માહિતી બાદ હવે આપણે તેની શાસન વ્યવસ્થા વિશે જાણીએ.*

### 3.3.1 સુમેરિયન સંસ્કૃતિનું પ્રાચીન પ્રજાતંત્ર

*પ્રાચીન સમયમાં સુમેરિયન રાજ્ય નાના-નાના નગર રાજ્યોમાં વહેંચાયેલું હતું. આ નગર રાજ્યોમાં વહેંચાયેલું હતું. આ નગર રાજ્યોમાં શાસન લોકોના હાથમાં હતું. દરેક નગર રાજ્યમાં નાગરિકોની એક સંસદ હતી જેમાં બે ગૃહો હતા. એક ગૃહનગરના રાજ્યના તમામ પુખ્ત પુરુષો હતું જ્યારે બીજા ગૃહમાં નગર રાજ્યના વરિષ્ઠ અનુભવી વ્યક્તિઓ હતું. આ બંને ગૃહોમાંથી નગર રાજ્યના નેતાની વરણી કરવામાં આવતી હતી જેઓ બંને ગૃહના સભ્યોના અભિપ્રાય લઈને પોતાના નગર-રાજ્યના વિસ્તરણ, વિકાસ અને સંરક્ષણ માટે કામ કરતા હતા. સુમેરિયન સંસ્કૃતિના પ્રારંભિક નગર-રાજ્યોની પ્રણાલી સ્પષ્ટપણે આજના સમયની પ્રત્યક્ષ લોકશાહીનું વિશ્વનું પ્રથમ ઉદાહરણ છે તેમ કહી શકાય.*

### 3.3.2 સુમેરિયન લોકશાહીનું રાજતંત્રમાં પરિવર્તનઃ-

*સુમેરિયાના નગર રાજ્યોનું પ્રારંભિક લોકશાહી વહીવટી માળખું ધીમે ધીમે રાજકીય વહીવટી વ્યવસ્થામાં બદલાયું. આમ થવાનું મુખ્ય કારણ એ છે કે સુમેરિયાના નગર-રાજ્યો વચ્ચે પરસ્પર વિવાદો અને સંઘર્ષો વધવા લાગ્યા. દરેક નગર-રાજ્યના સંસદીય*

*ગૃહો એ કટોકટીના સમયે તાત્કાલિક નિર્ણય લઈ શકતા ન હતા, તેથી કટોકટીના સમયે નિર્ણય લેવા માટે એક સર્વોચ્ચ અધિકારીની નિમણૂંક થવા લાગી જેને 'પતેસી' અથવા 'લુગલ' કહેવામાં આવતો હતો. સમયાંતરે સમગ્ર સુમેરના દરેક નગર-રાજ્યમાં 'પતેસી' અથવા 'લુગલ' નામાંકિત કરવાની કાયમી પરંપરા બની ગઈ અને આમ, સુમેરિયન સંસ્કૃતિની પ્રારંભિક લોકશાહી રાજાશાહી તરફ આગળ વધી. 'લુગલ' રાજ્યના સર્વોચ્ચ નેતા બન્યા. આવા નેતાઓ એકબીજા રાજ્યો પર આક્રમણ કરી પોતાની સત્તા સ્થાપિત કરી સૌથી વધારે રાજ્યો પર અધિકાર મેળવનાર 'પતેસી' અથવા 'લુગલ' સુમેરના રાજા બન્યા. તેઓ પોતાને દેવતા તરીકે સ્થાપિત કરવા લાગ્યા અને સામ્રાજ્યની સંપૂર્ણ સત્તા તેમના હાથમાં કેન્દ્રિત કરી.*

### 3.3.2 ઈશ્વરીય શાસનનો ખ્યાલ

*સુમેરિયન સંસ્કૃતિના નગર રાજ્યોમાં જ્યારે રાજાશાહીનો ઉદ્દભવ થયો તેની સાથ જે ઈશ્વરીય શાસનનો પણ ઉદ્દભવ થયો. 'પતેસી' અથવા 'લુગલ' તરીકે સ્થાયી થયેલ વ્યક્તિ પોતાને ઈશ્વરનો પ્રતિનિધિ ગણાવવા લાગ્યો. જેવા કે સારગોન અને નરાસમીન. કેટલાક 'પતેસી' અથવા 'લુગલ'એ પોતાના મંદિરો બંધાવ્યા જેવા કે ડુંગી જેવા સુમેરિયન રાજાઓએ પોતાના મંદિરો બંધાવ્યા. સમય જતા 'પતેસી' અથવા 'લુગલ'ના આદેશો લોકો ઈશ્વરના આદેશો માનવા લાગ્યા.*

### 3.3.4 'લુગલ' અને તેના અધિકાર

*સમયાંતરે સુમેરિયાની સભ્યતામાં 'લુગલ'નું વર્ચસ્વ વધ્યું, જાહેર સભા અથવા શહેરના અનુભવી વડીલોની સમિતિનો પ્રભાવ પણ ઘટ્યો. 'લુગલ' સમગ્ર રાજ્યતંત્રના વહીવટી વડા બન્યા. તેની મુખ્ય ફરજો પોતાના રાજ્યના લોકોનું રક્ષણ માટે વ્યવસ્થા કરવી, રાજ્યમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવી, રાજ્યના દુશ્મનો અને વિરોધીઓને સજા કરવી, પુરોહિતો પર અંકુશ રાખવો, ન્યાયની યોગ્ય વ્યવસ્થા કરવી વગેરે હતી. આ ઉપરાંત 'લુગલ' રાજ્યના આર્થિક, ઔદ્યોગિક અને કલાત્મક વિકાસની કાળજી પણ રાખતા.*

### 3.3.5 સુમેરિયન સંસ્કૃતિની પ્રાંતીય વ્યવસ્થા

*સુમેરિયન સંસ્કૃતિ મળી આવેલા સાહિત્યિક તથા અવશેષીય સાધનોમાં પ્રાંતીય વ્યવસ્થા કોઈ માહિતી મળતી નથી. પરંતુ જ્યારે સુમેરીયન સંસ્કૃતિના એક નગર-રાજ્યએ અન્ય નગર રાજ્યો પર આધિપત્ય જમાવીને પોતાનું મોટું રાજ્ય અથવા સામ્રાજ્ય બનાવવાનું શરૂ કર્યું, ત્યારે કેન્દ્રીય નગર રાજ્ય 'લુગલ'એ જીતેલા નગર રાજ્યોના પ્રાંતીય વ્યવસ્થાના વડા તરીકે એક વ્યક્તિની નિમણૂંક કરી જે 'પતેસી' તરીકે ઓળખાતા. આ નગર-રાજ્યોના પતેસીઓ 'લુગલ' પ્રત્યેની તેમની જવાબદારીઓ નિષ્ઠાથી નિભાવતા.*

*આ પતેસીઓ રાજ્યના લુગલને કરવેરા, લશ્કરી સહાય આપતા. આમ સમયાંતરે સુમેરીયન રાજ્ય વ્યવસ્થાની પરાકાષ્ઠા દરમિયાન સુમેરિયામાં સામંતશાહીના બીજ રોપાયા.*

### 3.3.6 સુમેરિયન સંસ્કૃતિની લશ્કરી વ્યવસ્થા

*સુમેરિયન સંસ્કૃતિની રાજ્યવ્યવસ્થામાં લશ્કરી તેનું બીજું મહત્વનું અંગ હતું. ઉર અને કીશ પ્રદેશમાંથી જે શસ્ત્રોના અવશેષો મળ્યા છે તે ઉપરથી આ સંસ્કૃતિની લશ્કરી વ્યવસ્થાનો ખ્યાલ આવે છે. સુમેરિયન પ્રદેશમાં સ્થપાયેલા રાજ્યો એકબીજા પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા માટે યુદ્ધ કરતા. યુદ્ધના સમયે સંબંધિત રાજ્યના રહેવાસીઓ તેમના નગર-રાજ્યના 'પતેસી'ના નેતૃત્વ હેઠળ યુદ્ધમાં ભાગ લેતા. દરેક રાજ્ય દ્વારા યુદ્ધમાં લડવા માટે સક્ષમ પુરુષોની યાદી બનાવવામાં આવતી, જે મંદિરના પૂજારી પાસે રાખવામાં આવતી હતી. આ યાદીના આધારે યુદ્ધના સમયે આ લોકોનો સૈનિકો તરીકે ઉપયોગ થતો હતો. સુમેરિયાના સૈનિકો યુદ્ધ વખતે ધનુષ, બાણ, ઢાલ તલવાર, કુહાડી વગેરે શસ્ત્રોનો ઉપયોગ કરતા હતા. રાજા લશકરનો વડો હોવાથી તેને શૌર્યનું પ્રતિક માનવામાં આવતો. યુદ્ધના સમયે તે હથિયારોથી સજ્જ થઈ રથમાં બેસી યુદ્ધ કરતો હતો. સુમેર-અક્કાદ સામ્રાજ્યની સ્થાપના પહેલા તેઓ ધનુષ, તીર અને ઘોડાનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણતા ન હતા.*

### 3.3.7 સુમેરિયન સંસ્કૃતિની ન્યાય વ્યવસ્થા

*સુમેરિયન સંસ્કૃતિના લોકો ન્યાય પ્રત્યે ખૂબ જ સજાગ હતા. તેમની ન્યાય વ્યવસ્થા સરળ હતી. જરૂરી ન્યાયની બાબતો માટે મંદિરોનો ઉપયોગ ન્યાયપાલિકા તરીકે કરવામાં આવતો હતો અને 'પતેસી' અથવા 'લુગલ' ન્યાયાધીશો તરીકે કામ કરતા હતા. કેટલાક નગરી રાજ્યોમાં નાગરિક સમુહોએ ન્યાયનું કાર્ય પણ કર્યું હતું. વાદી અને પ્રતિવાદીએ પોતાનો કેસ જાતે રજૂ કરવાનો હતો. સજા સામાજિક સ્તર અનુસાર નક્કી કરવામાં આવતી હતી. ગુલામની હત્યા એ સાદો ગુનો હતો, સામાન્ય માણસની હત્યા એ ગંભીર ગુનો હતો અને ઉમદાની હત્યા એ ગંભીર ગુનો હતો. સુમેરિયા સંસ્કૃતિના પ્રારંભિક સમયગાળામાં ન્યાય પ્રણાલીનો મુખ્ય આધાર પરંપરાઓ અને પ્રચલિત રિવાજો હતા. પરંતુ, સમયની સાથે જ્યારે નગરીય રાજ્યોનું સ્વરૂપ બદલાવા લાગ્યું 'પતેસી' અથવા 'લુગલ' શક્તિશાળી બનવા લાગ્યા, ત્યારે તેઓએ પરંપરાઓને સંહિતાબદ્ધ કરવાનું શરૂ કર્યું. તેઓએ કાયદાકીય સંહિતાઓ એકત્રિત કરી તેના આધારે ન્યાય કરવાનું શરૂ કર્યું. સુમેર કાયદા સંહિતાનો મુખ્ય સિદ્ધાંત' જેવા સાથે તેવા'ની વિભાવના પર આધારિત હતો. સુમેરિયન કાનૂની સંહિતા હેઠળ ગુનેગાર માટે સજા તે વ્યક્તિ દ્વારા નક્કી કરવામાં આવી હતી જેની સામે ગુનો કરવામાં આવ્યો હતો. જજનું કામ ગુનો અને ગુનેગાર જાહેર કરવાનું હતું. ગુનાની કારણ અને નુકસાનની ગંભીરતા*

*દ્વારા નક્કી કરવામાં આવતું હતું. ગુનાઓ માટે સજા નક્કી કરવાની પદ્ધતિ પણ બેવડી હતી. ઉચ્ચ વર્ગના ગુનેગારોને વધુ આકરી  સજા આપવામાં આવતી, જ્યારે મધ્યમ અને નીચલા વર્ગના ગુનેગારોને તુલનાત્મક રીતે ઓછી કડક સજા આપવામાં આવતી.*

*જો કે સુમેરિયન સભ્યતાના સમયગાળા દરમિયાન  ન્યાય પ્રણાલીનો સંપૂર્ણ વિકાસ થયો ન હતો, તેમ છતાં મેસોપોટેમીયામાં ન્યાય પ્રણાલીના વિકાસમાં સુમેર સંસ્કૃતિનું મહત્વનું સ્થાન છે. આનું મુખ્ય કારણ એ છે કે સુમેરિયનોએ સૌપ્રથમ ન્યાયના સંદર્ભમાં કાનૂનીસંહિતા બદ્ધ કરવાનું કામ શરૂ કર્યું અને તેના આધારે પછીના સમયમાં બેબીલોન, એસીરિયા, કેલ્ડિયા અને યહૂદીઓએ તેમના પોતાના કાયદાકીય નિયમો બનાવ્યા. બેબીલોનીયન સભ્યતા સાથે સંબંધિત શાસક હમ્મુરાબીનો પ્રખ્યાત કાયદાસંગ્રહ સુમેરિયનોની  કાયદાસંહિતાના આધારે બનાવવામાં આવી હતી.*

**(ક) તમારી પ્રગતિ ચકાસો.**

(1) *નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.*

1. *પ્રારંભિક સુમેરના 'લગશ' નગર રાજ્યના નેતાનું નામ શું હતું.*

___________________________________________

___________________________________________

___________________________________________

2. *'શરુંગી' અથવા 'શર્કિત' નામના સેમિટિક જાતિ કયા પ્રદેશમાં નિવાસ કરતી હતી.*

___________________________________________

___________________________________________

___________________________________________

3. *સુમેરીયન લશ્કરમાં શૌર્યનું પ્રતિક કોને માનવામાં આવતું હતું.*

___________________________________________

___________________________________________

___________________________________________

4. *સુમેરિયાનોની માન્યતા મુજબ રાજ્ય અથવા વિશ્વ પર કોના દ્વારા શાસન કરવામાં આવતું હતું.*

___________________________________________

___________________________________________

___________________________________________

5. *સુમેર કાયદા સંહિતાનો મુખ્ય સિદ્ધાંત કઈ વિભાવના પર આધારિત હતો.*

___________________________________________

___________________________________________

___________________________________________

(2) સુમેરિયન સંસ્કૃતિના રાજકીય વિકાસ અંગે ટૂંકમાં જણાવો.

## 3.4 સામાજિક જીવન

### 3.4.1 સમાજનું સ્વરૂપ

સુમેર સભ્યતાનો સમાજએ ઈજિપ્તની સભ્યતાના સમાજની જેમ ત્રણ વર્ગોમાં વહેંચાયેલો હતો. પ્રથમ વર્ગ કુલીન વર્ગનો હતો, જેમાં રાજકુમારો, ઉચ્ચ અધિકારીઓ, પાદરીઓ અને સૈનિકોનો સમાવેશ થતો હતો. બીજી શ્રેણી સામાન્ય અથવા મધ્યમ વર્ગના લોકોની હતી. આ વર્ગમાં સ્વતંત્ર નાગરિકો, વેપારીઓ, કારીગરો, કલાકારો, શિક્ષકો, ખેડૂતો, મજૂરો વગેરેનો સમાવેશ થતો હતો. ત્રીજો વર્ગ ગુલામોનો હતો, જેને 'સર્ફ' કહેવામાં આવતા. સુમેરિયન સમાજના વર્ગ વિભાજનની વિશેષતા એ હતી કે મધ્યમ કે નીચલા વર્ગની વ્યક્તિ પોતાની પ્રતિભા અને ક્ષમતા દ્વારા શાસકનો વિશ્વાસ જીતીને ઉચ્ચ વર્ગમાં સ્થાન મેળવી શકતી હતી. આજ રીતે ગુલામો પણ શાસકનો વિશ્વાસ જીતીને સેનામાં સૈનિક બની શકતા હતા ત્યાર પછી તેમના વર્ગ પણ બદલાઈ જતો હતો.

### 3.4.2 સ્ત્રીઓની સ્થિતિ

સુમેરિયન સમાજમાં મહિલાઓની સ્થિતિ ઘણી સારી હતી. સુમેરિયન સમાજમાં સ્ત્રીઓનું સ્થાન સન્માનીય હતું. મહિલાઓ સ્વતંત્ર રીતે પોતાનો વ્યવસાય કરી શકતી હતી. પતિના મૃત્યુ પછી સ્ત્રીને લગ્ન સમયે મળેલી મિલકત પોતાના બાળકોને આપી શકતી હતી, જો સ્ત્રી સંતાનવિહીન હોય તો તે મિલકત તેના પિતાને આપી શક્તિ. અદાલતમાં સાક્ષી આપવા, ગુલામો ખરીદવા અને વેચવા વગેરે જેવા અધિકારો સ્ત્રીને આપવામાં આવ્યા હતા. પતિના મૃત્યુ પછી વિધવા સ્ત્રી ફરી લગ્ન કરી શકતી. સ્ત્રી અને પુરુષ બંનેને છૂટાછેડા લેવાનો અધિકાર હતો. પરંતુ છૂટાછેડા માટે મહિલાઓએ 'લુગલ' અથવા ધાર્મિક સત્તાધિકારીની મંજૂરી લેવી પડતી હતી.

આમ છતા સુમેરિયન સંસ્કૃતિમાં સ્ત્રીઓ પર કેટલાક પ્રતિબંધો હતા. મુખ્યત્વે ચારિત્ર્ય અને નૈતિક દૃષ્ટિકોણથી સ્ત્રીઓએ સંપૂર્ણ શુદ્ધ અને આદર્શ જીવન જીવવાનું હતું. વ્યભિચારી સ્ત્રીઓ માટે મૃત્યુ દંડની સજા હતી. સ્ત્રી વધારે સંતાનોની માતા બને તે ઈચ્છનીય હતું. સંતાનવિહિન સ્ત્રીને કોઈપણ કારણ વગર છૂટાછેડા આપવામાં આવતા. ઘણીવાર દેવું વધી જતા પુરૂષ પોતાની સ્ત્રીનું વેચાણ કરતો અથવા ગીરો પણ મુકતો.

### 3.4.3 ખોરાક

*સુમેરિયન સંસ્કૃતિની પ્રજાનો મુખ્ય વ્યવસાય ખેતી હોવાથી અહીનો મોટો વર્ગ શાકાહારી હોવાની માહિતી મળે છે. લોકો ખોરાકમાં ઘઉ, જવ, શાકભાજીનો ઉપયોગ કરતા, ઉચ્ચ વર્ગના લોકો ખોરાકમાં માંસ, માછલી તથા લીલી દ્રાક્ષમાંથી બનાવેલા દારૂનો પણ ઉપયોગ કરતા. પરંતુ ઈજિપ્તની સરખામણીમાં તેમની ભોજનની ટેવ અને જીવનશૈલી સાદી હતી.*

### 3.4.4 પોશાક

*સુમેરિયન સંસ્કૃતિના લોકોનો પુરક વ્યવસાય પશુપાલન હોવાથી ઘેટાંના ઉનમાંથી પોતાની જરૂરીયાત મુજબ કપડા તૈયાર કરતા. સામાન્ય રીતે પુરુષો કમરથી નીચે સુધી લુંગી, માથે ટોપી તથા પગમાં પગરખા પહેરતા. સમયાંતરે પુરષોએ કમરથી ઉપરના ભાગમાં વસ્ત્ર પહેરવાનું શરૂ કર્યું જ્યારે સ્ત્રીઓ આખુ શરીર ઢંકાય તેવા કપડા પહેરતી. અહીનો લોકો મુખ્ય શણ તથા ઉનના કાપડના વસ્ત્રો પહેરતા હતા.*

### 3.4.5 અલંકારો

*સુમેરના રાણી શુબ-અદની કબરમાંથી મળેલી સોનાની પિન, વીંટી, હાર જેવા આભુષણો પરથી આ સંસ્કૃતિના અલંકારો વિશે માહિતી મળે છે. આ સંસ્કૃતિની ઉચ્ચ વર્ગની સ્ત્રીઓ હાર, ઝાંઝર, વીંટી, કુંડળ જેવા સોનાના અલંકારો પહેરતી હતી. ગરીબ વર્ગની સ્ત્રીઓ ચાંદીના અંલકારો પહેરતી હતી.*

### 3.4.6 સૌંદર્ય સાધનો

*સુમેરના રાણી શુબ-અદની કબરમાંથી એક સૌદર્ય પ્રસાધનની સોનાની પેટી મળી આવેલી છે. જેમાં ચહેરા પર બ્લશ લગાવવા માટે એક નાની ચમચી, શરીરને સાફ કરવા માટે એક નાની લાકડી અને આઈબ્રોમાંથી બિનજરૂરી વાળ દૂર કરવા માટે નાના ચિપીયા જેવુ સાધન મળી આવેલું છે. આ ઉપરથી જાણવા મળે છે. કે અહીની સંસ્કૃતિની ઉચ્ચ વર્ગની સ્ત્રીઓને સૌદર્ય પ્રસાધનોનો શોખ હતો.*

### 3.4.7 લગ્ન વ્યવસ્થા

*સુમેરિયન સંસ્કૃતિમાં લગ્નવિધિ સુમેરના કાયદા પ્રમાણે દસ્તાવેજથી કરવામાં આવતી. લગ્ન સમયે માટીની તકતી પર ચોક્કસ શરતો લખી લગ્ન કરવામાં આવતું. લગ્ન માટે યુવક યુવતીઓને પસંદગીની છૂટ હતી, પરંતુ મોટા ભાગના લગ્નો વડીલો નક્કી કરતા. લગ્ન સમયે કન્યાના પિતા તરફથી ભેટ આપવામાં આવતી. કોઈ કારણસર લગ્ન વિચ્છેદ થાય તો લખેલી શરતો પ્રમાણે વરના પિતાએ કન્યાના પિતાને લગ્ન સમયે મળેલી તમામ ભેટો પરત કરવી પડતી.*

### 3.4.8 દેવદાસી પ્રથા

*સુમેરિયન સંસ્કૃતિમાં દેવદાસીની પ્રથા પ્રચલિત હતી. સમાજનો કોઈપણ નાગરિક પોતાની પુત્રીને મંદિરના દેવને પરણાવી પોતાની જાતને ધન્ય માનતો. મંદિરોમાં રહેતી આવી દેવપત્નીઓનું સ્થાન સમાજમાં ઊંચું હતું. આવી સ્ત્રીઓ મંદિરોના દેવની સેવા કરતી તેથી તેને દેવદાસી કહેવાતી. આ પ્રથા સુમેરિયન સમાજનું અનિષ્ટ હોવા છતાં દરેક વર્ગે તેને અપનાવી હતી.*

### 3.4.9 ગુલામી પ્રથા

*સુમેરિયન સંસ્કૃતિમાં ગુલામી પ્રથાનું કલંક પ્રસરેલુ હતું. યુદ્ધમાં પકડાયેલા સૈનિકો અથવા નાગરિકો અને જે નાગરિકો દેવું ચૂકવવામાં અસમર્થ હોય તેને ગુલામ બનાવવામાં આવતા. ગુલામોને માલિકોની મિલકત માનવામાં આવતા, પરંતુ સુમેરિયન સંસ્કૃતિમાં ગુલામી પ્રથા ખૂબ શિથિલ હતી. આ સંસ્કૃતિની કાયદા વ્યવસ્થા મુજબ ગુલામો તેમની કાર્યક્ષમતા અને વિશ્વાસના આધારે માલિકની ઈચ્છાથી ગુલામીમાંથી મુક્ત થઈ શકતા હતા. મુક્ત થયેલા ગુલામોનો સમાજના મધ્યમ વર્ગમાં સમાવેશ કરવામાં આવતો. મહિલાઓને પણ ગુલામ બનાવવામાં આવતી. સામાન્ય વર્ગનો કોઈપણ પુરુષ ગુલામ સ્ત્રી સાથે લગ્ન કરે તો તેના જન્મેલા બાળકોને ગુલામ ગણવામાં આવતા ન હતા. એજ રીતે સામાન્ય વર્ગની સ્ત્રી કોઈ ગુલામ પુરુષ સાથે લગ્ન કરે તો તેના સંતાનોને પણ ગુલામ ગણવામાં આવતા ન તા. આવા બાળકોને કૌટુંબિક મિલકતમાં તેમનો અધિકાર પણ મળતો હતો.*

## 3.5 આર્થિક જીવન

### 3.5.1 ખેતી

*સુમેરનો પ્રદેશ યુફ્રેટિસ અને ટૈગ્રીસ નદીના તટપ્રદેશનો હોવાથી અહીની જમીન ખૂબ ફળદ્રુપ હતી. અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. સુમેરિયન સંસ્કૃતિના લોકો ઘઉ અને જવ જેવા અનાજ, ખજૂર, શાકભાજી તથા ફળોનું ઉત્પાદન કરતાં હતાં. નિપ્પુરમાંથી મળેલા એક અભિલેખ પરથી જાણવા મળે છે કે આ સંસ્કૃતિના લોકો ખેતીમાં હળનો ઉપયોગ કરતા. આ હળની વિશેષતા એ હતી કે તેમાં બીજ રોપણી માટે એક નલિકા બનાવવામાં આવેલી હતી. આ ઉપરાંત આ સંસ્કૃતિના લોકોએ નદીઓમાં આવતા પૂરથી ખેતીને બચાવવા માટે ખેતરની ચારે બાજુ માટીની દિવાલો બનાવી તેમાં પાણીનો સંગ્રહ કરતા ત્યાર બાદ નહેરોના નિર્માણ દ્વારા તે પાણીનો ઉપયોગ સિંચાઈ માટે કરતા. ઈતિહાસકાર વીલડુરાં જણાવે છે કે ઈ.સ.પૂ 4000ના સમયથી સુમેરનો લોકો નહેર યોજના જાણતા હતા. નિપ્પુરના અભિલેખમાં મે-જૂનમાં વરસાદ બાદ એપ્રિલ સુધી ખેતીના વ્યવસાયમાં શું શું કરવું જોઈએ તેની પણ માહિતી હોવાથી વિદ્વાનો આ*

*અભિલેખને વિશ્વનું પ્રથમ 'કૃષિ પચાંગ' પણ ગણાવે છે. અહીની મોટા ભાગની જમીન મંદિરોની હતી. ગરીબ ખેડૂતોને કુદરતી આપત્તિ સમયે રાજ્ય તરફથી સહાયતા મળતી.*

### 3.5.2 પશુપાલન

*સુમેર સંસ્કૃતિના લોકોનો પુરક વ્યવસાય પશુપાલન હતો. ઉર નગરની પાસેથી મળેલા ગૌ દેવીના મંદિરના ચિત્રો પરથી અહીના પશુપાલન વ્યવસાયની જાણકારી મળે છે. અહીંના લોકો દૂધ ઉદ્યોગ માટે ગાય અને બકરી, ઉન માટે ઘેટા, ખેતીકામ માટે બળદ, પરિવહન માટે ગધેડા તથા ખચ્ચર જેવા પશુઓ ઉછેરતા હતા. આ સંસ્કૃતિના લોકો ને ઘોડા પરિચિત ન હતા.*

### 3.5.3 હુન્નર ઉદ્યોગો

*સુમેરિયન સંસ્કૃતિના મંદિરોમાં લુહાર, સોની, વણકર, કુંભાર, મૂર્તિકાર જેવા કારીગરો કાર્ય કરતા હતા તેથી અહી ધાતુના સાધનો, ઝવેરાત, મૂર્તિઓ, માટીકામ અને સુતરાઉ કાપડ બનાવવાના ઉદ્યોગોનો વિકાસ થયો હતો. સુમેરના કારીગરો સોનું અને તાબું જેવી ધાતુઓને પિગાળી પ્રવાહી બનાવવાની પક્રિયાથી પરિચિત હતા. આ કારીગરો સોનું અને ચાંદી જેવી ધાતુઓમાંથી અલંકારો ઢાલ, શસ્ત્રો તથા પ્રતિમાઓ બનાવી તેને વિદેશોમાં આયાત કરતા. આ સંસ્કૃતિના લોકો તાંબામાં ટીનનું મિશ્રણ કરી કાંસુ બનાવવાની પદ્ધતિથી પરિચિત હતા. આભુષણો બનાવવા માટે સોના, ચાંદી અને કાચનો ઉપયોગ થતો હતો. અહીના કારીગરો તાંબા અને સીસામાંથી અનેક સાધનો અને વાસણો પણ બનાવવામાં આવતા હતા.*

*આ સંસ્કૃતિના લોકોનો બીજો વ્યવસાય કાપડ વણાટનો હતો કાપડ વણાટના કુશળ વણકરો શણ અને ઉનમાંથી કાપડ બનાવતા હતા. આ ઉપરાંત સુમેરમાં લાકડાના ગાડા અને રથ બનાવવાનો ઉદ્યોગ પણ વિકસ્યો હતો. અહી મળી આવેલા ખંડિત રથોના અવશેષો પરથી જાણવા મળે છે કે રથ બનાવતા કારીગરો રથના લાકડા પૈડા પર ચામડાં અથવા તાબાંનો ઢોળ ચઢાવી તેને મજબૂત બનાવતા જેથી રથનું આયુષ્ય ઘણું લાંબુ રહેતું. આવા પૈડાનો ઉપયોગ પહેલી વાર જ આ સંસ્કૃતિના લોકો દ્વારા થયો હોવાનું અનુમાન છે. સુમેરિયન સંસ્કૃતિના લોકોએ આપેલી આ પ્રકારના ચક્રની શોધ આધુનિક યાંત્રિક યુગને એક મહાન ભેટ ગણાવી શકાય.*

### 3.5.4 વેપાર-વાણિજ્ય

*સુમેરિયન સંસ્કૃતિના લોકો અનાજ, ખજૂર, ઉનના વસ્ત્રો, ઓજારો સોના-ચાંદીના આભૂષણો, કાસાંનાં વાસણો, ઓજારો, રથો, લાકડાની ચીજવસ્તુઓના કારણે વિદેશો સાથે વ્યાપારી સંબંધો વિકસાવી શક્યા હતા. પ્રારંભિક સુમેરમાં માત્ર મંદિરો માટે સોનુ, ચાંદી જેવી ધાતુઓનો જ વેપાર કરવામાં આવતો પરંતુ સમયાંતરે વેપારના વિકાસમાં*

*રાજ્યએ ઉંડો રસ લીધો હતો. સુમેર સંસ્કૃતિના લોકોન વ્યાપાર છેક ભૂમધ્ય સાગરના પૂર્વીય તટ સુધી ફેલાયેલો હતો. તેઓ વિદેશોમાથી ઈમારતી લાકડુ, સીસું, કાસું, તાબું, ચાંદી અને સોનું જેવી ધાતુઓની આયાત કરતા હતા. સુમેરમાંથી મળી આવેલી સિંધુ સંસ્કૃતિની મુદ્રાઓ પરથી કહી શકાય કે સુમેરના લોકોને સિધું સંસ્કૃતિના લોકો સાથે ઘનિષ્ઠ વેપારી સંબંધો હતા. સુમેરના લોકો ભારત પાસેથી કિમતી પથ્થરો, ઓમન પાસેથી તાંબુ, સિરિયા પાસેથી ટિનની આયાત કરતા હતા. સુમેરના લોકો વિદેશ વ્યાપાર માટે જમીનમાર્ગે ઉંટ, ગધેડા અને ખચ્ચર જેવા પ્રાણીઓ તથા દરિયાઈ માર્ગે નૌકાઓના માધ્યમથી વ્યાપાર કરતા હતા.*

### 3.5.5 વિનિમય પ્રથા

*સુમેરિયન સંસ્કૃતિના વિનિમય પ્રથાનો વિકાસ થયેલો જોવા મળે છે. અહી મળી આવેલી માટીની તકતીઓ પરથી જાણવા મળે છે કે સુમેરના લોકો આંતરિક વ્યાપારમાં માટીની તકતીઓ વ્યાપરની શરતોનું લખાણ કરી સાક્ષીઓની સહી લેવાની ઉત્તમ વિનિમય પ્રથા હતી. આ શરતોના લખાણ મુજબ વ્યાપરનો હિસાબ રાખવામાં આવતો. કોઈપણ જાતના લખાણ વિના વેપાર કરવો ગુનો ગણવામાં આવતો. વિદેશો સાથેના વ્યાપારમાં વિનિમયના માધ્યમ તરીકે સોના, ચાંદીના ટુકડા અથવા રત્નો આપવામાં આવતા. વિદ્રાનો માને છે કે સુમેરના લોકોએ વ્યાપાર માટે માટીની તકતી પર લખાણ કરવાની પરંપરાએ આધુનિક સમયની હિસાબી પદ્ધતિની શોધ છે. સુમેરના લોકોએ આધુનિક સમયના વ્યાપારી બિલો, કરારો, રસીદો વગેરે જેવી પ્રથાને વિકસાવીને આધુનિક વ્યવસાય પ્રણાલીનો પાયો નાખ્યો હતો.*

*સુમેરિયન સંસ્કૃતિમાં વ્યાપારના વિકાસ માટે વેપારી સંગઠનો પણ રચાયા હતા. સુમેરિયન સંસ્કૃતિની સ્રીઓ પણ વેપારમાં કુશળ હતી.*

*(ખ) તમારી પ્રગતિ ચકાસો*

(1) *નીચેના વિધાનો ખરા(✓ ) છે કે ખોટા (ઠ) તપાસો.*

1. *સુમેરિયન સંસ્કૃતિનો સમાજ ત્રણ વર્ગોમાં વહેંચાયેલો હતો.*
2. *સુમેરિયન સંસ્કૃતિમાં લગ્નવિધિ સુમેરના કાયદા પ્રમાણે દસ્તાવેજથી કરવામાં આવતી ન હતી.*
3. *સુમેરિયન સંસ્કૃતિમાં દેવદાસીની પ્રથા પ્રચલિત હતી.*
4. *નિપ્પુરના અભિલેખને વિદ્રાનો વિશ્વનું પ્રથમ ‘કૃષિ પચાંગ’ પણ ગણાવે છે.*
5. *સુમેરિયન સંસ્કૃતિમાં વેપાર વિનિમય પ્રથાનો વિકાસ થયો ન હતો*

(2) સુમેરિયન સંસ્કૃતિના સામાજિક જીવન વિશે સંક્ષિપ્તમાં સમીક્ષા કરો.

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________

## 3.6 ધર્મ અને દર્શન

### 3.6.1 વિશ્વની ઉત્પત્તિની કલ્પના

*સુમેરિયન સંસ્કૃતિના લોકો માનતા હતા હતા સુષ્ટિના પ્રારંભમાં માત્ર પાણી જ હતું જેને તેઓ 'નમ્મુદેવી' તરીકે ઓળખતા જેમાંથી એક દૈવી પર્વતનો જન્મ થયો. આ પર્વતનીને તળેટીને 'કી' (પૃથ્વી) અને શિખરને 'અન' (આકાશ) નામ આપ્યું. સમયાંતરે 'કી'ના ગર્ભમાંથી 'અનલીલ' (વાયુ)નો જન્મ થયો. આમ 'અનલીલે' 'કી' અને 'અન' છુટા પાડ્યા જેથી સૂર્ય, ચંદ્ર અને ગ્રહોને જન્મ થયો અને વિશ્વની રચના થઈ. સુમેરિયનોએ વિશ્વનું નામ 'અનકી' આપ્યું હતું.*

### 3.6.2 સુમેરિયન સંસ્કૃતિના દેવતાઓ

*સુમેરિયન સંસ્કૃતિના મળી આવેલા અવશેષો પરથી જાણી શકાય છે કે સુમેરના દરેક નગરને પોતાનો દેવ હતો દા.ત. બેબિલોનનો મર્દુક, લાર્સાનો શમશ, ઉરનો નન્નર વગેરે. સુમેરના મંદિરોમાં વસતા આ દેવો મહાન પુરુષો હતા જે સામાન્ય માનવીની જેમ જીવન વ્યવહાર કરતા. ભક્તોએ ધરાવેલા ભોગ તે આરોગતા, દેવી દેવતા એકબીજા સાથે સંબંધો રાખી સંતાન પેદા કરતા, યુદ્ધમાં લડવા જતા, સદગુણી મનુષ્યને લાભ આપતા અને દુર્જનને સજા કરતા. સમયાતરે સુમેરના લોકો પ્રકૃતિના તત્વોની પૂજા કરવા લાગ્યા.*

*પ્રકૃતિના વિવિધ તત્વોને દેવી દેવતા માનતા આ બધા દેવતાઓમાં તેમનો વિશેષ આદર હતો. દેવરાજ 'અન'ને આકાશનો દેવ માનવામાં આવતો હતો. શરૂઆતમાં તે ખૂબ જ મહત્વપૂર્ણ દેવતા હતા આકાશદેવનું સૌથી પ્રસિદ્ધ મંદિર ઉરુકમાં આવેલું હતું. સુમેરના તમામ લોકો દ્વારા તેમની પૂજા કરવામાં આવતી હતી. 'અનલીલ' પવન અને વર્ષાનો દેવ છે. આ દેવતાનું સૌથી પ્રસિદ્ધ મંદિર નીપુરમાં હતું જે તે સુમેરનું મહત્વનું ધાર્મિક કેન્દ્ર હતું.*

*સુમેરિયન લોકો માનતા હતા કે વિશ્વની રચના દેવ 'અન' અથવા 'અનુ' દ્વારા કરવામાં આવી છે અને વિશ્વના દરેક નિર્જીવ પદાર્થમાં દેવતાઓની ચેતના છે. આ માન્યતાના આધારે સુમેરિયાન લોકોએ વિશ્વના વિવિધ ભાગો, સંસ્થાઓ, વસ્તુઓ અને પ્રવૃત્તિઓમાં વિવિધ દેવતાઓની કલ્પના કરી. આમાં 'અનુ' અથવા 'અન' આકાશ દેવતા; 'એનલિન'*

*વાયુ દેવ, 'નિન્માહ' અથવા 'નિન્હુરસગ' પૃથ્વી અથવા સૃષ્ટિની દેવી; 'એનકી' પાણીની દેવી; 'એનકીડુ' ખેતીના ભગવાન; 'દુમજી' ઘેટાં પાલકોના દેવતા, 'નિનત' પૃથ્વી માતા; 'ઈયા' આચાર અને વિચારોના દેવ, 'ઈનન્ના' (ઈસ્ટર) પ્રેમની દેવી, 'ઉત્તુ' સૂર્ય દેવ, 'નિનકી', 'નન્ના' અથવા 'સિન' ચંદ્ર દેવ વગેરે પ્રમુખ હતા. દેવતાઓના આ જૂથના આધારે સ્વીકારી શકાય કે સુમેરિયન સંસ્કૃતિના લોકો બહુદેવવાદી હતા. મના દેવતાઓ માટે મંદિરો બનાવતા હતા અને તેમાં મૂર્તિઓ સ્થાપિત કરતા હતા. મંદિરોને ચિત્રોથી શણગારતા હતા. તેથી સુમેરિયનોના દેવતાઓની પૂજાની પદ્ધતિમાં, મુખ્યત્વે દેવતાઓને અર્પણો, બલિ અને વસ્તુઓને અગ્નિમાં હોમવાનું મુખ્ય હતું. દેવોને દારુ, રોટી, ખજૂર, વિવિધ પ્રકારના માંસનો ભોગ અર્પણ કરવામાં આવતો. પુજનવિધિમાં જાદુ અને મંત્ર અને તંત્રનો પ્રયોગ કરવામાં આવતો. પુજા વખતે સુંગધિત ધૂપનો પ્રયોગ કરવામાં આવતો. સુમેરિયનોની આ પ્રકારની પૂજા પ્રણાલીના આધારે એ સ્વીકારવામાં કોઈ મુશ્કેલી નથી કે સુમેરિયનો ભૌતિક સુખ-સુવિધાઓમાં વધારો કરવા માટે દેવતાઓની પૂજા અને ઉપાસના કરતા હતા. તેમની ધાર્મિક માન્યતાઓમાં આત્મા કે આધ્યાત્મિક પ્રગતિ જેવી કોઈ વસ્તુનો વિકાસ થયો ન હતો.*

### 3.6.3 મંદિરો અને પૂજારીઓ

*ઉપરોક્ત ધાર્મિક પ્રવૃત્તિઓ અને મંદિરોના નિર્માણને કારણે ધાર્મિક સંસ્થાનો વિકાસ થાય તે સ્વાભાવિક હતું. મંદિરોમાં દર વર્ષે પૂજારીઓની નિમણૂક થવા લાગી. આ પાદરી સામાન્ય રીતે રાજા અથવા રાજકુમાર હતા. સમયાંતરે મંદિરમાં પૂજારીઓ નિમાવા લાગ્યા જેઓ સમાજમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવતા હતા. આ ધર્મગુરુઓના ત્રણ વિભાગો હતા. 1) જાદુગર, 2) ભવિષ્યવેતા, 3) ગાયકો. અન્ય કેટલાક ધર્મગુરૂઓ ન્યાયાધીશ, શિક્ષક અને લહિયા હતા.*

*મંદિરોના ખર્ચને પહોંચી વળવા માટે મોટા પાયે જમીન દાન કરવાની પ્રથા હતી. દેવતાઓ ઉપરાંત, સુમેરિયનો ગ્રહોની પણ પૂજા કરતા હતા. હમ્મુરાબીના સમય સુધીમાં તારાઓ અને ગ્રહો વચ્ચેનો ભેદ સ્થાપિત થઈ ગયો હતો. આ લોકો ચંદ્ર અને સૂર્યને ગ્રહો તરીકે પૂજતા હતા. આ રીતે આપણે કહી શકીએ કે સુમેરિયન લોકો જાદુ, ધાર્મિક વિધિઓ, મૃત્યુ પછીના જીવન વગેરેમાં માનતા હતા.*

### 3.6.4 મૃત્યુ પછીના જીવનની માન્યતા

*સુમેરિયનો દેવોને શુભ કે અશુભ તરીકે વર્ગીકૃત કરવામાં સક્ષમ ન હતા. પરંતુ તેઓએ પૃથ્વી પર આનંદ અને અંધકારની જગ્યા વિશે કલ્પના કરી હતી. તેઓ માનતા હતા કે મૃત આત્માઓનું નિવાસસ્થાન હોય છે અને તે જગ્યાનુ નામ તેમણે 'કુર' આપ્યું હતું. આ સ્થાન સુધી પહોંચવાના માર્ગને સુમુરિયનોએ 'મૃત્યુની નદી' નામ આપ્યું હતું. સુમેરિયનોએ 'કુર' ના સ્વામીનું નામ 'નેરગલ' દેવ અને તેની પત્ની 'એરેસકીગલ' દેવી*

*નામ આપ્યું હતું. 'કુર'ના જજ તરીકે 'ગિલ્ગામેશ'ને સ્વીકારવામાં આવ્યા હતા. સુમેરિયાના લોકોએ 'કુર'ના જીવન વિશે ઘણી કલ્પનાઓ કરી હતી અને 'ઈનન્નાનું પાતાળમાં અવતરણ' વગેરે જેવી વાર્તાઓ રચી હતી. આ વાર્તાઓની વિગતો પરથી સ્પષ્ટ થાય છે કે સુમેરિયનોએ સ્વર્ગ અને નરકમાંથી પાછા આવવા અથવા પુનર્જન્મની કલ્પનામાં વિશ્વાસ કરતા હતા.*

### 3.6.5 મૃત્યુ સંસ્કાર

*સુમેરિયન સંસ્કૃતિના લોકો મનુષ્યના મૃત્યુ બાદ શરીરને જમીનમાં દફનાવતા હતા. સામાન્ય લોકો મૃતદેહોને પોતાના ઘરમાં જ દફનાવતા હતા. પ્રતિષ્ઠિત લોકો અથવા શાસક વર્ગના મૃતદેહોને અલગ કબરોમાં દફનાવવામાં આવતા હતા. સુમેરિયન સંસ્કૃતિના લોકો મૃત્યુ પછીના જીવનમાં માનતા હોવાથી શાસકોની સાથે સોના અને ચાંદીના વાસણો, શસ્ત્રો વગેરેને દફનાવવામાં આવતા હતા. ઈતિહાસકાર વૂલીના નેતૃત્વમાં ઉરના રાજા સમાધિનું ઉત્ખનન કરવામા આવ્યું હતુ જેમાં રાજાની સાથે ન માત્ર તેના હથિયાર, શસ્ત્રો, અલંકારો, પરંતુ તેની રાણી, સેવકો, દાસ-દાસી, અને અંગરક્ષકોને પણ દફનાવવામાં આવ્યા હતા. જેથી તેઓ પરલોકમાં પણ પોતાના સ્વામિની સેવા કરી શકે.*

### 3.6.6 નૈતિક આદર્શોનો વિકાસ

*ધાર્મિક વિધિઓ અને અંધશ્રદ્ધા જેવી માન્યતાઓ સાથે સુમેરિયનો જીવનમાં નૈતિકતાને મહત્વપૂર્ણ માનતા હતા. તેથી તેમણે શિસ્ત, નમ્રતા, વડીલોની આજ્ઞાપાલન, ઉમદા વ્યક્તિઓ માટે આદર વગેરે પર ખૂબ ભાર મૂક્યો. તેઓ માનતા હતા કે એક સારા અને શ્રેષ્ઠ સમાજનું નિર્માણ ફક્ત શિસ્ત, દૈવી શક્તિઓ અને ઉચ્ચ વ્યક્તિઓના આજ્ઞાપાલન દ્વારા જ શક્ય છે. તેથી તેમણે નૈતિક જીવન પર પૂરતો ભાર મૂક્યો. તેથી સુમેરિયનો સ્ત્રીઓની ચારિત્ર્યની શ્રેષ્ઠતા વિશે ખૂબ કાળજી રાખતા હતા. નૈતિક અને ચારિત્ર્યના દૃષ્ટિકોણથી તેઓ સલામતી, આરોગ્ય, લાંબુ આયુષ્ય, સંપત્તિ, પુત્રો અને સન્માન પ્રાપ્ત કરવાના મુખ્ય સાધન તરીકે સારા જીવનને માનતા હતા, જે પાંચ હજાર વર્ષ પહેલાં વિકસિત સુમેરિયન સંસ્કૃતિની અનોખી વિશેષતા હતી.*

### (ગ) તમારી પ્રગતિ ચકાસો

(1) *નીચેનાં જોડકાં જોડો*

| *વિભાગ – અ* | *વિભાગ-બ* |
|---|---|
| 1) *'અનલીલ'* | A) *આકાશનો દેવ* |
| 2) *'અન'* | B) *બેબિલોન નગરનો દેવ* |
| 3) *'મર્દુક'* | C) *પ્રેમની દેવી* |

| | | |
|---|---|---|
| 4) | 'કુર' | D) પવનનો દેવ |
| 5) | 'ઈસ્ટર' | E) મૃત આત્માઓનું નિવાસસ્થાન |

(2) સુમેરિયન સંસ્કૃતિના ધાર્મિક જીવનનું મૂલ્યાંકન કરો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

## 3.7 સુમેરિયન સંસ્કૃતિની લલિતકલાઓ

### 3.7.1 સ્થાપત્યકલા

*ઈતિહાસના કેટલાક વિદ્વાનોએ લખ્યું છે કે પથ્થરના અભાવે સુમેરિયામાં સંસ્કૃતિનો વિકાસ કરનારા લોકો સ્થાપત્યના ક્ષેત્રમાં પ્રગતિ કરી શક્યા ન હતા અને તેમનું સ્થાપત્ય ઈજિપ્તના સ્થાપત્યની તુલનામાં હલકી ગુણવત્તાનું હતું. પરંતુ આ બંને માન્યતાઓ ભ્રામક છે. કારણ કે વાસ્તુકલા અને સ્થાપત્યકલા એ ભવન નિર્માણની કલાને દર્શાવતા સમાન શબ્દો છે, તેથી જો સુમેરિયનોની વાસ્તુકલા ઉન્નત હતી, તો તેનો અર્થ એ છે કે તેમનું સ્થાપત્ય પણ ઉન્નત હતું. ખોદકામ દરમિયાન મળી આવેલા મહેલો, કબરો અને દેવળો પરથી આ સંસ્કૃતિની સ્થાપત્યકલાની માહિતી મળે છે. ખોદકામ દરમિયાન મળી આવેલો કીશનો રાજમહેલ જેની દિવાલો પર માનવઆકૃતિઓ, પશુઓની આકૃતિઓ, લડાઈના દ્રશ્યો અંકિત કરેલા છે. ઉર પ્રદેશમાંથી મળી આવેલી કબરો તથા 'અલ-ઉબેદ'નું દેવળ સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. સુમેરીયન સંસ્કૃતિના સ્થાપત્યમાં થાંભલા, કમાન, ઘુમ્મટ, અને ભોંયરા વગેરે વિશિષ્ટ પ્રકારના છે. સુમેરિયન સંસ્કૃતિની મુખ્ય વિશેષતા એ હતી કે તેઓ આ પ્રકારનું બાંધકામ આગમાં શેકેલી અથવા તડકામાં સુકવેલી ઈંટો વડે કરતા હતા. તેઓએ ઈંટોના થાંભલા પણ બનાવ્યા અને 'ઉચ્ચ પસંદગી પદ્ધતિ' અપનાવીને ઈંટોમાંથી મજબૂત કમાનો બનાવતા હતા. વાસ્તવમાં, 'ઉચ્ચ પસંદગી પદ્ધતિ' પર ઈંટોનો ઉપયોગ કરીને કમાનો બનાવવાની પદ્ધતિ એ વિશ્વને સુમેરિયન સંસ્કૃતિની ભેટ છે, જેના આધારે ઐતિહાસિક યુગમાં 'પટ્ટાવાળી કમાનો' બનાવવાની પદ્ધતિનો વિકાસ થયો.*

*સુમેરિયન સંસ્કૃતિના માટી અને ઈંટના સ્થાપત્ય કૌશલ્યના વિકાસના ઉત્કૃષ્ટ ઉદાહરણો તેમની ઈમારતો છે જેને 'જિગ્ગુરત' કહેવાય છે. સુમેરિયનોએ મુખ્યત્વે તેમના મંદિર, ભંડાર, ઘર, સરકારી કચેરી, શિક્ષણ ભવન અને વ્યાપારી ભવન તરીકે 'જિગ્ગુરત' નામની બહુમાળી ઈમારત બનાવવાની પદ્ધતિ વિકસાવી હતી. પુરાતત્ત્વશાસ્ત્રના વિદ્વાનો સુમેર સંસ્કૃતિના સમયગાળાના જિગ્ગુરતના અવશેષો બુલી અનેકોલ્ડીવી વગેરે સ્થળોએ*

ખોદકામ કરીને શોધી કાઢ્યા છે. તે અવશેષોના વિશ્લેષણના આધારે તે સ્વીકારવામાં આવ્યું છે કે જિગ્ગુરત એક લંબચોરસ, લાંબી અને પહોળી જમીન પર એક પછી એક નાનું બનેલું અનેક માળનું ભવન સમુહ હતું, જેની ટોચનો માળ દેવતાના મંદિર તરીકે ઉપયોગમાં લેવાતો હતો. આ દેવમંદિર ઈમારતનો ઉપયોગ વેધશાળા તરીકે પણ થતો હતો. કેટલાક ઈતિહાસકારો નીચેથી પહોળા અને ઉપરથી નાના બનેલા આવા જિગ્ગુરતના નિર્માણનું કારણ સમજાવતા લખ્યું છે કે સુમેરિયનોએ પાણીમાં પર્વતોના જન્મ દ્વારા બ્રહ્માંડની રચનાના વિચારને નક્કર આકાર આપવા માટે આ કદના જિગ્ગુરત બનાવવાનું શરૂ કર્યું હતું. પરંતુ જિગ્ગુરતની પાયાની યોજના મુજબ તળિયે એક વિશાળ, પહોળું અને તદ્દન ઊંચું પ્લેટફોર્મ બનાવી તેના પર ઈમારત નિર્માણ કરવાની અને જિગ્ગુરતની આસપાસ મજબૂત દિવાલો બનાવવાની પદ્ધતિ પરથી એ સ્પષ્ટ થાય છે કે મુખ્ય ઈમારતો અથવા તેમના નગર રાજ્યની ઈમારતો પૂરના પાણીથી નાશ પામી રહી હતી.

### 3.7.2 શિલ્પકલા

સુમેરિયન સંસ્કૃતિના લોકો શિલ્પકલામાં કુશળ હતા. સુમેર-અક્કાદ સામ્રાજ્યની સ્થાપના પછી તેઓએ પથ્થર તથા ધાતુઓનો ઉપયોગ કરી શિલ્પકલાને વિકસાવી. પથ્થરો અને ધાતુ ઉપર અનેક પ્રકારની સુંદર આકૃતિઓ જેવી કે દેવી દેવતા, પશુઓ, તથા મનુષ્યના આકારના સુંદર શિલ્પો કંડારવામાં આવ્યા. આ શિલ્પોમાં લડાઈના શિલ્પો મળી આવેલા છે જે તેમની શિલ્પકલાનું શ્રેષ્ઠ ઉદાહરણ દા:ત 'નરમસિનપાષણ' નું શિલ્પ છે, જે 'સતુની' પર લુગલ' નરમસિનની જીતની ઘટનાનું 'પથ્થર શિલ્પ' રૂપમાં અસરકારક રીતે મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. જ્યારે અન્ય એક પથ્થર પર ' ગૃધ્રપાશન'નું શિલ્પ મળી આવેલું છે જે 'ઉમ્મા' પર 'ઈયન્નતુમ'ના વિજયનું કંડારવામાં આવેલું છે. ઉર નગરમાંની સમાધિ પાસે મળેલી બળદની પ્રતિમા અને સિંહના માથા સાથે પાંખવાળા ગરુડની પ્રતિમા મળી આવેલી છે. એક રાજાની કબરમાંથી વૃષભની પ્રતિમાં તથા સુલચેદ રાણીની કબરમાંથી  ચાંદીનું ગૌમુખ અને સિંહણના મુખનું શિલ્પ મળી આવેલું છે. આ તમામ શિલ્પો સુમેરિયન શિલ્પકલાના ઉત્તમ ઉદાહરણો છે.

### 3.7.3 ચિત્રકલા

જિગ્ગુરત,મંદિરોની દિવાલો તથા વાસણો પર ચિત્રકલાના કેટલાક નમૂનાઓ મળી આવેલા છે જે ઉપરથી અહીંની ચિત્રકલાની માહિતી મળે છે. મંદિરો તથા વાસણો પર વિવિધ પ્રકારના ચિત્રો જોવા મળે છે જેમાં રાજાની લડાઈના પ્રસંગો તથા જીવનપ્રસંગો મુખ્ય છે. જો કે સુમેરની સ્થાપત્ય અને શિલ્પકલા સરખામણીમાં ચિત્રકલાનો અલ્પ વિકાસ થયો હોવાનું જણાય છે.

## 3.8 સુમેરિયન સંસ્કૃતિનું સાંસ્કૃતિક જીવન

### 3.8.1 લિપિ

*સુમેરિયન સંસ્કૃતિમાંથી મળી આવેલી માટીની તકતીઓ પરથી અહીની લિપિ વિશેની માહિતી મળે છે. પ્રારંભમાં સુમેરિયન સંસ્કૃતિના પુજારીઓએ મંદિરોમાં થતી આવકો હિસાબ રાખવામાં માટે ચિત્રલિપિ વિકસાવી પરંતુ તેમાં ચિત્રોની જટિલતાના કારણે તેને સમજવામાં મુશકેલી ઉભી થવા લાગી. તેથી ચિત્રની સાથે ભાવ અભિવ્યક્ત કરતા સ્થૂળ પદાર્થોનું ચિત્ર બનાવવાનું શરૂ થયું દા:ત સુમેરિયન સંસ્કૃતિમાં દાસીની ઓળખ આપવા માટે નારીના ચિત્રની સાથે પર્વતનું ચિત્ર બનાવવામાં આવતું. જેથી લોકોને ચિત્ર જોતા જ દાસી વિશેની સમજ મળી જતી. દાસીના ચિત્ર સાથે પર્વતનું ચિત્ર એટલા માટે બનાવવામાં આવતું કારણ કે સુમેરમાં દાસી પર્વતીય વિસ્તારોમાંથી લાવવામાં આવતી હતી. આવા ચિત્રોને વિદ્વાનો 'ભાવચિત્ર' કહે છે. સમયાંતરે સુમેરિયનોએ આવા ભાવચિત્રોને શબ્દોથી ઓળખવાનું શરૂ કર્યું અને લગભગ 300 જેટલા શબ્દચિત્રો બનાવ્યા. વિદ્વાનો માને છે કે સુમેરિયનોએ પોતાની લિપિ વિકસાવવા માટે સૌપ્રથમ બારીક ચાળેલી માટીની ચોરસ પાટીઓ બનાવી હતી અને જ્યારે તે ભીની રહેતી હતી, ત્યારે તેઓ તેના પર કોઇ ધાતુમાંથી બનાવેલી તીક્ષ્ણ લેખનીથી ચિત્રો કોતરીને પોતાના વિચારો વ્યક્ત કરવાનું શરૂ કર્યું. સમયાંતરે તેમાંથી ચિત્ર લિપિએ આકાર લીધો, સુમેરિયન લોકોએ ચિત્રોને સમૂહમાં મૂકીને પ્રતીકો વિકસાવ્યા. આવા પ્રતિકો દ્વારા પ્રથમ વસ્તુઓ અને પછી તેમના ઉચ્ચાર અવાજો વ્યક્ત કરવાનું શરૂ કરી શબ્દચિત્ર લિપિ વિકસાવી હતી. આ શબ્દચિત્રની રેખા આકારવા માટે લેટિન ભાષામાં 'ક્યુનિયસ' શબ્દનો ઉપયોગ થાય છે. તેથી સુમેરિયન લિપિને 'ક્યુનિફાર્મ' તથા હિન્દીમાં 'કીલાક્ષર' લિપિ કહેવાય છે. સુમેરની લિપિને પશ્ચિમ એશિયાની પ્રાચીન લિપિ તથા વિશ્વને સુમેરિયન સંસ્કૃતિએ આપેલી મહાન ભેટ માનવામાં આવે છે.*

### 3.8.2 શિક્ષણ

*સુમેરની શિક્ષણ વ્યવસ્થા અહીં વિકસેલી ક્યુનિફોર્મ લિપિનુ પરિણામ માનવામાં આવે છે. સુમેરિયન સંસ્કૃતિના વિકાસની સાથે શિક્ષણનો ઉત્તમ વિકાસ થયેલો જોવા મળે છે. અહી મળી આવેલી માટીની અનેક તકતીઓ તથા અભિલેખોમાંથી સુમેરિયન શિક્ષણના ઉદ્દેશ્યો, અભ્યાસક્રમ તથા અધ્યાપનની માહિતી પૂરી પાડે છે. સુમેરમાં મંદિરો શિક્ષણના કેન્દ્રો હતા જેમાં વિદ્યાર્થીઓને ક્યુનિફોર્મ લિપિ શીખવવામાં આવતી. આ લિપિના ચિહ્નો વિદ્યાર્થીઓને મોઢે કરવા પડતા હતા. સુમેર એક વ્યાપારપ્રધાન દેશ હોવાથી વ્યાપારના કરાર લખવા માટે તથા મંદિરો અને રાજ્યના કાર્ય માટે વિદ્યાર્થીઓને લહિયાઓ તરીકેનું શિક્ષણ વિશેષ આપવામાં આવતું હતું. લિપિના શિક્ષણ બાદ જ વિદ્યાર્થીઓને ભાષા, ગણિત, વ્યાકરણ તથા અન્ય વિષયોનું જ્ઞાન આપવામાં આવતું*

### 3.8.3 સાહિત્ય

*સુમેરમાંથી મળી આવેલી માટીની તકતીઓ તથા અભિલેખો પરથી અહીંના સાહિત્ય વિશે માહિતી મળે છે. સુમેરની લિપિ કઠિન હોવાથી તેને ઉકેલવી મુશકેલીભર્યુ હોવા છતા હ્યુ, લેગ્ડન, કિયરાગૈડ જેવા વિદ્વાનોએ તેને ઉકેલવાનું ભગીરથ કાર્ય કર્યું છે. આ વિદ્વાનોના લખાણો પરથી ખ્યાલ આવે છે કે સુમેરનું  સાહિત્ય ધર્મની પ્રેરણાથી રચાયેલું હતું. સુમેરિયન સંસ્કૃતિના ધાર્મિક આખ્યાન સાહિત્યમાં 'ઈન્નનાનું પાતાલ અવતરણ', 'એનલન અને ચંદ્રની ઉત્પતિ,' 'એનકીની વિશ્વ વ્યવસ્થા', 'ગિલ્ગામેશનું આખ્યાન' મુખ્ય છે. આ ઉપરાંત એસિરિયાના પુસ્તકાલયમાંથી મળી આવેલ બે પુરાણકથાઓ પૈકી એક પુરાણકથા સર્જન અને બીજી પુરાણકથા જળપ્રલયને લગતી છે.*

*સુમેરમાંથી મળી આવેલા રાજકીય (લૌકિક) સાહિત્યમાંથીમાં રાજાઓના નામની યાદી, રાજ્યના નિયમો અને આદેશો, વ્યાપારી લખાણોના કરારો વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે સુમેરમાંથી મળેલા કેટલાક અભિલેખો પરથી વીરોની શૌર્યગાથાઓ, પ્રેમગીતો, પૂજાગીતો પ્રાર્થના વગેરે પ્રકારના પદ્યસાહિત્યની માહિતી મળે છે.*

### 3.8.4 વિજ્ઞાન

*સુમેરિયન સંસ્કૃતિમાં વિજ્ઞાનના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થયેલી જોવા મળે છે. આપણે જોયુ કે સુમેરિયન સંસ્કૃતિના લોકોના આર્થિક જીવનનો મુખ્ય આધાર ખેતી હતો તેથી સુમેરિયન સંસ્કૃતિના લોકોએ સમગ્ર વર્ષના ખેતીના કાર્યોને ધ્યાને રાખી 'કૃષિ પંચાગ' વિકસાવ્યુ હતું.*

*સુમેરિયન સંસ્કૃતિના ધર્મગુરૂઓને ખગોળશાસ્ત્રનું વ્યાપક જ્ઞાન હતું તેમણે આકાશના અવલોકન તથા ચંદ્રની ગતિના આધારે સમગ્ર વર્ષને બાર ચંદ્રમાસમાં વહેંચી નાખ્યું હતું. એક ચંદ્રમાસમાં ત્રીસ દિવસ નક્કી કરવામાં આવ્યા, આમ એક ચંદ્રવર્ષમાં 360 દિવસો થતા હોવાથી એક વર્ષ ચંદ્રની જે ગતિ સમયે પૂર્ણ થવુ જોઈએ તેના કરતા થોડુ વહેલું પૂર્ણ થતું હતું. આના ઉપાય તરીકે સુમેરિયન ખગોળશાસ્ત્રીઓએ પંચાગનો ચંદ્ર તથા સૂર્યની ગતિના આધારે વર્ષ સાથે મેળ બેસાડવા માટે દર ત્રણ ત્રણ કે ચાર વર્ષે એક મહિનો ઉમેરવાનુ શરૂ કર્યું. સમયાતરે સુમેરિયન સંસ્કૃતિના લોકોએ મહિનાના નામ ખેતી તથા ધાર્મિક ઉત્સવોને આધારે પાડવાનું શરૂ કર્યું હતું. વર્ષના નામ પણ કોઈ મહત્વના પ્રસંગના આધારે પાડવાનું શરૂ કર્યું હતું.*

*સુમેરિયન સંસ્કૃતિના લોકોને ગણિત તથા ભૂમિતિનું પણ જ્ઞાન હતું. અહીં મળી આવેલી માટીની તકતીઓ પર ગુણાકાર, ભાગાકારના કોષ્ટક પણ જોવા મળે છે. તેઓએ દશાંશ અને ગણિતના મિશ્ર સ્વરૂપ ધરાવતી ગણતરી પદ્ધતિ વિકસાવી હતી. તેઓએ 'એકમો' અને 'દસ'નો ઉપયોગ વર્તમાન સમયની જેમ જ કર્યો પરંતુ 'સો'ને બદલે 'સાઠ'નો*

*ઉપયોગ કર્યો. સુમેરિયન સંસ્કૃતિના લોકોએ એક કલાકને 60 મિનિટ તથા 60 મિનિટને 60 સેકન્ડમાં વિભાજન કરવાની પ્રથા વિકસાવી હતી. સુમેરિયન સંસ્કૃતિના લોકોએ વજનનો એકમ 'મીના' વિકસાવ્યો હતો. 1 મીના=60 શેકલ એ માપ સર્વત્ર પ્રચલિત હતું. આ ઉપરાંત વિદ્વાનો માને છે કે સુમેરિયનોએ જમીનની લંબાઈ અને પહોળાઈને માપવા અને ઘરો બાંધવા માટેની યોજનાઓ બનાવવાના સંદર્ભમાં ભૂમિતિના મૂળ સિદ્ધાંતો પણ વિકસાવ્યા હતા.*

*સુમેરિયન સંસ્કૃતિમાં આયુર્વેદશાસ્ત્રનું જ્ઞાન અલ્પ પ્રમાણમાં વિક્સ્યુ હતું. સુમેરિયન સંસ્કૃતિના લોકો કોઈપણ બિમારી માટે અશુદ્ધ શક્તિઓને જવાબદાર માનતા તેથી બિમારીના ઈલાજ માટે વૈધની જગ્યાએ જાદુગરની મદદ લેવામાં આવતી હતી. કેટલાક અભિલેખો પરથી જાણવા મળે છે સુમેરિયન સંસ્કૃતિના અંતીમ તબ્બકામાં વૈદ્ય દ્વારા વિક્સાવવામાં આવેલી ચિકિત્સાપદ્ધતિઓ જાણીતી બની હતી. પુરાતત્વવિદોને સુમેર પ્રદેશમાંથી લગભગ પાંચ હજાર વર્ષ પહેલાંની એક માટીની તકલી પ્રાપ્ત થયેલી છે. જેમાં કેટલાક રોગની સારવાર માટેની ઔષધિઓની માહિતી મળે છે પરંતુ વિદ્વાનો માને છે કે સુમેરિયનોએ રોગોની સારવારમાં દવાને બદલે જાદુ અથવા મંત્ર-તંત્રને વધુ મહત્વ આપ્યું હતું.*

**(ઘ) તમારી પ્રગતિ ચકાસો.**

(1) *નીચેની ખાલી જગ્યા પૂરો.*

1. *સુમેરિયન સંસ્કૃતિના માટી અને ઈંટના સ્થાપત્યની ઈમારતોને* _____________ *કહેવાય છે.*
2. _____________ *રાણીની કબરમાંથી સિંહણના મુખનું શિલ્પ મળી આવેલુ છે.*
3. *સુમેરિયન સંસ્કૃતિની લિપિને* _____________ *લિપિ કહેવાય છે.*
4. *સુમેરિયન સંસ્કૃતિના ચંદ્રમાસમાં* _____________ *દિવસ નક્કી કરવામાં આવ્યા હતા.*
5. *સુમેરિયન સંસ્કૃતિના લોકોએ વજનનો એકમ* _____________ *વિકસાવ્યો હતો.*

(2) *સુમેરિયન સંસ્કૃતિના સાંસ્કૃતિક જીવન વિશે નોંધ લખો.*

_____________________________________________
_____________________________________________
_____________________________________________
_____________________________________________
_____________________________________________
_____________________________________________

## 3.9 સુમેરિયન સંસ્કૃતિનું પતન

*વિદ્વાનો માને છે કે સમયાતરે સુમેરિયન સંસ્કૃતિના નગર રાજ્યો વચ્ચે સંઘર્ષ વધવા લાગ્યો જેનો લાભ લઈ વિચરતી અક્કાદીયન જાતિએ સુમેર પર કબજો કર્યો. સુમેરિયન સંસ્કૃતિનું પતન થયું. સારગન અક્કાદીયન જાતિના પ્રથમ શાસક બન્યા હતા. જેણે શાહી મહેલમાં પોતના બુદ્ધિશક્તિથી રાજગાદી મેળવી. પરંતુ સમયાતરે તેમનું વ્યક્તિત્વ નબળુ પડતા તેમના ઉત્તરાધિકારીઓ શાસન વ્યવસ્થા સંભાળી શક્યા. સરગને આ સંકુચિત પ્રાદેશિક લાગણીને અમુક અંશે નિયંત્રિત કરી હોવા છતાં, તે તેને સંપૂર્ણપણે નાબૂદ કરી શક્યો નહીં. છેલ્લે, મેસોપોટેમીયા ખૂબ જ ફળદ્રુપ કૃષિ વિસ્તાર હતો, તેથી નજીકના આદિવાસીઓ વારંવાર તેના પર હુમલો કરતા રહ્યા. આ આક્રમણો રાજવંશોના પતન તરફ દોરી ગયા. સરગનનું સામ્રાજ્ય પણ આવા હુમલાઓ સામે ટકી શક્યું નહીં છેલ્લે ગુશિયન સમુદાએ આ વંશના શાસનનો અંત લાવીને પોતાનું શાસન સ્થાપ્યું.*

## 3.10 સારાંશ

*વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓના ઈતિહાસમાં સુમેરિયન સંસ્કૃતિનું સ્થાન ગૌરવપૂર્ણ છે. સુમેરિયન સંસ્કૃતિ સૌ પ્રથમ નગર રાજ્યની કલ્પના આપી. ક્યુનિફોર્મ(કિલાક્ષર) લિપિની વિકસાવી જગતને ઉત્તમ ભેટ આપી. ગિલ્ગામેશ જેવા વિરોની કથા તથા ધાર્મિક આખ્યાનો દ્વારા વિશિષ્ટ સાહિત્ય આપ્યું. મનુષ્યની બૌદ્ધિક પ્રગતિ માટે શિક્ષણની વ્યવસ્થા ઉત્તમ બનાવી. સુમેરની પ્રજાએ વિકસાવેલ વ્યાપાર સમગ્ર એશિયામાં ફેલાયો હતો. વ્યાપારી કરારો સુમેરની પ્રજાની વિશિષ્ટતા હતી. સોનુ, ચાંદી, તાબું જેવી ધાતુઓનો ઉપયોગ તથા ઈંટોની શોધ કરનારી સૌ પ્રથમ પ્રજા સુમેરિયન હતી. બેબિલોન અને અસિરિયન પ્રજાએ સુમેર પાસેથી મેળવેલો સાસ્કૃતિક વારસો પશ્ચિમના દેશોમાં વિસ્તાર્યો હતો જેથી સુમેર એ પશ્ચિમની પ્રજાનું પ્રેરણા સ્થાન પણ કહી શકાય.*

## 3.11 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| **લગશ** | *સુમેરિયન સંસ્કૃતિનુ એક નગર* |
| **ગુટિયન** | *પશ્ચિમ એશિયાની એક જાતિ* |
| **'લુગલ'** | *સુમેરિયન નગર રાજ્યની સંસદનો વડો અધિકારી* |
| **'સર્ફ'** | *સુમેરિયન સંસ્કૃતિમાં ગુલામો માટે વપરાતો શબ્દ* |
| **દેવદાસી** | *મંદિરના દેવને પરણાવામાં આવતી કન્યા* |
| **'કુર'** | *સુમેરિયન સંસ્કૃતિ મુજબ મૃત આત્માઓનું નિવાસસ્થાન* |
| **જિગ્ગુરત** | *સુમેરિયન લોકો દ્વારા બનાવવામાં આવતી બહુમાળી પ્રકારની ઈમારત* |
| **'ક્યુનિયસ'** | *શબ્દચિત્રની રેખા આકારવા માટે લેટિન ભાષામાં વપરાતો શબ્દ.* |

## 3.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

*(ક) વિભાગ*

(1) *ઈન્નતામ* 2) *અક્કાદ* 3) *રાજા*

4) *'અનુ' નામના આકાશ દેવ* 5) *'જેવા સાથે તેવા'*

(2) 1.2 *ના મુદ્દાઓને આધારે જવાબ લખો.*

*(ખ) વિભાગ*

(1) - ✓ 2) – X 3) - ✓ 4) - ✓ 5) - X

(2) 3.4 *ના મુદ્દાઓને આધારે જવાબ લખો.*

*(ગ) વિભાગ*

(1) 1) 1- D 2) 2-A 3) 3-B 4) 4-E 5) 5-C

(2) 3.6 *ના મુદ્દાઓને આધારે જવાબ લખો.*

*(ઘ) વિભાગ*

(1) *જિગ્ગુરાત* 2) *સુલચેદ* 3) *ક્યુનિફાર્મ* 4) 30 5) *મીના*

(2) 3.8 *ના મુદ્દાઓને આધારે જવાબ લખો.*

## 3.13 બહુવૈકલ્પીક પ્રશ્નો

1. *કયા નગરને હરાવીન 'લગશ' નગર રાજ્યના નેતાએ પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું હતું?*

A) *ઉમ્મ* B) *ઉર* C) *ઉરુક* D) *ઈરિચ*

2. *સુમેરિયન સંસ્કૃતિના દરેક નગર રાજ્યની સંસદમાં કેટલા ગૃહો હતા?*

A) *એક* B) *બે* C) *ત્રણ* D) *ચાર*

3. *યુદ્ધના સમયે રાજાને શાનું પ્રતીક માનવામાં આવતો હતો?*

A) *શાંતિનું* B) *સાહસનું* C) *શૌર્યનું* D) *બલિદાનનું*

4. *સુમેરની કઈ રાણીની કબરમાંથી સોનાના આભુષણો મળી આવેલા છે?*

A) *સુલેચન* B) *શુબ-અદની* C) *લુગલ* D) *પતેસી*

5. સૌપ્રથમ ન્યાયના સંદર્ભમાં કાનૂની કોડ સંહિતાબદ્ધ કરવાનું કામ કોણે કર્યું હતું?

A) અસિરીયન  B) મિસરની  C) સુમેરિયન  D) યહૂદીઓ

6. નીચેનામાંથી કઈ પ્રથા સુમેરિયન સંસ્કૃતિમાં કલંક ગણાવામાં આવે છે?

A) ગરીબી  B) ગુલામી  C) દેવદાસી  D) ગણિકા

7. 'અનલીલ' દેવનું પ્રસિદ્ધ મંદિર ક્યાં આવેલું છે?

A) ઉરૂક  B) લર્ગેશ  C) નિપ્પુર  D) બેબિલોન

8. કયા મંદિરને સુમેરિયન સંસ્કૃતિના સ્થાપત્યનો ઉત્તમ નમૂનો માનવામાં આવે છે?

A) 'અલ-ઉબેદ'  B) 'નરસિમન'  C) 'ગદ્રપાષાન'  D) 'ઉર'

9.સુમેરિયન સંસ્કૃતિના કયા અભિલેખને વિશ્વનું પ્રથમ 'કૃષિ-પંચાગ' માનવામાં આવે છે?

A) નિપ્પુર  B) ઉર  C) ઉરુક  D) ઈરિચ

10. સુમેરિયન સંસ્કૃતિના ચંદ્રવર્ષમાં કેટલા દિવસો હતા?

A) 360  B) 365  C) 366  D) 367

*જવાબ :* 1 - A, 2 - B, 3 - C, 4 - A, 5 - C, 6 - B, 7 - C, 8 - A, 9 - A, 10 - A.

## 3.14 સ્વાધ્યાય

1. સુમેરિયન સંસ્કૃતિના રાજકીય વિકાસની વિગતવાર જાણકારી આપો.

2. સુમેરિયન સંસ્કૃતિના સામાજિક અને આર્થિક જીવન અંગે સમીક્ષા કરો.

3. સુમેરિયન સંસ્કૃતિના ધાર્મિક અને સાંસ્કૃતિક જીવન વિશે નોંધ લખો.

## 3.15 સંદર્ભો


**1.** *આચાર્ય, નવીનચંદ્ર, પરમાર, થોમસ, જગતની અગ્રગણ્ય સભ્યતાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,* 2012.

2. प्रसाद, ओमप्रकाश, प्राचीन विश्व का उदय एवम विकास (विज्ञान की भूमिका) राजकमल प्रकाशन, नई दिल्ली,2011

3. तातेड, सोहन राज, विद्यासागर सिंह, विश्व की पुरातन सभ्यताओ की ऐतिहासिक विवचना भाग- पारीक बुक डिस्ट्रीब्यूटर्स, जयपुर,2018.

4. सिह रधुविर, प्राचीन सभ्यताओ का इतिहास, रावत प्रकाशन, नई दिल्ली,2012.

5. हरीश कुमार, विश्व का इतिहास, अर्पळ पब्लिकेशन, नई दिल्ली,2017.

6. चंचरीक के.एल. विश्व की प्राचीन सभ्यताए, यूनिवर्सिटी पब्लिकेशन, नई दिल्ली,2011.

7. अग्रवाल सुजीत, विश्व का इतिहास का सर्वेक्षळ, विश्वभारती पब्लिकेशन,नई दिल्ली,2013.

**એકમ : 4** **બેબિલોનિયન સંસ્કૃતિ**

## :: રૂપરેખા ::


**4.0** ઉદ્દેશ્યો

**4.1** પ્રાસ્તાવિક

**4.2** રાજવંશોનું શાસન

- **4.2.1** બેબિલોનિયન સંસ્કૃતિનો રાજકીય ઈતિહાસ
- **4.2.2** હમ્મુરાબી દ્વારા સામ્રાજ્ય વિસ્તરણ
- **4.2.3** હમ્મુરાબીની કાયદાસંહિતાની મુખ્યધારાઓ
- **4.2.4** હમ્મુરાબીના અવસાન બાદ બેબિલોનિયન સંસ્કૃતિ

**4.3** બેબિલોનિયન સંસ્કૃતિની શાસન વ્યવસ્થા

- **4.3.1** કેન્દ્રિય શાસન વ્યવસ્થા
- **4.3.2** પ્રાંતીય શાસન વ્યવસ્થા
- **4.3.3** લશ્કરી વ્યવસ્થા
- **4.3.4** ન્યાય વ્યવસ્થા

**4.4** બેબિલોનિયન સંસ્કૃતિનું સામાજિક જીવન

- **4.4.1** સમાજનું સ્વરૂપ
- **4.4.2** ખોરાક
- **4.4.3** પોશાક
- **4.4.4** અલંકારો
- **4.4.5** આનંદ-પ્રમોદના સાધનો
- **4.4.6** સ્ત્રીઓની સ્થિતિ
- **4.4.7** લગ્નવ્યવસ્થા

**4.5** બેબિલોનિયન સંસ્કૃતિની આર્થિક સ્થિતિ

4.5.1 ખેતી અને પશુપાલન

4.5.2 ઉદ્યોગ

4.5.3 વ્યાપાર વાણિજ્ય

4.6 બેબિલોનિયન સંસ્કૃતિની ધાર્મિક સ્થિતિ

4.6.1 દેવી-દેવતા

4.6.2 ધર્મગુરૂઓ

4.6.3 મૃત્યુ પછીના જીવનની માન્યતા

4.7 બેબિલોનિયન સંસ્કૃતિની લલિતકલાઓ

4.7.1 સ્થાપત્યકલા

4.7.2 શિલ્પકલા

4.7.3 ચિત્રકલા

4.7.4 સંગીતકલા

4.8 બેબિલોનિયન સંસ્કૃતિનું સાંસ્કૃતિક જીવન

4.8.1 ભાષા-લિપિ

4.8.2 શિક્ષણ

4.8.3 સાહિત્ય

4.8.4 વિજ્ઞાન

4.9 બેબિલોનિયન સંસ્કૃતિનું પતન

4.10 સારાંશ

4.11 ચાવીરૂપ શબ્દો

4.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

4.13 બહુવૈકલ્પીક પ્રશ્નો

4.14 સ્વાધ્યાય

4.15 સંદર્ભો

## 4.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે-*

- *બેબિલોનિયન સંસ્કૃતિના રાજવંશો અને તેમની શાસન વ્યવસ્થાની જાણકારી મેળવશો.*
- *બેબિલોનિયન સંસ્કૃતિના સામાજિક અને આર્થિક જીવન અંગે માહિતી મેળવશો.*
- *બેબિલોનિયન સંસ્કૃતિના કલા, ધર્મ તથા સાંસ્કૃતિક વિકાસને સમજી શકશો.*

## 4.1 પ્રાસ્તાવિક

*સુમેરિયન સંસ્કૃતિના રાજકીય વિકાસના સંદર્ભમાં જાણ્યું તેમ ઈ.સ. પૂર્વે* 2250*ની આસપાસ પશ્ચિમી સેમેટિક તરીકે ઓળખાતી સેમેટિક જાતિની એમોરાઈટ અથવા અમુર્રુ શાખા મેસોપોટેમિયન પ્રદેશમાં પ્રવેશી અને બેબિલોન શહેર પર નિયંત્રણ મેળવ્યું. આ સાથે મેસોપોટેમીયામાં સુમેરિયન સંસ્કૃતિનો અંત શરૂ થયો અને બેબિલોન મેસોપોટેમીયાનું મુખ્ય કેન્દ્ર બન્યું. બેબિલોનમાં એમોરાઈટ અથવા પશ્ચિમી સેમેટિક નેતાએ તેમની સત્તા અને તેના ઉત્તરાધિકારીના કાળમાં બેબિલોનિયન સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. અક્કાદીયન સામ્રાજ્ય પર કબજો કરી બેબિલોનને રાજધાની બનાવી. મેસોપોટેમીયામાં જે સભ્યતા અને સંસ્કૃતિની પ્રગતિ થઈ તે બેબિલોનિયન સંસ્કૃતિ તરીકે જાણીતી બની. મેસોપોટેમીયાના દક્ષિણ ભાગમાં બેબિલોનિયન સંસ્કૃતિનો વિકાસ થયો હતો. આ એક પ્રકારની શહેરી અથવા નગરિય સભ્યતા હતી. બેબિલોનિયન સંસ્કૃતિએ જગતને કાયદાશાસ્ત્રની સંહિતાઓ આપી. એચ.જી. વેલ્સના અભિપ્રાય મુજબ છે - "એમોરાઈટ પ્રજા સૌ પ્રથમ એમોરાઈટ નદીના કિનારે એક નાનકડા શહેરમાં સ્થાયી થયા અને લગભગ સો વર્ષના સતત સંઘર્ષ અને યુદ્ધો પછી તેઓ મહાન રાજા હમ્મુરાબીના શાસન હેઠળ સમગ્ર મેસોપોટેમીયાના શાસક બન્યા." આપણે સૌ પ્રથમ બેબિલોનના રાજકીય ઈતિહાસ વિશે માહિતી મેળવીએ*

## 4.2 રાજવંશોનું શાસન

*બેબિલોનીયન સંસ્કૃતિમા* 11 *રાજવંશોએ શાસન કર્યાની માહિતી મળે છે. આ રાજવંશો આ પ્રમાણે છે:*

1. *પ્રથમ રાજવંશને અમેરીટ અથવા હમ્મુરાબી યુગ પણ કહેવામાં આવે છે. તેનું શાસન ઈ.સ. પૂર્વે ૨૨૨૫ થી* 1926 *સુધી હતું.*

2. *બીજા રાજવંશના શાસકોએ ઈ.સ. પૂર્વે* 1926 *થી* 1761 *સુધી શાસન કર્યું.*

3. *ત્રીજા રાજવંશને 'કેસાઈટ' યુગ કહેવામાં આવે છે. આ વંશના શાસકોએ ઈ.સ. પૂર્વે* 1760 *થી* 1185 *સુધી શાસન કર્યું.*

4. ચોથા રાજવંશનો સમય ઈ.સ.પૂર્વે 1184 થી 1053 સુધી હતો.

5. પાંચમા રાજવંશના શાસકો ઈ.સ. પૂર્વે 1052 થી 1032 સુધી શાસન કર્યું.

6. છઠ્ઠા રાજવંશનો સમય ઈ.સ.પૂર્વે 1031 થી 1012 બી.સી. સુધી હતો.

7. સાતમા રાજવંશના યુગને એલામાઈટ યુગ કહેવામાં આવે છે. આ વંશના શાસકોએ ઈ.સ.પૂર્વે 1011 થી 1006 બી.સી. સુધી શાસન કર્યું.

8. આઠમા રાજવંશનું શાસન ઈ.સ.પૂર્વે 1005 થી 762 સુધી હતું.

9. નવમા રાજવંશનું શાસન ઈ.સ.પૂર્વે 761 થી 732 સુધી હતું.

10. દસમા રાજવંશના યુગને એસીરીયન યુગ કહેવામાં આવે છે. તેનું શાસન ઈ.સ. પૂર્વે 732 થી 625 સુધી હતું.

11. અગિયારમા રાજવંશના યુગને નવા સામ્રાજ્યનો યુગ કહેવામાં આવે છે. જેનો સમય ઈ.સ.પૂર્વે 625 થી 536 સુધી હતું.

### 4.2.1 બેબિલોનિયન સંસ્કૃતિનો રાજકીય ઈતિહાસ :

બેબીલોનીયામાં એમોરાઈટ સેમેટીકની સત્તા સ્થાપિત કરનાર વ્યક્તિ 'સુમુ-અબુમ' નામની વ્યક્તિ હતી. 'સુમુ-અબુમ' એ ઈ.સ. પૂર્વે 2225ની આસપાસ મેસોપોટેમિયામાં બેબિલોન શહેર પર સેમેટિક એમોરાઈટનું કાયમી વર્ચસ્વ સ્થાપિત કર્યું. તે પછી 'સુમુલ-ઈલુ', 'જબુમ', "ઈમરૂમ,"'એપિલ્સિન' અને 'સિન-સબાલ્લીત' બેબીલોનિયાના શાસકો રહ્યા. બેબીલોનીયાના આ એમોરી સેમેટિક શાસકોએ ધીમે ધીમે મેસોપોટેમીયામાં પોતાની સત્તા ફેલાવી. તેણે પોતાની સત્તા અને સામ્રાજ્યની સ્થાપના કરી. સિધર, કીશ, કુઠા, નિપ્પુર વગેરે શહેરો પર તેમનું વર્ચસ્વ હતું.

### 4.2.2 હમ્મુરાબી દ્વારા સામ્રાજ્યનું વિસ્તરણ :

ઈ.સ.પૂર્વે 2123માં 'સિન-મુબાલિતનો પુત્ર 'હમ્મુરાબી' બેબિલોનિયન રાજ્યનો શાસક બન્યો. તેણે ઈ.સ.પૂર્વે.2123 થી ઈ.સ.પૂર્વે.2081 કુલ 43 વર્ષ શાસન કર્યું. બેબિલોનમાંથી મળી આવેલા માટીની તકતીઓ પરના લેખો પરથી જણાય છે કે તે શાસક બન્યો તે સમયે મેસોપોટેમિયાના સમગ્ર અક્કાદ અને સુમેર પ્રદેશના તમામ શહેરો પર બેબીલોનિયનોનું નિયંત્રણ હતું. હમ્મુરાબી પ્રતિભાશાળી અને મહત્વાકાંક્ષી શાસક હતો. તેણે બેબિલોનિયન રાજ્યને સંગઠિત અને શક્તિશાળી બનાવવાનો પ્રયાસ કર્યો. શાસક બનતાની સાથે જ તેણે ધાર્મિક ઉત્સાહ અને વહિવટી સુધારાને જાગૃત કરવા મહેલો, કિલ્લાઓ તથા મંદિરો બનાવ્યા. તેણે બેબીલોનિયાની સેનાને સુવ્યવસ્થિત કરી. હમ્મુરાબીએ તેના સામ્રાજ્યને સંગઠિત અને શક્તિશાળી બનાવવા માટે વહીવટનું એક વ્યવસ્થિત માળખું બનાવ્યું. હમ્મુરાબીએ તેના સામ્રાજ્યના લોકોની પ્રગતિ માટે કામ કર્યું.

*હમુરાબીએ ખેતીના વિકાસ માટે કીશ તથા ઈરાનના અખાત વચ્ચે સિંચાઈ માટે વિશાળ નહેર ખોદાવી. હમુરાબીએ મેસોપોટેમિયન પ્રદેશમાં વસતી વિવિધ જાતિઓમાં પ્રચલિત નિયમોનું સંકલન અને સુધારા કરી, એક નવો કાયદાસંગ્રહ તૈયાર કરાવ્યો.જેની મુખ્યધારાઓ આ મુજબ છે.*

### 4.2.3 હમ્મુરાબીની કાયદાસંહિતાની મુખ્ય ધારાઓઃ

*હમ્મુરાબીની કાયદાસંહિતામાં* 12 *પ્રકરણો અને* 285 *વિભાગો હતા, જેમાં કુલ* 3600 *રેખાઓ હતી. જે આ પ્રમાણે છેઃ*

1. *બેબિલોનિયનમાં થતા તમામ કરારો અંગે નિયમો બનાવવામાં આવ્યા હતા.*

2. *કર્જદરોને સુવિધા આપવા માટે ગીરો આપવાની પ્રથા શરૂ કરવામાં આવી હતી.*

3. *નોકરો અને માલિકો માટે કાયદા બનાવવામાં આવ્યા હતા, જેમાં તેમની ફરજોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.*

4. *રાજ્યની સેવામાં વળતર આપવાની પ્રથા શરૂ કરવામાં આવી હતી.*

5. *તબીબોની ફી અને મજૂરોનું વેતન નક્કી કરવામાં આવ્યું.*

6. *કારીગરો માટે ૩૫% અને વ્યાપારિક કામ માટે* 20% *વ્યાજ દરો નક્કી કરવામાં આવ્યા હતા.*

7. *હમુરાબીના સમયમાં મંદિરોમાં ઘણા પૈસા જમા થયા તેથી તેણે દેવાદારોને દાન આપવાની મંદિરોને ફરજ પાડી જેથી કેટલાય દેવાદારો ગુલામીમાંથી આઝાદી મેળવી શક્યા.*

*આ કાયદાસંહિતાની મુખ્ય વિશેષતાએ હતી કે, ઉચ્ચ, મધ્યમ અને નીચલા વર્ગ માટે સમાન સજા આપવાની જોગવાઈ ન હતી.*

### 4.2.4 હમ્મુરાબીના અવસાન બાદ બેબિલોનિયન સંસ્કૃતિનો રાજકીય ઇતિહાસ

*હમ્મુરાબીના અવસાન બાદ સમ્સુદિતાના આ વંશનો છેલ્લો શાસક હતો. આ સમય દરમિયાન, એનાટોલિયાના હિટ્ટાઈટ લોકોએ બેબીલોનીયાના ઉત્તર-પશ્ચિમ ભાગ પર આક્રમણ કર્યું. હિટ્ટાઈટના આક્રમણ પછી, બેબીલોનિયામાં અરાજકતા ફેલાઈ ગઈ. આ પરિસ્થિતીનો લાભ લઈને કેસ્સાઈટ લોકોએ ઈ.સ.* 1763*માં બેબીલોન કબજે કર્યું. કેસ્સાઈટ વંશના સ્થાપકને 'ગંડાશ' કહેવામાં આવતો હતો. કેસ્સાઈટ વંશના અગમે બેબિલોન પર* 22 *વર્ષ સુધી શાસન કર્યું. આમ ઈ.સ. પૂર્વે સત્તરમી સદીથી પંદરમી સદી વચ્ચે કેસ્સાઈટ વંશના તેર રાજાઓએ શાસન કર્યું. સમયાંતરે કેસ્સાઈટ વંશની સત્તા નબળી પડતા બેબિલોનિયન પ્રજાએ પુનઃ બેબિલોન પર અધિકાર મેળવ્યો. એસિરિયાના રાજા સેનાચરીબના અમલ દરમ્યાન બેબિલોનમાં બળવો થયો તેથી આ રાજવીએ*

બેબિલોનનો નાશ કર્યો. અસિરિયન અને બેબીલોનિયા વચ્ચે લગભગ ત્રણ સદીઓ સુધી યુદ્ધ ચાલુ રહ્યું. આ સમયે, સેમિટિક જાતિના લોકોએ પણ બેબીલોનિયા પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું. આ સતત હુમલાઓને કારણે બેબીલોનિયામાં અશાંતિ અને અરાજકતા ફેલાઈ ગઈ હતી. ઈ.સ. પૂર્વે 1031 થી ઈ.સ. પૂર્વે ૧૦૧૨ સુધી બેબીલોનીયામાં છઠ્ઠા રાજવંશના શાસકો શાસન કર્યું. તે પછી એલમના એક શાસકે બેબીલોન પર કબજો કર્યો અને સાતમા રાજવંશની સ્થાપના કરી. આ સાતમો રાજવંશ ઈ.સ. પૂર્વે 1006માં શરૂ થયો હતો. આ પછી આઠમા રાજવંશ શાસનની સ્થાપના થઈ. આ વંશના શાસકોએ ઈ.સ. પૂર્વે 1005 થી ઈ.સ. પૂર્વે ૭૬૨ સુધી શાસન કર્યું. થોડા સમય પછી અસિરિયનોએ બેબીલોનિયા પર કબજો જમાવ્યો. આ પછી, અસિરિયન શાસક શુર બનીપાલે સામ્રાજ્યના વિસ્તરણની નીતિ અપનાવી, પરંતુ થોડા સમય પછી બેબીલોનિયા ફરીથી સ્વતંત્ર બન્યું. આઠમો રાજવંશ ક્યારે સમાપ્ત થયો અને નવમા વંશનો ઉદભવ થયો તે અંગે કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

દસમા રાજવંશ ઈ.સ. પૂર્વે 732 થી ઈ.સ. પૂર્વે 625 દરમ્યાન વિવિધ રાજવંશોના ઓગણીસ રાજાઓ દ્વારા શાસન કરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન બેબીલોનિયા પતન તરફ આગળ વધી રહ્યું હતું. આ સમય દરમિયાન સિથિયનો, મીડીઝ અને પર્સિયન દ્વારા આક્રમણો થયા, જેના કારણે અસિરિયાની લશ્કરી શક્તિ નબળી પડી અને તેનું પતન શરૂ થયું. આ સમય દરમિયાન બેબિલોન પર 'નબોપોલાસર' નામના વ્યક્તિએ એક નવા રાજવંશની સ્થાપના કરી, જેને અગિયારમો રાજવંશ પણ કહેવામાં આવે છે પરંતુ બેબિલોનિયાના ઈતિહાસમાં નવા રાજવંશ તરીકે લોકપ્રિય છે. પ્રાચીન બેબીલોનિયાના ઈતિહાસમાં આ રાજવંશનું વિશેષ સ્થાન છે. નબોપોલાસરના સમયમાં બેબિલોનનો સર્વાંગી વિકાસ થયો હતો. તેણે એક શક્તિશાળી સૈન્ય સ્થાપ્યું હતું. નબોપોલાસરના મૃત્યુ પછી તેના પુત્ર નેબ્રુશદ્રેઝાર ગાદી પર આવ્યો. નેબ્રુશદ્રેઝાર મુત્સદી અને શક્તિશાળી રાજા હતો. તેણે બેબિલોનને અસિરિયા અને મિસરના ભયથી મૂક્ત કર્યું, તેણે બેબિલોન નગરની ફરતે ૫૬ માઈલ લાંબી દીવાલ બંધાવી. નેબ્રુશદ્રેઝારે પોતાના રાજ્યમાં બનાવેલા ઝૂલતા બગીચા બનાવ્યા હતા. ગ્રીક લોકો આ બગીચાઓને દુનિયાની સાત અજાયબીઓમાંની એક તરીકે ઓળખાવે છે.. નેબ્રુશદ્રેઝારે બેબિલોનિયનની સાંસ્કૃતિક અને આર્થિક સમૃદ્ધિમાં ઊંડો રસ લીધો. તેના સમયગાળા દરમિયાન વેપાર અને વાણિજ્યમાં મહત્વપૂર્ણ વિકાસ થયો. નેબ્રુશદ્રેઝારના મૃત્યુ બાદ બેબિલોનિયન સત્તા નબળી પડી હતી.

નેબ્રુશદ્રેઝાર મૃત્યુ પછી ધીમે ધીમે શાસનમાં પુરોહિતોનું પ્રભુત્વ વધ્યું. અમેલ મારદુક પછી આ વંશના છેલ્લો શાસક તરીકે પુરોહિત વર્ગોએ નાબોનીડાસને સિંહાસન સોંપ્યું. આ સમય દરમિયાન પર્શિયાના રાજા સાયરસે બેબીલોનિયા પર હુમલો કરીને તેને કબજે કરી લીધુ. આ રીતે બેબીલોનિયાનો પ્રદેશ પર્સિયન સામ્રાજ્યનો એક ભાગ બની

*ગયો. બેબિલોનિયન પર ઈરાનીઓની સત્તા 200 વર્ષ રહી ત્યારબાદ ગ્રીસના એલેક્ઝાંડરની સત્તા સ્થપાઈ. કહેવાય છે કે નેબુશદ્રેઝારે જે મહેલ પોતાના માટે બંધાવ્યો હતો તેમાં જ એલેક્ઝાંડર મૃત્યુ પામ્યો હતો.*

## 4.3 બેબિલોનિયન સંસ્કૃતિની શાસનવ્યવસ્થા

### 4.3.1 કેન્દ્રીય શાસન વ્યવસ્થા

*બેબિલોનિયન રાજ્યતંત્રને વ્યવસ્થિત કરવામાં હમ્મુરાબીની કાયદાસંહિતાનો ફાળો નોંધપાત્ર છે. આ કાયદાસંહિતા મુજબ બેબિલોન સંસ્કૃતિની કેન્દ્રીય વ્યવસ્થામાં રાજા વહીવટીતંત્ર તથા લશ્કરીતંત્રનો સર્વોચ્ચ વડો હતો પરંતુ ગાદી વારસનો હક વંશપરંપરાગત ન હતો. રાજાનું મુખ્ય કાર્ય પ્રદેશના વિકાસ માટે આદેશપત્રો બહાર પાડવાનું હતું. રાજા પોતાના વિશ્વાસ અને કાર્યક્ષમતાને આધારે વહીવટમાં સરળતા માટે અધિકારીઓની નિમણૂંક કરતો. આવા અધિકારીઓનું મુખ્ય કાર્ય કર વસૂલાત અને રાજ્યના ગુલામો પર નિયંત્રણ માટેનું હતું. આ અધિકારીઓ રાજાના આદેશનું નિષ્ઠાપૂર્વક પાલન કરતા. અધિકારીઓને પગાર સ્વરૂપે જમીન, પ્રાણીઓ, મકાનો અને બગીચાઓ આપવામાં આવતા. ક્યારેક સોના-ચાંદીના ટુકડા પણ આપવામાં આવતા હતા.*

### 4.3.2 પ્રાંતીય શાસન વ્યવસ્થા

*બેબિલોનિયન સંસ્કૃતિમાં રાજ્ય સામંતશાહી પ્રણાલી સાથે પ્રાંતોમાં વહેંચાયેલું હતું. મોટાભાગના પ્રાંતો પર રાજાઓ સામંતોની નિમણૂંક કરતા હતા. આ સામંતોનું મુખ્ય કાર્ય પોતાના પ્રાંતમાંથી મહેસૂલ ઉઘરાવી રાજ્યને મોકલવાનું, રાજ્યને જરૂર પડે ત્યારે લશ્કરી સહાય પૂરી પાડવાનું તથા પ્રાંતોમાં ન્યાય આપવાનું હતું. સામંતો રાજાને સંપૂર્ણ વફાદાર હતા.*

### 4.3.3 લશ્કરી વ્યવસ્થા

*બેબિલોનિયન સંસ્કૃતિમાં રાજાઓએ લશ્કરી વ્યવસ્થાના વિકાસ પર વિશેષ ધ્યાન આપ્યું હતું. રાજાઓએ કેન્દ્રીય સ્તરે વ્યવસ્થિત લશ્કરનું આયોજન કર્યું. હમ્મુરાબીએ પોતાના શાસન દરમિયાન રાજ્યના તમામ પુખ્ત વયના પુરુષો માટે લશ્કરી સેવા ફરજિયાત બનાવી. બેબિલોનિયન લશ્કરી ભરતીપક્રિયા સુમેરિયન પદ્ધતિના આધારે કરવામાં આવતી. બેબિલોનિયન સંસ્કૃતિની લશ્કરી વ્યવસ્થામાં ઘોડાઓના ઉપયોગ વિશેની માહિતી મળતી નથી. યુદ્ધના સમયે રાજાઓને પ્રાંતોમાંથી લશ્કરી સહાય લેવી પડતી હતી. કેન્દ્રીય મંત્રીઓ, અધિકારીઓ અને કર્મચારીઓએ પણ જરૂરિયાતના સમયે સૈનિકોની સેવાઓ પૂરી પાડવાની હતી.*

### 4.3.4 ન્યાય વ્યવસ્થા

*બેબિલોનિયન સંસ્કૃતિમાં ન્યાયપ્રણાલીનો વિકાસ મેસોપોટેમીયામાં હમ્મુરાબીની કાયદાસંહિતાની રચનાથી થયો. હમ્મુરાબીએ સામ્રાજ્યના વિવિધ શહેરોમાં અદાલતોની સ્થાપના કરી ન્યાયાધીશોની નિમણૂક કરી. આ ન્યાયાધીશો પૂજારીઓ અથવા મંદિરોના પ્રભાવથી સંપૂર્ણપણે મુક્ત હતા. ન્યાયપ્રણાલીની નિષ્પક્ષતા જાળવવા માટે હમ્મુરાબીએ શહેરના વૃદ્ધ લોકોને કોર્ટમાં નિયુક્ત કરવાની પ્રથા પણ શરૂ કરી. આ સાથે નાના પ્રાંતોથી લઈ કેન્દ્ર સુધી ન્યાયવ્યવસ્થા વિકસાવવામાં આવી. હમ્મુરાબીએ ન્યાયવ્યવસ્થામાં રાજાને પણ અપીલ કરવાની પદ્ધતિ વિકસાવી. હમ્મુરાબી સામ્રાજ્યમાં ન્યાયી ન્યાય સુનિશ્ચિત કરવા માટે ખૂબ જ સાવચેત હતો. તેના સમયગાળાની માટીની તખ્તીઓ પર લખેલા આદેશો દર્શાવે છે કે હમ્મુરાબી પોતે અદાલતોની કામગીરીની દેખરેખ રાખવા માટે વિવિધ અદાલતોની મુલાકાત લેતા હતા. તેમણે શહેરમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી અદાલતોના ન્યાયાધીશોને સોંપી. ન્યાયાધીશ દ્વારા ચોરી કે લૂંટ શોધવાની જવાબદારી પણ અદાલતોને સોંપવામાં આવી હતી. જો કોઈ ન્યાયાધીશ ચોરી કે લૂંટ શોધી શકતો ન હતો, તો ન્યાયાધીશે જે તે વ્યક્તિને વળતર આપવું પડતું હતું. અદાલતોમાં સામન્ય ગુના માટે દંડ કે વળતરની પ્રથા હતી જ્યારે ગંભીર ગુનાઓ માટે અંગવિચ્છેદ અને મૃત્યુદંડની સજા આપવામા આવતી.*

**(ક) તમારી પ્રગતિ ચકાસો.**

(1) *નિમ્નલિખિત પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.*

1. *બેબીલોનીયામાં એમોરાઈટ સેમેટીકની સત્તા સ્થાપિત કરનાર વ્યક્તિનું નામ જણાવો.*

_____________________________________________

_____________________________________________

_____________________________________________

_____________________________________________

_____________________________________________

2. *હમ્મુરાબીની કાયદા સંહિતામાં કુલ કેટલા પ્રકરણો હતા.*

_____________________________________________

_____________________________________________

_____________________________________________

_____________________________________________

_____________________________________________

3. *અગિયારમા રાજવંશના યુગને કયો યુગ કહેવામાં આવે છે.*

_____________________________________________

_____________________________________________

_____________________________________________

4. મેસોપોટેમીયામાં લશ્કરી  પ્રવૃત્તિઓમાં ક્યાં પ્રાણીનો ઉપયોગ હજુ શરૂ થયો ન હતો.

5. બેબિલોનિયન સામ્રાજ્યનો છેલ્લો શાસક કોણ હતું.

(2) બેબિલોનિયન સામ્રાજ્યની શાસન વ્યવસ્થા વિશે ટૂંકમાં જણાવો.

## 4.4 બેબિલોનિયન સંસ્કૃતિનું સામાજિક જીવન

### 4.4.1 સમાજનું સ્વરૂપ

*બેબિલોનિયન સંસ્કૃતિનો  સમાજ મુખ્યત્વે ત્રણ વર્ગોમાં વહેંચાયેલો હતો, ઉચ્ચ, મધ્યમ અને નીમ્ન. ઉચ્ચ વર્ગમાં રાજા, તેનો પરિવાર, સંબંધીઓ, જાગીરદારો, પુરોહિતો વગેરેનો સમાવેશ થતો હતો. આ વર્ગ 'અબિસમ' અથવા 'અમેલુ' તરીકે ઓળખાતો હતો. મધ્યમ વર્ગમાં મજૂરો, ખેડૂતો, બુદ્ધિજીવીઓ, સામાન્ય વેપારીઓ, કારીગરો વગેરેનો સમાવેશ થતો આ વર્ગ 'મુસ્કેનમ' તરીકે ઓળખાતો. નીમ્ન વર્ગમાં ગુલામોનો સમાવેશ થતો હતો. આ સમયે બેબિલોનિયન સંસ્કૃતિમાં ચાર પ્રકારના ગુલામો હતા* (1) *જેઓ જન્મથી ગુલામ હતા.*(2) *જે વ્યક્તિ દેવું ચૂકવવામાં અસમર્થ હોય, તો તેને ગુલામ બનાવવામાં આવતો અને તે ગુલામ તરીકે તેના માલિકની સેવા કરીને સ્વતંત્રતા મેળવી શકતો હતો* (3) *ખરીદી કરી બનાવેલા ગુલામો* (4) *યુદ્ધના કેદીઓ તરીકે બનાવેલા ગુલામો. ગુલામોના વર્ગને 'અરદુ' તરીકે ઓળખવામાં આવતો. આ સંસ્કૃતિમાં મધ્યમ વર્ગના લોકો ઉચ્ચવર્ગની જેમ સ્વતંત્ર હતા. જ્યારે ગુલામોની હાલત દયનીય હતી. આ સંસ્કૃતિમાં  દેવું ચૂકવી દેનાર તથા સખત મહેનત કરતા ગુલામોને ગુલામીમાંથી મુક્ત થવાનો અધિકાર હતો.*

### 4.4.2 ખોરાક

*બેબિલોનિયન પ્રજાનો મોટો વર્ગ શાકાહારી હતો તેઓ ખોરાકમાં અનાજ, કઠોળ, ખજૂર, ફળોનો વિશેષ ઉપયોગ કરતા. પશુપાલન પૂરક વ્યવસાય હોવાથી ખોરાકમાં દૂધનો પણ ઉપયોગ કરતા. ધનિકો તહેવારો પર આહારમાં માંસાહાર કરતા.*

### 4.4.3 પોશાક

*આ સંસ્કૃતિના લોકોનો પહેરવેશ સામાન્ય હતો, તેઓ ઊનના કાપડમાંથી બનાવેલા વસ્ત્રો પર સુંદર ભરતકામ કરી પહેરતા. પુરુષો કમર નીચે લાંબા કપડા પહેરતા હતા. સ્ત્રીઓ પોતાના શરીરના ઉપરના ભાગને ઢાંકતી અને જમણા હાથનો ઉપરનો ભાગ ખુલ્લો રાખતી. આ સંસ્કૃતિના લોકો શરૂઆતમાં સફેદ કપડાં પહેરતા, પરંતુ પાછળથી તેઓ લાલ અને અન્ય રંગીન કપડાંનો પણ ઉપયોગ કરવા લાગ્યા હતા.*

### 4.4.4 અલંકારો

*આ સંસ્કૃતિના સ્ત્રી-પુરૂષો આભૂષણોના શોખીન હતા. સ્ત્રીઓ ગળા, હાથ,પગ અને કાનમાં ઘરેણાં પહેરતી હતી. પુરૂષો સામાન્ય રીતે હાથ પર ઘરેણા પહેરતા. આ સંસ્કૃતિના આભૂષણો કઇ ધાતુના હશે તેની ચોક્કસ માહીતી મળતી નથી.*

### 4.4.5 આનંદ-પ્રમોદના સાધનો

*આ સંસ્કૃતિના લોકો શિકાર,સંગીત,નૃત્ય અને રમતો દ્વારા પોતાનું મનોરંજન કરતા હતા. સમાજનો ઉપલો વર્ગ સંગીત અને નૃત્યનો શોખીન હતો. આ સમયે  વાંસળી, સારંગી,વીણા, રણશિંગુ, નગારુ, ઝાંઝ, ડફ વગેરે સંગીતનાં સાધનો હતાં. ઉપલા વર્ગના લોકો ધાર્મિક તહેવારો અને મેળાવડામાં ગણિકાઓના  નૃત્યગાનથી મનોરંજન મેળવતા. રાજાઓ સિંહના શિકારના શોખીન હતા. મધ્યમ અને નિમ્ન વર્ગના લોકો પશુઓની સાઠમારી, પશુઓની હરીફાઇ જેવી પ્રવૃતિઓ દ્વારા મનોરંજન મેળવતા.*

### 4.4.6 સ્ત્રીઓની સ્થિતિ

*બેબિલોનિયન સંસ્કૃતિમાં સ્ત્રીઓનું સ્થાન નીચું હતું. સ્ત્રીઓની મુખ્ય ફરજો સંતાનો પેદા કરવા, ઘરકામ કરવું, પતિની જાતીયવૃત્તિ સંતોષવી વગેરે હતી. ધનિક વર્ગની સ્રિઓ પુરૂષ જેટલા અધિકારો આપવામાં આવેલા હતા. ધનિક વર્ગની સ્ત્રીઓ શિક્ષણ મેળવતી, વ્યાવસાયિક પ્રવૃતિઓમાં ભાગ લેતી, વેપાર કરતી હતી. આ વર્ગની સ્ત્રીઓને લગ્ન, છૂટાછેડા અને પુર્નલગ્ન માટે સ્વતંત્રતા આપવામાં આવેલી હતી. ઉપલા વર્ગની સ્ત્રીઓ માટે આજની પડદાપ્રથા જેવી પ્રથા પ્રચલિત હતી. ડૉ. એસ. આર. ગોયલે લખ્યું છે કે, "બેબિલોનિયન સમાજમાં મહિલાઓને જે સ્વતંત્રતા અને પ્રતિષ્ઠા મળી હતી તે વૈદિક ભારત અને સંભવતઃ ઈજિપ્ત સિવાય અન્ય કોઈ પ્રાચીન સંસ્કારી દેશમાં જોવા મળી*

*નથી." ધનિક વર્ગની સ્ત્રિઓ કરતા મધ્યમ વર્ગ તથા નિમ્ન વર્ગની સ્ત્રીઓની સ્થિતી ખૂબ જ ખરાબ હતી.*

### 4.4.7 લગ્નવ્યવસ્થા

*બેબિલોનિયન સમાજ સંગઠિત પારિવારિક જીવન પર આધારિત હતો. પરિવારમાં માતા અને પિતાનો સમાન અધિકાર હતો. બાળકો પર તેમનું કડક નિયંત્રણ હતું. માતા-પિતાની મિલકત પર દિકરા અને દિકરીઓનો સમાન અધિકાર હતો. આ સંસ્કૃતિમાં લગ્નએ કાનૂની સ્વરૂપ લીધું હતું. અદાલતોમાં સાક્ષીઓની સામે લેખિત કરાર પછી કાયમી વૈવાહિક સંબંધો થતા. લગ્નમાં માતા-પિતાની ઈચ્છા પ્રાથમિકતા હતી. સમાજમાં એકપત્નીત્વ લગ્નપ્રથા પ્રચલિત હતી. લગ્ન પછી સ્ત્રી પુરૂષના ઘરમાં રહેતી હતી, પરંતુ તેના પિતાની મિલકત પર તેનો સમાન અધિકાર હતો. લગ્ન પછી વ્યભિચાર કરનાર સ્ત્રી અને પુરૂષ ગુનેગાર માનવામાં આવતા કાયદા મુજબ આવા સ્ત્રી-પુરૂષને ડૂબાડીને મારી નાખવામાં આવતા. આ સંસ્કૃતિમાં ગૃહજીવનની બેદરકારી, વ્યભિચાર અને વંધ્યત્વ જેવા કારણોસર પણ લગ્નવિચ્છેદ થઈ શકતો હતો.*

## 4.5 બેબિલોનિયન સંસ્કૃતિની આર્થિક સ્થિતિ

*બેબિલોનિયન સંસ્કૃતિના સામાજિક જીવન બાદ તેની આર્થિક પરિસ્થિતિ વિશે માહિતી મેળવીએ.*

### 4.5.1 ખેતી અને પશુપાલન

*બેબિલોનિયન સંસ્કૃતિનો મોટો વર્ગ ખેતી પર નિર્ભર હતો. અહીંની મોટાભાગની જમીન રાજા, ધર્મગુરૂઓ, જમીનદારો તથા ધનિક વેપારીઓ હસ્તકની હતી. આવી જમીનોમાં ગુલામો અને મજૂરો દ્વારા ખેડવામાં આવતી. આ સંસ્કૃતિની જમીન ફળદ્રુપ હોવાથી અનાજના વિશાળ કણો ઉગતા હતા. અહીની પ્રજા અનાજ, ખજૂર, ફળ અને દ્રાક્ષની ખેતી કરતી હતી. બેબીલોનિયાની સંસ્કૃતિમાંમાં ખેતીના વિકાસ માટે રાજ્ય તરફથી સિંચાઈ માટે નહેરોની વ્યવસ્થા કરવામાં આવી હતી. બેબીલોનીયાના પ્રથમ વંશના તમામ રાજાઓએ નવી નહેરો બાંધી અને જૂનીની મરામત કરવી હતી. હમ્મુરાબીએ ઘણી મોટી નહેરો પણ બનાવી જેમાંથી સૌથી પ્રખ્યાત નહેરનું નામ હમ્પુરાબી હતું. ઈતિહાસના પિતા હેરોડોટસ જણાવે છે કે - "આપણે જેટલા દેશો વિશે જાણીએ છીએ, તેમાં એવો કોઈ દેશ નથી કે જે ખોરાકના ઉત્પાદનમાં બેબિલોનિયન જેટલો સમૃદ્ધ હોય. તે એટલો સમૃદ્ધ છે કે તે બસ્સો ગણું ઉત્પાદન કરે છે."*

બેબીલોનિયામાં ખેતીનો પૂરક વ્યવસાય પશુપાલન હતો. સામાન્ય રીતે આ સંસ્કૃતિના લોકો દુધાળા ઢોર પાળતા. ઉનમાંથી કાપડ બનાવવામ માટે ઘેટા, વેપારમાં માલની હેરફેર માટે ગધેડા અને ઘોડાનો ઉપયોગ કરવામાં આવતો.

### 4.5.2 ઉદ્યોગ

બેબીલોનીયાની સંસ્કૃતિના મળી આવેલા અવશેષો પરથી જાણવા મળે છે કે આ સંસ્કૃતિના લોકોનો મુખ્ય ઉદ્યોગ કપાસની ખેતી દ્વારા સુતરાઉ કાપડ તથા ઘેટાના ઉનમાંથી ઊનનું કાપડ તૈયાર કરવાનો હતો. આ કાપડ પર સુંદર ભરતકામ કરી પરદેશમાં નિકાસ કરવામાં આવતું.

આ સંસ્કૃતિની ભૂમિ ખનીજોથી સમૃદ્ધ હોવાથી તાંબુ, સીસુ, લોખંડ, ચાંદી અને સોનું જેવી ધાતુઓને ઓગાળી તેમાથી ઓજારો અને અલંકારો બનાવવાના ઉદ્યોગો પણ વિકસ્યા હતા. આ સિવાય માટીમાંથી ઈંટો,માટીના વાસણો અને લાકડામાંથી વસ્તુઓ બનાવવાના ઉદ્યોગોના પણ વિકાસ થયેલો જોવા મળે છે.

### 4.5.3 વ્યાપાર વાણિજ્ય

બેબીલોનિયાની સંસ્કૃતિમાં વેપાર ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થઈ હતી. આ સંસ્કૃતિના આર્મેનિયામાંથી તાંબુ, સીરિયા અને ઈરાનમાંથી ટીન, એલમમાંથી ચાંદી, સીરિયામાંથી દેવદાર, ઈજિપ્તમાંથી સોનું, અરેબિયામાંથી મસાલા અને સાગનું લાકડું અને ભારતમાંથી કિંમતી રત્નોની આયાત કરતા હતા. જ્યારે બેબીલોનીયાથી સુંદર માટીકામની ચીજ વસ્તુઓ, વિવિધ પ્રકારના શસ્ત્રો, સુતરાઉ અને ઊનનું ભરતકામવાળું કાપડ, ઓજારો, અત્તર, ચામડાની વસ્તુઓ અને અનાજ વગેરેની પરદેશમાં નિકાસ કરવામાં આવતી હતી. આ સંસ્કૃતિના વેપારની કમનસીબી એ છે કે અહીંના વેપારને રાજ્ય તરફથી રક્ષણ મળેલું ન હતું. તેથી વેપારીઓને જમીનમાર્ગે વેપારમાં લૂંટારાઓનો તથા જળમાર્ગે વેપારમાં ચાંચિયાઓનો ત્રાસ સહન કરવો પડતો હતો.

બેબિલોનિયન સંસ્કૃતિમાં ચલણી નાણું ન હોવાથી આંતરિક વ્યાપારમાં બદલાપદ્ધતિ (વિનિમય) પ્રચલીત હતી, જ્યારે પરદેશ સાથે સોનું અને ચાંદી વિનિમયના માધ્યમ તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો. આવા સોના-ચાંદીના ટુકડા શેકલ કહેવાતા સામાન્ય રીતે આ સમયે તોલનુ પ્રમાણ આ પ્રમાણે હતું. 60 શેકલ-1 મીના એક શેકલની કિંમત 12 થી 24 રૂપિયા જેટલી હતી. આ શેકલ અને મીના રાજ્ય દ્વારા નિર્ધારિત વજનના માપો હતા. માલની આયાત અને નિકાસ માટેના જે નિયમો તૈયાર કરવામાં આવ્યા હતા. તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે આ સમયે વેપાર પર રાજ્યનું કડક નિયંત્રણ હતું.

સમ્રાટ હમ્મુરાબીની કાયદાસંહિતાએ વેપારમાં આવતા અવરોધો દૂર કરવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. આ કાયદાસંહિતા મુજબ બેબિલોનનો કોઈપણ વેપારી પૈસાના

*અભાવે વિનિમયથી માલ ખરીદી શકતો હતો. આ વેપારીને પૈસા ઉધાર આપવાનું કામ ધર્મગુરૂઓ કરતા હતા. મંદિરોમાં જમા થયેલા પૈસા વ્યાજ ઉપર વેપારીઓને આપવામાં આવતા. આમ આ સંસ્કૃતિમાં મંદિરો આજ સમયની બેંકો જેવુ કાર્ય કરતા હતા. તેથી કહી શકાય કે સૌ પ્રથમ બેબિલોનિયન સંસ્કૃતિ દ્વારા બેંકિંગ વ્યવસ્થા વિકસાવવામાં આવી હતી. બેબિલોનિયન શાસકો મુક્ત સ્પર્ધામાં માનતા ન હતા. તેમ છતાં વેપાર, બેંકિંગ અને ઉદ્યોગ રાજ્ય સંચાલિત હતા. જેના પરિણામે આર્થિક રીતે સમૃદ્ધ બેબિલોનિયનની પ્રજા સુખી અને વૈભવી જીવન જીવતી હતી.*

### (ખ) તમારી પ્રગતિ ચકાસો

(1) *નીચેના વિધાનો ખરા(✓ ) છે કે ખોટા(×)? તપાસો.*

1 *બેબિલોનિયન સમાજનો ઉચ્ચ વર્ગ 'મુસ્કેનમ' તરીકે ઓળખાતો હતો.*

2. *બેબિલોનિયન સમાજમાં ઉચ્ચ વર્ગની સ્ત્રીઓ પુરુષો માફક શિક્ષણ લઈ શકતી ન હતી.*

3. *હેરોડોટસના મતે, 'બેબિલોનિયન ખોરાકના ઉત્પાદનમાં સૌથી વધુ સમૃદ્ધ હતું.'*

4. *બેબિલોનિયન સંસ્કૃતિના પશુપાલકો ડુક્કર અને ઊંટ પણ પાળતા હતા.*

5. *બેબિલોનિયન શાસકો મુક્ત સ્પર્ધામાં માનતા હતા.*

(2) *બેબિલોનિયનની સંસ્કૃતિના સામાજિક જીવનની સમીક્ષા કરો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 4.6 બેબિલોનિયનની સંસ્કૃતિનું ધાર્મિક જીવન

*બેબિલોનિયન સંસ્કૃતિમાં ધર્મનો હેતુ મોક્ષની પ્રાપ્તિ કરવાનો ન હતો પરંતુ ભૌતિક લાભ પ્રાપ્ત કરવાનો અને ભયમાંથી મુક્તિ મેળવવાનો હતો. અહીંના લોકો એવા જ દેવતાઓની પૂજા કરતા હતા જેમનાથી તેમને ભૌતિક લાભો મળતા હતા અથવા જેમનાથી તેમને વિનાશનો ડર હતો. તેઓ ભૂત અને આત્માઓની પણ પૂજા કરતા હતા, જેથી તેઓ સુખી થાય અને વિનાશનો ભોગ ન બને.આપણે સૌ પ્રથમ બેબિલોનિયન સંસ્કૃતિના દેવી-દેવતા વિશે જાણકારી મેળવીએ.*

### 4.6.1 દેવી-દેવતા

*બેબિલોનિયનની સંસ્કૃતિ ધર્મપ્રધાન હતી. રાજ્ય ધર્મનુ દાસ હતું અને રાજા દેવનો પ્રતિનિધિ હતો. રાજ્ય દ્વારા દેવ-દેવીઓના નામે કર ઉઘરાવવામાં આવતા. આ સંસ્કૃતિના લોકો બહુદેવવાદી હતા. દરેક શહેર, કુટુંબ અને વ્યક્તિના પોતાના દેવતા હતા.*

*વિદ્વાનોનું માનવું છે કે આ યુગમાં ૬૫ હજાર દેવી-દેવતાઓની પૂજા થતી હતી. આ સંસ્કૃતિના લોકોનો મુખ્ય દેવ સૂર્ય અને મર્દુક (સૂર્યનો પુત્ર) હતા. અહીંના લોકો માનતા હતા કે સૂર્ય અને મર્દુકે રાક્ષસોને હરાવી પૃથ્વી પર શાંતિ સ્થાપી હતી. મર્દુકનું વિશાળ મંદિર બેબીલોનીયામાં આવેલું હતું, આ મંદિરના પથ્થરો પર હમ્મુરાબીએ કાયદાસંહિતાની કલમો કોતરાવી હતી. લારસા શહેરમાં સૂર્યનું પ્રસિદ્ધ મંદિર બનાવવામાં આવ્યું હતું. આ સિવાય બેબિલોનિયન સંસ્કૃતિમાં 'અનુ' (આકાશના દેવતા), 'અન્નર' (ચંદ્ર), 'બેલ' (પૃથ્વીના દેવ), 'તમુઝ' (વનસ્પતિ અને ઉપજના દેવતા), 'ઈસ્ટર' (પ્રેમની દેવી) વગેરે જેવા દેવી-દેવતાઓની પૂજા કરવામાં આવી હતી. આ ઉપરાંત બેબિલોનિયન સંસ્કૃતિમાં દરેક ગામડા તથા શહેરોના સ્વતંત્ર દેવ હતા. બેબિલોનિયન સંસ્કૃતિના દેવો મનુષ્ય જેવા જ હતા. તેમના આહાર-વિહાર અને આચાર મનુષ્ય જેવા જ હતા. તેઓ મંદિરોમાં નિવાસ કરતા, મંદિરમાં રહેતી સ્ત્રીઓ સાથે સમાગમ કરી સંતાનો પેદા કરતા. બેબિલોનિયન સંસ્કૃતિના દેવતાઓની સવાર સાંજ ધૂપ, દીપથી પૂજા કરવામાં આવતી તથા તહેવારો પર ખોરાક, પીણાં, માંસનો ભોગ આપવામાં આવતો. બેબિલોનિયન સંસ્કૃતિના મુખ્ય તહેવારો સમયે દેવતા મર્દુકનું સરઘસ કાઢવામાં આવતું તો બેબિલોનિયન સંસ્કૃતિની સ્ત્રીઓ ઈસ્ટરના મંદિરમાં પોતાનું કૌમાર્ય અર્પણ કરતી.ટુંકમાં બેબિલોનિયન સંસ્કૃતિનો મનુષ્ય ધર્મનો દાસ હતો.*

### 4.6.2 ધર્મગુરૂઓ

*બેબિલોનિયનની સંસ્કૃતિમાં ધર્મગુરૂઓના વર્ગને ત્રણ ભાગોમાં વહેંચવામાં આવ્યો હતો - પ્રથમ વર્ગમાં તેવા ધર્મગુરૂઓ આવતા જે જાદુ દ્વારા રાક્ષસોને ભગાડીને લોકોનું રક્ષણ કરતા, બીજા વર્ગમાં એવા ધર્મગુરૂઓ આવતા જે ભવિષ્યવાણી કરતા, જ્યારે ત્રીજા વર્ગમાં એવા પૂજારીઓ આવતા જે સંગીતના માધ્યમથી મંદિરોમાં દેવતાઓ માટે પ્રાર્થના કરતા હતા.*

*આ સંસ્કૃતિમાં પ્રથમ વર્ગમાં આવતા ધર્મગુરૂઓનું ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું હતું જે જાદુનો અભ્યાસ કરી લોકોને ભૂત-પ્રેતથી બચાવતા. તેથી લોકો આવા ધર્મગુરૂઓને માન આપતા અને તેમનાથી ડરતા હતા. આ ઉપરાંત આ ધર્મગુરુઓ ભગવાન અને માણસ વચ્ચે મધ્યસ્થી તરીકેનું કાર્ય કરતા. આ ધર્મગુરૂઓનો એક વિશેષ વર્ગ 'દૈવગ્ય' કહેવામાં આવતો, જેનું મુખ્ય કાર્ય શુભ સમય અને શુકન જણાવવાનું હતું. આ ધર્મગુરૂઓ દેવતાઓને ઘેટાંનું બલિદાન આપતા અને ઘેટાંના લોહીથી નિશાની જોઈને ભવિષ્યવાણી કરતા. ધર્મગુરૂઓના બીજા વર્ગમાં જ્યોતિષીઓનો સમાવેશ થતો હતો. તેઓ નક્ષત્રોનો અભ્યાસ કરતા અને રાજ્ય પર તેમની શુભ અને અશુભ અસરોની આગાહી કરતા. આ લોકો પંચાંગ તૈયાર કરતા હતા અને નવા વર્ષનું નામ પણ રાખતા હતા. દર વર્ષને એક નામ આપવામાં આવતું હતું, જેનું ધાર્મિક મહત્વ હતું. યુરોપિયનોએ જ્યોતિષનું જ્ઞાન બેબીલોનના લોકો પાસેથી મેળવ્યું હતું. ધર્મગુરૂઓના ત્રીજા વર્ગમાં એવા પૂજારીઓ*

આવતા હતા, જેઓ દરરોજ સવારે અને સાંજે સંગીત, અને ધૂપ દ્વારા દેવતાઓની પૂજા કરતા હતા. જો કે આ તમામ પ્રકારની પૂજામાં શ્રદ્ધા અને ભક્તિનો સદંતર અભાવ હતો.

આ તમામ ધર્મગુરૂઓ પાસે અબાધિત સત્તા હોવાથી તેઓ વિલાસી અને દુરાચારી જીવન જીવતા હતા. મંદિરોની સમદ્ધિનો તેઓ મન ફાવે તેમ ઉપયોગ કરતા. સમાજમાં ખોટા વહેમો અને માન્યતાઓ ફેલાવવામાં ધર્મગુરૂઓનો ફાળો સવિશેષ હતો. આ ધર્મગુરૂઓએ દેવો તથા ધાર્મિક ક્રિયાઓના નામે આ સંસ્કૃતિના લોકોને ધર્મના દાસ બનાવી દિધા હતા.

### 4.6.3 મૃત્યુ પછીના જીવનની માન્યતા

બેબિલોનિયન સંસ્કૃતિમાં મૃત્યુ પછીના જીવનનો ઉલ્લેખ 'ગિલ્ગામેશ આખ્યાન' નામના મહાકાવ્યમાં કરવામાં આવ્યો છે. આ મહાકાવ્યના બારમા વિભાગમાં ઉલ્લેખ છે કે જ્યારે ગિલ્ગામેશ તેની વૃદ્ધાવસ્થામાં અમરત્વ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય છે ત્યારે તે દેવી ઈઆ પાસે પોતાના મૃત્યુ પામેલા મિત્રિ એક્કુડુને ફરી એક વાર મળવા માટેની વિનંતી કરે છે. ઈશ્વર તેની વિનવણીથી તેના મિત્ર એક્કુડુની આત્મા સાથે મુલાકાત કરાવે છે. એક્કુડુની આત્મા ગિલ્ગામેશને કહે છે કે જો મૃત્યુ પછી શબ પાસે ખોરાક રાખવામાં આવતો નથી, તેથી જંતુઓ શબને ચાટી જાય છે આવી વ્યકિતનો આત્મા પ્રેત બની લોકોને હેરાન કરે છે, શહેરોમાં રોગાચાળો ફેલાવે છે. તેથી એક્કુડુ પોતાના મિત્ર ગિલ્ગામેશને પોતાના શબ પાસે ખોરાક મૂકી પોતાના આત્માની મોક્ષપ્રાપ્તિ માટે વિનંતી કરે છે. ગિલ્ગામેશ પોતાના મિત્રની ઈચ્છા પૂર્ણ કરી તેના આત્માને મોક્ષ અપાવે છે. આ આખ્યાન પરથી બેબીલોનિયનો માનતા હતા કે મૃત્યુ પછી વ્યક્તિ બીજી દુનિયામાં જાય છે. એટલા માટે વ્યક્તિના મૃતદેહની સાથે કબરમાં ખોરાક અને તેની પ્રિય વસ્તુઓ રાખવામાં આવતી હતી. જેથી તે વ્યક્તિ આગામી વિશ્વમાં શાંતિથી જીવી શકે. જો તેઓ આમ નહિ કરે તો તે વ્યક્તિ પ્રેત બની બીજાને તકલીફ આપશે અને તેના આત્માને શાંતિ મળી શકશે નહી.

## 4.7 બેબિલોનિયનની સંસ્કૃતિની લલિતકલાઓ

બેબિલોનિયન સંસ્કૃતિમાં સ્થાપત્યકલા, શિલ્પકલા, ચિત્રકલા અને સંગીતકલા વિશેની માહિતી આ પ્રમાણે છે.

### 4.7.1 સ્થાપત્યકલા

બેબિલોનિયનની સંસ્કૃતની લલિતકલાઓ પર ધર્મનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. અહીંથી મળી આવેલા સાહિત્ય પરથી આ સમયની સ્થાપત્યકલા વિશે માહિતી મળે છે. આ સંસ્કૃતિના શાસકોએ વિશાળ અને ઊંચા મંદિરો બંધાવ્યા હતા, જેનો ટોચનો ટાવર સોનાથી શણગારવામાં આવ્યો હતો. મંદિરોની સામે પિરામિડ જેવા ' જિગ્ગુરાત' બનવામાં આવતા જે આ સંસ્કતિનું સ્થાપત્યકલાનું ઉત્તમ ઉદાહરણ છે. બેબિલોનના લોકો

*જિગ્ગુરાતને 'તારાઓનું સ્ટેજ' કહેતા. છે. જિગ્ગુરાતની ટોચ પર સૂર્યદેવનું મંદિર હતું, આ મંદિરનો રંગ સોનેરી હતો. સૌથી નીચે શનિનું મંદિર હતું જેનો રંગ કાળો હતો. બેબિલોનના રાજા નેબુશડ્રેઝારે સાત માળનું વિશાળ જિગ્ગુરાત બંધાવ્યું હતું જે બાઇબલમાં 'ટાવર ઓફ બાઈબલ'થી ઓળખાય છે.*

*આ સંસ્કૃતિના લોકો ઈંટ અને માટીથી મકાનો બાંધતા. મકાનોમાં હવા-ઉજાસ માટે બારીબારણા રાખવામાં આવતા. ગંદા પાણીના નિકાલ માટે ખાળકુંડીઓ તથા નીકો બનાવવામાં આવતી. અહીંના કારીગરો ઈંટો પર સુંદર ભાસ્કર્ય અંકિત કરતા. બેબિલોનિયનના રાજવીઓએ મહેલો અને ઝુલતા બગીચા તૈયાર કરાવ્યા હતા જે આ સંસ્કૃતિની સ્થાપત્યકલાની વિશેષતા દર્શાવે છે.*

### 4.7.2 શિલ્પકલા

*બેબિલોનિયન સંસ્કૃતિમાં શિલ્પકલાનો વિકાસ થયેલો જોવા મળતો નથી પરંતુ અહીથી મળી આવેલા સાહિત્ય પરથી જાણવા મળે છે કે બેબિલોન રમકડાંની બાબતમાં ખૂબ પ્રખ્યાત હતું. અહીં બનાવેલા રમકડાં જેવા કે વાંદરો, ગાડું, ગાય, ગધેડો, હરણ અને સિંહ કલાની દૃષ્ટિએ ઉત્તમ ગુણવત્તાના હતા. આમ, બેબિલોનિયન સંસ્કૃતિના રમકડાંને શિલ્પકલાનું પ્રતીક ગણાવી શકાય.*

### 4.7.2 ચિત્રકલા

*બેબિલોનિયન સંસ્કૃતિમાંથી ચિત્રકલાના કોઈ નમૂના મળ્યા નથી પરંતુ જર્મનીના સંગ્રહાલયમાં સચવાયેલા બેબિલોનના મહેલો તથા મકાનોની દિવાલોના નમૂના પર કેટલાક ચિત્રો જોવા મળે છે પરંતુ તે ખંડિત અવસ્થામાં હોવાથી તે સ્પષ્ટ જોઈ શકાતા નથી..*

### 4.7.3 સંગીતકલા

*બેબિલોનિયન સંસ્કૃતિના લોકો સંગીત જાણતા હતા. અહીના લોકો વાંસળી, સારંગી,વીણા, રણશિંગુ, નગારુ, ઝાંઝ, ડફ, ડમરૂ વગેરે જેવા વાદ્યોથી પરિચિત હતા. મંદિરોમાં ધાર્મિક તહેવારો નિમિત્તે ગાયકો સમૂહ મંત્રગાન કરતા હોવાની માહિતી મળે છે. આ સિવાય ગણિકાઓ મંદિરો તથા મહેલોમાં નૃત્ય કરતી હતી. આ સંસ્કૃતિની મહત્વની બાબત એ છે કે આ સંસ્કૃતિની કલાના દરેક પાસાંઓ પર સુમેરિયન સંસ્કૃતિની કલાનો પ્રભાવ જોવા મળે છે.*

## 4.8 બેબિલોનિયન સંસ્કૃતિનું સાંસ્કૃતિક જીવન

*બેબિલોનિયન સંસ્કૃતિના સાસ્કૃતિક જીવન અંગે ભાષા-લિપિ, શિક્ષણ, સાહિત્ય અને વિજ્ઞાનના ક્ષેત્રમાં થયેલા વિકાસની માહિતી નીચે મુજબ છે.*

### 4.8.1 ભાષા-લિપિ

*બેબિલોનિયન સંસ્કૃતિની ભાષા સેમેટિક હતી. જેમા 300 ચિહ્નો હતા. બેબિલોનિયન સંસ્કૃતિના લોકો લેખન કળાને વધુ મહત્વ આપતા હોવાથી તેમણે સુમેરિયન સંસ્કૃતિની 'ક્યુનિફોર્મ' લિપિના સચિત્ર શબ્દોને ધ્વન્યાત્મક સ્વરૂપ આપ્યું હતું. બેબિલોનિયન સંસ્કૃતિમાં સુંદર લિપિ લખનારને વધુ આદર આપવામાં આવતો હતો. ક્યુનિફોર્મ લિપિ અપનાવતા પહેલા બેબીલોનીઓએ તેમાં ઘણા સુધારા કર્યા. બેબિલોનિયન સંસ્કૃતિની લિપિમાં 300 ચિહ્નો હતા. આ સંસ્કૃતિની લિપી અઘરી હતી. આ સંસ્કૃતિની લિપિનો એક શિલાલેખ બહિસ્તાન પ્રદેશમાંથી મળી આવેલો છે. જેને બ્રિટીશ રાજદૂત હેન્રી રાવલિન્સને 12 વર્ષની (ઈ.સ.1835-47)ની અથાગ મહેતન પછી ઉકેલ્યો હતો. આ શિલાલેખ પરથી આ સંસ્કૃતિની લિપિ વિશે ચોક્કસ માહિતી મળે છે.*

### 4.8.2 શિક્ષણ

*લેખનકલાની સાથે બેબિલોનિયન સંસ્કૃતિમાં શિક્ષણનો વિકાસ પણ થયેલો હતો. આ સમયે મંદિરો શિક્ષણના મુખ્ય કેન્દ્રો હતો. જેમા ધર્મગુરૂઓ દ્વારા શિક્ષણ આપવામાં આવતું. સુમેરિયન સંસ્કૃતિની જેમ આ સંસ્કૃતિમાં પણ લહિયા અને કારકૂન તૈયાર કરવા માટે શિક્ષણ પર પણ ભાર મૂકવામાં આવ્યો. લહિયાઓને માટીની તકતીઓ પર ફાચર લિપિમાં લખાણ તૈયાર કરવાનું શીખવવામાં આવતું. લખાણ લખવા માટે કિત્તાનો ઉપયોગ કરવામા આવતો. લખાણથી જ્યારે આખી તકતી ભરાઈ જતી ત્યારે તેને સૂકવીને પકવવામાં આવતી. બેબિલોનિયનના રાજા અસુરબાનીપાલે પોતાના ગ્રંથાલયમાં આવી 30 હજાર તકતીઓ સાચવી હોવાની સાહિત્યિક માહિતી મળે છે.*

*સમ્રાટ હમ્મુરાબીના સમયની એક શાળાના અવશેષો મળી આવેલા. આ શાળામાં ૫૫ ચોરસ ફૂટ વિસ્તાર સાથે એક માળ ધરાવતી હોવાની માહિતી મળે છે. આ શાળામાંથી 4000 વર્ષ જૂની માટીની તકતીઓ (અભ્યાસ પુસ્તકો) મળી આવેલી છે. અહીં એક વર્ગના બોર્ડ પર વાક્ય લખેલું છે - "જેઓ સુંદર લેખ લખવાની કળામાં નિપુણતા મેળવે છે તેઓ સૂર્યની જેમ ચમકશે." અહીં વિદ્યાર્થીઓને શરૂઆત લખતા લિપિના 300 ચિહ્નો મોઢે કરાવવામાં આવતા ત્યારબાદ જ લખતા અને વાંચતા શિખવવામાં આવતું. લિપિનું જ્ઞાન ધરાવતા વિદ્યાર્થીને જ ભાષા, ગણિત, ભૂમિતિવિદ્યા, ખગોળશાસ્ત્ર, તબબીશાસ્ત્ર, કાયદાસંહિતા, ધર્મ જેવા વિષયોનું શિક્ષણ આપવામાં આવતું હતું. આ સિવાય*

ઉચ્ચ વર્ગના છોકરાઓને ધનુષ્યનો ઉપયોગ કરી શિકારનું જ્ઞાન અપાતું. તથા છોકરીઓને સંગીત અને નૃત્યનું શિક્ષણ આપવામાં આવતું હતું.

**4.8.3 સાહિત્ય**

બેબિલોનિયન સંસ્કૃતિના સાહિત્ય પર ધર્મનો પ્રભાવ વિશેષ જોવા મળે છે. આ સંસ્કૃતિના લોકોએ કવિતા રૂપે રચેલી વાર્તાઓ સાહિત્યની વિશેષતા છે. આ સમયની લોકપ્રિય પદ્યવાર્તાઓમાં 'ભાગ્યલેખ', 'એટન ગડરીએની વાર્તા', 'આકાશમાં ઊડતા માણસની સૌથી જૂની વાર્તા', 'અમદ માછીમારની વાર્તા' વગેરે ખાસ નોંધનીય છે. આ વાર્તાઓ ઉપરાંત દેવસ્રોત અને ઉપાસના ગીતો પણ સાહિત્યમાં મહત્વનું સ્થાન ધરાવે છે. આ ગીતોમાં માણસે કરેલા પાપોની કબૂલાત કરી અને તેમના માટે દેવતાઓ પાસે કરવામા આવતી ક્ષમાયાચના મુખ્ય વિષય જણાય છે.

આ સંસ્કૃતિના સાહિત્યમાં 'ગિલ્ગામેશનુ મહાકાવ્ય' વિશેષ છે. આ મહાકાવ્ય 12 ખંડિત તકતીઓમાં કોતરાયેલું મળી આવેલું છે. જે હાલમાં બ્રિટિશ સંગ્રહાલયમાં સંગ્રહિત છે. આ મહાકાવ્યમાં ઈરેકના મહાપ્રતાપી રાજા ગિલ્ગામેશના પરાક્રમોનું વર્ણન છે. આ 12 તકતીઓમાંથી ગિલ્ગામેશના વિજયો, તેણે બંધાવેલા સ્થાપત્યો, ગિલ્ગામેશ તથા તેના મૃતમિત્ર એન્કુડુની મુલાકાત, એન્કુડુએ આપેલ મૃત્યુ બાદ મૃતાત્માની પરિસ્થિતીનું વર્ણન વગેરે વિષયોની માહિતી મળે છે. આપણે અગાઉ મત્યુ પછીના જીવનમાં એન્કુડુએ ગિલ્ગામેશને મૃત્યુ પછી મૃતાત્માની સ્થિતી અંગે આપેલી માહિતી જોઈ ગયા છીએ. આ સંસ્કૃતિના લોકો આ મહાકાવ્યના 12 પ્રકરણોને 12 મહિનાના પ્રતીકો માને છે. આ મહાકાવ્યમાં મંત્રો, ગીતો અને પ્રાર્થનાઓ દ્વારા આપવામાં આવેલ ધાર્મિક ઉપદેશોનો સાર આ પ્રમાણે છે - "તમારા માતા-પિતાને ટેકો અને આદર આપો", "વડીલોના હિતોનું રક્ષણ કરો", "અસભ્યતા અને દ્વેષથી દૂર રહો". "બોલવામાં ઉતાવળ ન કરો" વગેરે. આ મહાકાવ્ય વિશ્વની સંસ્કૃતિઓને બેબિલોનિયનની સંસ્કૃતિએ આપેલ અમૂલ્ય ભેટ માનવામાં આવે છે."

એમ પણ માનવામાં આવે છે કે આ મહાકાવ્યમાં ગિલ્ગામેશની અમરત્વ મેળવવાની ઈચ્છાનો, મૃતમિત્ર એન્કુડુ સાથેની મુલાકાત તથા મૃત્યુ પછી મૃતાત્માની પરિસ્થિતી જેવા વિષયોનો પાછળથી સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ આ મહાકાવ્ય ફિલસૂફી, યુદ્ધ, સાહસિકતા, મિત્રતા, પ્રેમ, ઈશ્વરભક્તિ અને સ્ત્રીઓ પ્રત્યેની સમાજભાવના વગેરેની સવિશેષ માહિતી મળે છે. પશ્ચિમ એશિયામાં આ મહાકાવ્યનો વિશેષ પ્રભાવ રહ્યો છે. થોડા સમય પછી અન્ય ભાષાઓમાં પણ તેનો અનુવાદ થયો હતો.

બેબિલોનિયન સંસ્કૃતિમાંથી મળેલા કેટલાક અન્ય મહાકાવ્યોમાંથી પણ તેના સાહિત્ય વિશેની માહિતી મળે છે. આ સંસ્કૃતિનું એક મહાકાવ્ય તેમના મુખ્ય દેવ મર્દુક પર લખાયેલું છે જેમાંથી દેવ મર્દુકે ટીમાટ પર મેળવેલ વિજયની માહિતી મળે છે. આ ઉપરાંત

આ સંસ્કૃતિના બીજા એક મહાકાવ્યમાં જળપ્રલયની કથા આલેખાયેલી છે. આ મહાકાવ્ય દંતકથા પર રચાયેલું છે. આમ બેબિલોનિયન સંસ્કૃતિનું તમામ સાહિત્ય ધર્મગુરૂઓની પકડ સમાજ પરથી જતી ન રહે તે દષ્ટિએ વિકસાવેલુ હોવાનું જાણવા મળે છે.

### 4.8.4 વિજ્ઞાન

બેબિલોનિયન સંસ્કૃતિમાં વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રે થયેલા વિકાસની ખૂબ ઓછી માહિતી મળે છે. બેબિલોનના રાજા અસુરબાનીપાલના ગ્રંથાલયમાંથી મળી આવેલી 30 હજાર માટીની તકતીઓ પરથી કહી શકાય કે આ સમયનો પ્રથમ શબ્દકોષ બેબિલોનિયન સંસ્કૃતિએ આપેલો હશે.

બેબિલોનિયન સંસ્કૃતિની પ્રજા વેપારી હોવાથી તેમને ગણિતનું વિશેષ જ્ઞાન હતું. આ સંસ્કૃતિના લોકોએ ગુણાકાર તથા ભાગાકાર સહેલાઈથી થઈ શકે તે માટે અનેક કોઠાઓ તૈયાર કરાવ્યા. ઉપરાંત તેમણે વર્તુળને 360 અંશમાં વિભાજ્યુ હતું. આ ઉપરાંત મૂળ આંકડાના અડધા, પાયા, પોણા, વર્ગમૂળ કાઢવાના કોઠા પણ તૈયાર કરાવ્યા. સામન્ય રીતે આ સંસ્કૃતિના લોકો 60 ગુણાંકમાં ગણતરી કરતા. ગણતરી માટે ત્રણ અંક વાપરતા. ૧ થી 9 અંક માટે એક ચિહ્ન, 10 થી 90 માટે બીજુ ચિહ્ન તથા 100 માટે ત્રીજુ ચિહ્ન વાપરતા.

બેબિલોનિયન સંસ્કૃતિના લોકોએ ખગોળશાસ્ત્રમાં નોધપાત્ર પ્રગતિ કરી હતી. આ સસ્કૃતિના લોકો તારાની ગતિ તથા તારાઓના અવલોકન દ્વારા ભવિષ્ય કથન કરતા. આ સંસ્કૃતિના લોકોએ સૂર્યની આસપાસ પૃથ્વીને ફરવાના માર્ગને 12 રાશિમાં વહેચ્યો હતો. ઉપરાંત 60 મિનિટને 60 સેકન્ડમાં વિભાજીત કરી હતી. અહીના જ્યોતીષોઓએ સૂર્ય ઘડી અને પાણી ઘડીથી સમયનું માપ કાઢતા. આ બંને ઘડીઓની શોધ બેબિલોનિયન સંસ્કૃતિની વિશેષતા છે. આ સંસ્કૃતિના લોકોએ 30 દિવસના 6 માસ તથા 29 દિવસના ૬ માસ નક્કી કર્યા હતા જેનો સરવાળો ૩૫૪ થતા તેથી ઋતુઓ પ્રમાણે તેનો મેળ બેસાડવા દર ત્રણ વર્ષે 1 માસ ઉમેરતા. આ સંસ્કૃતિના ખગોળશાસ્ત્રીઓએ શુક્રના ગ્રહની સૂર્ય સાથે ઉદય અને અસ્ત થવાની શોધ કરી હતી.

બેબિલોનિયન સંસ્કૃતિમાં તબીબીવિદ્યાનો પણ વિકાસ થયેલો જોવા મળે છે. આ સંદર્ભમાં, વૂલીએ લખ્યું છે કે "દવાઓ વિકસાવવામાં આવી હતી અને દરેક રોગ માટે વિશેષ પ્રકારની હતી, પરંતુ એવું માનવામાં આવતું હતું કે આ રોગ કોઈ રાક્ષસના પ્રભાવને કારણે થયો હતો અને રાક્ષસને ભગાડ્યા વિના સારવાર ન થઈ શકે છે." અહીંના લોકોનું બીમારીનું મુખ્ય કારણ ભૂત-પ્રેત માનતા હતા. તેથી આ સંસ્કૃતિની પ્રજા તબીબીવિદ્યા ક્ષેત્રે દવા કરતા જાદુ પર વધારે શ્રદ્ધા રાખતા. આ સંસ્કૃતિના લોકો માનતા કે વ્યક્તિ જ્યારે પાપ કરે છે ત્યારે તે રોગી બને છે. તેથી આવા રોગીની સારવાર માટે તેઓ સૂગ

ચઢે તેવી દવાઓનો ઉપયોગ કરતા. જેવી કે સાપનું માંસ, કબૂતરની માંસ, ધૂળ, સડેલો ખોરાક, પ્રાણીઓની ચરબી, તેલ, કાચું માંસ, હાડકાનો ભૂક્કો, મળમૂત્ર અનં જંગલી જડીબુટ્ટીઓ તેમા મુખ્ય છે.

આ સંસ્કૃતિમાં રાજ્ય તરફથી તબીબો નક્કી કરવામા આવેલા હતા તથા કોઈપણ રોગ માટે તબીબોને લેવાની થતી ફી પણ રાજ્યએ નક્કી કરેલી હતી. કોઈપણ તબીબ દર્દી પર અખતરો કરી શકતો ન હતો. વાઢકાપ દરમિયાન જો તબીબની બેદરકારીથી દર્દીને નુકશાન થાય તો તબીબના હાથ કે આંગળા કાપી નાખવામાં આવતા.

## (ગ) તમારી પ્રગતિ ચકાસો

(1) નીચેની ખાલી જગ્યા પૂરો.

1. _____________ એ બેબિલોનિયનના વિશેષ દેવો ગણાતા હતા.
2. મૃત્યુ પછીના જીવનનો ઉલ્લેખ _____________ નામના મહાકાવ્યમાં મળે છે.
3. બેબિલોનિયન સંસ્કૃતિના લોકો જિગ્ગુરાતને _____________ કહે છે.
4. બેબિલોનિયન સંસ્કૃતિના લોકોએ ૧૦નો અંક લખવા માટે _____________ ચિહન વાપરતા.
5. બેબિલોનિયન સંસ્કૃતિના લોકોએ સૂર્યની આસપાસ પૃથ્વીને ફરવાના માર્ગને _____________ રાશીમાં વહેંચ્યો હતો.

(2) બેબિલોનિયન સંસ્કૃતિએ વિજ્ઞાનક્ષેત્રે કરેલી પ્રગતિ સમજાવો.

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

## 4.9 સંસ્કૃતિનું પતન

ઇ.સ. પૂર્વે 17મી સદીમાં બેબિલોનિયનના શાસકોએ સત્તા સંભાળી ત્યારે કેસાઈટ લોકો બેબિલોન પર પોતાનું નિયંત્રણ સ્થાપિત કરવામાં સફળ રહ્યા હતા. તેઓ વૈભવી જીવન જીવવા લાગ્યા હતા. આ તકનો લાભ લઈ અસિરિયાના શાલમનેસર 1લાએ બેબિલોનિયન સંસ્કૃતિના કેટલાક નગરરાજ્યો પર પોતાની સત્તા સ્થાપી. સમયાંતરે સંપૂણ બેબિલોનિયન સંસ્કૃતિ અસિરિયન સંસ્કૃતિમાં વિલિન થઈ ગઈ. ઈતિહાસકાર જેક્સ પિરેને લખ્યું છે કે, "કેસ્સાઈટ અસંસ્કારીઓ ઈ. સ. પૂર્વે 17મી સદીમાં ગાદી પર આવ્યા હતા. સુમેરિયન શહેરો સંપૂર્ણ રીતે પડી ભાંગ્યા હતા અને બેબિલોનિયનના સમ્રાટનો વિચરતી જાતિ દ્વારા પરાજય થયો હતો. માત્ર એક જ શહેર બચ્યું હતું બેબિલોન. પરંતુ

*તે પણ રાજધાની બહાર હતું. વાસ્તવમાં આ સભ્યતાને જીવંત સભ્યતા કહી શકાય. તેણે ગ્રીસ અને રોમ દ્વારા યુરોપિયન સંસ્કૃતિને પ્રભાવિત કરી. એટલું જ નહીં, તેણે આરબો દ્વારા મુસ્લિમ સંસ્કૃતિ પર તેની અમીટ છાપ છોડી દીધી. આ લાક્ષણિકતાઓને લીધે, પ્રાચીન બેબિલોનિયન સંસ્કૃતિ વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.*

## 4.10 સારાંશ

*સુમેર અને અકક્ડની સંસ્કૃતિમાંથી પ્રેરણા લઈ બેબિલોનિયન સંસ્કૃતિનો વિકાસ થયો. બેબિલોનિયન સંસ્કૃતિનું પ્રાચીન જગતને વિશેષ પ્રદાન તે હમ્મુરાબીની કાયદાસંહિતા છે. ઉપરાંત આ સંસ્કૃતિના ખગોળશાસ્ત્રમાં સવિશેષ પ્રદાન જોવા મળે છે. પ્રાચીન ગ્રીક સંસ્કૃતિમાં નક્ષત્રો, વજન, ભૂમિતિ, સંગીતના વાદ્યો, ઔષધીઓ વગેરે જે નામે પ્રચલિત છે તે નામ બેબિલોનિયન સંસ્કૃતિમા જોવા મળે છે. બેબિલોનિયન સંસ્કૃતિના ઝીગુરાત પરથી ઈસ્લામને મસ્જિદ સ્થાપત્યની પ્રેરણા મળી હોવાનું પણ અનુમાન કરી શકાય. અહીંના ઝુલતા બગીચાઓ દુનિયાની મહાન અજાયબીઓમાંની એક છે. બેબિલોનિયન સંસ્કૃતિએ આપેલા મહાકાવ્યો તથા પદ્યવાર્તાઓ સાહિત્યના ઉત્તમ નમૂના છે. બેબિલોનિય સંસ્કૃતિએ  સુમેરિયન સંસ્કૃતિને સાચવી અને જ્યારે અસિરિયાએ બેબિલોનિયન જીતી લીધુ ત્યારે તેની જ સંસ્કૃતિને અપનાવી લીધી. ગ્રીસ અને ઈરાનના લોકોએ પણ બેબિલોનિયન સંસ્કૃતિમાંથી પ્રેરણા લીધેલી છે.*

## 4.11 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| **સેમેટિક** | *પશ્ચિમ એશિયાની એક જાતિ* |
| **'અબિસમ'** | *બેબિલોનિયન સંસ્કૃતિમાં ઉચ્ચ વર્ગ માટે વપરાતો શબ્દ* |
| **'તમુઝ'** | *બેબિલોનિયન સંસ્કૃતિમાં વનસ્પતિ તથા ઉપજનો દેવ* |
| **કાયદાસંહિતા** | *કાયદા(નિયમોનુ) પુસ્તક* |
| **અંગવિચ્છેદ** | *શરીરના અંગોને કાપવાની સજા* |
| **ચાંચિયા** | *સમુદ્રમાં વેપારી વહાણો લૂંટી લેતી ટોળકી* |
| **ભાસ્કર્ય** | *ઈંટો પર કોતરવામાં આવતું ચિત્ર કે મુદ્રા.* |
| **ક્યુનિફોર્મ લિપી** | *બેબિલોનિયન સંસ્કૃતિની લેખનલિપિ* |

## 4.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

*(ક) વિભાગ*

(1) *સુમુ-અબુમ*  2) 12   3) *નવા સામ્રાજ્યનો યુગ*  4) *ઘોડાઓનો*  5) *નાબોનીડાસ*

(2) 1.3 ના મુદ્દાઓને આધારે જવાબ લખો.

*(ખ)વિભાગ*

(1) 1) - X 2) - X 3) - ✓ 4) - ✓ 5) - X

(2) 1.4 ના મુદ્દાઓને આધારે જવાબ લખો.

*(ગ) વિભાગ*

(1) 1) સૂર્ય અને મર્દુક 2) ગિલ્ગામેશ આખ્યાન 3) તારાઓનું સ્ટેજ 4) બીજું. 5) 12

(2) 1.8 નામુદ્દાઓનેઆધારેજવાબલખો.

## 1.13 બહુવૈકલ્પીક પ્રશ્નો

1. બેબિલોનિયન સંસ્કૃતિમાં કેટલા રાજવંશોએ શાસન કર્યું હતું.

A. 11 B. 12 C. 13 D. 14

2. બેબિલોનિયનના દસમા રાજવંશને ક્યાં યુગ તરીકે ઓળખવામાં આવે છે.

A. અમેરીટ યુગ B. એસીરીયન યુગ C. એલામાઈટ યુગ D. કેસાઈટ યુગ

3. નિમ્નલિખિત ક્યું વિધાન બેબિલોનિયનની શાસન વ્યવસ્થા સાથે સબંધિત નથી.

A. હમ્મુરાબીએ વહીવટનું કેન્દ્રિયકરણ કર્યું હતું.

B. મહિલાઓ લશ્કરી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકતી ન હતી.

C. કેન્દ્રીય શાસક સાંમત ગવર્નરોની નિમણૂક કરતા હતા.

D. વૃદ્ધ લોકોને કોર્ટમાં નિયુક્ત કરવાની પ્રથા પણ શરૂ થઈ હતી.

4. બેબિલોનિયન સમાજમાં યુદ્ધ કેદીઓ અને દેવું ન ચૂકવી શકતા લોકોને __________ કહેવામાં આવતા.

A. અબિસમ B. અમેલુ C. અરદુ D. મુસ્કેનમ

5. સમ્રાટ હમ્મુરાબીએ બંધાવેલી પ્રખ્યાત નહેરનું નામ શું હતુ.

A. ઝિગુરાત B. હપ્પુરાબી C. મુસ્કેનમ D. ગિલગાશેન

6. બેબિલોનિયન સંસ્કૃતિના લોક ભારતમાંથી કઈ કિંમતી વસ્તુની આયાત કરતા હતા.

A. તાંબુ B. ચાંદી C. સોનું D. રત્નો

7. બેબિલોનિયન સંસ્કૃતિના લોકો વનસ્પતિ અને ઉપજના દેવતા તરીકે ક્યાં દેવની પૂજા કરતા હતા.

છ. અન્નર B. અનુ C. તમુઝ D. ઈષ્ટર

8. બેબિલોનિયન સંસ્કૃતિના જિગ્ગુરાતની ટોચ પર ક્યાં દેવનું મંદિર આવેલું હતું.

A. શનિદેવ B. અન્નર દેવ C. સૂર્યદેવ D. ઈષ્ટર દેવ

9. બેબિલોનિયન સાહિત્યમાં _____________ નામનું પ્રથમ મહાકાવ્ય રચાયું હતું.

A. એટન ગડરીએની વાર્તા B. ગિલ્ગામેશ

C. ભાગ્યલેખ D. ઈર્મુદ વાર્તા

10. નિમ્ન લિખિતમાં સંગીત વાદ્યોમાંથી બેબિલોનિયન સંસ્કૃતિના લોકો કયા વાદ્યનો ઉપયોગ કરતા ન હતા.

A. વાંસળી B. વીણા C. ઢોલ D. સિતાર

જવાબ : 1 - A, 2 - B, 3 - B, 4 - C, 5 - B, 6 - D, 7 - C, 8 - C, 9 - B, 10 - D.

## 4.14 સ્વાધ્યાય

1. બેબિલોનિયન સંસ્કૃતિની રાજકીય અને શાસનવ્યવસ્થા અંગે વિસ્તૃત જાણકારી આપો.

_____________________________________________

_____________________________________________

_____________________________________________

_____________________________________________

_____________________________________________

2. બેબિલોનિયન સંસ્કૃતિના સામાજિક અને આર્થિક જીવન અંગે વિગતે જણાવો.

_____________________________________________

_____________________________________________

_____________________________________________

_____________________________________________

_____________________________________________

3. બેબિલોનિયન સંસ્કૃતિના સાંસ્કૃતિક જીવનનું મૂલ્યાંકન કરો.

_____________________________________________

_____________________________________________

_____________________________________________

_____________________________________________

_____________________________________________

## 4.15 સંદર્ભો


1. *આચાર્ય, નવીનચંદ્ર, પરમાર, થોમસ, જગતની અગ્રગણ્ય સભ્યતાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,* 2012.
2. प्रसाद, ओमप्रकाश, प्राचीन विश्व का उदय एवम विकास (विज्ञान की भूमिका) राजकमल प्रकाशन, नई दिल्ली,2011.
3. तातेड, सोहन राज, विद्यासागर सिंह, विश्व की पुरातन सभ्यताओ की ऐतिहासिक विवचना भाग- पारीक बुक डिस्ट्रीब्यूटर्स, जयपुर,2018,
4. रधुविर सिह, प्राचीन सभ्यताओ का इतिहास, रावत प्रकाशन, नई दिल्ली,2012
5. हरीश कुमार, विश्व का इतिहास, अर्पळ पब्लिकेशन, नई दिल्ली,2017
6. चंचरीक के.एल. विश्व की प्राचीन सभ्यताए, यूनिवर्सिटी पब्लिकेशन, नई दिल्ली,2011
7. अग्रवाल सुजीत, विश्व का इतिहास का सर्वेक्षळ, विश्वभारती पब्लिकेशन,नई दिल्ली,2013

**એકમ : 5**

# ઍસિરિયન સંસ્કૃતિ

**:: રૂપરેખા ::**


**5.0** ઉદ્દેશ્યો

**5.1** પ્રાસ્તાવિક

  **5.5.1** પ્રજા

**5.2** રાજકીય ઈતિહાસ

**5.3** ઍસિરિયન સંસ્કૃતિનું રાજ્યતંત્ર

  **5.3.1** કેન્દ્રીય વહીવટી વ્યવસ્થા

    **5.3.1.1** રાજા

    **5.3.1.2** મંત્રીમંડળ

    **5.3.1.3** ઍસિરિયન સંસ્કૃતિની ન્યાય વ્યવસ્થા

    **5.3.1.4** ઍસિરિયન સંસ્કૃતિની લશ્કરી વ્યવસ્થા

  **5.3.2** ઍસિરિયન સંસ્કૃતિની પ્રાંતીય વ્યવસ્થા

**5.4** ઍસિરિયન સંસ્કૃતિનું સામાજિક જીવન

  **5.4.1** સમાજનું સ્વરૂપ

  **5.4.2** ખોરાક

  **5.4.3** અલંકારો

  **5.4.4** રાચરચીલું

  **5.4.5** આનંદપ્રમોદના સાધનો

  **5.4.6** સ્ત્રીઓની સ્થિતિ

**5.5** ઍસિરિયન સંસ્કૃતિનું આર્થિક જીવન

  **5.5.1** ખેતી

  **5.5.2** હુન્નર ઉદ્યોગો

  **5.5.5** વ્યાપાર વાણિજ્ય

**5.6** ઍસિરિયન સંસ્કૃતિનું ધાર્મિક જીવન

  **5.6.1** દેવતા

  **5.6.2** ધાર્મિક વિધિ-વિધાનો

5.6.3 ધર્મગુરુઓ

5.6.4 મૃત્યુસંસ્કાર

5.7 ઍસિરિયન સંસ્કૃતિની લલિતકલાઓ

5.7.1 સ્થાપત્ય કલા

5.7.2 શિલ્પકલા

5.7.3 ચિત્રકલા

5.8 ઍસિરિયન સંસ્કૃતિનું સાંસ્કૃતિક જીવન

5.8.1 સાહિત્ય

5.8.2 શિક્ષણ

5.8.3 લિપિ

5.8.4 વિજ્ઞાન

5.9 ઍસિરિયન સંસ્કૃતિનું પતન

5.10 સારાંશ

5.11 ચાવીરૂપ શબ્દો

5.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

5.13 બહુવૈકલ્પીક પ્રશ્નો

5.14 સ્વાધ્યાય

5.15 સંદર્ભો

## 5.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે-*

- *ઍસિરિયન રાજવંશ અને તેમની શાસન વ્યવસ્થાને જાણી શકશો.*
- *આ સંસ્કૃતિના સામાજિક અને આર્થિક જીવન અંગે જાણકારી મેળવશો.*
- *આ સંસ્કૃતિના કલા, ધર્મ તથા સાંસ્કૃતિક વિકાસને સમજી શકશો.*

## 5.1 પ્રાસ્તાવિક

*પ્રાચીન સમયમાં ટાઈગ્રિસ નદીની ઉપરની ખીણના પ્રદેશને 'ઍસિરિયા' કહેવામાં આવતું હતું. આધુનિક સમયમાં આ વિસ્તાર ઈરાકનો એક ભાગ છે. ઍસિરિયાની પૂર્વમાં*

ઝેગ્રોસ પર્વતની હારમાળા અને મેડીઝનું સામ્રાજ્ય હતું, પશ્ચિમમાં હિટ્ટાઈટ્સ અને યુફ્રેટીસ નદીનું રાજ્ય હતું. ઉત્તરમાં આરમેનિયાનો ઉચ્ચ પ્રદેશ, દક્ષિણમાં બેબીલોનિયા આવેલું હતું. ઍસિરિયનના પ્રદેશ પહાડી પ્રદેશ હોવાથી અહીંની પ્રજા ખડતલ હતી. સુમેરમાં ઉદ્દભવેલી સંસ્કૃતિનો બેબિલોનમાં વિકાસ થયો અને જ્યારે બેબિલોનને ઍસિરિયન રાજાઓએ જીતી લીધા પછી ઍસિરિયન પ્રજાએ પોતાને મળેલા ભવ્ય વારસાને વિકસાવ્યો હતો. આ સંસ્કૃતિના મુખ્ય ચાર કેન્દ્રો હતા જે 'અસૂર', 'અરબેલા', 'કાલાખ' અને 'નિનિવેહ' નામે ઓળખાતા હતા. પુરાતત્વવિદ્દોને ઍસિરિયન પ્રદેશમાંથી પ્રાગ ઐતિહાસિક કાલની ભૌમિતિક ચિત્રણોવાળી તકતીઓ તથા નિનિવેહ પાસે ઇ.સ.પૂ. 2500 વર્ષ જૂનું નગર મળી આવેલું છે. આ નગરમાંથી મંદિરો, કબરો, મુદ્રાઓ, અલંકારો, ઝવેરાત વગેરેના અવશેષો પ્રાપ્ત થયેલા છે. ઍસિરિયન સંસ્કૃતિના ઈસ્ટદેવ 'અસૂર'ના નામ પરથી અહીંના મુખ્ય નગરનું નામ 'અસૂર' તથા દેવી 'નીના'ના નામ પરથી 'નિનિવેહ' નગરનું નામ પડ્યુ હોવાનું માનવામાં આવે છે. પ્રાચીન સમયમાં ઍસિરિયન પ્રદેશની રાજધાની 'અસૂર' હતું પરંતુ પરદેશી આક્રમણોના કારણે સમય જતા 'નિનિવેહ' ઍસિરિયન પ્રદેશની રાજધાની બન્યું.

### 5.1.1 પ્રજા

વિદ્વાનો માને છે કે  મેસોપોટેમિયામાં ટાઈગ્રીસ નદીને કીનારે આવેલા આસુર શહેરમાં વસ્તી પ્રજા ઈતિહાસમાં 'ઍસિરિયન' નામે ઓળખાય છે. કેટલાક એમ પણ માન છે કે ઍસિરિયન પ્રજા સેમેટિક તથા બેનસેમેટિક પ્રજાના મિશ્રણથી ઉદ્દભવેલી હતી. મેસોપોટેમિયા પ્રદેશના મોટા ભાગના વેપારી માર્ગો ઍસિરિયન પ્રદેશમાંથી બેબીલોનિયાની ઉત્તરે આરમેનિયા તરફ જતા તેથી આ પ્રદેશ પર નિયંત્રણ મેળવવા માટે હંમેશા યુદ્ધો થતા હતા. આ યુદ્ધોએ અહીંની પ્રજાને યુદ્ધપ્રેમી બનાવી. તેથી ઍસિરિયન પ્રજાએ પોતાની આગવી યુદ્ધપ્રધાન સંસ્કૃતિ વિકસાવી હતી. ઈતિહાસમાં  ઍસિરિયન પ્રજા તેમના યુદ્ધો તથા દુશ્મનો સાથેની અત્યંત ક્રૂરતા માટે જાણીતી બની હતી.

## 5.2 રાજકીય ઈતિહાસ

પ્રાચીન સમયમાં બેબિલોનમાં કેસાઈટ પ્રજાના પતન, ઈજિપ્ત અને હિટાઈટ સામ્રાજ્યોની હાર પછી ઍસિરિયન સામ્રાજ્યનો વિકાસ થયો હતો. આ સામ્રાજ્ય પૂર્વમાં મીડિયાથી પશ્ચિમમાં એશિયા માઈનોરમાં હેલીસ નદી સુધી અને ઉત્તરમાં આર્મેનિયાથી દક્ષિણમાં અરેબિયન રણ અને દક્ષિણ-પશ્ચિમમાં ઈજિપ્ત સુધી ફેલાયેલું હતું. ઈ.સ. પૂર્વે 1105 થી 626નો સમય ઍસિરિયન સામ્રાજ્યની પ્રગતિનો માનવામાં આવે છે જ્યારે તેનું પતન ઈ.સ. પૂર્વે 612 માં થયું હતું.

પ્રારંભિક સમયમાં ઍસિરિયન પ્રદેશ પર સુમેર અને બેબીલોન સંસ્કૃતિનો પ્રભાવ રહ્યો. સમ્રાટ હમ્મુરાબીના અવસાન પછી બેબીલોન પર કેસાઈટ પ્રજાએ પોતાનું વર્ચસ્વ સ્થાપિત

કરી લાંબા સમય સુધી બેબિલોન પર શાસન કર્યું, પરંતુ સમય જતા આંતરિક સંઘર્ષોને કારણે આ પ્રજા નબળી બની. જેનો લાભ ઍસિરિયન પ્રદેશના લોકોએ લીધો. ઍસિરિયન રાજા શાલમનેસર ૧લાએ ઈ.સ. પૂર્વે ચૌદમી સદીમાં મિતાની સામ્રાજ્યના વિનાશમાં મહત્વની ભૂમિકા ભજવી. તેણે કેસાઈટ પ્રજાના આંતરિક સંઘર્ષનો લાભ લઈ ઉત્તરમાં હુર્રી પ્રદેશનો મોટો હિસ્સો કબજે કર્યો. બેબિલોનના પશ્ચિમ અને દક્ષિણ પ્રદેશમાં વસતી હિટાઈટ અને કેસાઈટ પ્રજા પર આક્રમણ કરી તેમને હરાવી. ટાઈગ્રિસ નદીની પશ્ચિમમાંથી હિટાઈટ અને ઈજિપ્તની સેનાને દૂર કરી ઍસિરિયન રાજા શાલમનેસર 1લાની સેના પશ્ચિમ એશિયાની સૌથી શક્તિશાળી સેના બની. રાજા શાલમનેસર 1લાએ કાલાખને પોતાની રાજધાની બનાવી. જો કે આ રાજવી વિશે વિશેષ માહિતી મળતી નથી.

ઍસિરિયન સામ્રાજ્યમાં બારમી સદીના અંતમાં ટીગલથ-પીલેસર રાજા બન્યો. તે ખૂબ જ બહાદુર અને પ્રતાપી શાસક હતો. વીલ ડુરાં નોંધે છે કે 'આ રાજાએ હિટાઈટ, આર્મેનિયા તેમજ અન્ય 40 પ્રદેશની પ્રજા પર પોતાની સત્તા જમાવી હતી. તેણે બેબિલોન પશ્ચિમમાં ભૂમધ્ય સાગર પર અધિકાર મેળવી 'સુમેર અક્કાદના સ્વામી'નું બિરુદ ધારણ કર્યુ હતું. તેણે અસૂરને પોતાની રાજધાની બનાવી હતી. તે કુશળ શિકારી હતો કહેવાય છે કે તેણે જમીન પર 120 સિંહ તથા રથમાં બેસીને 800 સિંહોનો શિકાર કર્યો હતો. તેણે ઈજિપ્તના રાજાને ખંડણી ભરવાની ફરજ પાડી હતી જો કે ઈજિપ્તના રાજાએ થોડા જ સમયમાં ટીગલથ-પીલેસરના અધિકારવાળા બેબિલોન પ્રદેશ પર આક્રમણ કરી અનેક દેવળોનો નાશ કર્યો. ટીગલથ-પીલેસર આ આઘાત સહન ન કરી શક્યો અને મૃત્યુ પામ્યો,

ટીગલથ-પીલેસર બાદ અસૂર નસીરપાલ બીજો સત્તા પર આવ્યો. તેણે ઍસિરિયન સામ્રાજ્યમાં ઈ.સ. પૂર્વે 884 થી 859 સુધી તેનું શાસન કર્યું. અસૂર નસીરપાલ બીજાએ બાર જેટલા નાના રાજ્યોને ઍસિરિયન સામ્રાજ્યનો ભાગ બનાવ્યા. તે ઘણો પરાક્રમી હતો પરંતુ તે હારેલા રાજા અને પ્રદેશ પર ક્રૂરતાથી અત્યાચાર કરતો. અસૂર નસીરપાલ બીજાના મૃત્યુ બાદ તેનો પુત્ર શાલમનેસર ત્રીજો સત્તા પર આવ્યો. તેણે ઈ.સ. પૂર્વે 859 થી 824 સુધી શાસન કર્યું. તે મહાન વિજેતા હતો. તેણે સીરિયા, ઈઝરાયેલ તથા ફિનીશિયા જેવા રાજ્યોને પરાજિત કર્યા આ ઉપરાંત બેબિલોન સામ્રાજ્યને યુદ્ધમાં હરાવી તેનું ખંડિયુ રાજ્ય બનાવ્યું હતું. સમયાતરે શાલમનેસર ત્રીજાના પુત્રએ જ તેની સામે બળવો કરતા તેને સત્તાનો ત્યાગ કરવો પડ્યો. શાલમનેસર ત્રીજાના પુત્ર વિશે કોઈ માહિતી જાણવા મળતી નથી પરંતુ સમ્મુરાત નામની રાણીએ ઍસિરિયન સામ્રાજ્ય પર ત્રણ વર્ષ રાજ્ય કર્યુ હોવાની માહિતી મળે છે. આ પછી અનુક્રમે ટીગલથ-પીલેસર ત્રીજો સત્તા પર આવ્યો. ઈ.સ. પૂર્વે 745 થી 727 સુધી શાસન કર્યું. તેના શાસન દરમિયાન ઍસિરિયન સામ્રાજ્યએ તેનું ખોવાયેલું ગૌરવ પાછું મેળવ્યું તેણે શિસ્તબદ્ધ સેનાની રચના

*કરી બેબિલોન અને દમસ્ક પર વિજય મેળવ્યો. ટીગલથ-પીલેસર ત્રીજાના મૃત્યુ પછી તેનો સેનાપતિ સારગોન બીજો સત્તા પર આવ્યો.*

*સારગોન બીજાએ ઍસિરિયન સામ્રાજ્ય પર ઈ.સ. પૂર્વે 722 થી 705 સુધી શાસન કર્યું. તેણે મિસર અને અરબી દ્વીપકલ્પના દક્ષિણમાં સ્થિત યમન સુધી પોતાની સત્તા વિસ્તારી હતી. સારગોન બીજાએ બેબિલોન અને એલમના શાસકોને યુદ્ધમાં હરાવ્યા એટલું જ નહીં પરંતુ સુમેરના પ્રદેશમાં રહેતી બર્બર જાતિઓને હરાવીને પોતાના સામ્રાજ્યની ઉત્તરીય સરહદ સુરક્ષિત કરી.*

*સારગોન બીજા પછી તેનો પુત્ર સેનાચરીબ ગાદી પર આવ્યો. તે એક મહાપ્રતાપી રાજવી હતો તેણે સરહદ પર થતા બળવાઓને દબાવી દીધા. કેટલીક અનુશ્રુતિ પરથી જાણવા મળે છે કે સેનાચરીબ 89 શહેરો તથા 820 ગામડાઓને લૂંટ્યા હતા. તેણે બેબિલોનનો સંપૂર્ણ નાશ કર્યો હતો. સેનાચરીબ ઉત્તમ વહીવટકર્તા પણ હતો તેણે શાસનના શરૂઆતના વર્ષોમાં રાજધાની નિનિવેહમાં અનેક સુંદર ઈમારતો બંધાવી. તેણે સામ્રાજ્યને પ્રાંતો અને જિલ્લાઓમાં વિભાજિત કર્યું. વેપારના વિકાસ માટે રસ્તાઓનું નિર્માણ કરાવ્યું. સેનાચરીબે રાજધાની નિનિવેહની આસપાસ સુરક્ષા માટે ઊંચી દિવાલનું નિર્માણ કરાવ્યું. તેણે નિનિવેહના લોકોને પાણી મળી રહે તે હેતુથી 30 માઈલ લાંબી નહેર બંધાવી. કમનસીબે ગાદી પ્રાપ્તિ માટે સેનાચરીબની હત્યા તેના પુત્ર ઈસરહેડોન કરી હતી.*

*સેન્નચેરીબ બાદ તેના પુત્ર ઈસરહેડોને ગાદી મેળવી 12 વર્ષ શાસન કર્યું. તે ખૂબ જ શક્તિશાળી અને લોકપ્રિય સમ્રાટ હતો. ઈસરહેડોને પિતા દ્વારા નાશ પામેલા બેબિલોન શહેરનું પુનઃનિર્માણ કરાવ્યું. ઈસરહેડોને ઈજિપ્ત પર આક્રણ કરી વિજય મેળવી 'ઈજિપ્તના રાજાઓનો સમ્રાટ' નું બિરુદ ધારણ કર્યું. તે એક કુશળ વહીવટકર્તા હતો. તેણે પ્રાંતોમાં સુબાઓની નિમણૂક કરી. ઈસરહેડોનના સમયમાં ઈજિપ્તમાં થયેલા બળવાને નિયત્રીત કરવા જતા રસ્તામાં જ તેનું મૃત્યુ થયું હતું. ઍસિરિયન સામ્રાજયમાં ઈસરહેડોન એક દયાળુ રાજવી તરીકે ઓળખયા છે.*

*ઈ.સ. પૂર્વે 669માં ઈસરહેડોનના મૃત્યુ બાદ તેનો પુત્ર અસૂરબાનીપાલ સત્તા પર આવ્યો. તે આ સામ્રાજ્યનો છેલ્લો અને પ્રખ્યાત શાસક હતો. તેના શાસન દરમિયાન ઍસિરિયન સામ્રાજય સમૃદ્ધિની ટોચ પર પહોચ્યું હતું. અસૂરબાનીપાલે બેબિલોન, મીડિયા, ફેનિસિયા, સુમેરિયા અને એલમ સુધી સામ્રાજ્યને વિસ્તાર્યુ હતું. તેણે ઈજિપ્તના શાસક સમેટીક્સ સાથે મિત્રતાના સંબંધો વિકસાવ્યા હતા. એલમના શિલાલેખો દર્શાવે છે કે અસૂરબાનીપાલના કડક સ્વભાવને કારણે સામ્રાજ્યમાં શાંતિ હતી. તેણે સામ્રાજ્યમાં અનેક રાજમહેલો અને મંદિરો બંધાવ્યા. લહિયાઓ પાસે સુમેર અને બેબિલોનના સાહિત્યની પ્રતોની નકલો તૈયાર કરાવી સાહિત્યનો વિકાસ કર્યો. અસૂરબાનીપાલના*

*મૃત્યુ પછી ઍસિરિયન સામ્રાજ્યમાં રાષ્ટ્રીય એકતા ન જળવાતા કેલ્ડિયન નામની વિદેશી જાતીના આક્રમણથી ઍસિરિયન સામ્રાજ્યનો અંત આવ્યો.*

## 5.3 ઍસિરિયન સંસ્કૃતિનું રાજ્યતંત્ર

*ઍસિરિયન રાજ્યનો વિસ્તાર બેબિલોન, આર્મેનિયા, મિડિયા, પેલેસ્ટાઈન, સિરિયા, ફિનિશિયા, સુમેરીયા, એલમ અને ઈજિપ્ત સુધી ફેલાયેલું હતું. આટલા મોટા સામ્રાજ્યનો વહીવટ કરવા માટે કેન્દ્રીય અને પ્રાંતીય વ્યવસ્થા અમલી બનાવવામાં આવી હતી જો કે ઍસિરિયન રાજ્યતંત્ર ધર્મના રંગે રંગાયેલું હતું. આપણે સૌ પ્રથમ કેન્દ્રીય વહીવટીતંત્ર વિશે માહિતી મેળવીએ.*

### 5.3.1 કેન્દ્રીય વહીવટી વ્યવસ્થા

5.3.1.1 *રાજા*

*ઍસિરિયન સંસ્કૃતિમાં અસૂર દેવના પ્રતિનિધિ તરીકે રાજા રાજ્ય કરતો હતો. રાજાના સર્વ કાર્ય અસૂર દેવની ઈચ્છા પ્રમાણે થાય છે તેમ માનવામાં આવતું. રાજ્યના બધાજ કાયદાઓને ઈશ્વરના આદેશ તરીકે માનવામાં આવતા તથા તેનું પાલન કરાવવાની ફરજ રાજાની હતી. ન્યાય આપવો અને શક્તિશાળી વર્ગથી નબળા વર્ગના લોકોનું રક્ષણ કરવું તે રાજાની પવિત્ર ફરજ હતી. ઉપરાંત જે લોકો અસૂર દેવમાં વિશ્વાસ ન ધરાવતા હોય અથવા તેમને અનસુરતા ન હોય તેવા દેશો પર વિજય મેળવવો અને સજા કરવી તે રાજાનું કર્તવ્ય માનવામાં આવતું હતું. આ ઉપરાંત રાજ્યના પૂજારી તરીકે દેવતાઓની પૂજા કરવી તે રાજાની પવિત્ર ફરજ હતી. ઍસિરિયન સંસ્કૃતિના લોકો વચ્ચે એકતા જાળવી રાખવા માટે રાજા તેમના રાજ્યાભિષેકના બીજા વર્ષમાં 'નિસાન' તહેવાર ઉજવતા અને ધાર્મિક વિધિ-વિધાન કરતા હતા. રાજાની આ વિધિ બાદ પ્રાંતોના સુબાઓ પણ તેમના મહત્વ પ્રમાણે આ ધાર્મિક વિધિ કરતા હતા. તેથી આ પદ્ધતિ રાષ્ટ્રીય એકતાના રક્ષણમાં ઘણી મદદરૂપ હતી.*

5.3.1.2 *મંત્રીમંડળ*

*ઍસિરિયન સંસ્કૃતિમાં રાજાએ વહીવટમાં મદદરૂપ થવા માટે મંત્રીઓની નિમણૂંક કરતો હતો. ઍસિરિયન સંસ્કૃતિમાં સૌથી મહત્વનું પાંસુ તેનુ લશ્કર હતું તેથી રાજા પોતાના સૌથી વિશ્વાસપાત્ર માણસને લશકરના વડા તરીકે પંસદગી કરતો જેને 'લિમ્મુ' અથવા 'દુર્તનુ' કહેવામાં આવતા. પુરોહિતો રાજાને પ્રચલિત નિયમોને આધારે સલાહ આપવાનું કાર્ય કરતા. સમયાંતરે પુરોહિતોનો પ્રભાવ રાજ્યતંત્ર પર વધતા ઍસિરિયન સંસ્કૃતિનું પતન થયું હતું. ઍસિરિયન સંસ્કૃતિમાં તમામ ઉચ્ચ અધિકારીઓ વ્યક્તિગત રીતે રાજાને વફાદાર હતા*

5.3.1.3 *ઍસિરિયન સંસ્કૃતિની ન્યાય વ્યવસ્થા*

*ઍસિરિયન સંસ્કૃતિમાંથી મળી આવેલા ખંડિત અભિલેખો પરથી આ સંસ્કૃતિની ન્યાયવ્યવસ્થા વિશે માહિતી મળે છે ઍસિરિયન સંસ્કૃતિની ન્યાયવ્યવસ્થામાં રાજા સર્વોચ્ચ ન્યાયાધીશ રાજા હતો. ઍસિરિયન સંસ્કૃતિમાં ન્યાય માટે અલગ કાયદાસંગ્રહ હતો. ઍસિરિયન સંસ્કૃતિમાં ગુનાઓની સજા માટે જાહેરમાં વધ કરવાથી લઈ ગુનેગારોને અંગવિચ્છેદ, કોરડા મારવા, શારીરિક ત્રાસ, આર્થિક દંડ, જીવતા ચામડી ઉતારી લેવી, પાણીમાં  ડુબાડીને મારી નાખવા વગેરે જેવી સજાઓ કરવામા આવતી હતી. ઍસિરિયન સંસ્કૃતિની કાયદાસંહિતા પ્રમાણે ચરિત્રહિન સ્ત્રી-પુરુષોને મૃત્યુદંડની સજા આપવામાં આવતી હતી. ગર્ભપાત કરાવનાર મહિલાને ગંભીર સજા આપવામાં આવી હતી, કારણ કે ઍસિરિયન સંસ્કૃતિમાં ગર્ભપાતને રાજ્ય અને નૈતિકતા વિરુદ્ધ ગંભીર અપરાધ માનવામાં આવતો. ઍસિરિયન સંસ્કૃતિના કાયદાઓમાં સ્ત્રીઓ માટે પડદાપ્રથાના વિશેષ નિયમો હતા, જેનું ઉલ્લંઘન શિક્ષાપાત્ર હતું. જો કોઈ વ્યક્તિ કોઈની પત્નીના ચારિત્ર પર ખોટો આરોપ મૂકીને બદનામ કરે, તો તેને પાણીમાં ડુબાડીને મારી નાખવામાં આવતો.*

5.3.1.4 *ઍસિરિયન સંસ્કૃતિની લશ્કરી વ્યવસ્થા*

*ઍસિરિયન સંસ્કૃતિનું રાજયતંત્ર એટલે લશ્કરીતંત્ર. કારણ કે આટલા વિશાળ સામ્રાજયને અંકુશમાં રાખવા માટે રાજાએ વિશાળ અને બળવાન સૈન્ય રાખવું જરૂરી હતું. લશ્કરી વ્યવસ્થામાં ઍસિરિયન લોકોએ નોંધપાત્ર પ્રગતિ કરી હતી. ઍસિરિયન સંસ્કૃતિના લશ્કરના રથદળ, અશ્વદળ, પાયદળ અને ઈજનેરી દળ એમ ચાર વિભાગોમાં વહેચવામાં આવ્યું હતું. લશ્કરની વ્યવસ્થા જાળવવા માટે રાજા દ્વારા કુશળ સેનાપતિની નિમણૂક કરવામાં આવતી જેને 'દુર્તનુ' કહેવામાં આવતો. ઍસિરિયન લશ્કર ઘેરો ઘાલવામાં કુશળ હતું. તેનો એક એક સૈનિક લોખંડના બખ્તરથી સજ્જ હતો. દુશ્મનો સામ લડવા માટે ઍસિરિયન સૈનિકો બાણ, ભાલા, તલવાર, ડાંગ, ગોફણ અને ફરસી જેવા શસ્ત્રોનો ઉપયોગ કરતા. જે શહેરો પર ઍસિરિયન લશ્કર વિજય મેળવતું ત્યાની સંપતિ લુંટી લોકોને મારી નાખવામાં આવતા. દુશ્મનોના ઉમરાવ વર્ગને ઍસિરિયન લશ્કર રીબાવીને મારતું.*

*ઍસિરિયન લશ્કરમાં બે પ્રકારના સૈનિકોની ભરતી કરવામાં આવતી હતી. પ્રથમ પ્રકારના સૈનિકો એ હતા જેમને લશ્કરી તાલીમ લીધા પછી સૈનિક બનાવવામાં આવતા. જ્યારે બીજા પ્રકારના સૈનિકો રાષ્ટ્રીય લશ્કરના સભ્યો હતા. ઍસિરિયન સંસ્કૃતિમાં તમામ નાગરિકો માટે લશ્કરી સેવા કરવી ફરજિયાત હતી.  ઍસિરિયન સંસ્કૃતિમાં ગુપ્તચર વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી જે સામ્રાજયની તથા દુશ્મનો વિશેની દરેક પ્રકારની માહિતી એકત્રિત કરતું. ઍસિરિયન સંસ્કૃતિ તેની લશ્કરી*

*વ્યવસ્થાને કારણે પ્રાચીન વિશ્વના ઈતિહાસમાં વિશેષ સ્થાન ધરાવે છે. વિદ્વાનોનો માને છે કે એલેક્ઝાંડર પહેલાં, વિશ્વનો કોઈ પણ દેશ યુદ્ધની કાર્યક્ષમતામાં ઍસિરિયન સંસ્કૃતિ સાથે સ્પર્ધા કરી શક્યો ન હતો. ટુંકમાં સમગ્ર ઍસિરિયન રાજ્યનો આધાર લશ્કર હોવાથી રાજા સતત લશ્કર પર દેખરેખ રાખતા, દગાખોર સૈનિકોને ક્રૂર અને ઘાતકી સજા કરવામાં આવતી.*

### 5.3.2 ઍસિરિયન સંસ્કૃતિની પ્રાંતીય વ્યવસ્થા

*ઍસિરિયન સંસ્કૃતિના વિશાળ સામ્રાજ્યને 70 થી વધુ પ્રાંતોમાં વિભાજીત કરવામાં આવ્યું હતું. પ્રાંતોનો વડો સૂબો હતો જેની નિમણૂક રાજા કરતો. સૂબાઓ પ્રાંતોમાં કરવેરા ઉઘરાવતા, યુદ્ધ સમયે રાજાને અનાજ તથા સૈનિકોની સહાય કરતા. પ્રાંતોને જિલ્લાઓમાં વિભાજીત કરવામાં આવ્યા હતા. જે 'પખતી' તરીકે ઓળખાતા તથા તેનો વડો 'શનુ' કહેવાતો. શનુનુ મુખ્ય કાર્ય જિલ્લામાંથી કર ઉધરાવવાનું, સૈન્ય ભરતી કરવાનું તથા શાંતિ જાળવવાનું હતું. ઍસિરિયન સંસ્કૃતિના જે જિલ્લામાં અશુરદેવનું મંદિર આવેલું હતું તે જિલ્લાને 'અશુર' અને 'એકલાતે' પણ કહેવામાં આવતા તથા તેના વડાને 'બેલ-પુખાટી' તરીકે ઓળખવામાં આવતા. ઍસિરિયન સંસ્કૃતિના મોટા શહેરોમાં સ્થાનિક સ્વશાસન હોવાની માહિતી મળે છે તેનો વડો 'ખઝાનુ' તરીકે ઓળખાતો. ઍસિરિયન સંસ્કૃતિના તમામ પ્રાંતો, જિલ્લાઓ તથા શહેરો પર કેન્દ્રીય વહીવટીતંત્રનું નિયત્રણ હતું. ઍસિરિયન સામ્રાજ્યના દરેક પ્રાંતમાં રાજ્ય તરફથી ખેપિયા પ્રથા (ટપાલ વ્યવસ્થા) શરૂ કરવામાં આવેલી હતી.*

*(ક)* **તમારી પ્રગતિ ચકાસો.**

**(છ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. *ઍસિરિયન સંસ્કૃતિના ઈષ્ટદેવે કોણ છે.*

2. *ઍસિરિયન સંસ્કૃતિના કયા શાસકે સુમેર-અક્કાદના સ્વામીનું બિરુદ ધારણ કર્યુ હતું.*

3. *ઍસિરિયન સંસ્કૃતિના રાજાઓ રાજ્યભિષેકના માનમાં કયો તહેવાર ઉજવતા.*

4. *ઍસિરિયન લશ્કરના સેનાપતિને કયા નામથી ઓળખવામા આવતા.*

5. *ઍસિરિયન સામ્રાજ્યને કેટલા પ્રાંતોમાં વહેંચવામાં આવ્યું હતું.*

**(B)** *ઍસિરિયન સંસ્કૃતિના રાજ્યતંત્ર વિશે નોંધ લખો.*

## 5.4 ઍસિરિયન સંસ્કૃતિ સામાજિક જીવન

### 5.4.1 સમાજનું સ્વરૂપ

*ઍસિરિયન સંસ્કૃતિનો સમાજ પાંચવિભાગમાં વહેંચાયેલો હતો* 1) *ઉમરાવ વર્ગ* 2) *કારીગર વર્ગ* 3) *ખેડૂત વર્ગ* 4) *ગુલામોનો વર્ગ અને* 5) *યુદ્ધ કેદીઓનો વર્ગ.*

*સમાજના ઉચ્ચ વર્ગમાં રાજવી પરિવાર, સેનાપતિ, મુખ્ય પુરોહિતો, પ્રાંતીય સૂબાઓ અને ઉચ્ચ અધિકારીઓ સમાવેશ થતો. જેમને શાહી પદવીઓ આપવામાં આવતી હતી. ઍસિરિયન સંસ્કૃતિમાં ઉચ્ચ વર્ગની સ્ત્રીઓને પણ સૂબાનું પદ આપવામાં આવતું. વિદ્વાનો માને છે કે વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓમાં ઉચ્ચ પદો પર સ્ત્રીઓની નિયુક્તિ કરનારી પ્રથમ સંસ્કૃતિ ઍસિરિયન સંસ્કૃતિ હતી.*

*ઍસિરિયન સંસ્કૃતિમાં કારીગરોના વર્ગને 'ઉમ્માને' કહેવામાં આવતો. આ કારીગરોમાં કારકુન, કુંભાર, સુથાર અને શાહુકારને 'તમકારુ', કારકુનોને 'તુપશારુ', કુંભારોને 'પરવારુ' અને સુથારો 'નગ્નારુ' કહેવામાં આવતા હતા. ઍસિરિયન સંસ્કૃતિના દરેક નગરમાં એક જ વ્યવસાય કરતા કારીગરો અલગ અલગ મોહલ્લામાં નિવાસ કરતા. કારીગરોનો વર્ગ રાજ્યને પોતાનો વ્યવસાય વેરો ચુકવી આપતો જેના બદલામાં રાજ્ય તરફથી તેમના વ્યવસાયને લગતી સુવિધાઓ આપવામાં આવતી હતી. ઍસિરિયન સમાજમાં સૌથી ખરાબ સ્થિતિ ગુલામોની હતી. આ ગુલામોમાં યુદ્ધ કેદી તરીકે પકડાયેલો વર્ગ વધારે હતો જેની સાથે અમાનવીય વ્યવહાર કરવામાં આવતો. આવા ગુલામોને કોઈપણ ગુના માટે ક્રૂર સજા કરવામાં આવતી.*

### 5.4.2 ખોરાક

*ઍસિરિયન સંસ્કૃતિની પ્રજાનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન હોવાથી ખોરાકમાં અનાજ, શાકભાજી, ફળો, ખજૂર, દૂધ, માખણ પનીર વગેરેનો ઉપયોગ કરતા. ઉચ્ચ વર્ગના લોકો શરાબ લેતા જ્યારે કેટલાક વર્ગના લોકો માંસાહારી હતા.*

### 5.4.3 અલંકારો

*ઍસિરિયન સંસ્કૃતિમાંથી મળી આવેલા મહેલોની દીવાલો પરના શિલ્પો તથા ચિત્રકલાના નમૂનાઓ પરથી આ સંસ્કૃતિના અલંકારો વિશેની માહિતી મળે છે. આ સંસ્કૃતિના પુરુષો અને સ્ત્રીઓ અલંકારોના શોખીન હતા. પ્રાપ્ત અવશેષો પરથી જાણવા મળે છે કે ઍસિરિયન સંસ્કૃતિની લોકો સોના, ચાંદી, તાંબુ, કિંમતી પથ્થરો તથા હાથીદાંતના બનાવેલા હાર, વીંટી, બુટ્ટી જેવા અલંકારો પહેરતા. ગળામાં હાર સાથે દેવતાઓની આકૃતિઓના નાના પ્રતીકો પહેરતા હોવાનું જાણવા મળે છે.*

### 5.4.4 રાચરચીલું

*ઍસિરિયન સંસ્કૃતિના મહેલોમાંથી કિંમતી સાધનોની માહિતી મળે છે. ઍસિરિયન સંસ્કૃતિના રાજાઓ કિંમતી સાધનોના શોખીન હતા તેથી મહેલોમાંથી અંત્યત કિમતી લાકડામાંથી બનાવેલ શાહી સિંહાસન, પલંગ, ખુરશી, ટેબલ પ્રાપ્ત થયેલા છે. આ સિવાય કિંમતી ધાતુ, પથ્થરો અને હાથીદાંતમાંથી બનાવેલા વાસણો પણ મળી આવેલા છે. કેટલાક લાકડાના સાધનો પર સુંદર નકશીકામ પણ જોવા મળે છે.*

### 5.4.5 આનંદપ્રમોદ

*આનંદપ્રમોદના માટે ગુલામો પર ત્રાસ ગુજારતા. ગુલામોને પાંજરામાં પૂરી ચાબુકથી મારતા, ગુલામ માતાપિતા સામે જ તેમના સંતાનોને જીવતા સળગાવી દેવામાં આવતા. કેટલાય દિવસો સુધી જેલામાં પુરી ભૂખે રિબાવવામાં આવતા. આ પ્રકારના વિકૃત આનંદપ્રમોદના સાધનોની માહિતી આજે પણ ઍસિરિયન સંસ્કૃતિના ચિત્રો આપે છે.*

### 5.4.6 સ્ત્રીઓની સ્થિતિ

*ઍસિરિયન સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઊતરતી કક્ષાનું હતું. સમાજમાં ઉચ્ચ વર્ગની સ્ત્રીઓની ઉચ્ચ હોદ્દા પર નિમણૂક કરવામા આવતી પરંતુ મધ્યમ વર્ગની સ્ત્રીઓ પર પુરુષોનું આધિપત્ય હતું. સ્ત્રીઓ સાથે ગુલામ જેવો વ્યવહાર કરવામાં આવતો. અહીંના સમાજમાં પડદાપ્રથા હતી. પરિણિત સ્ત્રી ખુલ્લા મસ્તકે બહાર ન જઈ શકતી. જ્યારે અવિવાહિત સ્ત્રી-પુરોહિત, વેશ્યાઓ અને નોકરાણીઓને બુરખો પહેરીને રસ્તા પર ચાલવાની મનાઈ હતી. વળી પુરુષ ગમે તેટલી સ્ત્રીઓ સાથે શારીરીક સંબંધ રાખી શકતો જ્યારે સ્ત્રી પાસે વફાદારીની અપેક્ષા રાખવામા આવતી. ઍસિરિયન સંસ્કૃતિના મંદિરો*

*વેશ્યાગૃહો જેવા હતા જ્યા સ્ત્રીઓનું શારીરીક શોષણ થતું. લગ્ન વ્યવસ્થાનું સ્વરુપ વ્યવસ્થિત ન હતું. વિક્રયની પ્રથા પ્રચલિત હતી. ઍસિરિયન કાયદાસંહિતા મુજબ સ્ત્રી અને પુરુષ બંને પરસ્પર સહમતીથી છૂટાછેડા લઈ શકતા. પરંતુ જો પતિ તેની પત્નીના ભરણપોષણની વ્યવસ્થા કર્યા વિના પાંચ વર્ષ સુધી ગુમ રહે તો તેની પત્નીને લગ્ન કરવાનો અધિકાર હતો. ઍસિરિયન સામ્રાજ્ય લશ્કરી સામ્રાજ્ય હોવાથી લશ્કરમાં યુવોનોની વિશેષ જરૂર રહેતી તેથી સમાજમાં ગર્ભપાત ભયંકર ગુનો ગણવામાં આવતો. ઍસિરિયન કાયદાસંહિતા અનુસાર ગર્ભપાત કરાવનાર સ્ત્રીને તથા વ્યભિચારીણી સ્ત્રીને મૃત્યુદંડની સજા આપવામાં આવતી. ઍસિરિયન સંસ્કૃતિમાં દેવાદાર પિતા પોતાની પુત્રીને જામીન પેટે રાખી શકતો જો પિતા મૃત્યુ પામે તો ભાઈઓએ દેવુ સંપૂર્ણ રીતે ચુકવીને પોતાની બેનને મુક્ત કરાવવાની જવાબદારી રહેતી હતી. જો ભાઈઓ પણ દેવુ ન ચુકવી શકતા તો આવી સ્ત્રી સાથે લેણદાર પોતે અથવા પોતે જેને ઈચ્છે તે પુરુષ સાથે સ્ત્રીનું લગ્ન કરવાની જોગવાઈ હતી. કેટલીક સ્ત્રીઓ લગ્ન પછી પણ તેમના પિતાના ઘરે રહેતી આવી સ્ત્રીઓને તેમના ખર્ચ માટે પતિ દ્વારા નિયમિતપણે પૈસા આપવામાં આવતા હતા આ રકમને 'ડુમાકી' તરીકે ઓળખવામાં આવે છે.*

## 5.5 આર્થિક જીવન

### 5.5.1 ખેતી

*ઍસિરિયન પ્રદેશ ખેતીપ્રધાન હોવાથી અહીંના લોકો ખેતીમાં વિશેષ રસ લેતા. આ પ્રદેશની જમીન નદીઓના કાંપથી ફળદ્રુપ બનેલી હતી. અહીંના લોકો ઘઉં, જવ, તલ, જુવાર વગેરેની વિપુલ પ્રમાણમાં ખેતી કરતા. જમીન મોટે ભાગે જમીનદારો, ધર્મગુરુઓ અને રાજ્ય વચ્ચે વહેંચાયેલી હતી જેમાં દેવાદાર ખેડૂતો મજૂરી કામ કરતા. ખેતીના વિકાસ માટે રાજ્ય તરફથી સિંચાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉ.દા તરીકે રાજા સેનચરીબ દ્વારા નહેરનું નિર્માણ કરવામાં આવ્યું હતુ જેના દ્વારા નિનિવેહ શહેરથી ત્રીસ માઇલ સુધીના વિસ્તારમાં પાણી પુરૂ પાડવામાં આવતું હતુ.*

### 5.5.2 હુન્નરઉદ્યોગો

*ઍસિરિયન સંસ્કૃતિમાં ખેતીની સાથે હુન્નરઉદ્યોગોનો પણ વિકાસ થયેલો જોવા મળે છે. અહીંના લોકો ધાતુને ઢાળવાની ક્રિયા જાણતા હતા વળી અહીંની પ્રજા યુદ્ધપ્રેમી હતી તેથી ધાતુમાંથી યુદ્ધના હથિયારો બનાવવાના ઉદ્યોગો વ્યાપક પ્રમાણમાં વિકસ્યા હતા. સમયાતરે ઍસિરિયન પ્રજાએ લોખંડની સાથે કાંસાની ધાતુના શસ્ત્રો બનાવવાના ઉદ્યોગો વિકસાવ્યા હતા. આ ઉપરાંત કાચના વાસણો બનાવવા, કાપડ રંગવા, માટીન વાસણો પર એનેમલ ચઢાવવા વગેરે ઉદ્યોગો વિકસાવ્યા હતા. ઍસિરિયન સંસ્કૃતિમાં ખાનગી શરાફોની માહિતી મળે છે જે ઉદ્યોગોના વિકાસ માટે નાણા ધીરતા હતા. રાજ્ય તરફથી ઉદ્યોગોના વિકાસ માટે કેટલાક ઉદ્યોગોને કરમાંથી મૂક્તિ આપવામાં આવી હતી.*

### 5.5.3 વેપાર વાણિજ્ય

*આપણે પ્રકરણની પ્રસ્તાવનામાં જોયુ હતું કે કે મેસોપોટેમિયા પ્રદેશના મોટા ભાગના વેપારી માર્ગો ઍસિરિયન પ્રદેશમાંથી બેબીલોનિયાની ઉત્તરે આરમેનિયા તરફ જતા તેથી આ પ્રદેશ પર નિયંત્રણ મેળવવા માટે હંમેશા યુદ્ધો થતા હતા. આ યુદ્ધોએ અહીંની પ્રજાને યુદ્ધપ્રેમી બનાવી તેથી ઍસિરિયન પ્રદેશમાં બહારથી વેપારીઓ વેપાર કરવા આવતા. ઍસિરિયન રાજાઓ વિદેશી વ્યાપારીઓના કાફલાઓને સુરક્ષા આપતા તેના બદલામાં ચોક્કસ રકમ તથા ચીજવસ્તુઓ મેળવતા. સમયાંતરે ઍસિરિયન વેપારીઓએ તેમના કાફલાઓ સાથે વિદેશમાં વ્યાપારની શરૂઆત કરી હોવાની માહિતી મળે છે. ઍસિરિયન વેપારીઓ જે કાફલા દ્વારા વેપાર કરતા તેને 'સુખારુ' તરીકે ઓળખવામાં આવે છે. વિદ્વાનો જણાવે છે કે ઍસિરિયન વેપારીઓએ શાહુકારો પાસેથી ૨૫ ટકા વ્યાજના દર સાથે રકમ મેળવી વેપારની શરૂઆત કરી હતી. ઍસિરિયન રાજા સેનાચરિબ દ્વારા વેપારના વિકાસ માટે ચાંદીના અડધા શેકલના સિક્કા પણ બહાર પાડ્યા હતા. જો કે વાસ્તવિકતા એ હતી કે ઍસિરિયન સંસ્કૃતિનું આર્થિક જીવન યુદ્ધ અને સામ્રાજ્યવાદ પર આધારીત હતું.*

### (ખ) તમારી પ્રગતિ ચકાસો.

**(છ) નીચે આપેલ વિધાનો ખરા (✓) છે કે ખોટા (ટ) તપાસો.**

1. *ઍસિરિયન સમાજ ૬ વર્ગેમાં વિભાજીત હતો.*
2. *ઍસિરિયન સમાજમાં ગર્ભપાત ભયંકર ગુનો ગણાવમાં આવતો હતો.*
3. *ખેતીના વિકાસ માટે અસૂરનાબીપાલ દ્વારા નહેરનું નિર્માણ કરવામાં આવ્યું.*
4. *ઍસિરિયન સંસ્કૃતિમાં હુન્નર ઉદ્યોગોનો વિકાસ થયો ન હતો.*
5. *ઍસિરિયન સંસ્કૃતિનો વ્યાપાર વિદેશી વેપારીઓ પર નિર્ભર હતો.*

(B) *ઍસિરિયન સંસ્કૃતિના સામાજિક તથા આર્થિક જીવન વિશે સમીક્ષા કરો.*

## 5.6 ધાર્મિક જીવન

ઍસિરિયન સમાજ અને રાજ્ય પર ધર્મનો વિશેષ પ્રભાવ હતા. ઍસિરિયન સંસ્કૃતિનો ધર્મ બેબિલોનિયન સંસ્કૃતિના ધર્મ સાથે મળતો જ આવે છે પરંતુ ઍસિરિયન ધર્મમાં આપણને લશ્કરી જીવનની અસર જોવા મળે છે. ઍસિરિયન ધર્મ ભય પર આધારિત જોવા મળે છે. ઍસિરિયન સંસ્કૃતિના લોકો દેવતાઓથી ડરતા દેવતાઓને ખુશ રાખવા માટે ધાર્મિક વિધિ-વિધાનોનો આશ્રય લેતા હતા. આપણે સૌ પ્રથમ ઍસિરિયન સંસ્કૃતિના દેવતાઓ વિશે માહિતી મેળવીએ.

### 5.6.1 દેવતા

ઍસિરિયન સંસ્કૃતિના મુખ્ય દેવ 'અસૂર-સૂર્યદેવ' હતા. ઍસિરિયન સંસ્કૃતિની માન્યતા પ્રમાણે આ દેવ સ્વભાવે ક્રૂર અને ઘાતકી હતા. ઍસિરિયન સંસ્કૃતિના લોકો અસૂર દેવને સમગ્ર વિશ્વ અને બ્રહ્માંડના સર્જક માનતા હતા. ઍસિરિયન લોકોએ આ દેવના નામ પરથી જ પોતાની રાજધાનીનું નામ 'અસૂ'ર રાખ્યુ હતું. એટલુ જ નહીં પરંતુ ઍસિરિયન સામ્રાજ્યના ધ્વજ પર અસૂર દેવનું પ્રતીક 'સૂર્યચક્ર' જોવા મળતું હતું. ઍસિરિયન સેના યુદ્ધમાં આ ધ્વજ સાથે વહન કરતી હતી. ઍસિરિયનથી હારેલા લોકો પણ અસૂર દેવના ક્રૂરતાથી ડરતા હતા. અસૂરદેવનું સંપૂણ વ્યક્તિત્વ ઍસિરિયન સંસ્કૃતિની લશ્કરી ક્રૂરતા સાથે સંબંધ ધરાવતું હતું.

ઍસિરિયન સંસ્કૃતિમાં અસૂર બાદ ઈસ્ટર દેવીનું સ્થાન મહત્વનું હતું. ઈસ્ટર અસૂર દેવની પત્ની હતી તથા ઍસિરિયન સંસ્કૃતિના લોકો માનતા હતા કે ઈસ્ટર અસૂરદેવના તમામ દુશ્મનોને મારી નાંખતી. ઍસિરિયન સામ્રાજ્યના નિનિવેહ તથા અરબેલામાં ઈસ્ટર દેવીના ભવ્ય મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

ઍસિરિયન સંસ્કૃતિમાં અસૂર અને ઈસ્ટર ઉપરાંત સિનુ, શમાશ, મારડુક, બેલ-મર્દુક, નાબુ, ઈનુરતા, નેર્ગેલ અને નસ્ક જેવા બીજા 60 દેવતાઓની પૂજા કરવામાં આવતી હતી. ઍસિરિયન સંસ્કૃતિના ઐતિહાસિક સાહિત્યમાં આ દેવોના નામ વારંવાર જોવા મળે છે. આ ઉપરાંત ઍસિરિયન સંસ્કૃતિના દરેક નગર અને ગામડાનો જુદા જુદા દેવ હતા જેમના માટે ભવ્ય મંદિરો બાંધવામાં આવ્યા હતા.

### 5.6.2 ધાર્મિક વિધિ વિધાનો

બેબિલોન સંસ્કૃતિની જેમ જ ઍસિરિયન સંસ્કૃતિના ધર્મમાં પ્રાર્થના અને પૂજા વ્યક્તિગત અને સામૂહિક રીતે કરવામાં આવતી હતી. ઍસિરિયન સંસ્કૃતિના લોકોમાં માન્યતા હતી કે યુદ્ધ કેદીઓનો દેવ સમક્ષ વધ કરવાથી તે પ્રસન્ન થાય છે. તેથી આપણને ઍસિરિયન સંસ્કૃતિમાં બલિદાનનો મહિમા વિશેષ જોવા મળે છે. ઍસિરિયન સંસ્કૃતિના

*લોકો પોતાના ઈસ્ટદેવ અસૂર સમક્ષ પશુઓ, કિંમતી ચીજવસ્તુઓ તથા ગુલામોના ભોગ આપતા હતા.*

*વળી, ઍસિરિયન સમાજમાં જાદુ, મંત્રો, ભૂત-પ્રેત વગેરેનું પ્રભુત્વ હતું. ઍસિરિયન સંસ્કૃતિના ધાર્મિક સાહિત્યમાં જાદુના મંત્રો, ભૂત-પ્રેતને કાઢવાના મંત્રો, ભવિષ્ય જાણવાના સૂત્રો વગેરે જોવા મળે છે. ઍસિરિયન સંસ્કૃતિના લોકો માનતા કે વિશ્વ અશુદ્ધ શક્તિઓથી ભરેલુ છે જેને દૂર કરવા માટે જાદુ અને મંત્રો જરૂરી છે. ઍસિરિયન સંસ્કૃતિના લોકો આવી અશુદ્ધ શક્તિઓથી બચવા માટે વિવિધ વિધિઓ કરાવતા તથા ગળામાં માદળિયા પહેરતાં.*

### 5.6.3 ધર્મગુરુઓ

*ઍસિરિયન સંસ્કૃતિના સમકાલીન સાહિત્ય પરથી ધર્મગુરૂઓ વિશેની માહિતી મળે છે. ઍસિરિયન સંસ્કૃતિમાં ધર્મગુરૂઓનો એક વર્ગ મંદિરોમાં દેવતાઓ માટે પૂજા તથા વિધિ વિધાન કરતો. જ્યારે બીજો વર્ગ ભવિષ્ય તથા શુભ-અશુભની જાણકારી આપવાનું કાર્ય કરતો. ઍસિરિયન સંસ્કૃતિમા ભવિષ્યવેતા ધર્મગુરૂઓને 'બરૂ' કહેવામાં આવતા હતા. વિદ્વાનો માને છે કે ઍસિરિયન સંસ્કૃતિના ધર્મગુરૂઓને જ્યોતિષ વિશેનું જ્ઞાન બેબિલોન પાસેથી મળ્યુ હતું. કેટલાક ધર્મગુરૂઓ ગ્રહોની ગતિનો અભ્યાસ કરીને લોકોને કોઈપણ કાર્ય સફળતા કે નિષ્ફળતાની તથા શુભ કે અશુભ સંકેતોની માહિતી આપવાનું કાર્ય કરતા હતા. ઍસિરિયન સંસ્કૃતિના લોકો કોઈપણ સારૂ કાર્ય શરૂ કરતા પહેલા ધર્મગુરૂઓની સલાહ અવશ્ય લેતા હતા.*

### 5.6.4 મૃત્યુ સંસ્કાર

*ઍસિરિયન સંસ્કૃતિમાં મરણોત્તર જીવન વિશેની તેમની કલ્પના વિશે કોઈ માહિતી મળતી નથી. ઍસિરિયન સંસ્કૃતિના લોકો બેબિલોનની પ્રજાની જેમ મૃત્યુ બાદ શબને દફનાવતા તથા શબની સાથે જીવન જરૂરી વસ્તુઓ મુકતા. ઍસિરિયન સંસ્કૃતિના મળી આવેલા અવશેષો પરથી જાણવા મળે છે કે સમયાંતરે ઍસિરિયન સંસ્કૃતિના લોકોએ શબને દફનાવવાના બદલે અગ્નિસંસ્કાર કરવાની પ્રથા અપનાવી હતી. અહીના પ્રદેશમાંથી ખૂબ જ ઓછી કબરો મળી આવેલી છે.*

## 5.7 ઍસિરિયન સંસ્કૃતિની લલિતકલાઓ

*ઍસિરિયન સંસ્કૃતિએ કલાના ક્ષેત્રે બેબિલોનિયન સંસ્કૃતિ જેટલો જ વિકાસ કરેલો જોવા મળે છે. ઍસિરિયન સંસ્કૃતિની લલિતકલાઓમાં સૌ પ્રથમ આપણે સ્થાપત્યકલા વિશે માહિતી મેળવીએ.*

### 5.7.1 સ્થાપત્ય કલા

*ઍસિરિયન સંસ્કૃતિની સ્થાપત્ય કલા વિશેની માહિતી અહીંથી મળી આવેલા મહેલોના અવશેષો પરથી મળે છે. ઍસિરિયન રાજાઓને શાહી મહેલો નિર્માણમાં અંગત રસ હતો તેથી તેઓ ગાદી પ્રાપ્ત કર્યા બાદ પોતાના માટે ભવ્ય મહેલો બંધાવતા. આ મહેલોની દિવાલો પર રાજા પોતાના પુરોગામી રાજાના પરાક્રમો તથા યુદ્ધ-સાહસની કથાઓ શિલ્પો અથવા ચિત્રો સ્વરૂપે અંકિત કરાવતા. મહેલ નિર્માણ દ્વારા દરેક રાજા પોતાની અનુગામી રાજાને પોતાની ખ્યાતિ રજૂ કરવાની પ્રેરણા આપતા.*

*ઍસિરિયન સંસ્કૃતિના મહેલોના નિર્માણમાં માટીની ઈંટોનો ઉપયોગ થયેલો જોવા મળે છે. મહેલો જમીનથી ઊંચા સ્તરે બાંધવામાં આવતા. મહેલોની દિવાલો સૂર્યના તાપે તપવેલી ઈંટોથી બાંધવામાં આવતી. જ્યારે મહેલના સ્તંભો, પાયા, ધ્વજ ધ્રુવો તથા શિખરો બાંધવા માટે પથ્થરોનો ઉપયોગ થતો. ઍસિરિયન સંસ્કૃતિના મળી આવેલા દરેક મહેલોના બહારના બાંધકામની શૈલી સમાન છે પરંતુ આંતરિક બાંધકામની શૈલીમાં વિવિધતા જોવા મળે છે. ઍસિરિયન રાજા સારગોને દાર-શર્કિન નગરમાં નિર્માણ કરાવેલ મહેલની બાંધકામ શૈલીમા આ વિવિધતા સ્પષ્ટ જોવા મળે છે. સારગોને આ મહેલ 25 એકર જમીનમાં બંધાવ્યો હતો જેમાં 200 રૂમો હતા. આ શાહી મહેલના ઓરડાઓ તથા કોષોને ત્રણ ભાગમાં  વહેંચવામાં આવ્યા હતા. દરેક  ભાગમાં  સ્વાગત ખંડ, મોટો ખંડ અને મંદિર આવેલા હતા. મહેલના મુખ્ય ભાગથી શહેર તરફ જવાના રસ્તા પર ઊંચો ગોપુર હતો, જેમાં ત્રણ સિંહવાળા દરવાજા અને બુર્જ  હતા.  મધ્યમાં સ્થિત સિંહ દરવાજાની કમાન પર પાંખવાળા આખલાની ત્રણ જોડી અને દેવ ગિલગમેશની પ્રતિમા હતી, જેમાં દેવને સિંહનું ગળું દબાવતા દર્શાવવામાં આવ્યા હતા. બાકીના બે સિંહ દરવાજાની કમાન પર પાંખવાળા આખલાની જોડીને રક્ષક તરીકે દર્શાવવામાં આવી હતી. આ પ્રતિમાઓ અને સિંહ દરવાજા મહેલની ભવ્યતામાં વધારો કરતા હતા.*

*ઍસિરિયન રાજા સેનાચરીબે રાજધાની નિનિવેહમાં ભવ્ય મહેલો, મંદિરો અને પુસ્તકાલયો બંધાવ્યા હતા. ઍસિરિયન રાજાઓ સ્થાપત્યોના નિર્માણ માટે ગુલામોનો ઉપયોગ કરતા હતા. ઍસિરિયન સંસ્કૃતિના સ્થાપત્યોની બીજી વિશેષતા એ હતી કે ભવન નિર્માણમાં સ્તંભોનો ઉપયોગ સવિશેષ કરવામાં આવતો. ઈતિહાસકાર વીલ ડૂરાં લખે છે કે 'ઈરાની લોકો ભવન નિર્માણમાં સ્તંભોનો પ્રયોગ ઍસિરિયનો પાસેથી શીખ્યા હતા.'*

### 5.7.2 શિલ્પકલા

*ઍસિરિયન સંસ્કૃતિનું પ્રારંભિક શિલ્પ કેસાઇટ-યુગની બેબિલોનિયન શિલ્પકલાથી પ્રભાવિત હતું. ઍસિરિયન શિલ્પકલાની વિશેષતા એ છે કે ઍસિરિયન શિલ્પકારો પ્રાણીઓના શિલ્પ નિર્માણમાં નિષ્ણાત હતા. વળી ઍસિરિયન શિલ્પકારો માનવ શરીરના શિલ્પ નિરૂપણમાં શરીરના અંગોના નિરૂપણને બદલે કપડાં અને અલંકારોના નિરૂપણ પર*

*વધારે ધ્યાન આપતા. આપણને જ્યા બેબિલોનિયન શિલ્પકલામાં ધાર્મિક દ્રશ્યોના નિરૂપણ જોવા મળે છે ત્યાં ઍસિરિયન શિલ્પકલામાં યુદ્ધ અને શિકારના દ્રશ્યોનું નિરૂપણ જોવા મળે છે. બેબિલોનિયન શિલ્પકલા કરતા ઍસિરિયન શિલ્પકલા વધારે વાસ્તવિક અને જીવંત છે. ઍસિરિયન શિલ્પકલામાં અસૂરદેવ, સિંહનો શિકાર કરતા રાજા, મહેલની દિવાલો તથા દરવાજા પર અંકિત કરવામાં આવેલા પશુઓની (આખલો, ઘોડા, ગાય, ગધેડા, હરણ) પ્રતિમાઓ વગેરે શિલ્પકલાના ઉત્તમ નમૂના છે.*

*ઍસિરિયન રાજા અસૂરબનીપાલના શાસનકાળ દરમિયાન શિલ્પકલાનો ઉત્તમ વિકાસ થયેલો જોવા મળે છે. વળી, અસૂર નગરમાંથી ઍસિરિયન શિલ્પકલાના સૌથી જૂના અવશેષો મળી આવ્યા છે. તે જ રીતે સેનાચરીબના મહેલના સિંહ દરવાજા પર અંકિત કરવામાં આવેલ પાંખવાળા આખલાની પ્રતિમા ઍસિરિયન શિલ્પકલાનું ઉત્તમ ઉદાહરણ છે. સારગોન દ્વિતીય દ્વારા બંધાવવામાં આવેલ ખોરસાબાદ(સારગોનપુર)ના મહેલના દરવાજા આગળ પાંખવાળા આખલાનું શિલ્પ નોંધપાત્ર છે. આ ઉપરાંત આજે પણ બ્રિટિશ સંગ્રહાલયમાં સુરક્ષિત અસૂરબનીપાલ બીજાનું ભવ્ય શિલ્પ પણ ઍસિરિયન શિલ્પકલાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.*

### 5.7.3 ચિત્રકલા

*ઍસિરિયન સંસ્કૃતિમાંથી પ્રાપ્ત થયેલા મહેલોની દિવાલો પરના અવશેષો પરથી આ સંસ્કૃતિની ચિત્રકલા વિશેની માહિતી પ્રાપ્ત થાય છે. મહેલના દિવાલ પરના ચિત્રોની ભાત આહલાદક છે તથા રંગકામ ખૂબ જ અસરકારક જોવા મળે છે. ઍસિરિયન સંસ્કૃતિની ચિત્રકલામાં યુદ્ધના દ્રશ્યો તથા પશુઓના ચિત્રો વિશેષ જોવા મળે છે. સેનાચરીબે નિનિવેહમાં બંધાવેલા મહેલમાં ઘાયલ સિંહણની પીડાનું ચિત્ર તથા અસૂરબનીપાલે બંધાવેલા મહેલની દિવાલ પર અંકિત કરવામા આવેલું તીરથી ઘાયલ સિંહનું ચિત્ર ઍસિરિયન ચિત્રકલાના ઉત્તમ ઉદાહરણો છે. આ ઉપરાંત અસૂરબનીપાલના મહેલની દીવાલ પર ઝાડની છાયા નીચે આરામ કરતી એક સિંહણનું ચિત્ર તે સમયની ચિત્રકલાનો ઉત્તમ નમૂનો છે. સારગોન દ્રીતિયના ખોરસાબાદના મહેલની દીવાલ પર અંકિત ઘોડાના ચિત્રમાં સજીવતા નજરે પડે છે. ઍસિરિયન ચિત્રકલાના આ પશુઓના ચિત્રો આજે પણ વિશ્વ કલાના ઈતિહાસમાં સર્વોતમ ઉદાહરણ માનવામા આવે છે.*

## 5.8 ઍસિરિયન સંસ્કૃતિનું સાંસ્કૃતિક જીવન

### 5.8.1 સાહિત્ય

*ઍસિરિયન સંસ્કૃતિ યુદ્ધપ્રેમી સંસ્કૃતિ હોવાથી સાહિત્યનો વિકાસ ઓછો થયેલો જોવા મળે છે. પરંતું બેબિલોનિયન સાહિત્યમાંથી પ્રેરણા લઈ ઍસિરિયન સંસ્કૃતિના લોકોએ કેટલાક સાહિત્યની રચના કરેલી જોવા મળે છે. ઍસિરિયન સંસ્કૃતિએ વિશ્વને આપેલી અમૂલ્ય*

ભેટ હોય તો તે બેબિલોનિયન સાહિત્ય છે. બેબિલોનિયન સંસ્કૃતિના પતન બાદ તેના સાહિત્યને સાચવી વિશ્વને આપવાનો શ્રેય ઍસિરિયન લેખકોને જાય છે. ઍસિરિયન સંસ્કૃતિમાંથી મળેલા અવશેષો પરથી જાણવા મળે છે કે ઍસિરિયન લેખકોએ બેબિલોનિય સાહિત્યના સંકલન અને સંપાદનનું કાર્ય રાજા અસૂરબનીપાલના શાસનના 600 વર્ષ પહેલા શરૂ કર્યુ હતું. પ્રસિદ્ધ બેબિલોનિયન ‘ગિલ્ગામેશ આખ્યાન’ની નકલો ઍસિરિયન નગરો નિનિવેહ અને અસૂરમાંથી મળેલી છે. તે જ રીતે વિશ્વની રચના અંગેનું વર્ણન કરતી ‘સાત બેબિલોનિયન તપ્તીઓ’ ઍસિરિયન પ્રદેશમાંથી મળી આવેલી છે. આમ વિશ્વ સંસ્કૃતિની જ્ઞાન તથા અસૂર અને નિનિવેહના પુસ્તકાલયોએ સાચવેલી મહાકાવ્યોની નકલો લીધે આજે વિશ્વનો ઈતિહાસ સમૃદ્ધ બનેલો છે.

બેબિલોનિયન સંસ્કૃતિમાંથી પ્રેરણા લઈ ઍસિરિયન લેખકોએ બે પ્રકારના સાહિત્યનું સર્જન કર્યું. પ્રથમ ધાર્મિક સાહિત્ય અને બીજુ ઐતિહાસિક સાહિત્ય. ઍસિરિયન ધાર્મિક સાહિત્યમાં દેવવાણી, ભવિષ્યવાણી, ધાર્મિક સૂત્રો, જાદુના મંત્રો રચાયેલા જોવા મળે છે જેમાં અલંકૃત ભાષાનો ઉપયોગ કરવામાં આવેલો છે. ઍસિરિયન ઐતિહાસિક સાહિત્યમાં રાજાઓ દ્વારા કોતરેલા શિલાલેખો પ્રાપ્ત થયેલા છે. આ શિલાલેખોમાંથી જે તે સમયના રાજાના શાસનકાળની ઐતિહાસિક ઘટનાઓ વર્ણન જોવા મળે છે. આ શિલાલેખોએ સમગ્ર મેસોપોટેમીયાના સંપૂર્ણ ઈતિહાસના નિર્માણમાં ખૂબ મદદ કરી છે. સારગોન રાજવંશના શાસન દરમિયાન કોતરવામાં આવેલા શિલાલેખો દરેક વર્ષની ઘટનાઓનું વિગતવાર વર્ણન આપે છે. સેનાચરીબ અને અસૂરબનીપાલના શાસન દરમિયાન કોતરાયેલા દેવવાણી શિલાલેખોની અલગ શૈલી છે, જે બેબીલોનિયન શૈલીથી પ્રભાવિત હોવાનુ અનુમાન છે પરંતુ સમયાંતરે આ શૈલી સ્વતંત્ર રીતે વિકસિત અસીરીયન શૈલી સાબિત થઈ.

ઍસિરિયન રાજા અસૂરબનીપાલ સાહિત્ય પ્રેમી હતો, તે પોતે લખી-વાંચી શકતો. તેના સમયની 22 હજાર માટીની તકતીઓ પર લખાયેલું ધર્મ, વિજ્ઞાન, વૈદક, જ્યોતિષ વગેરે સાહિત્યના ગ્રંથોનું એક પુસ્તકાલય નિનિવેહના ખંડેરોમાંથી મળી આવેલું છે. તેમાની કેટલીક તકતીઓ આજે પણ બ્રિટિશ મ્યુઝિયમમાં સંગ્રહિત છે. આ તકતીઓ પરથી માહિતી મળે છે કે આ પુસ્તકાલયની સ્થાપનાનો ઉદ્દેશ્ય પ્રાચીન બેબિલોનના જ્ઞાનને સાચવવાનો હતો. મળી આવેલી મોટા ભાગની તકતીઓ બેબિલોનિયન ગ્રંથના અનુવાદની પ્રતિલિપિઓ છે. પ્રા.જે.એચ.બ્રેસ્ટેડ આ પુસ્તકાલયને એશિયાનું સૌ પ્રથમ પુસ્તકાલય તરીકે ઓળખાવે છે.

### 5.8.2 શિક્ષણ

બેબિલોનની જેમ ઍસિરિયન પ્રદેશમાં મંદિરો (દેવળો)માં પ્રાથમિક કક્ષાનું શિક્ષણ આપવામાં આવતું. શિક્ષણનો મુખ્ય વિશાળ ઍસિરિયન સામ્રાજ્ય માટે લહિયા તૈયાર

*કરવાનો હતો. તેથી શિક્ષણના કેન્દ્રોમાં સૌ પ્રથમ લેખનકાર્ય માટે લિપિનં જ્ઞાન આપવામાં આવતું. લિપિના સંપૂર્ણ જ્ઞાન બાદ જ ધર્મ, વિજ્ઞાન, ભાષા, વૈદક, જ્યોતિષ અને વેપાર ઉપયોગી ગણિતનું શિક્ષણ આપવામાં આવતું. ઍસિરિયન શિક્ષણની એક વિશેષતા અહીં એ જોવા મળે છે કે ઍસિરિયન સામ્રાજ્યમાંથી જે અભિલેખો પ્રાપ્ત થયેલા છે આ અભિલેખો લખવાનું શિક્ષણ પણ વિદ્યાર્થીને આપવામાં આવતું. અભિલેખ લખવાની કલાને ઍસિરિયનો 'તુપશરૂતિ' તરીકે ઓળખતા હતા. અભિલેખ લખવાની કલા શિખતા વિદ્યાર્થીને સૌ પ્રથમ વ્યક્તિવાચક શબ્દો શીખવવામાં આવતા ત્યારબાદ વાક્યો લખવાનું જ્ઞાન આપવામાં આવતું. આ શિક્ષણ પૂરુ થયા બાદ વિદ્યાર્થીને પ્રથમ સુમેરિયન અને એરેમિયન ભાષાનું શિક્ષણ આપવામાં આવતું હતું.*

### 5.8.3 લિપિ

*ઍસિરિયન પ્રદેશમાંથી જે માટીની તકતીઓ મળી આવેલી છે તેના પરથી આ સંસ્કૃતિની લિપિ વિશેની માહિતી મળે છે. ઍસિરિયનોએ બેબિલોનની ક્યુનિફોર્મ (કિલાક્ષર) લિપિને સરળ બનાવવા માટે પ્રયત્નો કર્યા હતા. ઍસિરિયનોએ આ ક્યુનિફોર્મ લિપિમાં ધ્વનિ ચિત્રોની રેખાઓનો ઉપયોગ ઓછો કરી આ લિપિનું શુદ્ધિકરણ કરવાના પ્રયાસ કર્યા હતા. પરંતુ આ લિપિની તમામ ખામીઓ દૂર થઈ શકી ન હતી. સમયાંતરે ઍસિરિયન પ્રદેશમાં ફિનિશિયન-એરિમિયન મૂળાક્ષરોની લિપિનો ઉપયોગ શરૂ થયો હોવાની માહિતી મળે છે. આ લિપિના અક્ષરો, ચિત્રો કે લખાણની પદ્ધતિ વિશે ચોક્કસ માહિતી પ્રાપ્ત થતી નથી.*

### 5.8.4 વિજ્ઞાન

*ઍસિરિયન પ્રજાનું વિજ્ઞાનના ક્ષેત્રેમાં યોગદાન ખૂબ ઓછું છે. ઍસિરિયન પ્રજાને વિજ્ઞાનનું જે જ્ઞાન મળ્યું તે બેબિલોનિયન સંસ્કૃતિ પાસેથી મળ્યું જે તેમણે વર્ષે સુધી સાચવીને વિશ્વને આપ્યું છે. ઍસિરિયન પ્રજાને જ્યોતિષ અને યુદ્ધ સિવાય અન્ય વિદ્યાઓમાં રસ ન હતો. ઍસિરિયન પ્રજાએ માત્ર પોતાને ઉપયોગી હોય તેવી જ વિદ્યાઓ અને વિજ્ઞાન ક્ષેત્રે સીમિત યોગદાન આપેલું છે. ઍસિરિયન રાજાઓ પોતે જ્યોતિષશાસ્ત્રમાં અંગત રસ લેતા હતા. ઍસિરિયન રાજાઓએ એવા પદાધિકારીઓની નિમણૂંક કરી હતી જેમને માત્ર ખગોળશાસ્ત્ર સંબંધિત કામગીરી કરવાની હતી. આ અધિકારીઓ ગ્રહો અને તારાઓનું અવલોકન કરી ચોક્કસ માહિતી રાજાને આપતા. આ માહિતીનો ઉપયોગ ઍસિરિયન ધર્મગુરૂઓ જ્યોતિષશાસ્ત્રમાં કરતા અને રાજાને ભવિષ્યમાં બનનારી ઘટનાઓ વિશે માહિતી આપતા. ઍસિરિયન ખગોળશાસ્ત્રીઓએ ૫ ગ્રહોને સંજ્ઞાપ્રદાન કરી હોવાની હોવાની માહિતી મળે છે.*

*ઍસિરિયન સાહિત્યમાંથી જાણવા મળે છે કે ઍસિરિયન ચિકિત્સકોએ શરીર રચનાશાસ્ત્રનો વિશાળ શબ્દકોષ તૈયાર કર્યો હતો. જેમાં તેમણે વિવિધ રોગોના લક્ષણો*

*અને તેના ઉપચાર માટે 500 ઔષધીઓ વિશેની માહિતી આપેલી છે. જો કે ચિકિત્સાશાસ્ત્રમાં ઍસિરિયનો બેબિલોનિયનોથી આગળ વધી શક્યા ન હતા.*

*રસાયણશાસ્ત્ર ક્ષેત્રે ઍસિરિયનોને પોતાના ચર્મ ઉદ્યોગ, ધાતુ ઉદ્યોગ તથા મીનાકારીગરી ઉદ્યોગમાં ઉપયોગમાં લેવાતી રાસાયણિક પ્રક્રિયાઓ વિશેનું જ જ્ઞાન હતું. જ્યારે ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રે કેટલાક સિદ્ધાંતોનો અનુભવ હોવાનું જાણવા મળે છે. જેમ કે ઍસિરિયન રાજા સેનાચરિબે પોતાના શાસન દરમિયાન રાજધાની નિનિવેહ માટે એક કૃત્રિમ જળમાર્ગ દ્વારા* 30 *માઈલ સુધી પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. જે ઍસિરિયનોના ભૌતિક વિજ્ઞાનના જ્ઞાન પર પ્રકાશ પાડે છે. જ્યારે પદાર્થ વિજ્ઞાન ક્ષેત્રે ઉચ્ચાલન* (Lever) *અને ગરગડી* (Pulley)*નો પ્રયોગ કૂશળતાપૂર્વક કરતા હોવાની માહિતી મળે છે.*

*ટૂંકમાં જોઈએ તો ઍસિરિયન પ્રજાએ પોતાના શક્ય એટ્લા પ્રયત્નોથી જ હમ્મુરાબી યુગના વિજ્ઞાનને જીવંત રાખ્યું હતું.*

## (ગ) તમારી પ્રગતિ ચકાસો

**(છ) નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.**

1. *ઍસિરિયન સંસ્કૃતિમાં અસૂરદેવનું પ્રતીક ચિહ્ન* _____________ *હતું.*
2. *ઍસિરિયન સંસ્કૃતિમાં ભવિષ્યવેતા ધર્મગુરૂઓને*_____________*કહેવામાં આવતા હતા.*
3. *ઍસિરિયનો ભવન નિર્માણમાં* _____________ *ઉપયોગ સવિશેષ કરતા હતા.*
4. *ઍસિરિયન સંસ્કૃતિના*__________ *નગરમાંથી પુસ્તકાલય મળી આવ્યું છે.*
5. *ઍસિરિયન ખગોળશાસ્ત્રીઓએ* _____________ *ગ્રહોને સંજ્ઞાપ્રદાન કરી હતી.*

**(B) ઍસિરિયન સંસ્કૃતિના ધાર્મિક જીવન વિશે માહિતી આપો.**

______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________

## 5.9 ઍસિરિયન સંસ્કૃતિનું પતન

*વિદ્વાનોએ ઍસિરિયન સંસ્કૃતિના પતન માટેના જવાબદારો કારણો આ પ્રમાણે આપેલા છે.*

- *ઍસિરિયન રાજા અસૂરનબીપાલ બાદ તેના ઉત્તરાધિકારીઓ સિથિયન અને આરમેનિયન જેવી વિદેશી જાતીઓના આક્રમણોથી વિશાળ ઍસિરિયન સામ્રાજ્યને*

*બચાવી શક્યા નહીં. ઈ.સ.615માં વિદેશી જાતિઓના આક્રમણોથી રાજધાની નિનિવેહનાં પતનની સાથે જ ઍસિરિયન સંસ્કૃતિના પતનની શરૂઆત થઈ.*

- *ઍસિરિયન સંસ્કૃતિના પતનના જવાબદાર કારણ તરીકે તેની પ્રાંતિય શાસનવ્યવસ્થા તથા રાજાઓ અને ધર્મગુરૂઓ વચ્ચેના સંઘર્ષને પણ માનવામાં આવે છે. ઍસિરિયન રાજાઓ વિજેતા પ્રદેશોને સામ્રાજ્યના પ્રાંતો તરીકે સંગઠીત કરવામાં અસમર્થ રહ્યા પરિણામે સમયાંતરે આ પ્રદેશોમાં વિદ્રોહ વધવા લાગ્યા હતા અને પરિણામ સ્વરૂપ આ સંસ્કૃતિ પતન તરફ વળી હતી.*
- *ઍસિરિયન સામ્રાજ્યના મુખ્ય બે વર્ગો સૈનિકો અને ધર્મગુરૂઓ વચ્ચે સંતુલન બનાવી રાખવા માટે ઍસિરિયન રાજાની શક્તિનો વ્યય થઈ જતો. આ બંન્ને વર્ગોના આંતરિક સંઘર્ષને પણ ઍસિરિયન સંસ્કૃતિના પતનનું કારણ માનવામાં આવે છે.*
- *ઍસિરિયન સંસ્કૃતિના આર્થિક જીવનનો મુખ્ય આધાર ખેતી હતો, પરંતુ સમયાંતરે જ્યારે યુદ્ધોની સંખ્યા વધવા લાગી ત્યારે ખેડૂતોને ખેતી છોડી યુદ્ધમાં સૈનિક તરીકે જવું પડતું પરિણામે રાજ્યની આવક ઘટી ગઈ અર્થવ્યવસ્થા તુટી ગઈ. જેને પણ આ સંસ્કૃતિના પતનનું જવાબદાર કારણ માનવામાં આવે છે.*
- *ઍસિરિયન સંસ્કૃતિના પતનનું સૌથી મોટુ કારણ ઍસિરિયનોની ક્રુરતાને ગણવામાં આવે છે. ઍસિરિયનો જીતેલા પ્રદેશો પર ક્રુર રીતે અત્યાચાર કરતા પરિણામે સમગ્ર ઍસિરિયન સામ્રાજ્યમાં વિદ્રોહ વધવા લાગ્યા જેણે ઍસિરિયન સામ્રાજ્યને નિર્બળ બનાવી દિધું. આ સંસ્કૃતિના અંત સમયે જ્યારે કેલ્ડિયન જાતીએ ઍસિરિયન પ્રદેશ જીત્યો ત્યારે ઍસિરિયનો જેટલી જ ક્રુરતાથી કેલ્ડિયન જાતીએ સમગ્ર ઍસિરિયન પ્રદેશ, જાતિ અને સંસ્કૃતિનો સમૂળગો નાશ કર્યો.*

## 5.10 સારાંશ

*ઍસિરિયન સંસ્કૃતિનું મૂલ્યાંકન કરતા આપણે કહી શકીએ કે વિશ્વમાં સામ્રાજયવાદની ભાવનાનો ફેલાવો કરવામાં ઍસિરિયન સંસ્કૃતિએ પહેલ કરી હતી. ઍસિરિયન રાજ્યતંત્રનું સામ્રાજ્યવાદી સ્વરૂપનું અનુકરણ ઈરાને અને ઈરાન પાસેથી રોમે કર્યું હતું. લશ્કરવાદના પાયા પર ઊભી થયેલી ઍસિરિયન સંસ્કૃતિએ ભાવિ પેઢીને યુદ્ધકલાના અનેક પાઠો શીખવ્યા છે. પ્રાંતીય શાસનવ્યવસ્થા એ ઍસિરિયન સંસ્કૃતિનું મહત્વનું પ્રદાન છે. પ્રાંતીય વહીવટીતંત્રમાં અનેક સુધારા કર્યા દા:ત ઍસિરિયન પ્રજાએ પ્રાંતોમાં શરૂ કરેલી ખેપીયા પ્રથા આધુનિક વિશ્વને ટપાલ વ્યવસ્થાની ભેટ છે. સિંહના શિકાર કરતા શિલ્પો તથા પાંખવાલા આખલાની પ્રતિમાઓ ઍસિરિયન શિલ્પકલા શ્રેષ્ઠતા દર્શાવે છે. ઍસિરિયન સંસ્કૃતિની વિશ્વને સૌથી મોટી ભેટ બેબિલોનિયન સંસ્કૃતિના વારસાને સાચવવાની છે. ડૉ. એસ. આર. ગોયલ જણાવે છે કે "જો ઍસિરિયન અસ્તિત્વમાં ન હોત, તો બેબીલોનિયન જ્ઞાનનો મોટો ભાગ પશ્ચિમ એશિયાની જાતિઓની સામાન્ય મિલકત બન્યા વિના લુપ્ત થઈ ગયો હોત અને આધુનિક ઈતિહાસકારો પશ્ચિમ એશિયાના*

*ઈતિહાસનું આટલું વિગતવાર પુનર્નિર્માણ કરી શક્યા ન હોત."વિશ્વની સંસ્કૃતિઓને ઍસિરિયન સંસ્કૃતિએ નોંધનીય ફાળો આપેલો છે.*

## 5.11 ચાવીરૂપ શબ્દો

**'નિસાન'** *ઍસિરિયન રાજાઓના રાજ્યાભિષેકના માનમાં ઉજવાતો તહેવાર.*

**'એકલાતે'** *ઍસિરિયન પ્રાંતના જે જિલ્લામાં અસૂર દેવનું મંદિર આવેલું હોય તે જિલ્લાનુ નામ.*

**'દુર્તનું'** *ઍસિરિયન લશ્કરના સેનાપતિ.*

**'ઉમ્માને'** *ઍસિરિયન સંસ્કૃતિનો કારીગર વર્ગ*

**'ડુમાકી'** *ઍસિરિયન સમાજમાં પિતાને ઘરે રહેતી સ્ત્રીઓને પતિ દ્વારા આપવામાં આવતી જીવનનિર્વાહની રકમ.*

**'સુખારુ'** *ઍસિરિયન વેપારીઓનો કાફલો.*

**'તુપશરૂતિ'** *ઍસિરિયન સંસ્કૃતિમાં અભિલેખ લખવાની કલા.*

**લહિયો** *ગ્રંથોની નકલ કરનાર*

## 5.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

*(ક) વિભાગ*

(A) 1) *અસૂર* 2)*ટીગલથ-પીલેસર* 3) *નિસાન* 4) *'દુર્તનુ'* 5) 70

(B) 5.3 *ના મુદ્દાને આધારે જવાબ લખો.*

*(ખ) વિભાગ*

(A) 1) - X 2) - ✓ 3) - X 4) - X 5) - ✓

(B) 5.4 *તથા* 5.5*ના મુદ્દાઓને આધારે જવાબ લખો.*

*(ગ) વિભાગ*

(A) 1) *સૂર્યચક્ર* 2) *બરૂ* 3) *સ્તંભો* 4) *નિનિવેહ* 5) *પાંચ*

(B) 5.6 *ના મુદ્દાને આધારે જવાબ લખો.*

## 5.13 બહુવૈકલ્પીક પ્રશ્નો

1. *ટાઈગ્રિસ નદીના ઉપરના ખીણ પ્રદેશને કયા નામથી ઓળખાતો હતો?*

A) *ઍસિરિયન* B) *ઈજિપ્ત* C) *સુમેરિયન* D) *ખાલ્ડિયન*

2. *કઈ ઍસિરિયન સ્ત્રી શાસકે ત્રણ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું?*

A) *ક્લિયોપેટ્રા* B) *ઈસ્ટર* C) *સમ્મુરાત* D) *મર્દનુ*

3. *ઍસિરિયાના કયા રાજાને ઈજિપ્તના રાજાઓના સમ્રાટ તરીકે ઓળખવામાં આવે છે?*

A) *ઈસરહેડોન* B) *સેનચરિબ* C) *અસૂર* D) *ટીગલથ*

4. *ઍસિરિયન સામ્રાજમાં કેટલા પ્રાંતો હતા?*

A) 72 B) 75 C) 70 D) 68

5. *ઍસિરિયન સંસ્કૃતિમાં ગર્ભપાત કરાવનાર સ્ત્રીને કઈ શિક્ષા કરવામાં આવતી?*

A) *જેલવાસ* B) *મૃત્યુદંડ* C) *અંગવિચ્છેદ* D) *એકપણ નહી*

6. *ઍસિરિયન લશ્કરમાં કેટલા પ્રકારના સૈનિકોની ભરતી કરવામાં આવતી?*

A) 01 B) 02 C) 03 D) 04

7. *ઍસિરિયન સંસ્કૃતિમાં યુદ્ધની દેવી તરીકે કોની પૂજા કરવામાં આવતી?*

A) *ઈસ્ટર* B) *લર્ગેશ* C) *સિનુ* D) *શયાશ*

8. *નીચેનામાંથી કયા પ્રાણીનું શિલ્પ ઍસિરિયન શિલ્પકલામાં જોવા મળતું નથી?*

A) *ઘોડા* B) *સિંહ* C) *આખલો* D) *વાઘ*

*૯. નીચેનામાંથી કયા અવશેષોને ઐતિહાસિક ઍસિરિયન સંસ્કૃતિના નમૂના ગણાવી શકાય?*

A) *શિલાલેખો* B) *તામ્રપત્રો* C) *ગ્રંથો* D) *ગુફાલેખો*

10. *કઈ સંસ્કૃતિ પાસેથી ઍસિરિયન સંસ્કૃતિને વિજ્ઞાનનું જ્ઞાન મળ્યું?*

A) *સુમેરિયન* B) *બેબિલોનિયન* C) *મિસર* D) *રોમ*

*જવાબ* : 1 - A, 2 - C, 3 - A, 4 - C, 5 - B, 6 - B, 7 - A, 8 - D, 9 - A, 10 - B.

## 5.14 સ્વાધ્યાય

1. *ઍસિરિયન સંસ્કૃતિના રાજકીય ઈતિહાસ અને રાજ્યતંત્ર વિશે મૂલ્યાંકન કરો.*

2. *ઍસિરિયન સંસ્કૃતિના સામાજિક અને આર્થિક જીવન વિશે  વિગતવાર નોંધ લખો.*

3. *ઍસિરિયન સંસ્કૃતિના સાંસ્કૃતિક જીવન તથા લલિતકલાઓનો પરિચય કરાવો.*

## 5.15 સંદર્ભો


1. *આચાર્ય, નવીનચંદ્ર, પરમાર, થોમસ, જગતની અગ્રગણ્ય સભ્યતાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,* 2012.
2. प्रसाद, ओमप्रकाश, प्राचीन विश्व का उदय एवम विकास (विज्ञान की भूमिका) राजकमल प्रकाशन, नई दिल्ली,2011
3. तातेड, सोहन राज, विद्यासागर सिंह, विश्व की पुरातन सभ्यताओ की ऐतिहासिक विवचना भाग- पारीक बुक डिस्ट्रीब्यूटर्स, जयपुर,2018.
4. रधुविर सिह, प्राचीन सभ्यताओ का इतिहास, रावत प्रकाशन, नई दिल्ली,2012.
5. हरीश कुमार, विश्व का इतिहास, अर्पळ पब्लिकेशन, नई दिल्ली,2017.
6. चंचरीक के.एल. विश्व की प्राचीन सभ्यताए, यूनिवर्सिटी पब्लिकेशन, नई दिल्ली,2011.
7. अग्रवाल सुजीत, विश्व का इतिहास का सर्वेक्षळ, विश्वभारती पब्लिकेशन,नई दिल्ली,2013.

# એકમ : 6 ઈરાનની સંસ્કૃતિ

## :: રૂપરેખા ::

6.0 ઉદ્દેશ્યો

6.1 પ્રસ્તાવના

6.2 ભૌગોલિક પરિસ્થિતિ

6.3 રાજકીય ઈતિહાસ

6.4 પ્રસિદ્ધ રાજવીઓ

6.4.1 રાજ્યતંત્ર

6.4.2 ન્યાય અને કાયદાઓ

6.5 વહીવટી એકમો (આંતિરક વ્યવસ્થા)

6.5.1 આર્થિક સ્થિતિ

6.5.2 આંતરિક વ્યવસ્થા

6.5.3 ધાર્મિક સ્થિતિ

6.6 શિક્ષણ અને સાહિત્ય

6.7 તમારી પ્રગતિ ચકાસો

6.8 ચાવીરૂપ શબ્દો

6.8 સંદર્ભ

## 6.0 ઉદ્દેશ્યો

- *આ એકમ વાંચ્યા પછી તમે:*
- *ઈરાનની સંસ્કૃતિ વિષે જાણી શકો છો.*
- *ઈરાનની સંસ્કૃતિનું વિશ્વની સંસ્કૃતિઓમાં શું પ્રદાન છે તે જાણી શકાશે.*
- *ઈરાનની ભૌગોલિક પરિસ્થિતિ અને ભૌગોલિક બળોનું ઈરાનના વિકાસમાં મહત્ત્વ જાણી શકો.*
- *ઈરાન રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિથી માહિતગાર થશો.*
- *ઈરાનના પ્રસિદ્ધ રાજવીઓના કાર્યોથી માહિતગાર બની શકાય.*

- *જમશેદ અને 'જમશેદી નવરોજ' તહેવારનું મહત્વ જાણી શકશો*
- *ઈરાનની પ્રજાની સાહસિક વૃત્તિથી પરિચય મેળવી શકશો.*
- *ઈરાને જે પ્રગતિ સાધી છે તેનાથી રૂબરૂ થશો.*

## 6.1 પ્રસ્તાવના

*માનવ સભ્યતાના ઈતિહાસમાં ઈરાનની પ્રાચીન સભ્યતા વિશિષ્ટ સ્થાન ધરાવે છે. પ્રાચીન કાળમાં ઈરાનનું સામ્રાજ્ય અતિ વિશાળ હતું. ઈરાનની સંસ્કૃતિ એટલે ધર્મની સંસ્કૃતિ. ઈરાનની સંસ્કૃતિ એટલે પયગંબર અષો જરથુષ્ટ્રની સંસ્કૃતિ. આ સંસ્કૃતિએ અષો જરથુષ્ટ જેવા ધર્મપ્રચારક વિશ્વને આપ્યા. પ્રાચીન ઈરાનનું સામ્રાજ્ય તેની નૈતિકતા અને સદાચાર માટે સુપ્રસિદ્ધ હતું. ઈરાનના સાંસ્કૃતિક ઈતિહાસને સમજવા માટે મીડ લોકોની ચડતીપડતી સમજવી જરૂરી છે. કારણ કે ઈરાનની સંસ્કૃતિનું મૂળ આ મીડ પ્રજામાં પડેલું છે. મીડ લોકો સમરકંદ અને બુખારાની ભૂમિમાં થઈને દક્ષિણમાં ઈરાન સુધી પહોંચ્યા હતા. આ પ્રજા ઈ.સ. પૂ. 1000માં કાસ્પિયન સમુદ્રના કિનારેથી પશ્ચિમ તરફ આવી હશે એમ મનાય છે. ઈરાનીઓના ધર્મગ્રંથ અવસ્તામાં આ ભૂમિને સ્વર્ગની ભૂમિ તરીકે ઓળખાવી છે. મીડ લોકોની એક ટોળી જેમ પર્શિયામાં સ્થિર થઈ તેમ બીજી ટોળી મીડિયામાં જઈ વસી. આ બીજી ટોળી તે ઈરાનીઓ તરીકે ઓળખાવા લાગી. તેણે ઈરાનના પૂર્વ અને દક્ષિણ ભાગમાં વસવાટ કર્યો. આ પ્રજાની ત્રીજી ટોળી સિંધુ નદીના તટ પ્રદેશમાં વસી હોવાનો સંભવ છે. મીડિયાના વતનીઓ આર્યો જ હતા. તેઓનો ધર્મ પણ જરથોસ્તી હતો. તેમનો પોષાક અને રીતભાત ઈરાનીઓને મળતી હતી. તેમની રાજધાની હિમાદાન (એકબાટાના) હતી. આ પ્રદેશ બે વિભાગમાં વહેંચાયેલ હતો : (1) ઈરાકે અજમી, (2) આઝર બૈજાન. આઝર બૈજાનનું મુખ્ય નગર 'રદ' હતું. કહેવાય છે કે આ નગરમાં પયગંબર અષો જરથુષ્ટ્રનો જન્મ થયો હતો. અષો જરથૃષ્ટ પહેલાં હજારો વર્ષ પૂર્વે જમશેદ થયો જે ખૂબ પરાક્રમી અને પ્રગતિશાળી રાજવી હતો. ઈરાનમાં સસ્કૃતિની જ્યોત જગાવનાર સૌપ્રથમ જમશેદ હતો. તેથી જરથોસ્તી પ્રજા આજે પણ તેના પ્રત્યે માનથી જુએ છે, અને તેના માનમાં 'જમશેદી નવરોજ'નો તહેવાર ઉત્સાહથી ઉજવે છે.*

## 6.2 ભૌગોલિક પરિસ્થિતિ

*વર્તમાન ઈરાનનો પ્રદેશ ઈરાનના અખાત પાસે આવેલો છે. પ્રાચીનકાળમાં ઈરાન પ્રદેશ 'પારસ' તરીકે ઓળખાતો અને સમય જતાં તે 'પર્શિયા' નામે ઓળખાવા લાગ્યો. બાર સદીઓથી પણ વધુ સમય સુધી ઈરાન પશ્ચિમ એશિયાનો પ્રમુખ દેશ રહ્યો હતો. આ પ્રદેશની નજીક કાસ્પિયન સમુદ્ર, કોકેસસ પર્વત અને યુફેટીસ તથા ઓકેસસ નદીનાં મેદાનો આવેલાં છે. અહીંનો ઘણોખરો પ્રદેશ રણવિસ્તાર છે. જળપ્રદેશ ઓછો છે. આ પ્રદેશમાં ઉનાળામાં પુષ્કળ ગરમી અને શિયાળામાં પુષ્કળ ઠંડી પડે છે.*

*આ પ્રદેશની પ્રજા ઠંડા પ્રદેશમાં વસતી હોવાથી શરીરે ખૂબ ખડતલ અને સ્વરૂપવાન છે. તેઓ આખું શરીર ઢંકાય તેવો પહેરવેશ ધારણ કરતા, માથે પાઘડી કે ટોપી પહેરતા. પગમાં ચામડાના બૂટ પહેરતા. પહેરણ, અંગરખુ, બંડી વગેરેનો ઉપયોગ કરતા. અમીરો અને રાજવીઓ રેશમનાં ભરતકામવાળાં વસ્ત્રો ધારણ કરતા. સ્ત્રીઓ અને પુરુષના પોષાકમાં બહુ ખાસ ફેર જોવા મળતો નથી. પુરુષો વાંકળિયા વાળ અને દાઢી રાખતા. ચહેરાને સુંદર બનાવવા પ્રસાધનોનો ઉપયોગ કરતા. તેઓ સુગંધીદાર અત્તરો વાપરતા. રાજા પોતે પણ અત્તરનો ખાસ શોખ ધરાવતો. કહેવાય છે કે તે પોતે યુદ્ધમાં અત્તરની પેટી સાથે લઈને જતો.*

*અહીંની પ્રજાએ જુદા જુદા સમયે જુદી જુદી ભાષા અપનાવેલ. પ્રાચીનકાળમાં અહીં લોકો પર્શિયન ભાષા બોલતા, આ ભાષા પ્રાચીન સંસ્કૃત ભાષા સાથે ગાઢ સંબંધ ધરાવતી. આ પછી અહીં પહલવીનો પ્રચાર થયો, લોકો લખાણ માટે ફાચરલિપિનો ઉપયોગ કરતા.*

## 6.3 રાજકીય ઈતિહાસ

*ઈરાનના રાજાઓ નિરંકુશ હતા તેમ છતાં પ્રજાપાલક હતાં. સમ્રાટ ધર્મ અનુસાર કાર્ય કરતો હતો. એકંદરે રાજાઓએ ઈરાન પ્રદેશને મજબૂત બનાવ્યો હતો અને સમયાંતરે રાજ્ય વિસ્તાર કર્યો હતો. ઈરાનના ઈતિહાસને લગતી વધુ વિગતો આપણને ગ્રીક ઈતિહાસકારોની નોંધોમાંથી તેમજ ફીરદૌશીના 'શાહનામા'માંથી મળી આવે છે.*

## 6.4 પ્રસિદ્ધ રાજવીઓ

*સાયરસ :*

*ઈરાનના રાજકીય ઈતિહાસ શરૂઆત હખામની વંશના સાયરસના જમાનાથી થાય છે. સાયરસે મીડિયાના રાજા એસ્ટએજીસને હરાવી પોતાની સત્તા ઈરાનમાં સ્થાપી. આ રાજવી ઘણો બહાદુર અને કુશળ વહીવટકર્તા હતો. તેણે અનેક વિજયો પ્રાપ્ત કરી સામ્રાજ્ય વિસ્તાર કર્યો. સત્તા પર આવતાં તેણે ઈરાનની નજીકના પ્રદેશો સાર્ડિસ, બેબિલોન, લિબિઆ, એસેરિયા, એશિયામાઈનોર વગેરે પ્રદેશો જીતી લઈ પોતાના સામ્રાજયને વિશાળ બનાવ્યું. તેણે જીતેલા રાજવીઓની સાથે મૈત્રી સંબંધો કેળવ્યા હતાં. પોતાની પ્રજાને તેમની ઈચ્છા પ્રમાણે ધર્મ પાળવાની છૂટ આપી. આ રાજવીનું મસાગેટે નામની પ્રજા સાથેના યુદ્ધમાં ખૂન થયું. તેનો રાજય અમલ ઈ.સ. પૂ. 558 થી 529 સુધીનો મનાય છે.*

**કેમ્બીસીસ :**

*સાયરસ પછી તેનો પુત્ર કેમ્બીસીસ ગાદીએ આવ્યો જે ખૂબ ધૂની રાજવી હતો. તેના અત્યાચારી કાર્યોથી ઈરાનની પ્રજાને ઘણું જ નુકસાન થયું હતું. તેણે દેવળોનો નાશ કર્યો*

અને રાજાઓના શબો ખોદાવી બહાર કાઢ્યાં તથા અનેક પ્રતિમાઓ ખંડિત કરી હતી. તે સ્વભાવે ઘણો ક્રૂર અને ઘાતકી હતો. કહેવાય છે કે તેણે તેના પુત્રનું ખૂન કર્યું હતું. તેણે પોતાના બાર ઉમરાવોને દીવાલમાં જીવતા ચણી દીધા હતા. તેનાં ધૂની કાર્યોને લીધે પ્રજામાં મોટો બળવો ફાટી નીકળ્યો. તેને સત્તા પરથી ફગાવી દઈ સત્તાનાં સૂત્રો તેના ભાઈ સ્મરડીસે ધારણ કર્યાં. તેણે જરથોસ્તી ધર્મનો નાશ કરવા પ્રયત્ન કર્યો, પણ તેમાં તે ફાવ્યો નહિ. તેની નબળાઈનો લાભ લઈ રાજ્યમાં નાનાં નાનાં રાજ્યો સ્વતંત્ર થવા લાગ્યાં. આ પરિસ્થિતિને દારયસ નામના ઉમરાવે કાબૂમાં આણી.

**દારયસઃ**

અનુગામી શાસક દારયસ ખૂબ શક્તિશાળી અને ઉદાર રાજવી હતો. તેણે મિસરની પ્રજાને પ્રેમથી જીતી લીધી. પહેલાં જે દેવળો નષ્ટ કરાયા હતા તેને વ્યવસ્થિત કરાવ્યાં. દેવોને સન્માન સાથે સ્થાપિત કર્યા. તેણે પોતાનો રાજ્ય વિસ્તાર છેક દક્ષિણ રશિયા, અફઘાનિસ્તાન અને ભારતના કેટલાક પ્રદેશો સુધી વિસ્તાર્યો. તેણે ગ્રીક નગરરાજ્યોને હરાવવા પ્રયત્ન કર્યો. તેમાં તેને જોઈએ તેટલી સફળતા ન મળી. તેનું અચાનક મૃત્યુ થયું. તેનો અમલ ઈ.સ.પૂ. 521 થી 486 સુધીનો મનાય છે. તેના પછી અનુક્રમે ક્ષરક્ષિસ-1લો, આર્તેક્ષરક્ષિસ-2 જો ઓક્સે, આર્સીસ, કોડોમનસ વગેરે રાજવીઓ થયા. આ સર્વ રાજવીઓ ઘણા જ નિર્બળ હતા. તેઓ એકબીજાનું ખૂન કરીને સત્તા પર આવ્યા હતા. તેથી પ્રજામાં તેમની કોઈ પ્રતિભા સ્થપાઈ નહિ. સત્રપો ધીરે ધીરે બળવાન બનવા લાગ્યા. રાજયમાં વારંવાર બળવા થતાં રાજ્યની આંતરિક તાકાત નબળી પડી. લશ્કરમાં અનેક તાલીમ વિનાના સૈનિકોની ભરતી થતાં લશ્કર અવ્યવસ્થિત બન્યું. આ સર્વનો લાભ લઈ ગ્રીસના સિકંદરે બહુ જ આસાનીથી ઈ.સ.પૂ. 330માં ઈરાન જીતી લીધું. આમ, પછી ફક્ત 4 વર્ષના ટૂંકા ગાળામાં ઈરાનના મહાન સામ્રાજયનો જગતના તખ્તા પરથી અંત આવ્યો.

### 6.4.1 રાજ્યતંત્ર

**રાજા :**

ઈરાની સામ્રાજ્યમાં રાજા રાજયના સર્વોપરી વડા તરીકે કાર્ય કરતો. રાજાનું વિશિષ્ટ સ્થાન હતું. રાજા પોતાના પુત્રોમાંથી ગાદીનો વારસ પસંદ કરતો. તેની સતા અનિયંત્રિત અને અમર્યાદ હતી. તેને સલાહ આપવાની કોઈ હિમ્મત કરતું નહીં. તે ધારે તેને દેહાંત દંડ સુધીની સજા કરી શકતો. તેનું પદ વારસાગત હતું. રાજા રાજ્યવહીવટ ચલાવતો. તેનો દરબાર અને રસાલો ભવ્ય રહેતો દરાયસે એકહથ્થુ શાસન સ્થાપ્યું હતું.

**ઉમરાવો :**

*રાજ્યમાં ઉમરાવોનું મહત્વનું સ્થાન ધરાવતા. તેઓ રાજા અને પ્રજા વચ્ચેની કડી સમાન હતાં. તેઓ રાજાને અવાર-નવાર જરૂર પડે ત્યારે સલાહ આપતા. કેટલાક રાજાઓ સ્વભાવે ક્રોધી હોવાથી તેમની સલાહની અવગણના કરતા. પણ મોટા ભાગના ઉમરાવો રાજાને ખુશ રાખી જાગીરો મેળવતા. તેમનું સ્થાન રાજ્યમાં મહત્વનું હોય તેઓ પોતાની મરજી પ્રમાણે જાગીરોનો વહીવટ કરતા, પોતાની ઈચ્છા પ્રમાણે કાયદાઓ ઘડતા, કરવેરાઓ લાદતા અને ગુનેગારોને સજાઓ કરતા. તેમાંના ઘણા તો પોતાનું સ્વતંત્ર સૈન્ય પણ રાખતા. તેના લીધે રાજાની સત્તા નબળી પડી અને રાજ્યમાં અવાર-નવાર ઉમરાવોના બળવા ફાટી નીકળતા. ઉમરાવોએ રાજ્ય માટે સંકટ પેદા કર્યું હતું.*

**લશ્કર :**

*ઈરાન રાજ્યમાં લશ્કરનું વિશેષ મહત્ત્વ હતું. રાજ્યની ખરી સત્તા લશ્કરના હાથમાં હતી. યુદ્ધની સ્થિતિ સમયે 15 થી 50 વર્ષના દરેક સશક્ત વ્યક્તિને લશ્કરમાં ફરજિયાત ભરતી થવું પડતું. લશ્કરનું મુખ્ય એકમ 'શાહી રક્ષકદળ' હતું. તેમાં બે હજાર ઘોડેસ્વારો અને બે હજાર પાયદળનો સમાવેશ થતો હતો. રાજ્ય પાસે 'કાયમી દળ' પણ હતું તેમાં કેવળ મીડ અને ઈરાનીઓની જ ભરતી થતી. રાજ્યમાં ઠેર ઠેર લશ્કરી છાવણીઓ રાખવામાં આવતી. શસ્ત્રોમાં ધનુષ, બાણ, ભાલા, તલવાર, કટાર, બરછી વગેરેનો ઉપયોગ થતો. લહિયાઓ, ભાટલોકો, વેશ્યાઓ, હાથી, ઘોડા વગેરે લશ્કરની સાથે રાખવામાં આવતાં. ક્યારેક આ રસાલાના લીધે અવ્યવસ્થા સર્જાતી પણ ખરી. પ્રોફે. હેનરી એસ. લુકાસ લખે છે કે, "ઈરાનીઓ ઉત્તમ સૈનિકો અને શક્તિશાળી ઘોડેસ્વારો હતાં, તેમનું લશ્કર કાર્યક્ષમ હતું."*

*સામ્રાજ્યના સૈન્યમાં પાયદળ, હાથીદળ અને નૌકાદળનો સમાવેશ થતો. સમ્રાટ દરાયસે વહાણવટાને પણ સારું એવું ઉત્તેજન આપ્યું હતું. તેણે સ્કાયલેક્સ નામના વિદેશી સાહસિક નાવિકને સિંધુ નદીનું ઉદગમ સ્થાન શોધવા મોકલ્યો હતો. આ સ્કાયલેક્સ શાહી નૌકા-જહાજનો વડો પણ હતો. સમ્રાટ દરાયસના પુત્ર ઝર્કિસસની સેનામાં 18 લાખ સૈનિકો હતાં, જે ઈરાની સામ્રાજ્યની તાકાત સૂચવે છે. ઈરાની રાજાઓએ ફિનિશિયનોની મદદથી વિશાળ નૌકા કાફલો તૈયાર કરાવ્યો હતો.*

### 6.4.2 ન્યાય અને કાયદાઓ

*ઈરાન એ લશ્કરી રાજ્ય હોવાથી રાજ્યના કાયદાઓ અત્યંત કડક અને સખત હતા. રાજ્યમાં કાયદા ઘડવાનું કાર્ય ધર્મગુરુઓ કરતા. રાજાની સંમતિ વિના કાંઈ કાર્ય થઈ શકતું ન હતું. રાજા જયારે ચુકાદો આપવા બેસતો ત્યારે દેવ 'અહુરમઝદ' તેને પ્રેરણા આપતો. રાજા પોતે ન્યાયતંત્રનો સર્વોચ્ચ વડો ગણાતો. રાજ્યમાં ન્યાયતંત્રની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતની નીચે સાત વ્યક્તિઓની બનેલ વરિષ્ઠ*

*અદાલત હતી. કોઈપણ પ્રશ્નનો ઉકેલ લવાદથી લાવવાનો પ્રયત્ન થતો. કેસ લડતી વખતે શપથ લેવામાં આવતા અથવા અગ્નિપરીક્ષા લેવાતી. ન્યાયમાં વિલંબ થતો નહીં. લૂંટફાટ અને યોગ્ય વ્યક્તિ લશ્કરમાં જોડાવાની આનાકાની વગેરે મોટો ગુના ગણવામાં આવતા. લાંચલેનાર અને દેનારને દેહાંત દંડની સજા થતી. લાંચ લેનાર ન્યાયાધીશની ચામડી ઉતારી લેવામાં આવતી. નાના ગુનાઓ માટે પાંચથી બસો ફટકા મારવાની સજા થતી. દંડ ભરીને છૂટી શકાતું. ગંભીર ગુનાઓ માટે અંગવિચ્છેદ, જેવી કે આંખ ફોડી નાખવી, ડામ દેવો વગેરે ભયંકર સજાઓ થતી. રાજાની હત્યા, રાજદ્રોહ, બળાત્કાર જેવા ગુના માટે દેહાંત દંડની સજા કરવામાં આવતી. ગુનેગારને મારી નાખવાની પ્રથા ઘણી ભયંકર હતી. તેમાં ઝેર આપવું, ગળે ફાંસો નાખવો, શરીરને કચડી નાખવું, આગમાં શેકી નાખવું વગેરે ભયંકર રીતો અપનાવવામાં આવતી.*

## 6.5 વહીવટી એકમો (આંતિરક વ્યવસ્થા)

*વહીવટની સરળતા ખાતર સમગ્ર રાજયને જુદા જુદા વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યું હતું. સમ્રાટ દરાયસે તેના વિશાળ સામ્રાજ્યને 20 વિભાગોમાં વહેંચ્યું હતું. પ્રત્યેક પ્રાંત 'સત્રપી' તરીકે ઓળખાતા અને દરેક પ્રાંતનો વડો 'સત્રપ' કહેવાતો. દરેક સત્રપ રાજાના નામે વહીવટ ચલાવતો. પ્રત્યેક સત્રપ પોતાના વિભાગમાં શાંતિ અને સલામતી જાળવતો.સત્રપ પોતાનું લશ્કર રાખતો અને સમ્રાટને નિયમિત ખંડણી ભરતો. રાજાઓ વખતોવખત પોતાના ખૂનના ભયને લીધે રાજધાની બદલતા રહેતા. રાજાની મહેરબાની હોય ત્યાં સુધી સત્રપ સત્તા પર રહેતો. સત્રપોની સત્તા વધી ન જાય તે માટે તેમના ઉપર લશ્કરી અધિકારીઓ નીમવામાં આવતા. રાજ્યમાં આંતરિક વ્યવસ્થા જળવાય તે માટે વ્યવસ્થિત ગુપ્તચર ખાતું રાખવામાં આવતું. મંત્રી રાજ્યની બધી વિગતો ગુપ્તચરો પાસથી મેળવીને રાજાને માહિતગાર કરતો. સત્રપોના હાથ નીચે નાના મોટા કારકુનો કામ કરતા. દરેક સત્રપ આંતરિક સ્વાયત્તતા ભોગવતો. સત્રપો નિરંકુશ ન બને તે માટે તેના પર રાજા ગુપ્તચરો દ્વારા નજર રાખતો. વ્યવસ્થિત જાસૂસીતંત્ર ઈરાની શાસનનું મહત્વનું અંગ ગણવામાં આવતું હતું. રાજયમાં કરવેરાનું ધોરણ ઊંચું હતું. પરંતુ આવકનો મોટો ભાગ પ્રજાકલ્યાણની પ્રવૃત્તિઓ પાછળ ખર્ચવામાં આવતો. સમ્રાટ આપખુદ હતા અને સમગ્ર રાજ્ય લશ્કરી રાજ્ય હોય લશ્કરનું સવિશેષ મહત્વ હતું.*

**સામાજિક સ્થિતિ :**

*ઈરાનની પ્રજા આર્યપ્રજા હતી. આખાય પશ્ચિમ એશિયામાં વસતી પ્રજા કરતાં આ પ્રજા દેખાવડી હતી. આ પ્રજા પહાડી પ્રદેશમાં વસતી હોવાથી ઘણી જ ખડતલ હતી. તેમના નાક સીધાં અને ચહેરો સુડોળ હતો. તેઓ સ્વભાવે મળતાવડા હતા. જાહેરમાં ગમે ત્યાં ગંદકી કરતા નહીં. સ્વચ્છતાના તેઓ ખાસ આગ્રહી હતા. પ્રાચીનકાળમાં આ પ્રજા સાદો ખોરાક લેતી. પીણા તરીકે પાણી સિવાય બીજા કશાનો ઉપયોગ કરતા ન હતા. પણ*

*જમશેદના સમયથી શરાબની શોધ થતાં તેમણે શરાબ પીવાનું શરૂ કર્યું. કેટલાક લોકો માંસાહારી હતા.*

**પોશાક અને સૌદર્ય પ્રસાધનો :**

*ઈરાની પ્રજા શરીર પર સ્વચ્છ અને સુઘડ પોશાક ધારણ કરતા. મીડ લોકોના અલંકારો તેમણે અપનાવ્યા હતા. સ્ત્રીઓ પ્રસાધનોની શોખીન હતી. તેઓ જાતજાતનાં અત્તરો અને સુગંધી દ્રવ્યો વાપરતા. જગતની પ્રજાઓમાં ઈરાનની પ્રજા અત્તરની જાણકાર અને શોખીન પ્રજા તરીકે પંકાયેલી છે. અત્તર એટલું પ્રિય હતું કે રાજા ક્યારેય પણ અત્તરની પેટી વિના યુદ્ધમાં જતો ન હતો.*

**લગ્ન જીવન :**

*ઈરાનના સમાજમાં લગ્ન જીવન એક મહત્વની બાબત ગણવામાં આવતી. છોકરા-છોકરીઓના લગ્ન તેમની નિશ્ચિત વયે કરવામાં આવતા તથા અપરણિત રહેવા માટે પ્રોત્સાહન મળતું નહિ. પુરુષો એક કરતાં વધારે પત્નીઓ અને રખાતો રાખી શકતા. સમાજમાં બહુપત્નીત્વની પ્રથા પ્રચલિત હતી. લગ્નો માતા-પિતાની મંજૂરીથી ગોઠવવામાં આવતા હતા. પ્રાચીનકાળમાં અહીં ભાઈ-બહેન અને માતા-પુત્રનાં લગ્નો થતાં હોવાનું મનાય છે, પણ તેને માટે કોઈ ઐતિહાસિક પ્રમાણ મળતા નથી.*

**કુટુંબ :**

*કુટુંબ એ સમાજની પવિત્ર સંસ્થા અને મહત્વનું અંગ માનવામાં આવતું હતું. કુટુંબમાં પત્ની, બાળકો, પશુઓ વગેરેની પૂરતી કાળજી લેવામાં આવતી. પશુઓને અયોગ્ય કે અપૂરતો ખોરાક આપનારને સખ્ત સજા થતી. ઈરાનની પ્રજા અગ્નિપૂજક હોઈ દરેક ઘરમાં અગ્નિ સતત પ્રજવલિત રાખવામાં આવતો.*

**સ્ત્રીનું સ્થાન :**

*ઈરાની સમાજમાં  સ્ત્રીનું સ્થાન ઊંચું હતું. તે સમયે પડદાપ્રથા પ્રચલિત ન હતી. સ્ત્રી જાહેર જીવનમાં ખુલ્લા મોંએ ફરી શકતી હતી. તે મિલકત ધરાવી પણ શકતી અને તે મિલકત વેચી કે ખરીદી શકતી તથા મિલકતનો વહીવટ કરી શકતી. દારાયસ પછીના સમયમાં સમાજમાં સ્ત્રીઓ ઉપર ભારે નિયંત્રણો આવ્યાં. સ્ત્રીઓનો માન-મોભામાં ઘટાડો થયો. તેના હરવા ફરવા પર પ્રતિબંધ મુકાયા. પરણેલી સ્ત્રી પોતાના પિતા કે માતાને પણ છૂટથી મળી શકતી નહીં. સમાજમાં પુત્રીના જન્મ કરતાં પુત્રના જન્મને આનંદના પ્રસંગ તરીકે મનાવવા લાગ્યા હતાં. ઈરાની રાજ્ય લશ્કરી રાજ્ય હોય લશ્કરમાં યુવાનોની માંગ વિશેષ રહેતી અને  સ્ત્રીનું કાર્ય કેવળ સંતાનો પેદા કરવાનું, તેમને ઉછેરવાનું અને ગૃહકાર્ય કરવાનું છે એવા વિચારો પ્રગાઢ બન્યા હતાં. ગર્ભપાત એ મોટો ગુનો મનાવા લાગ્યો. તેના માટે દેહાંતદંડની સજા કરવામાં આવતી. સમય જતાં ઈરાની સમાજમાં સ્ત્રીની દશા ભારતના મધ્યકાલીન સમાજમાં સ્ત્રીના સ્થાન જેવી થવા પામી હતી.*

**ગણિકા :**

*ઈરાની સમાજમાં લગ્નેતર સંબંધોમાં કોઈ છોછ નહોતો. સમાજમાં રખાતનું પ્રમાણ વિશેષ હતું. તેના કારણે ગણિકાગૃહોની સંખ્યા વધવા લાગી. લશ્કરમાં પણ ગણિકાઓને સાથે રાખવામાં આવતી. રખાતોને વિશેષ સ્વતંત્રતા આપવામાં આવતી. તેને પોતાના શેઠ ઉપરાંત તેમના મહેમાનની પણ ઈચ્છાને આધીન થવું પડતું. ટૂંકમાં, સમાજમાં નીતિમત્તાનાં ધોરણો ઘણાં જ નીચાં ગયાં હતાં અને સ્ત્રીઓને એક ઉપભોગની વસ્તુ સમજવામાં આવતી હતી.*

**સંવત :**

*ઈરાની સામ્રાજ્યમાં સંવત લખવાની પ્રથા જોવા મળે છે. કાળ ગણના માટે આ એક મહત્વની બાબત ગણાવી શકાય. ઈરાનમાં દરેક રાજાને પોતાના નામનો સંવત શરૂ કરવાનો શોખ હતો. સિક્કાઓ ઉપર રાજાએ કેટલા વર્ષ રાજ્ય કર્યું તે દર્શાવવાની પ્રથા હતી. સિક્કાઓ ઉપરથી જુદા જુદા સંવતોનો ખ્યાલ આવે છે.*

**ગુલામો :**

*ઈરાની સંસ્કૃતિમાં ગુલામી પ્રથાનું દૂષણ હતું. સમાજમાં ગુલામીની પ્રથા પ્રચલિત હતી. યુદ્ધમાં રાજાના રસાલા સાથે ઘણા ગુલામો રહેતા. રાજાના જનાનામાં પણ અમુક નપુંસકોને રાખવામાં આવતા. આ લોકોની દશા પણ ગુલામો જેવી જ હતી.*

## 6.5.1 આર્થિક સ્થિતિ

**ખેતી :**

*ઈરાની સંસ્કૃતિમાં ખેતીનું વિશેષ મહત્વ હતું. ઈરાનનું અર્થતંત્ર ખેતી ઉપર નિર્ભર રહેતું. ઈરાનનો માનવી અભણ રહેવામાં નાનમ અનુભવતો નહિ, પણ ખેતી કરવામાં ગૌરવ માનતો. ઈરાની શાસ્ત્રોમાં ખેતીને માનવજાતના સૌથી ઉમદા ધંધા તરીકે સ્વીકારવામાં આવેલ છે. તેમની માન્યતા હતી કે ખેતીનો ધંધો કરવાથી ઈશ્વર ખુશ થાય છે. તેથી અહીંનો માનવી હંમેશાં ખેતીમાં રચ્યોપચ્યો રહેતો. ખેતીના ધંધાને લીધે અહીંના સમાજમાં બહુપત્નીત્વની પ્રથા વિકસી હતી. તેઓ સહકારી ધોરણે ખેતી કરતા.*

**ફળ અને ધાન્ય :**

*ઈરાની લોકો ખેતીકામને પ્રાધાન્ય આપતા હતા. સામાન્ય રીતે રાજા જમીનનો માલિક ગણાતો. તેમ છતાં કેટલીક ભૂમિ ઉમરાવોના માલિકીની હતી. આ જમીનો રાજા તરફથી ઉમરાવોને ભેટસોગાદો રૂપે મળેલી. ઉમરાવો મજૂરી પેટે અનાજ આપીને ખેડૂતો પાસે ખેતી કરાવતા. તેઓ ઘઉં, જવ, ખજૂર વગેરેનો પાક લેતા. ફળોની વાડીઓ બનાવતા. દ્રાક્ષમાંથી શરાબ બનાવતા. રાજનીતિજ્ઞો કોઈ મહત્વની ચર્ચા કરવાની હોય ત્યારે તેની શરૂઆત દારૂ પીને કરતા. દેવોને પણ 'બાઓમા' નામનું માદક પીણું ધરાવવામાં આવતું.*

**ઉદ્યોગો :**

*ઈરાની સભ્યતામાં માટીનાં વાસણો, ધાતુનાં હથિયારો, વણાટકામ, ભરતકામ જેવા ઉદ્યોગો વિકસ્યા હતા. ઈરાની સામ્રાજ્ય લશ્કરી સામ્રાજ્ય લશ્કરી સામ્રાજ્ય હોય લશ્કરનાં હથિયારો બનાવવાનો ઉદ્યોગ મોટા પાયા પર ચાલતો. ધાતુનાં વાસણો બનાવવામાં આવતાં.*

## 6.5.2 આંતરિક વ્યવસ્થા

*ઈરાની સંસ્કૃતિમાં આંતરિક વ્યવસ્થાને વધુ મહત્વ આપવામાં આવ્યું હતું. ઈરાનની પ્રજા વેપારી પ્રજા ન હતી. તેઓ પોતાને જરૂરી ચીજો પશ્ચિમ એશિયા પાસેથી ખરીદતા. ઈરાન એ લશ્કરી રાજ્ય હોવાથી તેણે વેપાર કરતાં સંદેશા વ્યવહાર, રસ્તા, વાહનવ્યવહાર વગેરેને વિકસાવવામાં ખાસ ધ્યાન આપ્યું હતું. દારાયસ ૧લાએ રાજ્યના ઈજનેરો પાસે ઈરાનનાં મહત્વનાં નગરોને જોડતા રસ્તા તૈયાર કરાવ્યા હતા. સુસાથી સાર્ડીસનો માર્ગ ઘણો જ લાંબો લગભગ પંદરસો માઈલ લાંબો હતો. રસ્તાનું માપ પરસંગમાં લેવાતું.* 1 *પરસંગ*=3.4 *માઈલ ગણાતા. રસ્તામાં થોડે થોડે અંતરે શાહી મથકો અને ધર્મશાળાઓ બાંધવામાં આવતી. ટપાલની હેરફેર માટે ઘોડાનો ઉપયોગ થતો. રસ્તામાં આવતા શાહી મથકે ઘોડા બદલવામાં આવતા. નદીઓને ઓળંગવા માટે મજબૂત પૂલો બાંધવામાં આવ્યા હતા. આવા રસ્તાઓથી લશ્કરની હેરફેર સરળતાથી થઈ શકતી. વેપારીઓ પોતાના માલની નિર્ભય રીતે હેરફેર કરી શકતા. પ્રાંતો પર કેન્દ્રની ચાંપતી નજર રહેતી.*

**જળમાર્ગોનો વિકાસ :**

*ઈરાન એ સૌપ્રથમ લશ્કરી રાજ્ય હતું. તેથી તેણે જળમાર્ગોને વિકસાવ્યા હતા, પણ નામની આગ વહાણવટાનો ખાસ વિકાસ કર્યો ન હતો. સમુદ્રમાં નાના પાયા પર કેટલાક લોકો ચાંચિયાગીરી કરતા હતા. દારાયસે ઈરાન અને ભૂમધ્ય સમદને જોડતી નહેર બંધાવી હતી. તેના પછીના સમયમાં રાજ્યની બેદરકારીથી આ નહેરનો નાશ થયો હતો.*

**વિનિમય અને સિક્કા :**

*વિનિમયની કોઈ ચોક્કસ પ્રથા ન હતી. માલની આપલે બદલા પદ્ધતિથી થતી. વ્યાજની રકમ પણ વસ્તુ આપીને ચૂકવવામાં આવતી. લીડિયાના રાજાએ સહુ પ્રથમ સોનારૂપાના સિક્કા પડાવ્યા હતા. સિક્કા પડાવવાની સત્તા સમ્રાટના હાથમાં હતી. સોનાના સિક્કા 'દરિક' તરીકે ઓળખાતા. સોનાના એક સિક્કા બરાબર ચાંદીના* 13.5 *સિક્કા થતા.*

*ટૂંકમાં, ઈરાની પ્રજા વેપારી પ્રજા ન હતી. ઈરાની સમાજમાં શિક્ષણનો અભાવ હતો. સામાન્ય માનવી ખેડૂત તરીકેનું જીવન જીવવું વધારે પસંદ કરતો. સામાન્ય વર્ગ સૈનિક*

*તરીકે તાલીમ પામતો તેથી ઈરાનના અર્થતંત્રનો ખાસ વિકાસ થયો ન હતો. એકંદરે ઈરાની સંસ્કૃતિના લોકો સુખી અને સલામતી પૂર્ણ જીવન જીવતા.*

## 6.5.3 ધાર્મિક સ્થિતિ

**પયગંબર જરથુષ્ટ્ર :**

*ઈરાની સંસ્કૃતિમાં પયગંબર જરથુષ્ટ આગવું સ્થાન છે. ઈરાની સભ્યતાને નવી ઊંચાઈઓ તેમણે આપી હતી. ઈરાનીયન સમાજ અને ધાર્મિક જીવનને ઉન્નત બનાવવામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા છે. તેઓ ઈ.સ. પૂ.ની છઠ્ઠી સદીમાં થઈ ગયા હતા. સામાન્ય રીતે પયગંબર જરથુષ્ટ્ર વેદયુગના અંતભાગમાં બાદશાહ ગુસ્તાસ્પના સમયમાં થઈ ગયા હોવાનું મનાય છે. અષો જરથુષ્ટ્રના જીવનની આસપાસ અનેક દંતકથાઓ વણી લેવામાં આવી છે. જરથુષ્ટ્રના કુળનું નામ 'સ્પિતમ' હોવાથી તેઓ 'સ્પિતમ જરથુષ્ટ્ર'ના નામે પણ ઓળખાય છે. ગ્રીક ઈતિહાસકારો તેમને 'ઝોરોસ્ટર'* (Zoroster)*ના નામે પણ ઓળખાવે છે.*

**સેવા અને ભલાઈ એ જ પરમ ધર્મ :**

*અષો જરથુષ્ટ્રે એકેશ્વરવાદ ઉપર ભાર મૂક્યો હતો. જરથોસ્તી ધર્મમાં સેવા અને ભલાઈ પર ભાર મૂકવામાં આવ્યો છે. જરથૃષ્ટ માનતા હતા કે સૃષ્ટિના આરંભથી જ ઈશ્વરે બે પ્રકારની શક્તિઓ પેદા કરી છે :* (1) *સ્પેઈન્તમન્યુ-ભલાઈ અને વિકાસની શક્તિ* (2) *અંગ્રમઈન્યુ-બુરાઈ અને વિનાશની શક્તિ. તેઓ કહેતા કે જગતના અંત સુધી આ શક્તિઓ વચ્ચે ઘર્ષણ રહેશે અને છેવટે બુરાઈ નાશ પામશે. ભલાઈનો વિજય થશે. આથી તેઓ પોતાના ઉપદેશમાં ભલાઈનાં કાર્યો કરવા ઉપર વધારે ભાર મૂકતા હતા. કહેવાય છે કે દેશમાં જયારે દુકાળ પડયો ત્યારે જરથુષ્ટ્રે પોતાની બધી જ શક્તિઓ લોકોના કલ્યાણ માટે ખર્ચી દીધી હતી. પોતાના મિત્રોને પણ માનવતાના આ કાર્યમાં જોડયા હતા. તેમણે 'અષોઈ' સિદ્ધાંત ઉપર વધારે ભાર મૂક્યો છે. 'અષ' શબ્દનો સંબંધ વેદના 'ૠત' શબ્દ સાથે છે. અષમાં જરથોસ્તી ધર્મના તમામ સદગુણો સમાઈ જાય છે. આ કારણથી જ પયગંબર જરથુષ્ટ્રના નામની આગળ અષો એવું વિશેષણ મૂકવામાં આવે છે. ઈરાનની પ્રજામાં ધર્મનો ચિરાગ જલતો રાખવાનું કાર્ય પયગંબર જરથુષ્ટ્રે કર્યું. આજે પણ પારસી લોકો આ પયગંબરના માનમાં 'જરથોસ્તીનો દિશો' એ તહેવાર માનપૂર્વક ઊજવે છે. જરથોસ્તી ધર્મમાં ઈશ્વરને અહુરમઝદના નામે ઓળખવામાં આવે છે.*

**ધર્મમાં અગ્નિનું મહત્વ :**

*જરથોસ્તી ધર્મમાં ફરજ અને પવિત્રતા ઉપર ભાર મૂકવામાં આવે છે. સંન્યાસી જીવન આવકારદાયક નથી. આ ધર્મમાં ઉપવાસનું મહત્વ નથી. ફરજ બજાવો અને લોકકલ્યાણનાં કાર્યો કરો એ તેનું મુખ્ય સૂત્ર છે. આ ધર્મમાં દેવળો કે દેવની પ્રતિમાનું મહત્વ નથી. ઈશ્વરને તે નિરાકાર સ્વરૂપે જુએ છે. આ ધર્મમાં અગ્નિનું મહત્વ વિશેષ છે.*

*અગ્નિને જરથોસ્તીઓ પવિત્ર  માને છે. તેની પૂજા કરે છે. ફળફળાદીનો ભોગ ધરાવે છે. અહીં 'મગ' બ્રાહ્મણો પૂજાનો અધિકાર ધરાવતા હતા.*

**દેવસૃષ્ટિ :**

*ઈરાની સભ્યતાની દેવસૃષ્ટિ હિંદુ ધર્મની વેદની દેવ સૃષ્ટિ સાથે ઘણું સામ્ય ધરાવે છે. હિંદુ વેદધર્મમાં જે સૂર્યદેવ 'મિત્ર' તરીકે ઓળખાય છે તેને જરથોસ્તી ધર્મમાં 'મિથ્ર' તરીકે ઓળખવામાં આવે છે. અવેસ્તામાં મિથ્રને અહૂરમઝદ્ તરીકે પણ ઓળખવામાં આવે છે. જરથોસ્તી ધર્મમાં અહુરમઝદનું સ્થાન ઘણું જ મહત્વનું છે. તેને ફળદ્રુપતાનો દેવ કહેવામાં આવે છે. સમય જતાં મિથ્ર પૂજાની સાથે દેવીપૂજા પણ પ્રચલિત થઈ. દેવી અનાહિતા નોંધપાત્ર ગણાય છે. સમય જતાં મિથ્રપૂજા અને અનાહિતાપૂજા એકબીજામાં ભળી ગઈ. જરથોસ્તી ધર્મમાં કેટલીક ગુપ્તવિધિઓનો પણ પ્રચાર થયો. ધીરે ધીરે અહૂરમઝદ્‌ની પૂજા ઓછી થતી ગઈ અને તેના બદલે મિથ્ર-અનાહિતાની પૂજાનો પ્રચાર વધ્યો. આ મિથ્ર-અનાહિતાની પૂજાના અનુયાયીઓ મિથ્રપંથીઓ તરીકે ઓળખાવા લાગ્યા.*

**ધર્મગુરુઓ :**

*ઈરાની સંસ્કૃતિમાં પણ જગતની અન્ય સંસ્કૃતિઓની જેમ ધાર્મિકક્ષેત્રે ધર્મગુરુઓનું વર્ચસ્વ વિશેષ હતું. શરૂઆતમાં 'મગ' બ્રાહ્મણો ધર્મગુરુઓ તરીકે કાર્ય કરતા. તેઓ પવિત્ર અને સાદુ જીવન ગાળતા. ધાર્મિક ક્રિયાઓમાં તથા અધ્યયનમાં રચ્યાપચ્યા રહેતા. સમાજમાં તેમની સારી પ્રતિષ્ઠા હતી. આથી ઈરાનના કેટલાક રાજવીઓ પણ આ ધર્મગુરુઓની સલાહ લેતા. કેટલાક જાદુ, ભવિષ્ય કથન વગેરે દ્વારા પોતાની આજીવિકા મેળવતા. સંભવ છે કે, અંગ્રેજી ભાષાનો 'સ્કૃપ્રૈઝ' શબ્દ આ 'મગી' ઉપરથી પ્રચલિત બન્યો હોય. સમય જતાં, ઈસ્લામના પ્રચારથી સમાજમાંથી જરથોસ્તી ધર્મની અસર ઓછી થવા પામી. સમાજમાં મિશ્ર-અનાહિતાની પૂજાનો પ્રચાર શરૂ થયો. કેટલીક ગુપ્તવિધિઓ પ્રચલિત બની. આના પરિણામ મગ બ્રાહ્મણોની પડતી દશા શરૂ થઈ. ધર્મગુરુઓની સમાજ ઉપરથી પકડ ઓછી થઈ.*

**ધાર્મિક માન્યતાઓ :**

*વિશ્વના અન્ય સમાજોની જેમ ઈરાની સમાજમાં પણ ધાર્મિક માન્યતાઓની બોલબાલા હતી. ઈરાનના જરથોસ્તી ધર્મમાં પવિત્રતા અને સ્વચ્છતા ઉપર ભાર મૂકવામાં આવતો. તેમના ધર્મમાં કેટલીક વિશિષ્ટ માન્યતાઓ પ્રચલિત હતી. તેઓ હંમેશાં સત્યનો આગ્રહ રાખતા. અસત્ય બોલનારને 'અસ્તિ-વિહાદ' નામનો મૃત્યુનો દેવ ભયંકર સજા કરે છે. મૃતાત્માને એક પુલ ઉપરથી પસાર થવું પડે છે. સારો આત્મા આ પુલ સહેલાઈથી પસાર કરી શકે છે. પાપીને કષ્ટ પડે છે. નર્કની ખાઈમાં પડે છે. અહીં તેને વર્ષો સુધી દુઃખ ભોગવવું પડે છે. સદગુણી મનુષ્યો સ્વર્ગમાં જાય છે. આ માન્યતા હિંદુ ધર્મમાં પ્રચલિત વૈતરણી નદી અને સ્વર્ગ-નર્કની કલ્પનાને ખૂબ મળતી આવે છે.*

*જરથોસ્તી સમાજની કેટલીક  પરંપરાઓ અચરજ પમાડે તેવી છે. જરથોસ્તીઓ અગ્નિ, પૃથ્વી, પાણી અને હવાને પવિત્ર માને છે. આથી તેઓ શબને દાટતા નથી, બાળતા નથી, કે પાણીમાં પધરાવતા નથી. પણ પક્ષીઓના ભક્ષણ માટે એક નક્કી કરેલ સ્થળે મૂકે છે. આ ઉપરાંત બીજી પણ એક માન્યતા આ ધર્મમાં પ્રચલિત છે કે 'એક દિવસ એવો આવશે કે જયારે જગતમાં ખરાબ તત્ત્વોનો નાશ થઈ અહૂરમઝદનું સામ્રાજય આવશે. દુનિયામાં સર્વત્ર શાંતિ હશે. સદગત આત્માઓ ફરીથી સજીવન પામશે. તેઓ જગતમાં દુઃખ અને વૃદ્ધાવસ્થાની પીડા  વિનાનું અમર જીવન જીવવાનું શરૂ કરશે. આ પ્રકારની માન્યતાઓનું તાર્કિક દ્રષ્ટિથી મહત્વ નથી કારણ કે વ્યક્તિના જન્મ સાથે સુખ, દુખ, પીડા, વ્યાધિ સમાહિત છે.*

*આમ, ઈરાનનો જરથોસ્તી ધર્મ એ સદાચાર, સ્વચ્છતા અને પવિત્રતાનો ધર્મ છે. આ ધર્મમાં શ્રમનું મહત્વ વિશેષ છે. અપરણિત રહેવું તે પાપ છે એમ મનાય છે. વેદ ધર્મની મુખ્ય ભાવનાઓ, મૃત્યુ, દેવો વગેરે અનેક બાબતમાં તે સમાનતા ધરાવે છે. જેમ પ્રાચીન વેદ ધર્મ પ્રકૃતિ પૂજાને મહત્વ આપતો અને પછીથી તેમાં સંપ્રદાયો અને કર્મકાંડનાં જાળાં બંધાયાં તેમ જરથોસ્તી ધર્મ પણ પ્રકૃતિપૂજામાં માનતો. જો કે સમય જતાં, તેમાં પણ મિથ્ર-અનાહિતા વગેરે સંપ્રદાયો અને ધાર્મિક વિધિવિધાનોનું મહત્વ વધવા લાગ્યું. ટૂંકમાં, તેમના સામાજિક જીવન ઉપર ધર્મની સારી એવી અસર જોવા મળે છે.*

## 6.6 શિક્ષણ અને સાહિત્ય

**દેવળોમાં શિક્ષણ :**

*ઈરાનીયન સંસ્કૃતિમાં શિક્ષણનું એટલું વધુ મહત્વ ન હતું.  સામાન્ય જનતામાં શિક્ષણનો વ્યાપ વધ્યો ન હતો. સામાન્ય લોકો શિક્ષણ કરતાં ખેતીમાં વધારે રસ લેતા હતા. મોટેભાગે ધનિકો શિક્ષણ લેતા. બાળકો લગભગ પાંચથી સાત વર્ષની ઉંમર સુધી માતા-પિતાની દેખરેખ નીચે રહેતા. આ પછી બાળકોને શાળાએ મોકલવામાં આવતાં. અન્ય સંસ્કૃતિઓની જેમ અહીં પણ દેવળ મુખ્યત્વે શિક્ષણના કેન્દ્ર સમાન હતું. ધર્મગુરુઓ શિક્ષણ કાર્ય કરતા. સામાન્ય રીતે જ્યાં વધુ લોકો એકઠા થતા હોય એવાં અશાંત સ્થળોએ કે બજારો નજીક શિક્ષણ સંસ્થાઓ રાખવામાં આવતી નહિ. જેથી વિદ્યાર્થીઓના માનસ પર ખરાબ સામાજિક તત્વોની અસર પડતી નહિ. અહીં દેવળોમાં સહુ પ્રથમ લેખન અને વાંચનનું જ્ઞાન આપવામાં આવતું. ત્યારબાદ ભાષા, ધર્મ, કાયદો, તબીબી, ખગોળ વગેરે વિષયોનું શિક્ષણ આપવામાં આવતું. સામાન્ય રીતે શિક્ષણમાં મુખપઠનને મહત્વ આપવામાં આવતું. નીતિના શિક્ષણ ઉપર વધારે ભાર મૂકવામાં આવતો. આમ, ઈરાની સંસ્કૃતિમાં આવશ્યક શિક્ષણ પર ભાર મૂકવામાં આવતો અને મુખપઠન પદ્ધતિને વધુ મહત્વ આપવામાં આવતું હતું.*

**લશ્કરી શિક્ષણને વધુ મહત્વ :**

*ઈરાની સામ્રાજ્ય લશ્કરી સામ્રાજ્ય હોય લશ્કરી તાલીમને વિશેષ મહત્વ આપવામાં આવતું હતું. રાજ્યમાં વિવિધ સ્થળોએ ઘોડેસવારી, ધનુષબાણ તેમજ વિવિધ હથિયારો વાપરવાની કળા શીખવવામાં આવતી. આ તાલીમ ઘણી જ કષ્ટદાયક હતી. તેનાથી વિદ્યાર્થી ખડતલ બનતો. અહીં રાજયવહીવટ સંબંધી શિક્ષણ આપવામાં આવતું હતું. ઘણા ધનિક કુટુંબના વિદ્યાર્થીઓ રાજ્ય વહીવટને લગતું શિક્ષણ લઈ રાજયની નોકરીમાં જોડાતા હતા.*

**વિવિધ ભાષાઓનું શિક્ષણ :**

*ઈરાની સમાજમાં વિવિધ ભાષાઓનું જ્ઞાન અને શિક્ષણ આપવામાં આવતું હતું. ઈરાનમાં અવસ્તાવઝેદ, પહલવી, પાજંદ અને ફારસી એમ વિવિધ ભાષાઓ બોલાતી. અવસ્તાવઝેદ એ ધર્મગ્રંથોની ભાષા હતી. આ ભાષા મોટે ભાગે ભારતની સંસ્કૃત ભાષાને ખૂબ મળતી આવે છે. ફારસી ભાષા ફાચર લિપિમાં લખાતી હતી. મોટે ભાગે તે શિલાલેખોમાં વપરાતી. આ લિપિમાં પ્રાચીનકાલમાં 300 જેટલાં ચિહ્નો હતાં. તે ધીરે ધીરે ઓછાં થઈ તેની સંખ્યા ફક્ત 36ની રહેવા પામી હતી. દસ્તાવેજો માટે ઈરાનીઓ 'એરેમેઈક' લિપિનો ઉપયોગ કરતા, જયારે ઈરાન ઉપર આરબોની સત્તા સ્થપાઈ ત્યારે અહીંની પ્રાચીન ભાષા અને લિપિ બંધ કરાવીને આરબોએ અરબી ભાષા અને લિપિનો પ્રચાર શરૂ કર્યો હતો. આરબોએ ઈરાન જીત્યા બાદ પાજંદ ભાષા પણ અરબી લિપિમાં લખવા માંડી. આ નવી ભાષા તે આજની ફારસી. આમ, ઈરાની સભ્યતામાં કાળક્રમે જુદી જુદી ભાષાઓ શીખવવામાં આવતી હતી.*

**સાહિત્ય :**

*ઈરાની સમાજમાં ફારસી ભાષાએ વધુ મહત્વ પ્રાપ્ત કરતાં મોટાભાગનું ઈરાની સાહિત્ય ફારસી ભાષામાં વિકસ્યું હતું. શરૂઆતનું સાહિત્ય તો ધાર્મિક હતું. દેવની પ્રાર્થના માટે મંત્રો રચાતા. આરબોના પરિચયમાં આવતા ઈરાનીઓએ સાહિત્યના ક્ષેત્રમાં પણ અનેક સ્વરૂપો અજમાવી ફારસી સાહિત્યને વિકસાવ્યું હતું. ફારસી સાહિત્યનો કવિતાના ક્ષેત્રમાં ખૂબ વિકાસ થયો હતો. જગતનાં કાવ્ય સાહિત્યમાં ફારસી કવિતા ખૂબ નામાંકિત થયેલી છે. ફારસી કવિતાની ખૂબી તેના શબ્દ સૌંદર્યમાં અને પદલાલિત્યમાં છે. એની ભાષા સંગીતમય છે. તેની વાણીનું ડોલન આનંદમય છે. ફારસી કવિતા માનવીની બુદ્ધિ કરતાં માનવીની લાગણીઓ અને ભાવનાઓને વધુ સ્પર્શે છે. જગતની ઉત્તમ પ્રકારની શાયરીઓ ફારસી સાહિત્યમાંથી મળે છે. ફારસી સાહિત્ય એ ઘૂઘવતો પ્રેમસાગર છે. સાકી, જામ અને પ્રેમને જો કોઈ પણ પ્રજાએ કવિતામાં અમર કર્યો હોય તો તે ઈરાની પ્રજા છે. પ્રેમની જુદાઈ, યુદ્ધની પાયમાલી, કિસ્મતની કમનસીબી, શરાબની લિજ્જતભરી મસ્તી એ ફારસી કવિતાના માનીતા વિષયો છે. સૂફીમતનું સાહિત્ય ફારસી ભાષામાં ખૂબ વિકસ્યું છે. કાળક્રમે ફારસી સાહિત્યએ અનેક શિખરો સર કર્યા હતા.*

*ફારસી સાહિત્યમાં કવિતાની સાથે સાથે ઈરાનમાં ઈતિહાસનું ખેડાણ પણ થયું હતું. વિખ્યાત કવિ ફિરદોસીનું 'શાહનામા' એ આનો ઉત્તમ નમૂનો છે. ઈરાનીઓએ ઈતિહાસનો શોખ આરબ પ્રજાના સંપર્કથી કેળવ્યો હતો એમ મનાય છે. ઈતિહાસ પ્રત્યેની રુચિએ ઈરાની સભ્યતાને ઉજાગર અવશ્ય કરી હતી.*

**તબીબી વિજ્ઞાન :**

*ઈરાની સંસ્કૃતિમાં તબીબી જ્ઞાન-વિજ્ઞાનનું પણ મહત્વ હતું. આથી તબીબી વિજ્ઞાનનો વિકાસ થયો હતો. તેઓ રોગ નિવારણ માટે સ્વચ્છતા અને જાદુ પર ખાસ ભાર મૂકતા. આથી ઈરાની સાહિત્યમાંથી જાદુના મંત્રો મળી આવે છે. ધીરે ધીરે અહીં તબીબી વિજ્ઞાન વ્યવસ્થિત થયું હતું. રોગને લગતા કેટલાક ગ્રંથો રચાયા. વૈદો અને સર્જનોનાં મંડળો અસ્તિત્વમાં આવ્યાં. રાજ્ય તરફથી તેના પર નિયંત્રણ રહેતું. આમ, તબીબી વિજ્ઞાન એ પણ ઈરાની સંસ્કૃતિનું એક મહત્વનું અંગ અવશ્ય હતું. ટૂંકમાં, ઈરાને સાહિત્યનાં ક્ષેત્રોમાં કવિતા સિવાય અન્ય બાબતમાં ખાસ વિકાસ સાધ્યો ન હતો. વિજ્ઞાનના ક્ષેત્રે તેમણે કોઈ ખાસ નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી ન હતી.*

**કલા સ્થાપત્ય :**

*ઈરાની સભ્યતામાં કાળક્રમે કલા અને સ્થાપત્યની પ્રગતિ થઈ હતી. ઈરાન પણ ઈજિપ્ત અને ભારતની જેમ પોતાના પ્રાચીન ખંડેરો પર ગૌરવ લઈ શકે એમ છે. પ્રાચીનકાલથી ઈરાને સ્થાપત્ય કલાનો વિકાસ કર્યો હતો. જ્યારે અન્ય સંસ્કૃતિમાં લોકો મકાનોનાં બાંધકામમાં ઈંટ અને લાકડું વાપરતા ત્યારે અહીંની પ્રજાએ બાંધકામમાં પથ્થરનો ઉપયોગ શરૂ કર્યો હતો. તેઓ વિશાળ મકાનો બાંધતા. મકાનને લગતા બગીચાઓ તૈયાર કરતા. મકાનમાં રાચરચીલું વસાવતા. તેમણે વિશાળ મહેલો બંધાવ્યા હતા. તેના દાદરા વિશાળ હતા. તેના અન્ય અવશેષો હાલમાં મળે છે. આજે પરસીપોલીસનાં અનેક પ્રાચીન ખંડેરો ઈરાનની પ્રાચીન સ્થાપત્યકલાની સાક્ષી પૂરે છે. ઈરાનના સ્થાપત્યકલામાં વિશાળ દાદરો અને ઊંચા થાંભલાનું મહત્વ વિશેષ છે. સુસાના મહેલોમાંથી આવા દાદરો અને સ્તંભો મળી આવ્યા છે. ઈરાનના સ્થાપત્યોમાં કમાન, વિશાળ ગુંબજો અને અવનવા રંગોનું મહત્વ વિશેષ છે. આમ, કલા અને સ્થાપત્ય એ પણ ઈરાની સંસ્કૃતિની આગવી ઓળખ છે.*

**શિલ્પ :**

*ઈરાની સંસ્કૃતિમાં કલા અને સ્થાપત્યની સાથે સાથે શિલ્પકલાનો પણ વિકાસ થયો હતો. તેઓ સિંહ, વૃષભ જેવાં પ્રાણીઓનાં શિલ્પો કંડારતા હતા. માનવમુખવાળા વૃષભનાં શિલ્પો આ પ્રદેશમાંથી મળી આવે છે. 'નકસેરુસ્તમ' નામે ઓળખાતા શિલ્પોમાં હખામની અને સાસાની વંશની કલાકારીગરી જોવા મળે છે. મોટેભાગે શિલ્પોનો ઉપયોગ મહેલો અને દેવળોને સુશોભિત કરવામાં જ થતો. કોઈ દેવ-દેવીઓનાં શિલ્પો બનતાં નહિ. આ પ્રદેશમાં 'તાકેબુસ્તાન'નાં શિલ્પો ઘણાં જ નોંધપાત્ર છે. અહીં જરથુષ્ટ્રની આકૃતિ કંડારેલી*

હોવાનું મનાય છે. શિલ્પમાં મસ્તકની આસપાસ ભગવાન બુદ્ધ જેવી તેજની આભા બતાવેલી છે. આ શિલ્પ વિશાળ અને ભવ્ય છે.

**સુંદર નકશીકામ :**

ઈરાની લોકો સોના-ચાંદીનાં વાસણો ઉપર સુંદર નકશીકામ કરતા, ભાસ્કર્યની કલાનો સારો વિકાસ થયો હતો. ભાસ્કર્યમાં જુદા જુદા પ્રાણીઓના આકારો, ભૌમિતિક ડીઝાઈનો વગેરે કંડારવામાં આવતી. જુદી જુદી ધાતુઓના અલંકારો બનાવવામાં આવતા. તેના ઉપર સુંદર ડીઝાઈનો કોતરવામાં આવતી. અલંકારોમાં મોતી, માણેક, વૈદુર્ય, નીલમ વગેરે બેસાડવામાં આવતા. ઈરાનના કેટલાક સોના-ચાંદીના સિક્કાઓ ઉપર રાજાને સિંહનો શિકાર કરતો બતાવ્યો છે. સુસાની વંશના સિક્કાઓમાં રાજા-રાણીનું મુખ કંડારેલું હોય છે. કેટલાક સિક્કાઓ ઉપર અગ્નિની જવાળાઓ બતાવવામાં આવી છે. આમ, વિવિધ સુંદર નકશીકામ કલા ઈરાની સંસ્કૃતિની આગવી ઓળખ બનવા પામી હતી.

**ચિત્રકલા :**

ઈરાની  સંસ્કૃતિમાં ચિત્રકલાનો પણ ખૂબ વિકાસ થયો હતો. તેઓ વિવિધ રંગોની મિલાવટ કરતા. ઈરાનમાં રાજાઓ મૃત્યુ પામે તે પહેલાં તેમનું ચિત્ર તૈયાર કરવામાં આવતું. ઈરાનના લોકોએ સુંદર ગાલીચા બનાવવાનો ઉદ્યોગ વિકસાવ્યો હતો. ગાલીચામાં તેઓ વિવિધ રંગો દ્વારા સુંદર દેખાવો ઉપસાવતા. તેમાં કિંમતી નંગો ગૂંથવામાં આવતાં. તેઓ ગાલીચામાં સુંદર ચિત્રકામ અને ભરતકામ કરતા. ગાલીચા બનાવવાની કલામાં ઈરાને જેટલી પ્રગતિ કરી છે તેટલી અન્ય કોઈ દેશોએ કરી ન હતી. ઈરાને કેવળ ભારત ઉપર જ નહિ પણ જગતના અન્ય દેશો પર પણ પોતાના ગાલીચાઓ દ્વારા કલાકારીગરીની ઊંડી છાપ પાડી હતી. આમ, સુંદર ચિત્રકલા એ ઈરાની સભ્યતાનું ઘરેણું ગણાવી શકાય.

**સંગીત :**

ઈરાને સંગીતકલામાં કોઈ ખાસ પ્રગતિ સાધી ન હતી. તેમ છતાં કેટલાક ઉપલબ્ધ અવશેષો પરથી તેઓ નૃત્ય, તંતુવાદ્ય, ગીત વગેરેના શોખીન હતા એમ જાણવા મળે છે.

**સમાપનઃ**

આમ, ઈરાની સંસ્કૃતિમાં લગભગ તમામ ક્ષેત્રોમાં વત્તા ઓછા અંશે પ્રગતિ અવશ્ય થયેલી જોવા મળે છે. ઈરાન એ લશ્કરી શાસનવાળું રાજ્ય હોવાથી પ્રજાએ સાહિત્ય, કલા, વિજ્ઞાન જેવાં ક્ષેત્રોમાં કોઈ વિશેષ પ્રગતિ સાધી નથી. લશ્કરી તાલીમે પ્રજાને ખડતલ અવશ્ય બનાવી હતી. રાજ્યતંત્ર આપખુદ, ક્રૂર અને ઘાતકી હતું. તેમ છતાં, આ સંસ્કૃતિએ જગતને  વિશિષ્ટ પ્રદાન અવશ્ય કર્યું છે. ઈરાનની સંસ્કૃતિનું પ્રાચીન જગતને જો કોઈ પણ પ્રદાન હોય તો તે તેની કવિતા અને ગાલીચા છે. કવિતા દ્વારા તેણે જગતમાં પ્રેમ, શાકી અને જામની મસ્તી ફેલાવી છે. ગાલીચા દ્વારા તેણે રાજા-મહારાજાઓ, ધનિકો

*વગેરેના આવાસો દિપાવ્યા છે. આમ, ઈરાની સંસ્કૃતિએ પોતાની રીતે વિશ્વને કેટલીક અણમોલ ભેટ આપી છે જેને નકારી શકાય તેમ નથી.*

## 6.7 તમારી પ્રગતિ ચકાસો

**નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારથી તૈયાર કરોઃ**

(1) *ઈરાનની રાજકીય સ્થિતિનું આલેખન કરો.*

(2) *ઈરાનના રાજકીય અને આર્થિક જીવનનો ખ્યાલ આપો.*

(3) *ઈરાનના ધાર્મિક જીવન વિષે સમજાવો.*

(4) *ઈરાનના સામાજિક અને ધાર્મિક જીવનની માહિતી આપો.*

(5) *ઈરાનના રાજાઓના કાર્યો વિષે ચર્ચા કરો.*

(6) *ઈરાનના શિક્ષણ અને સાહિત્ય વિષે નોંધ લખો.*

(7) ઈરાનના કળા અને સ્થાપત્યની માહિતી આપો.

## 6.8 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| **’નકસેરુસ્તમ’** | *એક પ્રકારની શિલ્પકલા.* |
| **‘એરેમેઈક’** | *એક પ્રકારની લિપિ જેમાં ઈરાનીઓ લખતા હતા.* |
| **‘અહુરમઝદ’** | *એક ઈરાની દેવ જેને ઈરાનીઓ સન્માન આપતા.* |
| **‘સત્રપી’** | *ઈરાનના પ્રાંતને સત્રપી કહેવાતું અને તેનો વડો ‘સત્રપ’ કહેવાતો.* |
| **’બાઓમા’** | *એક પ્રકારનું માદક પીણું.* |
| **’અસ્તિ-વિહાદ’** | *મૃત્યુનો દેવ.* |
| **‘મગી’** | *પૂજા કરવાનો અધિકાર ધરાવનાર મગ બ્રાહ્મણ વ્યક્તિ* |

**નીચેનામાંથી કયાવિધાનો સાચા છે અને કયા ખોટા છે તે દર્શાવો :**

(1) *ઈરાનની સંસ્કૃતિમાં ગાલીચાનું આગવું સ્થાન હતું.*

(2) *ઈરાની લોકો સોના-ચાંદીનાં વાસણો ઉપર સુંદર નકશીકામ કરતા.*

(3) *ઈરાની સંસ્કૃતિમાં તબીબી જ્ઞાન-વિજ્ઞાનનું પણ મહત્વ ન હતું.*

(4) *મોટાભાગનું ઈરાની સાહિત્ય ફારસી ભાષામાં લખાયું હતું.*

(5) *ઈરાનમાં અવસ્તાવઝેદ, પહલવી, પાજંદ અને ફારસી એમ વિવિધ ભાષાઓ બોલાતી.*

(6) *જરથુષ્ટ્રે એકેશ્વરવાદ ઉપર ભાર મૂક્યો ન હતો.*

(7) *‘મગ’ ધર્મગુરુઓ માટે વપરાતો શબ્દ છે.*

(8) *ઈરાનની પ્રજા અગ્નિપૂજક ન હતી.*

**સાચા જવાબ :**

(1) *સાચું* (2) *સાચું* (3) *ખોટું* (4) *સાચું* (5) *સાચું*

(6) *ખોટું* (7) *સાચું* (8) *ખોટું*

## 6.8 સંદર્ભ


- *મારું હિન્દનું દર્શન, જવાહર નેહરૂ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ,* 1951.
- *આચાર્ય, નવીનચંદ્ર, પરમાર, થોમસ, જગતની અગ્રગણ્ય સભ્યતાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, તૃતીય આવૃત્તિ, વર્ષ,* 2012

એકમ : 7

# ચીનની સંસ્કૃતિ

## :: રૂપરેખા ::

**7.0 ઉદ્દેશ્યો**

**7.2 પ્રસ્તાવના**

**7.3 ચીની ઈતિહાસના ત્રણ તબક્કાઃ**

**7.4 સમાજજીવન**

**7.5 ધાર્મિક સ્થિતિ**

**7.6 આર્થિક સ્થિતિ**

**7.7 તમારી પ્રગતિ ચકાસો**

**7.8 ચાવીરૂપ શબ્દો**

**7.9 સંદર્ભ**

## 7.0 ઉદ્દેશ્યો

*આ એકમ વાંચ્યા પછી તમેઃ*

- *ચીનની સંસ્કૃતિ વિષે જાણી શકો છો.*
- *ચીનની સંસ્કૃતિનું વિશ્વની સંસ્કૃતિઓમાં શું પ્રદાન છે તે જાણી શકાશે.*
- *ચીનની રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિથી માહિતગાર થશો.*
- *ચીનની સસ્કૃતિમાં ધર્મની શું ભૂમિકા રહેલી છે તે જાણી શકશો.*
- *ચીનની ઓળખ સમાન દીવાલ વિષે જાણી શકશો.*
- *ચીનની પ્રજાની સાહસિક વૃત્તિથી પરિચય મેળવી શકશો.*
- *ચિનાઈ માટીના વાસણો, કાગળની શોધ જેવી બાબતોમાં ચીનની પ્રગતિથી રૂબરૂ થશો.*

## 7.2 પ્રસ્તાવના

*વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિઓમાં ચીનની સંસ્કૃતિ પણ મહત્વનું સ્થાન ધરાવે છે. ચીનની સંસ્કૃતિ પણ મહત્વનું સ્થાન ધરાવે છે. ચીનની સંસ્કૃતિ ઈજિપ્ત, મેસોપોટેમિયા અને સિંધુ ખીણની સંસ્કૃતિઓ જેટલી જ પ્રાચીન છે. ચીન ઉપર પણ અનેક બાહરી આક્રમણો થયા પણ ચીનની પ્રજાએ પોતાની સંસ્કૃતિની વિશિષ્ટતાઓ જાળવી રાખી હતી. આની*

*સભ્યતાઓની જેમ આ સંસ્કૃતિ પણ હોઆંગહો અને યાંગ્સેક્યાંગના તટ પ્રદેશમાં વિકાસ પામી હતી. ચીન ઘણા લાંબા સમય સુધી બહારની દુનિયાથી અલિપ્ત રહ્યું. જો કે તેના માટે તેની પ્રાકૃતિક સ્થિતિ જવાબદાર હતી. તેની પૂર્વમાં વિશાળ પ્રશાંત મહાસાગર, ઉત્તર તથા પશ્ચિમે મધ્ય એશિયાની ગિરિમાળાઓ તથા મોંગોલિયા અને મંચૂરીયાની સરહદે પ્રખ્યાત ગોબીનું રણ અને દક્ષિણે દક્ષિણ ચીન સાગર આવેલો છે. ચીનમાં વિશાળ જંગલો, દુર્ગમ ગિરિમાળાઓ અને અસીમિત રણ વિસ્તારો તથા અગાધ જળપ્રદેશો આવેલા હોય ચીન કુદરતી રીતે વિશ્વના અન્ય દેશોથી અલગ રહ્યું હતું.*

## 7.3 ચીની ઈતિહાસના ત્રણ તબક્કા

*ચીનની સંસ્કૃતિ લગભગ* 5000 *વર્ષ પુરાણી છે. ઉપલબ્ધ પુરાવાઓના આધારે ચીનનો ઈતિહાસ ઈ.સ.પૂ.* 2357 *થી શરૂ થાય છે.ટે સમયે ચીનમાં 'યાઓ'નું સામ્રાજ્ય હતું. ચીનના ઈતિહાસને ત્રણ ભાગમાં વહેચવામાં આવે છે.*

(1) *ઈ.સ.પૂ.* 2357 *થી ઈ.સ.પૂ.* 221 – *જાગીરશાહી સમય*

(2) *ઈ.સ.પૂ.* 221 *થી ઈ.સ.* 1912 – *રાજાશાહી સમય*

(3) *ઈ.સ.* 1912 *થી શરૂ – સામ્યવાદી શાસન*

*ચીન અનેક યુગો સુધી વિવિધ રાજવંશો દ્વારા શાસિત રહ્યું. કાળક્રમે ત્યાં હાનવંશ, ટાંગવંશ, સુંગવંશ, યુયાનવંશ, મિંગવંશ વગેરે રાજ્યોની સ્થાપના થઈ હતી.*

**રાજકીય સ્થિતિ :**

*રાજા ચીનની સંસ્કૃતિમાં રાજાશાહી સદીઓ સુધી પ્રવર્તમાન રહી હતી. અહીં રાજા રાજ્યનો વડો ગણાતો. રાજાશાહી વંશપરંપરાગત હતી. રાજા આપખુદ અને સર્વસત્તાધીશ હતો. તે જમીનનો માલિક માનવામાં આવતો. રાજાઓ સમ્રાટ કે શહેનશાહ તરીકે ઓળખાતા. રાજા પાસે નિરંકુશ સત્તા હોવા છતાં તેને લોકમતને માન આપવું પડતું હતું. અહીંનો તત્વચિંતક મેન્શિયસ પ્રજામતને વધુ મહત્વ આપતો હતો. ચીની પ્રજા કાયદાને ઘણું માન આપતી. અહીં કાયદા ઘણા કડક હતા.*

**લશ્કર :**

*ચીનના રાજ્યતંત્રમાં લશ્કરનું વિશેષ મહત્વ હતું. ચીનમાં દરેક રાજા પોતાનું સ્વતંત્ર લશ્કર રાખતો. રાજાને જ્યારે લશ્કરની જરૂરિયાત ઊભી થાય ત્યારે અમીરો તેને લશ્કરી મદદ કરતા. રાજ્યમાં અમીરો રાજા જેવું જ પદ ભોગવતા અને પોતાનું લશ્કર રાખતા. કેટલીકવાર તેઓ રાજ્ય માટે મુશ્કેલી વધારતા. લશ્કરમાં રથ અને ઘોડાનો ઉપયોગ થતો. લશ્કરમાં સૈનિકો તીર, કામઠાં, ભાલા, તલવાર, ખંજર, ઢાલ, લોઢાની સાંગોવાળી ડાંગો,*

*લોઢાની મોટી ખીલીઓ, કડીઓ, ઢોલ, ઘંટ, ઝાલર, વાવટા વગેરેનો હથિયાર તરીકે ઉપયોગ કરતા. લશ્કરમાં હારેલા સૈનિકોના કાન કાપી લેવાનો રિવાજ હતો.*

**કાયદા :**

*ચીનમાં સમયાંતરે દરેક રાજવંશે પોતાના સ્વતંત્ર કાયદાઓ ઘડયા હતા. અહીં ફોજદારી કાયદા ઘણા કડક હતાં. તેમાં શારીરિક શિક્ષા-સજાને વધુ મહત્વ અપાતું હતું. કાયદા દ્વારા વિવિધ પ્રકારની સજાઓ કરવામાં આવતી હતી.* (1) *કપાળમાં ડામ દેવો,* (2) *નાક કાપી નાંખવું,* (3) *પગ કાપી નાખવા,* (4) *શરીરનાં બીજા અંગ કાપી નાંખવા,* (5) *દેહાંત દંડ કરવો વગેરે સજાઓ કરવામાં આવતી. સમય જતાં સજાઓમાં થોડાક ફેરફારો કરવામાં આવ્યા હતાં: જેવા કે* (1) *હલકા વાંસનો માર,* (2) *ભારે વાંસની લાકડીનો માર,* (3) *અમુક મુદત સુધી દેશનિકાલ,* (4) *દેહાંત દંડની સજામાં બે ભાગ પાડ્યા હતા (અ) ગુંગળાવીને મારી નાંખવું, (બ) શિરચ્છેદ કરવો.*

**સજાનું પ્રવધાન :**

*ગુનેગારને ગુના પ્રમાણે સજા કરવામાં આવતી. કેટલીકવાર ભયંકર ગુનેગારને રીબાવીને મારી નાંખવામાં આવતો. ગુનાની કબૂલાત માટે શારીરિક ત્રાસ આપવામાં આવતો. ન્યાયાધીશ જો ન્યાયના કાર્યમાં બેદરકારી બતાવે તો તેને પણ કડક સજા કરવામાં આવતી. ગુનેગાર ગુનો કરી શરણે આવી જતો તો તેને માફી આપવામાં આવતી. ગુનેગારને છટકી જવામાં મદદ કરનારને કડક સજા થતી. રાજ્યમાં શોકનું ઘણું મહત્વ હતું. શહેનશાહનું અવસાન થતું તો લોકો અલંકારો પહેરી શકતા નહિ. અમલદારો બાર મહિના સુધી લગ્ન કરી શકતા નહિ. નાટકશાળાઓ કાયદા અધીન બાર મહિના સુધી બંધ રાખવામાં આવતી.*

**કાયદાનો વ્યવહારુ અમલ :**

*ચીની રાજ્યમાં કાયદાનો વ્યવહારુ અમલ કરવામાં આવતો. કોઈને પણ અન્યાય ન થાય તેની વિશેષ કાળજી રાખવામાં આવતી. ચોરી કરવી એ ગુન્હો મનાતો. કોઈ ભૂખ્યો વ્યક્તિ મજબૂરીવશ ચોરી કરે તો તેને સજા કરવાને બદલે છોડી મૂકવામાં આવતો. અનાજ અને શાકભાજીની ચોરી માટે ભયંકર સજા કરવામાં આવતી. કાયદાનો ડર હોય લોકો અનૈતિક કામ કરતા ડરતા. કાયદો હોવા છતાં લાંચરૂશ્વતનું પ્રમાણ પણ જોવા મળતું હતું. કચેરીમાં અમલદાર કે નોકરને ખાસ પગાર મળતો ન હોય તેઓ ક્યારેક લાંચ લેતા હતા. અમલદારોના પગાર નિશ્ચિત ન હતા. આથી તેઓ પોતાની રીતે પગાર મેળવી લેતા. દરેક અધિકારી પોતાનો ભાગ કાઢી લઈ બાકીની રકમ ઉપરી અધિકારીને જમા કરાવતો. તેથી રાજ્યની તીજોરીમાં ખૂબ જ અલ્પ રકમ જમા થતી. અમલદારો કર ઉઘરાવવા ભારે જુલમ કરતા.*

**જાનમાલનું રક્ષણ :**

*રાજ્યની પાસે લશ્કર હોય રાજ્યમાં એકંદરે શાંતિ જળવાતી. પ્રજાનું રક્ષણ કરવા વધુ માણસો રાખવામાં આવતા ન હતા. લોકો સ્વયંશિસ્ત પાળી પોતાનું રક્ષણ પણ કરતા. લોકો બને ત્યાં સુધી રાત્રે બહાર નીકળતા નહિ અને જવાનું થયું તો તેઓ સાથે ફાનસ રાખતા. કોઈ પણ વ્યક્તિ જાહેરમાં નિર્ભય રીતે ફરી શકતો. કોઈ વ્યક્તિ જાહેરમાં કોઈ ગુનો કરતો તો તે ગુનેગારને શોધવાનું કામ અમલદાર કરતો અને તે કાર્ય માટે તે લત્તાના આગેવાનોને બોલાવતો. વ્યક્તિને જે ઈજા થઈ છે તે પ્રમાણે તેને દંડ કરવામાં આવતો. બાળકોના અપરાધ માટે તેમના માતાપિતાને તથા નોકરોના અપરાધ માટે તેમના શેઠને સજા કરવામાં આવતી.*

**પ્રાંતોનું વિભાજન :**

*રાજા સર્વસત્તાધીશ હતો. રાજ્યના સુચારુ સંચાલન માટે વહીવટનું વિભાજન અને અમલદારોની એટલી જ આવશ્યકતા હતી. આથી રાજ્ય વહીવટ કરવા માટે રાજ્યને જુદા જુદા પ્રાંતોમાં વહેંચી નાંખવામાં આવ્યું હતું. વિવિધ પ્રાંતોમાં રાજ્ય દ્વારા વિવિધ અમલદારો અને કર્મચારીઓની નીમવામાં આવતા. એકંદરે રાજ્યતંત્ર વ્યવસ્થિત હતું અને યોગ્ય રીતે વહીવટ કરવામાં આવતો.*

## 7.4 સમાજજીવન

**રોજીંદુ જીવન અને ખોરાક :**

*ચીનની પ્રજા મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલી હતીઃ (1) અમીર વર્ગ અને (2) ગરીબ વર્ગ. પ્રજાનો મોટો વર્ગ ખેડૂતોનો હતો. કારીગર વર્ગ પણ હતો જે વિવિધ ઉદ્યોગોમાં જોડાયેલો હતો. લોકો મોટે ભાગે શાકાહારી હતા. નદી કિનારે અને જંગલમાં વસતા લોકો માંસાહારી હતા. લોકોનો મુખ્ય ખોરાક અનાજ, દૂધ, ફળો, શાકભાજી વગેરે હતા. ઘણા લોકો ચા અને દારુનો વિશેષ ઉપયોગ કરતા. લોકો ખોરાકને સાચવવા બરફનો ઉપયોગ કરતાં હતાં. કેટલાક લોકો માંસાહાર કરતાં. તેઓ માછલાં, મરઘાં અને ડુક્કરનું માંસ વધુ પ્રિય હતું. પ્રાચીન સમયમાં ઘણા લોકો કૂતરાનું માંસ ખાતા, પણ સમય જતાં તેનું પ્રમાણ ઘટતું ગયું હતું. ખોરાકની બાબતમાં ચીનના લોકો માને છે કે, 'જે વનસ્પતિ અને ભાજીપાલો ખાઈ જીવે છે તે શરીરે મજબૂત થાય છે. જેઓ માંસ ખાય છે તે બહાદુર થાય છે, જેઓ અનાજ ખાય છે તેઓ ડાહ્યા થાય છે અને જેઓ હવા ખાઈ જીવે છે તેઓમાં દિવ્યતા આવે છે.'*

**મકાનો :**

*ચીનના લોકો મોટે ભાગે ઈંટ, માટીના મકાનમાં રહેતા હતાં. તેમના મકાનો નાનાં, સ્વચ્છ અને સુઘડ હતાં. લોકો સ્વચ્છતાના આગ્રહી હતાં અને તેઓ પોતાના ઘર અને શેરીની સ્વચ્છતા માટે ખાસ કાળજી રાખતા હતાં. મકાનોના ભોંયતળિયાં સ્વચ્છ*

*રાખવામાં આવતા. ત્યાંના લોકો ઘરમાં નીચે બેસવા માટે સાદડી બીછાવતા. તેમના ઘરોમાં ખુરશી-મેજ ઘણાં મોડાં દાખલ થયાં હતાં.*

**કપડાં :**

*ચીનના લોકો સુતરાઉ, ઊન અને રેશમી કપડાંનો ઉપયોગ કરતાં. ગરીબ લોકો સુતરાઉ અને ઊનનાં કપડાંનો ઉપયોગ કરતાં, જ્યારે અમીર વર્ગ રેશમી કપડાંનાં શોખીન હતાં. ધાર્મિક ક્રિયાઓ વખતે રેશમી કપડાંનો ઉપયોગ થતો, ગીત ગવાતા અને નૃત્ય પણ થતાં. પુરુષોના મુખ્ય ધંધાઓમાં શિકાર કરવો, માછલાં પકડવાં અને ખેતી કરવી વગેરે મુખ્ય હતાં. કેટલાક લોકો અફીણની  ખેતી પણ કરતાં. સ્ત્રીઓ કાંતવાનું અને વણવાનું કામ કરતી. સ્ત્રીઓ સોના, રૂપાના અલંકારો પહેરતી.*

**લગ્ન :**

*લગ્નમાં અટકનું વધુ મહત્વ હતું. સરખી અટક ધરાવતાં સંતાનો વચ્ચે લગ્ન થતાં નહિ. ત્યાં એવી માન્યતા હતી કે સરખી અટકવાળા સંતાનો એક જ કુટુંબના ગણાય. તેથી બંને વચ્ચે લગ્ન સંબંધ ન થઈ શકે. આથી લગ્ન સંબંધો માટે અડચણો ઊભી થતી. આ સમસ્યાના નિરાકરણ માટે કેટલીકવાર આ નિયમમાં છૂટછાટ મૂકવામાં આવતી. આવા સંજોગોમાં બંને પક્ષના માણસો દૂરના સગા હોવા જોઈએ તેનું ધ્યાન રાખવામાં આવતું. શરૂઆતમાં ત્યાંનાં સમાજમાં માતૃવંશ કુટુંબની પ્રથા પ્રચલિત હતી. કાળક્રમે પિતૃવંશ કુટુંબની પ્રથા પ્રચલનમાં આવી હતી.*

**રીતિ રિવાજો** *:*

*ચીનમાં જુદાં જુદાં પ્રાંતોમાં જુદાં જુદાં રીતિ રિવાજો પ્રચલનમાં હતાં. પ્રત્યેક પ્રાંતમાં જુદી જુદી ભાષા બોલતી હતી. લગ્ન બાદ પતિ-પત્નીનાં નામ પંજિકામાં નોંધવામાં આવતા. લગ્ન નોંધણી દરેક પ્રાંતમાં થતી. વરકન્યા ઘૂંટણીએ પડી ઈશ્વરને સુખી જીવન માટે પ્રાર્થના કરતાં. ત્યાર બાદ બે પ્યાલામાં દારૂ ભરવામાં આવતો અને એક રાતા કલરની દોરી બંને પ્યાલામાં મૂકવામાં આવતી. વર-વધુ તેને હાથમાં લઈ એકબીજાને વફાદાર રહેવાનાં સોગંદ લેતા. ચીનમાં રાતો રંગ આનંદના પ્રસંગે તથા સફેદ રંગ શોકના પ્રસંગે વપરાતો હતો.*

**ચોટલી રાખવાનો રિવાજ :**

*ચીનના લોકો માથે ચોટલી રાખે છે.  આ રિવાજ ઘણાં લાંબા સમયથી ચાલ્યો આવે છે. કહેવાય છે કે ઈ.સ. 1644માં માંચુંતાર્તાર લોકોએ ચીન પર વિજય મેળવ્યો અને પોતાની સત્તા સ્થાપી ત્યારે આ લોકોએ ચોટલી રાખવાનો રિવાજ ફરજિયાત દાખલ કર્યો હતો. આ રિવાજ પાછળનો તાર્તાર લોકોનો ઉદ્દેશ્ય ચીનાઓને દાસ તરીકે ઓળખાવવાનો ન*

*હતો પણ બંને પ્રજા વચ્ચેનો ભેદ જલદીથી ભૂંસાઈ જાય એ હતો. કાળક્રમે આ રિવાજ ફરજિયાત બની ગયો. હજુ પણ ચીનના ઘણાં ખરા  પ્રાંતોમાં આ રિવાજ પ્રચલનમાં છે. ઘણાં લોકો ચોટલી ઢાંકવા માથે પાઘડી પહેરે છે. અન્ય રિવાજમાં કેટલાક લોકો માથું વચ્ચેથી મૂંડાવી માથાના વાળ લાંબા રાખે છે. આ રિવાજ પણ માંચું લોકોએ દાખલ કર્યો હતો. અન્ય એક વિચિત્ર રિવાજ પણ હતો જેમાં પગ નાનાં અને સાંકડા રાખવા માટે પગને બાંધીને સાંકડા રાખવા માટે પગને બાંધીને સાંકડા કરવામાં આવતા. આ વિચિત્ર રિવાજ દસમા સૈકાથી પ્રચલિત હતો. જો કે ધીરે ધીરે આ રિવાજ બંધ થયો.*

*ચીની સમાજમાં છોકરી કરતાં છોકરાના જન્મને આવકારવામાં આવતો. પરિવારમાં છોકરી કરતાં છોકરાઓ માટે વધુ લાગણી જોવા મળતી. પૂર્વજો છોકરાઓથી જ સંતુષ્ટ થાય છે તેવી માન્યતા હતી. કન્યાઓને મોટી પહેરામણી આપવી પડતી. આથી દીકરીનો જન્મ આવકારદાયક માનવામાં આવતો ન હતો. ચીનમાં એક અનુશ્રુતિ પ્રચલિત છે કે 'જેના ઘરમાં પાંચ કન્યાઓ હોય તેના ઘરમાં ચોરની જરૂર રહેતી નથી.' કન્યાને 'મિલકત ગુમાવવાના પોટલા' તરીકે ઓળખવામાં આવતી. અહીંની સંસ્કૃતિમાં કન્યાને 'અઢી હજાર તોલાભાર સોનું' કહી કન્યાને બોજ સમજવામાં આવતો. આમ છતાં દીકરીને જન્મ વખતે મારી નાંખવાનો રિવાજ ચીની સંસ્કૃતિમાં ન હતો.*

*સામાન્ય રીતે છોકરાની ઉંમર અઢાર વર્ષની થાય ત્યારે તેનાં લગ્ન લેવામાં આવતા. ધનિકો પત્નીઓ ઉપરાંત રખાત પણ રાખતાં. કેટલીક સ્ત્રીઓ અન્ય કુટુંબોમાં ચાકરી કરી પોતાનું ગુજરાન ચલાવતી. સ્ત્રીઓને ગુલામ તરીકે વેચવામાં આવતી, પણ શરત રહેતી કે કન્યાની  પરણવાની ઉંમર થાય ત્યારે તેનાં માલિકે તેને પરણાવવી. આ શરતને કાયદા દ્વારા રક્ષણ મળ્યું હતું. ચીનમાં સ્ત્રીઓ માટે છૂટાછેડા લેવાનું કામ ઘણું અઘરું હતું. સામાન્ય રીતે પુરુષ વર્ગ સ્ત્રીઓ તરફ સારો વ્યવહાર રાખતો. સ્ત્રીને રાજદ્રોહ અને વ્યભિચારના ગુના બદલ સજા કરવામાં આવતી. વિધવા વિવાહને પ્રોત્સાહન ન હતું. એકંદરે ચીની સમાજ પુરુષપ્રધાન સમાજ હતો જ્યારે સ્ત્રીઓ વિવિધ અંકુશોથી બંધાયેલી હતી.*

**વહેમ :**

*ચીની સમાજમાં વહેમનું પ્રચલન હતું. ત્યાંની પ્રજામાં કેટલાક નોંધપાત્ર વહેમ પ્રચલિત હતા. તેઓ ભૂતોમાં માનતા. ભૂતોમાં સારા અને નઠારા એમ બે પ્રકારના ભૂતોને તેઓ માનતા. સારા ભૂતથી તેઓ ડરતા ન હતા પણ નઠારા ભૂતોથી ડરતા. તેઓ માનતા કે જેમને અન્યાય થયો હોય તેઓ મૃત્યુ પછી ભૂત બને છે અને તેનાથી લોકો ડરતા. આ ઉપરાંત ચીની લોકો ભવિષ્યવાણી, જ્યોતિષ, જાદુ વગેરેમાં શ્રદ્ધા ધરાવતા. કેટલાક લોકો શુકનમાં માનતા. ભવિષ્યવાણી ભાખતા વ્યક્તિઓ પોતાની પાસે લાકડાના પાસા રાખતાં. દેવોની આગળ ઊંચેથી પાસા નાંખી ભવિષ્ય ભાખવામાં આવતું હતું. જમીન પર રેખાઓ*

*દોરી ભવિષ્યકથન કરવામાં આવતું હતું. ચીની સમાજમાં એવી વિશિષ્ટ માન્યતા હતી કે શેરીનાં બધા ઘર સરખી ઊંચાઈના હોવાં જોઈએ. એક ઊંચું તો એક નીચું એમ હોય તે સારું નહીં. જો તેમાં સામ્યતા નહીં હોય તો દુખ આવી પડે. અહીંના લોકો પૂર્વજોની પૂજા કરતાં કારણ કે તેનાથી પરિવાર પર શાંતિ બની રહે. આમ, વિવિધ પ્રકારના વહેમ ચીની સમાજમાં વ્યાપ્ત હતાં.*

**મનોરંજન સાધનો :**

*ચીની સમાજમાં લોકો વિવિધ રીતે મનોરંજન મેળવતા હતાં. ઘણા લોકો મલ્લકુસ્તીના શોખીન હતાં. ઘણા લોકો જાદુના ખેલ, તીરકામઠાની રમત, જુગાર, ગંજીફાની રમત, શતરંજ વગેરે દ્વારા આનંદ મેળવતા હતાં. ચીની લોકોમાં જુગાર એક અનિવાર્ય અનિષ્ટ હતું. નાટકો દ્વારા લોકો નિર્દોષ આનંદ મેળવતા હતાં. નાટકોમાં સ્ત્રીઓ ભાગ લેતી. ઘણા યુવાનો સ્ત્રી વેશ ભજવી પ્રજાને સુંદર મનોરંજન પૂરું પાડતાં હતાં. ઈ.સ.પૂ. ૨૦૦ના અરસામાં અહીં ભારત દેશની જેમ પૂતળાંની રમત વધુ પ્રચલિત હતી. તેમાં બાળકોને ખૂબ આનંદ આવતો. આ ઉપરાંત મલ્લો, દોરડા પર ચાલનારા નટો, મદારીઓ વગેરે પણ લોકોનું મનોરંજન કરતાં હતાં. ઘણા લોકો શિકાર દ્વારા આનંદ મેળવતા હતાં. શિકારમાં બાજ પક્ષીનો શિકાર કરવામાં આવતો. બતકનો પણ શિકાર કરવામાં આવતો. માછલી પકડવી એ પણ લોકોનું આનંદ મેળવવાનું સાધન હતું. કેટલાક લોકો આખલાનું ચામડું ઓઢી માથે શીંગડા ધારણ કરી આખલા માફક મલ્લકુસ્તી કરતાં. લોહીલુહાણ બનતા લોકોને જોવામાં ઘણો આનંદ આવતો. આ રમત રાજમહેલના ચોકમાં રમાતી હતી. એવી જ રીતે મુક્કાબાજીની રમત યોજાતી હતી. કેટલાક લોકો ફૂટબોલ જેવી રમત રમતા. અહીં દડાને લાત મારવાની લગભગ 70 રીતો પ્રચલિત હતી. ઈ.સ. 710માં રચાયેલા ચીની સાહિત્યમાંથી મેચકીદડો (પોલો) નામની રમતનો ઉલ્લેખ મળે છે. આ રમત શહેનશાહ સમક્ષ રમાતી. સ્ત્રીઓ પણ આ રમતમાં ભાગ લેતી હતી. આમ, ચીની સંસ્કૃતિમાં લોકો વિવિધ રીતે મનોરંજન પ્રાપ્ત કરતાં હતાં.*

**અંત્યેષ્ટિ ક્રિયા** *:*

*ચીનમાં વિવિધ રીતે અંતિમ સંસ્કાર કરવામાં આવતા હતાં. ચીનમાં કાયદા દ્વારા શબનો પાણીમાં અથવા અગ્નિમાં નિકાલ કરવાની મનાઈ છે. અહીં શબને દાટવાનો રિવાજ પ્રચલિત હતો. ત્યાંના લોકો સદાય ઈચ્છતા હતા કે પોતાની જન્મભૂમિમાં મૃત્યુ થાય. અહીં શબને અગ્નિ સંસ્કાર કરવાની મનાઈ હોવાં છતાં બૌદ્ધ ધર્મના ભિક્ખુઓને અગ્નિદાહ આપવામાં આવતો. બૌદ્ધ ભિક્ખુના શબને પાલખીમાં બેસાડી અગ્નિદાહ માટે લઈ જવામાં આવતા.*

## 7.5 ધાર્મિક સ્થિતિ

**પ્રકૃતિ પૂજા :**

*ચીનની સંસ્કૃતિમાં પ્રકૃતિ પૂજા અને પિતૃપૂજા પ્રચલિત હતી. તેમાં સૂર્ય, ચંદ્ર, પર્વત, નદી વગેરે પ્રકૃતિના તત્વોની પૂજા થતી હતી. આકાશને એક પરમાત્માનું સ્વરૂપ માનવામાં આવતું, જેને તેઓ 'તી' અથવા 'શડ-તી' કહેતા. ચંદ્ર, પર્વત, નદી વગેરે પ્રકૃતિના તત્વોની પૂજા થતી હતી. આકાશને એક પરમાત્માનું સ્વરૂપ માનવામાં આવતું, જેને તેઓ 'તી' અથવા 'શડ-તી' કહેતા. પરમાત્મા સર્વવ્યાપી અને સર્વસાક્ષી છે, તેવું તેઓ માનતા. દેવોને રીજવવા યજ્ઞો અને તેમાં બલિ પણ આપવામાં આવતો. તેઓ વિવિધ ધાર્મિક માન્યતાઓમાં માનતા. તેઓ ઈશ્વરના અસ્તિત્વને સ્વીકારતા. આમ, તેઓ પ્રકૃતિપૂજા, ધાર્મિક અંધશ્રદ્ધા અને વહેમોમાં આસ્થા ધરાવતા હતા.*

**બૌદ્ધ ધર્મ :**

*ચીનના સમાજ જીવનમાં બૌદ્ધધમ્મનું વિશિષ્ટ સ્થાન છે. કુમારજીવ, બોધિધર્મ જેવા બૌદ્ધ વિદ્વાનોએ ચીનમાં મહાકારુણિક બુદ્ધની દેશનોના પ્રસારમાં ખૂબ મહત્વની ભૂમિકા નિભાવી છે. ચીની સમાજમાં બૌદ્ધ ધર્મ વ્યાપક રૂપે વિસ્તરેલો હતો. અહીં બૌદ્ધ ધર્મના અનેક મઠો, વિહારો અને સ્તૂપો હતા. મહાકારુણિક બુદ્ધની દેશનાઓથી તેઓ ઘણા પ્રભાવિત હતા. અહીં બૌદ્ધ પ્રતિમાઓની તથા વિવિધ દેવ-દેવીઓની પ્રતિમાઓની પૂજા અર્ચના થતી. કેટલીક જગ્યાએ દેવીઓની પૂજા તાંત્રિક વિધિઓ દ્વારા થતી હતી. ચીનમાં સૌપ્રથમ બૌદ્ધ ધર્મનો ફેલાવો કરનાર ભારતીય શ્રમણ 'બોધિધર્મ'ને ત્યાંના લોકો ખૂબ સન્માન આપે છે અને પૂજા કરે છે. સમય જતાં તાર્તાર, મોંગોલ, પાર્થિયનો, કુશાણોએ પણ ચીનમાં બૌદ્ધ ધર્મનો પ્રસાર કર્યો હતો. બૌદ્ધ ધર્મનું ત્રિપિટક સાહિત્ય ચીની ભાષામાં અનુવાદિત થયું અને અનેક ભારતીય બૌદ્ધ ભિક્ખુઓ ચીનમાં ગયા અને બૌદ્ધ ધર્મનો પ્રસાર કર્યો. ચીનમાં પ્રચંડકાય મૂર્તિઓ ઘડાઈ અને પહાડો અને ગુફાઓમાં બૌદ્ધ શિલ્પ અને સ્થાપત્ય નિર્માણ થવા પામ્યું.*

**કન્ફ્યુશિયસ ધર્મ :**

*કન્ફ્યુશિયસ ધર્મ ચીનનો પ્રાચીન ધર્મ છે. તેના પ્રવર્તક ચિંતક કન્ફ્યુશિયસ હતા. તેમનો જન્મ ઈ.સ. 551 માં વર્તમાન શાંતુંગ પ્રાંતના 'થો' ગામમાં થયો હતો, તેઓ તથાગત બુદ્ધ અને મહાવીરના સમકાલીન હતા. તેમણે મનુષ્ય કલ્યાણ માટે કોઈ આચારસંહિતા નહિ પણ માનવનીતિનો ઉપદેશ આપ્યો હતો. તેમણે પ્રાચીન પરંપરાઓને આધારે નૂતન*

સમાજનું ઘડતર કર્યું હતું. લોકો નીતિવાન બને તે માટે બુદ્ધની જેમ તેમણે ધીરજ અને ખંતથી લોકોને સરળ શબ્દોમાં જીવન જીવવનો માર્ગ બતાવ્યો. તેમણે જીવનમ સદાચારને મહત્વ આપી પ્રજામાં એકતા અને સંસ્કારિતા લાવવા પ્રયાસો કર્યા હતા. તેમણે વ્યક્તિ સુધારણા વડે કુટુંબસુધારણા, કુટુંબસુધારણા વડે સમાજસુધારણા, સમાજસુધારણા વડે રાજ્યસુધારણાનો માર્ગ બતાવ્યો હતો.

**'તાઓ' ધર્મ :**

કન્ફ્યુશિયસની જેમ તાઓ તત્વજ્ઞાન પણ ચીની સસ્કૃતિમાં ખૂબ મહત્વ ધરાવે છે. તાઓનો શાબ્દિક અર્થ માર્ગ થાય છે. છે. કન્ફ્યુશિયસ પણ પોતાની વિચારધારાને માર્ગ તરીકે ઓળખવાતા. સમય જતાં 'તાઓ'ના વિચારો તત્વજ્ઞાનમાં પરિણમ્યા. પરમતત્વને પામવાનો માર્ગ તે તાએન-તાઓ (Tien-Tao) કહેવાય છે. કાળક્રમે તેમાંથી તાએન નીકળી જતાં 'તાઓ' શબ્દ પ્રચલિત બન્યો. તત્વજ્ઞાનની ભાષામાં 'તાઓ' એટલે પ્રકૃતિ અને સમગ્ર વિશ્વને ઉત્પન્ન કરનાર પરમતત્વ. આ પરમતત્વથી સૂર્ય, ચંદ્ર અને અન્ય તત્વો પેદા થયાં છે. આ ધર્મના મુખ્ય સિદ્ધાંતો 'તાઓ', 'તેહ' અને 'વુ-વેઈ' છે. તાઓ એટલે પરમતત્વ, તેનો સામાન્ય અર્થ જીવન, પ્રેમ, પ્રકાશ વગેરે થાય છે. 'તેહ' એટલે પરમતત્વનો આવિષ્કાર અને 'વુ-વેઈ' એટલે તાઓના માર્ગે લઈ જનાર તત્વ. તાઓ ધર્મે પણ કન્ફ્યુશિયસ ધર્મની જેમ ચીની પ્રજામાં અનુશાસન, નૈતિકતા અને સ્વને ઓળખવાની બાબત પર ભાર મૂક્યો. તાઓ ધર્મના પ્રસારમાં તાઓના શિષ્ય યાંગ-તાઓલિંગને ફાળે જાય છે. તેમણે તાઓની વિચારધારાને લોકભોગ્ય બનાવી અને તાઓ ધર્મને એક ધર્મ તરીકે વિકસાવ્યો. સમય જતાં 'તાઓ'ના મંદિરો અસ્તિત્વમાં આવ્યા અને સાધુઓ ત્યાં રહેવા લાગ્યા. બૌદ્ધ ત્રિપિટક સાહિત્યની અનુકરણ કરી તાઓ ધર્મી ગ્રંથોની રચના થવા માંડી હતી. આમ, ચીની સંસ્કૃતિમાં તાઓ ધર્મનું પણ વિશેષ મહત્વ રહ્યું છે.

## 7.6 આર્થિક સ્થિતિ

**પ્રજા જીવન :**

સામાન્ય રીતે ચીનના લોકો સુખી જીવન વ્યતીત કરતાં હતા. મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલનનો હતો. નદી કિનારે વસતા લોકો માછલાં પકડવાનો ધંધો કરતાં. જાળ દ્વારા માછલાં પકડતાં. સળિયા દ્વારા પણ માછલી પકડવાનો શોખ હતો. કેટલાક લોકો બતકો પકડવાનો ધંધો કરતાં તો કેટલાક લોકો માછલાં પકડનારા પક્ષીઓ પાળવાનો ધંધો કરતાં. કેટલાક લોકો બાજ પક્ષીઓ રાખતા. આ ઉપરાંત નાના મોટા વ્યવસાયો કરી લોકો સંતુષ્ટ જીવન જીવતા.

**ખેતી :**

*ચીન ખેતી પ્રધાન દેશ હતો. મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલન સાથે જોડાયેલા હતા. ખેતી એ રાજ્યનો મુખ્ય વ્યવસાય હોય રાજ્ય તરફથી ખેતી વિકસાવવાના પ્રયત્નો થતાં, પરંતુ રાજ્યમાં અમલદારશાહીનું પ્રબળ વર્ચસ્વ હોય આ પ્રયત્નો સફળ થતાં નહીં. ખેતીની સુવિધા માટે નહેરો ખોદવામાં આવી હતી. જમીનના રક્ષણ માટે રાજ્ય દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં હતી. નહેરોની સફાઈ ખેડૂતો સ્વયં કરતાં. ખેડૂતો વિવિધ પ્રકારના અનાજ, શાકભાજી, ફળો વગેરેની ખેતી કરતાં. ચાનું ઉત્પાદન વિશેષ પ્રમાણમાં થતું. ગ્રીસની પ્રજા સાથે સંપર્ક થતાં ચીની પ્રજાએ દ્રાક્ષની ખેતી વિકસાવી હતી અને સમય જતાં દ્રાક્ષમાંથી દારૂ બનાવવાની શરૂઆત કરી હતી. દ્રાક્ષના દારૂનું વ્યસન એટલું હતું કે તે ઘર ઘરનું પીણું બની ગયું હતું. અહીંના લોકો ફૂલોના શોખીન હતા અને બગીચાઓમાં વિવિધ પ્રકારના ફૂલો ઊઘડવામાં આવતા હતા.*

**પશુપાલન :**

*ખેતીની સાથે પશુપાલન વ્યવસાય પણ સારા પ્રમાણમાં વિકસ્યો હતો. કેટલાક લોકો દૂધાળાં ઢોર પાળતા. પશુઓના દૂધમાંથી વિવિધ વાનગીઓ બનાવવામાં આવતી. ખેતીમાં બળદ,પાડા જેવા પશુઓનો ઉપયોગ થતો. આ ઉપરાંત ઘોડાં, ગધેડાં, ખચ્ચર જેવા પ્રાણીઓનો ઉપયોગ યુદ્ધમાં અને મુસાફરીમાં કરવામાં આવતો. પહાડી અને રણ પ્રદેશમાં મુસાફરી કરવા માટે ખચ્ચર, ગધેડાં, ઊંટ વગેરેનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં કરવામાં આવતો. પહાડી લોકો ઘેટાં, બકરાં પાળતા. તેમના ઊનમાંથી કપડાં બનાવવાનો ધંધો વિકસ્યો હતો.*

**ઉદ્યોગો :**

*ચીનમાં વિવિધ ઉદ્યોગો વિકસ્યા હતાં. વિવિધ ઉદ્યોગો દ્વારા તેઓ રોજી રોટી કમાતા. કારીગર વર્ગ જુદા જુદા વ્યવસાયો કરી ગુજરાન ચલાવતાં. કારીગરોમાં સુથાર, લુહાર, કડિયા, વણકરો, મૂર્તિકાર, સોની વગેરે મહત્વનું સ્થાન ધરાવતાં. બાંધકામ ઉદ્યોગ વિકસ્યો હતો. મકાનો બનાવવા ઈંટ, માટી, ચૂનો, પત્થર વગેરેનો ઉપયોગ થતો. પ્લાસ્ટર સારું ચૂનાનો ઉપયોગ થતો. પ્લાસ્ટર દ્વારા ચળકાટ એ ત્યાંના મકાનોની વિશેષતા હતી. ચીનની દીવાલ પ્લાસ્ટરના લીધે જ દુનિયાની એક અજાયબી માનવામાં આવે છે. લોખંડ ઉદ્યોગ વ્યાપક પ્રમાણમાં વિકસ્યો હતો. તેમાંથી લુહારો ખેતીનાં ઓજારો, માછલાં પકડવાના સળિયા, કાંટા, યુદ્ધના હથિયારો વગેરે બનાવતા હતાં. ધાતુને ઢાળવાનો વ્યવસાય પણ ચાલતો. આમ, વિવિધ ઉદ્યોગોનો વિકાસ એ ચીનની સંસ્કૃતિનું મહત્વનું લક્ષણ.*

**લોખંડ ઉદ્યોગ :**

*લોખંડનો ઉદ્યોગ વ્યાપક પ્રમાણમાં વિકસ્યો હતો. લુહારો ખેતીનાં ઓજારો, માછલાં પકડવાના સળિયા, કાંટા, યુદ્ધના હથિયારો વગેરે બનાવતા હતાં. મકાન બાંધકામમાં લોખંડનો ખાસ ઉપયોગ થતો ન હતો. ઘણા લોકો ધાતુને ઢાળવાના કાર્ય સાથે સંકળાયા હતાં.*

**વેપાર :**

*ચીનના ઘણા લોકો વેપારિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયા હતાં. માલની હેરફેર માટે પશુઓ, ગાડાં, હોડીઓ વગેરેનો ઉપયોગ થતો હતો. વેપારના વિકાસ માટે ચીનના મુખ્ય શહેર પેકિંગને ચીનના અન્ય શહેરો સાથે જાહેર માર્ગો દ્વારા જોડવામાં આવ્યું હતું. અનાજની ચોરી માટે ભયંકર સજા થતી. પરંતુ કોઈ ભૂખ્યો માણસ રોટલીની ચોરી કરે તો તો તેને છોડી મૂકવામાં આવતો હતો. પરિણામે વેપારીઓ પોતાના માલની વધુ કાળજી લેતા હતાં.*

**ચલણ :**

*વેપારમાં બદલાપદ્ધતિ અથવા આપલે પદ્ધતિથી માલનો વિનિમય થતો. સમય જતાં લોકોએ કોડીનો નાણાં તરીકે ઉપયોગ કરવા માંડ્યો. આ પછી તેના બદલે છાપેલા રેશમના કે સુતરના કટકાનો અને હરણના ચામડાના કટકાનો વિનિમયના સાધન તરીકે ઉપયોગ થવા લાગ્યો હતો. સમય જતાં તાંબાના ગોળ કટકાને વચમાં કાણું પાડીને તેનો નાણાં તરીકે ઉપયોગ થવા લાગ્યો. આ પછી તાંબાના ટુકડાઓમાં ગોળ કાણાંના બદલે ચોરસ કાણાં પાડવાની પદ્ધતિ વિકાસ પામી હતી. તાંબાના ટુકડાઓ ઉપર છાપ લગાવવાની પદ્ધતિ વિકાસ પામી. આ સિક્કાઓ 'ફેક', 'નાઈજ઼', 'ટ્રા ઉઝસ' વગેરે નામે ઓળખાતા હતાં. ઘણા સિક્કાઓ દેખાવે ખૂબ સુંદર હતાં. ઘણા સિક્કાઓમાં સોનાનો ઉપયોગ થતો. બારમી સદીથી કાગળનું નાણું પ્રચલિત બન્યું હતું.*

**સમાપન :**

*આમ, ચીનની સંસ્કૃતિ પોતાની રીતે ભવ્ય અને અનુપમ હતી. આ સંસ્કૃતિએ પણ વિશ્વને અનોખી ચીજ વસ્તુઓની ભેટ અવશ્ય આપી છે. પ્લાસ્ટરનો ચળકાટ એ ચીનની વિશેષતા હતી. ચીનની દીવાલ પ્લાસ્ટરના લીધે જ દુનિયાની એક અજાયબી મનાય છે. ચીનની દીવાલ ચીનની એક આગવી ઓળખ છે. ચીને કાગળની શોધ કરી હતી. કલાના ક્ષેત્રે ચીને ઘણી જ નોંધપાત્ર પ્રગતિ સાધી હતી. તેઓ ધાતુને ઢાળવાની કળા જાણતા હતાં. તેઓ કાંસાના વાસણો બનાવતા. હાથીદાંત, સોનારૂપા વગેરેના ઘરેણાં બનાવતા. રેશમના કાપડ ઉપર સુંદર ભરતકામ કરવાની કળાના તેઓ જાણકાર હતાં. કાચના સુંદર વાસણો બનાવવામાં આવતા. ચિનાઈ માટીના વાસણોને ચકચકિત બનાવવાની કળા ચીનના લોકોએ વિકસાવી હતી. શુંગ વંશમાં ચિનાઈ માટીના વાસણો બનાવવાની પ્રવૃત્તિ*

*ખૂબ વિકસી હતી. ચિત્રકળામાં ક્ષેત્રમાં પણ ચીને સારી એવી પ્રગતિ સાધી હતી. ચિત્રકળામાં ચિત્રલિપિનો વ્યાપક રીતે ઉપયોગ થતો હતો. ઊંટના વાળમાંથી પીંછી બનાવવાની શોધ તેમણે કરી હતી.*

*આમ, ચીન દેશ તેની ભૌગોલિક પરિસ્થિતિના કારણે ઘણા વર્ષો સુધી દુનિયાના અન્ય દેશોથી અલીપ્ત રહ્યો હોવા છતાં તેણે પોતાની આગવી અને વિશિષ્ટ રીતે પોતાની સંસ્કૃતિ વિકસાવી હતી. અહીંના કોન્ફ્યુશિયસ, લાઓત્ઝે જેવા ચિંતકોએ સમાજ અને રાજનીતિને પ્રભાવિત કરી હતી. મુદ્રણકળા, હોકાયંત્ર, ચિનાઈ માટીના વાસણો, દારૂગોળો વગેરે દ્વારા દુનિયાના વેપાર અને જ્ઞાનને વિકસાવ્યું હતું. ભારતભૂમિમાંથી ઉદભવેલા બૌદ્ધ ધર્મે ચીનની પ્રજાના ઘડતરમાં ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ટૂંકમાં ચીનની સંસ્કૃતિએ વિશ્વના ઈતિહાસમાં મહત્વપૂર્ણ પ્રદાન અવશ્ય કર્યું છે જેને કોઈ નકારી શકે તેમ નથી.*

## 7.7 તમારી પ્રગતિ ચકાસો

**નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારથી તૈયાર કરોઃ**

(1) *ચીનની રાજકીય સ્થિતિનું આલેખન કરો.*

(2) *ચીનના રાજકીય અને આર્થિક જીવનનો ખ્યાલ આપો.*

(3) *ચીનના ધાર્મિક જીવન વિષે સમજાવો.*

(4) *ચીનના સામાજિક અને ધાર્મિક જીવનની માહિતી આપો.*

**નીચેનામાંથી કયાવિધાનો સાચા છે અને કયા ખોટા છે તે દર્શાવો**

(1) ચીનના લોકો સુતરાઉ, ઊન અને રેશમી કપડાંનો ઉપયોગ કરતાં હતાં.

(2) કોન્ફ્યુશિયસ અને લાઓત્ઝે ચીનના ચિંતકો ન હતાં.

(3) તાઓ એટલે પરમતત્વને પામવું.

(4) ચીની સિક્કાઓ 'ફેક', 'નાઈવ્ઝ', 'ટ્રા ઉઝર્સ' વગેરે નામે ઓળખાતા હતાં.

(5) ચીનમાં બૌદ્ધધમ્મની વ્યાપક અસરો થઈ હતી.

(6) ચીનમાં માથે ચોટલી રાખવાનો રિવાજ પ્રચલિત હતો.

(7) કન્યાને 'મિલકત ગુમાવવાના પોટલા' તરીકે ઓળખવામાં આવતી.

**સાચા જવાબ :**

(1) સાચું (2) ખોટું (3) સાચું (4) સાચું (5) સાચું

(6) સાચું (7) સાચું

## 7.8 ચાવીરૂપ શબ્દો

**તાઓ** તાઓ એટલે પરમતત્વ, તેનો સામાન્ય અર્થ જીવન, પ્રેમ, પ્રકાશ વગેરે થાય છે.

**તાએન-તાઓ** પરમતત્વને પામવાનો માર્ગ એટલે તાએન-તાઓ (Tien-Tao) કહેવાય છે.

**'બોધિધર્મન'** ચીનમાં સૌ પ્રથમ બૌદ્ધ ધર્મનો ફેલાવો કરનાર ભારતીય શ્રમણ બોધિધર્મન. ત્યાંના લોકો તેમને ખૂબ સન્માન આપે છે અને પૂજા કરે છે.

## 7.9 સંદર્ભ


- મારું હિન્દનું દર્શન, જવાહર નેહરૂ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, 1951.
- આચાર્ય, નવીનચંદ્ર, પરમાર, થોમસ, જગતની અગ્રગણ્ય સભ્યતાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, તૃતીય આવૃત્તિ, વર્ષ, 2012

**એકમ : 8**

# ગ્રીસ યુનાની સભ્યતા

**:: રૂપરેખા ::**


**8.0** ઉદ્દેશ્યો

**8.1** પ્રસ્તાવના

**8.2** ગ્રીસની પ્રજા

**8.3** હોમરયુગ અથવા શૌર્યયુગ

**8.4** નગરરાજ્યોનો ઉદય :

**8.5** સરમુખત્યારશાહીનો યુગ

**8.6** પેરિકિલ્સનો યુગ

**8.7** સિકંદર અને ગ્રીસ સંસ્કૃતિનો પ્રચાર

**8.8** ગ્રીસનો સંસ્કાર વારસો

**8.9** ધર્મ અને તત્વજ્ઞાન

**8.10** વિજ્ઞાનના ક્ષેત્રે ગ્રીસનું પ્રદાન :

**8.11** આર્થિક ક્ષેત્રે ગ્રીસનું પ્રદાન

**8.12** રાજકીય ક્ષેત્રે ગ્રીસનું પ્રદાન

**8.13** કલાક્ષેત્રે ગ્રીસનું પ્રદાન

**8.14** તમારી પ્રગતિ ચકાસો

**8.15** ચાવીરૂપ શબ્દો

**8.16** સંદર્ભ


## 8.0 ઉદ્દેશ્યો

*આ એકમ વાંચ્યા પછી તમે:*

- *ગ્રીસની સંસ્કૃતિ વિષે જાણી શકો છો.*
- *ગ્રીસના હોમર યુગ વિષે જાણી શકાય છે.*

- *ગ્રીસના નગરરાજ્યો અને  નગરસંઘોની માહિતી મળી શકે છે.*
- *ગ્રીસના ધર્મ અને તત્વજ્ઞાન વિષે જાણી શકાય છે.*
- *ગ્રીસના સાહિત્યની જાણકારી મળી શકે છે.*
- *પેરિક્લિસના યુગ અને સિકંદરના કાર્યોથી રૂબરૂ થવાય છે.*
- *વિજ્ઞાન અને ખગોળશાસ્ત્રના ક્ષેત્રમાં ગ્રીસના પ્રદાન વિષે જાણી શકો.*
- *ગ્રીસના સામાજિક, આર્થિક, રાજકીય ક્ષેત્રના પ્રદાન વિષે જાણી શકો.*
- *કલા અને સ્થાપત્યના ક્ષેત્રે ગ્રીસના પ્રદાનને જાણી શકો.*

## 8.1 પ્રસ્તાવના

*વિશ્વની વિવિધ પ્રજાઓના ઈતિહાસમાં ગ્રીસની પ્રજાનો ઈતિહાસ વધુ નોંધપાત્ર અને મહત્ત્વનો છે. કારણ કે આજથી અઢી હજાર વર્ષ પહેલાં એમણે જે સંસ્કૃતિનું સર્જન કર્યું તે આજે પણ યુરોપના ભવ્ય વારસા તરીકે પ્રખ્યાત છે. યુરોપની સંસ્કૃતિની જનેતા ગ્રીક સંસ્કૃતિ છે તેમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. વિશ્વની સૌથી ગુણવાન પ્રજાઓમાં ગ્રીક પ્રજા મોખરાનું સ્થાન ધરાવે છે. આ વાત સ્પષ્ટ કરતા વિખ્યાત ઈતિહાસકાર વીલ ડુરાં* 'Life of Greece'*ની પ્રસ્તાવનામાં કહે છે કે, “યંત્ર સિવાય આપણી સંસ્કૃતિમાં બિનધાર્મિક એવું કોઈ તત્વ નથી કે જે ગ્રીસમાંથી ઊતરી આવેલું ન હોય.” શાળાઓ, વ્યાયામ શાળાઓ, ગણિત, ભૂમિતિ, ઈતિહાસ, છંદશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, જીવવિદ્યા, આરોગ્યશાસ્ત્ર, કાવ્ય, સંગીત, કરુણાંત અને હાસ્યપ્રધાન નાટકો, દર્શન અને તત્વજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, આદર્શવાદ, વિરક્તવાદ, નીતિશાસ્ત્ર, સરમુખત્યારશાહી, લોકશાહી આ બધા મૂળભૂત રીતે ગ્રીક શબ્દો છે અને તે ગ્રીસની પ્રજાની શક્તિનો પરિપાક છે. વીલ ડુરાંના શબ્દોમાં “એવું કશુંય ગ્રીક સંસ્કૃતિમાં નથી કે જે આપણને અજવાળતું ન હોય.” એક ઈતિહાસ લેખકે તો ત્યાં સુધી કહ્યું છે કે 'આપણે બધા ગ્રીક છીએ',* 'we all are Greeks'. *જ્ઞાનની ભાગ્યે જ એવી કોઈ શાખા હશે કે જેનું મૂળ આપણને ગ્રીસમાં જોવા ન મળે. ઈતિહાસકાર બ્લન્ટ તેમના પુસ્તક* 'Ancient world' *માં ગ્રીસના સંસ્કાર વારસા વિશે કહે છે કે, 'ગ્રીકોએ આપણને સૌંદર્ય પ્રકૃતિ ઉત્તમ રીતે સમજાવી છે. ગ્રીક સાહિત્યનું વિશાળ વાંચન કે ગ્રીક કલાનું વિસ્તૃત અવલોકન જેમણે કર્યું હશે તેમને જરા પણ શંકા નહિ હોય કે સૌંદર્યની કદર કરવામાં ગ્રીકો માનવજાતિના ગુરુ છે.'  ગ્રીસની સંસ્કૃતિ એક સાતત્યવાળી સંસ્કૃતિ છે. તેનું મૂળ ક્રીટની સંસ્કૃતિમાં છે.*

## 8.2 ગ્રીસની પ્રજા

*'ગ્રીસ' શબ્દ એ રોમન પ્રજાની ભેટ છે. જેમને  આજે આપણે ગ્રીક લોકો તરીકે ઓળખાવીએ છીએ તે પ્રજાના સાહિત્યકારો, લેખકો અને ઈતિહાસકારોએ પોતાના દેશ માટે ક્યારેય પણ 'ગ્રીસ' શબ્દનો ઉપયોગ કર્યો નથી. ગ્રીક લોકો પોતાની ભૂમિને 'હેલાસ'* (Hellas) *કહેતા અને તેથી ત્યાં વસતા લોકો પોતાને 'હેલેનીક' પ્રજા તરીકે ઓળખાતા.*

*'હેલાસ' તરીકે ઓળખાતા. 'હેલાસ' તરીકે ઓળખાતા પ્રદેશમાં એજિયન ટાપુઓ, એશિયા માઈનોરના કિનારાના પ્રદેશો અને ગ્રીક સંસ્થાનો વગેરેનો સમાવેશ થતો હતો. ગ્રીક પ્રજાનો શરૂઆતનો  ઈતિહાસ તેનાં મહાકાવ્યોમાં જોવા મળે છે. આ પ્રજાના શૂરાતનની કથા મહાકવિ હોમરે પોતાનાં બે મહાકાવ્યો 'ઈલિયડ' અને 'ઓડિસી'માં આલેખી છે. ગ્રીસના ઈતિહાસમાં હોમર યુગ 'શૌર્યયુગ' તરીકે જાણીતો છે. ગ્રીસની પ્રજામાં સમયાંતરે મિશ્રણ થતું ગયું હતું.*

## 8.3 હોમરયુગ અથવા શૌર્યયુગ

*આ યુગની માહિતી  આપણને ગ્રીસનાં બે મહાકાવ્યો 'ઈલિયડ' અને 'ઓડિસી'માંથી મળે છે. આ બે મહાકાવ્યોના લેખક હોમર છે. આ બંને મહાકાવ્યો ક્યારે રચાયાં તે અંગે કોઈ ચોક્કસ માહિતી નથી. કેટલાકનું માનવું છે કે ટ્રોયના પતન પછી બે ત્રણ સૈકામાં એ ગ્રંથોની રચના થઈ હશે. કવિ હોમર ક્યારે થઈ ગયો તે અંગે પણ વિદ્વાનો એકમત નથી. તેનો સમય ઈ.સ. પૂ. 1100 થી ઈ.સ. પૂ. 800ની વચ્ચેનો હોવાનો સંભવ મનાય છે.હોમર પોતે અંધ કવિ હતો. 'ઈલિયડ' અને 'ઓડિસી'ની રચના દ્વારા તેણે ગ્રીસની પૌરાણિક સંસ્કૃતિનો પરિચય કરાવ્યો છે. આ બંને ગ્રંથો રામાયણ અને મહાભારતની જેમ દંતકથાઓ ઉપર મહદઅંશે આધારિત છે.*

*'ઈલિયડ' કાવ્યની કથામાં  ટ્રોજનની લડાઈનું વર્ણન કરવામાં આવેલ છે. ગ્રીસની એક રાણી હેલનનું ટ્રોજનના રાજકુંવરે અપહરણ કરતાં ટ્રોજનની જે લડાઈ થઈ અને તેમાં ગ્રીક લોકોએ ટ્રોય પર કેવી રીતે વિજય મેળવ્યો તેનું સુંદર વર્ણન કવિ હોમરે આ કાવ્યમાં કર્યું છે. કાવ્યની કથાવસ્તુના મૂળમાં ગ્રીસની સૌંદર્યરાણી હેલન છે. 'હેલન' - ગ્રીક વીરોની હૃદયદેવી હતી. તેના માટે દસ વર્ષ સુધી ભયંકર યુદ્ધ ચાલ્યું. છેવટે ટ્રોયનું - પતન થાય છે અને ગ્રીકોએ રાણી હેલનને પાછી મેળવી (ઈ.સ. પૂ. 1000) આ વિગ્રહનું આબેહુબ વર્ણન 'ઈલિયડ'માં કરવામાં આવેલ છે.*

*હોમર દ્વારા લખાયેલ બીજું મહાકાવ્ય 'ઓડિસી' છે. ટ્રોય પર જીત મેળવીને ઓડિશ્યમ નામનો ગ્રીક વીર જ્યારે પાછો ફરતો હતો તે વખતે એણે જે પરાક્રમો કર્યાં તેનું વર્ણન આ કાવ્યમાં છે. આ કાવ્યમાં ગ્રીક પ્રજાનાં નીતિમત્તાનાં જીવન ધોરણો જોવા મળે છે તથા ગ્રીક પ્રજાના ઈતિહાસનું દર્શન થાય છે. આ બંને મહાકાવ્યોમાં ગ્રીસની પ્રજાનો ઈતિહાસ અને સંસ્કૃતિ આલેખાયેલ છે. હોમરયુગમાં ગ્રીસની પ્રજાએ વીરતા પ્રકટ કરી હોય આ સમગ્ર યુગ 'વીરોના યુગ' તરીકે ઓળખવામાં આવે છે. હોમર યુગ દરમ્યાન વિવિધ નાના મોટા ઉદ્યોગ ધંધાઓ વિકસ્યા હતા. આ સમયે લોકો પ્રકૃતિની પૂજા કરતા. 'આરીસ' યુદ્ધ દેવતા હતો. 'એથેના' જ્ઞાન અને ડહાપણની દેવી હતી. 'એપોલો' સૌદર્ય અને  કલાનો દેવ ગણાતો. સર્વ દેવોમાં વધુ પ્રખ્યાત દેવ 'ઝિયસ' ગણાતો હતો. આ યુગમાં સાહિત્યની સાથે કલામાં પણ સારી પ્રગતિ થઈ હતી. શરીર સૌષ્ઠવ એ ગ્રીક*

*પ્રજાનો મુખ્ય ગુણ છે, જે તેમના શિલ્પોમાં જોવા મળે છે. તેઓ હાથીદાંતનું સુંદર કોતરકામ જાણતા. લાકડાં ઉપર સુંદર કોતરકામ કરતા. શરીરસૌષ્ઠવ જાળવી રાખવા માટે તેઓ વિવિધ પ્રકારની અંગ કસરત કરતા હતા. ઉત્સવ વખતે મનુષ્યો અને પશુઓ વચ્ચે દંગલ યોજવામાં આવતા. ટૂંકમાં કહી શકાય કે હોમરયુગની સંસ્કૃતિમાં ગ્રીસની ભવ્ય સંસ્કૃતિના મંડાણ થયા હતા.*

## 8.4 નગરરાજ્યોનો ઉદય

*આવશ્યકતાના કારણે ગ્રીસમાં નગરરાજ્યોનો ઉદય થયો હતો. દરેક નગરને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ અને સ્વતંત્ર દેવ હતો તથા સ્વતંત્ર લશ્કર પણ હતું. નગર ઉપર રાજા રાજ્ય કરતો અને નગરના વડીલો સામૂહિક રીતે નગરના વડીલો સામૂહિક રીતે નગરના ઝગડાઓનું સમાધાન કરતાં હતા. દરેક નાગરિક પોતાના નગરને રાષ્ટ્ર માનતો. રાજા નગરનો સન્માનીય વડો સત્તાધારી પુરુષ મનાતો. નગરના વડીલો સમૂહમાં એકઠા થઈ નગરના ઝઘડા પતાવતા. એપોલો બધા નગરરાજ્યોનો એક સમાન દેવ મનાતો. આમ, ધીરે ધીરે ગ્રીસમાં રાજાશાહીનાં મંડાણ થયાં. નગરરાજ્યોની પ્રજા સામુહિક વીરતાની રમતોમાં બહુ જ રસ ધરાવતી. 'ઓલિમ્પિયા'માં આવા રમતોત્સવ ઊજવાતા. આ નગરના નામ પરથી આવી રમતો ઓલિમ્પિક રમતોના નામે ઓળખાય છે.*

*આ સમયે નગરરાજ્યો જુદાં હતાં, પણ સમગ્ર પ્રજાની ભાષા એક હતી. આથી પ્રજા એકબીજા સાથે સરળતાથી વ્યવહાર ચલાવી શકતી. તેના પરિણામે હોમરનાં મહાકાવ્યો એ સમગ્ર ગ્રીસ દેશની પ્રજાનો અમૂલ્ય વારસો બની ગયો. તેમણે પ્રજાજનોમાં સાંસ્કૃતિક એકતાની ભાવના વિકસાવી. દેશ ઉપર જ્યારે બહારના દુશ્મનોનો પડકાર આવતો ત્યારે તેઓ ખભેખભા મિલાવી દુશ્મનોનો સામનો કરતા. આમ, ગ્રીસનાં નગરરાજ્યો પોતાનું અલગ અસ્તિત્વ ધરાવતાં હોવા છતાં તેઓ વ્યાપારી, ધાર્મિક અને સામાજિક એકતા ધરાવતાં. આ એકતા ટકાવી રાખવા તેઓએ સંઘની રચના કરી હતી.*

### નગરસંઘો

*નગરસંઘોની રચના એ ગ્રીસની સંસ્કૃતિનું મહત્વનું લક્ષણ હતું. આ નગરસંઘોનું સ્વરૂપ ધાર્મિક અને રાજકીય હતું. આ સંઘોમાં આયોનિયન અને ડેલિયન સંઘો ધાર્મિક સંઘો હતા તો સ્પાર્ટા અને એથેન્સના સંઘો રાજકીય સંઘો હતા. સમયજતાં એથેન્સ ગ્રીસનું મહાનગર બનવા પામ્યું હતું. સ્પાર્ટાના લોકો કુશળ ખેડૂતની સાથે કુશળ સૈનિકો બન્યા હતા.*

## 8.5 સરમુખત્યારશાહીનો યુગ

*આ યુગમાં ગ્રીસમાં એક બાજુ ઔદ્યોગિક વિકાસને કારણે ધનિક વર્ગ વધારે પૈસાદાર બનતો ત્યારે બીજી બાજુ જમીન અને ખેતી ઉપર નભતા ખેડૂતોની સ્થિતિ વધારે દયાજનક*

*બનવા લાગી હતી. ઉમરાવો તેમની જમીન અન્યાયી રીતે આંચકી લેતા હતા. ઘણા ખેડૂતો દેવાદાર બની ગયા હતા. તેઓ ગુલામ તરીકે ત્રાસમય જીવન ગુજારતા હતા. ઉમરાવોની એકહથ્થુ સત્તા સામે મધ્યમ વર્ગ અને ખેડૂતોએ બળવો પોકાર્યો. એથેન્સમાં આ સ્થિતિનો લાભ લઈ ઓલિમ્પિક રમતોમાં વિજેતા નીવડનાર સોલોન સરમુખત્યાર બન્યો. ગ્રીસમાં ઉમરાવશાહીની જગ્યાએ સરમુખત્યારશાહી શરૂ થઈ. સરમુખત્યારોના હાથમાં એકહથ્થુ સત્તા હોવાથી તેમણે સખ્ત હાથે વહીવટ ચલાવ્યો. ગ્રીસના ઈતિહાસમાં તેમનો યુગ સરમુખત્યારોના યુગ (છપ્ની ‌ક્ અક્રિહંજ)ના નામે ઓળખાયો. કેટલાક સરમુખત્યારોનો સમય પ્રજાને મહાન ત્રાસરૂપ નીવડ્યો.*

*ગ્રીસના સરમુખત્યારોમાં ડ્રેકોનનું નામ નોંધપાત્ર છે. ઈ.સ. પૂ. છઠ્ઠી સદીમાં ગ્રીસમાં કાયદો મૌખિક અને  પરંપરાગત હતો. કાયદો અસ્પષ્ટ હોવાથી લોકોના પ્રશ્નો પણ વણઉકલ્યા રહેતા. ન્યાયાધીશો પોતાની મરજી મુજબ પ્રણાલીગત ન્યાય આપતા. ધનિક વર્ગ પોતાના પૈસાના જોરે ન્યાયાધીશો ઉપર દબાણ લાવી શકતો. પરિણામે ગરીબ પૂર્વના વર્ગને ભારે નુકસાન થતું. આ પરિસ્થિતિ જોતાં ડેકોએ કાયદો સુધારવાની શરૂઆત કરી. તેણે કાયદાને લેખિત સ્વરૂપ આપ્યું. તેમાં તેણે કડક કાયદાઓ દાખલ કર્યા. આજે પણ સખ્ત કાયદાઓ 'ડ્રેકોનિયન' કાયદાઓના નામે ઓળખાય છે. ડ્રેકોએ કાયદા દ્વારા રાજયના ધનિક વર્ગને કેટલાક અધિકારો આપ્યા, પણ તે સાથે પોતાના કાયદામાં તેણે સમાજના બીજા વર્ગોને પણ દાખલ કર્યા. ડ્રેકોના કાયદાઓને કારણે ન્યાયતંત્ર વ્યવસ્થિત બન્યું. આ કાયદાઓની વિશિષ્ટતા એ હતી કે તેમાં એક બાજુ ગુનેગારના સંજોગોને ધ્યાનમાં રાખી સજા કરવામાં આવતી. તો બીજી બાજુ નાના ગુના માટે પણ આકરી સજા કરવામાં આવતી. ગરીબાઈને કારણે શાકભાજી કે ફળોની ચોરી જેવા ગુના માટે પણ કેટલીકવાર દેહાંત દંડની સજા થતી. ડ્રેકોના કાયદાથી ધનિકોના અધિકારનું રક્ષણ થયું, પરંતુ ગરીબ અને દેવાદાર ખેડૂતના રક્ષણ માટે તેમાં કોઈ વ્યવસ્થા ન હતી. ડ્રેકોના કાયદાઓ આમવર્ગને  કરુણ સ્થિતિમાંથી ઉગારવા નિષ્ફળ નિવડયા. સમાજમાં અસમાનતા વધતી ગઈ. પ્રજામાં આંતરિક વિગ્રહનો લાવારસ ઉકળવા લાગ્યો. આ વિકટ પરિસ્થિતિમાં ડ્રેકોની સત્તાનો અંત આવ્યો અને સોલોન નામના સરમુખત્યારે સત્તાનાં સૂત્રો ધારણ કર્યા. તેણે શાંતિમય માર્ગે ગ્રીસમાં કાયદો અને વ્યવસ્થાની સ્થાપના કરી. ગરીબો પ્રત્યે સમભાવ રાખીને સોલોને પ્રજાનો વિશ્વાસ અને પ્રેમ સંપાદન કર્યો. તે ઈ.સ. પૂ. 594માં આર્કન-સરમુખત્યાર તરીકે ચૂંટાયો. સોલોન એ કેવળ સરમુખત્યાર ન હતો પરંતુ પ્રથમ પંક્તિનો કવિ પણ હતો. તેણે અનેક વીરકાવ્યો અને પ્રશસ્તિકાવ્યો રચ્યાં છે. તેણે અમીર અને ગરીબ બંનેને માન્ય એવા મધ્યમ માર્ગે રાજયમાં ઘણા સુધારા દાખલ કર્યા. જમીન અંગે નોંધપાત્ર સુધારા કર્યા. રાજકીય ક્ષેત્રે અનેક કાયદાઓ કરી રાજયતંત્રને સ્થિર કર્યું. વ્યક્તિગત સ્વતંત્રતા અંગે પણ તેણે નોંધપાત્ર કાયદાઓ કર્યા.*

*સમય જતાં ક્લિસ્થેનીસ અને ત્યારબાદ ઓસ્ટ્રેશિઝમ સરમુખત્યાર તરીકે સત્તા પર આવ્યો. તેણે નેતાને અંકુશમાં રાખવાના પ્રજાના અધિકારને વિકસાવ્યો. લોકશાહી બંધારણને વ્યવહારુ બનાવ્યું. ધીરે ધીરે સત્તાનાં સૂત્રો અમીરો પાસેથી છીનવી લઈ પ્રજાના સામાન્ય વર્ગના હાથમાં મૂક્યાં. આમ, ગ્રીસમાં લોકશાહીનો પાયો નંખાયો.*

*સરમુખત્યારશાહી યુગ ભલે આપખુદ રહ્યો હોય ગ્રીસે આ યુગમાં કેટલીક નોંધપાત્ર પ્રગતિ અવશ્ય સાધી હતી. સાહિત્ય કલા, વિજ્ઞાન વગેરે ક્ષેત્રે ઉત્તમ વિકાસ થયો. વ્યવસ્થિત કાયદા દ્વારા પ્રજાને ઉત્તમ ન્યાયતંત્ર મળ્યું. આ સમય દરમિયાન પિન્ડાર નામના કવિએ ઘણાં ઊર્મિકાવ્યો રચ્યાં. આ સમયે કવિયત્રી સેફોનાં કાવ્યો ઘણાં જ લોકપ્રિય બન્યાં હતાં. ગ્રીક નાટકોનો વિકાસ થયો. રાજ્યમાં અનેક મંદિરો બંધાયાં. મંદિર બાંધવામાં આરસનો વિશેષ ઉપયોગ થવા માંડયો. ઉમરાવ યુગનું દર્શન કરાવતાં અનેક ચિત્રો આલેખાયા. ખગોળશાસ્ત્રનો વિકાસ થયો. તેમાં પાયથાગોરસે ભૌતિકવિજ્ઞાન ક્ષેત્રે મહત્વનો ફાળો આપ્યો હતો. ટૂંકમાં, સરમુખત્યારોના અમલ દરમિયાન ગ્રીસે ધર્મ, તત્વચિંતન, વિજ્ઞાન, રાજકારણ, સાહિત્ય, ભૂગોળ, શિલ્પ, સ્થાપત્ય, ચિત્રકળા વગેરે ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ સાધી. આથી આ યુગ ગ્રીસના ઈતિહાસમાં વિકાસની દષ્ટિએ તથા લોકશાહી માટેની ભૂમિકા તૈયાર કરવાની દષ્ટિએ ઘણો જ મહત્વનો માનવમાં આવે છે.*

## 8.6 પેરિક્લિસનો યુગ

*પેરિક્લિસના યુગમાં લોકશાહીનો વિકાસ ચરમસીમાએ પહોંચી હતી. તે ગ્રીક લોકશાહીનો શિલ્પી ગણાય છે. તે કુશળ વહીવટકર્તા હતો અને પ્રખર રાજનીતિજ્ઞ હતો. તેણે લગભગ 30 વર્ષ સુધી સત્તા સંભાળી હતી. તેણે પોતાના અમલ દરમિયાન ગ્રીસની સંસ્કૃતિનું નવનિર્માણ કર્યું. પ્રજાનો વિશ્વાસ સંપાદન કરીને તે પંદર વખત ચૂંટાઈ આવ્યો હતો. એથેન્સની લોકશાહીની ઈમારતને તેણે મજબૂત બનાવી હતી. તેણે ન્યાયક્ષેત્રમાં વહીવટને ધ્યાનમાં રાખી ઘણા સુધારા કર્યા હતા. દરેક નાગરિકને તેની લાયકાત અને વારા પ્રમાણે જ્યુરી બનાવાની તક આપવામાં આવી હતી. પેરિક્લિસનો જમાનો ગ્રીસની લોકશાહીનો સુવર્ણયુગ કહેવાયો. ઈતિહાસ લેખક વીલડુરાં નોંધે છે કે, 'એથેન્સનો પ્રત્યેક નાગરિક લોકશાહીનું કેન્દ્ર હતો.' લોકશાહીના પુરસ્કર્તા તરીકે કેવળ ગ્રીસના ઈતિહાસમાં જ નહિ પણ જગતના ઈતિહાસમાં પેરિક્લિસનું નામ સદાય અમર રહેશે.*

*પેરિક્લિસના યુગમાં કલા, સાહિત્ય, શિક્ષણ, શિલ્પ, સ્થાપત્ય વગેરે ક્ષેત્રે ગ્રીસે નોંધપાત્ર પ્રગતિ સાધી હતી. તેણે એથેન્સને અનેક ઉત્તમ કલાકૃતિઓથી સજ્જ ગૌરવવંતુ નગર બનાવ્યું હતું. આ સમયે શિલ્પ અને સ્થાપત્યના ક્ષેત્રે આયોનિક અને ડોરિક એમ બે શૈલીઓ પ્રચલિત હતી. શિલ્પ અને સ્થાપત્ય ઉપરાંત આ સમયે ચિત્રકળાનો પણ સારો વિકાસ થયો. આ સમયના પ્રખ્યાત વિદ્વાનોમાં હીરોડોટસ અને થ્યુસિડાઈડિસ જેવા ઈતિહાસકારોએ ઘણો પ્રમાણભૂત ઈતિહાસ રચ્યો હતો. તેઓ 'ઈતિહાસના પિતા' તરીકે*

*ઓળખાય છે. સોક્રેટીસ જેવા તત્વચિંતકોએ ગ્રીસને સમૃદ્ધ બનાવ્યું. એનેક્ષાગોરસ, હીરોડોટસ વગેરેએ ખગોળશાસ્ત્રમાં મહત્વનું પ્રદાન કર્યું હતું. ચંદ્ર સૂર્ય વડે પ્રકાશિત છે એ વાત સહુ પ્રથમ તેમણે જગત સમક્ષ રજૂ કરી. આમ, પેરિક્લિસ યુગમાં ગ્રીસે એકંદરે પ્રગતિ સાધી હતી.*

## 8.7 સિકંદર અને ગ્રીસ સંસ્કૃતિનો પ્રચાર

*ગ્રીસની સંસ્કૃતિને વિશ્વની સંસ્કૃતિ બનાવવામાં સિકંદરનો ફાળો નોંધપાત્ર હતો. સિકંદરનું મૂળ વતન મેસિડોનમાં હતું. અહીંનો મોટો ભાગ ભરવાડ અને ખેડૂતોનો બનેલો હતો. તેમનો રાજા ફિલિપ ગ્રીક સંસ્કૃતિનો ચાહક હતો. રાજા ફિલિપ પછી તેનો પુત્ર સિકંદર સત્તા પર આવ્યો. સિકંદર શરૂઆતથી જ વિશ્વવિજેતા બનવાનાં સ્વપ્નો સેવતો હતો. સિકંદર જ્યારે સત્તા ઉપર આવ્યો ત્યારે તેની ઉંમર માત્ર 20 વર્ષની હતી. એરિસ્ટોટલ જેવા ગુરુ પાસેથી શિક્ષણ મેળવવા તે ભાગ્યશાળી બન્યો હતો. વિખ્યાત કવિ હોમરનું પાત્ર એક્લિક્ષ એ તેનો જીવન આદર્શ હતો. કહેવાય છે કે સિકંદર 'ઇલિયડ'ની એક નકલ પોતાના ઓશિકે રાખતો હતો. તત્વજ્ઞાન, વિજ્ઞાન અને વૈદકમાં તેને ખૂબ રસ હતો. તે પોતાના સૈન્યની ખૂબ કાળજી રાખતો. સેનાપતિ હોવા છતાં સાહિત્યનો શોખીન હતો. તે સમગ્ર જગતને ગ્રીસની સંસ્કૃતિનું ધામ બનાવવા ઈચ્છા સેવતો હતો. મહત્વાકાંક્ષી સિકંદર ઈ.સ. પૂ. 324માં લશ્કરી અભિયાન બાદ સ્વદેશ પાછા ફરતાં બેબિલોનમાં બિમાર પડયો અને અંતે પોતાના 33 વર્ષની આયુમાં ભરયુવાન મૃત્યુ પામ્યો હતો.*

*ગ્રીસની સંસ્કૃતિ સર્વત્ર વિકસે એવી તેની મહેચ્છા હોવાથી તે જ્યાં ગયો ત્યાં તેણે ગ્રીસની સંસ્કૃતિનો પ્રચાર કર્યો. તેણે એલેક્ઝાન્ડ્રિયાને આંતરરાષ્ટ્રિય સંસ્કૃતિનું કેન્દ્ર બનાવ્યું હતું. અહીં સિકંદરે એક સમૃદ્ધ ગ્રંથાલય તૈયાર કરાવ્યું હતું. તેમાં ગ્રીક સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના અનેક પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. અનેક દેશોના વિદ્વાનો અહીં સંશોધન અર્થે આવતા. એલેક્ઝાન્ડ્રિયા દ્વારા ગ્રીક સંસ્કૃતિની સુવાસ અનેક સ્થળોએ ફેલાઈ હતી. આમ, ગ્રીસ સંસ્કૃતિનો સુવાસ દુનિયાના બીજા દેશોમાં ફેલાવવાનું કાર્ય સિકંદરે કર્યું હતું. આ માટે ગ્રીસ સદાયે તેનું ઋણી રહેશે. આથી જ ઇતિહાસકાર બ્રેસ્ટેડ સિકંદરને વિશ્વના 'સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય માનવી' તરીકે બિરદાવે છે.*

## 8.8 ગ્રીસનો સંસ્કાર વારસો

*ગ્રીસની સંસ્કૃતિએ જગતને કલા, સંસ્કૃતિ અને સાહિત્યનો ઉત્તમ વારસો આપ્યો છે. વિશ્વને લોકશાહીની અનુપમ ભેટ ગ્રીસે આપી છે. ઈતિહાસ અને તત્વજ્ઞાનની બાબતમાં જગત ગ્રીસનું ઋણી છે. સાહિત્ય અને કલાનો જે વારસો ગ્રીસે આપ્યો છે તેનાથી જગતને નવી દિશા મળી છે.*

સાહિત્ય સમાજની આરસી છે. સાહિત્ય એટલે પ્રજાની ઉત્તમ વાણી. ઉત્તમ જીવન વિના કહેવાય છે કે ઉત્તમ સાહિત્ય સર્જી શકાતું નથી. ગ્રીક સાહિત્યમાં ગ્રીક સાહિત્યમાં ગ્રીક પ્રજાનું ભવ્ય જીવન જોવા મળે છે. 'ઇલિયડ' અને 'ઓડેસી' એ બે મહાકાવ્યોની ભેટ દ્વારા ગ્રીસે દુનિયાના મહાકાવ્યોમાં પોતાનું વિશિષ્ટ પ્રદાન નોંધાવ્યું છે. તેની રચના મહાન અંધ કવિ હોમર કરી હતી. આ બંને મહાકાવ્યો ઘણા પ્રાચીનકાળમાં આયોનિક ભાષામાં લખાયેલાં હતાં. બંને મહાકાવ્યોમાં ગ્રીક પ્રજાનો જવલંત ઈતિહાસ જોવા મળે છે. હોમરનો સમકક્ષ કવિ હેસિયા હતો. આ કવિની 'વર્ક એન્ડ ડેઝ' અને 'થિયોગની' જેવી રચનાઓ ખૂબ વખણાયી છે. પહેલી રચનામાં ખેડૂતનું જીવન આલેખાયું છે, તો બીજી રચનામાં ગ્રીક દેવદેવીઓની દંતકથાઓ આલેખી છે. ઊર્મિકાવ્યોની બાબતમાં કવિ પિંડાર અને સિમોનિક્સ ઘણા નોંધપાત્ર છે. ગ્રીસના કાવ્ય સાહિત્યમાં કવિયત્રી 'સેફો'નાં કાવ્યો ઘણાં જ નોંધપાત્ર છે. સેફોની કવિતાઓએ આજે પણ યુરોપના સાહિત્યમાં અમરત્વ પ્રાપ્ત કર્યું છે.

સાહિત્યમાં કાવ્યની સાથે ગ્રીક પ્રજાએ નાટકના ક્ષેત્રે પણ ઉત્તમ પ્રગતિ સાધી હતી. નાટક અને રંગભૂમિ એ ગ્રીક પ્રજાની જગતને ઉત્તમ ભેટ છે. ગ્રીક નાટકમાં અભિનયકલાનો વિકાસ થયો. ગ્રીક નાટકોમાં નાટકના બંને પ્રકારો કરુણાન્ત અને હાસ્યનો વિકાસ થયો. સામાન્ય જનતામાં એસ્કાઈલસ, સોફોક્લિસ અને યુરિપીડીસનાં નાટકો ખૂબ પ્રખ્યાત બન્યાં હતા. હાસ્યરસ પ્રધાન નાટકોમાં એરિસ્ટોફિનિસનું નામ ઘણું આગળ આગળ પડતું છે.

સાહિત્યમાં ગદ્ય સાહિત્ય પણ વિકસ્યું. જગતને ગ્રીસે ઉત્તમ ઈતિહાસવિદો પૂરા પાડયા છે. ઈતિહાસના પિતા ગણાતા હિરોડોટસે કેટલાક ઈતિહાસ ગ્રંથો રચી એક ઉમદા પરંપરા ઊભી કરી હતી. ગ્રીસનો બીજો નોંધપાત્ર ઇતિહાસલેખક થ્યુસિડાઈડીસ છે. આ ઈતિહાસલેખકે 'પેલોપોનેશ્યન વિગ્રહ' નામનો ગ્રંથ રચ્યો હતો. ઝોનોફોન નામના ઈતિહાસકારે 'એનાબેસીસ' નામનો ગ્રંથ રચ્યો હતો. ગ્રીસ સાહિત્યમાં વૈજ્ઞાનિક દલીલો કરનાર તત્વજ્ઞાની એરિસ્ટોટલની કૃતિઓ નોંધપાત્ર છે. પ્લેટોનું 'સંવાદો' પુસ્તક અને 'આદર્શ નગર' એ બંને ગ્રંથો ગ્રીક પ્રજાનો અમૂલ્ય વારસો છે અને જગતને અમૂલ્ય ભેટ છે.

## 8.9 ધર્મ અને તત્વજ્ઞાન

ગ્રીસની સંસ્કૃતિમાં અનેક દેવદેવીઓની પૂજા, પશુપૂજા, પિતૃપૂજા અને પ્રકૃતિપૂજા વગેરેનું પ્રચલન હતું. દેવોને ખુશ રાખવા ખાતર બલિ આપવામાં આવતો. ગ્રીસની દેવસૃષ્ટિમાં મુખ્ય દેવ ઝીયસ અને દેવી એથેના હતી. દેવળોમાં ધર્મગુરુઓનું વર્ચસ્વ વિશેષ હતું. ધર્મની સાથે જાદુ અને ગૂઢતાવાદ પણ સમાજમાં પ્રવેશ્યા હતા.

*પાશ્ચાત્ય તત્વજ્ઞાનના વિકાસમાં ગ્રીક તત્વજ્ઞાનનો ફાળો અમૂલ્ય છે. ગ્રીસમાં તત્વજ્ઞાનની શરૂઆત કરનાર સોફીસ્ટો* (Sophisto) *હતા. સોફીસ્ટો વ્યક્તિ અને તેની ફરજોની ચર્ચા કરતા હતા. ગ્રીક તત્વજ્ઞાન બાહ્ય જગત તરફ દોરવાયેલું હતું. સોફીસ્ટો પોતાની વિચારસરણીમાં મનુષ્યને કેન્દ્રમાં રાખી ચર્ચા કરતાં હતા. કહેવાય છે કે,* 'The Sophisto brought philosophy from heaven to the dwelling of man.' *સોફીસ્ટો એવા સિદ્ધાંતનું પ્રતિપાદિત કર્યું કે મનુષ્ય પોતે જ વસ્તુ માત્રનો માપદંડ છે. તેમણે મનુષ્ય અને તેના કર્તવ્યોની વાત કરી. સોફીસ્ટો શ્રીમંતોને ખગોળવિદ્યા, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન, ઈતિહાસ, તત્વજ્ઞાન વગેરે વિષયો ભણાવતા. જ્ઞાનના પ્રચાર માટે તેઓ એક ગામથી બીજે ગામ જતા. વિદ્યાર્થીઓ પાસેથી વેતન લઈને ખુલ્લી જગામાં અધ્યયન કરાવતા. આવા સોફીસ્ટોમાં 'પ્રોટેગોરાસ'નું નામ વધારે જાણીતું છે. પ્રાચીન ગ્રીસમાં આ સોફીસ્ટો ફરતી યુનિવર્સિટી જેવા હતા.*

*ગ્રીસની તાત્વિક વિચારસરણીમાં સોક્રેટીસનું નામ અમર થયેલું છે. સોફીસ્ટોની સરખામણીમાં સોક્રેટીસે પોતાનું બધું ધ્યાન જ્ઞાન અને નીતિનો પાયો દ્રઢ કરવામાં કેન્દ્રિત કર્યું હતું. ગ્રીક પ્રજામાં નીચલા વર્ગમાં ચમત્કાર અને જાદુનો જે પ્રભાવ હતું તે દૂર કરવા તેમણે પ્રયત્નો કર્યા હતાં. ઈતિહાસની એ કમનસીબી છે કે કેટલીકવાર મહાન પુરુષોને તેમનો જમાનો ઓળખી શકતો નથી. ગેરસમજને કારણે ક્યારેક તેમન બલિદાન લેવાય છે. સોક્રેટીસની બાબતમાં પણ આમ જ બન્યું. એથેન્સની સરકાર સોક્રેટીસનું કાર્ય ગમ્યું નહિ. આથી એથેન્સના યુવાન વર્ગને બગાડવાના આરોપસર તેને દેહાંત દંડની સજા કરવામાં આવી હતી. સોક્રેટીસના મિત્રોએ તેમને ખાનગી રીતે છોડાવવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેમણે કહ્યું કે, 'હું મારી સત્યની શોધ છોડી દઉં એ શરતે તમે મને મુક્ત થવાનું કહેતા હો તો હું કહી શકું કે જયાં સુધી મારા શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી હું તત્વચિંતનનું કાર્ય છોડીશ નહિ. હું મૃત્યુથી ડરતો નથી. હું એ પણ જાણું છું કે પોતાના કાર્યથી ભાગવું એ તો નામોશીભર્યું કાર્ય છે.' સોક્રેટીસ કહેતા કે, 'રાજ્ય એ નાગરીકોનું બનેલું છે અને રાજયના ગુણધર્મો ઓળખવા તેમજ સમજવા માટે શિક્ષણ જરૂરી છે.' તેમનો મુખ્ય આશય લોકોને સદાચારી બનાવવાનો હતો. નીતિ કોને કહેવાય તેની ચર્ચા તેઓ દ્રષ્ટાંત આપી સમજાવતાં. સોક્રેટીસ કહેતા કે સદગુણ એ જ્ઞાન છે. સદગુણ શીખવી શકાય છે. સદગુણનું જ્ઞાન વિવેકના જ્ઞાનમાંથી જન્મે છે. સોક્રેટીસ પોતાના આદર્શોની સ્થાપના માટે એથેન્સની ગલીએ ગલીએ ફરતા હતાં. સોક્રેટીસના સત્ય અંગેના સિદ્ધાંતો આજે પણ જગતના ઈતિહાસમાં અમર છે. સત્ય એ જીવનનું પરમ અને શાશ્વત તત્વ છે એમ જણાવી તે કહેતા કે સત્યનો ત્યાગ કરવા કરતાં મૃત્યુને ભેટવું તે વધારે સારું છે. આથી જ સત્યની વેદી ઉપર તેમણે પોતાનું બલિદાન આપ્યું હતું. જ્ઞાન અને નીતિમત્તાના ઉમદા માપદંડો સોક્રેટીસે સર્જ્યા હતાં.*

*ગ્રીસના તત્વચિંતનમાં સોક્રેટીસ પછી બીજા મહાન  તત્વજ્ઞાની તરીકે પ્લેટોનું સ્થાન મહત્વનું છે. તેઓ સોક્રેટીસના શિષ્ય હતાં. તેમના પ્રસિદ્ધ ગ્રંથોમાં 'ડાયલોગ્ઝ', 'ધી રીપલ્બીક' અને 'ધી લોઝ' એ ત્રણ તેમના મુખ્ય ગ્રંથો છે. તેઓ તત્વજ્ઞાની ઉપરાંત કવિ પણ હતાં. તેમણે પોતાની વિચારસરણીમાં પ્રાચીન તત્વજ્ઞાનના પ્રત્યેક તંતુને વણી લીધા છે. તેમણે એથેન્સમાં લોકશાહીની નિષ્ફળતા જોતાં રાજકારણમાંથી ક્ષેત્રસંન્યાસ લીધો અને શિક્ષણ કાર્ય આરંભ્યું હતું. તેમણે પોતાના ગુરુના કાર્યને સમાજમાં આગળ વધાર્યું. તેમણે પોતાના વિચારોમાં આદર્શ રાજ્યની કલ્પના વહેતી મૂકી હતી અને આદર્શનગર કેવું હોય તેનો પ્રજાને ખ્યાલ આપ્યો હતો. પ્લેટોનું આદર્શ રાજ્ય સ્વયભૂ અને સ્વયંસંચાલિત નગરરાજ્ય હતું. તેમણે 'અકાદમી' નામે ઓળખાતી એક શાળા ખોલી હતી. સમગ્ર ગ્રીસમાં પ્લેટોની આ શાળા ખૂબ  પ્રસિદ્ધિ પામી હતી. આમ, પ્લેટો મહાન આદર્શવાદી તત્વચિંતક હતાં. તે સ્પષ્ટ માનતા હતાં કે સોક્રેટીસના માનવી માટેના આદર્શો શાશ્વત છે. તેઓ કહેતા કે દરેક માનવી અને દરેક રાજવી ફિલસૂફ હોવો જોઈએ.*

*ગ્રીસમાં પ્લેટો પછી મહાન તત્વચિંતક તરીકે એરિસ્ટોટલની ગણના થાય છે. તેમની વિચારસરણી જુદા પ્રકારની હતી. પ્લેટો આદર્શવાદી હતો, જ્યારે એરિસ્ટોટલ વાસ્તવદર્શી હતો. અનેક વિષયોમાં સંશોધન કરીને તેણે કેવળ ગ્રીસને જ નહીં, પણ સમગ્ર જગતને જ્ઞાનનો વારસો આપ્યો છે. તત્વજ્ઞાનના ક્ષેત્રમાં તેમણે કાર્યકારણનો સિદ્ધાંત આપ્યો. તે પોતાના સિદ્ધાંતમાં  વસ્તુમાત્ર કઈ રીતે બને છે એટલું જ માત્ર નહિ પણ તે શા માટે બને છે તેની પણ સમજ આપે  છે. આમ, એરિસ્ટોટલે પોતાની વિચારસરણીમાં વસ્તુના કારણ રૂપ* (cause)*ની સમજ આપી. તેમણે ચાર પ્રકારનાં કારણો બતાવ્યા છે :* (1) *ઉપાદાન કારણ,* (2) *નિમિત્ત કારણ,* (3)  *સ્વરૂપલક્ષી કારણ,* (4) *અંતિમ કારણ. દરેક બાબતને સમજવા માટે આ ચાર પ્રકારનાં કારણો જાણવાં જરૂરી છે. તેમણે વસ્તુના પણ બે પ્રકાર બતાવ્યા છે :* (1) *ઉચ્ચ કક્ષાની* (2) *હલકી કક્ષાની. એરિસ્ટોટલની વિચારસરણીમાં સર્વોચ્ચ કક્ષાએ ઈશ્વર રહેલો છે. તેનો વિકાસવાદનો સિદ્ધાંત આજના વૈજ્ઞાનિકો પણ સ્વીકારે છે. જીવવિજ્ઞાન એરિસ્ટોટલનો મુખ્ય વિષય હતો. આ ઉપરાંત તેમણે તર્કશાસ્ત્ર,  રાજકારણ, ભૌતિકશાસ્ત્ર અને કાવ્યશાત્ર વગેરેમાં મહત્વનો ફાળો આપ્યો છે. એક વિદ્વાને એરિસ્ટોટલને ફરતી યુનિવર્સિટી કહી બિરદાવ્યા છે. યુરોપના ઈતિહાસમાં જ્ઞાનની દરેક શાખામાં એરિસ્ટોટલનો મત સ્વીકાર્ય ગણાય છે.*

*ગ્રીસમાં સોક્રેટીસ, પ્લેટો અને એરિસ્ટોટલ ઉપરાંત બીજા કેટલાક નોંધપાત્ર તત્વજ્ઞાનીઓ થઈ ગયા. આ તત્વજ્ઞાનીઓમાં એપિક્યુરસ મુખ્ય હતો. તેમણે એથેન્સમાં શિક્ષણ લીધું હતું. તેઓ ત્યાંના બગીચાઓમાં પોતાનો ઉપદેશ આપતા હતાં. તેમણે નાસ્તિક અને ભૌતિકવાદી વિચારસરણી સમજાવી હતી. રાજ્ય મનુષ્ય માટે છે એમ તેઓ સ્પષ્ટ રૂપે માનતા. મૃત્યુ પછી આત્માના અસ્તિત્વ પર શંકા પ્રકટ કરી. તેમના મત મુજબ આત્માને ચિંતામુક્ત અને સંતુષ્ટ રાખવા પ્રમાણસર  અને આનંદમય સુખ વૈભવ ભોગવવા જોઈએ.*

*શાણપણ અને ડહાપણવાળું જીવન દરેકે જીવવું જોઈએ. તેના આ ઉપદેશને સમાજે મોજશોખ માટેના અનુમોદન તરીકે ઓળખાવ્યો. તેમના નામ પરથી તેમનો આ મત 'એપિક્યુરીયનવાદ'ના નામે ઓળખાય છે.*

*એપિક્યુરસના વિચારો ભૌતિકવાદી અને વ્યાવહારિક હતા. તેમના મત મુજબ ધર્મ માનવીને દેવતાઓનો ભય બતાવી દુઃખી કરે છે. ધર્મનું પાલન કરવાથી પણ મૃત્યુ અટકાવી શકાતું ન હોય તો એવા ધર્મથી શું? ધર્મના બંધનો નકામાં છે. ધર્મના નામે વર્તમાન જીવનને દુઃખી ન કરવું જોઈએ. તેમનો સિદ્ધાંત ભારતના ચિંતક ચાર્વાકના સિદ્ધાંતને મળતો આવે છે. તેમની વિચારસરણીએ ગ્રીસના સમાજજીવનમાં નોંધપાત્ર ફેરફારો કર્યા હતા. એક પ્રકારે તેમનું દર્શન માનવકેન્દ્રી હતું.*

*ઝીનો* (Zeno) *નામના ચિંતકે વિરક્તવાદની વિચારસરણી ગ્રીસના સમાજને આપી હતી. એથેન્સમાં સ્ટોબા નામના સ્થળે બેસીને તે ઉપદેશ કરતો તેથી તેના અનુયાયીઓ સ્ટોઈક્સ કહેવાયા. તેની વિચારસરણી 'સ્ટોઈસીઝમ' તરીકે ઓળખાય છે. તેણે પોતાની વિચારસરણીમાં સદ્‌ગુણ અને દુર્ગુણનો ભેદ સમજાવ્યો. શુભ અને નૈતિક કાર્યોને તેણે સદગુણી કાર્યો તરીકે ઓળખાવ્યા. જયારે અશુભ કાર્યો અને બુરાં કાર્યોને દુર્ગુણ કહીને નિંદા કરી હતી. તેણે સદગુણ કેળવી જીવનમાં સુખદુઃખને સરખા ગણવા વિરક્તવાદનો ઉપદેશ આપ્યો હતો. તેના આ વિરક્તવાદે રોમન અને ખ્રિસ્તી વિચારસરણીમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.*

## 8.10 વિજ્ઞાનના ક્ષેત્રે ગ્રીસનું પ્રદાન :

*ગ્રીસની સંસ્કૃતિએ તત્વજ્ઞાનની જેમ વિજ્ઞાનના ક્ષેત્રમાં મહત્વનું અને ગણનાપાત્ર પ્રદાન કર્યું છે. ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને વૈદકશાસ્ત્રમાં તેણે અવનવાં સંશોધન કરી જગતને અમૂલ્ય ભેટ ધરી છે. વિજ્ઞાનની આ શાખાઓને સમૃદ્ધ કરવામાં ગ્રીક લોકોએ મહત્વનો ભાગ ભજવ્યો છે.*

**ગણિત :**

*ગ્રીસના મહાન તત્વજ્ઞાની પ્લેટો અને એરિસ્ટોટલે તેમના લેખનમાં કેટલીક જગ્યાએ ગણિતશાસ્ત્રની વિશિષ્ટ પદ્ધતિઓ બતાવી છે જે નોંધપાત્ર છે. ગણિતશાસ્ત્રમાં આર્કિમિડીઝ, એલેકઝાન્ડ્રિયાની હેરોન અને પાયથાગોરસનો ફાળો અમૂલ્ય છે. પાયથાગોરસનું પ્રમેય તો આજે પણ જગવિખ્યાત છે. પૃથ્વીને પોતાની ગતિ છે એ વાત તેમના શિષ્યોએ શોધી કાઢી હતી. થેઈલ્સ નામના વિજ્ઞાનીએ ગણિતશાસ્ત્રમાં નોંધનીય પ્રદાન કર્યું હતું. ગ્રીક પ્રજા સાગરખેડૂ હોવાથી ગણિતની સાથે તેણે ખગોળ વિદ્યાનો સારો વિકાસ કર્યો હતો. આમ, ગણિતના ક્ષેત્રમાં ગ્રીસનું યોગદાન મહત્વપૂર્ણ છે.*

**ભૂમિતિ :**

*ભૂમિતિના ક્ષેત્રમાં ગ્રીકોએ વિવિધ પ્રકારની પદ્ધતિઓ શોધી કાઢી. જેમકે વર્તુળની આસપાસ સમચોરસ દોરવાની. કોઈપણ ત્રિકોણના ત્રણ ભાગ કરવાની અને ઘન (cube)ને બેવડાવવાની પદ્ધતિઓ શોધી કાઢી. આ ક્ષેત્રમાં હિપ્પિયાસ, હિપ્પોક્રેટિસ, આર્કિટસ, થિયોડોરસ, પાયથા મહત્વપૂર્ણ યોગદાન છે. પૃથ્વીનું માપ સૌ પ્રથમ ગ્રીક લોકોએ શોધ્યું હતું. આર્કિમિડિસના સમયમાં ગ્રીક ભૂમિતિ વિદ્યા તેની ચરમ સીમાએ પહોંચી હતી. યુરોપમાં આજે જે ભૂમિતિનું જ્ઞાન છે તેના મૂળમાં ગ્રીક ભૂમિતિ રહેલી છે એ સત્યનો સ્વીકાર કરવો પડે.*

**ખગોળવિદ્યા :**

*ગ્રીક પ્રજા સાગરખેડૂ હોવાથી ખગોળશાસ્ત્રમાં નોંધપાત્ર પ્રગતિ સાધી હતી. તેમણે આ વિદ્યા ઈજિપ્ત અને બેબિલોન પાસેથી મેળવી હતી. ગ્રીક ખગોળવિદ્યાની શરૂઆત થેઈલ્સથી થયેલી ગણાય છે. એણે ઈજિપ્તનો પ્રવાસ ખેડીને ભૂમિતિનો અભ્યાસ કર્યો હતો. તેણે આકાશીગ્રહોનું અવલોકન કરીને ગ્રહણની સાચી આગાહી કરવા માંડી હતી. અત્યાર સુધી એમ મનાતું હતું કે કોઈ દેવના ગુસ્સાને કારણે ગ્રહણ થાય છે આ વાતનું થેઈલ્સે ખંડન કર્યું હતું. તેણે સહુ પ્રથમવાર જાહેર કર્યું કે આકાશી તત્વોનું પરિભ્રમણ કેટલાક નિશ્ચિત નિયમોને આધારે થાય છે. ધાર્મિક માન્યતા સામે વિજ્ઞાનનો આ પ્રથમ પ્રકાશ હતો. ત્રિકોણના ત્રણ ખૂણાનો સરવાળો બે કાટખૂણા થાય છે એવું જાહેર કરનાર પાયથાગોરસ નામના વિદ્વાને સૌપ્રથમ જાહેર કર્યું કે પૃથ્વી ગોળ છે. પૃથ્વીના પરિભ્રમણનો માર્ગ ઉલટો છે. હિપ્પાકર્સ નામના ખગોળશાસ્ત્રીએ ચંદ્રમાસનું માપ 29 દિવસ 12 કલાક અને અઢી સેકંડ હતું જેટલું શોધી કાઢી ખગોળશાસ્ત્રમાં મહત્વની સિદ્ધિ પ્રાપ્ત કરી. સૂર્ય, ચંદ્રના કદ વિશે તેણે ચોક્કસ અંદાજ રજૂ કર્યા. અવલોકન માટેના સાધનોમાં ઘણા સુધારા કર્યા. ટોલેમીએ વર્તુળમાં રેખા વિશેનું કોષ્ટક બનાવ્યું. ખગોળવિદ્યામાં આર્કિમિડિસ ઘણો જ જાણીતો હતો. તેનો સિદ્ધાંત કેવળ ગ્રીસમાં જ નહિ પણ સમગ્ર જગતમાં ખ્યાતિ પામ્યો છે. તે કહેતો કે 'મને ઊભા રહેવાની જગા આપો તો હું પૃથ્વીને ગતિમાન બનાવીશ.' આમ, ખગોળશાસ્ત્રના ક્ષેત્રમાં ગ્રીકોએ નોંધપાત્ર પ્રદાન કર્યું હતું.*

**પ્રકૃતિ વિજ્ઞાન :**

*પ્રકૃતિ વિજ્ઞાન ક્ષેત્રમાં ગ્રીસનું નોંધનીય પ્રદાન રહેલું છે. પ્રકૃતિ વિજ્ઞાનમાં એરિસ્ટોટલે નોંધપાત્ર ફાળો આપ્યો છે. તેણે દરિયાઈ પ્રાણીઓ અને નાના જંતુઓનો અભ્યાસ કરીને તેમના ગુણો અને જીવન અંગેનું વર્ગીકરણ કર્યું. તેના શિષ્યોએ પણ વનસ્પતિશાસ્ત્ર અને જીવવિજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યો હતો. ઉપલબ્ધ ધાતુના અને માટીના વાસણો ઉપર પ્રાણીઓના અને વનસ્પતિઓનાં જે આલેખનો જોવા મળે છે તેના ઉપરથી ગ્રીક પ્રજાનો*

*પ્રકૃતિપ્રેમનો ખ્યાલ આવે છે. એરિસ્ટોટલના સમકાલીન સ્પેસીપ્સે પ્રકૃતિશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કરી માછલીઓના વિવિધ પ્રકારો શોધી કાઢ્યા હતા.*

**ઔષધ વિજ્ઞાન :**

*ઔષધ વિજ્ઞાન ક્ષેત્રમાં પણ ગ્રીક લોકોનો ફાળો રહેલો છે. એરિસ્ટોટલના શિષ્ય મીનોને આ ક્ષેત્રમાં વિશેષ પ્રગતિ સાધી હતી. ઈ.સ. પૂ. 500માં એમ્પીડોકિલ્સે જાહેર કર્યું હતું કે મનુષ્યના શરીરની ગરમીનું સ્થાન લોહીમાં છે. શ્વાસનળીઓ ઉપરાંત ચામડીનાં છિદ્રો દ્વારા શ્વાસ લઈ શકાય છે. એલામિયોને પશુઓમાં શરીરનું વાઢકાપ કરીને ધોરી નસો અને નળીઓનો અભ્યાસ કર્યો હતો. હિપ્પોક્રેટિસને ''ગ્રીસ ઔષધવિજ્ઞાનના પિતા'' તરીકે ઓળખવામાં આવે છે. તેનો ગ્રંથ વૈદકની દુનિયામાં અત્યંત પ્રસિદ્ધિ પામ્યો છે. ''હિપ્પોક્રેટિસ કોર્પસ' તરીકે ઓળખાતા આ ગ્રંથમાં શરીરને લગતી ઘણી વિસ્તૃત માહિતી આપવામાં આવેલ છે. આજની જેમ પ્રાચીન ગ્રીસમાં ઔષધવિદ્યાનો ધંધો પ્રતિષ્ઠિત મનાતો. વાઢકાપના ક્ષેત્રમાં ગ્રીકોએ નોંધપાત્ર પ્રગતિ સાધી હતી. સમગ્ર યુરોપની પ્રજાને શરીરવિજ્ઞાનની સૂઝ ગ્રીસે આપી એવું માનવામાં આવે છે.*

## 8.11 આર્થિક ક્ષેત્રે ગ્રીસનું પ્રદાન

*પ્રાચીન ગ્રીસમાં ખેતી અને પશુપાલન વ્યવસાય પ્રચલિત હતો. આમ છતાં, દરિયાઈ ચાંચીયાગીરી એ ગ્રીક પ્રજાનો સામાન્ય ધંધો હતો. ગ્રીસને વિશાળ સાગર કિનારો પ્રાપ્ત થયો હતો. તેથી એથેન્સનો વેપાર ખૂબ વિકસ્યો હતો અને ધનિકોએ પુષ્કળ દોલત પ્રાપ્ત કરી હતી. તેઓ પોતાની દોલતના પ્રતાપે ગુલામો ખરીદતા અને વિશાળ મકાનો બંધાવતા. અતિશય ધન સમૃદ્ધિને લીધે ગ્રીસમાં વર્ગવિગ્રહ શરૂ થયો. મોંઘવારી વધી, જીવન ખર્ચ વધ્યું, ઘણા અપરણિત જીવન ગાળવા પ્રેરાયા, સંતતિ નિયમનનું પ્રમાણ વધ્યું. કેટલાક બેકારી વધતાં વતન છોડીને વિદેશ વસવા લાગ્યા. સમાજમાં અમીર અને ગરીબના ભેદ ઘણા જ તીવ્ર બન્યા.*

*આર્થિક અસમાનતા વધતાં રાજ્યે ઉદ્યોગોના રાષ્ટ્રીયરણનો માર્ગ અપનાવ્યો હતો. માટીકામ, મીઠું, કાપડવણાટ વગેરે ઉદ્યોગો પર રાજ્યનો અંકુશ વધ્યો. આના પરિણામે રાજ્ય અને નગરોમાં વર્ગભેદ ઉગ્ર બન્યા. ધીરે ધીરે ઉદ્યોગો નબળા પડવા લાગ્યા. તેમ છતાં લોકોની વિલાસીતા દૂર ન થઈ. આમ, ગ્રીસનું આર્થિક જીવન સમૃદ્ધ હોવા છતાં સામાજિક અને આર્થિક સમસ્યાઓ પણ સર્જાઈ હતી.*

## 8.12 રાજકીય ક્ષેત્રે ગ્રીસનું પ્રદાન

*રાજકીય ક્ષેત્રમાં ગ્રીસનું પ્રદાન નોંધપાત્ર છે. રાજનીતિના ક્ષેત્રમાં ગ્રીસે જે વિચારો આપ્યા તે નોંધનીય છે. પ્લેટો અને એરિસ્ટોટલ જેવા ચિંતકોના પ્રતાપે ગ્રીસમાં લોકશાહીનો ઉદય થવા થયો હતો. સમાજ અને રાજ્ય વચ્ચેની ભેદરેખા ભૂંસાવા લાગી હતી. સમાજ વડે રાજ્ય અને રાજ્ય વડે સમાજ એ ભાવના વિકાસ પામી. નાના નગરરાજ્યોમાંથી વિશાળ રાજ્યની રચના થતાં રાજ્ય અને સરકાર વચ્ચેનો તફાવત ગ્રીકો સમજવા લાગ્યા હતા. ધીરે ધીરે પ્રજાજીવનમાં લોકશાહીતંત્ર એકરૂપ બની ગયું. રાજ્યે માનવીની સ્વાતંત્રતાનું રક્ષણ કર્યું, પણ તેને વિલાસી બનતાં અટકાવી ન શક્યું એ પણ કરુણતા હતી. ડ્રેકોનના કાયદાને ધીરે ધીરે વ્યવહારું બનાવીને ન્યાયતંત્રને વ્યવસ્થિત કર્યું. એરિસ્ટોટલે રાજ્ય બંધારણનો સંપૂર્ણ અભ્યાસ કરીને રાજાશાહી, ઉમરાવશાહી, સરમુખત્યારશાહી, લોકશાહી વગેરેનું સાચું સ્વરૂપ પ્રજાને સમજાવ્યું. તેણે આદર્શ રાજ્યની કલ્પના વહેતી મૂકી. આમ, રાજનૈતિક ક્ષેત્રમાં ગ્રીસનું પ્રદાન નોંધપાત્ર હતું.*

**સામાજિક ક્ષેત્રે :**

*ગ્રીસના સમાજમાં વર્ગભેદ સ્પષ્ટ વરતાતો હતો. ગ્રીસના સમાજમાં અમીર વર્ગ, મધ્યમ વર્ગ અને ખેડૂત વર્ગ એમ ત્રણ વર્ગો અસ્તિત્વમાં આવ્યા હતા. ગુલામીની પ્રથાનો વિકાસ થતાં ગુલામો તરફનું ગ્રીસ નાગરિકોનું વર્તન ત્રાસમય બન્યું હતું.*

*ગ્રીસના સમાજમાં ઉત્સવો ઉજવાતા, વૃંદગાનના રિવાજમાંથી ગ્રીસ સંગીતનો ઉદય થયો. સમાજમાં ભક્તિનું મહત્વ વધ્યું. સમૂહભોજન અને બાળઉછેર કેન્દ્રોની પ્રવૃત્તિએ વેગ પકડયો હતો. ઉપલબ્ધ માટીકામના નમૂનાઓ ઉપરથી વાદ્ય વગાડતાં નરનારીઓનું દર્શન થાય છે. નાટક એ સમાજમાં મનોરંજન માટે એક અગત્યનું સાધન મનાતું. સમાજમાં કરુણાન્ત અને હાસ્યપ્રધાન નાટકો ભજવાતાં હતા.*

*લોકો વિલાસી જીવન ગાળતા, નીતિનાં ધોરણો ધીરે ધીરે નીચે ગયાં હતાં. ગ્રીસમાં ઓલિમ્પિક રમતોનું મહત્વ વિશેષ હતું. આ ઓલિમ્પિક ઉત્સવ દર ચાર વર્ષે યોજાતો. આ વખતે દરેક નગરરાજ્યો પોતાના આંતરિક વિખવાદ ભૂલીને હોંશથી તેમાં ભાગ લેતા. દુશ્મન નગરરાજ્યના વિજેતાને પરાજિતો અભિનંદન આપતા. રમતમાં ભાગ લેનાર દરેક રમતવીર રમતની શરૂઆત કરતાં પહેલાં 'એપોલો'ને વંદન કરતો. ઘણીવાર રમતમાં વિજેતા બનનાર યુવક રાજ્યમાં મહત્વનું સ્થાન પામતો.*

*ગ્રીસમાં સમાજના લોકો રાજ્યવહીવટમાં ભાગ લઈ શકતા. નાગરિકો ધીરે ધીરે સ્વતંત્ર બનતા જતા હતા. તેઓને કાયદાને આધીન રહી જીવન જીવવું પડતું. અહીં લશ્કરી તાલીમને મહત્વ આપવામાં આવતું. સ્ત્રીઓને પણ કેટલીકવાર લશ્કરી તાલીમ લેવી પડતી હતી. તેની પાછળનો આશય એ હતો કે તે સશક્ત અને ખડતલ બાળકને જન્મ આપે. સામાન્ય રીતે અહીં સ્ત્રીઓ લગભગ વીસમા વર્ષે લગ્ન કરતી. લગ્નજીવન દરમિયાન*

તે પતિના સહવાસમાં બહુ ઓછી રહેતી. તેમ છતાં સમાજમાં સ્ત્રીના ચારિત્ર્ય વિશેના ખ્યાલ બહુ ઊંચા હતા. સમાજમાં તે મુક્ત રીતે હરીફરી શકતી.

## 8.13 કલાક્ષેત્રે ગ્રીસનું પ્રદાન

ગ્રીક સંસ્કૃતિમાં સૌંદર્યનું મહત્વનું સ્થાન હતું. તેથી તેઓ વાસ્તવવાદી બન્યા. તેમણે જીવનના દરેક ક્ષેત્રને સુંદર અને રસમય બનાવવા પ્રયત્નો કર્યા. તેમની કલાપ્રિયતા તેમનાં સ્થાપત્યો, શિલ્પો, ચિત્રો વગેરેમાં નજરે પડે છે.

**સ્થાપત્ય ક્ષેત્રે ગ્રીસનું પ્રદાન :**

ગ્રીસની સભ્યતામાં સ્થાપત્યોનું સવિશેષ સ્થાન છે. અહીં ભવ્ય સ્થાપત્યો સર્જાયાં હતાં. સ્થાપત્યના ક્ષેત્રે ડોરિક આયોનિક જેવી શૈલીઓ પ્રચલિત હતી. વિજયી એથેનાનું મંદિર આયોનિક શૈલીનો ઉત્તમ નમૂનો મનાતું, જ્યારે પાર્થેનોનનું મંદિર ડોરિક શૈલીનો ઉત્તમ નમૂનો મનાતું. પેરિક્લિસના સમયમાં ગ્રીસન સ્થાપત્યકલાનો નોંધપાત્ર વિકાસ થયો. ગ્રીસનાં નાના-મોટાં નગરરાજ્યોમાં અનેક દેવદેવીઓનાં ભવ્ય મંદિર બંધાયાં હતાં.

**શિલ્પ ક્ષેત્રે ગ્રીસનું પ્રદાન :**

ગ્રીસની સભ્યતામાં સ્થાપત્યકલાની સાથે સાથે શિલ્પકલાનો વિકાસ પણ નોંધપાત્ર રીતે થયો હતો. ફિડિયાસ નામના શિલ્પીએ ઉત્તમ શિલ્પોનુ સર્જન કર્યું હતું. તેણે દેવદેવીઓને સામાન્ય માનવી જેવા સુંદર રીતે આલેખ્યા હતા. અહીંના સૈનિકોનાં શિલ્પો ઘણાં જ નોંધપાત્ર છે. ગ્રીક સૈનિકના દેહ આબેહૂબ આલેખવામાં આવ્યા છે. ગ્રીસના શિલ્પને ચિત્રકારોએ અદભૂત રીતે વિકસાવ્યું હતું. ગ્રીસના શિલ્પો ગ્રીકોની કલા સાધનાના ઉત્તમ પ્રતીક છે. તેમાં સાદાઈ, સમતુલા, સાહજિકતા, આદર્શ વગેરે નજરે પડે છે.

**ચિત્ર-સંગીત ક્ષેત્રે ગ્રીસનું પ્રદાન :**

ગ્રીસની ચિત્રકલામાં વિષય વૈવિધ્યય ઓછી જોવા મળતી હતી. તેમાં ગૃહજીવન, યુદ્ધ પશુપંખીઓ અને વનસ્પતિઓને સ્થાન આપવામાં આવતું. અહીં પથ્થર, હાથીદાંત કાપડ અને લાકડાં ઉપર ચિત્રો દોરવામાં આવતા. ચિત્રોમાં તૈલી રંગનો અભાવ હતો. રંગ બનાવવા માટે મધ, મીણ, ઈંડાનો સફેદ ચીકણો પદાર્થ વગેરેનો ઉપયોગ થતો. એથેન્સના એપોલોડોરસ નામના ચિત્રકારે ચિત્રમાં પ્રકાશ અને છાયાની પદ્ધતિ શોધી કાઢી. પ્રકાશ બતાવવા ઝાંખા રંગનો ઉપયોગ કરવામાં આવતો. ગ્રીસના ચિત્રકારોએ છાયા, પ્રકાશ અને રંગ વચ્ચે જાળવેલી સમતુલા ચિત્રોને ભવ્યતા અને વાસ્તવિક્તા અર્પે છે.

*ગ્રીસની સંસ્કૃતિમાં ચિત્રની સાથે સંગીતકલાનો વિકાસ થયો હતો. સંગીતમાં ભક્તિના તત્વને સ્થાન આપવામાં આવ્યું હતું. ઉત્સવોમાં સમૂહ ગાનવાદન થતું. લોકો વિવિધ વાદ્યોનો ઉપયોગ કરતા. રાજ્યમાં ઠેર ઠેર સંગીતની સ્પર્ધાઓ યોજવામાં આવતી હતી. ઉત્સવ વખતે સ્ત્રીઓ મુક્ત રીતે ગીતો ગાતી. એથેન્સમાં નાટ્યગૃહની જોડે જ સંગીતખંડ હતો. આમ, ગ્રીસમાં સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર અને સંગીત કલાનો વ્યાપક રીતે વિકાસ થયો હતો.*

**સમાપન :**

*આમ, ગ્રીસની સંસ્કૃતિ વિશ્વની એક પ્રાચીનતમ અને સમૃદ્ધ સંસ્કૃતિ હતી. વિશ્વને અનેક ક્ષેત્રોમાં ગ્રીસનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. સાહિત્ય, સ્થાપત્ય, તત્વચિંતન, લોકશાહીના પ્રયોગો, વિજ્ઞાનક્ષેત્રની સિદ્ધિઓ જગતને ગ્રીસની ભવ્યતાનો ખ્યાલ આપે છે. તેમાં ભવ્ય આદર્શો છે. જીવન જીવવાની દૃષ્ટિ છે. તે સાથે તેના દોષો પણ છે. તેનું ગાંડપણ, નિર્દય યુદ્ધો, ગુલામીની જડ પ્રથા, નૈતિક મૂલ્યોનું અધઃપતન, સ્ત્રીઓની ગુલામી વગેરે ગ્રીક પ્રજાનાં નબળાં પાસાં છે. આમ છતાં સોક્રેટીસ, પ્લેટો, એરિસ્ટોટલ, હોમર, પિંડાર, પેરિક્લિસ જેવા અનેક વિદ્વાનોએ તેને ગૌરવવંતી બનાવી છે. આમ, ગ્રીક સંસ્કૃતિમાં અનેક દોષ હોવા છતાં તેણે સમગ્ર જગતને લોકશાહીનો જે ભવ્ય વારસો આપ્યો છે તે બદલ જગત તેનું સદાય ઋણી રહેશે. ગ્રીસની સંસ્કૃતિ સમગ્ર માનવજાત માટે પ્રેરણારૂપ બનેલ છે.*

## 8.14 તમારી પ્રગતિ ચકાસો

**નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારથી તૈયાર કરોઃ**

(1) *ગ્રીસની રાજકીય અને સામાજિક ક્ષેત્રની સિદ્ધિઓ આલેખો.*

__________________________________________________________________________________

(2) *ગ્રીસના રાજકીય અને આર્થિક જીવનનો ખ્યાલ આપો.*

(3) *ગ્રીસ સંસ્કૃતિના ધાર્મિક જીવન વિષે સમજાવો.*

(4) *ગ્રીસ સંસ્કૃતિના ધર્મ અને તત્વજ્ઞાન વિષે ચર્ચા કરો.*

(5) *ગ્રીસમાં હોમર યુગ અને સિકંદર યુગ વિષે ચર્ચા કરો.*

(6) *ગ્રીસ સંસ્કૃતિના સાહિત્ય વિષે નોંધ લખો.*

(7) *ગ્રીસ સંસ્કૃતિના કળા અને સ્થાપત્યની વિષે માહિતી આપો.*

## 8.15 ચાવીરૂપ શબ્દો

**ઈલિયડ અને ઓડીસી** *ગ્રીસના બે મહાકાવ્યો જેની રચના હોમરે કરી હતી.*

**ટ્રોય** *ગ્રીસનું પ્રાચીન એક નગર.*

**ડ્રેકોનિયન કાયદા** *સરમુખત્યાર ડ્રેકોને આ કાયદા બનાવ્યા હતા. આ કાયદાઓ કડક હતા.*

**સોફીસ્ટો** *ગ્રીસમાં તત્વચિંતનનિ શરૂઆત કરનાર આ સોફીસ્ટો હતા. તેઓ વ્યક્તિ અને તેની ફરજોની ચર્ચા કરતાં.*

**ઓલિમ્પિયા** *જ્યાં રમતો રમાતી તે સ્થળ.*

**'એપોલો'** *સૌદર્ય અને કલાનો દેવ.*

**નીચેનામાંથી કયા વિધાનો સાચા છે અને કયા ખોટા છે તે દર્શાવોઃ**

(1) *ઈલિયડ અને ઓડીસી મહાકાવ્યોની રચના હોમરે કરી હતી.*

(2) *ઈતિહાસના પિતા હિરોદોડસને કહેવામાં આવે છે.*

(3) *થ્યુસિડાઈડીસ સંગીતકાર હતા.*

(4) *'આદર્શ નગર'ની રચના પ્લેટોએ કરી હતી.*

(5) *'ધી રીપબ્લીક'ના લેખક સોક્રેટિસ હતા.*

(6) *આર્કિમીડિઝ ગણિતજ્ઞ હતા.*

(7) *પાયથાગોરસે વિશ્વને પ્રમેય ભેટ કર્યો હતો.*

(8) *પ્રકૃતિ વિજ્ઞાનના ક્ષેત્રમાં એરિસ્ટોટલનું પ્રદાન નથી.*

**સાચા જવાબઃ**

(1) *સાચું* (2) *સાચું* (3) *ખોટું* (4) *સાચું* (5) *ખોટું*

(6) *સાચું* (7) *સાચું* (8) *ખોટું*

## 8.16 સંદર્ભ

- *નેહરૂ, જવાહર, જગતના ઈતિહાસનું રેખાદર્શન*
- *આચાર્ય, નવીનચંદ્ર, પરમાર, થોમસ, જગતની અગ્રગણ્ય સભ્યતાઓ*
- *પટેલ, જશુભાઈ, જગતના ઈતિહાસની રૂપરેખા*
- *વિજયકર, બીજવાડીઆ ઈલા, મિસર અને પશ્ચિમ એશિયાની પ્રાચીન સંસ્કૃતિઓ*

| એકમ : 9 | સિંધુ ખીણની સંસ્કૃતિ |
| --- | --- |

**:: રૂપરેખા ::**


- **સિંધુખીણની સંસ્કૃતિ**

**9.0 ઉદ્દેશ્યો**

**9.1 પ્રસ્તાવના**

**9.2 વિસ્તાર અને સમય**

**9.3.1 નગરઆયોજન**

**9.3.2 રસ્તાઓ અને શેરીઓ**

- **સિંધુ ખીણ સંસ્કૃતિનું સામાજિક જીવન**

**9.4 પ્રસ્તાવના**

**9.5 સામાજિક વર્ગો**

**9.6 સિંધુ ખીણ સંસ્કૃતિનું આર્થિક જીવન**

**9.7 ધાર્મિક જીવન :**

**9.8 તમારી પ્રગતિ ચકાસો**

**9,9 ચાવીરૂપ શબ્દો**

**9.10 સંદર્ભ**


- **સિંધુખીણની સંસ્કૃતિ**

*"એક જમાનો એવો હતો જ્યારે જગતના ઈતિહાસમાં ભારતનું પ્રકરણ માત્ર બુદ્ધ-મહાવીરના સમયથી શરૂ થતું, પરંતુ હડપ્પા અને મોહેં-જો-દડોનાં ખંડેરોના ખોદકામ પછી, ભારતની એક એવી સમૃદ્ધ પુરાતન સંસ્કૃતિનો પત્તો લાગ્યો છે કે હવે એની ગણના જગતની આદ્ય-ઐતિહાસિક સંસ્કૃતિઓમાં થાય છે. ભારતની પ્રાચીન સંસ્કૃતિનાં ઈતિહાસમાંયે એક ગરવી પુરાતન સંસ્કૃતિનું પ્રકરણ ઉમેરાયું છે."*

*- હરિપ્રસાદ શાસ્ત્રી*

*"સંસારના ઈતિહાસમાં સર્વપ્રથમ આપણે ઈતિહાસના એક એવા અધ્યાયમાં પહોંચીએ છીએ, જ્યાં રાજાઓ અને વિજેતાઓ તથા સામ્રાજ્યો અને સેનાઓનો કોઈ ઉલ્લેખ*

*નથી, પરંતુ સામાન્ય જનતા, તેનો સ્વભાવ, તેના રીતરિવાજ, કલા અને ધર્મના વિષયમાં ઘણી માહિતી પ્રાપ્ત થાય છે."*

*"કદાચ દેહશૃંગારમાં, મોહેં-જો-દડોની સ્રીઓ તેમની આજની બહેનો કરતાં જરાયે પાછળ નહોતી."*

*- ડૉ. આર.સી. મજુમદાર*

## 9.0 ઉદ્દેશ્યો

*આ એકમ વાંચ્યા પછી તમેઃ*

- *સંસ્કૃતિ એટલે શું તે સમજી શકશો.*
- *નગરઆયોજનની વિભાવના સમજી શકશો.*
- *પુરાતત્વની ઈતિહાસમાં શું ભૂમિકા હોય છે તે જાણી શકશો.*
- *એ સમયનું નગરઆયોજન અને વર્તમાન નગરઆયોજનનો તફાવત સમજી શકાશે.*
- *ગટર વ્યવસ્થાની અજોડતા વિષે સમજી શકશો.*
- *આરોગ્ય અને સ્વચ્છતાનો ખ્યાલ સમજી શકશો.*

## 9.1 પ્રસ્તાવના

*ભારતની સુપ્રસિદ્ધ સિંધુ સભ્યતા વિશ્વની અનુપમ અને અજોડ સભ્યતાઓમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. સિંધુ સભ્યતાની ખોજે ભારતના ભવ્ય ઈતિહાસ અને વિરાસતને ઉજાગર કરી દીધી હતી. ઈ. સ. 1921-22ના વર્ષમાં ભારતમાં એક ક્રાંતિકારી ઐતિહાસિક શોધ થઈ, જેણે ભારતના પ્રાચીન ઈતિહાસને ત્રણ હજાર વર્ષ પાછો ઠેલ્યો. સર જોન માર્શલ, ડૉ. રખાલદાસ બેનરજી, ડૉ. દયારામ શાહની, ડૉ. મેકે તથા શ્રી. દીક્ષિત જેવા પુરાતત્વવિદોએ પંજાબના મોન્ટગોમરી જિલ્લામાં આવેલ હડપ્પા અને સિંધના લારખાના જિલ્લામાં આવેલ મોહેં-જો-દડો નામનાં બે નગરોનું ખોદકામ કર્યું. ડો. રખાલદાસ બેનરજી નામના પુરાતત્વવિદ સિંધના એક વેરાન પ્રદેશમાં પુરાતન બૌદ્ધ સ્તૂપના સંશોધન અર્થે ખોદકામ કરી રહ્યા હતા ત્યારે સિંધુ ખીણની સંસ્કૃતિ પ્રકાશમાં આવી અને આ પ્રકારે તેમણે ડો. રખાલદાસ બેનરજીએ મોહેં-જો-દડોની શોધ કરી. આ સંસ્કૃતિના એક મહત્વનાં કેન્દ્ર હડપ્પાનું જ્ઞાન તો પુરાતત્વવિદોને ઈ.સ. 1826થી હતું પરંતુ ઈ.સ. 1856માં પંજાબમાં રેલવે લાઈન નાંખતી વખતે તેના ખોદકામ દરમિયાન જનરલ કનિંગહામે હડપ્પાના ખંડેરો સૌ પ્રથમ શોધી કાઢયા હતા. આ શોધથી વિશ્વની અતિ પ્રાચીન ગણાતી મિસર, સુમેર, બેબિલોન જેવી પ્રાચીનતમ સંસ્કૃતિઓમાં સિંધુ ખીણની સંસ્કૃતિને મહત્વનું અને ગૌરવશાળી સ્થાન મળ્યું.*

*અહીં ખોદકામ દરમિયાન પ્રાપ્ત થયેલાં અવશેષોથી એ પ્રતિપાદિત થયું કે ભારતીય સંસ્કૃતિ અતિ પ્રાચીન છે અને આ સાથે તેની પ્રાચીનતા અને ભવ્યતા પણ વિશ્વ સમક્ષ છતા થયાં. આ ઐતિહાસિક શોધે એ સાબિત કર્યું કે સિંધુ નદીના ખીણપ્રદેશમાં ભારતની સૌપ્રથમ સંસ્કૃતિનાં મંડાણ થયાં હતાં.*

## 9.2 વિસ્તાર અને સમય

*સિંધુ સભ્યતાના પુરાતન અવશેષો ભારતના મોટા ભાગના પ્રદેશોમાંથી પ્રાપ્ત થયાં છે. પરંતુ આ સંસ્કૃતિના મહત્ત્વનાં કેન્દ્રસ્થાનો સિંધુ નદી અને તેની શાખાઓના જ પ્રદેશોમાંથી મળી આવ્યાં છે, તેથી તેને 'સિંધુખીણની સંસ્કૃતિ' તરીકે ઓળખવામાં આવે છે. સિંધુ ખીણ સંસ્કૃતિના મુખ્ય નગરો હડપ્પા અને મોહેં-જો-દડો છે, જે આજે પાકિસ્તાનમાં છે. આ સભ્યતાના મહત્ત્વનાં અવશેષો હડપ્પા અને મોહેં-જો-દડોમાંથી થયાં હોય આ સંસ્કૃતિને 'હડપ્પા અને મોહેં-જો-દડો સંસ્કૃતિ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સંસ્કૃતિનો વ્યાપ અને વિસ્તાર અત્યધિક હતો. હડપ્પા અને મોહેં-જો-દડો ઉપરાંત બલુચિસ્તાન, પૂર્વ પંજાબ, રાજસ્થાન અને ગંગાના તટપ્રદેશ તથા મહારાષ્ટ્રમાં દૈમાબાદ સુધી આ સંસ્કૃતિનો વિસ્તાર થયો હતો. સૌરાષ્ટ્રમાં રંગપુર, ગોંડલ પાસે રોઝડી, લોથલ તથા ધોળકા અને કચ્છમાં ધોળાવીરા સુધી આ સંસ્કૃતિ વિસ્તરેલી હતી.*

*સિંધુખીણ સંસ્કૃતિની લિપિ ભવ્ય ઈતિહાસ અને પુરાતન વિરાસતને લઈને બેઠી છે. પણ આ લિપિ હજુ સુધી ઉકેલી શકાઈ નથી. જ્યારે તે પૂર્ણપણે ઉકેલાશે ત્યારે સિંધુ સભ્યતાનો જે ભવ્ય ઈતિહાસ છે તેનાં વધુ ઉજ્જ્વળ પાંસાઓ આપણી સમક્ષ ઉજાગર થશે. આ સંસ્કૃતિના કાળ વિષે ભિન્ન ભિન્ન મતો પ્રવર્તમાન છે. આ સંસ્કૃતિના સમય વિશે વિદ્વાનોમાં મતભેદો પ્રવર્તે છે. ડૉ. આર. કે. મુકરજી તેનો સમય ઈ.સ.પૂ. 3250થી ઈ.સ. 2750નો જણાવે છે. વ્હીલરના મતે આ સંસ્કૃતિનો ઉદભવ અને વિકાસ ઈ.સ.પૂ. 2500થી ઈ.સ.પૂ. 1700 દરમિયાન થયો હતો. સિંધુ ખીણની સંસ્કૃતિ ઈજિપ્ત અને ઈરાક જેવી પ્રાચીન સંસ્કૃતિઓની સમકાલીન હતી એમ માનનાર વિદ્વાનો તેનો સમય ઈ.સ.પૂ. 3250થી ઈ.સ.પૂ. 2750 સુધીનો જણાવે છે. ગમે તેમ પણ સિંધુ ખીણની સંસ્કૃતિ ઈ.સ.પૂ. 3000 વર્ષ પહેલાંની છે તે બાબતમાં બધા જ ઈતિહાસકારો સહમત છે.*

## 9.3 સિંધુ ખીણ સંસ્કૃતિનું નગરઆયોજન

### 9.3.1 નગરઆયોજન

*સિંધુખીણ સંસ્કૃતિનું વિશિષ્ટ લક્ષણ છે. નગરોની નગરરચના પરાકાષ્ઠાએ પહોંચેલી જોવા મળે છે. મોહેં-જો-દડો અને હડપ્પાના અવશેષો પરથી જણાય છે કે ત્યાંનું નગરઆયોજન એક નિશ્ચિત અને વૈજ્ઞાનિક પદ્ધતિએ થયેલું હતું. ત્યાંના સુયોજિત નગરઆયોજન પરથી*

*લાગે છે કે ત્યાંના લોકો ઈજનેરી ક્ષેત્ર અને ઈજનેરી કલામાં નિપુણ હતા. પ્રો. એસ.આર. શર્મા લખે છે તે પ્રમાણે મોહેં-જો-દડો આયોજનની દૃષ્ટિએ આદર્શ અને અદ્વિતીય નગર હતું. અહીંની નગરરચનાની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ હતી :*

**9.3.2 રસ્તાઓ અને શેરીઓ :**

*રાજમાર્ગો, માર્ગો, શેરીઓ અને ગલીઓનું વ્યવસ્થિત આયોજન એ સિંધુ ખીણ સંસ્કૃતિની*
**(1) રસ્તાઓ અને શેરીઓ :**

*રાજમાર્ગો, માર્ગો, શેરીઓ અને ગલીઓનું વ્યવસ્થિત આયોજન એ સિંધુ ખીણ સંસ્કૃતિની નગરરચનાનું એક મુખ્ય લક્ષણ હતું. આ લક્ષણ મોહેં-જો-દડોમાં અનોખું તરી આવે છે. નગરની વચ્ચે બે મોટા માર્ગ પસાર થાય છે. એક માર્ગ ઉત્તરથી દક્ષિણ સીધી રેખામાં જાય છે તો બીજો પૂર્વથી પશ્ચિમમાં જાય છે. નગરનો રાજમાર્ગ 33 ફૂટ પહોળો છે અને નગરની મધ્યમાંથી ઉત્તરથી દક્ષિણ તરફ તે પસાર થાય છે. તેની પહોળાઈને કારણે તે માર્ગ ઉપર વાહનો સામસામેથી પસાર થઈ શકે છે. આ મુખ્ય માર્ગ હતો. આ માર્ગને કાપતો પૂર્વથી પશ્ચિમ જતો એક બીજો માર્ગ છે, જે ઉત્તર-દક્ષિણ માર્ગ કરતાં પણ વધુ પહોળો છે. આ બંને માર્ગોને સમાંતર બીજી અનેક શેરીઓ અને ગલીઓ આવેલી છે. શેરીઓ 12થી 15 ફૂટ પહોળી અને ગલીઓ 9થી 12 ફૂટ પહોળી રાખવામાં આવી હતી. અહીં શેરીઓ અને ગલીઓને દેવની શેરી, ઊંચી ગલી, નીચી ગલી, વાંકી ગલી મડદા ગલી વગેરે જુદાં જુદાં નામ આપવામાં આવ્યાં હતાં સામાન્ય રીતે આ બધા રસ્તાઓ કાચા છે. ફક્ત મુખ્ય માર્ગ ઈંટોના ટુકડાઓનો બનાવેલો પાકો માર્ગ હોય તેવા અવશેષો મળ્યા છે.*

*માર્ગો અને શેરીઓનું એવું સુંદર આયોજન કરવામાં આવેલ હતું કે તેનાથી સમગ્ર નગર ચોરસ અને લંબચોરસ વિભાગોમાં વહેંચાઈ જતું હતું. નગરોનું આટલું વ્યવસ્થિત આયોજન આપણને આપણાં પૂર્વજોમાં માન અને ગૌરવ ઉપજાવે છે. રસ્તાઓ અને શેરીઓની આટલી સુંદર વ્યવસ્થા પરથી કહી શકાય છે કે સિંધુ ખીણનાં નગરોમાં કડક અને કાર્યક્ષમ સ્થાનિક તંત્ર કાર્યરત હતું.*

**(2) ગટર યોજના :**

*સિંધુખીણ સંસ્કૃતિના નગર આયોજનમાં બીજું વિશિષ્ટ અંગ તેની ઉત્તમ ગટરયોજના છે, જે સમકાલીન સમયમાં અજોડ અને એકમાત્ર હતી. નગરના ગંદા પાણીનો નિકાલ ગટર દ્વારા કરવાની સર્વોત્તમ વ્યવસ્થા સિંધુ સંસ્કૃતિનાં નગરોમાં હતી. સમગ્ર નગરોમાંથી ગંદું પાણી અને કચરાના નિકાલ માટે દરેક નાનામોટા લત્તામાં મોરી અને ગટરની વ્યવસ્થાની હતી. મકાનોના સ્નાનાગાર, રસોડું સંડાસ અને બાથરૂમો વગેરેનું ગંદુ પાણી મોરી વાટે બહારની ગટરમાં પડતું. દરે મકાનનું ગંદું પાણી મોરી મારફતે રસ્તાઓ પરની*

મુખ્ય ગટરોમાં જતું અને તે શહેરની બહાર ચાલ્યું જતું. રસ્તાઓ ઉપરની ગટરો ૯ ઈંચ પહોળી અને ૧૨ ઈંચ ઊંડાણવાળી હતી. "દરેક ધોરી રસ્તાની તેમ જ નાના રસ્તાની અંદર એકાદ મોરી તો ખરી જ. આ મોરીની ઊંડાઈ 24'' થી 12'' જેટલી અને એની રસ્તાની પહોળાઈ 18'' થી 9'' જેટલી હોય છે." ગલીઓમાં આવેલી ગટરો તેના કરતાં નાની હતી. આ ગટરો પાકી ઈંટોની બનેલી છે અને તેને જોડવા માટે માટી અને ચૂનાના મિશ્રણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ગટરો ઢાંકવા માટે પણ ઈંટો વપરાતી. આ ખુલ્લી ઈંટોનો લાભ એ હતો કે જરૂર પડયે ઈંટો કાઢી લઈ ગટરોને સરળતાથી સાફ કરી શકાતી. વધારે પહોળી ગટરો ઢાંકવાને માટે પથ્થરની શિલાનો ઉપયોગ થતો હતો. નગરની કેટલીક ગટરો તો ખૂબ જ મોટી હતી, તેથી તેમાં ઊતરવા માટે સીડીઓની રચના કરવામાં આવી હતી. આવી અદ્યતન ગટર યોજના પ્રાચીન નગરોમાં દુનિયાના કોઈ સ્થળે નહોતી. આ સુયોજિત ગટર યોજના પરથી જણાય છે કે તે સમયે કાર્યક્ષમ સુધરાઈ જેવી કોઈ સંસ્થા હશે. ડૉ. મેકના શબ્દોમાં કહીએ તો, "મોહેં-જો-દડોના લોકો તો તેમની એ ગટર યોજનાથી ગર્વ અનુભવતા હશે, પરંતુ આપણે પણ તેનાથી સવિશેષ ગર્વ અનુભવવા જેવું છે."

પ્રત્યેક ઘરમાં મોરી વાટે ગંદું પાણી નાની ગટરો મારફતે રસ્તાની મુખ્ય ગટર સાથે જોડાઈને આગળ જતું. મોટે ભાગે ઢાંકણ ઢાંકવા પત્થરની શિલાનો ઉપયોગ થતો હતો. કોઈક જગ્યાએ ખાળકૂંડી ઉપર લાકડાનું ઢાંકણ ઢાંકવામાં આવતું હશે તેથી તેના અવશેષો મળતા નથી. આવી સુનિયોજિત ગટરયોજના એ સમયના લોકોની ઈજનેરી કલાની સાક્ષી પૂરે છે.

**(3) મકાનો :**

મોહેં-જો-દડોમાંથી મળી આવેલાં મકાનોના અવશેષો પરથી ડૉ. બી. જી. ગોખલે તેના ત્રણ વિભાગો પાડે છે : (1) નિવાસસ્થાનો (2) જાહેર મકાનો અને (3) મહા-સ્નાનાગાર.

આ મકાનોની બાંધણીમાં શિલ્પ અને સુશોભન નજરે પડતું નથી. તેમાં નરી સાદાઈ નજરે પડે છે. તેથી ડો. મજુમદાર લખે છે કે "તેમાં કલાભાવને બદલે ઉપયોગિતા-સગવડ ઉપર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે; જ્યારે કેટલાક એમ માને છે કે આ મકાનોનું શિલ્પકામ અને સુશોભન લાકડાનું બનેલું હશે તેથી તે ટકી રહ્યું નહિ હોય. આ મકાનોની બીજી વિચિત્રતા એ છે કે તેમનાં બારણાં રસ્તા ઉપર પડવાને બદલે શેરી અને ગલીઓમાં ઊઘડતાં અને એની દીવાલોમાં બારીઓ પણ રાખવામાં આવતી નહિ."

માર્ગો સાથે જોડાયેલી ગલીઓની બંને બાજુ પર મકાનોની હારના અવશેષ મળે છે. મકાનો નીચા ઓટલાવાળાં, બેથી ત્રણ મજલાવાળાં અને પાકી ઈંટોના બાંધવામાં આવતાં અને ચણતરમાં માટીનો ગારો અને ચૂનાનો ઉપયોગ થતો હતો. મોટા ભાગની ઈંટો 11

*ઈંચ લાંબી, ૫ ઈંચ પહોળી અને 2 1/2 ઈંચ જાડી હતી. હજારો વર્ષો વીત્યાં છતાં તે ઉત્તમ સ્થિતિમાં રહી છે. નગર બહાર ઈંટો પકવવાનો નિભાડો હશે.*

(i) *નિવાસસ્થાનો :*

*સામાન્ય રીતે દરેક મકાનમાં એક કૂવો, બાથરૂમ, મોરી રસોડું તથા કોઠારની સગવડ રાખવામાં આવી હતી. કેટલાંક મકાનોમાં જાજરૂની પણ સગવડ હતી. મકાનોનું છાપરું સપાટ રાખવામાં આવતું. મોહેં-જો-દડોનાં નાના મકાનો કદમાં 26 × 30 ફૂટનાં હતાં. નાના મકાનમાં ચાર-પાંચ ઓરડા હતા. ઉપલા માળમાં જવા માટે સીડીનો ઉપયોગ થતો, જે પથ્થર અથવા લાકડાની બનતી. આ સીડીનાં પગથિયાં 15 ઈંચ ઊંચાં અને 5 ઈંચ પહોળાં જણાયાં છે. મકાનોનું ભોંયતળિયું ટીપીને સરખું કરવામાં આવતું. લીંપણની કાંઈ માહિતી માલતિ નથી. પણ મકાનોનું ભોંયતળિયું પાકી ઈંટોનું બાંધેલું હતું. ભોંયતળિયા ઉપર સાદડીઓ પાથરવાનો રિવાજ હશે.*

*મકાનોની ખાસિયત એ છે કે તેમનાં બારણાં રસ્તા ઉપર પડવાને બદલે શેરી અને ગલીઓમાં પડતાં. મકાનની અંદર લગભગ દરેક ખંડને પ્રવેશદ્વાર હતું. સામાન્ય રીતે દ્વારમાં લાકડાનું ચોકઠું જડી દેવામાં આવતું. મકાનોમાં બારીઓને બદલે દીવાલ ઉપરના ભાગમાં જાળિયાં રાખવામાં આવતાં. ફર્નિચરમાં પલંગ, મેજ, ખુરશી, સ્ટૂલ વગેરેનો ઉપયોગ થતો કે કેમ તે કહી શકાય તેમ નથી. મકાનોની વચ્ચે ચોક હતો, તેના એક ખૂણામાં રસોડાની જોગવાઈ કરવામાં આવી હતી. સ્નાનાગાર એ દરેક મકાનનું એક આવશ્યક અંગ હતું.*

(ii) *જાહેર મકાનો :*

*આ સંસ્કૃતિના ખોદકામથી નાનાં નિવાસસ્થાનોના અવશેષો મળ્યા છે, તો વિશાળ મકાનોના અવશેષો પણ મળ્યા છે. રાજમાર્ગની ઉત્તરે એક વિશાળ મકાનના અવશેષો મળ્યા છે, જેની લંબાઈ ૨૪૨ ફૂટ અને પહોળાઈ 112 ફૂટની હતી. તેને ઘણા મજલા હશે. આ ઈમારતની બાજુમાં જ એક વિશાળ મહેલના અવશેષો પણ મળ્યા છે. તેનો સંબંધ શાસક વર્ગ સાથે જણાય છે અથવા તો તે અત્યંત સમૃદ્ધ અને વૈભવશાળી વેપારી વર્ગની સત્તાનું સૂચન કરે છે.*

*"હડપ્પા સંસ્કૃતિના થરમાં સંઘારામની નીચે દેખાતું મકાન પણ એ સમયના કોઈ મંદિરનું હોવું જોઈએ." બૌદ્ધ લોકોની ધાર્મિક લાગણી ન દુભાય તે માટે તેનું વધુ ખોદકામ કરવામાં આવ્યું નથી.*

(iii) *જાહેર સ્નાનાગાર :*

*મોહેં-જો-દડોમાં એક વિશાળ સ્નાનાગારનું મકાન આવેલું છે, જે* 180 *ફૂટ લાંબું અને* 108 *ફૂટ પહોળું છે. તેની વચ્ચે પાકી ઈંટોનો બનેલો સ્નાનકુંડ છે, જે* 39 *ફૂટ લાંબો,* 23 *ફૂટ પહોળો અને* 8 *ફૂટ ઊંડો છે. તેની દીવાલો મજબૂત છે અને તેમાં ઊતરવા માટે પગથિયાંની રચના પણ કરવામાં આવી છે. છોકરાઓ તેમાં સ્નાન કરી શકે તે માટે પગથિયાંને નીચલે છેડે પહોળો ઘાટ બાંધવામાં આવ્યો છે. આ સ્નાનાગારમાં તાજું પાણી દાખલ કરવાની અને વપરાયેલું પાણી બહાર કાઢવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. તેની ચારે બાજુએ ઓરડાઓ હતા, જેમાં ગરમ પાણીથી નહાવાની અને વસ્ત્રો બદલવાની સગવડ હતી. આ સ્નાનાગાર અહીંના લોકોમાં સ્નાનનું મહત્ત્વ અને સ્વચ્છતાની ભાવના દર્શાવે છે.*

**(4) મીઠા પાણીની વ્યવસ્થા :**

*આ નગરોમાં દરરોજના ઉપયોગના પાણી માટે કૂવાઓની વ્યવસ્થા હતી. મોહેં-જો-દડો અને હડપ્પામાં અનેક કુવાઓ મળી આવ્યા છે. તેની પહોળાઈ બે ફૂટથી સાત ફૂટ જેટલી હતી. આ કૂવાઓના છેડે દોરડાંના નિશાન આજે પણ દેખાય છે. એવું જણાય છે કે મોટા ભાગનાં મકાનોમાં કૂવા હતા. કેટલાક મોટા કૂવા એવા હતા કે જ્યાંથી સામાન્ય પ્રજા પાણી મેળવતી. પાણી મેળવવા કૂવા સિવાય બીજી કોઈ વ્યવસ્થા આ નગરોમાં હતી કે કેમ તે અંગે કોઈ પુરાવા મળ્યા નથી.*

**(5) કિલ્લો :**

*આ નગરોની ચારે તરફ ત્રીસેક ફૂટ જાડી પાકી ઈંટની મજબૂત દીવાલો મળી છે. નગરરક્ષણ માટેનો કિલ્લો હોઈ શકે. આ કિલ્લાનો મુખ્ય દરવાજો ઉત્તરમાં હતો અને પશ્ચિમ-દક્ષિણ બાજુએ એક અર્ધવર્તુળાકાર પ્રવેશદ્વાર હતું. તેની બહારની બાજુ અનેક નાનાં મોટાં ગામો હશે, જે નગરના રહેવાસીઓની જરૂરિયાતો નથી પૂર્ણ કરતાં હશે, પરંતુ આ ગામોના કોઈ અવશેષો મળ્યા નથી.*

**(6) મોટો કોઠાર :**

*સ્નાનાગારની નૈઋત્ય દિશાએ વિશાળ કોઠારના અવશેષો મળ્યા છે, જે* 169 *ફૂટ લાંબા અને* 135 *ફૂટ પહોળા છે. એમાં એકસરખા ઘાટના બે સમાંતર ખંડ છે. દરેક ખંડમાં છ ઓરડા છે અને ઓરડાની વચ્ચે પાંચ નાનાં નવેળાં છે. પ્રાચીન કાળમાં અનાજ મહેસૂલ પેટે લેવાતું ત્યારે રાજ્યમાં આવા મોટા કોઠારો રાખવા પડતા.*

*આ ઉપરાંત મોહેં-જો-દડોમાંથી* 16 *એકસરખા* 20 x 12 *ફૂટના બ્લોકવાળા નાના મકાનો મળી આવ્યા છે. તેમના બે વિભાગ પાડીને એ બ્લોકોને બે સામસામી હારમાં ગોઠવવામાં*

*આવ્યા છે. મિ. વ્હીલર તેને સૈનિકોની બેરેક કહે છે, પરંતુ તેની નજીકમાં જ અનાજ દળવાની ચક્કીના અવશેષો મળી આવ્યા છે તેથી તેમાં મજૂરો અથવા ગુલમો પણ રહેતા હોય એવું અનુમાન કરવામાં આવે છે.*

**(7) ઉપસંહાર**

*સુંદર, સુગડ અને વ્યવસ્થિત નગર આયોજન સિંધુખીણ સંસ્કૃતિની આગવી અને વિશિષ્ટ ઓળખ ગણાવી શકાય. આજે આપણને આપણાં પૂર્વજો એવા સિંધુ સભ્યતાના લોકો માટે ખરેખર સન્માન અને ગૌરવ ઉપજે એવું નગર આયોજન તેમણે કર્યું હતું. આજે પણ આપણે નગરોકે ગામડાઓમાં સુવ્યવસ્થિત ગટર યોજના કરી શકતા નથી જ્યારે સિંધુ સભ્યતાના લોકોએ ઉત્તમ નગર અને ગટર આયોજન કરીને આપણને મોટી સીખ આપી છે. સિંધુખીણ સંસ્કૃતિની નગરરચના, પાણી અને સફાઈ માટેની વ્યવસ્થિત જોગવાઈ વગેરે ઉપરથી લાગે છે કે અહીંનો વહીવટ સુધરાઈ જેવી જાહેર સંસ્થા દ્વારા ચાલતો હશે. નગરમાં થોડે થોડે અંતરે મૂકેલા પ્રકાશના થાંભલા ઉપરથી સ્પષ્ટ તેઓ થાય છે કે માર્ગો ઉપર રોશનીની વ્યવસ્થા કરવામાં આવી હતી. શેરીઓની દેખરેખ માટે ચોકીદારોને રાખવામાં આવ્યા હતા. નગરના જાહેર માર્ગો ઉપર ઝાડ-પાન રોપવામાં આવ્યાં હતાં. આ બધાને પરિણામે સર જ્હોન માર્શલ લખે છે કે, "મોહેં-જો-દડોના શહેરીઓને રહેવા માટેનાં વિશાળ અને સુખસગવડભર્યાં મકાનો તથા સુંદર સ્નાનાગારોની તુલના કરી શકાય એવું કશુંય પ્રાગ-ઐતિહાસિક કાળના મિસર, મેસોપોટિમિયા કે પશ્ચિમ એશિયામાં બીજે ક્યાંય નથી."*

**સિંધુ ખીણ સંસ્કૃતિનું સામાજિક જીવન**

## 9.4 પ્રસ્તાવના

*વીસમી સદીની શરૂઆતમાં એમ  માનવામાં આવતું હતું કે ભારતની સંસ્કૃતિની શરૂઆત આર્યોના આગમનથી થાય છે, પરંતુ ઈ. સ.* 1921-22*ની સાલમાં ભારતમાં એક ક્રાંતિકારી ઐતિહાસિક શોધ થઈ. જેણે ભારતના પ્રાચીન ઈતિહાસને ત્રણ હજાર વર્ષ પાછો ઠેલ્યો. સર જ્હૉન માર્શલ, ડૉ. રખાલદાસ બેનરજી, ડૉ. દયારામ શાહની, ડૉ. મેકે તથા શ્રી દીક્ષિત જેવા પુરાતનશાસ્ત્રીઓએ પંજાબના મોન્ટગોમરી જિલ્લામાં ખોર આવેલ હરપ્પા અને સિંધના લારખાના જિલ્લામાં આવેલ મોહેં-જો-દડો નામનાં બે નગરોનું ખોદકામ કર્યું. અહીં ખોદકામ દરમિયાન મળી આવેલા અવશેષોએ ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતા અને ભવ્યતા છતી કરી એ સાબિત કર્યું કે સિંધુ નદીના બંને ખીણપ્રદેશમાં ભારતની સૌપ્રથમ સંસ્કૃતિનાં મંડાણ થયાં હતાં.*

*સિંધુખીણ સંસ્કૃતિના લોકોના સામાજિક જીવન વિશે કડીબદ્ધ માહિતી મળતી નથી, પરંતુ ત્યાંથી મળી આવેલા  અવશેષો ઉપરથી આ સંસ્કૃતિના સમાજ અને સામાજિક જીવન વિશે નીચે મુજબની માહિતી પ્રાપ્ત થાય છેઃ*

## 9.5 સામાજિક વર્ગો

*પ્રા. એ. ડી. પુસલકર આ સંસ્કૃતિના સમાજને ચાર વિભાગમાં વહેંચે છે :*

(1) *પહેલા વિભાગમાં વિદ્વાનો, ધર્મગુરુઓ અને જ્યોતિષીઓ;*

(2) *બીજા વિભાગમાં સૈનિકો વર્ગ;*

(3) *ત્રીજા વિભાગમાં વ્યાપારીઓ અને કારીગરો; તથા*

(4) *ચોથા વિભાગમાં ખેડૂતો, સેવકો, મજૂરો અને માછીમારોનો સમાવેશ થતો હતો.*

*આવશ્યક્તા અનુસાર સિંધુ  ખીણની સંસ્કૃતિના લોકોએ સમાજનું વિભાજન કાર્યો અનુસાર કર્યું હતું. આર્યોની ચાતુર્વર્ણ્ય સાથે તેને કાંઈ લેવાદેવા નથી. આ વ્યવસ્થામાં જ્ઞાતિપ્રથા જેવું નહોતું. આ દ્રષ્ટિએ સિંધુ સભ્યતા ખૂબ સુંદર હતી અને મનુષ્યને મનુષ્ય તરીકે જોવામાં આવતો.*

**ખોરાક :**

*સિંધુ સભ્યતાના લોકોનો મુખ્ય ધંધાઓમાં ખેતી અને પશુપાલન હતા. સિંધુ પ્રદેશની ભૂમિ ફળદ્રુપ હતી, તેથી ખેતી અને પશુપાલન સારા એવા પ્રમાણમાં વિકસ્યું હતું. ખોરાકમાં તેઓ અનાજ અને માંસનો ઉપયોગ કરતા હતા. ખોદકામ દરમિયાન જવ અને ઘઉંના અવશેષો મળી આવ્યા છે, તેથી કહી શકાય કે તેઓ જવ અને ઘઉંનો ખોરાકમાં ઉપયોગ કરતા. કદાચચોખાનો પણ તેઓ ઉપયોગ કરતા હશે. આ ઉપરાંત તેઓ બાજરી, વટાણા, તલ, ખજૂર તથા લીંબુ કે દાડમ જેવાં ફળો તથા જુદાં જુદાં શાકભાજી વગેરે ખોરાકમાં લેતા હતા. પશુપાલનને લીધે ખોરાકમાં દૂધ, દૂધની બનાવટો તથા ડુક્કર-બકરીનાં માંસ તથા માંછલીનો છૂટથી ઉપયોગ કરતા હતા. સુરા પાનના કોઈ પુરાવા મળ્યા નથી, એ સૂચવે છે કે સમાજમાં સુરાપાનનું વ્યસન નહીં હોય જે સરાહનીય બાબત ગણાવી શકાય.*

**પોશાક :**

*સિંધુ લોકોના પોશાક વિશે ત્યાંથી મળી આવેલા શિલ્પ  કામના ખંડિત નમૂનાઓ ઉપરથી માહિતી પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે ત્યાંના પુરુષો આજની ધોતી જેવું અને ઉપરના ભાગમાં ઉપવસ્ત્ર લપેટતા હતા. તેઓ સુતરાઉ અને ગરમ કાપડનાં વસ્ત્રો પહેરતા હતા. પુરુષો અને સ્ત્રીઓ મોટા ભાગે સિલાઈ વગરનાં કપડાનો ઉપયોગ કરતા હતા.*

સામાન્ય રીતે સ્ત્રી-પુરુષો બે કપડાં પહેરતાં. ઉપરના ભાગે કે કપડાં પહેરતાં તેને 'ઉત્તરીય' કહેતા તો કમરના નીચેના ભાગમાં પહેરવામાં આવતા કપડાને 'નીવિ' કહેતા. મુખ્યત્વે સુતરાઉ કપડાંનો ઉપયોગ કરવામાં આવતો. મોહેં-જો-દડોમાંથી એક સુંદર પુરુષની પ્રતિમા મળી છે જેમાં તેણે પહેરેલાં કપડાં પરથી એ સમયનાં લોકોના પહેરવેશની માહિતી સાંપડે છે. માથા ઉપર સુશોભિત આભૂષણ, હાથની જમણી ભુજા ઉપર આભૂષણ પહેરેલ છે તથા સુંદર રીતે દાઢીના વાળ ઓળેલા છે. આ પ્રતિમા એ યુગની ઝાંખી કરાવે છે.

**કેશભૂષા અને આભૂષણો :**

અહીંનાં સ્ત્રી-પુરુષોમાં માથાના કેશને ઓળવા માટે જુદી જુદી શૈલીઓ જોવા મળે છે. એક નર્તકીનું પૂતળું મળી  છે. એક નર્તકીનું પૂતળું મળી આવ્યું છે, જેમાં તેના માથા ઉપરના આગળના ભાગમાં નાના ઝૂમખાં પાડેલાં છે અને પાછળ લાંબો ચોટલો ગૂંથીને બાંધેલો જોવા મળે છે. ઘણા લોકો લાંબા વાળ રાખતા હતા, તો કેટલાક પાછળથી વાળ કપાવતા પણ હતા. વાળ ઓળવા માટે હાથીદાંતના કાંસકા અને કાચના અરીસાનો ઉપયોગ કરતા હતા.  વાળમાં કાંસકો રાખવાની અને પીનો ખોસવાની પણ ફેશન હતી. પુરુષો થોભિયા મૂછ અને દાઢી રાખતા હતા. એક પુરુષ પૂતળામાં લાંબા થોભિયા, ટૂંકી દાઢી અને સફાચટ મૂછ દેખા દે છે.

સિંધુ ખીણના લોકોને વસ્ત્રો કરતાં આભૂષણોનો વધુ શોખ હતો. સ્ત્રી અને પુરુષ બંને આભૂષણોનાં શોખીન હતાં. હાર, વીંટી અને કડાનો ઉપયોગ સ્ત્રી-પુરુષો બંને કરતાં, જ્યારે સ્ત્રીઓ આ ઉપરાંત કંદોરા, બંગડીઓ, એરિંગ, બ્રેસલેટ, ઝાંઝર વગેરે પહેરતી. અલંકારો સોનું, ચાંદી, હાથીદાંત, તાંબું, શંખ તથા માટીમાંથી બનાવવામાં આવતા. ખાસ કરીને શંખ, માટી તથા તાંબાના અલંકારોનો ઉપયોગ ગરીબ પ્રજા કરતી હશે. આ ઉપરાંત દેહશૃંગારની બીજી કેટલીક વસ્તુઓ જેવી કે હાથીદાંતની બનાવેલી ટોયલેટની પટ્ટીઓ, ડ્રેસિંગ ટેબલો, પાઉડર, લિપસ્ટિક, આંજણ, સૂરમો વગેરે મળી આવ્યાં છે. આ બધાને આધારે ડૉ. આર. સી. મજુમદારે સાચું લખ્યું છે કે, "કદાચ દેહશૃંગારમાં મોહેં-જો-દડોની સ્ત્રીઓ આજની સ્ત્રીઓ કરતાં પાછળ નહોતી જ."

**રાચરચીલું અને વાસણો :**

આ સંસ્કૃતિના  લોકોએ માટીનાં અને ધાતુનાં અનેક ઘાટનાં વાસણો બનાવ્યાં છે. માટીનાં વાસણો કુંભારના ચાક ઉપર બનતાં અને તેના ઉપર અનેક પ્રકારનાં ચિત્રો અને આકૃતિઓ દોરવામાં આવતી. આ વાસણોને ચળકાટ આપવા માટે વિશેષ પ્રકારનો લેપ કરવામાં આવતો હતો. માટીના વાસણો ઉપર રંગો, ચિત્રકામ અને પોલિશ આપણું ધ્યાન ખેંચે છે. માટીનાં વાસણોમાં વાટકા, લોટા, થાળીઓ, રકાબીઓ, કુંડી, કથરોટ વગેરે મોટી સંખ્યામાં મળ્યાં છે. તે પાષાણની ચકકીઓ, માટીના કૂંજા મૂકવા માટેના સ્ટેન્ડ અને શાહીના ખડિયા, તાંબા, માટી અને શંખના દીવા અને માટીની બનાવેલી મીણબત્તી

*મૂકવાની શમાદાન વગેરેનો પણ ઉપયોગ કરતાં. આ ઉપરાંત નાનાં ટેબલો, લાકડાંની ખુરશીઓ, પલંગો અને ભોંયતળિયે પાથરવાની સાદડીઓનો પણ તેઓ ઉપયોગ કરતા હતા.*

**હથિયારો :**

*આ સંસ્કૃતિમાંથી લોખંડના હથિયારો  મળ્યાં નથી, પરંતુ તાંબું અને કાંસાની ધાતુમાંથી બનાવેલાં કુહાડી, ભાલા, ગદા, તલવાર, છરી, ચાકુ, દાંતરડું તથા માછીમારીના કાંઠલા વગેરેના અવશેષો પ્રાપ્ત થયા છે. તેઓ ધાતુ અને હાથીદાંતમાંથી બનાવેલી સોય અને ટાંકણીઓ વાપરતા. આ રીતે તેમનાં હથિયારોની બનાવટ પરથી લાગે છે કે આ પ્રજા શાંતિચાહક અને વેપારી મનોવૃત્તિ ધરાવતી હશે. તેમના હથિયારો યુદ્ધને બદલે ઘરકામમાં વધુ ઉપયોગી હોય તેવા છે.*

**રમકડાં :**

*મોહેં-જો-દડો અને હરપ્પામાંથી  તેમનાં બાળકોને રમવા માટેના તેથી માટીનાં વિવિધ રમકડાં અસંખ્ય પ્રમાણમાં મળી આવ્યાં છે. અહીંનાં બાળકોને પણ રમકડાંનો ભારે શોખ જણાય છે. કેટલાંક રમકડાં તો બાળકોએ બનાવેલાં છે, જેમના શંખ ઉપર તેમના આંગળાની છાપ પણ અંકિત થયેલી છે. અહીંનાં રમકડાં પંખી આકારની સિસોટીઓ, ઘૂઘરા, લખોટા, માટીનું ગાડું, વહાણો, એક્કા, પાસાં વગેરે મળી આવ્યાં છે.*

**આનંદપ્રમોદ :**

*સિંધુ ખીણ સંસ્કૃતિના લોકો આનંદપ્રમોદ માટે અનેક પ્રકારની રમતો રમતા હતા.  પુખ્ત વયની વ્યક્તિઓ દડા અને લખોટાથી રમતા હશે. શેતરંજ અને સોગટાબાજીના અવશેષો પણ મળી આવ્યા છે. તેમના પાસાના ઘણા આકારો જોવા મળે છે. આ પાસા માટીના તથા પથ્થરના બનાવેલા હતા. કેટલાક હાથીદાંતમાંથી બનેલા પાસા પણ મળી આવ્યા છે. કેટલાક પાંસા ઘનાકાર છે અને તેમનું કદ ૧'' થી રૈં'' સુધીનું  હોય છે. જોકે આ પાસાનો ઉપયોગ સૌથી ધનિકો જ રમતી વખતે કરતા હશે. આ ઉપરાંત કૂકડા અને પશુઓની સાઠમારી,  ગાડાની હરીફાઈ, શિકાર અને માછલી પકડવામાં પણ તેઓ પોતાની નવરાશનો સમય ગાળતા. આ પ્રજા સંગીત અને નૃત્યકલાની પ્રેમી હતી. નૃત્ય માટે તબલાં અને ઢોલનો ઉપયોગ થતો હતો. મુદ્રાઓ ઉપર વીણા અને  તંબૂરાના જે ચિત્રો મળી આવ્યા છે તેના ઉપરથી અને નર્તકીની કાંસાની મૂર્તિ ઉપરથી તેમનો સંગીત અને નૃત્યનો શોખ વ્યક્ત થાય છે.*

## 9.6 સિંધુ ખીણ સંસ્કૃતિનું આર્થિક જીવન

*સિંધુ ખીણના લોકો શાંતિપ્રિય અને વ્યાપારી માનસ ધરાવતા હતા. તેની સાબિતી તેમનાં હથિયારોની બનાવટ અને રાજમહેલોના અભાવ ઉપરથી જાણી શકાય છે. અવશેષો પરથી લાગે છે કે બહુમતી લોકોની આર્થિક સ્થિતિ પ્રમાણમાં સારી હતી. તેમનાં મુખ્ય ધંધાઓમાં ખેતી, પશુપાલન, વેપાર અને હુન્નર-ઉદ્યોગો હતા. બહુમતી પ્રજા આર્થિક દ્રષ્ટિએ મધ્યમ વર્ગની હતી અને તેમની આર્થિક સ્થિતિ સારી હતી.*

**ખેતી :**

*સિંધુ ખીણના લોકોનો મુખ્ય ધંધો ખેતી હતો. ખેતીમાં ઘઉં, જવ, વટાણા, તેલ વગેરે ઉગાડવામાં આવતા હતા. તોલમાપનાં સાધનો ઉપરથી લાગે છે કે ચોખા પણ અહીં થતા હોવા જોઈએ. આ ઉપરાંત ફળોમાં ખજૂર, દાડમ, લીંબુ, તડબૂચ, કેળાં, નાળિયેર, લીમડા, પીપળા, કમળકાકડી વગેરે પણ થતાં હશે એમ કહી શકાય. અનાજ કાપવા માટેના ધાતુનાં દાંતરડાં અહીંથી મળી આવ્યાં છે જે ખેતી થતી તે દર્શાવે છે.*

**પશુપાલન :**

*સિંધુ ખીણના લોકો ખેતીની સાથે પશુપાલન પણ કરતાં હતા. ખેતીની સાથે સાથે પશુપાલનનો ધંધો સારા એવા પ્રમાણમાં વિકસ્યો હતો. તેઓ અહિંસક પ્રાણીઓને પાળતા એમ અવશેષો ઉપરથી કહી શકાય છે. ખેતીવાડી, વાહન અને ઓસડમાં પશુઓનો ઉપયોગ થતો. પાળેલાં પશુઓમાં ખાંધવાળાં સાંઢ, પાડો, ગાય, ભેંસ, ગધેડાં, ઘેટાં, હરણ, હાથી, ઊંટ, ડુક્કર અને કૂતરાઓનો સમાવેશ થતો હતો. જંગલી પશુઓમાં તેઓ વાઘ, રીંછ, ગેંડા અને સસલાંથી સારી રીતે પરિચિત હતા. પક્ષીઓને પણ પાળવામાં આવતાં.*

**વેપાર :**

*ખેતી અને પશુપાલન કરતાંય પણ વેપાર વાણિજ્યનો સિંધુ ખીણની સંસ્કૃતિમાં સૌથી વધુ વિકાસ થયો હતો. વેપારિક પ્રવૃત્તિઓ સારા ખૂબ ફૂલિફાલી હતી. વેપાર જમીનમાર્ગે તેમજ જળમાર્ગે ચાલતો હતો. આંતરિક વેપારને માટે તેઓ પશુઓનો ઉપયોગ કરતા અને ભારતના જુદા જુદા પ્રદેશો સાથે વેપાર કરતા. વિદેશી વેપાર માટે વહાણોનો ઉપયોગ કરતા હતા. વિદેશોમાં અફઘાનિસ્તાન, તિબેટ, ઈરાન, ચીન, ઈજિપ્ત, સુમેર, બેબિલોન, તુર્કસ્તાન વગેરે સાથે વેપાર કરતા હતા જેની સાબિતી મળે છે. સિંધુ નદીના વિસ્તારમાં તાંબું, ચાંદી અને સોનાની અછત હતી, તેથી તેઓ અફઘાનિસ્તાન અને ઈરાનમાંથી તેની આયાત કરતા હતા. કલાઈ અફઘાનિસ્તાન કે ઈરાનમાંથી આયાત થતું. દક્ષિણ ભારતમાંથી પણ સોનું આયાત થતું. અહીંનું સુતરાઉ કાપડ બેબિલોનમાં 'સિંધુ' અને ગ્રીસમાં 'સિંદન' નામે ઓળખાતું. છીપ, શંખ, કીમતી પથ્થરો સૌરાષ્ટ્રમાંથી*

*મંગાવતા, જ્યારે તાંબાની ધાતુ માટે રાજપૂતાના ઉપર આધાર રાખવો પડતો હતો. અહીંથી નિકાસ કરેલી વસ્તુઓ અને ખાસ કરીને મુદ્રાઓ એલામ અને સુમેરમાંથી મળી આવી છે, જે વેપારિક બાબતો સૂચવે છે. અહીનું સુતરાઉ કાપડ છેક ઈજિપ્ત સુધી જતું. પ્રા. સીડની સ્મિથના માતાનુસાર સિંધુ ખીણના લોકો ગુજરાતમાં આવેલા ભૃગુકચ્છ-ભરુચના બંદરો મારફત સુમેર સાથે વેપાર કરતાં હતા.*

**હુન્નર-ધંધા :**

*વેપારની સાથે સિંધુ ખીણના પ્રદેશોમાં જુદા જુદા હુન્નર ઉદ્યોગોનો પણ સારા પ્રમાણમાં વિકાસ થયો હતો. માટીકામ, ધાતુકામ, વણાટકામ, કોતરકામ, સુથારી કામ, હાથીદાંતનું કામ તથા હથિયારો બનાવવાના નાના મોટા ધંધાઓનો ખૂબ વિકાસ પામ્યા હતાં. સિંધુ સભ્યતાના નગરોમાંથી પ્રાપ્ત અવશેષો તેની સાબિતી આપે છે.*

**તોલમાપનાં સાધનો :**

*સિંધુ ખીણ સંસ્કૃતિમાંથી તોલમાપનાં જુદાં જુદાં સાધનો મળી આવ્યાં છે. આ સાધનો ચોરસ અને લંબચોરસના મિશ્રિત આકારમાં છે. તેમનું તુલનાત્મક પ્રમાણ* 12, 16, 48, 64 *પછી* 160, 320, 640 *પછી* 1690, 3290, 6490 *થી ચેક* 128990 *સુધી જાય છે. તેમાં* 16 *સૌથી નાનું માપ* 13.64 *ગ્રામનું છે. તેને એમ ગણીએ તો,* 1, 2, 4, 8, 16, - 64, 160, 200, 320, 640 *સુધીનાં વજનનાં માપ મળી આવ્યાં છે. આમા* 16 *અને ૩૨ના તોલનાં સાધનો વધુ પ્રમાણમાં મળી આવે છે. તોલવા માટે ત્રાજવાનો ઉપયોગ થતો હતો. બંને નગરોમાંથી તોલમાપના સાધનો મળ્યાં છે તે એકસરખા છે, તે દર્શાવે છે કે સિંધુ સભ્યતાના લોકો એકસરખા તોલમાપના સાધનોનો ઉપયોગ કરતાં હતા.*

*મોહેં-જો-દડોમાં માપવાની એક છીપની માપપટ્ટી જેવું સાધન મળ્યું છે, જેમાં એકસરખા નવ ભાગ અંક્તિ છે. તે જ પ્રમાણે કાંસાની એક પટ્ટી મળી છે, જેના ઉપર ચાર સરખા માપના કાપા છે. દરેક કાપા બરાબર* 0.264 *ઈંચ થાય છે. હડપ્પામાંથી પણ એક ૧.૫ ઈંચ લાંબો સળિયો મળી આવ્યો છે જેના ઉપર ચાર સરખા માપના કાપા છે. તોલમાપ માં દશાંસ અને દ્વયાંશ પદ્ધતિનો ઉપયોગ થતો હશે એવું કેટલાક માને છે.*

**મુદ્રાઓ :**

*સિંધુ સંસ્કૃતિના અવશેષોમાંથી તાંબું, માટી અને પથ્થરમાંથી બનાવેલી ઘણી મોટી સંખ્યામાં મુદ્રાઓ મળી આવે છે. આ મુદ્રાઓ વિદેશોની સંસ્કૃતિઓમાંથી પણ મળી આવી છે. તેના પર જુદાં જુદાં પશુઓ, દેવતા તથા વૃક્ષની પ્રતિમાઓ અંકિત થયેલી છે. તેના ઉપર વિવિધ પશુઓ જેવા કે ખૂંધવાળો બળદ, હાથી, વાઘ, મગર અને અન્ય પશુઓ તથા પંખીઓ અને વૃક્ષો તેમજ પશુપતિની આકૃતિઓ અંકિત થયેલી છે. તેના ઉપર લિપિ અંકિત થયેલી છે, પરંતુ લિપિ હજુ સુધી ઉકેલી શકાઈ નથી. વિદ્વાનો માને છે કે*

કદાચ વેપારીઓ તેમ પોતાના માલ ઉપર આ મુદ્રા લગાવતા હશે. કેટલાક અન્ય વિદ્વાનો કહે છે કે તેનો ચલણી નાણાં તરીકે ઉપયોગ થતો હશે.

આમ, સિંધુ સભ્યતાના લોકો અનેક પ્રકારના નાના-મોટા હુન્નર ધંધાઓ સાથે જોડાયેલાં હતા, જેમ કે માટીકામ, ધાતુકામ, અલંકારો બનાવવા, કડિયાકામ, મુદ્રાનિર્માણ, કાપડવણાટ, કોતરકામ અને શિલ્પકામ વગેરે.

## 9.7 ધાર્મિક જીવન :

સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષોમાંથી કોઈ મંદિર કે મૂર્તિના ચોક્કસ અવશેષો મળ્યા નથી. પણ જે ભગ્ન અવશેષો પ્રાપ્ત થયા છે તેના પરથી કહી શકાય કે સિંધુ લોકોનો લોકધર્મ તો પ્રચલિત હશે. કેટલાકના મતે ત્યાં કોઈ ધર્મગુરુનું વર્ચસ્વ હશે. આટલી વિશાળતમ સભ્યતા હોય અને ધર્મવિહીન હોય તે બાબત સ્વીકાર્ય નથી લગતી. તેથી આ સંસ્કૃતિના લોકો કયો ધર્મ પાળતા હશે તે વિશે નિશ્ચિતપણે કશું જ કહી શકાય તેમ નથી. આમ છતાં ત્યાંથી મળી આવેલી મુદ્રાઓ ઉપર અંકિત થયેલી આકૃતિઓ ઉપરથી તેમના ધર્મ વિશે કેટલીક માહિતી આવશ્ય સોંપડે છે.

### મંદિરો :

મોહેં-જો-દડોમાં એક બૌદ્ધ સ્તૂપની નીચે નગરનું મુખ્ય મંદિર આવેલું છે, જે ખૂબ વિશાળ છે. તેના પૂરાવા પ્રાથમિક ખોદકામ પરથી મળી આવ્યા છે. તેની પશ્ચિમે એક સ્નાનાગાર તથા વિદ્યાલય આવેલું છે. તેની ઉત્તરે ખૂલ્લો ચોક છે. તેથી નગરનું આ મુખ્ય મંદિર હોવું જોઈએ. આવું જ મંદિર હડપ્પામાં પણ છે.

### ધ્યાનસ્થ પુરુષની પૂજા :

સિંધુ સભ્યતાની એક મુદ્રા પર કોઈ એક ધ્યાનસ્થ મુદ્રામાં બેઠેલા એક પુરુષ આકૃતિ છે. તેને ત્રણ મુખ છે. તેની ચારે બાજુએ વાઘ, હાથી, ગેંડો અને ગાય જેવાં પશુઓ બેઠેલાં છે. તે આકૃતિ પશુપતિ તરીકે ઓળખાય છે. આ મૂર્તિ પરથી લાગે છે કે સિંધુ સભ્યતાના લોકો કોઈ શ્રેષ્ઠ પુરુષની પૂજા કરતા હશે.

### લિંગ અને યોનિપૂજા :

સિંધુ સભ્યતાના નગરોમાંથી મળી આવેલા અવશેષોમાંથી શંકુ આકારના નાના સુંવાળા પથ્થરો મળી આવ્યા છે. હડપ્પા અને મોહેં-જો-દડોમાં પત્થરના અનેક ઘાટ મળી આવ્યા છે. ઇતિહાસકારો તેને 'લિંગ' સાથે સરખાવે છે. તે ઉપરાંત, આ નગરોમાંથી સ્ત્રીની યોનિ આકારના પથ્થરો મળી આવ્યા. તેને કેટલાક યોનિસ્વરૂપની પ્રતિમાઓ માને છે. પરિણામે અહીં લિંગ અને યોનિની પૂજા પ્રચલિત હોવી જોઈએ એમ વિદ્વાનો માને છે.

**માતૃદેવીની પૂજા :**

*સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષોમાંથી ઘરેણાંઓથી લદાયેલી સ્ત્રીઓની નગ્ન અને અર્ધનગ્ન મૂર્તિઓ મળી આવી છે. મોટા ભાગે દરેક ઘરમાંથી આવી મૂર્તિઓ મળી આવી છે. તેથી આ લોકો માતૃ-દેવીની 'શક્તિની દેવી' તરીકે પૂજા કરતા હોવા જોઈએ. સ્ત્રી-દેવીને 'ફળદ્રુપતાની જનની' તરીકે પૂજા કરતાં હતા. આજે પણ આદિમ જાતિઓ અને મૂળનિવાસી સમાજોમાં સ્ત્રી-દેવીની પૂજા થતી જોવા મળે છે. મોહેં-જો-દડોના લગભગ દરેક મકાનમાંથી તેની મૂર્તિઓ પ્રાપ્ત થઈ છે. કેટલીક મુદ્રાઓમાં લોકો તેને બલિદાન અર્પણ કરતાં હોય એવાં દ્રશ્યો પણ જોવા મળે છે.*

**પશુ અને વનસ્પતિની પૂજા :**

*મુદ્રાઓ પર અંકિત થયેલાં વિવિધ પ્રાણીઓની આકૃતિઓ પરથી જણાય છે કે તેઓ બળદ, બકરાં, ઘેટાં, મગર, ઘડિયાલ, હાથી, વાઘ વગેરેની પૂજા કરતા હશે. મોહેં-જો-દડોમાંથી પ્રાપ્ત થયેલ મુદ્રા પર એક ઝાડની બે ડાળીઓ વચ્ચે ઊભેલા એક દેવ અંકિત કરવામાં આવ્યા છે. સાત સ્ત્રીઓ આ દેવની પૂજા કરી રહી છે. શક્ય છે કે આ ઝાડ પીપળાનું હશે. આમ, વૃક્ષમાં પીપળાની પૂજા તેઓ કરતા હતા. નાગપૂજાના અવશેષો પણ મળી આવ્યા છે. તેઓ પ્રકૃતિના તત્ત્વો અને પશુઓની પૂજા કરતાં હતા. તેઓ પ્રકૃતિપ્રેમી હતા તે સ્પષ્ટ સૂચવે છે.*

*આ ઉપરાંત, સ્વસ્તિકના ચિહ્નમાં પણ તેઓ શ્રદ્ધા રાખતા. તાંબાનાં, માટીનાં કે પથ્થરનાં માદળિયા તેઓ પહેરતા હતા. સ્નાન એ તેમની અગત્યની ધાર્મિક વિધિ હતી. સામાન્ય રીતે મૃતદેહોને બાળતા આવતા. જ્કે કેટલાક સંજોગોમાં તેઓ મૃતદેહોને દાટતા હતા. મૃતદેહોની સાથે જીવનજરૂરિયાતની વસ્તુઓ મૂકવાની પ્રથા હતી.*

**ઉપસંહાર**

*આ પ્રકારે સિંધુ સભ્યતાના નગરોનો અભ્યાસ કરતાં એ સ્પષ્ટ જણાઈ આવે છે કે તે નગરીય સભ્યતા હતી અને ત્યાંના લોકો સુખ-સમૃદ્ધિપૂર્ણ જીવન જીવતા હતા. નગર આયોજન, ગટર વ્યવસ્થા ખૂબ ઉત્તમ પ્રકારના હતા. આજના કોઈ પણ આધુનિક શહેર કરતાં પણ સારી સગવડો અને વ્યવસ્થિત આયોજન સિંધુ નગરોમાં જોવા મળતું. આરોગ્ય અને સ્વચ્છતા માટે તેઓ કેટલા આગ્રહી હતાં તેના પૂરાવા તેના અવશેષોમાંથી સ્પષ્ટ દેખાઈ આવે છે. જીવનનાં વિવિધ પાસાઓનો અભ્યાસ કરતાં જણાય છે કે તેમનું જીવન ઉચ્ચ કક્ષાનું હતું. તેઓ સાહસિક, કલાપ્રેમી, વેપારી અને ઉદ્યોગધંધામાં આગળ વધેલી પ્રજા હતી તથા ઈજનેરી વિદ્યામાં તેમણે ખૂબ પ્રગતિ સાધી હતી, જેના પૂરાવા આજે પણ જોવા મળતાં નગરો છે. આ પ્રજા શાંતિપ્રિય, સમૃદ્ધ અને શોખીન હતી, તેમની*

*કલાપ્રિયતા, કલારસિકતા તેમની ઉચ્ચ સંસ્કારિતાની સાચી ઓળખ આપે છે. ત્યાંના ઉન્નત અને વિકસિત નગરો સુયોગ્ય પ્રશાસન હતું તે દર્શાવે છે.*

## 9.8 તમારી પ્રગતિ ચકાસો

**નીચેના પ્રશ્નો સવિસ્તાર સમજાવો**

(1) *સિંધુ ખીણ સંસ્કૃતિનું નગર આયોજન અને આર્થિક જીવન વિષે સમજાવો.*

(2) *સિંધુ ખીણ સંસ્કૃતિની નગરરચના અને સામાજિક જીવનની ચર્ચા કરો.*

(3) *સિંધુ ખીણની સંસ્કૃતિના સામાજિક અને ધાર્મિક જીવન વિષે નોંધ લખો.*

(4) *સિંધુ ખીણ સંસ્કૃતિના લોકોની ધાર્મિક માન્યતાઓનો ખ્યાલ આપો.*

**નીચેનામાંથી કયાવિધાનો સાચા છે અને કયા ખોટા છે તે દર્શાવો**

(1) *સિંધુ ખીણ સંસ્કૃતિની શોધ* 1918-19 *માં થઈ હતી.*

(2) *જાહેર મહાસ્નાનાગાર હડપ્પામાંથી મળી આવ્યું છે.*

(3) *સિંધુ સભ્યતાનું સુતરાઉ કાપડ બેબિલોનમાં 'સિંધુ' અને ગ્રીસમાં 'સિંદન' નામે ઓળખાતું.*

(4) *કદાચ દેહશૃંગારમાં મોહેં-જો-દડોની સ્ત્રીઓ આજની સ્ત્રીઓ કરતાં પાછળ નહોતી જ.*

(5) *લોથલ સિંધુ સભ્યતાની આર્થિક રાજધાની હતું.*

*સાચા જવાબ :*

(1) *ખોટું* (2) *ખોટું* (3) *સાચું* (4) *સાચું* (5) *સાચું*

## 9,9 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| *વિરાસત* | *ઐતિહાસિક વારસો જેના ઉપર આપણે ગૌરવ લઈ શકીએ છીએ.* |
| *બૌદ્ધ સ્તૂપ* | *અર્હત ભિક્ખુના અસ્થિધાતુ પર બનાવવામાં આવેલ ઈંટેરી બાંધકામ જ્યાં બૌદ્ધ ઉપાસકો વંદના કરે છે.* |
| *સંઘારામઃ* | *એક વિશાળ સભાગાર જેવું સ્થળ.* |

## 9.10 સંદર્ભ


- *દિનકર, રામધારી, સંસ્કૃતિ કે ચાર અધ્યાય*
- *નેહરૂ, જવાહર, જગતના ઈતિહાસનું રેખાદર્શન*
- *આચાર્ય, નવીનચંદ્ર, પરમાર, થોમસ, જગતની અગ્રગણ્ય સભ્યતાઓ*
- *પટેલ, જશુભાઈ, જગતના ઈતિહાસની રૂપરેખા*
- *રાયચૌધરી, મજૂમદાર, દત્ત, બૃહત ભારત કા ઈતિહાસ*

**એકમ : 10**

# રોમન સંસ્કૃતિ

**:: રૂપરેખા ::**

**10.0** ઉદ્દેશ્યો

**10.1 પ્રસ્તાવના :**

**10.2 રોમન સમાજ**

**10.3 જ્યુલિયસ સીઝર**

**10.4 ઓગસ્ટસ**

**10.5 રોમન રાજ્યતંત્ર :**

**10.6 વિશ્વ સામ્રાજ્યનો આદર્શ :**

**10.6 વિશ્વ સામ્રાજ્યનો આદર્શ**

**10.7 લેટિન ભાષાની અમૂલ્ય ભેટ** *:*

**10.8 તમારી પ્રગતિ તપાસો**

**10.9 ચાવીરૂપ શબ્દો**

**10.10 સંદર્ભ**

*"વિશ્વના પ્રાચીન ઈતિહાસમાં ગ્રીસની સંસ્કૃતિ તેની કલા અને તત્વજ્ઞાન માટે ખ્યાતનામ ગણાતી, તો રોમની સંસ્કૃતિ તેના કાયદા અને વ્યવસ્થા માટે જાણીતી હતી. પશ્ચિમની સંસ્કૃતિઓની જનેતા ગ્રીસ હતું, તો તેને ખ્રિસ્તી ધર્મ અને કાયદાઓ દ્વારા વ્યવસ્થિત કરનાર તેનો પિતા રોમ હતો." - પ્રોફેસર એસ.આર.શર્મા*

*"રોમ જે પુલ બાંધ્યો તે પરથી પ્રાચીન સમયના શ્રેષ્ઠ વિચારો અને ઉચ્ચતમ પ્રાચીન નમૂનાઓ મધ્ય યુગમાં દાખલ થયા અને તેમાંથી અર્વાચીન સમયમાં આવ્યા."*

*- પ્રોફેસર એચ.એચ.એસક્વિથ*

## 10.0 ઉદ્દેશ્યો

- *રોમન સંસ્કૃતિ વિષે જાણી શકાય છે.*
- *રોમન કાયદા વિષે જાણી શકાય છે.*
- *રોમની ભૌગોલિક સ્થિતિ અને સ્થાપના વિષે જાણી શકાય છે.*
- *જ્યુલિયસ સીઝરના વ્યક્તિત્વથી જાણી શકાય છે.*
- *ઓગસ્ટસના સુધારાથી પરિચિત બની શકાય છે.*
- *રોમન સાહિત્ય વિષે જાણી શકાય છે.*
- *રોમન વિજ્ઞાન અને કલાના વારસા વિષે જાણી શકાય છે.*
- *રોમન કાયદાઓ વિષે જાણી શકાય છે.*
- *રોમના રાજ્યતંત્ર વિષે માહિતી મેળવી શકાય છે.*
- *પ્રાચીન રોમન સામ્રાજ્યના વારસા વિષે જાણી શકાય છે.*

**રોમની સભ્યતા**

## 10.1 પ્રસ્તાવના

*જગતના ઈતિહાસમાં  રોમની સંસ્કૃતિ તેની ઉત્તમ પરંપરાઓ, ઉત્તમ કાયદાઓ અને ઉત્તમ સાહિત્ય રચના માટે જગવિખ્યાત બનવા પામી છે. વિશ્વને અનેક બેનમૂન ભેટ રોમન સંસ્કૃતિએ આપી છે. જગતના પ્રાચીન ઈતિહાસમાં ગ્રીસની સંસ્કૃતિ જેમ કલા અને તત્વજ્ઞાન માટે પંકાયેલી છે, તેમ રોમની સંસ્કૃતિ કાયદા અને વ્યવસ્થા માટે પંકાયેલી છે. પશ્ચિમની સંસ્કૃતિની જનેતા જો ગ્રીસ હતું તો તેને ખ્રિસ્તીધર્મ અને કાયદાઓ દ્વારા વ્યવસ્થિત કરનાર તેનો પિતા રોમ હતો. કાયદાઓના ક્ષેત્રમાં રોમનોનું બહુ મોટું પ્રદાન ગણાવી શકાય. રોમના ઈતિહાસમાં ઓગસ્ટસનો યુગ સુવર્ણયુગ તરીકે ઓળખાય છે. તેણે રોમન સામ્રાજ્યમાં અનેકવિધ સુધારા દાખલ કર્યા હતા. યુરોપની ભાષાઓની જનની સમી લેટીન ભાષા એ યુરોપના સમાજને રોમનું અમૂલ્ય પ્રદાન છે. રોમનો ઈતિહાસ એટલે ઈટાલીનો ઈતિહાસ અને ઈટાલી એટલે તો સૌંદર્ય અને સ્વર્ગની ભૂમિ. મહાકવિ વર્જીલ કહે છે,* ‘Here is aernal spring.’ *અહીંની ભૂમિએ પ્રજાને નવી જીવનદ્રષ્ટિ આપી છે.*

**ભૌગોલિક સંસ્કૃતિ**

*ભૂમધ્ય સમુદ્રના આખા વિસ્તારમાં ઈટાલીનું સ્થાન મધ્યમાં છે. યુરોપની મૂળ ભૂમિથી આલ્પસ પર્વતની હારમાળા તેને અલગ કરે છે. ઈટાલીની ભૂમિના બે ભાગ પડે છે : એક મુખ્ય ભૂમિવાળો પ્રદેશ અને બીજો દ્વિપકલ્પવાળો પ્રદેશ. આ પ્રદેશમાંથી ’પો’ નદી પસાર થાય છે. ‘પો’ નદી પશ્ચિમ આલ્પ્સમાંથી નીકળી પૂર્વમાં લગભગ ૩૬૦ માઈલ સુધી વહે છે અને પછી સમુદ્રને મળે છે. રસ્તામાં બીજી અનેક નદીઓનો સંગમ થાય છે. ઈટાલીનો*

*આ ભૂમિપ્રદેશ ઘણો જ ફળદ્રુપ ગણાય છે. ગ્રીસની સરખામણીમાં ઈટાલીનો દરિયાકાંઠો લગભગ 2000 માઈલ જેટલો ભંગાણ વિનાનો અને વ્યવસ્થિત છે. તેના પશ્ચિમ અને દક્ષિણ કાંઠા ઉપર ઘણાં સમૃદ્ધ બંદરો છે. પશ્ચિમ બાજુથી દરિયાઈ માર્ગે ઈટાલીમાં આવવાની અનુકૂળતા, નીચી સપાટીવાળાં ફળદ્રુપ મેદાનો, નદીઓ, સમૃદ્ધ બંદરો વગેરે ભૌગોલિક સમૃદ્ધિને કારણે અહીં વસતી પ્રજાએ ઈટાલીના સાંસ્કૃતિક અને ભૌતિક વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે.*

**રોમની સ્થાપના :**

*રોમની સ્થાપના પશ્ચિમ ઈટાલીમાં ટાઈબર  નદીના દક્ષિણે સ્થિત લેટીયમ પ્રદેશમાં સાત ટેકરીઓમાંની પેલેસ્ટાઈન ટેકરી પર થઈ હતી. આ સમયે ત્યાં લેટીન પ્રજા વસવાટ કરતી હતી. તેમનો વ્યવસાય ખેતી અને પશુપાલનનો હતો. લેટીન શબ્દ રોમા* (Roma) *અથવા તેના સ્થાપક 'રોમટસ'* (Romutas)*ના નામ પરથી આ પ્રદેશનું નામ પડયું હોય તેમ કહી શકાય.*

**કોન્સલની  નિમણૂક :**

*રોમમાં સમ્રાટ યુગના અંતમાં પ્રજાસત્તાક તંત્રની સ્થાપના સ્થાપના  થઈ હતી. ઈ.સ.પૂ.* 509*માં રોમની સેનેટે છેલ્લા રાજાને પદભ્રષ્ટ કર્યો અને પ્રજાસત્તાકની સ્થાપના કરી હતી. રોમની પ્રજાએ રાજાનો હોદ્દો ભારે તિરસ્કારથી નાબૂદ કર્યો હતો અને તેના સ્થાને રાજાના જેવા અધિકારવાળા બે  કોન્સલ* (Councel) *દર વર્ષે ચૂંટવાની પ્રથા અપનાવી હતી. આ સમયે  રાજાને મદદ કરવા માટે ક્રોમેશિયા, ક્યુરીએટા અને ક્રોમેશિયા સેચ્યુરીએટા જેવી સંસ્થાઓ જે વહીવટમાં સહાયરૂપ થતી હતી.*

## 10.2 રોમન સમાજ

*રોમના સમાજમાં બે વર્ગો જોવા મળતા હતા :* (1) *પેટ્રિશિયન, અને* (2) *પ્લેબિયન. પેટ્રિશિયનોને  નાગરિક તરીકે પૂર્ણ અધિકાર હતા, જ્યારે પ્લેબિયન વર્ગને અધિકાર ન હતા. પ્લેબિયન વર્ગમાં મુખ્યત્વે ખેડૂતો આબે ગરીબો હતા, જ્યારે પેટ્રિશિયનોનો વર્ગ શ્રીમંત વર્ગ હતો. તેમની પાસે વિશાળ જાગીરો અને શસ્ત્ર સરંજામ હતો. પ્લેબિયન વર્ગમાં જે નાના જમીનદારો, વેપારીઓ અને ખેડૂતો હતા તેમને સેનેટમાં સભ્ય થવાનો કે વહીવટી તંત્રમાં સીધો ભાગ લેવાનો કોઈ અધિકાર ન હતો. રોમનું રાજ્યતંત્ર બહારથી પ્રજાસત્તાક હતું પણ વાસ્તવમાં તે ઉમરાવશાહી  હતું. બન્ને વચ્ચે ગજગ્રાહ ચાલતો. આ ભેદભાવ દૂર કરવા માટે અને સૌને સમાન હકો પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. રોમન પ્રજાતંત્રને ચલાવવા માટે બે કોન્સલોની નિમણૂક કરવામાં આવી હતી. કાયદો ઘડવાની સત્તા એસેમ્બ્લીને હતી. કટોકટીના સમયમાં છ મહિના માટે સરમુખત્યાર નિમવામાં આવતો હતો.*

*આ સમયે રોમન સમાજમાં કુટુંબનો વડા તરીકે પિતાની મહત્વપૂર્ણ ભૂમિકા હતી. દરેક રોમન પોતાના નામ સાથે કુળનું નામ જોડતો. પ્લેબિયન કે પેટ્રિશિયન વર્ગો વચ્ચે કોઈ લગ્ન કે અન્ય સામાજિક સંબંધો ન હતા. પ્લેબિયનો મોટે ભાગે ખેતી સાથે જોડાયેલા હતા અને પેટ્રિશિયનો તેમનું રક્ષણ કરતાં હતા.*

*રોમન સમાજમાં ગુલામી પ્રથા પ્રચલનમાં હતી. આનંદપ્રમોદ માટે તેઓ માણસ માણસ વચ્ચે અને પશુ-પશુ વચ્ચે દંગલોનું આયોજન કરતાં હતા. આ પ્રકારના દંગલો ઈતિહાસમાં ગ્લેડીએટોરીયલ* (Gladiatorial Shows)*ના ખેલના નામે ઓળખાતા હતા. આવી રમતોમાં ખૂની ખેલ ખેલવામાં આવતા હતા. રોમનોની આવી ક્રૂરતાનું વર્ણન કરતાં વીલ ડુરાં કહે છે કે "લોહીની દુર્ગંધમાંથી બચવા રોમનો થિયેટરની બેઠકો પર અત્તર લગાડતા. કરુણતા ભૂલી જવા માટે દારૂની મહેફીલો ઉડાવવામાં આવતી." ગુલામો ઉપર નિર્દયી ત્રાસ ગુજારવામાં આવતો અને પશુ સાથે તેને લડવા બળજબરીપૂર્વક ધકેલવામાં આવતો હતો. નિર્દયી રોમનો આનંદ ખાતર હજારો ગુલામો અને મૂંગા પ્રાણીઓને ક્રૂરતાથી મોતના મુખમાં ધકેલી દેતા હતા.*

*રોમનો ધાર્મિક વૃત્તિના હતા. પણ તેમાં અંધશ્રદ્ધાઓ પ્રચલિત હતી. તેઓ પ્રકૃતિના દેવોની પૂજા કરતાં હતા. પશુ અને માનવબલિ પ્રચલિત હતા. દરેક નગરને પોતાનો દેવ હતો. દરેક પરિવારનો સ્વતંત્ર ધર્મ હતો. સમય જતાં કુટુંબનો આ ધર્મ રાજધર્મ બનવા પામ્યો હતો.*

*આમ, રોમની સ્થાપનાથી માંડી રાજાશાહીના અંત સુધીમાં રોમનોએ વિવિધ ક્ષેત્રે વિકાસ સાધ્યો હતો. રાજાશાહી યુગ દરમિયાન રોમ એક વિશાળ નગર તરીકે ઊભરી આવ્યું હતું. એક વૈભવશાળી નગર તરીકે રોમની યુરોપના નગરોમાં ગણના થવા માંડી હતી.*

## 10.3 જ્યુલિયસ સીઝર

*રોમમાં જ્યુલિયસ સીઝર જેવો સરમુખત્યાર રાજા ઈ.સ.પૂર્વેની પ્રથમ સદીમાં સત્તા ઉપર આવ્યો. તેના સમયમાં રોમન સામ્રાજ્યની સ્થિતિ અસ્તવ્યસ્ત હતી. રાજ્યનું અર્થતંત્ર ખોરવાઈ ગયું હતું. ઉમરાવ વર્ગ ગરીબોનું શોષણ કરતો હતો. આ પરિસ્થિતિમાં જ્યુલિયસ સીઝરે રોમન સામ્રાજ્યને બચાવી લીધું હતું. પોતાની શક્તિ અને સામર્થ્યના પ્રતાપે જ્યુલિયસ સીઝર સેનાપતિ બન્યો અને સમયાંતરે રોમના એક બાહોશ સરદાર, રાજનીતિજ્ઞ અને પ્રભાવશાળી રાજપુરુષ તરીકે તથા પ્રથમ કક્ષાના નાગરિક તરીકે પ્રસિદ્ધ થયો હતો. મિસરની સુંદરી રાણી ક્લીઓપેટ્રા સાથે તેના સંબંધો જાણીતા બન્યા હતા. તેણે રોમને એક સુંદર નગર બનાવ્યું હતું.*

*જ્યુલિયસ સીઝરે પોતાના રાજ્ય અમલ દરમ્યાન નોંધપાત્ર સુધારા દાખલ કર્યા હતા. તેણે* 355 *દિવસના ચંદ્રમાસી પંચાંગણે બદલે સૂર્યમાસી પદ્ધતિ પર આધારિત નવું પંચાંગ*

*દાખલ કર્યું હતું. આ પંચાંગમાં* 365 *દિવસ રખાયા હતા. આ પંચાંગ જુલિયન પંચાંગના નામથી વર્ષો સુધી પ્રચલિત બન્યું હતું. આ પરથી જ આપણાં કેલેંડરમાં સાતમા માહિનાનું નામ જુલાઈ રાખેલ છે. જ્યુલિયસ સીઝર ઉત્તમ સેનાપતિની સાથે ઉત્તમ લેખક અને વક્તા હતો. તે ઈતિહાસ લેખક પણ હતો. તેણે લેટીન ભાષામાં પોતાના ફ્રાંસ પરના વિજય અને પરાક્રમનું વર્ણન કરતું સુંદર પુસ્તક 'કોમેંટ્રી' રચ્યું હતું. આ ગ્રંથ તેની ગદ્યશૈલી અને આત્મકથાનો સુંદર નમૂનો છે. ઈ.સ.પૂર્વે* 44*માં સેનેટમાં જ તેનું ખૂન કરવામાં આવ્યું હતું.*

## 10.4 ઓગસ્ટસ

*રોમના ઈતિહાસમાં ઓગસ્ટસનો યુગ સુવર્ણયુગ તરીકે ઓળખાય છે. તેણે પોતાના રાજ્યકાળ દરમિયાન અનેકવિધ સુધારા દાખલ કર્યા હતા. તેણે રાજકીય ઉપરાંત સામાજિક, ધાર્મિક અને આર્થિક ક્ષેત્રે નોંધપાત્ર સુધારા દાખલ કર્યા હતા. રાજ્યમાં ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે કુશળ સૂબેદારોની નિમણૂક કરી હતી. શહેરના વહીવટ માટે 'પ્રિફેક્ટ'* (Prefect) *જેવા અમલદારોની નિમણૂક કરી હતી. શહેરમાં અનાજ અને પાણીનો પુરવઠો પ્રાપ્ત થાય તે માટે પ્રબંધ કર્યો હતો. નવી ઈમારતો બનાવી નગરને સુંદર બનાવ્યું હતું. અનેક સભાગૃહો અને નાટ્યગૃહો બંધાવ્યા હતા. તેણે પોતે નોંધ્યું છે કે 'જ્યારે હું આવ્યો ત્યારે રોમ ઈંટોનું બનેલું હતું. હવે હું તેને આરસનું બનાવી મૂકી જાઉં છું.'*

*રાજ્યની આર્થિક સ્થિતિ સુધારવા ઓગસ્ટસે વિવિધ પગલાઓ લીધા હતા. રાજ્યમાંથી અયોગ્ય કરવેરા નાબૂદ કર્યા હતા તથા મચ્છીમારી અને મીઠાનો ઉદ્યોગ રાજ્ય હસ્તક મૂક્યો હતો. ઓગસ્ટસે બંધારણીય સુધારા દાખલ કર્યા હતા. સેનેટના સભ્યોની સંખ્યા* 900*માંથી* 600 *કરી હતી. સેનેટમાંથી વિદેશીઓને અને ગુલામોને દૂર કર્યા હતા. ઉમરાવોનો સેનેટમાં બેસવાનો ઈજારો રદ કર્યો હતો. સેનેટમાં પોતાનો પ્રભાવ વધાર્યો.*

*ઓગસ્ટસે લશ્કરી સુધારા દાખલ કર્યા હતા. નોકરીમાં શરતો, પગાર અને મુદત્ત વધારી હતી. લશ્કરની સંખ્યા પાંચ લાખથી ઘટાડી ત્રણ લાખ કરી હતી. નૌકાસૈન્યનું ગઠન કર્યું હતું.*

*સામાજિક ક્ષેત્રમાં પણ નોંધપાત્ર સુધારા દાખલ કર્યા હતા. કુટુંબજીવન સ્થિર થાય તથા લગ્નની પવિત્રતા જળવાય તે અર્થે 'જુલિયન' નામે ઓળખાતા કાયદા પસાર કર્યા હતા. લગ્નને ઉત્તેજન આપ્યું અને અપરણિત રહેનાર પર ભારે કરવેરા નાંખ્યા હતા. ગુલામો પર પ્રતિબંધ મૂક્યા હતા. ધર્મના ક્ષેત્રમાં અનેક મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો હતો. એપોલો (સૂર્ય) અને માર્સ (મંગળ)ના નવા મંદિરો બંધાવ્યા હતા. સામ્રાજ્યની એકતાના*

પ્રતીકરૂપે 'રોમા' નામનો ધર્મ સ્થાપ્યો હતો. તેણે રોમના પ્રતિક તરીકે 'રોમા' નામની દેવીની કલ્પના શરૂ કરી હતી. 'રોમા' ધર્મને રાષ્ટ્રીય ધર્મ બનાવ્યો હતો.

આમ, ઓગસ્ટસના સમયમાં રાજકીય, આર્થિક, સામાજિક, ધાર્મિક, લશ્કરી સુધારા દાખલ કરવામાં આવ્યા હતા. ઓગસ્ટસનો યુગ એ રોમન ઈતિહાસમાં સુવર્ણયુગ તરીકે ઓળખાય છે.

## 10.5 રોમન રાજ્યતંત્ર

રાજ્યતંત્રના ક્ષેત્રમાં રોમનું મહત્વનું સ્થાન છે. વહીવટમાં પ્રણાલી અને લોક અવાજને પૂરતો ન્યાય આપ્યો છે. તેમણે સેનેટ અને પ્રજાકીય સંસ્થાઓનું રાજકીય ક્ષેત્રે મહત્વ જાળવ્યું હતું. તેમણે રાજાશાહી અને લોકશાહીના મિશ્રણવાળું વ્યવસ્થાતંત્ર ઊભું કર્યું હતું. રોમના શાસનતંત્રમાં સેનેટ મહત્વનો અંકુશ ધરાવતી હતી. સેનેટ રાજાને સલાહસૂચન આપતી હતી. સેનેટ વિદેશનીતિ અને રાજાની પસંદગીમાં મહત્વનો ભાગ ભજવતી હતી. આ ઉપરાંત રોમન રાજ્યતંત્રમાં પ્રજાના અધિકારોના રક્ષણ માટે ટ્રિબ્યુન જેવી સંસ્થા વિકાસ પામી હતી. રાજ્યની સાચી સત્તા ટ્રિબ્યુનના હાથોમાં રહેતી હતી. પ્રજાકીય સ્વાતંત્ર્ય જાળવવામાં તેનું મહત્વનું સ્થાન હતું. વહીવટી સુગમતા માટે રાજ્યોને જુદા જુદા વિભાગોમાં વહેચી નાંખવામાં આવ્યા હતા અને વિભાગોને વિવિધ ખાતામાં વહેંચવામાં આવ્યા હતા. દરેક ખાતા ઉપર જુદા જુદા અધિકારીઓની નિમણૂક, અધિકારીઓ ઉપર નિયંત્રણ, લશ્કરી સુધારા, કાયમી સૈન્યની પ્રથા, લશ્કરમાં મજબૂત વર્ગને સ્થાન આપવાની શરૂઆત વગેરે રોમન રાજ્યતંત્રના વિશિષ્ટ લક્ષણો હતા. રાજ્યતંત્રમાં એમ્પેરર,ઝાર, કૈસર, ઈંપરેટર, સીઝર વગેરે જેવા શબ્દો રોમન શાસનતંત્રની વિશ્વને ભેટ છે. જો કે આ શબ્દો આપખુદ અને એકચક્રી શાસનના પ્રતીક સમાન છે.

## 10.6 વિશ્વ સામ્રાજ્યનો આદર્શ

રોમન સંસ્કૃતિએ સમગ્ર વિશ્વને 'વિશ્વ સામ્રાજ્ય' કે 'વિશ્વ રાજ્ય'નો વ્યવહારુ સ્વરૂપનો ખ્યાલ આપ્યો છે. રોમનોએ વિશાળ સામ્રાજ્યનું સર્જન કર્યું, જે 500 વર્ષ સુધી (ઈ.સ.પૂર્વે 27 થી ઈ.સ. 476) સુધી ટકી રહ્યું, જેની પાછળ રોમનોની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. એટલે જ કહેવાય છે કે 'રોમ એક દિવસમાં બંધાયું ન હતું.' ઓગસ્ટસે ઈ.સ. પૂર્વે 27માં સત્તા સંભાળ્યા બાદ રોમન સામ્રાજ્યનો પાયો નંખાયો હતો. રોમે 500 વર્ષના ગાળામાં ઈટાલી પર પ્રભુત્વ સ્થાપીને વિશાળ સામ્રાજ્યની સ્થાપના કરી હતી. સામ્રાજ્યની સ્થાપના કરીને તેના પ્રાંતો પાડીને તેના વહીવટ માટે ગવર્નરોને નિયમિતપણે નિમણૂક આપી કાર્યક્ષમ વહીવટીતંત્ર સ્થાપ્યું અને કાયદામાં એકસૂત્રતા લાવી સુવ્યવસ્થાનો પાયો નાંખ્યો હતો. અર્નેસ્ટ બાર્કર લખે છે કે, "સિકંદરે આરંભેલી

*સામ્રાજ્યવાદી પ્રક્રિયાને રોમનોએ પરિપૂર્ણ કરી હતી." આમ, વિશ્વસામ્રાજ્યનો આદર્શ અને ખ્યાલ રોમન સંસ્કૃતિએ આપ્યો હતો.*

## 10.7 લેટિન ભાષાની અમૂલ્ય ભેટ

*રોમની સંસ્કૃતિએ વિશ્વને લેટિન ભાષાની ભેટ આપી અનુપમ કાર્ય કર્યું છે. પ્રોફેસર હેનરી લુકાસ મતે "રોમન સંસ્કૃતિની એક મૌલિક ભેટ લેટિન ભાષા હતી, રોમન સમ્રાટોના સરંક્ષણ હેઠળ તે ભાષા ઝડપથી આંતરરાષ્ટ્રીય સાર્વભૌમ ભાષા બની ગઈ. તે યુરોપની ઈટાલિયન, ફ્રેંચ, પોર્ટુગીઝ, સ્પેન, રૂમાનિયન અને અંગ્રેજી જેવી પ્રાદેશિક ભાષાઓની જનેતા લેખાય છે." રોમના લોકો,વ્યાપારીઓ તથા સૈનિક અધિકારીઓ લેટિન ભાષામાં જ વાતચીત કરતાં હતા. ચિકિત્સકો અને ઔષધિઓને જાણનારા લોકો ઔષધિનું નામ લેટિનમાં જ લખતા હતા. સમ્રાટ ઓગસ્ટસનો યુગ લેટિન સાહિત્યનો સુવર્ણયુગ કહેવાય છે. વર્જિલ અને અન્ય રોમન સાહિત્યકારોએ લેટિન ભાષામાં ઉત્તમ સાહિત્યની રચનાઓ કરી લેટિન ભાષાનું ગૌરવ વધાર્યું હતું. આમ, વિશ્વને લેટિન ભાષા અને લેટિન સાહિત્યનો વારસો રોમે આપ્યો હતો. પ્રોફેસર વેબસ્ટરે યોગ્ય જ લખ્યું છે કે, "રોમની 'લેટિન' ભાષાએ માનવ જાતિના બૌદ્ધિક જીવનને સમૃદ્ધ કર્યું છે."*

### રોમન સાહિત્ય

*ગ્રીસના ધર્મ, સાહિત્ય અને તત્વજ્ઞાને રોમન પ્રજા ઉપર અસર કરી હતી. રોમમાં ઈતિહાસ, તત્વજ્ઞાન, કાયદાશાસ્ત્ર વગેરેનો અભ્યાસ વધ્યો હતો. રોમનોએ પ્રાચીન જગતને લેટિન ભાષા અને લેટિન સાહિત્યની ભેટ ધરી છે. આધુનિક યુરોપની તમામ ભાષાની જનની લેટિન ભાષાને માનવામાં આવે છે. 'ઓડીસી' મહાકાવ્યનું લેટિનમાં ભાષાંતર કરવામાં આવ્યું હતું. વર્જિલ, સિસેરો રોમના સાહિત્યકારો હતા.*

*વર્જિલ ઓગસ્ટસના દરબારનો પ્રસિદ્ધ કવિ હતો. તેણે ઊર્મિકાવ્યોની રચના કરી છે. વર્જિલ દ્વારા લખાયેલ કાવ્ય 'એનીડ' મહાકાવ્ય ખૂબ પ્રસિદ્ધ છે. તેમાં રોમની ગૌરવગાથા અલેખાયેલી છે. તેના અન્ય કાવ્યોમાં 'જ્યોર્જિક્સ' અને 'એક્લોગસ' મહત્વના છે જેમાં તેણે ખેતી અને ગ્રામીણ જીવનનું વર્ણન કર્યું છે.*

*ઓગસ્ટસ યુગનો બીજો કવિ હોરેસ હતો. તેણે શ્રેષ્ઠ ઊર્મિકાવ્યોની રચના કરી હતી. તેના કટાક્ષ કાવ્યોમાં રોમન સમાજનું આબેહૂબ વર્ણન કરવામાં આવ્યું છે. તેના કાવ્યોમાં પ્રકૃતિ પ્રેમ અને ગ્રામ્ય જીવન વિષે જાણવા મળે છે. તેની રચનાઓમાં 'ઓડજ', 'ઈપોડેસ', 'એપિસ્ટલ્સ', 'કોર્મેન સેકલ્યુર' અને 'આર્સેપોએ ટીકા' મહત્વના છે. લેટિન ભાષાને સમૃદ્ધ કરવામાં તેણે નોંધપાત્ર ફાળો આપ્યો છે.*

આ યુગમાં પદ્ય સાહિત્ય કરતા ગદ્ય સાહિત્યનો વિકાસ થયો હતો. લેવી ગદ્યલેખક હતો. 'લેવી' ઓગસ્ટસ યુગનો નોંધપાત્ર ઈતિહાસકાર હતો. તેણે 40 વર્ષના પરિશ્રમને અંતે 'રોમના ઈતિહાસ' પર અનેક ગ્રંથો લખ્યા હતા. તેણે લખેલા ગ્રંથોમાંથી આજે માત્ર 35 ગ્રંથ ઉપલબ્ધ છે.

સિસેરો મહાન ગદ્યલેખક હતો. તેણે 'ઓન ઓલ્ડ એજ' અને 'ઓન ધ નેચર ઓફ ગોડસ' નામે બે નિબંધો લખ્યા હતા. તેનું રાજકીય ચિંતન તેના 'ઓન ધ સ્ટેટ' અને 'ઓન ધ સ્ટેટ' અને 'ઓન ધ લોઝ' નામના ગ્રંથોમાં જોવા મળે છે. તેને 'આધુનિક યુરોપીય ગદ્યનો જન્મદાતા' પણ કહેવામાં આવે છે. તે લેટિન સાહિત્યનો નિર્માતા હતો અને તેના સમયમાં લેટિન ભાષા પૂર્ણ કક્ષાએ ખીલી હતી.

પ્રાચીન જગતના સાહિત્યમાં રોમનોની કોઈ મહાન ભેટ હોય તો તે બાઈબલ છે. બાઈબલ ખ્રિસ્તી ધર્મનો આધારભૂત ગ્રંથ છે.

રોમન લેખકોએ લેટિન ભાષામાં સાહિત્યની રચના કરી રોમનું ગૌરવ વધાર્યું હતું. રોમના પ્રસિદ્ધ ઈતિહાસકારોમાં પોલીબિયસ, જુલિયસ સીઝર, લિવી, ટેસિટસ, પ્લુટાર્ક, સુએટાનિયસ અને જૉસેફસ નોંધપાત્ર હતાં. આ લેખકોએ આધુનિક દ્રષ્ટિકોણ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી ઐતિહાસિક ગ્રંથોની રચના કરી હતી. બીજા શબ્દોમાં કહીએ તો રોમન ઈતિહાસકારોએ ઈતિહાસ લેખનવિદ્યાની આધુનિક પદ્ધતિને જન્મ આપ્યો હતો.

રોમનોને નાટ્ય-સાહિત્યમાં કરુણાંતને સ્થાને સુખાંત નાટકો લોકોને વધુ પસંદ પડતાં હતા. આ સમયના મૌલિક કાવ્યોમાં ઊર્મિ, પ્રેમ અને તિરસ્કાર વધુ જોવા મળે છે. સિસેરોના નિબંધો અને જુલિયસ સીઝરનો ગ્રંથ 'કોમેંટરીઝ' સાહિત્યમાં મહત્વનુ સ્થાન ધરાવતા હતા. ઈતિહાસલેખક એંટીયાસે 'ઇતિહાસના ગ્રંથ' દ્વારા રાજકીય બનાવોનું આબેહૂબ વર્ણન કર્યું છે. સાહિત્યની સાથે કલાના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ થઈ હતી. મકાનની દીવાલો પર આરસ ચોંડવામાં આવતા. ભવ્ય નાટ્યગૃહો અને ભવનો બંધાયા હતા.

**વિજ્ઞાન :**

રોમન પ્રજાએ વિજ્ઞાનના ક્ષેત્રમાં કોઈ ખાસ પ્રગતિ સાધી ન હતી. આમ છતાં લુક્રિશિયસ, વેરો, પ્લિની, એલ્ડર જેવા વિજ્ઞાનીઓએ નોંધપાત્ર ફાળો આપ્યો છે. પ્લિનીનો ગ્રંથ 'નેચરલ હિસ્ટ્રી' નામનો ગ્રંથ ભૂગોળ, બ્રહ્માંડ, માનવવિદ્યા, વનસ્પતિશાસ્ત્ર, ઔષધશાસ્ત્ર, ખનિજશાસ્ત્ર અને કલાના વિષયો ઉપર વિસ્તૃત માહિતી પૂરી પાડે છે. તેનો આ ગ્રંથ લેટિન ભાષામાં 'વૈજ્ઞાનિક સર્વજ્ઞાનસંગ્રહ' છે. પ્લિની લખે છે કે "જો કોઈ મનુષ્ય લાંબા સમય સુધી નિરાહાર રહે, તો તેનો શ્વાસ એટલો બધો વિષયુક્ત થઈ જાય છે કે તેનાથી સર્પ પણ મરી જાય છે." તબીબી ક્ષેત્રમાં પણ રોમનોએ પ્રગતિ પ્રાપ્ત કરી હતી. સમ્રાટ

*વેસ્પાસિયને સૌપ્રથમ દવાખાનાની સ્થાપના કરી હતી તથા તબીબી અધ્યાપકોને પ્રેરણા પૂરી પાડવા માટે પગાર આપવાનું શરૂ કર્યું હતું. 'જાહેર હોસ્પિટલ પદ્ધતિ'ની શરૂઆત વિશ્વમાં સૌથી પહેલા રોમનોએ કરી હતી. તબીબી ક્ષેત્રમાં રોમનોએ ઔષધાલય પદ્ધતિ શરૂ કરી હતી. રાજ્યહસ્તકનાં ઔષધાલયોમાં વિવિધ રોગોની ચિકિત્સા કરવામાં આવતી હતી. વિવિધ રોગોનાં ઔષધોનું સંશોધન કરવામાં આવ્યું હતું.*

*સ્ટ્રેબો નામના ભૂગોળવેત્તાએ 'ભૂગોળ' ઉપર ૧૫ જેટલા ગ્રંથો લખ્યા છે, જેમાં તેણે પ્રાચીન વિશ્વની ભૌગોલીક સ્થિતિનું વર્ણન કર્યું છે. ટોલેમીએ તેના* 'Almagest'*માં તારાની એક યાદી તૈયાર કરી હતી. તે 'ભૂગોળના પંડિત' તરીકે વિશ્વ ઈતિહાસમાં પ્રસિદ્ધ છે. ટોલેમીએ સંશોધન કર્યું હતું કે પૃથ્વીની આસપાસ સાત ગ્રહો – સોમ, મંગળ, બુધ, બૃહસ્પતિ, શુક્ર, શનિ અને રવિ પરિભ્રમણ કરે છે.*

**કલા :**

*રોમનોએ ગ્રીસ પાસેથી કલાનો શોખ કેળવ્યો હતો. રોમન સરદારો જ્યારે ગ્રીસમાં જતા ત્યારે એથેન્સમાંથી શિલ્પકૃતિઓ પોતાના વતનમાં લઈ આવતા હતા. રોમન શિલ્પો પર ગ્રીકકલાની સ્પષ્ટ અસર વર્તાય છે. ઈતિહાસમાં એવું કહેવાય છે કે રોમ એ શિલ્પકલાનું વિદ્યાધામ નહીં પણ સંગ્રહસ્થાન હતું. રોમન શિલ્પોમાં 'વિનસ-દ-મિલો'નું શિલ્પ જગવિખ્યાત છે. આ ઉપરાંત જુલિયસ સીઝર અને મિનર્વા દેવીની કલાકૃતિઓ ખૂબ જ જાણીતી છે. ઓગસ્ટસના યુગમાં અનેક ભવ્ય મકાનો, મહેલો, નાટ્યગૃહો અને સભાખંડોથી રોમન સ્થાપત્ય સમૃદ્ધ બન્યું હતું. તેના સમયમાં રોમ અનેક પ્રકારની ઈમારતોથી આરસ નગરી બન્યું હતું.*

*રોમમાં ચિત્રકલા, સંગીત અને નૃત્યકલાનો પણ વિકાસ થયો હતો. વાસણો અને ભીંતો ઉપર ચિત્રકલાના સુંદર નમૂના જોવા મળે છે. રોમન ચિત્રકલા સુરેખભાત, સપ્રમાણતા અને રંગોની મિલાવટથી જગવિખ્યાત બની હતી. ચિત્રકલા ઉપરાંત રોમનો ધાતુકામ પણ જાણતા હતા. કિમતી ધાતુ અને હાથીદાંત પર સુંદર નકશીકામ કરવામાં આવતું. કાચમાંથી આકર્ષક વસ્તુઓ બનાવવાનું તેઓ જાણતા હતા. ખુરશી, ટેબલ, પલંગ વગેરે ઉપર સુંદર કોતરકામ કરવામાં આવતું હતું. વકતૃત્વનો પણ સારા એવા પ્રમાણમાં વિકાસ થયો હતો. વકતૃત્વકલામાં સિસેરો નિષ્ણાત હતો. અહીં વકૃત્વકલાનું વિશિષ્ટ શિક્ષણ આપવામાં આવતું હતું. આમ, રોમન સંસ્કૃતિએ કલાના ક્ષેત્રમાં જગતને મૌલિક વારસો આપ્યો છે.*

**રોમન કાયદો :**

*રોમના કાયદાની બુનિયાદ લોકશક્તિ હતી. આ કાયદાઓ રોમન પ્રજાની સાર્વભૌમ આકાંક્ષાનું પ્રતિબિંબ હોય, દરેક નાગરિક માટે તેનું પાલન અનિવાર્ય ગણાતું.*

કોઈ પણ ગુનેગાર નિર્દોષ ભલે છૂટી જાય, પરંતુ નિર્દોષને સજા ન જ થવી જોઈએ.' પ્રોફેસર એસ.આર.શર્મા યથાર્થ નોંધે છે કે, "સાહિત્ય, કલા અને તત્વજ્ઞાનના ક્ષેત્રે રોમે કોઈ વિશિષ્ટ ફાળો આપ્યો નથી, પરંતુ કાયદો, લશ્કરી વ્યવસ્થા, વિવિધ પ્રજાઓ ઉપર રાજ્યવહીવટ અને બીજી વ્યવહારુ બાબતોમાં તેની તોલે આવે તેવું ભાગ્યે જ કોઈ હશે." રોમન સંસ્કૃતિમાં તેના કાયદાઓ મહત્વનું સ્થાન ધરાવે છે. રોમની શાસનવ્યવસ્થા વિશ્વપ્રસિદ્ધ બની તેનું કારણ તેની ન્યાયપૂર્ણ કાનૂન પદ્ધતિ હતી. રોમની પ્રગતિના મૂળમાં તેના કાયદાઓએ અગત્યની ભૂમિકા ભજવી છે. ઈ.સ.પૂર્વે 450માં પ્રથમ વાર 12 કોષ્ટકોમાં તત્કાલીન સમયના કાયદાઓ અને રૂઢીઓનો સંગ્રહ કરી પત્થર ઉપર કોતરાવી જાહેરમાં મૂક્યા હતા. રોમન સામ્રાજ્યનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ કાયદાઓનો પણ વિકાસ થતો ગયો હતો. વિશ્વને સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય કાયદાઓ આપ્યા હોય તો તે રોમનોએ આપ્યા હતા. પ્રજા અને રાજ્ય વચ્ચેના સંબંધોને સ્પષ્ટ કરવા રોમનોએ કાયદા ઘડયા હતા. આ કાયદાઓ ઘડતા સમયે પરંપરા અને રૂઢિઓનો ખ્યાલ રાખવામાં આવ્યો હતો. અહીં નોંધવું ઘટે કે આ કાયદાઓનું સ્પષ્ટીકરણ કરવા કાયદાશાસ્ત્રીઓનો એક વર્ગ થયો હતો. જેમાં સિસેરો અને ક્વીન્ટસે મહત્વની ભૂમિકા ભજવી હતી. સમય જતાં કાયદાશાસ્ત્રનો વિકાસ થયો. રોમનોનું સૂત્ર હતું કે, "રીવાજ એ કાયદાનું ઉત્તમ અર્થઘટન છે."

કાયદા દ્વારા રોમનોએ વ્યવસ્થિત ન્યાયપદ્ધતિ ઊભી કરી હતી. ચાર્લ્સવર્થ નામના વિદ્વાન પોતાના ગ્રંથ 'રોમન એમ્પાયર'માં લખે છે કે, "રોમન શાસને તેના વિશાળ સામ્રાજ્યમાં કદાચ જો કોઈ મોટામાં મોટો લાભ આપ્યો હોય તો તે સમાન ન્યાયપદ્ધતિનો હતો." રોમન સામ્રાજ્યએ પોતાના અર્થતંત્રને મજબૂત કરવા તથા મિલકત અને નાણાકીય સંબંધોને જાળવી રાખવા માટે વિવિધ કાયદાઓ ઘડયા હતા. સમ્રાટ ઓગસ્ટસે પોતાની પ્રજામાં નીતિના ધોરણો જાળવી રાખવા માટે કાયદાઓ ઘડયા હતા જે 'જુલિયન કાયદાઓ'ના નામે ઓળખાયા હતા. આ બધામાં સમ્રાટ જસ્ટિનિયનનું નામ આગળ પડતું છે. કાયદા ક્ષેત્રમાં તેણે કરેલા સુધારા નોંધપાત્ર છે. જસ્ટિનિયનના કાયદાસંગ્રહમાં દીવાની, મુલ્કી, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ઉલ્લેખ જોવા મળે છે. જગતના ન્યાયશાસ્ત્રના ક્ષેત્રમાં જ્યુરિસ પૃડન્સ લૉ, લેજીસ્લેશન, લિગલ, જસ્ટિસ જેવા શબ્દો રોમનોએ પોતાના કાયદાઓમાં વાપર્યા હતા, જે વિશ્વને અનુપમ ભેટ ગણાવી શકાય.

રોમન કાયદાઓની વિશેષતા એ હતી કે આ કાયદાઓ જેટલા રાષ્ટ્રીય હતા તેટલા જ આંતરરાષ્ટ્રીય પણ હતા. મનુષ્યજીવન અને મનુષ્યની પ્રવૃત્તિને લગતા અનેકવિધ કાયદાઓ જે રોમ આપ્યા છે તે માટે કેવળ યુરોપ ક નહિ બલ્કે સમગ્ર વિશ્વ તેમનું સદાય ઋણી રહેશે. સમગ્ર વિશ્વના ન્યાયતંત્રને રોમન કાયદાઓએ સમૃદ્ધ કર્યું છે એ અવશ્ય કહી શકાય. રોમન વહીવટીતંત્રે એકસરખી ન્યાયપદ્ધતિ માટે કાયદાઓ આપી જગતની

*જે સેવા કરી છે તેને માટે તેને યાદ કરવામાં આવશે. લોર્ડ બ્રાઈસ યોગ્ય જ લખે છે કે, "જો રોમન કાયદો ન હોત તો લોકો રોમન સામ્રાજ્યને પણ ભૂલી જાત."*

**ખ્રિસ્તી ધર્મ :**

*ખ્રિસ્તી ધર્મને વેગવાન બનાવવાનું અને તેનો વિકાસ કરવાનું શ્રેય રોમનોને ફાળે જાય છે. પ્રોફેસર બી.વી.રાવના મતે "વિશ્વમાં આજે સૌથી મહાન ધર્મ ખ્રિસ્તી ધર્મ છે. તેનો વિકાસ રોમન સામ્રાજ્યમાં થયો અને સમગ્ર યુરોપમાં તેનો પ્રચાર કરવાનું શ્રેય રોમનોને જાય છે." રોમન સામ્રાજ્યના પ્રારંભિક વર્ષોમાં રોમન સમ્રાટોએ ખ્રિસ્તી ધર્મના પ્રચારકોને ખૂબ સતાવ્યા; તેને 'કોલોસિયમ'માં ભૂખ્યા સિંહોની સમક્ષ ફેંકી દેવામાં આવતા. પરંતુ રોમન સમ્રાટ કોન્સ્ટેનટાઈન ખ્રિસ્તી ધર્મ સ્વીકારીને પ્રથમ ખ્રિસ્તી સમ્રાટ થવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું અને આ ધર્મને રાજ્ય ધર્મ તરીકે ઘોષિત કર્યો. આના પરિણામે રોમનું સામ્રાજ્ય રાજકીય દ્રષ્ટિએ સર્વોચ્ચ સ્થાન ભોગવતું હતું અને હવે રોમનું સેન્ટપિટરનું દેવળ ધાર્મિક દ્રષ્ટિએ સર્વોચ્ચ બન્યું. "જે રોમનોએ ખ્રિસ્તી ધર્મનો પ્રારંભમાં વિરોધ કર્યો તેના જ તેઓ પરમ અનુયાયીઓ બન્યા હતા. ખ્રિસ્તી ધર્મે રોમનોને વિશાળ દ્રષ્ટિ, એકતા અને ભાતૃભાવ કેળવવા પ્રેર્યા. સમ્રાટ થિયોડોસિયસના અમલમાં ખ્રિસ્તી ધર્મ એક માત્ર રાજકીય ધર્મ બની ગયો." આમ, ખ્રિસ્તી ધર્મના પ્રચાર અને વિકાસમાં રોમનોનો મોટો ફાળો રહેલો છે.*

*સમાપન :*

*આમ, રોમન સંસ્કૃતિએ વિશ્વને અનેક ક્ષેત્રોમાં અનુપમ ભેટ ધરી મહત્વનું પ્રદાન કર્યું છે. રોમન સંસ્કૃતિ અને સભ્યતાનો પ્રભાવ સંપૂર્ણ યુરોપ પર પડ્યો અને સમય જતા રોમન સંસ્કૃતિની પૃષ્ઠભૂમિમાં યુરોપીય રાજ્યોનું સાંસ્કુતિક ઉત્થાન થયું હતું. રાજકીય ચિંતનથી માંડી ધર્મ, વિજ્ઞાન, તબીબી ક્ષેત્ર, ખગોળ, કલા અને સ્થાપત્યના ક્ષેત્રમાં રોમન સંસ્કૃતિએ મહત્વનું પ્રદાન કર્યું છે. વિશ્વને લેટિન ભાષાનો વારસો આપ્યો છે. સાહિત્ય અને કાયદાના ક્ષેત્રમાં રોમનું પ્રદાન અતિ મહત્વનું છે. પ્રોફેસર હર્નશાના શબ્દોમાં કહીએ ટો "રોમન સામ્રાજ્યે વિશ્વ શાંતિની સ્થાપના કરીને સુંદર માર્ગોની જાળ વડે વિશાળ પ્રદેશોને એક સાથે સાંકળ્યા, ન્યાય અને કાયદાનું અદ્વિતીય ધોરણ સ્થાપ્યું અને જાળવ્યું, વિસ્તૃત વ્યાપાર વિક્સાવ્યો. સામ્રાજ્યના દરેક વિભાગમાં લોકોપયોગી કાર્યો કર્યા હતાં." પ્રોફેસર વેબસ્ટરે સાચું જ કહ્યું છે કે "રોમની ભાષા અને કાયદાએ માનવજાતિના બૌદ્ધિક જીવનને સમૃદ્ધ બનાવ્યું છે."*

## 10.8 તમારી પ્રગતિ તપાસો

**નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારથી તૈયાર કરોઃ**

1. *રોમન સંસ્કૃતિના વારસા પર નોંધ લખો.*

2. *સાહિત્ય અને વિજ્ઞાન ક્ષેત્રમાં રોમના પ્રદાનનું મૂલ્યાંકન કરો.*

3. *રોમન કાયદાઓ પર નોંધ લખો.*

4. *કલા અને સ્થાપત્યના ક્ષેત્રમાં રોમની પ્રગતિ નોંધો.*

5. *રોમન સંસ્કૃતિના લક્ષણો તપાસો.*

## 10.9 ચાવીરૂપ શબ્દો

**કોન્સેલ** *રોમન ગણતંત્રમાં સર્વોચ્ચ પદાધિકારી*

**એમ્પેરર** *શહેનશાહ જુલિયસ સીઝર – રોમના સમ્રાટનું નામ. તેના નામ પરથી 'જુલાઈ' મહિનાનું નામ અપાયું છે.*

**ઓગસ્ટસ** *રોમના સમ્રાટનું નામ. તેના નામ પરથી 'ઓગસ્ટ' મહિનાનું નામ અપાયું છે.*

**કોલોસિયમ** *રોમનું એક વિશાળ ગોળાકાર એમ્ફિથિયેટર જ્યાં સમ્રાટ બેસતો અને ત્યાં વિવિધ કાર્યક્રમો થતાં.*

**નીચેનામાંથી કયાવિધાનો સાચા છે અને કયા ખોટા છે તે દર્શાવો :**

1. *'નેચરલ હિસ્ટ્રી'ની રચના પ્લિનીએ કરી નથી.*
2. *જુલિયન કેલેન્ડર (પંચાંગ) એ વિશ્વને રોમની મોટી ભેટ છે.*
3. *વિશ્વ સામ્રાજ્યનો આદર્શ રોમે વિશ્વને આપ્યો છે.*
4. *લેટિન ભાષા એ રોમન સંસ્કૃતિની વિશ્વને મહાનતમ ભેટ છે.*
5. *કાયદાઓના ક્ષેત્રમાં રોમન સંસ્કૃતિનું અનેરું પ્રદાન છે.*
6. *રોમમાં ખ્રિસ્તી ધર્મનો વિકાસ થયો ન હતો.*
7. *જુલિયસ સીઝર ઈતિહાસલેખક હતો.*
8. *'કોમેંટ્રી'ની રચના ઓગસ્ટસે કરી હતી.*

**સાચા જવાબ :**

| | | | | |
|---|---|---|---|---|
| (1) *ખોટું* | (2) *સાચું* | (3) *સાચું* | (4) *સાચું* | (5) *સાચું* |
| (6) *ખોટું* | (7) *સાચું* | (8) *ખોટું* | | |

## 10.10 સંદર્ભ


- *નેહરૂ, જવાહર, જગતના ઈતિહાસનું રેખાદર્શન*
- *આચાર્ય, નવીનચંદ્ર, પરમાર, થોમસ, જગતની અગ્રગણ્ય સભ્યતાઓ*
- *પટેલ, જશુભાઈ, જગતના ઈતિહાસની*

**એકમ : 11** | **વૈદિક સંસ્કૃતિ**

**:: રૂપરેખા ::**


**11.0** ઉદ્દેશો

**11.1** પ્રસ્તાવના

**11.2** વિવિધ મતો

**11.3** વૈદિકયુગના બે ભાગ

**11.4** ઋગ્વેદયુગીન (પૂર્વ-વૈદિક)સંસ્કૃતિ

- **11.4.1** રાજકીય જીવન/સ્થિતિ
- **11.4.2** સામાજિક જીવન/સ્થિતિ
- **11.4.3** આર્થિક જીવન/સ્થિતિ
- **11.4.4** શિક્ષા
- **11.4.5** કેળવણી
- **11.4.6** ધર્મ અને દર્શન

**11.5** તમારી પ્રગતિ ચકાસો

**11.6** ઉત્તર વૈદિક (અનુવૈદિક) સંસ્કૃતિ

- **11.6.1** રાજકીય જીવન/સંસ્કૃતિ
- **11.6.2** સામાજિક-ધાર્મિક જીવન સ્થિતિ
- **11.6.3** કેળવણી

**11.7** સારાંશ

**11.8** તમારી પ્રગતિ ચકાસો

**11.9** ચાવીરૂપ શબ્દો

**11.10** સંદર્ભો


## 11.0 ઉદ્દેશો

*આ એકમનાં અભ્યાસ પછી .....*

- આર્યોના મુળ નિવાસ્થાન વિશે જાણી શકાશે.
- ઋગ્વેદ યુગીન (પૂર્વ વૈદિક) સમયની રાજકીય, સામાજિક, આર્થિક વિશેની જાણકારી મેળવી શકાશે.
- ઉત્તર વૈદિક (અનુવૈદિક) સમયની રાજકીય, સામાજિક અને ધાર્મિક જીવન વિશેની વિસ્તૃત માહિતી મેળવી શકાશે.

## 11.1 પ્રસ્તાવના

સામાન્ય રીતે સિંધુ સભ્યતાના પતન બાદ આર્યોની નવીન સભ્યતા 'આર્યોની સંસ્કૃતિ' કે 'ભારતીય વેદ સંસ્કૃતિ' નો વિકાસ થયો એમ કહી શકાય. 'આર્ય' એક અત્યંત શ્રેષ્ઠ અને સુસંસ્કૃત જાતિ હતી.

આર્યોના મૂળ નિવાસસ્થાન વિશે વિધ્વાનોમાં વિવિધ મતભેદો છે. આબોહવાની પ્રતિકૂળતા, વસ્તીનો વધારો કે ઘાસચારાની તીવ્ર તંગીને કારણે કે પછી બીજા કોઈ કારણોસર આર્યોએ પોતાનું વતન છોડ્યું હતું એમ માનવામાં આવે છે. આર્યોના મૂળ વતન વિશે પાંચ મતો પ્રવર્તે છે. (1) ઉત્તર ધ્રુવવૃત (h) મધ્ય એશિયાના મેદાનો (3) ડાન્યુબ નદીનો ફળદ્રુપ ખીણ પ્રદેશ (4) દક્ષિણ રશિયા અને (Ãk) ભારત ભૂમિ.

## 11.2 વિવિધ મતો

લોકમાન્ય તિલકના મતે, આર્યોનું મૂળ વતન ઉત્તર ધ્રુવ (Arctic Region) હતું. (The Arctic home of the Ayrans) નામના પુસ્તકમાં પોતાના વિચારો રજૂ કરેલ છે.

- આર્યોનું મૂળ વતન ઈરાનની ઉત્તરે અને કાસ્પિયન સમુદ્રની પૂર્વે (મધ્ય એશિયા)માં હતું. રૂા મતના પ્રણેતા રહોડ નામના વિદ્વાન છે. પ્રો. મેક્સમૂલરે આ મતને સમર્થન આપ્યું છે. ડૉ. ગાઈલ્સ માને છે કે, આર્યોનું મૂળ વતન ડાન્યુબ નદીના ખીણ પ્રદેશ હતો.
- પ્રો. માયર્સના મતે, આર્યોનું મૂળ વતન દક્ષિણ રશિયા એટલે કાસ્પિયન સમુદ્રની પૂર્વનો પ્રદેશ હતું.
- પ્રો. એસ.સી. નિલકંઠ શાસ્ત્રી, શ્રી અવિનાશ ચંદ્રવ્યાસ અને ક.મા.મુનશી જેવા ભારતીય વિદ્વાનો માને છે કે, આર્યોનું મૂળ ભારત ભૂમિ જ હતું.
- શ્રી એ.સી.દાસ માને છે કે, આર્યોનું મૂળ વતન સપ્તસિંધુનો પ્રદેશ પંજાબ
- શ્રી ગંગાનાથ જહાં આર્યોનું મૂળ વતન બ્રહ્મર્ષિ દેશને ગણાવે છે.
- શ્રી એ.ડી.કલ્લા આર્યોનું મૂળ વતન કાશ્મિર અને હિમાલયનો પ્રદેશ બતાવે છે.

આર્ય સંસ્કૃતિનો વિસ્તારપટ ઘણો જ મોટો છે. તે મહાન ઋષિમુનિના સમય થી તે છેક ગૌતમ બુધ્ધના સમય સુધીનો ગણાવી શકાય.

## 11.3 વૈદિકયુગના બે ભાગ

*આ સંસ્કૃતિના અભ્યાસની સરળતા માટે બે ભાગમાં પાડવામાં આવે છે.(1) પૂર્વ-વૈદિક સંસ્કૃતિ (વૈદિક) અને (2) ઉત્તર વૈદિક સંસ્કૃતિ (અનુ વૈદિક સંસ્કૃતિ).*

## 11.4 ઋગ્વેદયુગીન (પૂર્વ-વૈદિક)સંસ્કૃતિ

### 11.4.1 રાજકીય જીવન/સ્થિતિ

*આર્યોના રાજકીય જીવનનો મૂળ આધાર પણ કુટુંબ હતું. કેટલાય કુટુંબો મળીને એક ગામ બનતું હતું. જેનો મુખી 'ગ્રામણી' કહેવાતો. કેટલાક ગામોના સમૂહને 'વિશ' કહેતા તથા પ્રત્યકે 'વિશ'નો એક 'વિશપતિ' હતો. પ્રત્યેક જનનું રાજકીય જીવન લગભગ સમાન હતું.*

**(1) જન તથા જનરાજય**

*ઋગ્વેદમાં કેટલાય કબીલા તથા જનોના નામો આવે છે. જેમાં ભરત (જેનાથી આપણા દેશનું નામ ભારત પડ્યું), મત્સ્ય, ક્રિવિ, યદુ, પુરુ, અનુ, ચેદી, ગાંધાર વગેરે પ્રસિધ્ધ હતાં. આ કબીલાઓનું રાજકીય સંગઠન એકસમાન ન હતું. કેટલાક કબીલાઓએ તો ગણરાજયો સ્થાપિત કર્યા હતાં. જયાં શાસન રાજાને બદલે કબીલાનો પ્રમુખ કરતો હતો. પરંતુ મોટેભાગે કબીલા રાજાઓને અધિન હતાં.*

**(2) રાજા અને તેના કાર્યો**

*સામાન્ય રીતે 'જન'તો મુખી 'રાજન' રાજા હતો. તેનું પદ વંશ પરંપરાગત હતું. પરંતુ કેટલીકવાર રાજાને ચૂંટવામાં પણ આવતો હતો. રાજાને ગાદી પર ખૂબ જ ધામધૂમથી બેસાડવામાં આવતો હતો. તે સુંદર કપડાં પહેરતો તથા તેને રહેવા માટે ખૂબ જ મોટો તથા સજાવટ વાળો મહેલ હતો.*

**રાજાનાં મુખ્ય કાર્યો આ પ્રમાણે હતાં. :**

(1) *તે યુધ્ધ સમયે પોતાના જનનું નેતૃત્વ કરતો હતો. પોતાના જનના લોકો તથા ભૂમિનું રક્ષણ કરવાનું તેનું સૌથી મોટું કર્તવ્ય હતું.*

(2) *તે પોતાના લોકોમાં શાંતિ તથા વ્યવસ્થા જાળવી રાખતો હતો. આ કાર્યમાં 'જાસૂસ' તેની મદદ કરતાં હતાં.*

(3) *તે પોતાના જનનાં લોકોના ઝઘડાનું નિવારણ કરતો તથા મુખ્ય ન્યાયાધિકારીનું કાર્ય પણ કરતો હતો. તે ચોર તથા ડાકુઓ વિરૂધ્ધ પણ કાર્ય કરતો હતો.*

(4) *તે પોતાના જનનાં લોકોની સમૃધ્ધિ માટે યજ્ઞ કરાવતો હતો.*

*રાજા શક્યતઃ લોકો પાસેથી નિશ્ચિત કર લેતો ન હતો. લોકો પોતાની ઈચ્છા અનુસાર જાતે જ તેને ભેટ સોગાદો આપતાં હતાં. આ ઉપરાંત તે યુધ્ધમાં હરાવેલા કબીલાઓ પાસેથી પણ ધન વસૂલ કરતો હતો. ઋગ્વેદકાળમાં રાજા નિરંકુશ ન હતો. સભા તથા સમિતિને લીધે તેની શક્તિઓ સીમિત હતી.*

**(3) રાજયના અધિકારીઓ**

*રાજાની સહાયતા માટે કેટલાક અધિકારીઓ હતાં. તેમાં સૌથી પ્રસિધ્ધ 'પુરોહિત' હતો. તે રાજાને તમામ પ્રકારના ધાર્મિક કાર્યોમાં સલાહ આપતો તથા રાજાના યજ્ઞ-કર્મોને સંપાદિત કરતો હતો. યુધ્ધ સમયે પણ તે રાજાનો સાથ આપતો તેના વિજય માટે પ્રાર્થના કરતો હતો. લોકો તેનું ખૂબ જ સન્માન કરતાં હતાં.*

*'સેનાની' કે 'સેનાપતિ' બીજો મુખ્ય રાજયાધિકારી હતો. તે સેનાનું સંચાલન કરતો હતો.*

*પુરોહિત તથા સેનાની ઉપરાંત કેટલાંક અન્ય અધિકારીઓનો ઉલ્લેખ પણ ઋગ્વેદમાં આવે છે. જેવા કે ગ્રામીણ, વિશપતિ, દૂત વગેરે. ગ્રામણી ગામનો તથા વિશપતિ વિશનો મુખી હતો. દૂત રાજાના સંદેશા એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડતો હતો. રાજા જાસૂસો પણ રાખતાં હતાં. તેઓ તમામ પ્રકારની સૂચનાઓ રાજા સુધી પહોંચાડતાં હતાં.*

**(4) 'સભા' તથા 'સમિતિ'**

*ઋગ્વેદિકકાળનાં રાજકીય સંગઠનની મુખ્ય વિશેષતા એ હતી કે તેમાં લોકશાહીના કેટલાક અંશો નજરે પડે છે. ઋગ્વેદમાં 'સભા' તથા 'સમિતિ' નામની બે મહત્ત્વપૂર્ણ સંસ્થાઓનું વર્ણન છે. આ બંનેમાં શુ તફાવત હતો તથા તે વિશે નિશ્ચિતરૂપે કશું જ કહી શકાય તેમ નથી. પ્રસિધ્ધ લુડવીગના મતે 'સમિતિ' જનના તમામ લોકોનું સંગઠન હતું, જયારે 'સભા' મુખ્ય અધિકારીઓ તથા વિદ્વાનોની બેઠક હતી. સભા તથા સમિતિ ઉપર અંકુશ રાખવા કાર્ય કરતી હતી. તે રાજાને શાસનબંધી સહાય કરતી તેમજ મોટેભાગે તેમની ઈચ્છા અનુસાર જ કાર્ય કરતો હતો.*

**(5) સ્થાનિક શાસન**

*આર્યોના રાજકીય સંગઠનમાં સ્થાનિક સ્થાનને પણ વિશેષ સ્થાન પ્રાપ્ત હતું. જો કે જનરાજયોનો મુખી રાજા હતો પરંતુ તે સ્થાનિક શાસનના કર્મચારીઓનાં કાર્યમાં ભાગ્યે જ હસ્તક્ષેપ કરતો. ગામનું શાસન ગામના મુખીના હાથમાં હતું. તેને ગ્રામણી કહેવામાં આવતો. તે યુધ્ધના સમયે ગામના લોકોનું નેતૃત્વ કરતો હતો. તથા 'સભા' અને 'સમિતિ' ના સભયના રૂપમાં ગામનું પ્રતિનિધિત્વ કરતો હતો. કેટલાક ગામોના સંગઠનને 'વિશ' કહેવામાં આવતું તથા 'વિશ'નો મુખી 'વિશપતિ' કહેવાતો. તે પણ સૈનિક-સરદાર હતો તથા યુધ્ધ સમયે રાજાની આજ્ઞા પ્રમાણે કાર્ય કરતો હતો.*

### (6) ન્યાય વ્યવસ્થા

*રાજા પોતે જનનો ન્યાયાધીશ હતો તથા પુરોહિતની સલાહ અને સહાયતાથી મુકદ્દમાનો નિર્ણય કરતો હતો. ચોરી(ખાસ કરીને પશુઓની), લૂંટ, છેતરપીંડી, જુગાર વગેરે અપરાધોનો ઋગ્વેદમાં ઉલ્લેખ આવે છે. સામાન્ય રાજામાં અપરાધીને કેટલાક સમય સુધી કિલ્લામાં બંધ રાખવામાં આવતો અથવા તેને થાંભલા સાથે બાંધી દેવામાં આવતો હતો. અપરાધીઓને ગાયોના રૂપમાં દંડ કરવાનો પણ ઋગ્વેદમાં ઉલ્લેખ મળે છે. મૃત્યુદંડ ભાગ્યે જ આપવામાં આવતો હતો.*

## 11.4.2 સામાજિક જીવન/સ્થિતિ

**લગ્ન અને કુટુંબ :** *ઋગ્વેદના સમયનો સમાજ સારી રીતે વ્યવસ્થિત હતો. કુટુંબ તેનું એકમ હતું. અને તે પિતૃપ્રધાન હતું. મુખ્યત્વે તે એક-પત્નીત્વમાં માનતાં. જયારે બહુપત્નિત્વની પ્રથાથી તેઓ અજાણ હતાં. કુટુંબ વ્યવસ્થામાં પતિના હાથમાં બધી સત્તા હતી અને પત્ની ઘરની સ્વામિની હતી. નૈતિક જીવન ઘણું ઊંચુ હતું. પિતા અને પુત્રી કે ભાઈ અને બહેન વચ્ચેના લગ્નો વર્જ્ય હતાં. બાળલગ્નોથી તેઓ અજાણ હતાં. લગ્નની બાબતમાં સાથીદારની પસંદગીમાં સ્વતંત્રતા હતી. પુત્રીઓ તેમના માતાપિતાના રક્ષણમાં રહેતી અને તેમના અવસાન બાદ ભાઈઓના રક્ષણમાં આવતી. વિધવા વિવાહ ખાસ પ્રચારમાં નહોતો. છતાં એક ઉલ્લેખ છે કે જેમાં નિઃસંતાન વિધવા સ્ત્રી પોતાના પતિના નાના ભાઈની સાથે લગ્ન કરે છે. ધાર્મિક વિધિઓમાં પત્ની એ પતિની સહધર્મચારિણી હતી.*

**વારસો :** *પિતાની મિલકત વારસામાં પુત્રને મળતી, પુત્રીને તેનો અધિકાર નહોતો છતાં જો તે ફક્ત એક જ વારસ હોય તો તેને વારસો મળી શકતો. દત્તક લેવાનો અધિકાર સ્વીકારવામાં આવ્યો હતો.*

**મિલકત :** *મિલકતના અધિકારનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. જંગમ મિલકતમાં ઢોર, અશ્વો, સોનું, ઘરેણાં અને દાસોનો સમાવેશ થતો. આ અધિકાર કૃષિલાયક જમીન ઉપર પણ આપવામાં આવ્યો હતો. જમીનને જુદાં જુદાં ક્ષેત્રે ચોક્કસ માપ પ્રમાણે વિભાજન કરવામાં આવતું અને તેની વચ્ચે આવેલા જમીનના પટાઓ બધાંની માલિકીના ગણાતા અને તેને ખિલ્ય કહેતાં.*

**પહેરવેશ :** *લોકો વાસ કે વસન અને વસ્ત્ર પહેરતાં, જેમાં અંદર પહેરવાના વસ્ત્રને નીવિ કહેતા અને બહારના વસ્ત્રને અધીવાસ કહેતાં. મોટે ભાગે તે ઘેટાંના ઊનનું બનેલું હતું. અને ઊર્ણા કહેવાતું. ગૂંથેલા વસ્ત્રોનો ઉલ્લેખ છે અને તેને પેશસ્ કહેતા અને જે સ્ત્રીઓ તે ગૂંથતી તેને પેશસ્કારી કહેતાં. જયારે એ વસ્ત્રને સોનાના તારથી વણવામાં આવતું ત્યારે તે હિરણ્યયાન અત્કાન કહેવાતું. સાધુઓ ચર્મ ધારણ કરતાં. તેને અજિન કે મલ કહેતાં.*

**ઘરેણાં :** *સોનાનાં ઘરેણાં સ્ત્રી અને પુરુષ બંને ધારણ કરતાં. આ ઘરેણાંમાં કર્ણશોભન, નિષ્કગ્રીવ, કંદોરા અને ખાદિ (બાજુબંધ), રૂક્મવક્ષ (ગળાના હાર) નો સમાવેશ થતો. મણિઓનો ઉપયોગ થતો. જેમ કે મણિગ્રીવ.*

**ખોરાક અને પીણાં :** *દૂધ એ ખૂબ અગત્યનો ખોરાક હતો. ક્ષીરની બનાવટની તેઓ જાણીતા હતાં. દૂધની બનાવટોમાં ધૃત અને દધિનો ઉલ્લેખ છે. દૂધમાં અનાજ રાંધવામાં આવતું. તેને ક્ષીર પાક ઓદનમ્ કહેતા. એક પ્રકારની પનીર તેઓ બનાવતાં. જેમાં છોતરાવાળાં યવ લઈ, તેને ભૂંજીને પછી ગૂંદવામાં આવતાં ઘેટાંબકરાનું માંસ સામાન્ય રીતે ખોરાકમાં લેવાતું.*

*ગાયને અદન્યા એટલે કે તેનો વધ થઈ શકતો નહીં. સુરાનો તિરસ્કાર કરવામાં આવતો. સભામાં સૂરા પીવામાં આવે તો તેથી ત્યાં ધમાચકડી મચી જતી. ઋગ્વેદના નવમાં મંડલમાં ધાર્મિક વિધિ વખતે સોમરસ પીવાની વિધિનું વિગતે વર્ણન કરવામાં આવ્યું છે. આ રસમાં આનંદ આપવાની અને ઉત્તેજક શક્તિઓ હતી.*

**આનંદ પ્રમોદ :** *તેમાં રથસ્પર્ધા, અશ્વસ્પર્ધા, જુગાર નૃત્ય અને સંગીતનો સમાવેશ થતો. સ્પર્ધાને આજિ કહેતાં. સ્પર્ધાના વિસ્તારને કાષ્ઠા કે સપ્ત્ય કહેતાં. તે માર્ગ પહોળો કે ઉર્વી હતો અને તેનું ચોક્કસ અંતર હતું. વિશ્પલા એ તેજી અશ્વ માટે વપરાતો શબ્દ હતો. પાસા (અક્ષ)ની રમતમાં હોડ (વિજ) માં વસ્તુઓ મૂકીને તે રમતી અને દેવાદારનો તેમાં નાશ થતો. તેને દાસત્વ સ્વીકારવું પડતું. જીુગારી પુત્રને પિતા સજા કરતો. નૃત્યમાં સ્ત્રીઓ અને પુરુષો ભાગ લેતા  અને તે સમયે ઝાંઝ (આવારિ) અને ત્રણ પ્રકારના વાજીંત્રો જેવા કે દુન્દુભિ, કર્કરિ અને વાણનો તાલ અપાતો. વાણને સાત તાર હતાં. વાંસળીને નાદી કહેતાં.*

### 11.4.3 આર્થિક જીવન/સ્થિતિ :

**ગોચરભૂમિ અને કૃષિ :** *ઋગ્વેદના સમયના લોકોનું આર્થિક જીવન ઢોરની આસપાસ કેન્દ્રિત થયેલું હતું. સાંઢ અને બળદ જમીન ખેડવા અને ગાડા ખેંચવાના ઉપયોગમાં લેવાતાં, અશ્વોને રથ સાથે જોડવામાં આવતા અને સ્પર્ધાઓમાં તેમનો ઉપયોગ થતો. બીજાં પાળેલાં પશુઓમાં ઘેટા બકરાં, અને ગધેડા હતાં. શ્વાનોનો ઉપયોગ શિકાર માટે, ઢોરોના રક્ષણ અને તેમને શોધવા માટે તેમજ રાત્રે ચોકી કરવા માટે થતો.*

**સિંચાઈ :** *લોકો માટેના અને ઢોરો માટેનો કૂવાઓનો ઉલ્લેખ છે. કૂવામાંથી ચામડાના દોરડા વડે બાંધેલા કોશોથી પથ્થરની ગરગડી (અશ્કચક્ર) દ્વારા પાણી બહાર ખેંચી કાઢવામાં આવતું. આવી રીતે બહાર આવેલા પાણીને પહોળી નીકોમાંથી વહેવડાવી સિંચાઈ માટે તેનો ઉપયોગ થતો. સિંચાઈ માટેનું પાણી (તળાવો) અને (નહેરો) દ્વારા ઉપયોગમાં લેવાતું.*

**શિકાર :** *ગોચર અને કૃષિની સાથે ઋગ્વેદના લોકો પોતાના જીવનનિર્વાહ માટે, રમતગમત માટે અને પોતાનાં પશુઓના રક્ષણ માટે જંગલી પશુઓનો શિકાર કરતાં. તે માટે તેઓ બાણ અને જાળ નો ઉપયોગ કરતાં. આવા સાધનોનો ઉપયોગ કરનાર નિધાપતિ કહેવાતો. મૃગોને ખાડાઓમાં પકડવામાં આવતાં. સૂવરની પાછળ શ્વાનો દોડાવીને અને ગૌર(ભેંસ)ને ગાળો નાખી પકડવામાં આવતાં. સિંહને ખાડામાં કે છુપાવવાની જગ્યાએથી લલચાવીને છૂપા ખાડામાં ફસાવીને પકડવામાં આવતો અથવા શિકારીઓ તેને ઘેરી વળીને મારી નાખતાં. જંગલી હાથીઓને પાળેલા હાથીઓ દ્વારા પકડવામાં આવતાં.*

**હસ્ત ઉદ્યોગો :** *સુથાર એ સૌથી આગળ પડતો કારીગર હતો. તે યુધ્ધ કે રમત માટે રથ બનાવતો. તેમજ ભાર વહન કરવાના ગાડા બનાવતો. આ ગાડા ઉપર છાપરું હતું. તે પરશુ જેવા સાધનનો ઉપયોગ કરતો. તેનું કોતરણીકામ સુંદર હતું. લુહાર પક્ષીઓનાં પીછાની ધમણ દ્વારા અગ્નિમાં કાચી ધાતુઓને શુધ્ધ કરતો, ધાતુનાં વાસણો બનાવતો તેમજ હથોડાથી ટીપીને પણ વાસણ તૈયાર કરતો. સોની સોનાનાં ઘરેણાં ઘડતો. સોનું નદીના પટમાથી અને ખાણમાંથી મેળવવામાં આવતું. મોચી ચામડામાંથી ધનુષ્યની પણછ, રથને બાંધવાની લાંબી પટ્ટી, લગામો, ચાબુક કે કોથળીઓ બનાવતો. ચામડાને કેળવવાની કળા પણ જાણીતી હતી. વણકરને વાય કહેતા અને સાળને વેમન કહેતાં, જેના દ્વારા વણકર કપડાં વણતો. કાપડ વણવા માટે કાંઠલાનો ઉપયોગ થતો જેને તસર કહેતાં. તાણાવાણાને ઓતુ અને તન્તુ કહેતાં. વણવાનું કામ મોટે ભાગે સ્ત્રીઓ કરતી.*

**વેપાર અને વિનિમય :** *ઋગ્વેદને વણિક (વેપારી)ની જાણ હતી. વિનિમયની પ્રથા પ્રચારમાં હતી. ઈન્દ્રની એક પ્રતિમાની કિંમત દસ ગાય હતી. તેવો ઉલ્લેખ મળે છે. બજારમાં ખરીદીમાં ભાવતાલની રકઝક થતી અને કરારના પાલન ઉપર ભાર મુકતો. કોઈ વ્યક્તિ ઓછી કિંમતે કોઈને વધારે માલ વેચે અને તે પછી ખરીદનાર પાસે જઈને વેચાણની ના પાડે અને વધારે કિંમતની માંગણી કરે, ત્યારે એક વાર સોદો કર્યા પછી તે માલની કિંમત વધારી શકાતી નહીં. પછી ભલે તે એવી દલીલ કરે કે તેણે ઓછી કિંમતે વધારે માલ આપ્યો હતો. કિંમત યોગ્ય હોય કે અયોગ્ય, પરંતુ સોદા વખતે જે ભાવે માલ વેચ્યો હોય તે જ ગણતરીમાં લેવામાં આવતો. નાણાંનો ઉલ્લેખ જવલ્લે જ મળે છે. છતાં ભેટ તરીકે* 100 *નિષ્ક અને* 100 *પાણીદાર અશ્વો આપ્યાનો ઉલ્લેખ છે. દેવું જાણીતું હતું. તે મુખ્યત્વે જુગારને કારણે થતું. મુદ્દલના ભાગ રૂપે કે વ્યાજ તરીકે* 1/8 *કે* 1/16 *લેવામાં આવતું.*

*સમુદ્રપારનો વેપાર હતો. સમુદ્રમાં રહેલાં ખજાનાની વિગત મળે છે. તે કદાચ મોતી હોય કે વેપારમાંથી મળેલો નફો હોય, ભુજ્યુની કથા પ્રમાણે સમુદ્રમાં તેનું વહાણ ભાંગ્યું અને તેને કોઈ ટેકો ના મળ્યો હાગ કે પગ મૂકવાની પણ જગ્યા નહોતી. છેવટે સો હલેસાંવાળા વહાણ દ્વારા તેનો બચાવ થયો. એટલે કે સમુદ્ર વેપારનો આમાંથી અણસાર મળે છે.*

### 11.4.4 શિક્ષા :

*ઋગ્વેદમાં આ બધી પ્રગતિની જે નોંધ રખાઈ છે તે ઘણો લાંબો ઈતિહાસ સૂચવે છે. એટલે જયારે ઋગ્વેદનો અભ્યાસ કરવામાં આવે છે ત્યારે જણાય છે કે તે સમયના લોકોએ ભાષા અને દર્શનમાં ઘણી જ પ્રગતિ સાધી હતી. ઋગ્વેદનું સંસ્કૃતએ વિકાસ પામી રહેલી ભાષાનું નથી. તેના વ્યાકરણની રચના સંપૂર્ણ છે. દરેક કાળ, ક્રિયાપદના રૂપનો પ્રકાર, દરેક અંક, ક્રિયાપદના પુરુષ એ ચોક્કસ છે, વિભક્તિ ચોકકસપણે નક્કી થઈ ગઈ હતી. એટલે કે ભાષા તેના શુધ્ધ સ્વરૂપને પામી હતી.*

*ઋગ્વેદ સંહિતાની ઋચાઓની પસંદગી અને સાચવણીના સિધ્ધાંતોમાં સાહિત્યનું કૌશલ અને મૌલિકતાના દર્શન થાય છે. ઋગ્વેદના આગળ પડતા છ ઋષિઓની પસંદગી કરવામાં આવી કારણ કે તેમની કૃતિઓ સાચવવાની જરૂર ઊભી થઈ હતી. તે હતા ગૃત્સમદ, વિશ્વામિત્ર, વામદેવ, અત્રિ ભરદ્વાજ અને વસિષ્ઠ નામના઼ ાામે રહેલી ઋચાઓને છ જુદા ઋગ્વેદના મડલોમાં સંગ્રહવામાં અઆવી. તે મંડલો હતા* 2 *થી* 7 *તેમાં* 1, 8, 9 *અને* 10 *મંડલો ઉમેરવામાં આવ્યાં. આમ ઋગ્વેદ સંહિતામાં* 70,000 *લીટીઓ છે. જેમાની* 5000 *પુનરાવર્તન પામેલી છે. અહીં એ નોંધવું જોઈએ કે આટલો લાંબો સમય વીત્યો હોવા છતાં આ ઋચાઓનું બંધારણ એવું ને એવું જ જાળવવામાં આવ્યું છે અને તેની ઉચ્ચાર પધ્ધતિ એની એ જ છે.*

### 11.4.5 કેળવણી :

*ગુરુનું ઘર એ શાળા હતી, જેમાં અમુક પવિત્ર ગ્રંથોનો પાઠ ગુરુને પોતાના શિષ્યોને, પુત્રોને કે કુટુંબીજનોને કરાવવાની તેની જવાબદારી હતી. પ્રથમ આ પાઠ બધાંને ભેગા મોંઢે બોલાવવામાં આવતાં. ઋગ્વેદમાં ઉલ્લેખ છે કે ગુરુએ શીખવેલા પાઠ તેમના શિષ્યો મૌખિક રીતે બોલી જતા. તેમાં શુધ્ધ ઉચ્ચાર ઉપર ખૂબ ભાર મુકાતો. ઉચ્ચારના સાત પ્રકારો અને ભાષાની ચાર લઢણોનો ઉલ્લેખ છે. તેમજ વિશ્વામિત્રની ગાયન શૈલીનો ઉલ્લેખ થયો છે. પરંતુ કેળવણીની મૂળભૂત પધ્ધતિ તપ ઉપર આધારિત હતી. જે દ્વારા દેવષિત મુનિ કે પ્રેરણા પામેલો ગાયક વિપ્ર કે મનીષિ પોતાને મળેલી દેવી પ્રેરણાને માનવભાષા (વાક્) માં રજૂ કરતો. દીર્ઘ સમયની તપસ્યા અને ધ્યાન દ્વારા પર્જન્ય બનીને શિષ્ય વાચમવાદિષુ એટલે ઉત્તમ શિક્ષક બનતો.*

### 11.4.6 ધર્મ અને દર્શન :

**(અ) કુદરતી મુખ્ય દ્રશ્ય વસ્તુના આધારે :**

**(1) અદિતિ : દ્યૌઃ** *(આકાશ) એ એની પ્રત્યક્ષ મૂર્તિ છે. દીન નહિ એવી એટલે કે મહાન દેવોની માતા. એ આપણને દુઃખ અને પાપમાંથી છોડાવે છે. માતાપણું અને મુક્તિ એ બે ધર્મો અદિતિ સાથે વારંવાર જોડાય છે.*

**(2) દ્યૌ :** *= દીપતું, તેજોમય.*

**(3) પૃથવી :** *વિશાળ, વિસ્તરેલી પૃથ્વી, જગતના પિતા અને માતા.*

**(4) વરૂણ :** *એ પરમાત્માનું સર્વને આવરી લેતું સર્વજ્ઞ અન્તર્યામી સ્વરૂપ છે. પ્રાણીમાત્ર એના નિયમથી બંધાયેલાં છે. એનો પવિત્ર નિયમ તે 'વ્રત' કહેવાય છે. પ્રાણીમાત્રનાં સારાંનરસાં કૃત્યો એ જુવે છે. એની દ્રષ્ટિ વિશાળ છે. અન્તરીક્ષમાં ફરતાં પક્ષીઓનો અને સમુદ્રમાં વહાણોનો માર્ગ એ જાણે છે. વરુણ પાપીને શિક્ષા કરે છે. વરુણ નદીઓને પોતાના નિયમાનુસાર વહેવડાવે છે અને એ જળનો પણ રાજા છે. તેને અસુર કહેવામાં આવ્યો છે.*

**(5) ઈન્દ્ર :** *આ પરમાત્માનું શક્તિમંત સ્વરૂપ છે. ઈન્દ્રને શક્ર, શતક્રતુ, શચીપતિ વગેરે નામે ઓળખવામાં આવે છે. એ હાથમાં વજ્ર ધારણ કરે છે. આકાશમાં વીજળી વડે મેઘને ફાડી એ વૃષ્ટિ કરાવે છે. અને પૃથ્વી ઉપર આર્યોની મદદે રહી યુધ્ધમાં દસ્યુઓનો નાશ કરે છે.*

**(6) સૂર્ય :** *સૂર્યની પાંચ સ્વરૂપોમાં પૂજા થતી. સૂર્ય, સવિતૃ કે સવિતા એ પ્રેરક એવી પરમાત્માની તેજોમય શક્તિનું રૂપ છે. ગાયત્રીનો મહામંત્ર એ સવિતાદેવનો મંત્ર છે. જેમાં આપણી બુધ્ધિના પ્રેરક પરમાત્માના તેજનું ધ્યાન કરવામાં આવે છે. તથા એ આપણી બુધ્ધિને પ્રેરો એવી પ્રાર્થના કરવામાં આવી છે. એ દેવના નેત્ર, હસ્ત વગેરે અવયવો સુવર્ણના છે. મિત્ર જે ઈરાનમાં વધારે પ્રખ્યાત હતો. વરુણ સાથે તે જોડાયેલા છે. પૂષાઃ સૂર્યરૂપી પોષક દેવ. એ પરમાત્માનું પોષક રૂપ છે. એ સ્થાવર અને જંગમનો નિયંતા અને પાલક છે. પૂષા ધનધાન્ય તથા સમૃધ્ધિ વડે મનુષ્યનું પોષણ કરે છે. એ કન્યાને હાથ ઝાલીને લગ્નની ભાવનામાં પ્રવેશ કરાવે છે. અને સુખ આપે છે. વિષ્ણુઃ પરમાત્માનું વિશ્વના અંતરમાં પ્રવેશેલું સર્વવ્યાપક સ્વરૂપ. ત્રણ પગલાંથી એણે આખું વિશ્વ ભરી નાંખ્યું. તેથી તેને ઉરુક્રમ, ઉરુગાય કહેવામાં આવે છે. ઋષિઓ એના પરમધામમાં જવા ઈચ્છે છે. વિષ્ણુ એ સમર્થ 'ગોપ' છે. અને ઈન્દ્રનો રણમાં સખા છે.*

**(7) રુદ્ર :** *વિશ્વમાં ઘોર શબ્દ કરતું પરમાત્માનું સ્વરૂપ એ પ્રચંડ વાયુરૂપે દર્શન દે છે. વાયુરૂપે એ સુગંધી અને પુષ્ટિવર્ધક પણ છે. એ વિનાશનો દેવ છે. છતાં આર્યોનો મંગળમય દેવ છે.*

**(8) અશ્વિનૌ :** *એ બે દેવાનું જોડકું છે. એમનાં બીજા નામો દસ્રૌ એટલે આશ્ચર્યકારક અને નાસત્યૌ એટલે નહિ એવા એટલે કે સત્ય સ્વરૂપ કે સત્યનિષ્ઠ આ દેવો પરોપકારના અસંખ્ય કૃત્યો કરે છે. લગ્નની સાથે પણ તેઓનો સંબંધ માનવામાં આવે છે. તેઓ સ્ત્રીને પતિ આપે છે અને પતિને સ્ત્રી આપે છે. તેઓ અત્યંત મધુર છે અને તેઓનું સઘળું મધુમય છે. તેઓ વહેલી સવાર અને સંધ્યાકાળના તારા છે.*

**(9) મરુત :** *આ વાયુઓ રુદ્રના પુત્ર છે અને તે ઈન્દ્રને યુધ્ધમાં મદદ કરે છે.*

**(10) વાયુ-વાત :** *એ પવનના દેવો છે.*

**(11) પર્જન્ય :** *વૃષ્ટિ, જળ અને નદીઓના દેવ.*

**(12) ઉષા :** *કાળની મનોહર મૂર્તિ ઉષાને 'પુરાણી દેવી', 'યુવતિપુરંધિ', 'મિત્ર અને વરુણની મહામાયા', 'આકાશની દુહિતા' અને 'ભુવનની રાણી' જેવા વિશેષણો લગાડવામાં આવ્યાં છે.*

**(આ) ગૃહદેવતાઓનું જૂથ :**

(1) *અગ્નિ એ મનુષ્યને પરમાત્મા સાથે જોડનાર દિવ્ય શક્તિ છે. એ સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર મનુષ્યોને ઘેર આવી વસેલો 'અતિથિ' તથા દેવોનો સંદેશ વહનાર દૂત છે. એના દ્વારા મનુષ્ય દેવોને બોલાવે છે અને એ દેવોનું સ્વરૂપ જાણે છે. તેથી ઋષિઓ અને 'હોતા', 'પુરોહિત', 'ઋષિ', 'કવિ' વગેરે વિશેષણો લગાડે છે. મનુષ્યનું ઘર છે તે એનું જ છે. અને તેથી તે 'ગૃહપતિ' કહેવાય છે. એ અગ્નિનાં ત્રણ સ્થાન છે.: પૃથ્વી, અંતરીક્ષ અને ઘૌષ(સ્વર્ગ). 'વૈશ્વાનર' અને 'નરાશંસ' એવા બે અગ્નિનાં વિશેષરૂપો છે. વૈશ્વાનર એટલે સર્વ મનુષ્યમાં વસતો અને નરાશંસ એટલે મનુષ્ય માત્ર જેની સ્તુતિ કરે છે તે.*

(2) *આ એક જાતની ઔષધિ (વનસ્પતિ) છે. ઋષિઓ એને પૂજતા અને રાજા એવું વિશેષણ લગાડતાં. બહુ ઠાઠમાઠથી એને રથમાં મૂકીને યજ્ઞમાં લાવતા અને એનો વિધિપૂર્વક પથ્થર વતી રસ કાઢીને દેવોને અર્પતા તથા પોતે પીતા.*

**(E) અન્ય દેવતાઓ :**

**(1) ત્વષ્ટા :** *ઘડનાર, આ ચરાચર વિશ્વનો ઘડનાર, સર્વનો પિતા, ઈન્દ્રનો પણ પિતા, ઈન્દ્રનું વજ્ર ઘડનાર, સોમનો પ્યાલો ઘડનાર વગેરે. આ વિશ્વમાં પ્રગટ થતી શક્તિ અને મનુષ્યની ધાર્મિક વૃત્તિ સર્વનો બનાવનાર પરમાત્મા તે 'ત્વષ્ટા' એના પુત્રનું નામ 'વિશ્વરૂપ' છે. વિશ્વના ઘડનાર તરીકે સૂર્ય અને તેથી ત્વષ્ટા તે સૂર્યદેવ.*

**(2) વિશ્વકર્મા અને પ્રજાપતિ :** *ઉત્પન્ન થયેલી વસ્તુમાત્રનો પતિ-ધણી, પાલન કરનાર, પરમાત્મા તે 'પ્રજાપતિ' – એ જ જગતનું સુવર્ણ તેજોમય બીજ. હિરણ્યમય અંડ, હિરણ્યગર્ભ.*

**(3) પુરુષ :** *સર્વના અંતરમાં રહેલો, વિશ્વરૂપે વિરાજનાર 'વિરાટ' આત્મા, પરમાત્મા.*

**(4) પરમાત્માનું નિયામક સ્વરૂપ છે.** *યમને વિવસ્વાન કહેતાં સૂર્યનો અને કેટલીકવાર ગંધર્વનો પુત્ર કહેવામાં આવે છે. એ આદ્ય મનુષ્ય છે. એની બહેનનું નામ યમી છે. એ પિતૃલોકનો દેવ બન્યો છે. વેદનો યમદેવ સૂર્ય જેવો તેજસ્વી છે. વરુણની માફક એને પણ 'રાજા' શબ્દ વારંવાર લગાડવામાં આવે છે.*

**(5) વાસ્તોષ્પતિ :** *'વાસ્તુ' કહેતાં વસવાનું ઘર, એનો પતિ-દેવ.*

**(6) ક્ષેત્રપતિ :** *ખેતરનો પતિ, દેવ.*

**(7) બ્રહ્મણસ્પતિ :** *'બ્રહ્મ' એટલે પ્રભુ પ્રત્યેની વાણી, સ્તુતિ, યજ્ઞ, ધર્મનું દેવી તત્વ એનો અધિષ્ઠાતા દેવ તે બ્રહ્મસ્પતિ કે બૃહસ્પતિ કે ગણપતિ.*

**(8) આપ :** *જળ, નદીઓનું, ઋષિઓ વારંવાર સ્તવન કરે છે.*

**(9) ઈળા-ભારતી-સરસ્વતી :** *આદિ દેવીઓ. દેવી અદિતિ એ આદ્ય દેવી. ઉષા, પૃથ્વી, રાત્રિ, સૂર્યા, પૃશ્નિ, ઈન્દ્રાણી, વરુણાની અને અગ્નાયી એમ દેવો ઉપરથી એમની શક્તિરૂપ દેવીઓ છે. રાકા, સિનીવાલી, કુહ એ જ્યોતિ શાસ્ત્રની દેવીઓ છે. ઈળા, ભારતી અને સરસ્વતીને વાગ્દેવી કે પરમાત્મજ્ઞાનની પણ એક દેવી છે.*

**(10) દેવસંખ્યા :** 3339 *દેવાએ અગ્નિની સેવા કરી એવા ઉલ્લેખ મળે છે. તેમજ રિભુઓ (પરીઓ), અપ્સરાઓ અને ગંધર્વોના પણ ઉલ્લેખો મળે છે.*

*આમ, ઋગ્વેદના ધર્મમાં મુખ્યત્વે દેવોની પૂજામાં યોગ્ય બલિઓ હોમીને તેમની કૃપા મેળવવાની અપેક્ષા હતી. આ બલિમાં દૂધ, ધાન્ય, ઘી, માંસ અને સોમ હોમવામાં આવતાં. પરંતુ સોમ યજ્ઞન ઋગ્વેદમાં વિગતે માહિતી આપવામાં આવી છે. ધર્મની વિધિ એટલી બધી વિકસી હતી કે તેને કારણે ઋત્વિજો ઋચાઓનું ગાન કરતા, અધ્વર્યુ પૂજાની વિધિના કાર્યો ઉદ્ગાતૃ તેમના મદદનીશો સાથે સામગાન કરતાં. કેટલાંક યજ્ઞો વિધિસરના અને ખર્ચાળ હતાં. અને તે ફક્ત રાજાઓ કે મેઘવનો (સંપત્તિવાનો) જ કરી શકતાં. ઋગ્વેદ એ પૈસાદાર વર્ગનો બની ગયો અને જનતાનો લોકપ્રિય ધર્મ ન રહ્યો.*

*આ ક્રિયાકાંડનો ધર્મ ઊંડા દર્શનનો બન્યો અને તેનો ઉલ્લેખ ઋગ્વેદના દશમાં મંડલમાં મળે છે. અનેક દેવોની બાબતને સ્પષ્ટ રીતે પડકારવામાં આવી અને વિશ્વના ઐકય-એકેશ્વસી રચના ઉપર ભાર મૂકયો. ઈશ્વરના અનેક સ્વરૂપો જેવા કે વિશ્વકર્મા, હિરણ્યગર્ભ, પ્રજાપતિ કે અદિતિ તરીકે ઓળખાવવામાં આવે છે. વિરાટ પુરુષે કરેલા યજ્ઞને કારણે સર્જન થયું છે. તેવી રજૂઆત કરવામાં આવી છે. ઋગ્વેદમાં એક સત્ ઉપર ભાર મુકાયો છે. અને ઋષિઓ તેને અગ્નિ, યમ કે માતરિશ્વાત તરીકે અનેક રીતે ઓળખાવે છે. ઋગ્વેદ મૃત્યુ પછીના જીવનમાં માને છે જેના ઉપર યમનો કાબૂ હતો.*

## 11.5 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચેના પ્રશ્નોનાં જવાબ લખો.**

(1) *ઋગ્વેદકાલીન આર્યોના રાજકીય જીવનના વિવિધ પાસાઓની ચર્ચા કરો.*

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(2) *ઋગ્વેદ યુગીન આર્થિક જીવનનો પરિચય કરાવો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

(3) *ઋગ્વેદ સમયના દેવતાઓની માહિતી આપો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

**(બ) ખાલી જગ્યા પુરો.**

(1) *ઋગ્વેદયુગ (પૂર્વ વૈદિક)માં રાજા પર ___________ નિયંત્રણ રહેતું હતું.*
*(અ) સભા-સમિતિ* *(બ) ગ્રામ્ય સભા* *(ક) વડીલો*

(2) *ઋગ્વેદમાં વર્ણાયેલો સર્વસામાન્ય અપરાધ___________હતો.*
*(અ) ચોરી કરવાનો* *(બ) પશુઓની ચોરી* *(ક) જુગાર રમવાનો*

(3) *ઋગ્વેદનો સમાજ _____________હતો.*
*(અ) પિતૃપ્રધાન* *(બ) માતૃપ્રધાન* *(ક) કુટુંબ પ્રધાન*

(4) *મુખ્ય ધાતુ____________હતી.*
*(અ) લોખંડ* *(બ) તાંબુ* *(ક) જસત*

*(ક) ખરાં ☑ કે ખોટા ☒ જણાવો.*

(1) *આર્યોના સોમ અને સુરા લોકપ્રિય પીણાં હતાં.* [ ]

(2) *આર્યોની સંસ્કૃતિ નગરીય સંસ્કૃતિ હતી.* [ ]

(3) *આર્યો પ્રાકૃતિક તત્વોને દેવ તરીકે પૂજતા હતાં.* [ ]

(4) *વૈદિકયુગમાં શાસનનું સામાન્ય સ્વરૂપ રાજયતંત્ર હતું.* [ ]

(5) *દશરાજ્ઞ યુધ્ધ યમુના નદીના કિનારે લડાયું હતું.* [ ]

(6) *રાજાની નિમણૂક સબંધિત સૂક્તો સામવેદમાં જોવા મળે છે.* [ ]

## 11.6 ઉત્તર વૈદિક (અનુવૈદિક) સંસ્કૃતિ :

### 11.6.1 રાજકીય જીવન/સ્થિતિ

**શક્તિશાળી રાજવંશનો ઉદય અને સત્તામાં વધારો :**

*અનુવૈદિક કાળમાં રાજ્યો, મહારાજ્યો બન્યાં, જેમાં કુરુ, પાંચાલ, કૌશલ, મગધ વગેરેનો સમાવેશ થાય છે. પરિણામે રાજાઓની સત્તા અને મોભો વધ્યો, રાજાપદનું ગૌરવ વધ્યું. રાજ્યનું કાર્યક્ષેત્ર પણ વ્યાપક બન્યું. ખેતીના વિકાસની સાથે તે પ્રદેશોની અન્ય સંપત્તિનો વિકાસ પણ રાજ્યે કરવા માંડ્યો. રાજાપદનું સર્વોચ્ચ સ્થાન સૂચવતી રાજ્યાભિષેકની ભવ્ય વિધિઓ શરૂ થઈ. સમિતિ, સભા અને અધિકારી વર્ગનો પણ તેના પર અંકુશ હતો. સમય જતાં રાજાપદ વંશપરંપરાગત બન્યું. છતાં રાજા ધર્મ અને નીતિ પ્રમાણે રાજ્ય કરતો હતો. મહારાજ્યોની સ્થાપના થતાં કેટલાંક રાજાઓને સમ્રાટ અને ચક્રવર્તીનાં ઉપનામો મળ્યાં. પડોશી રાજ્યોને હરાવી અને રાજસૂય કે અશ્વમેઘ યજ્ઞ કરીને રાજા હવે ચક્રવર્તીપદ પ્રાપ્ત કરવા લાગ્યાં.*

**વહીવટીતંત્ર વિસ્તૃત થયું :**

*મહારાજ્યો બનતાં વહીવટીતંત્ર પણ વિસ્તૃત બન્યું. રાજાને મદદ કરનાર અધિકારીઓ-અમલદારોની સંખ્યા પણ વધી.*

**ન્યાયતંત્રનો વિકાસ :**

*ન્યાયતંત્રનો પણ વિકાસ થયેલો જોવા મળે છે, રાજ્યોનો વિસ્તાર વધતાં લશ્કરી તંત્રનો પણ વિકાસ થયો. નાના પાયા પરનાં યુધ્ધોની ભૂમિકા વિસ્તૃત બની. મહાભારતના યુધ્ધમાં કૌરવોની 11 અક્ષૌહિણીની તથા પાંડવોની 7 અક્ષૌહિણીની બનેલી વિશાળ સેનાઓના જે હજારોના આંકડાઓ આપેલા છે તે પરથી અનુમાન થઈ શકે છે કે લશ્કરી વ્યવસ્થા તથા તેની શાખાનો સારો એવો વિકાસ થયેલો હશે. રથદળ, હસ્તીદળ, અશ્વદળ તથા પાયદળના ઉલ્લેખો આવે છે. યુધ્ધ, લૂંટ વગેરેને લગતા ચોક્કસ નિયમો હતા અને મોટે ભાગે તે પળાતા. પ્રજા જીવનને ભાગ્યે જ નુકશાન કરાતું, શરણે થનાર પ્રત્યે સારું વર્તન બતાવવામાં આવતું.*

**રાજયની આવકનું સાધન :**

*રાજયની આવકનું મુખ્ય સાધન જમીન મહેસૂલ હતું. જમીન મહેસૂલ તરીકે ઊપજનો ૧/૬ ભાગ લેવાતો. કુદરતી આફત કે મુશ્કેલી વખતે મહેસૂલમાં રાહત અપાતી. રાજયની આવકનું બીજું સાધન વ્યાપારી કર એટલે કે ખરીદ વેચાણ પર કર હતો.*

**ગણ રાજયોનો ઉદ્દભવ :**

*આ સમયે ભારતના જુદાં જુદાં પ્રદેશોમાં ગણરાજયો પણ અસ્તિત્વ ધરાવતા હતાં. યાદવ, કુરુ, ભોજ, વૃષ્ણિ વગેરે ગણ રાજયોનો ઉલ્લેખ મહાભારતમાં છે.*

**વહીવટી વિભાગો :**

*રાજયોનો વિસ્તાર વધતાં તેનો વહીવટ સરળ બને તે માટે તેના વિભાગો પાડવાની શરૂઆત થઈ. સો ગ્રામોના વિભાગો ઉપર 'શતપતિ' નામનો અધિકારી નિમાતો. તેના પછી વીસ અને દશ ગ્રામોના અધિકારીઓ આવતાં. સૌથી નાનો એકમ 'ગ્રામ' હતું. તેનો વહીવટ ગ્રામીણ કરતો. અનાર્યોના પ્રદેશનો વહીવટ સ્થપતિ નામનો અધિકારી સંભાળતો.*

**11.6.2 સામાજિક-ધાર્મિક જીવન / સ્થિતિ :**

**વૈદિક ભાષાની ગહનતા :**

*ધીમે ધીમે રાજકીય ઉત્ક્રાંતિ થઈ રહી હતી. સમાજ અને ધાર્મિક બાબતોમાં પણ એ જ રીતે ફેરફારો આવી રહ્યા હતાં. આ બધામાં સૌથી મહત્વની બાબત એ બની કે વૈદિક ઋચાઓની ભાષા અસ્પષ્ટ બનતી ચાલી. માનવીઓની માફક ભાષાઓને પણ તેનો ઉદય, વિકાસ અને સડો હોય છે, તે પ્રમાણે જૂની વ્યવસ્થામાં નવા વિચારો દાખલ થતા જાય છે. હવે એવો સમય આવ્યો હતો કે સામાન્ય માનવી જૂની વૈદિક ઋચાઓ બિલકુલ સમજી શકતો નહોતો અને તે શીખવા માટે વિશિષ્ટ પ્રકારની તાલીમની જરૂરિયાત ઊભી થઈ હતી. આ સ્વાભાવિક પ્રક્રિયાનાં પરિણામો ખૂબ મોટાં અને દૂરગામી આવ્યાં. પ્રથમ તો હવે એક એવા વર્ગની જરૂરિયાત ઊભી થઈ કે જૂનાં વૈદિક ગ્રંથોની ખાસ તાલીમ આપવી પડે. આથી એક વ્યવસાયી બ્રાહ્મણોનો ઉદ્દભવ થયો. બીજું એ કે વૈદિક ઋચાઓને ધર્મગ્રંથ તરીકે ગણવામાં આવી કે જેમાં હવે કશું જ નવું ઉમેરી શકાય તેમ રહ્યું નહીં અને ધર્મે પણ એકધારું સ્વરૂપ ધારણ કર્યું.*

**ધાર્મિક જુસ્સામાં પરિવર્તન :**

*હકીકતમાં ઉત્તર-વૈદિક સાહિત્યની અધ્યાત્મજ્ઞાન વિદ્યા એ ઋચાઓથી મૂળભૂત રીતે જુદી નહોતી. પરંતુ તેમાં રહેલા ધાર્મિક જુસ્સામાં ઘણું મોટું પરિવર્તન આવ્યું હતું. કુદરતમાં જે કંઈ શ્રેય હતું. ઉત્કૃષ્ટ હતું, તેમાંથી વ્યક્તિઓ પ્રેરણા લઈ દેવતાઓ વિશે જે ઉદ્દગારો કાઢતી હતી, તે બધી બાબતો હવે ભૂતકાળની બની ગઈ હતી.*

**વિસ્તૃત વિધિ-ક્રિયાઓ :**

*સર્જન યુગનું સ્થાન હવે વિવેચને લીધું અને પ્રેરણાંનું સ્થાન વિધિ-ક્રિયાઓમાં ચાલ્યું ગયું. ઈશ્વર અને માનવી વચ્ચેના આંતરિક સંબંધો, સીધીસાદી પૂજાવિધિ વગેરે વિશે હવે સંભળાતું બંધ થયું. હવે તો ધર્મ ગુરુઓનો વર્ગ આગળ આવ્યો હતો અને અસંખ્ય વિધિ ક્રિયાઓ તેમણે શરૂ કરી હતી. જેમાં અસંખ્ય વિગતોનો સમાવેશ થતો હતો. તેમાં ખૂબ આશ્ચર્યકારક અને ગૂઢ રહસ્ય સમાયેલાં હતાં. આ ધર્મગુરુ વર્ગે પોતાનું સમગ્ર ધ્યાન*

*વિધિઓ અને ક્રિયાઓમાં છુપાયેલાં કોઈ ગૂઢ રહસ્યો શોધવા માટે આપવા માંડ્યું હતું. આ વિધિક્રિયાઓ ઘરમાં તેમજ મોટા યજ્ઞો દ્વારા કરવામાં આવતી અને તે ખૂબ ગૂંચવણભરી બની ગઈ હતી.*

**40 સંસ્કારો :**

*ગૃહવિધિઓ માનવીના જન્મથી મૃત્યુ સુધીના સમયને આવરી લેતી, કે તેની પણ પેલે પાર જતી. પરંપરાગત સંસ્કારોની સંખ્યા ચાળીસની ગણાવવામાં આવે છે, જે દ્વારા તે સમયના રીતરિવાજો અને રૂઢિઓનો ખ્યાલ આવી શકે છે. 'સંસ્કાર' (સમ્+કૃ ઉપરથી) એટલે સારું કરવાની ક્રિયા. મનુષ્યના પ્રકૃતિસિધ્ધ પશુપંખીના જેવા જીવનને સુધારીને સંસ્કારી કરવા માટે હિન્દુ ધર્મશાસ્ત્રે કેટલીક ક્રિયાઓ યોજી છે એને સંસ્કાર કહે છે. એનો ઉદ્દેશ મનુષ્યના સમગ્ર જીવનને ધાર્મિક બુધ્ધિથી વ્યાપી નાખી, મનુષ્યને એના જીવનની પવિત્રતાનું મહત્વ સમજાવી તથા એ પવિત્રતાનું સદા સ્મરણ રખાવવું એ છે. સંસ્કારોની સંખ્યા બાર, સોળ, ચાળીસ વગેરે જુદી જુદી અપાય છે. આ સંસ્કારો આ પ્રમાણે છે :*

1. **ગર્ભાધાન :** *ગર્ભવસ્થાના સમયમાં માતાના સંસ્કાર.*
2. **પુંસવન :** *ગર્ભાવિસ્થાના સમયમાં માતા દ્વારા પુરુષ બાળકનો જન્મ થાય એવી ઈચ્છાથી થતો સંસ્કાર.*
3. **સીમન્તોન્નયન :** *ગર્ભાવિસ્થાના આ સંસ્કારને અંગે માતાના કેશમાં સેંથો પાડવાની ક્રિયા કરવામાં આવે છે. એ સંસ્કાર પહેલી વારના ગર્ભ વખતે જ કરવામાં આવે છે.*
4. **જાતકર્મ :** *જન્મ સમયે બાળકને કરવાનો સંસ્કાર.*
5. **નામકરણ :** *નામ પાડવું તે. દશમે દિવસે માતા નાહી ઊઠે ત્યારે પિતામાતાએ પુત્રનું નામ પાડવું તે.*
6. **અન્નપ્રાશન :** *અન્નભોજન. છટ્ઠે મહિને બાળકને મધ, ઘી અને ભાત એકઠાં કરી ખવડાવવા.*
7. **ચૂડાકર્મ :** *ત્રીજે વર્ષે પુત્રના વાળ ઉતરાવવા.*
8. **ઉપનયન :** *યજ્ઞોપવીત આપવું અને બાળકને ગુરુને ત્યાં વિદ્યા ભણવા મોકલવો.*

9 **થી 12** *ચાર પ્રતિજ્ઞાઓ લેવી જેમાં વૈદિક સાહિત્યનાં જુદા જુદા વિભાગોનો અભ્યાસ કરાવવામાં આવતો.*

13. **સમાવર્તન :** *વિદ્યા ભણી ઘરે આવવું.*

14. **સહધર્મ ચારણી-સંયોગ :** *પરણવું. લગ્નના આઠ પ્રકાર જાણીતા હતાં.* (1) **બ્રાહ્મવિવાહ :** *જો પિતા પોતાની પુત્રીને બે વસ્ત્રો પહેરાવી ઘરેણાંથી સજાવીને વિદ્વાન, ચારિત્ર્યશીલ અને સારી વર્તણૂકવાળા બ્રાહ્મણને પરણાવે તો તેને બ્રાહ્મવિવાહ કહેતા.* (2) **પ્રજાપત્ય :** *તે ઉપર પ્રમાણે હતો છતાં તેમાં તમારી ફરજો સાથે રહીને પૂર્ણ કરો એમ કહેવામાં આવતું.* (3) **આર્ષવિવાહ :** *કન્યાના વાલીઓને વરપક્ષ તરફથી*

*એક ગાય અને એક વૃષભ ભેટ તરીકે અપાતાં.* (4) **દૈવવિવાહ :** *જો કોઈ યજ્ઞ કરાવનાર ધર્મગુરુને ઘરેણાંથી શણગારેલી કન્યા પરણાવવામાં આવે તો તેને દૈવવિવાહ કહે છે.* (5) **ગાંધર્વ વિવાહ :** *કન્યા સાથેના પ્રેમલગ્ન* (6) **આસુર વિવાહ :** *કન્યા પક્ષને ધન આપી વરપક્ષ લગ્ન કરાવે તે.* (7) **રાક્ષસ વિવાહ :** *કન્યાને બળપૂર્વક ઉપાડી જઈ લગ્ન કરવામાં આવે તે.* (8) **પૈશાચ વિવાહ :** *કન્યાને ઘેનમાં નાંખી ઉપાડી જઈ તેની સાથે લગ્ન કરવા તે.*

**15 થી 19.** *પંચમહાયજ્ઞો : એ સમગ્ર હિન્દુ વેદધર્મના સ્તંભરૂપ છે. એ નીચે પ્રમાણે છે.* (15) **દેવયજ્ઞ :** *આ વિશ્વમાં પ્રકાશતી પરમાત્માની વિવિધ વિભૂતિરૂપ દેવોનું યજન કરવું.* (16) **ભૂતયજ્ઞ :** *મનુષ્ય સિવાયનાં પ્રાણી ઉપર પણ દયાભાવ રાખીને એમનું પોષણ કરવું.* (17) **પિતૃયજ્ઞ :** *સ્વર્ગસ્થ થયેલાં માતપિતાને સંભારીને એમના પ્રત્યે પોતાના હૃદયની ભક્તિ જાગતી રાખવી તથા પૂર્વજોમાં મૂર્તિમંત થયેલો કુલધર્મ કે કુલની ઉચ્ચ ભાવના પાળવાની પોતાની ફરજનું નિત્ય સ્મરણ કરવું.* (18) **બ્રહ્મયજ્ઞ :** *પ્રતિદિન વિદ્યાભ્યાસ કરવો અને એ વડે બુધ્ધિને પ્રદીપ્ત કરવી; અને* (19) **મનુષ્યયજ્ઞ :** *મનુષ્યો ઉપર પ્રેમ રાખી એમનો આદરપૂર્વક સત્કાર કરવો.*

**20 થી 26** *પાઠયજ્ઞો : સાત પ્રકારના પાઠયજ્ઞો છે. જેમકે* (20) **અષ્ટકા :** *કાર્તિકથી માધ સુધીના શુકલ પક્ષોની આઠમોએ યજ્ઞો કરવામાં આવે છે તેને અષ્ટકા કહે છે.* (21) **શ્રાવણી :** *શ્રાવણ મહિનાની પૂનમે યજ્ઞ કરવામાં આવે છે.* (22) **આગ્રહાયણી :** *આગ્રહાયણીની ચૌદશે કે પૂનમે કરવામાં આવતો યજ્ઞ.* (23) **ચૈત્રી :** *ચૈત્ર મહિનાની પૂનમે થતો યજ્ઞ.* (24) **આશ્વયુજી :** *અશ્વિન મહિનાની પૂનમે થતો યજ્ઞ.* (25) **પાર્વણ :** *પડવા અને પૂનમના દિવસોએ થતા યજ્ઞો.* (26) **શ્રાધ્ધ :** *દર મહિને પડવાને દિવસે પિતૃઓને શ્રાધ્ધ.* **27. થી 33.** *હવિઃયજ્ઞો : આના સાત પ્રકાર છે :* (27) **અગ્ન્યાધેય :** *ત્રણ કે ચાર પવિત્ર અગ્નિની સ્થાપના કરવી. દરેક ગૃહસ્થી માટે આમ કરવું. એ પવિત્ર ફરજ હતી. અગ્નિની સ્થાપના મંદિરોની ગરજ સારતી.* (28) **અગ્નિહોત્ર :** *ત્રણ અગ્નિમાં દરરોજ બલિ હોમવો તે.* (29) **દર્શ-પૌર્ણમાસ :** *પૂનમ અને પડવાના દિવસોએ કરવામાં આવતા યજ્ઞો.* (30) **આગ્રયણ :** *પ્રથમ લણણીના ફળરૂપે કરવામાં આવતો યજ્ઞ.*(31) **ચાતુર્માસ :** *ત્રણ ઋતુઓની શરૂઆતમાં કરવામાં આવતાં યજ્ઞો.* (32) **નિરૂઢ પશુબન્ધ :** *પશુ બલિ હોમવાની ક્રિયા.* (33) **સૌત્રામણી :** *અશ્વિનો અને સરસ્વતીને સુરાનો પ્રસાદ ધરાવવો.*

**34. થી 40.** *સોમયજ્ઞો : તેના પણ સાત પ્રકાર છે.* (34) **અગ્નિષ્ટોમ કે જયોતિહગ્નિષ્ટોમ :** (35) **અત્યગ્નિષ્ટોમ** (36) **ઉકથ્ય** (37) **ષોડશિ** *(૩૮)* **વાજપેય** (39) **અતિરાગ** (40) **અપ્તોર્યામ :** *હકીકતમાં અગ્નિષ્ટોમની વિધિ ફક્ત એક જ દિવસ ચાલતી. તે દિવસે સોમ નામની વનસ્પતિને સવારે, બપોરે અને સાંજે એમ ત્રણ વખત કરવામાં આવતી અને પશુઓને અગ્નિમાં હોમવામાં આવતાં. પરંતુ દીક્ષા માટે*

*આ વિધિ લાંબો સમય ચાલતી. કેટલીકવાર તે એક વર્ષ સુધી પણ ચાલતી. આ ગાળા દરમિયાન પતિ-પત્ની પાસપાસે આવેલી પર્ણ કુટિઓમાં પવિત્ર જીવન જીવતાં. આ વિધિની સૌથી રસપ્રદ બાબત તો એ હતી કે સોમ નામની વનસ્પતિ ખરીદીને તેને ગાડામાં લાવવામાં આવતી અને એક અતિથિ જેટલું તેને માન અપાતું.*

**વિવિધ યજ્ઞો :**

**રાજસૂય :**

*રાજાને રાજપદ અર્પણ કરવાની વિધિ. એક દિવસની આ વિધિમાં સોમરસ કાઢવામાં આવતો અને તે પછી બીજી વિધિઓ કરવામાં આવતી. જે એક વર્ષ જેટલો લાંબો સમય પણ ચાલતી. રાજ્યના મુખ્ય અધિકારીઓ તેમાં ભાગ લેતાં. રાજાશાહી વેશ પહેરી ધર્મગુરુને પગે લાગતો. ધર્મગુરુ રાજાને ધનુષબાણ આપતો અને તેને રાજા તરીકે જાહેર કરવામાં આવતો. રાજા તે પછી અનેક કાર્યો કરતો. ધર્મગુરુ, રાજકુળનો માણસ, ક્ષત્રિયઅને વૈશ્ય દ્વારા રાજાના શરીર ઉપર તેલનો અભિષેક કરવામાં આવતો.*

**અશ્વમેઘ :**

*એક અશ્વની પૂજાવિધિ કરી, યુધ્ધવીરોથી રક્ષાતો તેને છૂટો મૂકી દેવામાં આવતો. તેની સાથે બીજા સો અશ્વો રહેતા, તે ઈચ્છા મુજબ છૂટથી ફરતો, જે કોઈ રાજા તેને પકડીને બાંધે તેની સાથે યુધ્ધ થતું અને આ અશ્વમેઘના અશ્વને તેના હાથમાંથી છોડાવવામાં આવતો. એક વર્ષ બાદ રાજા પોતાની રાણી અને બીજા રસાલા તેમજ ઉચ્ચ અધિકારીઓ સાથે દરરોજ યજ્ઞ કરતો જે સમયે રાજાના પૂર્વજોની યશગાથા ગાવામાં આવતી. વર્ષ પૂરું થતાં અશ્વને પાછો લાવવામાં આવતો અને રાજાને તે અર્પણ કરાતો. અશ્વ ઉપર રાણીઓ અભિષેક કરતી. પછી અનેક વિધિઓ કરીને અશ્વને મારી નાંખી યજ્ઞમાં તેને હોમવામાં આવતો. અગ્નિમાં પકવેલા તેના માંસને પ્રસાદ તરીકે વહેંચવામાં આવતો.*

*રાજસૂય અને અશ્વમેઘ યજ્ઞો ફક્ત શક્તિશાળી અને સમર્થ રાજાઓ જ કરી શકતાં. તેને રાજાની સર્વોપરિતાનું ચિહ્ન ગણવામાં આવતું.*

**પુરુષમેઘ :**

*આ યજ્ઞમાં માનવબલિ હોમવામાં આવતો, જેમાં એક વર્ષ સુધી તેની બધી જ ઈચ્છાઓ પૂરી પાડવામાં આવતી અને રાણી પણ તેની તહેનાતમાં રહેતી. તેની વિધિ અશ્વમેઘ યજ્ઞ જેવી જ હતી.*

**તપ :**

*તપ કરવું એટલે ધ્યાન ધરવું. જેમાં શરીરને કષ્ટ આપવામાં આવતું. તેનાં અનેક સ્વરૂપો હતાં, જેમકે એક જ સ્થિતિમાં મહિનાઓ કે વર્ષો સુધી રહેવું, ઓછામાં ઓછા*

ભોજનથી ચલાવવું, ઉનાળામાં સૂર્યના પ્રખર તાપમાં અને શિયાળામાં કડકડતી ઠંડીમાં ઊભા રહેવું, લોખંડના ઊભા અણીદાર ખીલાઓ ઉપર સૂઈ રહેવું વગેરે. આવી અનેક જાતની ક્રિયાઓનો તેમાં સમાવેશ થતો, જે દ્વારા આ માનવશરીર ઉપર સંપૂર્ણ કાબૂ મેળવવામાં આવતો. તેની પાછળનો આશય સ્વર્ગ પ્રાપ્તિનો હતો, તો કેટલીકવાર રહસ્યમય, અદ્દભૂત અને અમાનવીય શક્તિઓ પ્રાપ્ત કરવાનો પણ આશય હતો. આમ યજ્ઞોનું સ્થાન તપે લીધું.

**ઉપનિષદો :**

શરૂઆતમાં દાર્શનિક નિબંધોના સામાન્ય અંગને ઉપનિષદ નામ આપવામાં આવે છે. આ શબ્દના અનેક રીતે અર્થ કરવામાં આવ્યાં છે. પરમાત્માને પહોંચાડનાર અથવા અજ્ઞાનનો નાશ કરનાર એમ 'ઉપનિષદ'ના બે અર્થ થાય છે. ઉપ એટલે પાસે અને નિ+સદ્ એટલે બેસવું. એ ઉપરથી ગુરુ પાસે જઈને બેસીને પ્રાપ્ત કરવાની વિદ્યા એવો એક સાદો અર્થ સૂચવાયો છે; ઉપાસના, રહસ્ય. આમ તેના બહુ રીતે અર્થ કરવામાં આવ્યાં છે. આ બધા નારી વિદ્યા-જે ગુરુ પાસે જઈને બેસીને પૂર્ણ જિજ્ઞાસાથી અને વૃત્તિઓ વશ કરીને પ્રાપ્ત કરવાની છે, જેમાં પરમાત્માની ખરી ઉપાસના બતાવેલી છે, જેમાં વેદનું ખરું રહસ્ય રહેલું છે તે ઉપનિષદ. સૌથી પ્રાચીન ઉપનિષદોમાં બૃહદારણ્યક અને છાંદોગ્ય એ ઈ.પૂ.600ના સમયના છે, અને તેમાં ઈશ્વર માનવી અને વિશ્વને સ્પર્શતા શાશ્વત પ્રશ્નો ઉપર નિર્ભય ચિંતનો રજૂ કર્યાં છે.

**ચાર આશ્રમો :**

જન સમાજનું સમસ્ત હિત ધ્યાનમાં રાખીને બ્રાહ્મણ શાસ્ત્રકારોએ દરેક મનુષ્ય પોતાના જીવનમાં પોતાનું હિત પૂરેપૂરું સાધી શકે એ હેતુથી ચાર આશ્રમોની વ્યવસ્થા કરી છે. તે છે : બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. 'આશ્રમ' એટલે વિસામો. વટેમાર્ગુ જેમ વાટમાં વિસામો લેતો લેતો પોતાના નિયત સ્થાને પહોંચે, તેમ આ ચાર આશ્રમોને એક પછી એક વટાવીને મનુષ્ય પોતાને નિયતસ્થાને પરમપદે કે મોક્ષપદે પહોંચે છે. ઋષિઓ જેમ વનમાં 'આશ્રમ' કે રહેઠાણ બાંધીને રહેતા, તેમ સાધારણ મનુષ્ય આ સંસારરૂપી વનમાં રહીને પવિત્ર જીવન ગાળવું હોય તો ગાળી શકે તે માટે એમણે બાંધેલાં આ રહેઠાણ કે 'આશ્રમ' છે.

(1) **બ્રહ્મચર્યાશ્રમ :** અત્યન્ત સાદાઈ અને પવિત્રતાથી ગુરુને ઘેર રહી વિદ્યા ભણવી એ બ્રહ્મચર્યાશ્રમનો ધર્મ છે. 'બ્રહ્મ' એવું જે વેદની વિશાળ અને પવિત્ર વિદ્યાનું નામ છે, એનુ જ્ઞાન મેળવવું અને એના નિયમો આચરવા એને 'બ્રહ્મચર્ય' કહે છે. આ બ્રહ્મચર્ય ચોવીસ વર્ષની ઉંમર થતાં સુધી અવશ્ય પાળવું એમ શાસ્ત્રજ્ઞા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યે ચોવીસ વર્ષની ઉંમર સુધી વિદ્યા ભણવી જ જોઈએ એમ પણ શાસ્ત્ર જણાવે છે. શાસ્ત્રકારોએ આ આશ્રમની જરૂર એટલી બધી માની છે કે રંક તેમ રાજા સર્વને આ આશ્રમ પાળવાની ફરજ બતાવી છે.

(2) **ગૃહસ્થાશ્રમ :** *વિદ્યા ભણીને ઘેર આવવું અને લગ્ન કરી ઘર માંડવું એટલે ગૃહસ્થાશ્રમ. ગૃહસ્થાશ્રમ એ 'આહાર, મૈથુન અને નિદ્રા' માટે નથી, પણ સંસારની વચમાં રહીને સંસારના સુખ ભોગવવાં, કર્તવ્યો કરવાં, પોતાના દ્રવ્યથી સર્વનો ઉપકાર કરવો અને સદા પરમાત્માના સાંનિધ્યમાં રહીને જીવન જીવવાનું છે એમ સમજવું તેને માટે છે.*

(3) **વાનપ્રસ્થાશ્રમ :** *હવે સંસારના પ્રવૃત્તિમય જીવનમાંથી નીકળી વનમાં જઈને પરમાત્માનું ચિંતન કરવું અને શાંત નિવૃત્તિમય જીવન ગાળવું એમ નિશ્ચય કરી ગૃહસ્થ વાનપ્રસ્થાશ્રમ પ્રવેશ કરે છે. પરમાત્માના સ્વરૂપ સંબંધી ગ્રંથોનું અધ્યયન કરવામાં મચ્યા રહેવું, ટાઢતડકો વગેરે સહન કરવાં, વૃત્તિઓને સંસારમાંથી કાઢી પરમાત્મામાં એકાગ્ર કરવી, પોતાના આશ્રમમાં આશ્રમને શોભતા જેજે પદાર્થો હોય તે વડે અતિથિનો સત્કાર કરવો અને સર્વ પ્રાણીમાત્રમાં અનુકંપા રાખવી એ વાનપ્રસ્થાશ્રમના મુખ્ય ધર્મ છે.*

(4) **સંન્યાસાશ્રમ :** *આ આશ્રમમાં પ્રવેશ કરનારે સઘળાં કર્મનો, દુનિયાદારીના સંબંધનો ત્યાગ કરવાનો છે. સંન્યાસાશ્રમનું જીવન છે. સર્વ કર્મ કે સંબંધનો સારી રીતે ત્યાગ તે સંન્યાસ સંન્યાસીએ ભિક્ષાથી નિર્વાહ કરવાનો છે તેથી એને 'ભિક્ષુ' પણ કહે છે. જેમ હંસ જળ ત્યજી દઈ ક્ષીરનું પાન જ કરે છે, તેમ સંસાર ત્યજીને પરમાત્માની જ દરકાર કરનાર સંન્યાસીના, એમની ઉચ્ચતાના ક્રમ પ્રમાણે, 'હંસ', 'પરમહંસ' વગેરે વર્ગ પાડવામાં આવે છે. પરમાત્મા સાથે એકતા સાધનાર યતિ પણ 'હંસ' કહેવાય છે.*

**વર્ણાશ્રમ વ્યવસ્થા :**

*ઉત્તર વૈદિકકાળમાં જનસમાજમાં ઉત્પન્ન થયેલા બધા ધંધાના મુખ્ય ચાર વર્ગ પાડી હિંદુ શાસ્ત્રકારોએ એના ચાર વર્ણ નક્કી કર્યા છે : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર.*

**બ્રાહ્મણ :** *વિદ્યા ભણવી અને ભણાવવી, ધર્મ પાળવો અને ઉપદેશ આપવો એ બ્રાહ્મણનો ધંધો થયો. જનસમાજ એની મેળે જ સત્ય અને ધર્મને માર્ગે ચાલતો હોય અને ચાલી શક્તો હોય તો સત્ય-ધર્મ શોધનાર અને ઉદ્યાદેશનાર બ્રાહ્મણ સિવાય બીજા વર્ણની જરૂર ન પડે, બ્રાહ્મણ વર્ણની પણ ન પડે એમ કહીએ તો ચાલે.*

**ક્ષત્રિય :** *પણ દુનિયા હંમેશા સીધે અને સારે માર્ગે જ ચાલતી નથી. જનસમાજના આંતર અને બાહ્ય દુશ્મનોને નુકસાન કરતાં અટકાવવા માટે તથા પ્રજાને સુખ અને કલ્યાણને માર્ગે ચઢાવવા માટે રાજયની જરૂર છે. આ રીતે યુધ્ધ, દંડ અને પ્રજાપાલનનો ક્ષત્રિયનો ધંધો ઉત્પન્ન થયો.*

**વૈશ્ય :** *પરંતુ આ કાર્ય (ક્ષત્રિયનું) કાંઈ દ્રવ્ય વિના થઈ શકતું નથી. પ્રજાના રક્ષણ માટે અને દુશ્મનો સાથે લડવા માટે તેમ જ આખા જનસમાજનના સામાન્ય સુખ માટે, પગલે પગલે દ્રવ્યની જરૂર પડે છે. એ દ્રવ્ય ઉત્પન્ન કરનાર વર્ગ તે વૈશ્ય છે. વૈશ્યો*

*ખેતી વગેરે ધંધાઓ કરીને, તથા પરદેશ સાથે વેપાર ચલાવી દ્રવ્ય પેદા કરે છે. એ વડે તેઓ જાતે સુખ ભોગવે છે, રાજાને કર આપવા રાજય ચલાવવામાં મદદ કરે છે, તથા લોકહિતનાં દાન કરી જનસમાજનાં સુખમાં વધારો કરે છે.*

**શુદ્ર :** *ખેતી, વેપાર વગેરે ધંધામાં કોઈક બુધ્ધિ વાપરે તો કોઈ કે શારીરિક શ્રમ (મજૂરી) પણ કરવી પડે. આ શારીરિક શ્રમ કરનાર વર્ગ તે શૂદ્ર.*

**સ્ત્રીઓનું સ્થાન :**

*સામાન્ય રીતે સ્ત્રીઓની સ્થિતિ બગડતી ચાલી, સ્ત્રીઓએ ઉપનયન સંસ્કાર મેળવવાનો અધિકાર ગુમાવ્યો અને તેમના લગ્ન સિવાયના બધા જ સંસ્કારો વૈદિક મંત્રોના ગાન વગર થવા લાગ્યાં. સ્ત્રીઓનાં લગ્ન સામાન્ય રીતે તેઓ રજસ્વલા બને પછી જ થતાં. અથર્વવેદ સ્પષ્ટ રીતે બહુપતિત્વ અને આંતરલગ્નનો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે. સૈધ્ધાંન્તિક દ્રષ્ટિએ પત્નીને હજુ પણ ઉચ્ચ સ્થાન આપવામાં આવતું હતું. તેથી તો શતપથબ્રાહ્મણ જણાવે છે કે પત્ની એ તેના પતિની અર્ધાંગના છે અને તેને કારણે જ પતિ સંપૂર્ણ બને છે, પરંતુ એવા અણસાર મળે છે કે તેનો મોભો અને માન ઘણા મોટા પાયે ઊતરી ગયાં હતાં. મોટા ભાગની ધાર્મિક વિધિઓ હવે ધર્મગુરુઓ કરતા હતાં, સ્ત્રીને હવે રાજકીય સભાઓમાં સ્થાન રહ્યુ નહોતું. કહ્યાગરી પત્ની કે જે મૌન રાખતી અને પતિ ભોજન કરી લે પછી ભોજન કરતી તેને હવે આદર્શ ગણવામાં આવતી, પુત્રીના જન્મને તિરસ્કારવામાં આવતો કારણ કે તેને દુઃખનું કારણ માનવામાં આવતી અને પુત્ર એકલો કુટુંબનો તારણહાર મનાતો.*

*સ્ત્રીઓને નૃત્ય અને ગાન તેમજ અનેક પ્રકારના વાજિંત્રો જેવા કે દુંદુભિ, વેણુ, વીણા કે વિપંચી, ઝલ્લરી અને પરિવાદિની શીખવવામાં આવતાં, પરંતુ કેટલીક સ્ત્રી વિદુષીઓ હતી. ધીમે ધીમે સ્ત્રીઓની સ્થિતિમાં પતન આવી રહ્યું હતું. છતાં ઉત્તર-વૈદિક યુગના ઉપનિષદોમાં વિદત્તાની બાબતમાં સ્ત્રીઓએ પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું. બૃહદારણ્ય ઉપનિષદમાં જનકરાજાના ગુરુ યાજ્ઞવલ્કય અને ગાર્ગી વાચકનવી વચ્ચેનો સંવાદ તેમજ યાજ્ઞવલ્ક્યની વિદુષી પત્ની મૈત્રેયીનાં ઉદાહરણો મહત્વના છે, તે આ યુગની સ્ત્રીઓની વિદત્તા ઉપર સારો પ્રકાશ પાડે છે. બંન્ને દ્રષ્ટાંતોથી જણાય છે કે સ્ત્રીઓનું ઉચ્ચ સ્થાન, અભ્યાસ અને માનસિક શક્તિઓ પ્રાચીન ભારતમાં એટલી ઉન્નત હતી કે જેનો જોટો દુનિયાના ઈતિહાસમાં મળવો મુશ્કેલ છે.*

*ઉચ્ચ પ્રકારનું આધ્યાત્મિક જ્ઞાન ધરાવતી સ્ત્રી શિક્ષિકાઓનાં અનેક દ્રષ્ટાંતો પ્રાપ્ત થાય છે. પછીનું સાહિત્ય પણ બ્રહ્મવાદિનીઓનો ઉલ્લેખ કરે છે. આ એ વર્ગની સ્ત્રીઓ હતી કે જેઓએ અભ્યાસ અને આધ્યાત્મિક ધ્યાન પાછળ પોતાનું જીવન સમર્પિત કર્યુ હતું.*

### 11.6.3 કેળવણી :

*આટલી ઉચ્ચકક્ષાએ પહોંચેલું બૌધ્ધિક જીવન તેમજ વિશાળ વૈદિક સાહિત્ય એ બાબતનો ચોક્કસ નિર્દેશ કરે છે કે તે સમયે યોગ્ય રીતે આયોજિત કેળવણીની પધ્ધતિ હતી. આજના જમાના જેવી તે સમયે જાહેર શાળાઓ નહોતી, પરંતુ વિદ્યાર્થીઓને ગુરુને ઘેર મફત રહેવાનું અને ભોજન મળતું અને તેના બદલામાં તેણે ગુરુની સેવા કરવાની હતી અને અભ્યાસ સંપૂર્ણ કર્યા પછી ગુરુને દક્ષિણા આપવાની હતી. જોકે પૈસાદાર માબાપના પુત્રો કેટલીકવાર નિયમિત દક્ષિણા પહેલેથી પણ આપી દેતા, પ્રખ્યાત શિક્ષકોના હાથ નીચે ચાલતા ઘણા ઉત્તમ વૈદિક અભ્યાસનાં કેન્દ્રો હતાં. તેમાં અભ્યાસના મુખ્ય વિષયોમાં વૈદિક ગ્રંથો હતા જેમાં ઈતિહાસ અને પુરાણો (પ્રાચીન ઐતિહાસિક પરંપરાઓ) તેમજ બ્રહ્મવિદ્યા અને વેદાંગમાં જેનો સમાવેશ કરવામાં આવેલો તે વિષયો પણ હતા, પણ તે સાથે ધર્મનિરપેક્ષ અભ્યાસની બીજી શાખાઓમાં પણ અભ્યાસ કરાવવામાં આવતો. ઉપનિષદોમાં આવા અનેક વિષયોની યાદી આપવામાં આવી છે જે વિદ્યાર્થીનો નિયમિત અભ્યાસક્રમ હોય તેમ જણાય છે, જેમાં વાક્યોવાક્ય, રાશિ, નિધિ, સૈન્યશાસ્ત્ર, સર્પશાસ્ત્ર, અશુભ લક્ષણનું જ્ઞાન, અને તેના જેવા બીજા અનેક વિષયો હતાં. કેટલાંક એવા વિષયો દર્શાવ્યા છે કે તેનો ચોક્કસ શુ અર્થ થતો હશે તે કહેવું હાલના તબક્કે મુશ્કેલ છે. જેમ કે પિત્ર્યું, દેવવિદ્યા અને દેવજનવિદ્યા જે મોટે ભાગે દેવો અને ભૌતિક તત્ત્વો સાથે સંકળાયેલાં જણાય છે. એકાયન એ પણ એક અભ્યાસનો વિષય હતો. આ કેળવણીની પધ્ધતિમાં ઉચ્ચ પ્રકારની નૈતિક તાલીમ જેના દ્વારા ચારિત્ર્ય અને વ્યક્તિત્વનો વિકાસ થાય તે તેના પાયામાં હતું. વિદ્યાર્થીઓને ગુરુ દ્વારા અનુભવ અને દ્રષ્ટાંતોથી જ્ઞાન આપવામાં આવતું.*

## 11.7 સારાંશ

*સમગ્ર રીતે જોતા વેદમાં દેવતાઓનું વર્ણન, સ્તુતિ, પરાક્રમોની ગાથા, તેમજ તેમની પાસેથી ઐહિક અને પારલૌકિક સુખની ઈચ્છા કરવામાં આવી છે, પ્રકૃતિમાં તત્ત્વોનું માનવીકરણ દેવોમાં થયું છે. પોતાના પ્રયત્નોથી માનવીમાંથી દેવ બન્યાની વિગત પણ ઋગ્વેદમાં છે, સ્થૂળ અને સૂક્ષ્મ દેવોનાં અનેક સ્વરૂપો વર્ણવ્યાં છે. સામાન્ય રીતે દરેક દેવમાં પ્રકાશ, સર્વજ્ઞતા, અમરતા, પવિત્રતા, ભક્તના ઉદ્ધારની શક્તિ, બુધ્ધિમત્તા, કાર્યસાધકતા, દયા વગેરે અનેક ગુણો આરોપવામાં આવ્યા છે. વેદમાં યજ્ઞમાં દરેક દેવનું આગમન થાય તેવી ભાવના જોવામાં આવે છે. આ દ્રષ્ટિએ અગ્નિ, ઈન્દ્ર, વરુણ, વિષ્ણુ, ઉષા, સોમ, અશ્વિનો, સૂર્ય, પર્જન્ય, વૃત્રયુધ્ધ વગેરેના ઉલ્લેખો અનેક સંદર્ભમાં પ્રાપ્ત થાય છે. આર્યોની વિચારધારા મિલનસ્થાન છે. વૈદિકયુગમાં પ્રાચીન આર્યોએ સંસ્કૃતિના જે પ્રવાહની શરૂઆત કરી તેને શક, યુચિ, યવન, હૂણ, આભીર, અફઘાન, મુઘલ, અંગ્રેજ વગેરે અનેક લોકોએ પ્રભાવિત કર્યો છે. આ જ કારણસર આજે પણ ભારતનિવાસી તેના આદર્શો અનુસાર જીવન જીવવાનો પ્રયત્ન*

*કરે છે. જેને આર્ષ ઋષિઓએ વૈદિક સૂત્રો દ્વારા પ્રતિપાદિત કર્યો છે. વેદે ઉપદેશ આપ્યો હતો : ''અમે સર્વ પ્રાણીઓ તરફ મિત્રની દ્રષ્ટિથી જોઈશું !''*

- **તમારી પ્રગતિ ચકાસો**

**(અ) લાંબાપૂર્વક પ્રશ્ન જવાબ આપો.**

1. *ઉત્તર વૈદિક સમયના આશ્રમો અને વર્ણાશ્રમ વ્યવસ્થા અંગેની માહિતી આપો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. *ઉત્તર વૈદિકકાળમાં સ્ત્રીઓનું સ્થાન કેવુ હતું ?*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. *ઉત્તર વૈદિકયુગ (અનુવૈદિકકાળ)માં રચાયેલ સાહિત્યનો પરિચય કરાવો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

**(બ) ખાલી જગ્યા પૂરો.**

1. *ઉત્તર વૈદિકકાળમાં વહીવટનું સૌથી નાનું એકમ ................હતું.*
2. *ઉત્તર વૈદિકયુગમાં ................ મુખ્ય ધંધો હતો.*
3. *ઉત્તર વૈદિક સમયમાં ...............પ્રકારના વિવાહ પ્રચલીત હતાં.*
4. *વૈદિક યુગમાં ...............પ્રથા પ્રચલિત હતી.*

**(ક) નીચેના વિધાનો ખરાં ☑છે કે ખોટા☒ તે જણાવો**

1. *રાક્ષસ વિવાહ એટલે કન્યાને બળપૂર્વક ઉપાડી જઈ લગ્ન કરવામાં આવે તે*
2. *ઉપનિષદ એટલે શિષ્યે ગુરુથી દૂર રહીને જ્ઞાન મેળવવું.*
3. *વૈદિક સમાજમાં પાંચ વર્ણો હતાં.*
4. *આર્યો જુગારના શોખીન હતાં.*
5. *ઉત્તર વૈદિકયુગમાં સમાનતા સૌથી વધારે કર વૈશ્યો ચૂકવતા હતાં.*
6. *ઉત્તર વૈદિકયુગમાં કર્મકાંડો શરૂ થયા.*

## 11.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

- **ઋગ્વેદયુગીન (પૂર્વવૈદિક યુગના) જવાબો.**

  *(બ)* (1) *અ* (2) *બ* (3) *અ* (4) *બ*

  *(ક)* *(૧) ખરું* (h) *ખોટુ*(3) *ખરું* (4) *ખરું*

  (5) *ખોટુ* (6) *ખોટું*

- **અનુવૈદિક (ઉત્તર વૈદિક)ના જવાબો.**

  *(બ)* (1) *ગ્રામ્ય* (2) *પશુપાલન અને ખેતી* (3) *આઠ*(4) *દાસ*

  *(ક)* (1) *ખરું (૨) ખોટુ* (3) *ખોટુ* (4) *ખરું*

  (5) *ખરું (૬) ખરું*

## 11.9 ચાવીરૂપ શબ્દો

**ઉર્વરા કે ક્ષેત્ર** *ખેડી શકાય તેવી જમીન*

**હિરણ્યકાર** *સોનાના ઘરેણાં ઘડનાર*

**નીવિ** *અંદર પહેરવાનું વસ્ત્ર*

**સોમરસ** *એક પ્રકારનું માદક પીણું*

**જાતકર્મ** *જન્મ સમયે બાળકને કરવાનો સંસ્કાર*

**શ્રાધ્ધ** *દર મહિને પડવાને દિવસે પિતૃઓને શ્રાધ્ધ*

**ગૃહપતિ** *પરિવારનો વડો*

**વહતુ** *કન્યાની વિદાય સમયે જે ઉપહારો આપવામાં આવતા હતાં તેને વહતુ કહેવામાં આવતું*

**ધ્રુતક્રિડા** *જુગાર*

## 11.10 સંદર્ભો


1. R.C. Majumdar : The History and Culture of the Indian People, Vol-1, The Vedik Age
2. *ગૌતમ વાડીલાલ પટેલ : 'વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદઈ*
3. *આનંદશંકર બાપુભાઈ ધ્રુવ : 'હિન્દુ વૈદ ધર્મ ', .પાર્શ્વ વિદ્યા મંદિર, મહારાની સયાજીરાવ વિશ્વ વિદ્યાલય, વડોદરા.*
4. *હરિપ્રસાદ શાસ્ત્રી : 'પ્રાચીન ભારતનો ઈતિહાસ' ભાગ-1, અમદાવાદ.*
5. *પ્રા. સુરેશભાઈ એમ. શાહ, પ્રાચીન ભારતનો ઈતિહાસ, અમદાવાદ*
6. *નરેશ જે. પરીખ, પ્રાચીન ભારત, કડી*

એકમ : 12

# ખ્રિસ્તીધર્મનો ઉદ્દભવ-વિકાસ બાઈઝાન્ટાઈન સભ્યતા અને ખ્રિસ્તીધર્મનો ઉદ્દભવ-વિકાસ

:: રૂપરેખા ::

12.0 હેતુઓ

12.1 ઉદય અને વિકાસ

12.2 ઈસુ ખ્રિસ્તનું જીવન અને કાર્ય

12.3 ખ્રિસ્તી ધર્મના સિધ્ધાંત

- 12.3.1 ઈશ્વરનું સ્વરૂપ
- 12.3.2 માનવીનું સ્વરૂપ
- 12.3.3 નૈતિક સિધ્ધાંતો
- 12.3.4 ભક્તિ ભાવના

12.4 ઉપસંહાર

- તમારી પ્રગતિ ચકાસો (1)

12.5 ચાવીરૂપ શબ્દો

❖ બાઈઝાન્ટાઈન સભ્યતા

12.6 હેતુઓ

12.7 પ્રાસ્તાવિક

12.8 બાઈઝાન્ટાઈન સભ્યતાનું સાંસ્કૃતિક પ્રદાન

12.9 બાઈઝાન્ટાઈન સભ્યતાનું યુરોપમાં સ્થાન

12.10 બાઈઝાન્ટાઈન સામ્રાજયનો અંત

- તમારી પ્રગતિ તપાસો. (2)

12.11 તમારી પ્રગતિ તપાસોના જવાબો

12.12 સંદર્ભગ્રંથસૂચિ

## 12.0 હેતુઓ

*આ એકમમાં અધ્યયનથી તમે પ્રસ્તુત મુદ્દાઓ સમજી શકશો.*

- *ખ્રિસ્તી ધર્મનાં સિધ્ધાંતોને સમજી શકશો.*
- *ખ્રિસ્તી ધર્મનાં ઉદય અને વિકાસને જાણી શકશો.*
- *ઈસુ ખ્રિસ્તનાં જીવન અને કવનને જાણી શકીશું.*

## 12.1 ઉદય અને વિકાસ

*જગતના પ્રાચીન ધર્મોની જન્મભૂમિ એશિયા ખંડ રહ્યો છે. જેમાં ખ્રિસ્તીધર્મનો પણ સમાવેશ થાય છે. આ ધર્મનું નામ તેના સ્થાપક ઈસુ ખ્રિસ્તના નામ પરથી પડેલું છે. 'ખ્રિસ્ત' એટલે તારનાર અને 'ખ્રિસ્તી' એટલે વિશ્વાસી. ઉદ્ધારક ઈસુના ઉપદેશમાં વિશ્વાસ ધરાવનારાઓ ખ્રિસ્તીઓ કહેવાય છે. ખ્રિસ્તી ધર્મ ઈશ્વરપ્રેમ, ઈશ્વરકૃપા અને માનવપ્રેમ જેવા ઉચ્ચ આદર્શોનું પ્રતિપાદન કરી જગતમાં પોતાનું અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે.*

*ઈસુના જન્મ સમયે ફેરિસીઓનો પ્રભાવ વધારે હતો. આ પંથના અનુયાયીઓ રૂઢિવાદી હોવાથી તેઓ જડ કર્મકાંડીઓ બની બેઠા હતાં. બાહ્યાચાર અને આડંબરને જ ધર્મનું સાચું સ્વરૂપ સમજવા લાગ્યાં હતાં. જેરુસલેમમાં આવેલ યહુદીઓના મુખ્ય દેવળમાં પૂજા કરવાનો તથા બલિદાન ચડાવવાનો અધિકાર અમુક પૂજારી વર્ગનો જ હતો. પૂજારીઓમાંથી એક મહાપૂજારીને ચૂંટી કાઢવામાં આવતો હતો. આ પૂજારીઓ ઉપરાંત બીજો એક શાસ્ત્રીઓનો કે આચાર્યોનો વર્ગ પણ હતો. આચાર્યોનો આ વર્ગ ધર્મ અને આચારની બાબતમાં નિર્ણય આપતો. પૂઝારીઓ અને આચાર્યોના નિર્ણયોનું લોકોએ ફરજિયાત પાલન કરવું પડતું. માત્ર બાહ્ય આડંબરને પોષવા માટે આ સ્વાર્થસાધુ પૂજારીઓ અને આચાર્યોએ ધાર્મિકતાના નામે અધર્મની મહાજાળ ફેલાવી હતી. તેમના અનુયાયીઓમાં પણ સ્વાર્થ, દંભ, પાખંડ, દુષ્ટતા વગેરે અનિષ્ટોએ ઘર ઘાલ્યું હતું.*

**જહોન બેપ્ટિસ્ટ :**

*જહોન બેપ્ટિસ્ટનો જન્મ ઝખારિયા અને એલિઝાબેથ નામના ગરીબ દંપતિને ત્યાં થયો હતો. જહોન બેપ્ટિસ્ટે લાંબા સમય સુધી એકાંતવાસ સેવીને તપશ્ચર્યા કરી. ઊંટના વાળમાંથી બનાવેલી મોટી કફની અને કમર ઉપર ચામડાનો કમરપટ્ટો તેમનો પોશાક હતો. ત્રીસ વર્ષની ઉંમરે તેમણે ઉપદેશ આપવાનું શરૂ કર્યું. તે પોતાના શિષ્યોને જોર્ડન નદીમાં સ્નાન કરાવી સ્નાનસંસ્કાર આપતાં. આથી તેમને દીક્ષા આપનાર જહોન (જહોન ધી બેપ્ટિસ્ટ) પણ કહેવામાં આવે છે. તેમની સાદાઈ અને પવિત્રતાથી આકર્ષાઈને ઘણા લોકો તેમનો ઉપદેશ સાંભળવા એકઠા થતાં અને કેટલાંક તેમનું શિષ્યત્વ સ્વીકારતાં. ઈસુ ખ્રિસ્તએ પણ જહોન પાસે સ્નાનસંસ્કાર લઈને તેમનું શિષ્યત્વ સ્વીકારેલું.*

**જહોનના ઉપદેશનો મુખ્ય સાર આ પ્રમાણે હતો. :**

*''જીવન પરિવર્તનનો સમય આવી પહોંચ્યો છે. ધર્મરાજ્યની સ્થાપનાનો સમય પાકી ગયો છે. આથી કુળ, જાતિ અને પાંડિત્યનું અભિમાન છોડીને ચિત્તશુધ્ધિ કેળવવી, પ્રેમભાવ રાખવો, કોઈ સમર્થ પુરુષ આપવાનો છે કે જેનાં પગરખાંની દોરી છોડવાને પણ હું લાયક નથી, જેની પાસે બે ખમીસ હોય તેમણે ખમીશ વિહોણાઓને આપવું. વધારાનો ખોરાક હોય તે ભૂખ્યાને આપવો.'' ટૂંકમાં અતિમાનવતાવાદી કક્ષાનું તેમનું ચિંતન હતું.*

*યહૂદી લોકો જહોનને ઉદ્ધારક માનવા લાગ્યા તે ધર્મગુરૂઓથી સહન થયુ નહિ. આથી તેઓ જહોનની ઈર્ષા કરવા લાગ્યાં. યહૂદીઓમાં ભાભી સાથે પુનર્વિવાહ કરવાનો બાધ હોવા છતાં રાજા હેરેદે પોતાના ભાઈની વિધવા સાથે લગ્ન કર્યું હતું. એક વખત હેરોદે જહોનને તેડાવીને આ લગ્ન બાબતમાં તેમનો અભિપ્રાય પૂછતાં સ્પષ્ટવક્તા જહોને રાજાના કૃત્યને વખોડી કાઢ્યું. આથી તેમને જેલમાં પૂર્યા અને આગળ જતાં રાણીની ચઢવણીથી તેમનો વધ કરાવ્યો. આમ, સંતપુરુષના જીવનનો કરુણ અંત આવ્યો.*

## 12.2 ઈસુ ખ્રિસ્તનું જીવન અને કાર્ય

*ઈસુનો જન્મ બેથલેહેમ નામના ગામમાં ડિસેમ્બર મહિનાની ૨૫મી તારીખે મધરાતે થયો હતો. (ઈસુની યાદગીરીમાં ઈસવીસનનો આરંભ થયો છે.) ઈસુનાં માતાનું નામ મેરી અને પિતાનું નામ જોસેફ હતુ. તેમના પિતા સુથાર હતાં. બાર વર્ષના ઈસુ તેમનાં માતા-પિતા સાથે જેરુસલેમના મંદિરમાં પેસોવરના ઉત્સવ પ્રસંગે ગયા હતાં અને પૂજારીઓ સાથે કેટલીક ધાર્મિક ચર્ચાઓ કરી હતી. આનો અર્થ એ થયો કે ઈસુને નાનપણથી જ ધાર્મિક બાબતોમાં રસ હતો. ત્રીસ વર્ષની ઉંમરે ઈસુને જહોનના હાથે દીક્ષા લીધી હતી. ઈસુ જહોનના ઉપદેશથી ખૂબ જ પ્રભાવિત થયા હતાં. મહાત્મા જહોન જોર્ડન નદીમાં ઈસુને સ્નાન કરાવી દીક્ષા આપી. જહોનના ઉપ્દેશનું મનન કરતાં કરતાં તેઓએ ચાલીસ દિવસ સુધી પાસેના જંગલમાં ઉપવાસ લઈને એક આસને બેસીને તપશ્ચર્યા કરી. દરમિયાન ઈસુ ખ્રિસ્તને અનેક પ્રકારનાં દુન્વયી પ્રલોભનોએ ધસી આવી ચલિત કરવા પ્રયાસ કર્યો હતા. પરંતુ ઈસુ ખ્રિસ્ત આ પ્રલોભનોમાં ફસાયા નહિ. આના પરિણામે એમને ધર્મતત્વનો બોધ થયો અને ખાતરી થઈ કે જહોન બેપ્ટિસ્ટની ભવિષ્યવાણીનો સમર્થ પુરુષ પોતે જ છે. તેમને પોતાને લાગવા માંડ્યુ કે પોતે યહૂદીઓના 'મસીઆહ' છે.*

## 12.3 ખ્રિસ્તી ધર્મના સિધ્ધાંત

### 12.3.1 ઈશ્વરનું સ્વરૂપ

*ઈસુએ કહ્યુ છે કે, ઈશ્વર કડક ન્યાયાધીશ હોવા ઉપરાંત પ્રેમાળ પિતા જેવો વાત્સલ્યપૂર્ણ છે. પાપીઓ સાચા હૃદયથી અનુતાપ કરે તો કૃપાસાગર પ્રભુ તેમને માફી આપે છે. ખ્રિસ્તી ધર્મની ઈશ્વર અંગેની ખાસ ભાવના એ છે કે તે સર્વ્ જીવોનો પિતા છે. યહૂદી ધર્મના જૂના*

*કરારમાં પરમ તત્ત્વને માટે 'યહોવાહ' શબ્દ વાપરવામાં આવ્યો છે અને તેમની સાર્વભૌમ સત્તા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. જોકે તેમાં ઈશ્વરનું વર્ણન કરતાં એમ જરૂર કહેવામાં આવ્યુ છે કે તે સર્વ જીવોની કાળજી લે છે. અને એ અર્થમાં એમને સૌના પિતા કહેવામાં આવ્યા છે. ઈશ્વર પિતા છે એટલે સર્જક છે. તે 'સૂર્યનો પ્રકાશ પાથરે છે અને આકાશનો વરસાદ વરસાવે છે.' એ 'સકળ સૃષ્ટિનો માલિક છે.' અને સૃષ્ટિ એના હાથનું સર્જન છે.*

*ઈસુએ ઉપદેશેલા ધર્મમાં કડક એકેશ્વરવાદ હતો, તેની જગ્યાએ પાછળથી ધીરે ધીરે ત્રિમૂર્તિનો સિધ્ધાંત દાખલ થયેલો જોવા મળે છે. આ સિધ્ધાંતને આત્મત્રયીનો સિધ્ધાંત પણ કહે છે. આ સિધ્ધાંત અનુસાર ઈશ્વર ત્રણ સ્વરૂપમાં વિદ્યમાન છે : ૧ પિતા (સ્વર્ગમાં વસતો ઈશ્વર પોતે), 2 પુત્ર (જિસસ) અને 3 પવિત્ર આત્મા (જે મનુષ્યમાત્રના અંતરમાં રહી એને સન્માર્ગે ચાલવાની પ્રેરણા કરે છે.)*

**ડૉ. રાધાકૃષ્ણન લખે છે :** *''ત્રિમૂર્તિના સિધ્ધાંતે ઈશ્વરની એકરૂપતામાં ઈસુને માટે સ્થાન કરી આપવાનો પ્રયત્ન કર્યો એટલું જ નહિ પણ બાઈબલના જૂના કરારમાં ઈશ્વરને વિષે જે એકાંગી વિચાર હતો તેને સુધારવાનો પણ પ્રયાસ કર્યો. ફાધર વાલેસના શબ્દોમાં કહીએ તો '' ચેતનાસ્વરૂપ પિતા, જ્ઞાનસ્વરૂપ ઈસુ અને શક્તિસ્વરૂપ પવિત્ર આત્મા – એ ત્રિવિધ તત્ત્વથી ઈશ્વરનું જીવન બંધાય અને માનવી એમાં ભાગ લેતો થઈ જાય.''*

## 12.3.2 માનવીનું સ્વરૂપ

*ખ્રિસ્તી ધર્મના મતે માનવીનું સ્થાન અન્ય જીવનપ્રાણીમાત્રની સરખામણીમાં ઘણું ઊંચુ છે. મનુષ્યનું મહત્ત્વનું વર્ણન કરતાં* **ફાધર વાલેસ** *લખે છે : ''માનવીની મહિમા ને ગૌરવ એ ઉપરથી સિધ્ધ થાય છે. તે સૃષ્ટિનો શિરોમણિ છે. ઈશ્વરની પ્રતિમા છે. બીજું પ્રાણીઓમાં પણ પ્રાણ છે, વનસ્પતિઓમાં જીવન છે, પણ તેના અને માનવીના જીવન વચ્ચે મૂળભૂત ફેર હોય છે. સત્ય પારખવાની, સારાસરનો વિવેક કરવાની અને સ્વતંત્ર સંકલ્પ કરીને નૈતિક જવાબદારી વહોરવાની શક્તિ કેવળ મનુષ્યમાં છે. ખ્રિસ્તી ધર્મમાં પુનર્જન્મનો સિધ્ધાંત નથી. માણસને માટે એક જ વાર મરવાનું નિર્માણ થયેલું છે અને પછી તેનો ન્યાય થાય છે. બધા માણસો મૃત્યુ પામ્યા પછી ફરી સજીવન થાય છે અને અનંત કાળ માટે જીવે છે એ સિધ્ધાંત છે.*

**કર્મનો સિધ્ધાંત :** *ખ્રિસ્તી ધર્મમાં 'કર્મ પ્રમાણે ફળ'નો સિધ્ધાંત સ્વીકારાયો છે. સેટ પોલ કહે છે : ''ભૂલાવામાં પડશો નહિ. ઈશ્વર છેતરાતો નથી. માણસ વાવશે તેવું લણશે.*

**ઈસુ ખ્રિસ્ત કહે છે :** *''માનવપુત્ર પોતાના દૂતોને મોકલશે અને તેઓ તેના રાજયમાંથી બધા પાપ કરનારા અને કરાવનારાઓને ભેગા કરી ભડભડતા અગ્નિમાં નાખશે. ત્યાં રોવાનું અને દાંત પીસવાનું ચાલ્યા કરશે. ત્યારે ધર્મ માર્ગે ચાલનારા પોતાના પરમ પિતાના રાજયમાં સૂર્યની પેઠે પ્રકાશશે. જેને કાન હોય તે સાંભળે !''*

**દૂષણો :** *આ જગતમાં દુ:ખ, શોક, બીમારી વગેરે જાતજાતના દુ:ખો જોવા મળે છે. આ દુ:ખોને અનિષ્ટ કહેવામાં આવે છે. અનિષ્ટ તત્ત્વની વ્યાપકતા અંગે ખ્રિસ્તી ધર્મ માને છે કે એ મનુષ્યના જીવનમાં બધે જ વ્યાપી રહેલું ભયંકર તત્ત્વ છે. આમ, ખરેખર અનિષ્ટ તો અંગત સ્વાર્થ સાધવા માટે ઈશ્વરદત્ત સંકલ્પસ્વાતંત્ર્યનો ગેરપયોગ કરવો તે છે. ગેરપયોગથી તેમજ અન્યને ઈજા પહોંચાડવાથી પાપ થાય છે.*

**મૃત્યુ પછીની સ્થિતિ :** *ખ્રિસ્તી ધર્મમાં પુનર્જન્મનો સિધ્ધાંત નથી. માણસને માટે એક જ વાર મરવાનું નક્કી થયેલું છે અને તેનો ન્યાય થાય છે. ઈસુ કહેતાં : ''મને મોકલનારની ઈચ્છા એવી છે કે... હું બધાને સજીવન કરું, ઈશ્વર કંઈ મરેલાનો ઈશ્વર નથી, પણ જીવતાંનો જ ઈશ્વર છે.'' એટલે કે એ ભૂતકાળના પૂર્વજો પણ આજે પ્રભુની પાસે જીવે છે. આમ, બધાં માણસો મૃત્યુ પામ્યા પછી ફરી સજીવન થાય છે અને અનંત કાળ માટે જીવે છે.*

**મોક્ષનું સ્વરૂપ અને તેના સાધનો :** *વિવિધ પ્રકારના દુ:ખોમાંથી કાયમી છૂટકારો મેળવવો તેનું નામ મોક્ષ. મોક્ષને બાઈબલમાં 'અનંત જીવન' કહે છે. મોક્ષાવસ્થાની ફાધર વાલેસ લખે છે કે આ દેહમાં તો ઈશ્વર વિશેનું જ્ઞાન અધુરું છે, ઝાંખુ છે. પણ નવજીવન પરોઢિયે નવું જ્ઞાન મળશે, પ્રત્યક્ષ દર્શન મળશે, સાક્ષાત્કાર થશે. મોક્ષ મેળવવા માટે ખ્રિસ્તી ધર્મમાં સમાજસેવાનો કાર્યક્રમ અનિવાર્ય ગણવામાં આવે છે. બધા માણસો એકબીજાને મદદરૂપ થાય અને ઈશ્વરની કૃપા માટે પ્રાર્થના કરે તો મોક્ષપ્રાપ્તિ થઈ શકે, પરંતુ ઈસુ ખ્રિસ્ત કહે છે તેમ ''જે કોઈ વિશ્વાસ રાખતો નથી-તે તો સજાપાત્ર બની ચૂકયો છે.''*

### 12.3.3 નૈતિક સિધ્ધાંતો :

(1) *કોઈ પોતાના ભાઈ પર ગુસ્સો કરશે, ગાળ દેશે તે તિરસ્કાર કરશે તેણે નરકના અગ્નિમાં પડવું પડશે.*

(2) *'વ્યાભિચાર કરીશ નહી' જે કોઈ માણસ કોઈ પરાઈ સ્ત્રી પ્રત્યે વાસનાભરી નજર નાખે છે, તે માનવી તેની સાથે વ્યાભિચાર કરી ચૂક્યો છે.*

(3) *સોગન તોડીશ નહિ. ઈશ્વર આગળ જેજે સોગન લીધેલા છે તે પાળવા, સોગન બિલકુલ ખાશો જ નહિ.*

(4) *તમારું ખરાબ કરનારનો સામનો કરશો નહીં, બલકે જો કોઈ તારા જમણા ગાલ ઉપર તમાચો મારે તો તેની આગળ બીજો ગાલ ધરવો.*

(5) *તમારા શત્રુ ઉપર પ્રેમ રાખો અને તેમને પરેશાન કરનાર માટે દુઆ માંગો, તો જ તમે તમારા પરમ પિતાનાં સાચા સંતાન થઈ શકશો.*

(6) *લોકોની નજરે ચડવા માટે તેમના દેખતાં ધર્મકાર્યો કરશો નહી. નહિ તો તમારા પરમપિતા તરફથી તમને બદલો નહિ મળે. જયારે તું દાનધર્મ કરવા બેસે ત્યારે તારો જમણો હાથ શું કરે છે એની જાણ તારા ડાબા હાથને ન થવા દઈશ.*

(7) *જો તમે બીજાઓના ગુના માફ કરશો તો તમારા પરમપિતા તમારા ગુના માફ કરશે.*

(8) *આ પૃથ્વી ઉપર તમારી સંપત્તિનો સંઘરો કરશો નહિ, પણ તમારી સંપત્તિ સ્વર્ગમાં સંઘરી રાખજો.*

(9) *તમે સૌથી પહેલાં ઈશ્વરના રાજ્યની અને એણે ઈચ્છેલાં ધર્માચારણની પાછળ પડો એટલે બધી વસ્તુઓ તમને મળી રહેશે.*

(10) *કોઈનો ન્યાય તોળશો નહિ. પ્રથમ તારા પાપનું તું નિવારણ કર અને નિર્દોષ બન.*

**નૈતિક સદ્દગુણો :** *ગિરિપ્રવચનોમાં ઉપદેશાયેલા સદ્દગુણો ઉપરાંત નીચેના સદ્દગુણો ઉપર પણ ખ્રિસ્તી ધર્મમાં ભાર મૂકવામાં આવે છે.*

**સત્ય :** *અસત્યને ફગાવીદો, એકબીજા સાથેના વ્યવહારમાં સાચું જ બોલો.*

**પ્રેમ :** *જો કે હું (કંગાલોનું) પોષણ કરવા સારું મારી સર્વ સંપત્તિ આપી દઉં અને જો હું મારું શરીર અગ્નિને સોંપુ, પણ મારામાં પ્રીતિ ન હોય તો મને કશો લાભ થતો નથી. પ્રીતિ સહનશીલ તથા પરોપકારી છે.*

**શ્રદ્ધા :** *શ્રધ્ધા એ કોઈ અંધ લાગણી કે જડ વૃત્તિ કે વહેમ નથી, શ્રધ્ધા વિવેકપૂર્ણ હોય છે, બુધ્ધિજન્ય હોય છે. પણ શ્રધ્ધા ખાલી મનનો તરંગ કે વિચારની પ્રવૃત્તિ પણ નથી. એ પૂર્ણ વિશ્વાસ છે, વફાદારી છે, ખ્રિસ્તી ધર્મ મુજબ ડહાપણ, ન્યાય, શૌર્ય, સંયમ વગેરે સદ્દગુણો માનવી આપબળે વિકસાવી શકે છે, પરંતુ શ્રધ્ધા, આશા, અને પ્રેમ કેવળ પ્રભુકૃપાથી જ મેળવી શકાય છે.*

**12.3.4 ભક્તિભાવના :**

(1) **ભક્તિભાવનાનું સ્વરૂપ :** *ભક્ત અને ભગવાન, માનવ અને પ્રભુ વચ્ચેનો અતૂટ સબંધ તેનું નામ ભક્તિ. ખ્રિસ્તી ધર્મના મતે ભક્ત 'માનવસેવા એ પ્રભુસેવા છે' એ ખ્રિસ્તી ધર્મનું પાયાનું સૂત્ર છે. માનવે કરેલી માનવીની સેવા ઈશ્વર સ્વીકારે, માનવે કરેલો માનવ ઉપરનો પ્રેમ ઈશ્વરને પહોંચે અને માનવે કરેલો માનવ સામેનો અપરાધ પણ ઈશ્વરની સામે કરેલો અપરાધ ગણાય. આમ, ખ્રિસ્તી ધર્મ અનુસાર માનવબંધુ માટેનું સાચા દિલથી કરેલું કામ એ ભગવાનની ઉત્કૃષ્ટ પૂજા ગણાય છે.*

(2) **ભક્તિભાવનાની અભિવ્યક્તિ :** *માનવસેવા ઉપરાંત ખ્રિસ્તીઓ ધર્મગ્રંથોનું વાચન કરે છે. ખ્રિસ્તીઓ દેવળો કે પ્રાર્થના મંદિરોમાં દર રવિવારે એકત્રિત થઈને ધર્મગ્રંથોનું વાચન કરે છે, ધાર્મિક ઉપદેશ કે વ્યાખ્યાનું શ્રવણ કરે છે, સમૂહપ્રાર્થના કરે છે. ખ્રિસ્તી ધર્મની સાધનામાં પ્રાર્થનાનું સ્થાન મહત્ત્વપૂર્ણ હોઈ પ્રાર્થના અંગે ઈસુ ખ્રિસ્ત કહ્યું છે : તુ જ્યારે પ્રાર્થના કરે ત્યારે તારી ઓરડીમાં જઈને બારણાં વાસજે અને એકાન્તમાં પણ વસનાર તારા પિતાની પ્રાર્થના કરજે. એકાન્તની વાત જાણનાર તારા પિતા તને બદલો આપશે. પ્રાર્થનાનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં ફાધર વાલેસ લખે છે : વિનંતીની સાથે સાથે પ્રાર્થનામાં સ્તુતિને આભારનો ભાવ પણ આવી જાય છે. ભગવાનને આપણાં વખાણની જરૂર નથી એ વાત સાચી, પરંતુ દિલમાં માન ને આદર ને કૃતજ્ઞતા હોય તો એ વ્યક્ત કર્યા વગર કેમ રહેવાશે ?*

(3) **વૈરાગ્યભાવના :** *''પ્રભુ સિવાય સગાસંબંધી કે માલમિલકતમાં પ્રીતિ નહિ રાખવાનો અને વૈરાગ્યભાવના વિકસાવવાનો ઉપદેશ ઈસુ ખ્રિસ્તી આપે છે.'' વિનોબા ભાવે લખે છે : 'સંસાર ઉપર કે સંસારના વિષયો ઉપ્ર પ્રેમ રાખશો નહિ, જે કાંઈ સંસાર ઉપર પ્રેમ રાખે છે તેનામાં પરમ પિતા પ્રત્યે પ્રેમ હોતો નથી.' ઈસ્ટરના તહેવારોમાં ખ્રિસ્તીઓ ઉપવાસ કરે છે અને એ રીતે પોતાની ઈન્દ્રિયો ઉપર સંયમ અને વૈરાગ્યભાવ કેળવે છે. ફાધર વાલેસ કહે છે : દાન, પ્રાર્થના અને ઉપવાસ તો પુણ્યનાં કાર્યો છે, પરંતુ એની પાછળનો હેતુ શુધ્ધ ન હોય તો એ ખાલી તપની પ્રવૃત્તિ કે શિસ્તના પ્રયોગો કે વખતે આત્મસ્થાપના પ્રવૃત્તિઓ બની જાય.*

## 12.4 ઉપસંહાર

*પ્રત્યેક ધર્મને આગવું જીવનદર્શન હોય છે. ખ્રિસ્તી જીવન દર્શનનો આધાર સાર જાણવા માટે ઈશ્વર અને માનવીનો સંબંધસ, માનવી અને માનવીનો સંબંધ, અને માનવીનો સંબંધ, અને માનવી અને મનુષ્યેત્તર સૃષ્ટિ સાથેનો સંબંધ એ મુખ્ય ત્રણ સંબંધો છે. અંદાજે* 2000 *વર્ષના ભવ્ય ધાર્મિક ઈતિહાસ ધરાવનાર ખ્રિસ્તી ધર્મ આજે વિશ્વમાં બહુમતીઓનો ધર્મ છે. ખ્રિસ્તી ધર્મના આંતરિક દૂષણો, સુધારણા પ્રવૃત્તિઓ અને અનેક વાડાઓ વચ્ચે પણ ઈસુ ખ્રિસ્તનું જીવન જગતને અજવાળી રહ્યું છે.*

- **તમારી પ્રગતિ ચકાસો. (1)**

**(અ) પ્રશ્નોનાં જવાબ લખો. (આશરે 200 શબ્દોમાં)**

(1) *ખ્રિસ્તી ધર્મનાં ઉદય અને વિકાસ જણાવો.*

________________________________________________________

(2) *ઈસુ ખ્રિસ્તનું જીવન અને કાર્યની ચર્ચા કરો.*

________________________________________________________

(3) *ખ્રિસ્તી ધર્મનાં નૈતિક સિધ્ધાંતો લખો.*

________________________________________________________

**(બ) ખાલી જગ્યા પુરો.**

(1) *જહોન બેપ્ટિસ્ટ ........... ઉંમરે ઉપદેશ આપવાનું શરૂ કર્યું.*

*(અ)* 27 વર્ષ *(બ)* 30 વર્ષ *(ક)* 33 વર્ષ

(2) *ઈસુની માતાનું નામ ................હતુ.*

*(અ) શોફીયા (બ) મેરી (ક) રુબીયા*

(3) *ખ્રિસ્તી ધર્મનાં શાસ્ત્રનું નામ ................. છે.*

*(અ) બાઈબલ (બ) અવેસ્થિ (ક) કુરાન*

(4) *ખ્રિસ્તી ધર્મમાં ...............નો સિધ્ધાંત સ્વિકારાયો છે.*

*(અ) નૈતિકવાદ (બ) ભૌતિકવાદ (ક) કર્મપ્રમાણે ફળ*

(5) *ખ્રિસ્તી ધર્મનાં અનુયાયીઓ વર્ષમાં ............... વખત ઉત્સવ ઉજવે છે.*

*(અ) ચાર (બ) ત્રણ (ક) બે*

## 12.5 ચાવીરૂપ શબ્દો

**ગિરિપ્રવચનો** *ઈસુએ ટેકરી ઉપરથી આપેલાં ઉપદેશ વચનો.*

**મોક્ષ** *વિવિધ પ્રકારનાં દુઃખમાંથી કાયમી છૂટકારો મેળવવો એટલે મોક્ષ.*

**અપરિગ્રહ** *ચીજવસ્તુઓનો સંગ્રહ કરવો નહિ.*

**વૈરાગ્યભાવ** *સંસારમાંથી મુક્તિ અને પ્રભુ પ્રત્યે પ્રીતિ.*

❖ **બાઈઝાન્ટાઈન સભ્યતા**

## 12.6 હેતુઓ

*આ એકમના અભ્યાસથી તમે નીચેના મુદ્દાઓ સમજી શકશો...*

- *બાયઝાન્ટાઈન સભ્યતાના ઉદ્દભવની માહિતી મેળવી શકશો.*
- *બાયઝાન્ટાઈન સભ્યતા ધર્મ વિશેની માહિતી જાણી શકાશે.*
- *બાયઝાન્ટાઈન સભ્યતાના સાહિત્ય અને કલા વિશે જાણી શકાશે.*
- *બાયઝાન્ટાઈન સભ્યતાનો અંત કઈ રીતે આવ્યો ? તે જાણી શકાશે.*

## 12.7 પ્રાસ્તાવિક

*ગ્રીક વસાહતીઓએ ઈ.સ.પૂ. 657માં બાયઝાન્ટિયમ નગર વસાવ્યું હતું. કાળા સમુદ્ર અને એજિયન સમુદ્ર વચ્ચે આવેલી બોસ્ફરસની ખાડી પાસે થ્રેસના કાંઠે એટલે કે યુરોપના સૌથી અંત ભાગે તે આવેલું હતું. બાયઝાન્ટિયમની ભૂમિ અણીયારા શિંગડાની જેમ સમુદ્રમાં લાંબે સુધી વિસ્તરેલી હતી. જે 'સોનેરી શિંગડા' તરીકે ઓળખાતી. વેપારીઓ માટે આ સ્થળ ઘણું મહત્વનું હતું. યુરોપ અને એશિયા એ બંને ખંડોના વહાણોની અવર-જવર અહીંથી થતી. માનવજીવન માટેની પ્રતિકૂળ આબોહવાને લીધે લાંબા સમયસુધી બાયઝેન્ટિયમનો એક મહાનગર તરીકે વિકાસ થઈ શક્યો નહીં. સમ્રાટ કોન્સ્ટન્ટાઈને જ્યારે પૂર્વના રોમન સામ્રાજ્યના પાટનગર તરીકે બાયઝેન્ટિયમ પર પસંદગી ઉતારી ત્યારથી આ નગરનો વિકાસ થવા લાગ્યો. ઈ.સ. ૩૨૪માં આ નગરના કિલ્લાનું બાંધકામ શરૂ થયું. લગભગ સાડા પાંચ વર્ષ બાદ નગરનું બાંધકામ પૂરું થયું. ઈ.સ.330ના મેની 11મીએ સમ્રાટ કોન્સ્ટન્ટાઈને તેનું 'નવા રોમ' તરીકે ઉદ્દઘાટન કર્યું. પરંતુ નગરજનોએ નગરના સ્થાપક કોન્સ્ટન્ટાઈનના નામ પરથી તેને 'કોન્સ્ટન્ટિનોપોલ' કહેવાનું વધુ પસંદ કર્યું.*

*ચોથી સદી દરમ્યાન રોમન સામ્રાજ્યના પૂર્વ અને પશ્ચિમ એવા બે વિભાગો વહીવટી દ્રષ્ટિએ અસ્તિત્વમાં આવ્યાં. સૈધ્ધાંતિક રીતે રોમન સામ્રાજ્ય એક અને અખંડિત હતું. પરંતુ સમય જતાં આ બંને એકમો એકબીજાથી વધુને વધુ અભિમુખ થવા લાગ્યાં. તેમની વચ્ચેની આ જુદાઈ ભાષા અને ધર્મમાં પણ જણાવા લાગી. જીંગલી લોકોના આક્રમણોથી પશ્ચિમના રોમન સામ્રાજ્યનો અંત આવ્યો અને પૂર્વના રોમન સામ્રાજ્ય સાથેનો તેનો રહ્યો સહ્યો સંબંધ પણ તૂટી ગયો. પૂર્વના રોમન સામ્રાજ્યમાં ગ્રીક સંસ્કૃતિનો પ્રસાર વ્યાપક હતો. ઈ.સ.ની પાંચમી સદી સુધી અહીંનું સામ્રાજ્ય રોમન સામ્રાજ્ય તરીકે જ ઓળખાતું હતું. જસ્ટિનિયનના સમયથી તેમાંથી રોમન પરંપરા દૂર થતી થઈ. પૂર્વના આ રોમન સામ્રાજ્યને કયા નામે ઓળખવું તે વિશે પ્રશ્ન થયો. ઈતિહાસવિદોએ તેને 'બાયઝેન્ટિયમ' તરીકે ઓળખાવ્યું. પાછળથી તે બાયઝેન્ટાઈન સામ્રાજ્ય તરીકે પ્રસિધ્ધ થયું. બાયઝેન્ટાઈન સામ્રાજ્યે પોતાની એક આગવી સભ્યતાનું નિર્માણ કર્યું હતું. મધ્યયુગીન યુરોપના ઈતિહાસમાં બાયઝેન્ટાઈન સંસ્કૃતિ સભ્યતાને સાંસ્કૃતિક દ્રષ્ટિએ મહત્વનું પ્રદાન કર્યું.*

## 12.8 બાઈઝાન્ટાઈન સભ્યતાનું સાંસ્કૃતિક પ્રદાન

**ધર્મ :**

*બાયઝેન્ટાઈનમાં ગ્રીક એર્થોડોક્સ દેવળ-સંસ્થાનો વિકાસ થયો હતો. સમ્રાટ કોન્સ્ટન્ટાઈને ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો ત્યારથી ખ્રિસ્તી ધર્મને રાજ્યાશ્રમ મળ્યો. રોમ, એલેકઝાન્ડ્રિયા અને એન્ટિઓક ખ્રિસ્તી ધર્મના મુખ્ય કેન્દ્રો હતાં. દેવળ-સંસ્થાના અધિકારીઓ-બિશપ*

*અને પેટ્રીઆર્ક ઉપર સમ્રાટ અંકુશ ધરાવતો. અહીં ખ્રિસ્તી દેવળ-સંસ્થા રાજય વહીવટના એક ભાગ રૂપે હતી. આમ છતાં દેવળ-સંસ્થાની બાબતમાં સમ્રાટો માથું મારતા નહિ. દેવળ-સંસ્થાના ઐકય માટે ભરાયેલ 'એક્યુમેનિકલ' પરિષદોમાં લેવાયેલ નિર્ણયનું પાલન દરેક ખ્રિસ્તીએ કરવું પડતું. આવી સાત પરિષદો જુદા જુદા સમયે ભરાઈ હતી. આ પરિષદોમાં થયેલી ચર્ચા-વિચારણા પર ગ્રીક-એર્થોડોક્સ દેવળ-સંસ્થાનો પાયો રચાયો. ખ્રિસ્તી ધર્મનો ત્રૌંકયનો સિધ્ધાંત ઘણો જ ગૂંચવણભર્યો છે. આ ત્રૈંકયના સિધ્ધાંત અંગે નિસિયામાં ભરાયેલ ધર્મપરિષદે સમગ્ર ખ્રિસ્તી જગતમાં ખળભળાટ મચાવી દીધો. કોન્સ્ટન્ટિનોપલના પેટ્રિઆર્ક નેસ્ટોરિયસે ઈસુ ખ્રિસ્તના માનવીય અને દૈવી એવાં બે સ્વરૂપ જણાવ્યાં. નેસ્ટોરિયસનો આ મત ખ્રિસ્તીઓમાં અપ્રિય થઈ પડ્યો, કારણ કે તેનાથી કુમારી મેરીનાં 'ઈશ્વરની માતા' ના બિરૂદને ધક્કો પહોંચે તેમ હતુ, તેથી ત્રીજી પરિષદમાં આ વિચારસરણીનો સખત વિરોધ કરવામાં આવ્યો. નેસ્ટોરિયસની આ વિચારસરણી નેસ્ટોરિયનવાદ તરીકે વિકાસ પામી. નેસ્ટોરિયનવાદ એ મેરીના આજીવન કૌમાર્ય હોવાની માન્યતા પરનો પ્રહાર હતો. ૮મી સદીમાં મૂર્તિપૂજાવાદની ચર્ચાએ જોર પકડ્યું. સાતમી એક્યુમેનિકલ પરિષદમાં તેનો સખત વિરોધ કરવામાં આવ્યો. મૂર્તિપૂજાવાદની વિચારસરણી પછી દેવળ-સંસ્થાને કોઈ ગંભીર આંતરિક સંઘર્ષનો સામનો કરવો પડ્યો ન હતો. ગ્રીક ઓર્થોડોક્સ દેવળ-સંસ્થાએ રહસ્યવાદને અનુમોદન આપ્યું.*

*અહીંની દેવળ-સંસ્થામાં અનેક અંધશ્રધ્ધાઓ પ્રવર્તતી. સંતોનાં ચિત્રો કે મૂર્તિઓમાં જાદુઈ શક્તિ હોવાની માન્યતા હતી. બુધ્ધિજીવી વર્ગ પણ આવી માન્યતામાં વિશ્વાસ રાખતો હતો. બાયઝેન્ટાઈન દેવળ-સંસ્થામાં રાજયનું સ્વરૂપ હતું. તે એક લોકશાહી સંસ્થા સમાન હતી. ધર્મ અંગે રોમન કેથલિકનું અર્થઘટન માન્ય રાખવામાં આવતું ન હતું. ગ્રીક ઓર્થોડોક્સ દેવળ-સંસ્થા સામ્રાજયના ધાર્મિક કે સાંસ્કૃતિક જીવનમાં જ નહિ, રાજકીય તાણાવાણા સાથે પણ વણાઈ ગઈ હતી. રોમન કેથલિક પંથ આ રીતે રોમન સામ્રાજયમાં ભળી શક્યો ન હતો. કોન્સ્ટનોપલનો પેટ્રિઆર્ક રોમના પોપની જેટલી સત્તા ભોગવતો. પેટ્રિઆર્કની નિમણૂક સમ્રાટ દ્વારા થતી. ગ્રીક ઓર્થોડોક્સ પંથે ઘણા લોકોને ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતર કરાવ્યું. આ બાબતમાં સિરીલ અને મેથોડિયસ વગેરે મિશનરીઓએ કામ કર્યું હતું.*

**અર્થતંત્ર :**

*કોન્સ્ટન્ટિનોપલ, એન્ટિઓક, બૈરુત, સોલોનિકા, કોરિંથ વગેરે નગરોનું વ્યાપારી કેન્દ્રો હતાં. કોન્સ્ટન્ટિનોપલ પૂર્વ અને પશ્ચિમના વેપારના એક સેતુ સમાન હતું. આ નગર એટલું બધું સમૃધ્ધ હતુ કે સમૃધ્ધિના પર્યાય માટે 'કોન્સ્ટન્ટિનોપલ' શબ્દ વપરાતો.*

*સામ્રાજયની આર્થિક સમૃધ્ધ સારી હોવા છતાં કેટલીક ચીજ-વસ્તુઓની આયાત કરવામાં આવતી. જડી બુટ્ટીઓ અને સુખડની આયાત પૂર્વના દેશોમાંથી થતી. મલબારમાંથી મરી, શ્રીલંકામાંથી રત્નો, ચીનમાંથી રેશમ, હિંદી-ચીનમાંથી રેશમ, લવિંગ અને સુખડની આયાત કરવામાં આવતી.*

9મી-10મી સદીમાં બાયઝેન્ટાઈનનો વેપાર ઉન્નત કક્ષાએ હતો. આરબોના વિજય પહેલાં ઈજિપ્તમાંથી અનાજની આયાત થતી. ત્યારબાદ એશિયા માઈનોર અને થ્રેસમાં અનાજની ખેતી થવા લાગી. જસ્ટિનિયનના સમયથી બાયઝેન્ટાઈનમાં રેશમ ઉદ્યોગનો પાયો નંખાયો. પર્શિયા સાથેના યુધ્ધના કારણે રેશમના વેપારને ભારે ફટકો પડ્યો. રેશમના ભાવો નીચે લાવવાના પ્રયત્નોને લીધે ખાનગી રીતે રેશમનું ઉત્પાદન કરનારા પડી ભાંગ્યાં. રાજ્યે તેમને કીંમત આપીને તેમનાં કારખાના ખરીદી લીધાં. આમ, રેશમના વેપાર પર સરકારનો ઈજારો સ્થપાયો.

જસ્ટિનિયનના ખેતીવિષયક કાયદા પ્રમાણે ખેડૂત જમીનની માલિકી ભોગવતો. ખનીજ સંપત્તિ પર રાજ્યની માલિકી હતી, પરંતુ મોટે ભાગે સરકારી ભાડાપટ્ટાના ધોરણે ખાનગી પેઢીઓને ખનીજ ખરીદવાની છૂટ અપાતી. લશ્કર, અમલદારશાહી અને દરબારને જરૂરી એવી ચીજ-વસ્તુઓનું ઉત્પાદન સરકાર પોતે જ પોતાની માલિકીના કારખાનામાં કરતી. ઈ.સ. 542માં ફાટી નીકળેલા પ્લેગના રોગ પછી મજૂરીના દરમાં વધારો થયો હતો.

સમ્રાટ કોન્સ્ટન્ટાઈને ‘બિઝેન્ટસ’ નામના નવા પ્રકારના સિક્કા પડાવ્યાં હતાં. રાજયમાં બેંન્કિગ પ્રથાનો પણ વિકાસ થયો હતો. શરાફનો ધંધો હતો. ઉછીના આપેલાં નાણાં પર રાજ્યે નક્કી કરેલા દરે વ્યાજ લેવાતું. 11મી સદીથી બાયઝેન્ટાઈન વેપારની પડતી શરૂ થઈ.

**સાહિત્ય :**

પ્રાચીન ગ્રીક સાહિત્યને સાચવવામાં બાયઝેન્ટાઈન સંસ્કૃતિનો ફાળો વિશેષ રહ્યો છે. ઈ.સ. 425માં થિયોડોસિયસ બીજાના સમયમાં કોન્સ્ટન્ટિનોપલમાં વિદ્યાપીઠ સ્થાપવામાં આવી. જેમાં 31 અધ્યાપકો હતાં. તેમાંથી પ્રિસ્કીયન નામનો અધ્યાપક પ્રસિધ્ધ હતો. લેટીન અને ગ્રીક ભાષાના વ્યાકરણના ઊંડા જ્ઞાન માટે તેની કીર્તિ ફેલાઈ હતી. આ વિષયમાં તેણે લખેલા ગ્રંથો મધ્યકાલમાં જાણીતા હતાં.

યુનેપિયસે ઈ.સ.270થી 400 સુધીના સમયને આવરી લેતા વિશ્વના ઈતિહાસની રચના કરી. તેનો મુખ્ય નાયક જસ્ટિનિયન છે.

કોન્સ્ટન્ટિનોપલના રૂઢિવાદી ખ્રિસ્તી સોક્રેટિસે દેવળ-સંસ્થાનો ઈતિહાસ લખ્યો છે. જેમાં ઈ.સ. 309 થી 439 સુધીનો સમય આવરી લેવામાં આવ્યો છે.

પેગનવાદી ઝોસિમસે રોમન સામ્રાજયના ઈતિહાસની રચના કરી.

પ્રોકોપિયસ એ બાયઝેન્ટાઈન સામ્રાજયનો મહાન ઈતિહાસકાર છે. તેની કૃતિ ‘યુધ્ધના ગ્રંથો’એ ઘણી જ લોકચાહના મેળવી હતી. આ ગ્રંથમાં બેલિસેરિયસને તેજસ્વી નાયક તરીકે રજૂ કરવામાં આવ્યો છે, જ્યારે જસ્ટિનિયનને તેની આગળ સહેજ ઝાંખો દર્શાવ્યો છે.

*આત્મકથા લેખનમાં નિસેફોરસ અને બ્લેમ્મીડાસની આત્મકથાઓ પ્રસિધ્ધ છે.*

*ગદ્ય સાહિત્યમાં પત્રલેખનનો પણ વિકાસ થયો હતો. પત્રો અલંકારપૂર્ણ શૈલીમાં લખાતા.*

*બાયઝેન્ટાઈન સાહિત્યની કેટલીક મર્યાદાઓ પણ હતી. તેમાં ચોક્કસ સર્જનાત્મક સહજતાનો અભાવ વર્તાય છે. આમ છતાં ત્યાં કેટલુંક અમર સાહિત્ય સર્જાયું છે.*

*નવલકથાના ક્ષેત્રે એન્ડ્રીઓપ્યુલસ અને સાયમન સેથના નામ જાણીતાં છે.*

*ઈ.સ.ની 6ઠ્ઠી અને 7મી સદી દરમિયાન લિયોન્ટિયસ અને મેક્સિમસ જેવા મહાન ધાર્મિક લેખકો થયાં. ૬ઠ્ઠી સદી અધ્યાત્મ વિદ્યાની ચઢતીનો સમય હતો. જસ્ટિનિયનના સમયથી સાહિત્ય ક્ષેત્રે નવા યુગનો આરંભ થયો.*

**વિજ્ઞાન :**

*એલેક્ઝાન્ડ્રા, એથેન્સ, કોન્સ્ટન્ટિનોપલ અને એન્ટિઓકમાં વિદ્યાપીઠો આવેલી હતી. જે અનુક્રમે ચિકિત્સાવિદ્યા, દર્શનવિદ્યા અને સાહિત્યના ઊંડા અભ્યાસ માટે નામાંકિત હતી.*

*જ્યુલિયનના દરબારના તબીબ એટિયસે આંખ, કાન, નાક, મોં અને દાંતના રોગોનું વિશ્લેષણ કર્યું. તેણે હડકવા અને ગળા ઉપરની રસોળી વિશેની રસિક માહિતી પૂરી પાડી છે.*

*ટ્રેલ્સનો એલેક્ઝાન્ડર 5 જાણીતો તબીબ લેખક હતો. પેથોલોજી (રોગ નિદાનશાસ્ત્ર) અને થેરાપી (ઉપચાર પધ્ધતિ) અંગેના તેના પુસ્તકોના સિરીયાક, અરબી, હિબ્રુ અને લેટીન ભાષામાં અનુવાદ થયા હતાં.*

*ચિકિત્સાવિદ્યા વહેમથી દબાયેલી હતી. મોટા ભાગના તબીબો જ્યોતિષશાસ્ત્રનો સ્વીકાર કરતા અને ગ્રહોની સ્થિતિ પ્રમાણે દર્દીઓનું નિદાન અને સારવાર કરતાં.*

*પશુચિકિત્સા અંગે ફલેવિયસ વેજેશિયસે લખેલું પુસ્તક છેક નવજાગૃતિ સુધી તે ક્ષેત્રમાં પ્રભુત્વ ધરાવતું હતું. એલેક્ઝાન્ડ્રિયામાં રસાયણશાસ્ત્ર અને કીમિયાવિદ્યાનો વિકાસ થયો હતો.*

**દર્શન વિદ્યા :**

*દર્શનવિદ્યાના ક્ષેત્રે પણ સારી પ્રગતિ થઈ હતી. અધ્યાત્મ વિદ્યાને વિજ્ઞાનનો એક ભાગ જ માનવામાં આવતો. તેની પર દેવળ-સંસ્થાનો અંકુશ હતો.*

*હાયપેશિયા આ સમયની જાણીતી ગણિતજ્ઞ અને તત્ત્વવિદ હતી. આજીવન અપરિણિત રહેલી હાયપેશિયાને તત્ત્વજ્ઞાનમાં ઘણો ઊંડો રસ હતો. કોઈપણ વ્યક્તિ તેને પ્લેટો કે એરિસ્ટોટલ વિશેનો કોઈ મુશ્કેલ પ્રશ્ન પૂછે ત્યારે તે રસ્તામાં ઊભી રહીને પણ તેને તે સમજાવતી. ઝો પેગનવાદી હોવાથી અમાનુષી રીતે તેને મારી નાંખવામાં આવી હતી.*

*હાયપેશિયાના મૃત્યુ પછી દર્શનવિદ્યાના પંડિતો એથેન્સમાં ચાલ્યા ગયાં. સ્ટોઈક અને એપિક્યુરિયન મતો અદ્રશ્ય થઈ ગયા, અને તેનું સ્થાન પ્લેટોવાદી એકાદમીએ લીધું.*

*પ્રોક્લ્યુએ એક સાચા પ્લેટોવાદી તરીકે ગણિત દ્વારા તત્ત્વજ્ઞાનનો અભિગમ અપનાવ્યો હતો.*

*ઈ.સ. 529માં જસ્ટિનિયને બધા જ દાર્શનિક મતો પર પ્રતિબંધ મૂકયો તેથી વિવિધ દાર્શનિક વિચારસરણીઓનો અંત આવ્યો.*

**કલા :**

*ગ્રીક, રોમન, આરામાઈક અને ઈરાનીકલા તત્ત્વોની અસર બાયઝેન્ટાઈન કલામાં જોવા મળે છે. બાયઝેન્ટાઈન કલામાં ધર્મે અગત્યનો ભાગ ભજવ્યો છે. તે ધાર્મિક કલા હતી. જે યુગમાં ખ્રિસ્તી ધર્મનો વિજય થયો તે ધાર્મિક યુગની તે પેદાશ હતી. જસ્ટિનિયનના સમયમાં પેગન કલાનો અંત આવ્યો હતો અને તે કાળમાં સર્જાયેલી કૃતિઓ નાશ પામી હતી. ખ્રિસ્તી ધર્મે શરૂઆતમાં કલાને પેગનવાદ અને મૂર્તિપૂજાને મદદ કરનારી માની, તેથી કલા પ્રત્યે શંકા સેવી.*

*શરીર શેતાનનું સાધન હોવાની માન્યતાને લીધે શિલ્પમાંથી આદર્શ તરીકે શારીરિક સુદ્રઢતાને દૂર કરવામાં આવી. પરિણામે શિલ્પકલામાંથી શરીર શાસ્ત્રવિદ્યા નો પ્રભાવ દૂર થયો.*

*ખ્રિસ્તી ધર્મના વિજય બાદ બાયઝેન્ટાઈન કલામાં આરામાઈક કલાના ખ્યાલો પ્રવેશ્યાં. ઈસુનું આલેખન એપોલોની જેમ થઈ શકતું નહિં. ઈસુની પ્રતિમામાં વાસ્તવિકતા કરતાં તારણહાર તરીકેના ભાવને વધુ પ્રાધાન્ય આપવામાં આવતું. તેથી ઈસુની પ્રતિમાના મુખ પર દૈવીકૃતાના ભાવ પર વધુ ભાર મૂકવામાં આવ્યો. ગ્રીસ અને રોમની કલામાં જે અસરવાદનો અભાવ હતો તેની પર ધર્મે વિશેષ ભાર મૂકયો. દેવળમાં મૂર્તિપૂજાની બાબતમાં જે ઝઘડા થયા તે દરમ્યાન મોટા ભાગની શિલ્પાકૃતિઓ નાશ પામી.*

*સ્થાપત્ય કલાએ પણ આ સમયે પ્રગતિ સાધી હતી. સ્તંભોવાળા મંડપ ઉપરના ઘુમ્મટની સમતુલાનું રહસ્ય બાયઝેન્ટાઈન સ્થાપત્યકલાનું પ્રદાન છે. દેવળોનાં બાંધકામે ઉચ્ચત્તમ વિકાસ કર્યો હતો. અહીંના સ્થપતિઓએ દેવળો માટે પૂર્વ-રોમના બાંધકામનું સ્વરૂપ અપનાવ્યું હતું. સ્થાપત્યના અવશેષોમાં મોટે ભાગે ધાર્મિક ઈમારતો-દેવળો બચવા પામ્યાં છે, જ્યારે બિન-ધાર્મિક ઈમારતો નાશ પામી છે.*

*નીકામાં બળવો થતાં જસ્ટિનિયનને પોતાની રાજધાનીનું પુનઃનિર્માણ કરવાની તક મળી. બળવાખોરોએ સેનેટ હાઉસ, ઝયુક્સિપ્પસનું સ્નાનાગૃહ અને સેંટ સોફિયાના દેવળને ઘણું નુકસાન પહોંચાડ્યું હતું. જસ્ટિનિયન તે બધાંને તેમની મૂળ રચના પ્રમાણે વર્ષ બે વર્ષમાં બંધાવી શકયો હોત, પરંતુ તેણે તેમના બાંધકામ પાછળ વધુ નાણાં અને સમય ખર્ચીને પોતાની રાજધાનીને રોમ કરતાં પણ વધુ રમણીય બનાવવાનો પ્રયત્ન કર્યો. સેનેટ હાઉસ અને સ્નાનાગૃહનું બાંધકામ આરસમાં કરવામાં આવ્યું. જસ્ટિનિયનનો મહેલ પણ બાંધવામાં આવ્યો.*

*સેંટ સોફિયાનું દેવળ : તે સમયનાં જાણીતા સ્થપતિઓ અને એન્થેમિયસ અને ઈસિડોરને સોંપવામાં આવ્યું હતું. તેના બાંધકામ માટે હજારો કારીગરો રોકવામાં આવ્યાં હતાં. જુદા જુદા પ્રાંતોમાંથી મંગાવવામાં આવેલ પ્રાચીન સુંદરતમ અવશેષોનો તેમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેનાં અલંકરણમાં વિવિધ પ્રકારના આરસ, કિંમતી પથ્થરો, સોનુ, ચાંદી અને હાથીદાંતનો ઉપયોગ કરવમાં આવ્યો હતો. દેવળનું બાંધકામ પુરું થતાં પાંચ વર્ષ અને દસ મહિના થયા હતાં.*

*ગ્રીક ક્રોસ આકારનું તેનું તલમાન* 250 *ફૂટ* 250 *ફૂટ છે. તલમાનના ક્રોસના દરેક છેડે ઉપ-ઘુમ્મટ છે, જયારે તેનો મુખ્ય ઘુમ્મટ* 100 *ફૂટ* 100 *ફૂટના મધ્ય મંડપ ઉપર છે. આ મુખ્ય ઘુમ્મટ ભૂમિથી* 180 *ફૂટ ઊંચો છે. અને તેનો વ્યાસ* 100 *ફૂટનો છે. આ દેવળને કલાના ક્ષેત્રે જસ્ટિનિયનની સર્વોચ્ચ સિધ્ધિ ગણાવી શકાય.*

*હાથીદાંતની કોતરણીની કલા અહીં ઘણી લોકપ્રિય હતી. પુસ્તકોના આવરણ માટેના પાટીયા, મજુષા, અત્તર-પેટી, નાની પ્રતિમાઓ અને બીજી અનેક વસ્તુઓમાં આ કલાનો ઉપયોગ થતો.*

*ચિત્રમાં અંતર અને ઊંડાઈ કેવી રીતે રજૂ કરવા તેનું જ્ઞાન અહીંના ચિત્રકારોને હતું. વ્યક્તિ ચિત્રો ઘણાં દોરાયાં હતાં, પણ તેમાંથી થોડાંક જ બચવા પામ્યાં છે. દેવળોને અંદરથી ભીત્તચિત્રો દ્વારા અલંકૃત કરવામાં આવતાં. પુસ્તકો ઘણાં ખર્ચાળ હોવાથી બીજી કિંમતી વસ્તુઓની જેમ તેને પણ અલંકૃત કરવામાં આવતાં.*

*જડતર કલા અને બાયઝેન્ટાઈન ચિત્રકલાનું લાક્ષણિક સ્વરૂપ હતું. રંગબેરંગી કાચના ટુકડા જડીને આકૃતિઓનું આલેખન કરવામાં આવતું. કિંમતી પથ્થરો પણ કાચના ટુકડા સાથે ભેળવવામાં આવતાં. બાયઝેન્ટાઈન જડતર કલાના ઉત્તમ નમૂના જસ્ટિનિયનના સમયમાં બંધાયેલા ઈટાલીના દેવળોમાં જોવા મળે છે. રેવેન્નાના એપોલ્લીનેરીસના દેવળમાં પણ આ કલાના ઉત્તમ નમૂના છે.*

## 12.9 બાઈઝાન્ટાઈન સભ્યતાનું યુરોપમાં સ્થાન

*યુરોપના ઈતિહાસમાં બાયઝેન્ટાઈન સભ્યતાનું મૂલ્ય વિશેષ છે. પશ્ચિમ યુરોપ સ્થાનિક સામંતોના પ્રાંતોમાં વહેંચાઈને છિન્નભિન્ન થઈ ગયું હતું, ત્યારે પૂર્વનું યુરોપ એટલે કે બાયઝેન્ટાઈન સામ્રાજયમાં એક કેન્દ્રીય સત્તાનું શાસન હતું. આમ, પૂર્વના યુરોપને સંગઠિત રાખવામાં બાયઝેન્ટાઈન સભ્યતાનો ફાળો નોંધપાત્ર છે.*

*પશ્ચિમની કલા પર બાયઝેન્ટાઈન કલાની અસર જોવા મળે છે. સ્થાપત્ય અને ચિત્રકલાએ નવજાગૃતિ કાલમાં પણ બાયઝેન્ટાઈન કલા પાસેથી ઘણી પ્રેરણા મેળવી હતી. ગ્રીક સંસ્કૃતિના સંરક્ષણ અને સાતત્ય માટે બાયઝેન્ટાઈન સભ્યતાનું મહત્ત્વ સવિશેષ છે.*

## 12.10 બાઈઝાન્ટાઈન સામ્રાજયનો અંત

*સમ્રાટ જસ્ટિનિયનના સમય પછી બાયઝેન્ટાઈન સામ્રાજયનો વિસ્તાર ઘટવા લાગ્યો. લોમ્બાર્ડસ લોકોએ મોટા ભાગનું ઈટાલી જીતી લીધું. વિઝિગોથ્સ લોકોએ જસ્ટિનિયને જીતી લીધેલા સ્પેન પર ફરીથી કબજો જમાવ્યો. સ્લાવ્સ અને બીજી જંગલી જાતિઓએ થ્રેસ સિવાયના અન્ય બાલ્કન પ્રદેશો જીતી લીધાં. ઈ.સ.૬૩૨માં મુહમ્મદ પયગમ્બરના મૃત્યુ બાદ આરબો ઈસ્લામના પ્રચાર માટે નીકળી પડ્યાં. ઈ.સ. ૭૦૦ના અરસા સુધીમાં એશિયામાઈનોર સિવાયના એશિયા અને આફ્રિકાના ઘણા પ્રાંતો આરબોએ બાયઝેન્ટાઈન સામ્રાજયમાંથી છીનવી લીધા. આમ, બાયઝેન્ટાઈનનો ઘણો વિસ્તાર ઘટી ગયો. આમ છતાં આ સામ્રાજય ૧૫મી સદી સુધી અસ્તિત્વમાં હતું. ઈ.સ.૧૪૫૩માં તૂર્કોએ કોન્સ્ટન્ટિનોપલ પર આક્રમણ કરીને તેનું પતન આણ્યું. ત્યારબાદ આ નગર ઈસ્તંબુલના નામે ઓળખાયું અને તૂર્કી સામ્રાજયની રાજધાનીનું કેન્દ્ર બન્યું. આમ, બાયઝેન્ટાઈન સામ્રાજયનો અને તેની સાથે તેની સભ્યતાનો અંત આવ્યો.*

- **તમારી પ્રગતિ તપાસો. (2)**

**(અ) માગ્યા મુજબ જવાબ આપો.**

(1) *બાયઝેન્ટાઈન સભ્યતાનો ટૂંકમાં પરિચય કરાવો.*

___

(2) *બાયઝેન્ટાઈન સભ્યતાના અર્થતંત્ર વિશેની ચર્ચા કરો.*

___

(3) *બાયઝેન્ટાઈન સભ્યતાના સમયમાં થયેલ વિવિધ સાહિત્ય નોંધો.*

___

(4) *બાયઝેન્ટાઈન સભ્યતાના કલા-સ્થાપત્યનું મૂલ્યાંકન કરો.*

___

(બ) **ખાલી જગ્યા પુરો.**

(1) ________માં ગ્રીક વસાહિતોએ બાયઝેન્ટાઈન નગર વસાવ્યું.

*(અ) ઈ.સ.* 655 *(બ) ઈ.સ.* 657 *(ક) ઈ.સ.* 660

(2) *સમ્રાટ કોન્સ્ટેન્ટાઈનને ................ધર્મ અપનાવ્યો.*

*(અ) ઈસ્લામ (બ) ખ્રિસ્તી (ક) પારસી*

(3) ________ *સદીથી બાયઝેન્ટાઈન વેપારની પડતી શરૂ થઈ.*

*(અ)* 11*મી (બ)* 13*મી (ક)* 15*મી*

(4) *પ્રોકોપિયસે .............કૃતિની રચના કરી.*

*(અ) યુધ્ધ અને શાંતિ (બ) યુધ્ધ અને મહાનતા (ક) યુધ્ધના ગ્રંથો*

(5) ______________*આ સમયની જાણીતી ગણિતજ્ઞ એ તત્ત્વવિદ હતી.*

*(અ) હાયેમારીશા (બ) હાયપેશિયા (ક) હાયચુથિશા*

(6) __________ *એ બાયઝેન્ટાઈન ચિત્રકલાનું લાક્ષણિક સ્વરૂપ હતું.*

*(અ) ધાતુકલા (બ) જડતર કલા (ક) માટી કલા*

## 12.11 તમારી પ્રગતિ તપાસોના જવાબો

**તમારી પ્રગતિ તપાસોના જવાબો (૧)**

*(બ) ખાલી જગ્યા પુરો.*

(1) *બ (૨) બ (૩) અ (૪) ક (૫) ક*

**તમારી પ્રગતિ તપાસોના જવાબો (૨)**

*(બ) ખાલી જગ્યા પુરો.*

(1) *બ (૨) બ (૩) અ (૪) ક (૫) બ (૬) બ*

## 12.13 સંદર્ભગ્રંથસૂચિ

**ખ્રિસ્તીધર્મનો ઉદ્દભવ-વિકાસ**


- Cyriyle A. J. : Christanity in History, London, 1917
- Sroam, Jacob (Ed) : Christanity and the Decline of the rome, New York, 1962
- Hayes Moon & Wayland : A History of Erope, New York, 1957
- *ભટ્ટ દેવેન્દ્ર વૃ. : યુરોપનો ઈતિહાસ, અમદાવાદ,* 1972
- *નહેરુ જવાહરલાલ : જગતનાં ઈતિહાસનો રેખાદર્શન, અમદાવાદ,* 1956

**બાઈઝાન્ટાઈન સભ્યતા**


- *થોમસ પરમાર, જગતની અગ્રગણ્ય સભ્યતાઓ, અમદાવાદ*
- *ભટ્ટ દેવેન્દ્ર ગુરુ : યુરોપનો ઈતિહાસ, અમદાવાદ,* 1972
- Runcima Steven : Byzantine Civilization, New York, 1956
- Hayes Moon & Wayland : A History of Europe, New York, 1957

**એકમ : 13** **ઈસ્લામ સંસ્કૃતિ અને ધર્મયુધ્ધો**

**:: રૂપરેખા ::**

❖ **ઈસ્લામ સંસ્કૃતિ**

**13.0 ઉદ્દેશ્યો**

**13.1 પ્રસ્તાવિક**

**13.2 ઈસ્લામનો ઉદય**

**13.3 મહમંદ પયંગબરનું જીવન**

**13.4 ઈસ્લામના મુખ્ય સિધ્ધાંતો**

**13.5 ઈસ્લામ ધર્મના મુખ્ય ઉપદેશો**

**13.6 ઈસ્લામી સંસ્કૃતિનો વિવિધ ક્ષેત્રોમાં વિકાસ**

**13.6.1 અર્થતંત્ર**

**13.6.2 શિક્ષણ અને વિદ્યા**

**13.6.3 વિજ્ઞાન**

**13.6.4 વૈદક**

**13.6.5 દર્શન વિદ્યા**

**13.6.6 કલા**

- **તમારી પ્રગતિ ચકાસો. (1)**

❖ **ધર્મયુધ્ધો**

**13.7 હેતુઓ**

**13.8 પ્રસ્તાવના**

**13.9 ધર્મયદ્ધો માટેનાં કારણો**

**13.10 ધર્મયુધ્ધો**

**13.11 ધર્મયુધ્ધોનાં પરિણામો**

**13.12 સારાંશ**

- **તમારી પ્રગતિ ચકાસો. (2)**

**13.13 ચાવીરૂપ શબ્દો**

**13.14 તમારી પ્રગતિ ચકાશોનાં જવાબો**

**13.15 સંદર્ભગ્રંથો**

❖ ઈસ્લામ સંસ્કૃતિ

## 13.0 ઉદ્દેશ્યો

- *આ એકમનાં અભ્યાસથી તમે પ્રસ્તુત મુદ્દાઓને સમજી શકશો.*
- *ઈસ્લામનો ઉદય, તેના ઉપદેશો, સિધ્ધાંતોને જાણી શકાશે.*
- *ઈસ્લામ ધર્માના સ્થાપક મહમંદ પયંગબરની જીવન વિશેની માહિતી મેળવી શકાશે.*
- *ઈસ્લામી સંસ્કૃતિએ વિવિધક્ષેત્રોમાં કરેલ વિકાસને જોઈ શકાશે.*

## 13.1 પ્રસ્તાવિક

*ઈસ્લામ ધર્મના ઉદયથી એશિયા, આફ્રિકા અને યુરોપના ખંડો ઉપર મહત્ત્વની આર્થિક અને સાંસ્કૃતિક અસર પડી હતી. ઈસ્લામ ધર્મનો ઉદય મધ્યયુગનો એક મહાન ક્રાંતિકારી બનાવ છે. ઈસ્લામ ધર્મનો ઉદ્દભવ અરબસ્તાનમાં થયો. આ દેશમાં વસતા લોકો આરબો તરીકે ઓળખાતા હતાં. મોટો ભાગ રણપ્રદેશ છે, તેથી ખેતીને અનુકૂળ નથી. પરંતુ સફરજન, અંજીર, બદામ, ખજૂર વગેરે ફળો પુષ્કળ પ્રમાણમાં થાય છે.*

## 13.2 ઈસ્લામનો ઉદય

*ભારતમાં જેમ આર્યો શરૂઆતમાં ટોળીઓમાં વસતા તેમ અરબો પણ પોતપોતાની ટોળીઓ (કબીલા)માં રહેતાં હતાં. પોતાની ટોળીના સભ્યો પરસ્પર અને સહકાર રાખતા હતાં. પરંતુ આ દરેક ટોળીઓ વચ્ચે સહકારની ભાવના નહોતી. દરેક ટોળીઓ મોટા ભાગનો સમય પરસ્પરની તકરારોમાં વ્યતીત કરતી. આ દરેક ટોળીને પોતાનો અલગ અલગ દેવ હતો. કોઈનો લાકડાનો, કોઈનો પથ્થરનો, કોઈનો પિત્તળનો, કોઈનો તાંબાનો. દરેક દેવના સ્વરૂપ પણ જાતજાતના અને વિચિત્ર હતાં. એક ટોળી બીજી ટોળી ઉપર આક્રમણ કરે અને વિજય મેળવે તો તેના દેવનું પણ અપહરણ કરી લાવતા હતાં. આ રીતે આ લોકો અસંખ્ય દેવદેવીઓના પૂજા કરતાં હતાં. આ દેવદેવીઓને પશુનો ભોગ આપવામાં આવતો. કોઈવાર મનુષ્યનો ભોગ પણ આપવામાં આવતો હતો. કુસંપ અને હિંસાખોરીના અવગુણો ઉપરાંત આરબો બીજા દુર્ગુણોથી પણ પર ન હતાં. ગુલામ રાખવાની પ્રથા આ સમાજમાં પ્રચલિત હતી અને ગુલામો પ્રત્યેનું તેમનું વર્તન ખૂબ જ ક્રૂર હતું. અનેક પત્નીની પ્રથા આ સમાજમાં પ્રચલિત હતી. પુરુષ ગમે તેટલી સ્ત્રીઓ સાથે લગ્ન કરતો હતો અને સ્ત્રીઓની દશા પણ આ સમાજમાં કફોડી હતી. જુગારની અને દારુની બદી પણ આ સમાજમાં ફેલાયેલી હતી. આ રીતે આરબ સમાજનું દરેક રીતે અધ:પતન થયું હતું. કોઈ પયગંબર આવીને તેમનો ઉદ્ધાર કરે તેની તેઓ રાહ*

જોતા હતો. તેમના સદ્નસીબે અલ્લાહે તેમના ઉદ્ધાર માટે અરબસ્તાનની ભૂમિ ઉપર મહંમદ પયગંબરને મોકલ્યા અને અરબસ્તાનની પ્રજાનો તેમના ઉપદેશ દ્વારા ઉદ્ધાર કર્યો.

## 13.3 મહમંદ પયગંબરનું જીવન

મહમંદ પયગંબરનો જન્મ 23 એપ્રિલ, 570ના રોજ અરબસ્તાનના મક્કા શહેરમાં કુરેશી જાતિના આરબોમાં થયો હતો. તેમના પિતા અબ્દુલ્લા મક્કાના કાબાના દેવ મંદિરનો વહીવટ સંભાળતા હતાં. તેમના જન્મ પહેલા જ પિતાનું મૃત્યુ થયું. માતા અમીના બીબી-મહંમદ 6 વર્ષની ઉંમરના થયા ત્યારે મૃત્યુ થયું. આથી દાદા અબ્દુલ મુતાલિબે તેને ઉછેર્યા. પણ એક વર્ષ બાદ તેમનું પણ મૃત્યુ થયું. તેથી કાકા અબુતાલિબે ઉછેર કર્યો. દયનીય આર્થિક સ્થિતિના કારણે બાળપણમાં મહંમદ ભણી શક્યા નહી. બાળપણમાં ઘેટાં-બકરાં ચરાવતા હતાં. તેમના કાકાનો પશ્ચિમ એશિયાના દેશો સાથેનો વેપાર ચાલતો હતો. તેથી મહંમદે 12 વર્ષની ઉંમરે તેમના કાકા સાથે પેલેસ્ટાઈન, સિરીયા જેવા દેશોની મુલાકાત લીધી. તે દરમ્યાન યહૂદી ધર્મના સંપર્કમાં આવ્યા હશે તેમ મનાય છે. તેમની ઈમાનદારી અને કામ કરવાની નિષ્ઠાની છાપ વેપારીઓમાં હતી. તેથી સૌ તેમને ‘અલ-અમીન’ (વિશ્વાસપાત્ર) કહેતા. તે સમયે મક્કામાં રહેતી શ્રીમંત વિધવા ખદીજા બીબીની પેઢીમાં કામ સ્વીકાર્યું. તેમનું નીતિમય ચારિત્ર્ય અને કુશળ વહીવટ જોઈને ખદીજાબીબીએ તેમની સાથે લગ્ન કર્યાં. લગ્નના સમયે મહંમદની ઉંમર 25 અને ખદીજાની ઉંમર 40 વર્ષની હતી. ખદીજા શ્રીમંત હોવાથી મહંમદને કમાવાની ચિંતા દૂર થતાં પોતાનો વધુ સમય ચિંતનમાં ગાળવા લાગ્યાં. ખદીજાના લગ્ન બાદ તેમને બે પુત્રો અને કેટલીય પુત્રીઓ જન્મી હતી. બંને પુત્રોના બચપણમાં જ મૃત્યુ પામ્યાં. જ્યારે બધી પુત્રીઓમાં ફાતિમા વિખ્યાત થઈ. તેનું લગ્ન અલી સાથે કરવામાં આવ્યાં. મહંમદને ગહન ચિંતન કરતાં ધર્મના ધતિંગોથી ધૃણા થઈ તેમણે સાચા ધર્મની શોધ આરંભી. ચાલીસ વર્ષની ઉંમરે મક્કાની નજીક આવેલી ‘હીરા’ નામની ટેકરી ઉપર થઈ ધ્યાન ધર્યું.

રમઝાન નામની એક રાત્રિએ ઈ.સ.610માં ગ્રેબિયલ નામના ફરિશ્તાનો તેમને સાક્ષાત્કાર થયો અને તેણે મહંમદને અલ્લાહનો સંદેશ આપ્યો અને તેનો પ્રચાર કરવાનો આદેશ આપ્યો. આ સંદેશનો સાર એ હતો કે ‘‘ઈશ્વર સિવાય બીજો કોઈ દેવ નથી અને મહંમદ તેનો પયગંબર છે. તેમની પ્રથમ પત્ની ખદીજા તેમની પ્રથમ અનુયાયી બની. બાદમાં કાકાનો દીકરો અલી, પાલક પુત્ર ઝૈદ અને પ્રતિષ્ઠ વેપારી ‘અબુબકે’ તેમનો ધર્મ સ્વીકાર્યો. છતાં ત્રણ વર્ષમાં તેમને માત્ર 40 અનુયાયીઓ મળ્યાં. તેમણે એકેશ્વરવાદ પ્રચાર અને મૂર્તિપૂજાનો વિરોધ કરવાનો તેમનો ઉપદેશ લોકોને શરૂઆતમાં ગમ્યો નહીં. તેમણે તેનો વિરોધ કર્યો અને મહંમદને મારી નાખવાનું કાવતરું પણ કર્યું. પરિણામે મહંમદ પયગંબર ઈ.સ.622માં મક્કા છોડી મદીના જતા રહ્યાં. આ પ્રસંગને ‘હિજરત’ કહેવામાં આવે છે. તે પ્રસંગની સ્મૃતિરૂપે મુસ્લિમોએ પાછળથી હિજરતના દિવસથી ‘હિજરી સંવત’ની શરૂઆત કરી. મદીનામાં તેમને સારો આવકાર મળ્યો. ત્યાંના હાકેમે પોતાની દીકરીના

લગ્ન તેમની સાથે કરી તેમને પોતાના ભાવિ વારસદાર બનાવ્યા. તેમના આગમનના માનમાં મદીના શહેરનું નામ ''મદીનત-ઉન-નબી'' (નબીનું શહેર) પડ્યું. મહંમદ પયગંબરને મદદ કરનારા મદીનાવાસીઓ 'સન્સાર'(મદદગાર) તરીકે ઓળખાયા. તેમના હાથમાં રાજકીય સૂત્રો આવ્યાં. તેમણે વ્યવસ્થિત સરકારની રચના કરી. મદીના ધર્મપ્રચારનું કેન્દ્ર બન્યું. ઈ.સ.630માં મક્કા ઉપર આક્રમણ કરી જીત મેળવી. ઈ.સ.632માં 62 વર્ષની ઉંમરે તેમનું મૃત્યું થયું.

## 13.4 ઈસ્લામ ધર્મના મુખ્ય સિધ્ધાંતો

મહંમદ પયંગબર સાહેબના ઉપદેશો – 'હદીસ', 'કુરાન'માં સંગ્રહિત છે. ઈસ્લામ શબ્દનો અર્થ = ઈશ્વરની શરણાગતિ તે ઉપરાંત ઈસ્લામ શબ્દ 'સલમ'માંથી ઉતરી આવ્યો છે. તેથી ઈસ્લામનો બીજો અર્થ 'શાંત' કે 'સલામતી' થાય છે. કુરાનમાં ઈશ્વરને સૌનો પાલનહાર, માલિક બાદશાહ અને પૂજ્યો કહ્યો છે. તે માને છે કે અલ્લાહ સિવાય બીજો કોઈ ઈશ્વર નથી અને મહંમદ તેનો સંદેશવાહક છે. દુનિયાના સૌ ધર્મો એક છે અને સૌ સાચા છે. દરેક જમાનામાં રસૂલ થતાં રહ્યાં છે.

ઈસ્લામ ધર્મના મુખ્ય સિધ્ધાંતો નીચે મુજબ છે.

(1) એકેશ્વરવાદ – ઈસ્લામનો એકશ્વરવાદનો સિધ્ધાંત 'તૌહિદ' કહેવામાં આવે છે.
(2) સર્વધર્મ સમભાવ
(3) મૂર્તિપૂજાનો વિરોધ
(4) 'કુરાને શરીફ'માં શ્રદ્ધા
(5) માનવ ધર્મનો સિધ્ધાંત
(6) પુનઃજન્મમાં વિશ્વાસ

સાચો મુસ્લિમ કોને કહેવો ? એના માટે મહંમદનું એવું ફરમાન હતુ કે નીચેની છ બાબતોમાં ઈમાન (શ્રધ્ધા) રાખતો હોય અને બીજી પાંચ બાબતો પ્રમાણે તેનું દીન (વર્તન) હોય તેને સાચો મુસ્લિમ કહેવાય.

**ઈમાન :**

1. અલ્લાહમાં શ્રધ્ધા રાખવી અને અલ્લાહ એક જ છે તેમ માનવું.
2. પયગંબરમાં શ્રધ્ધા – મહંમદને અલ્લાહનો પયગંબર (સંદેશવાહક) માનવો. અલ્લાહે આજ સુધી એક લાખ ચોવીસ હજાર પયગંબરો પૃથ્વી પર મોકલ્યાં છે અને મહંમદ તેમાં સૌથી છેલ્લા છે.

3. *કુરાનમાં શ્રધ્ધા- કુરાનમાં મહંમદના ઉપદેશો કે શબ્દો સંગૃહિત નથી તેમાં તો અલ્લાહના શબ્દો છે. એમ મુસ્લિમો માને છે. કુરાનની આયાતો પ્રમાણે વર્તવુ એ તેમની પવિત્ર ફરજ છે.*
4. *ફિરશ્તાઓમાં શ્રધ્ધા- પૃથ્વી અને આકાશ વચ્ચે ફિરશ્તાઓ વિહરે છે. તેઓ સર્જન, નાશ, વિકાસ જેવા અલ્લાહના બધાં કાર્યો કરે છે.*
5. *કયામતમાં શ્રધ્ધા – દરેકને મૃત્યુ પછી પોતાના કર્માનુસાર ન્યાય આપવામાં આવશે. જન્નત (સ્વર્ગ) કે જહન્નમ (નર્ક) કર્મના ફળરૂપે અપાશે.*
6. *કિસ્મતમાં શ્રધ્ધા – ઈસ્લામમાં નસીબવાદને સ્થાન છે. અલ્લાહે દરેકનું પ્રારબ્ધ નક્કી કરેલ હોય છે. તેમાં ફેરફાર થઈ શકે નહિ. જો કે પ્રારબ્ધની સાથે પુરુષાર્થની વાત પણ સંકળાયેલી છે.*

**દીન :**

*'દીન'નો અર્થ 'સત્કર્ષ' અથવા 'સદાચાર' – મહંમદ સાહેબે દરેક મુસલમાનને પાંચ કર્તવ્ય આપ્યાં છે. જેમાં કઈમા, રોઝા, નમાઝ, જકાત, હજ. તેમને ઈસ્લામના પાંચ સ્તંભો (અરકાન ખમ્સા) કહે છે.*

(1) **કલેમા :** *કલેમા એટલે મંત્ર ''લાઈલાહી, ઈલ્લલ્લાહ મોહંમદર રસુલ્લાહ'' અર્થાત્ (અલ્લાહ એક જ છે અને મહંમદ તેનો પયગંબર છે) આ મંત્રનો હંમેશા જાપ કરવાનો હોય છે.*

(2) **નમાઝ :** *નમાઝ એટલે બંદગી કે ઈબાદત. દિવસમાં પાંચ વખત નમાઝ પઢવી. પ્રત્યેક સાચા મુસ્લિમે નમાઝ પઢવા મસ્જિદમાં જવુ જોઈએ અને ત્યાં કુરાનના આદેશ સાંભળવા જોઈએ. કમ સે કમ શુક્રવારે સામૂહિક નમાઝ અવશ્ય મસ્જિદમાં પઢવી જોઈએ.(સૂર્યોદય પહેલા બપોર થયા પછી, સૂર્યાસ્ત પહેલાં, સૂર્યાસ્ત પછી અને રાત્રિ થયા પછી) મહંમદ સાહેબે કહ્યું છે કે 'જેણે નમાઝનો ત્યાગ કર્યો છે. તેણે ધર્મનો વિનાશ કરી દીધો છે.'*

(3) **રોજા :** *રોજા એટલે ઉપવાસ. રમઝાનના પવિત્ર માસમાં રોજા રાખવા.*

(4) **જકાત :** *જકાત એટલે દાન, પ્રત્યેક મુસલમાને પોતાની આવકનો ૧/૪૦ ભાગ દર વર્ષ સુપાત્રને દાનમાં આપવો. (૨.૫%)*

(5) **હજ :** *હજ એટલે પવિત્ર મક્કાની યાત્રા. દરેકને જીવનમાં એકવાર હજ કરવી જોઈએ. હજ કરી આવનાર મુસલમાન પોતાના નામ પહેલા 'હાજી' શબ્દ લગાડે છે. (યાત્રાળુ)*

*આ સિવાય પણ મહંમદે પોતાના અનુયાયીઓ આચારના અમુક નિયમો બનાવ્યાં હતાં. જે આ મુજબ છે:*

(1) સ્ત્રીઓએ પડદામાં રહેવું.
(2) દારૂ અને સુવરનું માંસ વર્જ્ય (ત્યાજય) ગણવું.
(3) માતાપિતા પ્રત્યે આદર અને નિર્ધનો તથા પીડિતો પ્રત્યે દયા રાખવી.
(4) મસ્જિદનું સ્થાન સાફું તથા પવિત્ર રાખવું.
(5) મૂડીનું વ્યાજ ન લેવું.

ઉપરોક્ત સરળ સિધ્ધાંતો દરેક વર્ગની સમજમાં સરળતાથી આવી જતો અને તેથી તેનો વિસ્તૃત પ્રભાવ પડતો હતો.

## 13.5 ઈસ્લામ ધર્મના મુખ્ય ઉપદેશો

હજરત મહંમદને 40 વર્ષની ઉંમરે ચિંતન કરતાં કરતાં સત્યનો પરિચય થયો. ધર્મનું સાચું રહસ્ય શું છે એ વિશે તેમને જ્ઞાન થયું. અલ્લાહના દેવદૂતે તેમને કહ્યું, ‘‘તું ખુદાનો પયગંબર છે, તું બધે ફર અને એક સ્વતંત્ર ખુદા જગતનો નિયામક છે એવો ઉપદેશ કર.’’ મહંમદ પયગંબરે લોકોને અનેક દેવોની પૂજા કરવાને બદલે એક અલ્લાહની બંદગી કરવા તથા ભાઈચારાથી રહેવાનો ઉપદેશ આપ્યો. પરંતુ લોકોને તેમનો આ ઉપદેશ ગમ્યો નહીં અને મહંમદ સાહેબને મારી નાંખવાનાં ઉપાયો યોજવા માંડ્યાં. આથી તેમને તેમનું વતન મક્કા છોડી મદીના તરફ ભાગવું પડ્યું હતું. મદીનાના લોકોએ તેમના ઉપદેશનો સ્વીકાર કર્યો અને ઈસ્લામ ધર્મની સ્થાપના થઈ. ધીમે ધીમે આખા અરબસ્તાનના લોકોએ મહંમદ સાહેબના ઉપદેશને માન્ય રાખ્યો અને તેમનો પયગંબર તરીકે સ્વીકાર કર્યો. અરબસ્તાનના ઈતિહાસમાં પહેલી જ વાર આરબ પ્રજા મહંમદ સાહેબની પ્રેરણાથી એક ધર્મ નીચે સંગઠિત થઈ.

ઈસ્લામનો અર્થ ઈશ્વરની ઈચ્છાને આધીન રહેવું એવો થાય છે. ઈસ્લામ એકેશ્વરવાદમાં માને છે. ઈશ્વર એક છે, એ સર્વશક્તિમાન, સર્વોપરી, નિરાકાર છે. ઈસ્લામ ધર્મમાં દેવળો અને મૂર્તિઓ બનાવવાની સખત મનાઈ ફરમાવવામાં આવી છે.

મહંમદ પયગંબરે અનેક દેવદેવીઓની પૂજાનો અને મૂર્તિપૂજાનો સખત વિરોધ કર્યો હતો. એક જ અલ્લાહના સૌ બાળકો હોવાથી બધા ભાઈભાઈ છે અને સરખા છે. જીવનમાં નમ્રતા ધારણ કરવી. દારૂ પીવો નહીં, જુગાર રમવો નહીં વગેરે સદ્વર્તનના નિયમો તેમણે બતાવ્યાં હતાં.

મહંમદ પયગંબરે આરબ પ્રજામાં મજબૂત એકતાની ભાવના પ્રગટાવી હતી. મહંમદ સાહેબ એક મહાન ધર્મસુધારક અને સમાજસુધારક હોવા ઉપરાંત એક પ્રખર રાજકીય નેતા હતા. વિજયી પુષ્પોની પરંપરા સર્જીને તેમણે આજુબાજુના દેશોમાં પણ ઈસ્લામ ધર્મનો ઝંડો લહેરાવ્યો.

*મહંમદ સાહેબના મૃત્યુબાદ 10 વર્ષના ગાળમાં આરબોએ તેમની વિજયકૂચ ચાલુ રાખી અને વિશ્વના કેટલાય દેશો ઉપર વિજય મેળવ્યો અને ત્યાં ઈસ્લામ ધર્મનો પ્રચાર કર્યો.*

## 13.6 ઈસ્લામી સંસ્કૃતિનો વિવિધ ક્ષેત્રમાં વિકાસ

### 13.6.1 અર્થતંત્ર :

- **પશુપાલન અને ખેતી :**

*આરબો મોટે ભાગે પશુપાલનનો વ્યવસાય કરતાં હતાં. તેઓ ખેતી પણ કરતાં હતાં. વિવિધ પ્રકારનાં અનાજ, શાકભાજી, સૂકા ફળોની ખેતી કરતાં. 10મી સદી પૂર્વે ભારતમાંથી નારંગીના વૃક્ષો લાવીને તેની ખેતી શરૂ કરી. આરબો દ્વારા નારંગી સિરીયા, એશિયામાઈનોર, પેલેસ્ટાઈન, ઈજિપ્ત અને સ્પેન સુધી પહોંચી. શેરડીની ખેતી અને ખાંડને શુધ્ધ કરવાની પધ્ધતિ પણ આરબો ભારત પાસેથી શીખ્યાં. ખલીફાઓ નહેરો ખોદાવતા હોવાથી ખેતીનો વિકાસ થયો હતો.*

- **ખાણ ઉદ્યોગ અને અન્ય ઉદ્યોગો :**

*પશુપાલન અને ખેતી ઉપરાંત ખાણ ઉદ્યોગનો વિકાસ થયો હતો. સોનું, ચાંદી, લોખંડ, સીસું, પારો, ગંધક, આરસ અને કીમતી પથ્થરો ખાણોમાંથી ખોદી કાઢવામાં આવતાં. મોતીનો ઉદ્યોગ પ્રતિકારક હતો. પર્થિયાના અખાતમાંથી મરજીવાઓ મોતી શોધતાં. પર્શિયા, સિરીયા અને ઈજિપ્તનું કાપડ તેના ભાતની પૂર્ણતા માટે જગમશહૂર હતું. મોસુલ મુસ્લિન માટે, દમાસ્કસ લિનન માટે અને એડન ઊન માટે જાણીતું હતું. દમાસ્કની પાણી પાયેલ પોલાદની તલવારો વિશ્વપ્રસિધ્ધ હતી. સિદોનના કાચ ઘણા જ પાતળા અને સ્ફટીકમય હતાં. બગદાદ કાચ અને માટીનાં વાસણો માટે, રેય્ય સોય અને કાંસકા માટે, રક્કા ઓલિવ તેલ અને સાબુ માટે, જયારે ફાર્સ અત્તર માટે જાણીતા હતાં.*

- **વ્યાપાર માટે સ્થળમાર્ગ અને જળમાર્ગ :**

*વેપાર સ્થળમાર્ગે અને જલમાર્ગે થતો. સ્થળમાર્ગનો વેપાર ઊંટ, ઘોડા અને ખચ્ચર દ્વારા થતો. રણ પ્રદેશમાં થઈને પસાર થતા માર્ગમાં ઊંટ ઘણું ઉપયોગી પ્રાણી હતું. રણપ્રદેશમાં તેની ઉપયોગીતાને લીધે તેને 'રણનું વહાણ' માનવામાં આવતું. ઈસ્લામી સામ્રાજયનું જાણીતું કેન્દ્ર બગદાદ પર્શિયાની ખાડીના મોટા જલમાર્ગ સાથે જોડાયેલું હતું. બગદાદના વેપારીઓ આ માર્ગે થઈને ચીનનું રેશમ, ભારતના મસાલા અને આફ્રિકાની પેદાશો લાવતા હતાં. ઈસ્લામી જગતનો યુરોપના દેશો સાથેનો વેપાર પણ આ માર્ગ દ્વારા થતો. યુરોપમાંથી ખાસ કરીને ગુલામો, રુંવાવાળાં કપડાં અને શસ્ત્રોની આયાત થતી. ઈશુની 10મી સદીમાં બાયઝેન્ટાઈન્ડ વેપારનું મહત્ત્વનું કેન્દ્ર હતું અનેક મુસ્લિમ વેપારીઓ ત્યાં*

*રહેતા હતાં. ઈસુની 8મી સદીથી મુસ્લિમ વેપારીઓ અને મુસાફરો ઈટાલીનાં નગરો અને કોન્સ્ટન્ટિનોપલમાં વસતાં હતાં.*

- **મુસ્લિમ વેપારી કાયદા :**

*મુસ્લિમ વેપારી કાયદો કુરાનમાંથી ઊતરી આવેલા 'પવિત્ર કાયદા'ના આધારે ઘડાયેલો હતો. મુસ્લિમો સાથેના વેપારને લીધે યુરોપની ભાષાઓમાં તરીફ, ટ્રાફિક, મેગેઝિન, કેરેવન અને બઝાર જેવા અનેક અરબી શબ્દોએ સ્થાન લીધું. શરૂઆતના ખલીફાઓ બાયઝેન્ટાઈન અને પર્શિયાનું નાણું વાપરતા હતાં. ઈ.સ.૬૯૫માં અબ્દ-અલ-મલિકે 'દિનાર' નામના સોનાના સિક્કા અને 'દીરહમ' નામના ચાંદીના સિક્કા પડાવ્યાં હતાં. 'ચેક' શબ્દ અરબીના 'સક્ક' શબ્દ પરથી ઉતરી આવ્યો છે. ઈબ્ન હકલ મોરોક્કોના વેપારીને લખાયેલી બેંતાલીસ હજાર દીનારની પ્રોમિસરી નોટનો ઉલ્લેખ કરે છે. વ્યાજ લેવાની મનાઈ હતી. ઈજારાશાહી ગેરકાયદે હતી.*

- **ગુલામોની દયનીય સ્થિતિ :**

*અર્થતંત્રના તળીયે ગુલામો હતાં. સંભવતઃ ખ્રિસ્તી જગત કરતાં ઈસ્લામી જગતમાં તેમની સંખ્યા વિશેષ હતી. ગુલામો ખેતરોમાં કામ કરતાં, નગરોમાં શારીરિક શ્રમ કરતાં, ઘરમાં સેવક તરીકે કામ કરતાં. નૃત્ય કરનારા, ગાયકો અને અભિનય કરનારા મોટે ભાગે ગુલામો જ હતાં. માલિક દ્વારા સ્ત્રી-ગુલામને પુરુષ-ગુલામ દ્વારા કોઈ મુક્ત સ્ત્રીને થનાર બાળકને ગુલામીમાંથી સ્વતંત્રતા મળતી હતી. ગુલામને લગ્ન કરવાની મંજૂરી મળતી. તેમના બાળકો જો ચાતુરીવાળાં હોય તો માલિક તેમના શિક્ષણની પણ વ્યવસ્થા કરતો હતો.*

### 13.6.2 શિક્ષણ અને વિદ્યા :

- **પ્રાથમિક શાળાઓ (મસ્જિદોમાં શિક્ષણ) :**

*શિક્ષણનો પ્રારંભ છ વર્ષની વયે થતો. કન્યાઓ અને શ્રીમંતો ખાનગીમાં શિક્ષણ લેતાં. પ્રાથમિક શાળાઓ મોટેભાગે મસ્જિદોની સાથે જોડાયેલી હતી. સામાન્ય રીતે શિક્ષણ વિનામૂલ્યે અપાતું અથવા તો નહીં જેવી ફી લેવાતી. વાલીઓએ આપેલી ફી દ્વારા શિક્ષણનો જીવનનિર્વાહ થતો. જીવનનિર્વાહમાં ખૂટતી રકમ પરોપકારી લોકો શિક્ષકને આપતાં. બાળકને શરૂઆતમાં કુરાન વાંચતા શીખવવામાં આવતું. લખવાનું અને ગણવાનું ઉચ્ચ શિક્ષણમાં શીખવવામાં આવતું. કારણ કે પૂર્વમાં લખાણ એક વિશિષ્ટ પ્રકારની કલા હતી જેના માટે તાલીમની જરૂર રહેતી. દરરોજ કુરાનનો કેટલોક ભાગ યાદ કરવામાં આવતો અને તે મોટેથી શિક્ષક સમક્ષ બોલી સંભળાવવામાં આવતો. આખું કુરાન કંઠસ્થ થઈ જાય ત્યાં સુધી આમ ચાલતું. આખું કુરાન કંઠસ્થ કરનાર વ્યક્તિ 'હાફિઝ' તરીકે ઓળખાતી. આવી વ્યક્તિનું જાહેરમાં સન્માન થતું. સ્મૃતિ દ્વારા ભણાવવાની પધ્ધતિ હતી. પ્રાથમિક શિક્ષણમાં ચારિત્ર્યના પાઠ ભણાવવામાં આવતાં.*

* **ઉચ્ચ શિક્ષણ :**

*જ્યારે ઉચ્ચ શિક્ષણમાં વિસ્તૃત રીતે જ્ઞાન આપવામાં આવતું. ઉચ્ચ શિક્ષણમાં અધ્યાત્મવિદ્યા, વ્યાકરણ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, તર્કશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને ખગોળવિદ્યાનું જ્ઞાન અપાતું. અરબી ભાષાના વ્યાકરણ પર વિશેષ ભાર મૂકવામાં આવતો. સદગૃહસ્થો શુધ્ધ અરબીનો ઉપયોગ કરતાં. મહાવિદ્યાલયોમાં શિક્ષણ વિના મૂલ્યે અપાતું. સરકાર કે પરોપકારી લોકો અધ્યાપકનો પગાર ચૂકવતા અને વિદ્યાર્થીઓનો ખર્ચ પણ પૂરો પાડતાં. વિદ્યાર્થીઓ વિદ્વાન અધ્યાપકો પાસે ભણવાની અપેક્ષા રાખતાં. આથી તેઓ આવા વિદ્વાન અધ્યાપકોની તપાસ માટે દેશના એક ખૂણેથી બીજે ખૂણે ફરતાં રહેતાં. આ રીતે જ્ઞાન માટે ફરતો વિદ્યાર્થી જ્યારે કોઈ મુસ્લિમ નગરમાં પ્રવેશતો તો તેને ત્યાંની મસ્જિદમાં લઈ જવામાં આવતો. જ્યાં તે વિદ્વતાભર્યુ વ્યાખ્યાન સાંભળી શકતો. આવા વિદ્યાર્થીને જ્ઞાન વિનામૂલ્યે અપાતું. વિદ્યાર્થીને કોઈ જ પદવી આપવામાં આવતી ન હતી. શિક્ષક પાસેથી મળેલી માન્યતા એ જ તેનું પ્રમાણપત્ર હતું.*

* **પુસ્તકો લખવાની શરૂઆત :**

*મુસ્લિમોએ જ્યારે ઈ.સ.712માં સમરકંદ જીત્યું ત્યારે તેમણે ચીનાઓ પાસેથી કાગળ બનાવવાની કલા શીખી લીધી. ઈસ્લામી જગતમાં સૌ પ્રથમવાર કાગળ બનાવવાની શરૂઆત ઈ.સ.794માં અલ-ફદલે બગદાદમાં કરી. કાગળ બનાવવાની આ કલા આરબો દ્વારા સીસિલી, સ્પેન, ઈટાલી અને ફ્રાન્સ સુધી પહોંચી. કાગળની શોધથી પુસ્તકો લખવાની શરૂઆત થઈ. યાકુબીના મત પ્રમાણે તેના સમય (ઈ.સ.891)માં બગદાદમાં સોથી પણ વધુ પુસ્તક વિક્રેતાઓ હતાં. કેટલાક વિદ્યાર્થીઓ હસ્તપ્રતોની નકલો કરીને વિક્રેતાને ત્યાં તે વેચતા અને તે રીતે તેઓ પોતાનું જીવન ગુજારતાં.*

* **પુસ્તકાલયો :**

*મોટા ભાગની મસ્જિદોમાં પુસ્તકાલયો હતાં. કેટલાંક શહેરોમાં ખાનગી પુસ્તકાલયો હતાં. ઈ.સ.950માં મોસુલમાં એક પુસ્તકાલય પરોપકારી લોકો દ્વારા સ્થાપવામાં આવ્યું હતું. રેય્યના જાહેર પુસ્તકાલયના ગ્રંથોની નોંધ માટે દસ મોટી યાદી બનાવવી પડતી. ભૂગોળવિદ યાકુતે પોતાના ભૌગોલિક શબ્દકોશની સામગ્રી એકઠી કરવા માટે મેર્વ અને ખ્વારિઝમના પુસ્તકાલયોમાં ત્રણ વર્ષ ગાળ્યાં હતાં. મોંગલોએ જ્યારે બગદાદનો નાશ કર્યો ત્યારે ત્યાં છત્રીસ પુસ્તકાલયો હતાં. ખાનગી પુસ્તકાલયો તો પાર વિનાના હતાં. પુસ્તકોનો સંગ્રહ કરવો એ શ્રીમંતોનો શોખ હતો. અલ-વકીદી મરતી વખતે પુસ્તકો ભરેલ છસો પેટીઓ મૂકતા ગયા હતાં. દરેક પેટીને ઊંચકવા બે માણસોની જરૂર રહેતી.*

### 13.6.3 વિજ્ઞાન :

* **ગ્રીક વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન :**

*એલેકઝાન્ડ્રિયા, બૈરુત, એન્ટિઓક, નીસિબિસ વગેરે સ્થળોએ ખ્રિસ્તી, સેબિયન અને ફારસી મહાવિદ્યાલયો આવેલાં હતાં. જેમાં ગ્રીક વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન સંઘરાયેલું હતું. આ મહા વિદ્યાલયોમાંનું સાહિત્ય મોટે ભાગે સીરિયાક ભાષામાં અનુવાદીત હતું. આ*

*ગ્રંથો અરબી ભાષામાં ઉતારવામાં આવ્યાં. ઉમાય્યાદ અને અબ્બાસીદ રાજાઓએ આ પ્રવૃત્તિઓને ઉત્તેજન આપ્યું. અલ-મન્સુર, અલ-મામુન અને અલ-મુતાવક્કીલે કોન્સ્ટન્ટિનોપલ તથા અન્ય ગ્રીક નગરોમાં ગ્રીક ગ્રંથોની પ્રાપ્તિ માટે પોતાના દૂતો મોકલ્યાં. આ રીતે યુકલીડનું 'એલીમેન્ટસ' ઈસ્લામી જગતમાં પ્રવેશ્યું.*

- **જ્ઞાનગૃહની સ્થાપના :**

*ઈ.સ. 830માં અલ-મામુને બે લાખ દીનારના ખર્ચે બગદાદમાં 'બયતુલ હિકમાહ' એટલે કે 'જ્ઞાનગૃહ'ની સ્થાપના કરી. આ 'જ્ઞાનગૃહ'નો વિજ્ઞાનની અકાદમી, વેધશાળા અને જાહેર પુસ્તકાલય તરીકે ઉપયોગ થતો. અહીં અનેક ભાષાંતરકારો રાખવામાં આવ્યા હતાં. તે સર્વને જાહેરનિધિમાંથી વેતન ચૂકવવામાં આવતું. ઈ.સ.750 થી 900ના સમય દરમ્યાન સીરિયા, ગ્રીક, પહલવી અને સંસ્કૃત ભાષાના અનુવાદો કરવાની પ્રવૃત્તિનો ઘણો જ વિકાસ થયો હતો. 'જ્ઞાનગૃહ'માં હુનૈન-ઈબ્ન-ઈસહાક વડો ભાષાંતરકાર હતો. તેણે ગેલેનીક શૈલીના સો જેટલાં વિવેચનોનો અનુવાદ સીરિયા ભાષામાં કર્યો અને ૩૯ વિવેચનોનો અરબી ભાષામાં અનુવાદ કર્યો. આના પરિણામે ગેલનના ગ્રંથો બચી જવા પામ્યાં. આ ઉપરાંત હુનૈને એરિસ્ટોટલ, પ્લેટો, હીપ્પોક્રેટ, ડીઓસ્કોરાઈ અને ટોલેમીના ગ્રંથોનો પણ ગ્રીક ભાષામાં અનુવાદ કર્યો. બાઈબલના 'નવા કરાર'નો પણ તેણે ગ્રીક ભાષામાં અનુવાદ કર્યો.*

- **ગણિત, ખગોળ અને વૈદક :**

*ઈ.સ.850ના અરસામાં ગણિત, ખગોળ અને વૈદક અંગેના ગ્રીક ભાષાના શિષ્ટ ગ્રંથો અરબી ભાષામાં અનુવાદીત થઈ ચૂક્યા હતાં. આરબોને ગ્રીકો પાસેથી વિજ્ઞાનનો વારસો મળ્યો હતો. પરંતુ તે પછી ભારતીય વિજ્ઞાને પણ તેની પર અસર કરી હતી.*

*ઈ.સ. 763માં અલ-મનસુરની આજ્ઞાને લીધે ભારતીય ખગોળવિદ્યા અંગેના પુસ્તક 'સિધ્ધાંતો'નો અનુવાદ કરાયો. આ ભાષાંતરના માધ્યમ દ્વારા અરેબિક આંકડા અને શૂન્ય ભારતમાંથી ઈસ્લામી જગતમાં પ્રવેશ્યાં. અલખ્વારિઝમીએ તેના ખગોલીય કોઠામાં ભારતીય આંકડાઓનો ઉપયોગ કર્યો. લગભગ ઈ.સ.825માં તેણે આ ભારતીય આંકડાઓ અંગેનું એક પુસ્તક બહાર પાડ્યુ હતું.*

*ઈ.સ.976માં મુહમ્મદ ઈબ્ન અહમદે તેના 'વિજ્ઞાનની ચાવીઓ' નામના ગ્રંથમાં નોંધ કરી કે, 'ગણતરીમાં કોઈ પણ અંકને દશકના સ્થાને દર્શાવવા એક નાનકડું ટપકું વપરાવું.' આ ટપકાંને મુસ્લિમો 'સિફ્ર' કહેતાં. તેમાંથી 'સિફર' થયું. લેટિન વિદ્વાનોએ સિફ્રનું ઝેફિરમ કર્યું અને ઈટાલીના લોકોએ તેનું સંક્ષિપ્ત ઝીરો કર્યું. બીજગણિત માટે અંગ્રેજીમાં વપરાતા એલ્જિબ્રા શબ્દનું મૂળ 'અલજબ્ર વલ મુકાબલા'માં છે.*

*મધ્યકાલના પ્રસિધ્ધ ગણિતશાસ્ત્રીઓમાં મુહમ્મદ ઈબ્ન મૂસાનું નામ જાણીતું છે. તે ખ્વારિઝમી તરીકે પણ ઓળખાય છે. તેણે ભારતીય અંકોનો અભ્યાસ કર્યો, ખગોલિય*

*કોઠાઓનું સંકલન કર્યું, ત્રિકોણમિતી અંગેના કોઠાઓની ગોઠવણી કરી. અન્ય વિદ્વાનોના સહકારથી ભૌગોલિક જ્ઞાનકોષની રચના કરી. 'સંકલન અને સમીકરણની ગણતરી' નામના તેના ગ્રંથમાં વર્ગાત્મક સમીકરણનો ભૌમિતિક ઉકેલ આપ્યો અને તેનું પૃથક્કરણ કર્યું. ખ્વારિઝમીનું આ બધુ જ કાર્ય અરબીમાં નાશ પામ્યું છે. પણ ઈસુની ૧૨મી સદીમાં ક્રીમોનાના જીરાર્ડે તેનો અનુવાદ કર્યો હતો તે જળવાયેલ છે. ઈસુની ૧૬મી સદી સુધી યુરોપની યુનિવર્સિટીઓમાં આ ગ્રંથોનો પાઠ્યપુસ્તકો તરીકે અભ્યાસ થતો હતો.*

*સાબિત-ઈબ્ન-કુર્રાએ કેટલાક જાણીતા અનુવાદો કર્યા. તે એક મહાન મુસ્લિમ ભૂમિતિવિદ હતો. ખલીફ અલ-મામુને અવકાશ, અવલોકન અને સૂર્યકલંકના અભ્યાસ માટે ખગાળવિદ્દોનો મોટો કાફલો રોકયો હતો. આ ખગોળવિદો પૃથ્વીનો ઘેરાવો વીસ હજાર જેટલો માપી શકયા હતાં. તેઓ સંપૂર્ણ રીતે વૈજ્ઞાનિક સિધ્ધાંતોના આધારે જ સંશોધન કરતાં. પ્રયોગ દ્વારા સાબિત થાય તેનો જે તેઓ સ્વીકાર કરતા હતાં. આ ખગોળવિદ્દોમાંના એક અબુલ-ફરધાનીએ ખગોળવિદ્યા અંગેનું લખેલું પુસ્તક યુરોપ અને પશ્ચિમ એશિયામાં સાતસો વર્ષ સુધી પ્રમાણભૂત ગણાતું હતું. બીજો જાણીતો ખગોળવેત્તા અલ બત્તાની હતો. તેના ખગોળીય અવલોકનો ચોક્કસ ગણતરી માટે જાણીતાં હતાં. બગદાદના બુવૈહિદ શાસકોના આશ્રયે શ્રમ કરતા અબુ'લ-વફાએ ટાયકો બ્રાહેની છસો વર્ષ પૂર્વે ચંદ્ર અંગેનું ત્રીજું વૈવિધ્ય શોધ્યું. ખગોળવિદો માટે કીમતી સાધનો બનાવવામાં આવ્યાં હતાં. મુસ્લિમોએ ખગોળીય પ્રયોગશાળામાં ઘણા સુધારા કર્યા હતાં. ઈસુની 10મી સદીમાં યુરોપમાં પણ તે જ પ્રકારની પ્રયોગશાળાઓ શરૂ થઈ.*

*અવકાશી સંશોધનો ઉપરાંત પૃથ્વીના નકશા બનાવવાની પ્રવૃત્તિ પણ વિકસી. સુલેમાન અત્તાજિરે પૂર્વના દેશોની દરિયાઈ મુસાફરી કરી. તેની મુસાફરી વિશેના પ્રવાસ વર્ણનો લખાયા. ઈબ્નખુર્દાદબેહે ભારત, સિલોન, ઈસ્ટ ઈન્ડિઝ અને ચીન વિશેના વર્ણનો લખ્યાં. પ્રત્યક્ષ અવલોકન દ્વારા ઈબ્ન-હકલે ભારત અને આફ્રિકાનું વર્ણન કર્યું. ઈ.સ. ૮૯૧માં અહમદ અલ યાકુબીએ મુસ્લિમ પ્રાંતો, નગરો અને ઘણા પરદેશી રાજયો વિશેની વિશ્વનીય નોંધ લખી. મુહમ્મદઅલ-મુકદ્દશીએ ઈ.સ.૯૮૫માં મુસ્લિમ સામ્રાજયનું વર્ણન કરતું પુસ્તક લખ્યું.*

**અલ-બિરૂની :**

*અલ-બિરૂની તત્ત્વચિંતક, ઈતિહાસકાર, મુસાફર, ભૂગોળવેત્તા, ભાષાશાસ્ત્રી, ગણિતશાસ્ત્રી, કવિ, ખગોળવિદ અને ભૌતિકશાસ્ત્રી હતો. આ બધાં જ ક્ષેત્રે તેણે મૌલિક રીતે કામ કર્યું છે. ઈસ્લામી જગતનો તેને લિઓનાર્દ કહી શકાય. તેના 'અત્હાર-ઉલ-બાકીયા' ગ્રંથમાં વિવિધ પ્રજાઓ જેમ કે ખ્રિસ્તીઓ, પારસીઓ, આરબો, યહૂદીઓ વગેરેનાં પંચાંગો અને ધાર્મિક ઉત્સવો વિશેની માહિતી રજૂ કરવામાં આવી છે. ભારતની મુલાકાત ઈ.સ.1030માં તેણે ભારતના ઈતિહાસ વિશેનો 'તારીખ-અલ-હિન્દ' નામનો*

*ગ્રંથ લખ્યો. તેમાં ભારતના રાજકીય ઈતિહાસ વિશેની વિગતો ઘણી જ ઓછી છે, જ્યારે ભારતીય ખગોળવિદ્યા વિશે ૪૨ પ્રકરણો અને હિંદુધર્મ વિશે ૧૧ પ્રકરણો લખ્યાં છે. તે ભગવદ્દગીતાથી ખૂબ જ પ્રભાવિત થયો હતો. તેને વેદાંત અને સૂફીના રહસ્યવાદ વચ્ચે સામ્ય જણાયું હતું. સંસ્કૃતમાં લખાયેલા વિજ્ઞાન વિશેના કેટલાક ગ્રંથોનો તેણે અરબીમાં અનુવાદ કર્યો હતો. સર્વ પ્રકારના વિજ્ઞાનના ક્ષેત્રે તેણે રસ દાખવ્યો. તેણે મધ્યકાલીન ભારતીય આંકડાઓની સૌથી સારી નોંધ તૈયાર કરી. પૃથ્વી ગોળ હોવાનું પણ તેણે કહ્યું હતું. દરેક પદાર્થ પૃથ્વી તરફ આકર્ષાય છે, પૃથ્વી પોતાની ધરી પર ફરે છે, તે વર્ષે એક વાર સૂર્યની આજુબાજુ ભ્રમણ પૂરું કરે છે. આ સર્વ હકીકતો અંગે તેણે નિર્દેશ કર્યો હતો. સિંધુ ખીણના પ્રદેશની જગ્યાએ એક વખતે સમુદ્ર હોવાની શક્યતા તેણે વિચારી હતી. ખગોળવિદ્યાનો જ્ઞાનકોષ તૈયાર કર્યો. ભૂગોળ વિશેની વિવેચના તૈયાર કરી. ખગોળવિદ્યા, જ્યોતિષવિદ્યા અને ગણિતશાસ્ત્રનો સાર તૈયાર કર્યો. તેણે મુહમ્મદના સુબુક્તિગીન અને ખ્વારિઝમના રાજ્યનો ઈતિહાસ લખ્યો.*

*રસાયણશાસ્ત્રને એક વિજ્ઞાન તરીકે મોટેભાગે મુસ્લિમોએ વિકસાવ્યું. સામાન્ય રીતે બધા જ મુસ્લિમ વૈજ્ઞાનિકો માનતા કે આખરે ધાતુઓ મિશ્રિત પદાર્થનું અંગ છે તેથી તેને એકમાંથી બીજીમાં ફેરવી શકાતી. દરેક રસાયણ શાસ્ત્રી લોખંડ, તાંબું અને સીસાને ચાંદી કે સોનામાં ફેરવવાનો પ્રયત્ન કરતો. જીબીર ઈબ્ન હય્યાન પ્રસિધ્ધ રસાયણ શાસ્ત્રી હતો. તેના ઘણા ગ્રંથોનો લેટિનમાં અનુવાદ થયો હતો. તેને લીધે યુરોપની રસાયણવિદ્યાનો વિકાસ થયો.*

*જીવવિદ્યા અંગેનું કાર્ય ઘણું જ અલ્પતમ જણાય છે. અબુ-હનિફ-અલ-દીવાવરીએ છોડવાઓ વિશે એક ગ્રંથ લખ્યો હતો. મુસ્લિમ વનસ્પતિશાસ્ત્રીઓ કલમ પધ્ધતિ દ્વારા ફળોમાં વૈવિધ્ય લાવવાનું જ્ઞાન ધરાવતા હતાં. ગુલાબના છોડને અને બદામના વૃક્ષને કલમ પધ્ધતિ દ્વારા જોડીને નવા પ્રકારનાં ફળો પેદા કરતાં. અલ-મસુદની જેમ ઓથમાન અમ્ર અલ-જહીઝે પણ ઉત્ક્રાંતિનો સિધ્ધાંત આ રીતે રજૂ કર્યો. અનુક્રમે ધાતુમાંથી છોડવામાં, છોડવામાંથી પશુમાં અને પશુમાંથી માનવીમાં જીવનનો વિકાસ થયો. રહસ્યવાદી કવિ જલાલુદ્દીને આ સિધ્ધાંતનો સ્વીકાર કર્યો છે અને તેમાં ઉમેર્યું છે કે ભૂતકાળમાં જો આ માન્યતા પ્રતિપાદિત થઈ ચૂકી હોય તો આ પ્રકારની ઉત્ક્રાંતિની દ્રષ્ટિએ બીજી અવસ્થામાં માનવી દેવદૂત થશે અને અંતે ઈશ્વર બનશે.*

### 13.6.4 વૈદક :

*આરબોએ જ્યારે સીરિયામાં પ્રવેશ કર્યો ત્યારે તેઓ પ્રાથમિક કક્ષાનું વૈદકીય જ્ઞાન અને સાધનો ધરાવતા હતાં. સમૃધ્ધિનો વિકાસ થવાથી સીરિયા અને પર્શિયામાં સમર્થ વૈદ્યોની સંખ્યા વધી. કયારેક ગ્રીક અને ભારતમાંથી વૈદ્યો તેડાવવામાં આવતાં. માનવીના શબને ચીરવું કે તેનાં શરીરનાં અંગોનું છેદન કરવું તે ધર્મની વિરુધ્ધ હોવાથી મુસ્લિમમોમાં શરીચ્છેદનવિદ્યા ઘવાયેલા મનુષ્યના અભ્યાસ પુરતી જ સીમિત રહી. આરબોની*

ચિકિત્સાવિદ્યા વાઢકાપની બાબતમાં ઘણી જ નબળી કહી શકાય, પરંતુ વ્યાધિની પરીક્ષા કરીને ઔષધ આપવાની નિદાન ચિકિત્સામાં તે વધારે અસરકારક હતી.

ઔષધોમાં અંબર, કપૂર, લવિંગ, ગરમાળો, પારો, સોનામુખી, હીરાબોળ, શરબત(સિરપ) અને ગુલાબજળનો ઉપયોગ થતો. પરદેશો સાથે આ ઔષધોનો ધીકતો ધંધો ચાલતો હતો. દવાખાના અને દવાઓ બનાવીને વેચવાની દુકાનોની સ્થાપના સૌ પ્રથમ મુસલમાનોએ કરી હતી. તેમણે પ્રથમ મધ્યકાલીન ફાર્મસીની શાળા ખાલી. ઔષધશાસ્ત્ર વિશેનાં વિવેચનો લખ્યાં.

આ કાલ દરમ્યાન ઈસ્લામી જગતમાં ૩૪ ચિકિત્સાલયો સ્થપાઈ ચૂકયાં હતાં. તેમાં સૌથી જાણીતું ચિકિત્સાલય દમાસ્કસમાં આવેલ 'બિમારિસ્તાન'નું હતું. પરીક્ષા પાસ કર્યા વિના અને રાજયનો ડિપ્લોમાં મેળવ્યા વિના કોઈ પણ વ્યક્તિ તબીબી વ્યવસાય કરી શકતી નહિ. ઔષધ બનાવનારની અને અસ્થિ નિષ્ણાંતની સરકાર દ્વારા તપાસ થતી. કેટલાક તબીબો કેદીઓની સારવાર માટે રોજ જેલની મુલાકાત લેતા. પાગલ લોકોની સારવાર પણ માનવીય રીતે થતી. તબીબી ક્ષેત્રે આટલો બધો વિકાસ થયો હોવા છતાં જાહેર આરોગ્ય લગભગ બધી જગ્યાએ અલ્પતમ વિકસ્યું હતું. તેથી પૂર્વના મુસ્લિમ જગતમાં ચાર સદીમાં તો ચાળીસ વાર રોગચાળો ફાટી નીકળ્યો.

ઈ.સ.931માં બગદાદમાં પરવાનો ધરાવતાં 860 તબીબો ધંધો કરતા હતાં. અબુબક્ર મુહમ્મદ અલ-રઝવીની ખ્યાતિ તો છેક યુરોપ સુધી પ્રસરેલી હતી. તેણે લખેલા ૧૩૧ જેટલા ગ્રંથોમાંથી અડધા તો તબીબીવિદ્યા અંગેના હતાં. વીસ ભાગોમાં લખાયેલ 'કિતાબ-અલહવી' નામનો તેનો ગ્રંથ તબીબીવિદ્યાની દરેક શાખાને આવરી લે છે. આ ગ્રંથનો લેટીનમાં અનુવાદ થયો હતો અને યુરોપમાં તેનો પાઠ્યપુસ્તક તરીકે સદીઓ સુધી અભ્યાસ થતો હતો.

અબુઅલી-અલ-હુસેન ઈબ્ન સિના પણ તબીબ ક્ષેત્રે મશહૂર હતો. તેણે શિક્ષકની મદદ વિના તબીબીવિદ્યાનો અભ્યાસ કર્યો હતો. 'કાનૂન-ફીલ-તિબ્બ' નામના તેના ગ્રંથમાં શરીરરચનાશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, ઉપચાર પધ્ધતિ અને ઔષધશાસ્ત્રની વિગતે ચર્ચા કરી છે. ફેફસાં, છાતી અને કાકડાની મજબૂતાઈ માટે ઊંડા શ્વાસોચ્છવાસ અને અવારનવાર બૂમો પાડવાની ભલામણ કરી છે. તાવ, વાઢકાપ, ચામડીની કાળજી, જાતીય રોગો, પ્રેમ, નિદાનશાસ્ત્ર વિશે પણ છણાવટ કરી છે. તે તબીબી ગ્રંથોનો જાણીતો લેખક હતો જ્યારે અલ-રઝવી જાણીતો તબીબ હતો.

અલ-હયસામ આંખના રોગોનો નિષ્ણાંત હતો.

### 13.6.5 દર્શનવિદ્યા

*મુતાઝિલાહો, અલ-કિંદી, અલ-ફરાબી, એવિસિના અને એવેરોએસના વિચારોની દર્શનવિદ્યાના વિકાસમાં ઊંડી અસર છે. હિંદુ બુધ્ધિવાદે ગઝની અને પર્શિયા દ્વારા પ્રવેશ કર્યો. જરથુસ્તી અને યહૂદી જીવનદ્રષ્ટિએ ઈસ્લામની દર્શનવિદ્યા પર નજીવી અસર કરી છે. આ સર્વમાં ગ્રીક દર્શનવિદ્યાએ ઈસ્લામ જગત પર ઊંડી અસર પહોંચાડી. ગ્રીક ગ્રંથોના અનુવાદ થતાં મુસ્લિમો ગ્રીક તર્કશાસ્ત્રના પરિચયમાં આવ્યાં. પરિણામે ઈસુની 8મી થી 10મી સદી સુધી મુસ્લિમ જગતમાં બુધ્ધિવાદ પ્રગટ્યો. કુરાન ઈશ્વરપ્રેરિત છે કે માનવીનું સર્જન છે.એ પ્રશ્નમાંથી બુધ્ધિવાદનો જન્મ થયો. કુરાન શાશ્વતકાળથી જ સ્વર્ગમાં હતું. ખુદાની વહી દ્વારા મુહમ્મદે તેને પ્રગટ કર્યું, આ માન્યતાને મુતાઝિલાહોએ પડકારી. કુરાન પ્રત્યેની શ્રધ્ધા અને પરંપરાઓ વચ્ચે જયારે વિરોધાભાસ ઉત્પન્ન થાય ત્યારે કુરાનને રુપક માનીને તેનું નિરૂપણ કરવું, તેમ તેમણે જણાવ્યું. આ રીતે તેમણે તર્ક અને શ્રધ્ધાનો સમન્વય કર્યો. અલ-મનસુર, હારુન-અલ-રશિદ અને અલ-મામુનના શાસન દરમ્યાનઆ બુધ્ધિવાદ ઘણો જ ફેલાયો. અલ-મામુનના સમયમાં તેનું પ્રસારણ અધિક થયું. તે આ બુધ્ધિવાદથી એટલો બધો આકર્ષાયો હતો કે તેણે તેને રાજયની માન્યતા આપી. કુરાન માનવીય કૃત છે; તે બધા મુસ્લિમોએ સ્વીકારવું, આ મતના સ્વીકારની જાહેરાત વિના કોઈ પણ કાયદાનો સાક્ષી કે ન્યાયાધીશ ન થઈ શકે તેવાં ફરમાનો બહાર પાડ્યાં.*

*બુધ્ધિવાદનો પ્રથમ પ્રવર્તક અલ-કિંદી હતો. તે એક અચ્છો ભાષાંતરકાર, વૈજ્ઞાનિક અને તત્ત્વવેત્તા હતો. ગણિતશાસ્ત્રી થયા વિના દાર્શનિક થઈ શકાય નહિ, એવા પ્લેટોના વિચાર સાથે તે સંમત હતો.*

*તૂર્કવંશનો પ્રથમ જાણીતો દાર્શનિક અલ-ફરાબી હતો. ખ્રિસ્તી શિક્ષકની પાસે તેણે તર્કશાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું હતું. તેણે સૂફીમત અપનાવ્યો હતો. તેણે લખેલા ૩૯ જેટલા પુસ્તકોમાંથી મોટાભાગના એરિસ્ટોટલ પરના હતાં. 'ઈહસા એલ-યુલુમ' નામના તેના ગ્રંથમાં સમકાલીન દર્શનશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને રાજયશાસ્ત્રના જ્ઞાનને રજૂ કરવામાં આવ્યું છે.*

*ઈબ્ન સિના-એવિસેના વૈજ્ઞાનિક અને તબીબી નિષ્ણાંત હતો. એ સાથે તે દર્શનવિદ્યાનો પણ ઊંડો અભ્યાસી હતો. દર્શનવિદ્યાના જ્ઞાન દ્વારા જ તે વિજ્ઞાનને પૂર્ણ રીતે સમજી શક્યો હતો. જીવનના અંત સુધી દર્શનવિદ્યામાં તેનો આદર્શ એરિસ્ટોટલ હતો. તેણે લ્યુક્રેટીયસની જેમ દર્શનવિદ્યાને ખાતર ધર્મને અને અલ-ગઝલીની જેમ ધર્મને ખાતર દર્શનવિદ્યાનો નાશ કરવાનું જણાવ્યું નથી. તેના 'શિફા' અને 'કાનૂન' ગ્રંથો મધ્યકાલીન વિચારોમાં સર્વોચ્ચ શિખર સમાન છે.*

*સ્પેનનો અબુઅલ-વાલિદ મહમ્મદ ઈબ્ન અહમદ ઈબ્ન રશદ પણ ઈસ્લામી જગતનો જાણીતો તત્ત્વચિંતક હતો. તે એવેરોએસના નામે પ્રખ્યાત હતો. તેણે લખેલા 'તહાફુત*

અલ-તહાફુત' નામના ગ્રંથે તેને કીર્તિ અપાવી. પરંતુ સાથોસાથ મુસ્લિમ જગતમાં તેની સામે વિરોધ પણ થયો. એરિસ્ટોટલ સાથે બેસાડવાનો પ્રયત્ન કર્યો. એવિસિએનાની જેમ તેણે સૃષ્ટિના સર્જન વિશેની બાઈબલની કથાનો અસ્વીકાર કર્યો. તત્ત્વજ્ઞાનીઓ બુધ્ધિ દ્વારા જ સત્યને પામવાનો પ્રયત્ન કરે છે, તે સત્યની પ્રતીકાત્મક રજૂઆત એટલે અધ્યાત્મવિદ્યા એમ તે માનતો હતો.

**સાહિત્ય :**

મુસ્લિમોએ ઉચ્ચ અને વૈવિધ્યપૂર્ણ ગદ્ય અને પદ્ય સ્વરૂપનું સાહિત્ય વિકસાવ્યું હતું. ગદ્ય સાહિત્યમાં મોટેભાગે વિદ્વતાપૂર્ણ વિષયો-અધ્યાત્મવિદ્યા તત્ત્વજ્ઞાન, ઈતિહાસ, તબીબીશાસ્ત્ર, વગેરેનું ખેડાણ થયું હતું. આમાંથી ઈતિહાસ સિવાયના ગ્રંથોની ચર્ચા આપણે ઉપર કરી ગયા છીએ. આ સમયના વિદ્વાનોમાં ઈતિહાસકારોને નોંધપાત્ર ગણાવી શકાય. ઈબ્ન-કુતૈબાએ વિશ્વનો ઈતિહાસ લખવાનો પ્રયત્ન કર્યો. મહુમ્મદ-અલ-નદીએ અરબી ભાષામાં લખાયેલા બધા જ ગ્રંથોની યાદી તૈયાર કરી. અબુઝફર મુહમ્મદ અલ તબારીએ વિશ્વના સર્જનથી ઈ.સ.913 સુધીનો ઈતિહાસ લખ્યો. અલ-તબારી યહૂદીઓનો ઈતિહાસ આપવામાં બાઈબલને અનુસર્યો છે. અબુલ-હસન અલી અલ-મસુદીએ જ્ઞાનકોષના ત્રીસ ગ્રંથો લખ્યાં. અલ-મસુદી મુસ્લિમ જગતનો પ્લીની અને હીરોડોટ્સ હતો.

સર્જનાત્મક સાહિત્ય લખાયું તેમાં ટૂંકી કથાઓ ઘણી લોકપ્રિય હતી. 'અરેબિયન નાઈટ્સ'ની વાર્તાઓ વિશ્વપ્રસિધ્ધ છે. મૂળ આ કૃતિ અલ-મસુદીએ ફારસીમાં 'હઝાર અફસાના' નામે લખી હતી. અરબીમાં તેનો 'અલ્ફ લયલાહ વ લયલાહ' તરીકે અનુવાદ થયો હતો. સિંદબાદ અને ખલાસી, અલ્લાઉદ્દીનનો દીવા, અલીબાબા અને ચાલીસ ચોર જેવી તેમાંની વાર્તાઓ વિશ્વના આબાલવૃધ્ધ સૌ કોઈને આનંદ આપે તેવી છે.

ઈસ્લામી જગતમાં ગદ્ય એ કાવ્યનું જ સ્વરૂપ ગણાતું હતું. છાપખાનાની શોધ થઈ તે પહેલાં ઈસ્લામી સાહિત્ય મોટેથી પઠન કરી શકાય તેવું કાવ્ય અને વર્ણનાત્મક સ્વરૂપનું હતું. કાવ્યનું સર્જન પઠન કરવા કે ગાવા માટે થતું. ખેડૂતથી માંડીને ખલીફ સુધીના સૌ કોઈ કાવ્યના રસિયા હતાં.

અબુલ-ફરાજે 'કિતાબ-અલ-અઘાની' નામના ગ્રંથમાં અરબી કાવ્યોને ગ્રંથસ્થ કર્યા. આ ગ્રંથના વીસ ભાગોમાં અરબી કાવ્યની સમૃધ્ધિ અને વૈવિધ્ય જોવા મળે છે. બેદુઈન લોકો માટે ગવાતી કવિતાએ હવે પોતાનું સ્થાન દરબાર અને રાજમહેલમાં લીધું. કાવ્યની કથા-વસ્તુમાં ધર્મ કરતાં પ્રેમ અને યુધ્ધના વિષયોને વિશેષ સ્થાન હતું. આરબોની કવિતા ભાગ્યે જ રહસ્યવાદી હતી. દરેક દરબારમાં કવિઓને આશ્રય મળતો.

*હસન ઈબ્ન હની હારુનનો પ્રિય કવિ હતો. 'સયફુ' લદાવલાને મુસ્લિમો કવિ કરતાં ઢોંગી ભવિષ્યવાણી કરનાર તરીકે વધુ યાદ કરે છે. તેણે પોતાની જાતને પયગંબર તરીકે જાહેર કરી હતી. આથી તેને પકડવામાં આવ્યો હતો પણ પાછળથી મુક્ત કરવામાં આવ્યો હતો.*

*અબુલ-અલા અલ-મઆરી નામના કવિએ બચપણમાં ચાર વર્ષની વયે શીતળાના રોગમાં દ્રષ્ટિ ગુમાવી હતી. આ અંધ કવિને તેના કાવ્યોએ ઘણી જ પ્રસિધ્ધિ અપાવી હતી. તે સંપૂર્ણ શાકાહારી હતો. જીવનમાં પાછળથી તે આર્થિક રીતે સમૃધ્ધ થયો હોવા છતાં સાધુની જેમ તે સાદાઈમાં જ રહ્યો. ઈશ્વરના અસ્તિત્વ અને મૃત્યુ પછીનું બીજું જીવન હોવાના રહસ્યવાદી વિષયો તેણે પોતાના કાવ્યોમાં રજૂ કર્યાં.*

*રુદગીના સમયથી કાવ્યના ક્ષેત્રે વસંતનું આગમન થયું. કવિ દકીકીએ 'ખુદાઈ નામા' લખવાનું શરૂ કર્યું. હજારેક પંક્તિઓ લખાયા પછી તેનું મૃત્યુ થયું. આથી તે કાવ્ય ફિરદોસે પૂરું કર્યું. ફિરદોસ એ કવિ અબુલ-કાસિમ મન્સૂરનું તખલ્લુસ છે. 'ખુદાઈ નામા' પૂરું કર્યા પછી તેણે તેનું નામ 'શાહનામા' રાખ્યું. આ કાર્ય પૂરું કરતાં તેને પચ્ચીસ વર્ષ થયાં હતાં. વિશ્વના જાણીતા પાંચ મહાકાવ્યોમાં 'શાહનામા'ની ગણના થાય છે. એક લાખ વીસ હજાર પંક્તિઓવાળા આ કાવ્યનો નાયક રુસ્તમ છે.*

**13.6.6 કલા :**

*ઈસ્લામ ધર્મમાં મૂર્તિપૂજાનો નિષેધ હોવાથી રૂપપ્રદકલાઓમાં શિલ્પકલા અને ચિત્રકલાને સ્થાન ન હતું. તેથી મુસ્લિમ કલાનો વિકાસ સ્થાપત્ય, માટીનાં વાસણો, સુલેખન અને અલંકારણો પૂરતો મર્યાદિત રહ્યો હતો. મુસલમાનોએ મોટે ભાગે ધાર્મિક સ્થાપત્યોનો વિકાસ કર્યો હતો. આમ છતાં મહેલો, નહેરો, પુલો, જળાશયો, સ્નાનાગારો, કિલ્લાઓ જેવું નાગરીક સ્થાપત્ય પણ બંધાયું હતું.*

*શિરાઝમાં અદુદ-અદ-દાવલાના મહેલને ત્રણસો સાઠ ઓરડાઓ હતા – વર્ષના દરેક દિવસ માટે એક ઓરડો. સૌથી મોટા ઓરડામાં પુસ્તકાલય હતું.*

*ખુદાની ઈબાદત કરવા માટે મસ્જિદ પ્રકારનું ધાર્મિક સ્થાપત્ય વિકસ્યું. સામાન્ય રીતે મસ્જિદ બજારની નજીક રાખવામાં આવતી, જેથી લોકોને ત્યાં જવું સરળ પડે. મસ્જિદમાં મક્કા તરફની દિશાએ લિવાન (મુખ્ય પ્રાર્થનાગૃહ) રાખવામાં આવતું. કિબલા એટલે કે મક્કાની દિશા સૂચવવા માટે મહેરાબની રચના કરવામાં આવતી. મહેરાબની બાજુમાં મીંબર રચવામાં આવતું. લિવાનની સામે ખુલ્લો શાન (ચોક) રહેતો અને તેની ત્રણે બાજુએ રીવાક (પડાળી) નું આયોજન કરવામાં આવતું.*

મસ્જિદમાં પ્રવેશદ્વાર એક કે ત્રણ રાખવામાં આવતાં. મુઆઝન માટે મિનારા ઊભા કરવામાં આવતાં. સંભવતઃ સીરિયાના મુસ્લિમોએ બેબિલોનના ઝિગુરત અને ખ્રિસ્તી દેવળોના ઘંટ રાખવાના ટાવર પરથી મિનારાનું સ્વરૂપ વિકસાવ્યું હોવાનું મનાય છે. મક્કાની યાત્રાએ જતાં યાત્રાળુઓએ મસ્જિદનું ચોક્કસ સ્થાપત્યકીય ધોરણ નક્કી કરવામાં ફાળો આપ્યો છે. વિવિધ દેશોમાંથી આવતા યાત્રાળુઓ જ્યારે કોઈ નગરમાંથી પસાર થતા ત્યારે ત્યાંની સ્થાનિક મસ્જિદમાં નમાઝ પઢવા જતાં. તેઓ સહેલાઈથી મસ્જિદ પારખી શકે તેવી મસ્જિદનું બાંધકામ ચોક્કસ પ્રકારે થયું.

ઈ.સ.622માં મુહમ્મદ પયગંબર દ્વારા મદીનામાં બાંધવામાં આવેલી મસ્જિદ ખૂબ જ પ્રાથમિક સ્વરૂપની હતી. તેમાં પથ્થર અને ઈંટોની દિવાલો વડે આવૃત્ત સમચોરસ ચોક હતો. ઉત્તરની બાજુએ છાપરું ટેકવેલું હતું. જયાંથી મુહમ્મદ બંદગી કરાવતાં. ઉત્તરમાં પવિત્ર નગર જેરૂસલેમની તરફ મુખ રાખીને નમાઝ પઢવામાં આવતી. ઈ.સ. ૬૨૪માં આ દીશા બદલી નાખવામાં આવી. જેરૂસલેમ તરફ નહિ પણ મક્કા તરફ એટલે ઉત્તરને બદલે દક્ષિણમાં મુખ રાખીને નમાઝ પઢવાની શરૂઆત થઈ.

જેરૂસલેમની મસ્જિદ કુબ્બાત અલ-શુખ્દ્રાદ 'ઉમરના ગુંબજ' તરીકે જાણીતી છે. આ મસ્જિદ કદમાં વિશાળ છે. મુસ્લિમ ઈમારતોમાં ઘુંમટની રચના સૌ પ્રથમ અહીં જોવા મળે છે.

આઠમી સદીના પ્રથમ વર્ષમાં બંધાયેલી દમાસ્કસની મોટી મસ્જિદમાં શાનને ફરતી કમાનો ઘોડાની નાળ જેવા આકારની એટલે કે ચાપાકાર છે. પાછળથી આ પ્રકારની કમાનો એ પશ્ચિમી મુસ્લિમ સ્થાપત્યનું એક મુખ્ય લક્ષણ બની ગયું હતું. અંદરથી આ મસ્જિદ જડતર કલા અને રંગીન કાચની બારીઓ વડે અલંકૃત છે.

સ્પેનમાં કોર્ડોબાની મોટી મસ્જિદ ઈ.સ. ૭૮૬માં બંધાઈ હતી. કેરો, ઉખૈદીર, રક્કાહ્, અબુ-દુલફ અને સામરામાં પણ મસ્જિદો બંધાઈ હતી. આ મસ્જિદો સાસાનિ પરંપરા પ્રમાણે બંધાઈ હતી. ઉખૈદીરની મસ્જિદમાં અણીયારી કમાન જોવા મળે છે. પાછળથી આવી અણીયારી કમાનો એ પશ્ચિમી ગોથિક સ્થાપત્યનું લક્ષણ બની ગયું. ભારતમાં આવી અણીયારી કમાનો જોવા મળે છે. ખરી, પણ શિલામાં કોચીને અણીવાળો ભાગ બનાવવામાં આવ્યો હોવાથી તે સાચી અણીયારી કમાન કહી શકાય નહિ. ઈસુની ૯મી સદીના અંતથી ૧૨મી સદીના અંત સુધીની હયાત મસ્જિદોની સંખ્યા વધુ નથી. આ સમય દરમ્યાન ધાર્મિક સ્થાપત્ય કરતાં લશ્કરી સ્થાપત્ય વધુ પ્રમાણમાં બંધાયું હતું. કરો અને એલેપ્પોના કિલ્લાઓ જાણીતા છે.

મૂર્તિપૂજા ન પ્રવેશે તે માટે શિલ્પકલા પર પ્રતિબંધ હતો. માત્ર સુશોભનાત્મક ભાસ્કર્યની છૂટ હતી. વલિદ બીજાના મહેલમાં પથ્થર પર કંડારેલ સુશોભન પટ્ટીઓનું શિલ્પકામ અદ્દભૂત છે. ધાતુકામની કલામાં મુસ્લિમ કલાકારોએ પૂરેપૂરી હથોટી કેળવી

હતી. દીવાઓ, કૂંજા, પ્યાલા, જગ, મગ, કપ, દેવતા રાખવાની તાવડી વગેરે તાંબા કે કાંસામાંથી બનાવવામાં આવતા. ઝેમનો આકાર સિંહ, મોર, કબૂતર, ડ્રેગન કે સ્ફિન્કસના જેવો બનાવવામાં આવતો. કયારેક તેમની પર કાપા મૂકીને ભાત રચવામાં આવતી. કાપામાં કયારેક સોનું કે ચાંદી પૂરવામાં આવતી. બગદાદની તલવારોને ભાસ્કર્ય કે સોના-ચાંદીના જડતર વડે સજાવાતી. ઈસુની 14મી સદીમાં આ પ્રકારની કલાનો ઉચ્ચતમ વિકાસ થયો. બગદાદ, સામરા, રેય્ય અને અન્ય નગરોમાં માટીનાં વાસણો બનાવવાની કલા વિકસી હતી. આવાં વાસણો પર ઓપ ચઢાવીને તેમને ચકચકીત કરવામાં આવતાં.

ધાર્મિક ઉપયોગ માટે ચિત્રકલા પર પ્રતિબંધ હતો. કેટલાક ઉમય્યાદ ખલીફાઓએ આ પ્રતિબંધની અવજ્ઞા કરી હતી. ઈ.સ.712માં વલિદ પહેલા એ પોતાના ગ્રીષ્મ-મહેલની ભીંતો પર શિકારીઓ, નૃત્ય કરતી કન્યાઓ, સ્નાન કરતી સ્ત્રી અને પોતાનું પણ ચિત્ર દોરાવ્યું હતું. ગઝનીના મહમૂદે પણ પોતાના મહેલની દીવાલો પર વિવિધ પ્રકારનાં ચિત્રો દોરાવ્યાં હતાં. ભદ્રવર્ગના લોકો પોતાને ત્યાં સચિત્ર હસ્તપ્રતો રાખતાં. સુલેખનવિદ્યા એ ચિત્રણનો એક ભાગ હતો. કુફામાંથી લેખન માટે કુફી શૈલી વિકસી હતી જેનો પાછળથી સ્થાપત્યમાં સુશોભન તરીકે ખૂબ જ ઉપયોગ થયો હતો. સુલેખનની બીજી શૈલી-નકશી શૈલી પણ ઘણી જ આકર્ષક હતી. મધ્યયુગીન મુસ્લિમ સાહિત્ય આ શૈલીમાં લખાયું છે. મોટે ભાગે આ શૈલીમાં કુરાનની નકલો વધુ પ્રાપ્ત થઈ છે. સુલેખન વિદ્યા જાણનારને રાજ્ય તરફથી માન-મોભો અને ભેટો મળતી. ચિત્રણ અને સુલેખનની ભાતો કાપડ અને માટીનાં વાસણો પર 5 આલેખવામાં આવતી હતી.

- **તમારી પ્રગતિ ચકાસો.**

**(૧) ઈસ્લામ સંસ્કૃતિ**

(અ) લંબાણપૂર્વક પ્રશ્નોનાં જવાબ આપો.

(1) ઈસ્લામનો ઉદય કેવી રીતે થયો ? સમજાવો.

(2) મહમ્મદ પયગંબરનાં જીવન વિશેની માહિતી આપો.

(3) *ઈસ્લામી સંસ્કૃતિનું શિક્ષણ અને વિદ્યાના ક્ષેત્રે થયેલ વિકાસની ચર્ચા કરો.*

(4) *ઈસ્લામી સંસ્કૃતિનાં કલાના ક્ષેત્રે થયેલ પ્રગતિ જણાવો.*

**(બ) આશરે પાંચ કે સાત લીટીમાં જવાબ આપો.**

(1) *ઈસ્લામી સંસ્કૃતિ અને વિજ્ઞાન*

(2) *ઈસ્લામી સંસ્કૃતિનું દર્શનવિદ્યા*

(3) *ઈસ્લામી સંસ્કૃતિની અર્થરચના*

**(ક) નીચેનાં વિધાનોની ખાલી જગ્યા પુરો.**

(1) *મહમ્મદ પયગંબરનો જન્મ..................શહેરમાં થયો હતો.*

*(અ) કુવૈત (બ) મક્કા (ક) સિંગાપુર*

(2) *મહમ્મદ પયગંબરનાં ઉપદેશો ..................માં સંગ્રહીત છે.*

*(અ) કુરાન (બ) બાઈબલ (ક) ત્રીપીટક*

*(૩) શેરડીની ખેતી અને ખાંડને શુધ્ધ કરવાની પધ્ધતિ આરબો ................ પાસેથી શિખ્યાં.*

*(અ) યુરોપીય (બ) કુવૈત (ક) ભારત*

*(૪) કુરાન કંઠસ્થ કરનાર વ્યક્તિ ..................તરીકે ઓળખાતી.*

*(અ) હાફેઝ (બ) માલિક (ક) ગાફીલ*

(5) *મહમ્મદ ઈબ્ન અહમદે ...................નામનો ગ્રંથ લખ્યો.*

*(અ) વિજ્ઞાનની ભૂમિ (બ) વિજ્ઞાનનાં પ્રયોગો (ક) વિજ્ઞાનની ચાવી*

(6) *તારીખ-અલ-હિન્દ નામનો ગ્રંથ ................એ લખ્યો.*

*(અ) બલબન (બ) ફાહિયાન (ક) અલ-બિરુની*

(7) *સ્પેનમાં કોર્ડોબાની મોટી મસ્જિદ ...................માં બંધાઈ હતી.*

*(અ) ઈ.સ.* 770 *(બ) ઈ.સ.*786 *(ક) ઈ.સ.*791

(8) *મૂર્તિપૂજા ન પ્રવેશે તે માટે ...............પર પ્રતિબંધ હતો.*

*(અ) ચિત્રકલા (બ) શિલ્પકલા (ક) સંગીતકલા*

❖ **ધર્મયુધ્ધો**

## 13.7 હેતુઓ

*આ એકમના અધ્યયનથી તમે પ્રસ્તુત મુદ્દાઓ સમજી શકશો :*

- *ધર્મયુધ્ધો કોને કહેવાય ? તે સમજી શકાશે.*
- *ધર્મયુધ્ધો માટેના વિવિધ કારણો તપાસી શકાશે.*
- *વિવિધ ધર્મયુધ્ધોનો ઈતિહાસ જાણી શકાશે.*
- *ધર્મયુધ્ધને અંતે થયેલા ફેરફારો – પરિવર્તનો જોઈ શકાશે.*
- *મધ્યકાલીન યુરોપની વિવિધ પરિસ્થિતિને જોઈ શકાશે.*
- *ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મના અનુયાયી વચ્ચે લડાયેલા ધર્મયુધ્ધોની માહિતી મેળવી શકાશે.*

## 13.8 પ્રસ્તાવના

*મધ્યકાલીન યુરોપમાં થઈ ગયેલ એક યુગપ્રવર્તક બનાવ એ ધર્મયુધ્ધો હતો. ખ્રિસ્તીઓ અને મુસ્લિમો વચ્ચે આ ધર્મયુધ્ધો લડાયા હતાં. અંગ્રેજી ભાષામાં ધર્મયુધ્ધો માટે 'ક્રુઝેડ'* (Crusade) *શબ્દ પ્રયોજાય છે. સ્પેનિશ ભાષાના આ શબ્દ ક્રુઝાડા* (Cruzada) *પરથી ઊતરી આવ્યો છે. તેનો અર્થ થાય છે, ક્રોસ વડે અંકિત.*

*ધર્મયુધ્ધોમાં જોડાનારા ખ્રિસ્તીઓને પોપે ક્રોસ ધારણ કરવાની સૂચના કરી હતી. તેથી 'ક્રુઝેડ' શબ્દમાં ક્રોસનું મહત્વ સ્પષ્ટ થાય છે. ઈસુની 11મી સદીના અંતથી ૧૩મી સદીના અંત સુધીમાં એટલે કે લગભગ બસો વર્ષના સમય દરમ્યાન ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મના અનુયાયીઓ વચ્ચે આ ધર્મયુધ્ધો લડાયાં. એક રીતે કહીએ તો પૂર્વ અને પશ્ચિમના-એશિયા અને યુરોપના આ યુધ્ધોમાં ચાંદ-તારા અને ક્રોસ એકબીજાના પ્રતિસ્પર્ધીઓ હતાં.*

*મધ્યકાલીન યુરોપના ઈતિહાસના સૌથી વધુ ચર્ચીત પામેલા આ ઐતિહાસિક બનાવ માટે અનેક કારણો જવાબદાર હતાં.*

## 13.9 ધર્મયુધ્ધો માટેનાં કારણો

**મુખ્ય કારણો**

**(1) ખ્રિસ્તીઓના પવિત્ર સ્થળ : ચર્ચ ઓફ હોલી સેપલ્કરનો નાશ :**

*ઈ.સ.1010માં કેરોના ફાતિમ ખલીફા અલ-હકીમે જેરુસલેમમાં આવેલા ખ્રિસ્તીઓના પવિત્ર સ્થળ-ચર્ચ ઓફ હોલી સેપલ્કરનો નાશ કર્યો. આ બનાવને ધર્મયુધ્ધોનું નીકટવર્તી કારણ માનવામાં આવે છે. ઈસુની 10મી સદી સુધી મોટી સંખ્યામાં પશ્ચિમના ખ્રિસ્તી યાત્રાળુઓ આ પવિત્ર ભૂમિની યાત્રાએ આવતાં. પેલેસ્ટાઈનમાં આવેલા આ પવિત્ર સ્થળોની યાત્રાએ આવતા ખ્રિસ્તીઓને અરબો ત્યાં પ્રવેશવા દેતા. તેઓ ખ્રિસ્તીઓ પ્રત્યે સહિષ્ણુ હતાં. મધ્ય એશિયાના તૂર્કસ્તાનની બર્બર ટોળીના સેલ્જુક તૂર્કોએ ઈસુની 10મી અને 11મી સદી દરમ્યાન અરબો પાસેથી પર્શિયા, મેસોપોટેમિયા, એશિયા માઈનોર, સીરિયા અને પેલેસ્ટાઈનના પ્રાંતો જીતી લીધાં. ખ્રિસ્તી ધર્મનું પવિત્ર સ્થળ સેલ્જુક તૂર્કોના હાથમાં આવ્યું. તૂર્કો ખ્રિસ્તીઓ પ્રત્યે અસહિષ્ણુ વલણ દાખવતા અને તેમના પર ત્રાસ ગુજારતાં. ખ્રિસ્તીઓ પાસેથી કર પેટે ઘણી મોટી રકમ ઉઘરાવતાં. યુરોપ પાછા ફરતાં ખ્રિસ્તી યાત્રાળુઓએ તૂર્કોના જુલ્મોની વાતો યુરોપમાં ફેલાવી. પીટર નામના એક ખ્રિસ્તી સાધુએ આવી વાતોમાં અતિશયોક્તિ કરીને યુરોપના લોકોને ધર્મયુધ્ધો માટે ઉશ્કેર્યાં. તેણે જેરૂસલેમના પેટ્રિઆર્ક સિમેઅનનો પત્ર પોપ અર્બન ૨ જાને પહોંચતો કર્યો. આ પત્રમાં તૂર્કો દ્વારા ખ્રિસ્તીઓ પર થતા જુલ્મોની વિગતો આપવામાં આવી હતી અને તે માટે પોપની મદદ માંગવામાં આવી હતી.*

**(2) આક્રમણ સામે પોપ અર્બન રજાની મદદ માટે માંગણી :**

*બાયઝેન્ટાઈનના સમ્રાટ એલેક્સસે પણ તૂર્કોના આક્રમણ સામે પોપ અર્બન રજાની મદદ માંગી હતી. ઈસુની 7મી સદી સુધી એશિયાવાસીઓના આક્રમણનો સામનો કરતું બાયઝેન્ટાઈન સામ્રાજ્ય અડીખમ ઊભુ હતું. પરંતુ આંતરિક વિખવાદો અને પશ્ચિમ રોમના સામ્રાજ્યથી તેની અલગતાને લીધે તેની શક્તિઓ ક્ષીણ થઈ ગઈ હતી. ઈ.સ. 1071ના અરસામાં તો બાયઝેન્ટાઈન લશ્કર લગભગ નાશ પામી ચૂક્યું હતું. સેલ્જુક તૂર્કોએ એડસ્સા, એન્ટિઓક, તાર્સુસ અને નાઈસિયા પર પોતાનો કબજો જમાવી*

*લીધો હતો. સમ્રાટ એલેક્સસ પહેલાએ તૂર્કો સાથે સંધિ કરીને એશિયા માઈનોરનો પ્રદેશ બચાવી લીધો. જો કોન્સ્ટન્ટિનોપલનું પતન થાય તો સમગ્ર પૂર્વ યુરોપ તૂર્કોના હાથમાં આવી જાય તેવી શક્યતા હતી. આથી એલેક્સસે ધાર્મિક મતભેદો ભૂલી જઈને પોપ અર્બન રજાને મદદની અપીલ કરી. પોપને ધર્મયુધ્ધ માટેનું આ બીજું કારણ મળી ગયું.*

**(3) પોપ અર્બન રજાની આકાંક્ષા :**

*પોપ અર્બન રજાને એવી પણ આશા હતી કે, પૂર્વ અને પશ્ચિમની દેવળ સંસ્થાઓ વચ્ચેના મતભેદો આ યુધ્ધો દ્વારા નિવારી શકાશે. પૂર્વની દેવળ સંસ્થાને જો સહાય કરવામાં આવે તો બંને વચ્ચેના સંબંધો સુધરી શકે. પૂર્વની દેવળ સંસ્થાને ફરીથી પોપની સત્તા નીચે આણીને, એક શક્તિશાળી ખ્રિસ્તી સામ્રાજ્ય સ્થાપીને, રોમને વિશ્વની રાજધાની બનાવવાનું પોપ અર્બનનું સ્વપ્ન હતું.*

- **અન્ય કારણો :**

**(1) સામાજિક સ્થિતિ :**

*ઈટાલીના પિઝા, જિનોઆ, વેનિસ વગેરે નગરોને ધર્મયુધ્ધ દ્વારા પોતાનો સ્વાર્થ સાધવો હતો. આ નગરના વેપારીઓ પોતાના વિકસિત વેપારને પૂર્વમાં વધારવા ઈચ્છતા હતાં. સામંતો, ઉમરાવો, યોધ્ધાઓ અને ખેડૂતો આવા જોખમકારક સાહસમાં ભાગ લેવા શા માટે તૈયાર થયા હશે તે આશ્ચર્યકારક છે. ધર્મયુધ્ધોનું મુખ્ય કારણ ધાર્મિક જ હતું. આમ છતાં તેની પાછળ કેટલાંક ધર્મેતર કારણો પણ સંકળાયેલાં હતાં. ગુલામો પોતાના માલિક પ્રત્યેની વફાદારી દર્શાવવા, તો કેટલાંક લોકો ઈશ્વર પ્રત્યેની પોતાની ભક્તિ દર્શાવવા તેમાં જોડાયા હતાં. ઈસુની પવિત્ર કબરનો નાશ કરનારા સામે, યુધ્ધે ચઢીને ઈશ્વર-ભક્તિ દર્શાવવાનો બીજો સારો કયો માર્ગ હતો? ધર્મયુધ્ધોમાં જોડાવા માટેની પોપની હાકલને તેમણે ઈશ્વરનું આમંત્રણ માન્યું. જમીનવિહોણા યોધ્ધાઓને પૂર્વમાં જઈને જમીન મેળવવાની ખેવના હતી. સમ્રાટ એલેક્સસ પહેલાની ગણતરી હતી કે આ ધર્મયુધ્ધો દ્વારા એશિયા માઈનોરને ફરી પાછું મેળવી શકાશે. સજા અને ગુલામીમાંથી મુક્ત થવાના ઈરાદાથી પણ ઘણા તેમાં ઉત્સાહભેર જોડાયાં. ચોર, લૂંટારા વગેરે આ દ્વારા ન્યાયમાંથી છટકવા માંગતાં હતાં. આ ઉપરાંત સામાન્ય મવાલીઓ અને સાહસિકો પણ તેમાં જોડાયા હતાં. આમ, સમાજના બધા જ વર્ગના લોકો ધર્મયુધ્ધોમાં જોડાયા હતાં. ધર્મયુધ્ધોમાં જોડાનારાઓને પોપની માફી, સંપત્તિનું રક્ષણ અને આધ્યાત્મિક કૃપાદાન જેવાં પ્રલોભનો આપવામાં આવ્યાં હતાં.*

**(2) નબળી આર્થિક સ્થિતી :**

*આ સમયે યુરોપની આર્થિક સ્થિતિ કથળતી જતી હતી. જમીન કસ ગુમાવી રહી હતી. સામંતો દેવાદાર થઈ ગયા હતાં. પોતાના છોકરાઓને જાગીરના રૂપમાં આપવાની જમીન*

*હવે સામંતો પાસે રહી ન હતી. સામંતોના છોકરાઓ પડોશી જમીનદારોની ભૂમિમાં ઉપદ્રવ કરતાં હતાં. આવા સામંતો પૂર્વમાં રાજ્ય સ્થાપવાની મહત્વકાંક્ષા રાખતાં. તેથી તેઓ પણ ધર્મયુધ્ધોમાં જોડાયા.*

**(3) ધર્મયુધ્ધો માટે પોપ અર્બનની તૈયારીઓ :**

*સમાજના આ બધા વર્ગોએ પોપ અર્બનના હાથ મજબૂત કર્યા. ધર્મયુધ્ધ માટે અર્બને પોતાનો અંતિમ નિર્ણય લઈ લીધો. ઈ.સ.1095ના માર્ચથી ઓક્ટોબર દરમ્યાન તેણે ઉત્તર ઈટાલી અને દક્ષિણ ફ્રાન્સની મુલાકાત લીધી. 18મી નવેમ્બર, ઈ.સ.1095ના રોજ ક્લેમન્ટ ખાતે મળેલી એક સભામાં તેણે ખ્રિસ્તી તીર્થસ્થળોને તૂર્કોના જુલમોમાંથી બચાવવા માટે એક જુસ્સાદાર ભાષણ કર્યું, જે મધ્યયુગીન ઈતિહાસનું એક અસરકારક ભાષણ મનાય છે. પ્રજાએ પોપની અપીલને ઈશ્વરની ઈચ્છા ગણીને ઉત્સાહભેર વધાવી લીધી. ધર્મયધ્માં જોડાનારને ક્રોસ ધારણ કરવાનું જણાવાયું. ૧૧મીથી ૧૩મી સદીના અંત સુધીમાં આઠ નોંધપાત્ર ધર્મયુધ્ધો લડાયાં હતાં.*

## 13.10 ધર્મયુધ્ધો

**પહેલું ધર્મયુધ્ધ (ઈ.સ.1095-99) :**

*પોપ અર્બન રજાએ ધર્મયુધ્ધની કૂચ માટે ઓગસ્ટ, ઈ.સ.1096નો સમય નક્કી કર્યો. પરંતુ ધર્મયુધ્ધમાં જોડાયેલા કેટલાંક ખેડૂતોને ત્યાં સુધી રાહ જોવી પાલવે તેમ ન હતું. ધરમના કામમાં ઢીલ શી? આવી માન્યતાવાળા આવા અધિરીયા ખેડૂતોને સાધુ પીટરની આગેવાની મળી ગઈ. ઓગસ્ટના બદલે માર્ચમાં જ તેમણે કૂચ શરૂ કરી દીધી. આ કૂચમાં જોડાયેલા કુલ બાર હજારમાંથી ખરેખરા યોધ્ધાઓ તો માત્ર આઠ જ હતાં ! આવી જ રીતે જર્મની અને રહાઈનલેન્ડમાંથી પણ બે ટોળીઓએ કૂચ શરૂ કરી હતી. કોન્સ્ટન્ટિનોપલ પહોંચતા સુધીમાં તેમાંના અનેક મૃત્યુ પામ્યાં. ઈ.સ.1097માં આ બધા જ લડવૈયાઓ કોન્સ્ટન્ટિનોપલ એકઠા થયાં. તે પછી બુઈલોના ગોડફ્રે નામના સરદારની આગેવાની નીચે તેઓ બધા પેલેસ્ટાઈન પહોંચ્યાં. એશિયા માઈનોર તરફ કૂચ કરીને એડેસ્સા અને એન્ટિઓક પર સત્તા જમાવી. ઈ.સ.1099માં જેરુસલેમ કબજે કર્યું. ત્યાંના ખ્રિસ્તીઓને મુક્ત કરવામાં આવ્યાં અને સિત્તેર હજાર મુસ્લિમોની કતલ કરવામાં આવી. આ ઘટના નજરે જોનાર એક ફ્રાન્સવાસી જણાવે છે કે, 'મસ્જિદના પ્રવેશદ્વાર આગળ ઘુંટણસમું લોહી ભરાયું હતુ અને ઘોડાઓની લગામો સુધી તેની છોળ ઊડી હતી. 'યહૂદીઓને તેમનાં સેનેગોગમાં એકઠાં કરીને તેમને જીવતા બાળી નાખ્યાં. માતાની ગોદમાં દૂધ પી રહેલા માસુમ બાળકોના પગ પકડીને ખેંચી કાઢવામાં આવ્યાં અને તેમને દીવાલો સાથે પટક્યાં. આ પ્રથમ ધર્મયુધ્ધમાં ખ્રિસ્તીઓને વિજય મળ્યો. ગોડફ્રેની નેતાગીરી નીચે જેરુસલેમના રોમન કેથલિક રાજ્યની સ્થાપના કરવામાં આવી.*

**બીજ ધર્મયુધ્ધ (ઈ.સ.1147-49) :**

*પૂર્વમાં સ્થપાયેલ ખ્રિસ્તી શાસન માંડ અડધી સદી સુધી ટક્યુ હશે. મુસ્લિમ સૂબા ઝાન્ગીએ મુસ્લિમ શાસકોને એકઠા કર્યા અને પુનઃ વિજય મેળવવા તૈયાર કર્યા. આ સંગઠિત મુસ્લિમોએ એડેસ્સા લઈ લીધું. આ સમાચાર યુરોપ પહોંચતાં સંત બનાડિ બીજા ધર્મયુધ્ધની હાકલ કરી. આ ધર્મયુધ્ધમાં જર્મન અને ફ્રાન્સના ઘણા લોકો જોડાયાં. તેમની નેતાગીરી ફ્રાન્સના લુઈ સાતમાએ અને જર્મનનીના કેનાર્ડ ત્રીજાએ લીધી હતી. ખ્રિસ્તીઓનું સંગઠન અવ્યવસ્થિત હતું. તેમનામાં આંતરિક વિખવાદો હતાં. આથી ધર્મયુધ્ધમાં ખ્રિસ્તીઓનો પરાજય થયો.*

**ત્રીજુ ધર્મયુધ્ધ (ઈ.સ.1189-92) :**

*ઈજિપ્તના અય્યુબ સુલતાન સલદીને જેરુસલેમ પર પોતાની સત્તા પ્રથમવાર ખ્રિસ્તીઓ સાથે સંગઠિત થયાં. પવિત્ર રોમન સામ્રાજ્યનો ફ્રેડરીક, ઈંગ્લેંડનો રિચાર્ડ ૧લો અને ફ્રાન્સનો ફીલિપ ઓગસ્ટસ એમ યુરોપનાં આ ત્રણ રાજાઓ પવિત્ર ભૂમિની પ્રાપ્તિ માટે લશ્કર લઈ નીકળી પડ્યાં. ઈંગ્લેન્ડ અને ફ્રાન્સના રાજાઓએ સ્થલમાર્ગે અને રોમન સામ્રાજ્યના રાજાઓએ જલમાર્ગે કૂચ આરંભી, સલદીનને જેનો સૌથી વધુ ભય હતો તે ફ્રેડરિક પલેસ્ટાઈન સુધી પહોંચી શક્યો નહીં. તેનું મોટાભાગનું લશ્કર કૂચ દરમ્યાન જ નાશ પામ્યું હતું. એશિયા માઈનોરમાં પ્રવેશ કરતાં પાણીમાં ડૂબી જવાને કારણે ફ્રેડરિક મૃત્યું પામ્યો. ફ્રાન્સનો રાજા યુધ્ધમાં બહુ સક્રિય થયો નહી. રિચાર્ડની સાથે ઝઘડો થતાં તે ફ્રાન્સ પાછો ફર્યો. ઈંગ્લેન્ડનો રાજા રિચાર્ડ ૧લો અડગ રહ્યો. અંગ્રેજ સેના આગળ વધતી ગઈ. અંગ્રેજોએ સાયપ્રસનો માર્ગ લીધો અને એકે પર કબજો જમાવ્યો. તેમ છતાં તેઓ જેરુસલેમ મેળવી શક્યા નહિ. આખરે રિચાર્ડને સલદીન સાથે સંધિ કરવી પડી. સંધિ પ્રમાણે નિઃશસ્ત્ર ખ્રિસ્તીઓને જેરુસલેમમાં પ્રવેશની છૂટ મળી.*

**ચોથુ ધર્મયુધ્ધ (ઈ.સ.1202-04) :**

*આ ધર્મયુધ્ધની વિશેષતા એ હતી કે તે ખ્રિસ્તીઓ અને મુસ્લિમો વચ્ચે લડાયું ન હતું. પરંતુ તેમાં માત્ર ખ્રિસ્તીઓ જ સંડોવાયેલા હતાં. પોપ ઈનોસન્ટ ત્રીજો મુસ્લિમોની હકૂમતમાંથી જેરુસલેમને સ્વતંત્ર કરવા ઘણો જ આતુર હતો. આ ધર્મયુધ્ધમાં યુરોપના વેપારીઓ ઘણા સંગઠિત થયા હતાં. તેઓ વેપારી સ્પર્ધામાં બાયઝેન્ટાઈનને હંફાવવા ઈચ્છતા હતાં. સલાદ્દીનનું મૃત્યું થતાં વેનિસના લોકોને જેરુસલેમ પર સત્તા જમાવવાની એક સારી તક મળી હતી. પોપ ઈનોસન્ટે વેપારીઓને સંરક્ષણ પૂરું પાડ્યું અને વેપારીઓ આ ધર્મયુધ્ધનો ખર્ચ આપવા તૈયાર થયાં. ખ્રિસ્તીઓએ કોન્સ્ટન્ટિનોપલમાં પ્રવેશીને ત્યાંના ખ્રિસ્તી ધર્મસ્થાનો, પુસ્તકાલયો અને બજારોમાં લૂંટ ચલાવી. પૂર્વમાં લેટીન-રોમન સામ્રાજ્યની હકૂમત સ્થાપવામાં આવી અને ત્યાં બાયઝેન્ટાઈન સામ્રાજ્યના સમ્રાટ તરીકે બાલ્ડવિનની નિમણૂંક કરી. ચોથા ધર્મયુધ્ધે બાયઝેન્ટાઈન સામ્રાજ્યનો ઈતિહાસ બદલી નાખ્યો.*

**કિશોરોનું ધર્મયુધ્ધ (ઈ.સ.1212) :**

*કિશોરોનું ધર્મયુધ્ધ લડવૈયા તરીકે માત્ર કિશોરો જ જોડાયા હતાં. સ્ટેફન નામના છોકરાએ ત્રીસ હજાર ફ્રાન્સના છોકરાંઓની અને નિકોલસ નામના છોકરાએ વીસ હજાર જર્મનીનાં છોકરાંઓની નેતાગીરી લીધી હતી. જેમ મોઝિસને દૈવી કૃપા વડે રાતા સમુદ્રમાં માર્ગ મળ્યો હતો તેવી જ રીતે આ કિશોરો પર દૈવી કૃપા ઊતરશે અને તેઓ ધર્મયુધ્ધમાં વિજય મેળવશે તેવી યુરોપના લોકોને અતૂટ શ્રધ્ધા હતી. લાગણીના આવેશમાં અનેક કિશોરો તેમાં જોડાયાં. તેમણે પેલેસ્ટાઈન તરફ કૂચ શરૂ કરી, પરંતુ કેટલાંક રસ્તામાં જ ભૂખ-તરસથી મૃત્યું પામ્યાં, કેટલાંક રસ્તામાં અટવાઈ ગયાં. જે બચી ગયા તેમને વેપારીઓએ ગુલામ તરીકે વેચી નાંખ્યાં.*

**અન્ય ધર્મયુધ્ધો :**

*સ્પાંચમાં ધર્મયુધ્ધ (ઈ.સ.1217-21)ની નેતાગીરી હંગેરીના રાજા એન્ડ્રયુ અને ઓસ્ટ્રિયાના ડ્યુકે લીધી હતી. આ વખતે પેલેસ્ટાઈનને બદલે ઈજિપ્ત પર કૂચ લઈ જવામાં આવી. ખ્રિસ્તીઓએ સત્તર માસ સુધી ઈજિપ્ત પર ઘેરો નાંખ્યો. ખ્રિસ્તીઓ જો ઈજિપ્ત પરનો ઘેરો ઉઠાવી લે તો જેરુસલેમનું સામ્રાજ્ય આપવાનું અને પકડાયેલા ખ્રિસ્તીઓને મુક્ત કરવાની દરખાસ્ત ઈજિપ્તના સુલતાન અલ-કામીલે મૂકી. પોપના એલચીએ તેનો અસ્વીકાર કર્યો. કોઈ પણ પ્રકારની નુકશાની ન ભરવાની જામીનગીરી તેણે અલ-કામીલ પાસે માંગી અલ-કામીલે આવી કોઈ જામીનગીરી ન આપી. અંતે યુધ્ધ થયું જ. ખ્રિસ્તીઓને ઘેરો ઉઠાવી લઈને વતન પાછા ફરવાની ફરજ પડી.*

**છઠ્ઠુ ધર્મયુધ્ધ ( ઈ.સ.1228-29) :**

*પવિત્ર રોમન સમ્રાટ ફ્રેડરિક બીજાની આગેવાની નીચે લડાયું. સુલતાન અલ-કામીલના એલચી ફખરુદ્દીન પર ફ્રેડરિક અરબી ભાષા-સાહિત્ય, વિજ્ઞાન અને દર્શનવિદ્યાના ઊંડા જ્ઞાનનો ઘણો જ પ્રભાવ પડ્યો. આથી બંને રાજાઓ રણમેદાનમાં તલવાર ચલાવવાને બદલે જ્ઞાનની ચર્ચા-વિચારણામાં પરોવાઈ ગયાં. બંનેએ સંધિ કરી. આ ચર્ચાથી મેળવેલા જ્ઞાને યુધ્ધને ટાળ્યું. ખ્રિસ્તીઓને એકે, સિદોન, નાઝરેથ, બેથલેહેમ અને જેરુસલેમનો કેટલોક ભાગ મળ્યો.*

**સાતમું ધર્મયુધ્ધ (ઈ.સ.1248-24) :**

*ફ્રાન્સના સાધુરચિત રાજા લૂઈ ૯માએ સાતમાં ધર્મયુધ્ધનું આયોજન કર્યું. મનસુરા ખાતેના ખૂનખાર યુધ્ધમાં તે હારી ગયો. લૂઈની સાથે દસ હજાર ખ્રિસ્તીઓ પકડાયા. લૂઈએ જીતેલુ ડીમિએટ્ટા પાછું સોંપીને અને પાંચ લાખ લીવ્ર આપીને છૂટકારો મેળવ્યો. તે ફ્રાન્સ પાછો ફર્યો.*

**આઠમું ધર્મયુધ્ધ (ઈ.સ.1270) :**

*લૂઈ નવમાનું મૃત્યું થતાં આઠમું ધર્મયુધ્ધ થયું હતું, પણ તેનું કંઈ પરિણામ આવ્યું નહી.*

**નવમું ધર્મયુધ્ધ (ઈ.સ. 1271-72) :**

*ઈ.સ. 1271-72 દરમ્યાન નવમું ધર્મયુધ્ધ લડાયું હતું. ખ્રિસ્તીઓ પાસે રહેલાં રહ્યાંસહ્યાં સ્થળો પણ મુસ્લિમોએ લઈ લીધાં.*

*ઈ.સ.1291માં પણ એક ધર્મયુધ્ધ લડાયું હતું. કેટલાંક ખ્રિસ્તીઓએ સીરિયામાં મુસ્લિમ વણઝારને લૂંટી અને ઓગણીસ મુસ્લિમ વેપારીઓને ફાંસીએ ચડાવી દીધાં. સુલતાન ખલીલે એક તરફ કૂચ કરી. તેંતાલીસ દિવસના ઘેરાવ પછી તેનો કબજો લીધો.*

## 13.11 ધર્મયુધ્ધોનાં પરિણામો

*જેરુસલેમ પર કાયમને માટે પોતાનું વર્ચસ્વ જમાવવાનો અને ઈસ્લામને કચડી નાંખવાનો ખ્રિસ્તીઓનો મૂળ હેતુ પાર પડ્યો નહિ. એ અર્થમાં ધર્મયુધ્ધો તદ્દન નિષ્ફળ નીવડ્યાં. પરંતુ એક નવીન યુરોપનું નિર્માણ કરવામાં ધર્મયુધ્ધો સફળ સાબિત થયાં. ખ્રિસ્તીઓનાં પવિત્ર સ્થાનો પર તૂર્કોની સત્તા ચાલુ જ રહી અને ત્યાં ઈસ્લામનું વર્ચસ્વ યથાવત રહ્યું.*

*ધાર્મિક પરિણામો સિવાય ધર્મયુધ્ધોનાં બૌધ્ધિક, આર્થિક અને સામાજિક પરિણામો લાભદાયક હતાં. ઘણાં લાંબા સમયથી યુરોપ જગતના અન્ય પ્રદેશોથી અલગ રહ્યું હતું. ધર્મયુધ્ધો દ્વારા યુરોપ જગતના વિવિધ પ્રદેશોના પરિચયમાં આવ્યું. યુરોપના લોકો સદીઓથી અન્ય પ્રદેશોથી અજાણ હતાં. બહારના વિશ્વ સાથેનો તેનો સંબંધ નહીવત્ હતો. એકલતાની આવી પરિસ્થિતિ પ્રગતિ માટે અવરોધક છે. ધર્મયુધ્ધોએ યુરોપની આ એકલતાને તોડી નાંખી. યુરોપની પ્રજા પૂર્વના સંપર્કમાં આવતાં તેમનામાં નવા ખ્યાલો આવ્યાં, તેમની જ્ઞાનની ક્ષિતિજો વિસ્તૃત બની. તેઓ હવે યુરોપની ઉદાસીન અને કૂપમંડૂક અવસ્થામાં રહેવા તૈયાર ન હતાં.*

*ધર્મયુધ્ધોને લીધે વેપાર-વાણિજયનો વિકાસ થયો. પૂર્વના દેશોમાંથી અવેલા સુતરાઉ, મલમલ, સાટીન, મખમલ, રેશમ વગેરે કાપડ; મરી, સૂંઠ, લવિંગ, એલચી જેવા મસાલા; મકાઈ, ડાંગર, તલ જેવું અનાજ; લીંબુ, તડબૂચ, પીચ, એપ્રિકોટ, ચેરી, ખજૂર વગેરે ફળો; વિવિધ ઔષધો, કીમતી પથ્થરો, કાચ અને ખાંડનો વપરાશ યુરોપમાં શરૂ થયો. પૂર્વની આ બધી ચીજોનું વેચાણ ફ્રાન્સ, જર્મની અને ઈંગ્લેન્ડના બજારમાં થતું. અરબી આંકડા, બીજગણિત, હોકાયંત્ર, કાગળ, દારૂગોળો, રંગ, પાઉડર, સુગંધી દ્રવ્યો, દર્પણ અને છાપકામ કલાનો યુરોપમાં પ્રવેશ થયો.*

*યુરોપની સામંતશાહીને ભારે ફટકો પડ્યો. ધર્મયુધ્ધમાં જવા માટે ઘણાં સામંતોએ પોતાની જાગીરો શરાફોને ત્યાં કે દેવળ-સંસ્થાને ગીરો મૂકી હતી તે તેમણે ગુમાવી. જાગીર જતાં તેમણે પોતાના અધિકારો પણ ગુમાવ્યાં. ધર્મયુધ્ધોમાં ભાગ લેનારા ગુલામો પોતાના વતનમાં કયારેય પાછા ફર્યા નહી.*

## 13.12 સારાંશ

*યુધ્ધ એક સારું કાર્ય પણ કરે છે તે પ્રજાને ભૂગોળ શીખવે છે. યુરોપના લોકોને આ ધર્મયુધ્ધો દ્વારા ભૌગોલિક અનુભવો થયાં. ધર્મયુધ્ધોમાં ગયેલા વેપારીઓ ભૂમધ્ય સમુદ્રના નકશા દોરતાં શીખ્યાં. ધર્મયુધ્ધોએ નવા વિચારોને વિકસાવવામાં અને પુરાણી વ્યવસ્થાને તોડીને ફેંકી દેવામાં મહત્વનું પ્રદાન કર્યું છે, અને તેના લીધે જ નવજાગૃતિ શક્ય બની હતી. પોપની સત્તાનું પતન થયું. ધર્મયુધ્ધોમાં ભાગ લેનાર યુરોપવાસીઓને પૂર્વના જગતનું દર્શન થતાં સમજાયું કે, તેમને હજુ પૂર્વની પાસેથી ઘણું શીખવાનું હતું. મુસ્લિમોનાં શાનદાર નગરો અને વૈભવપૂર્ણ જીવન જોઈને યુરોપના લોકો ચકિત થઈ ગયાં. મુસ્લિમોની સ્વચ્છતા જોઈ તેઓ પોતાની અસ્વચ્છતાથી શરમાઈ ગયાં. ચિકિત્સાવિદ્યા, વિજ્ઞાન, દર્શનવિદ્યા અને કલાના ક્ષેત્રે મુસ્લિમ જગતે યુરોપને ઘણી પ્રેરણા પૂરી પાડી. મુસ્લિમ સુલતાનોના દરબારના ઠાઠમાઠ, સેના-સંગઠન અને એકતંત્રી શાસન પ્રણાલીની યુરોપ પર અસર પડી. અનેક અરબી શબ્દો યુરોપીય ભાષાઓમાં પ્રવેશ્યા. નગરો અને મધ્યમવર્ગનો ઉદય થયો. ઈસ્લામી રાજ્યોમાંથી શરાફની વધુ સારી પધ્ધતિઓનું યુરોપમાં આગમન થયું. નામું લખવાની પધ્ધતિ પ્રચલિત બની. વ્યાપારની પ્રગતિ થતાં ધનસંચયની સાથે ધંધા-ઉદ્યોગના રક્ષણ માટે વેપારી શ્રેણીઓ સ્થપાઈ. ભૂમધ્ય સમુદ્રમાં થઈને પૂર્વમાં જવાનો માર્ગ તૂર્કોએ બંધ કરી દીધો હતો. આથી યુરોપના લોકોને અન્ય દરિયાઈ માર્ગો શોધવાની ફરજ પડી. પરિણામે ભૌગોલિક ક્ષેત્રે અવનવી શોધખોળો થઈ.*

- **તમારી પ્રગતિ ચકાસો. (2)**

 **(અ)** *પ્રશ્નોનાં જવાબ આપો.*

(1) *ધર્મયુધ્ધો માટેનાં જવાબદાર પરિબળો વર્ણવો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

(2) *મધ્યકાલીન યુરોપમાં થયેલાં વિવિધ સમયે થયેલ ધર્મયુધ્ધોનો પરિચય કરાવો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

______________________________________________

______________________________________________

(3) ધર્મયુધ્ધોનાં પરિણામોની ચર્ચા કરો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**(બ) ખાલી જગ્યા પુરો.**

(1) ધર્મયુધ્ધો માટે અંગ્રેજી ભાષામાં ______________ શબ્દ વપરાયો છે.

(અ) Religious War (બ) Crusade (ક) Islamic War

(2) બાયઝેન્ટાઈના સમ્રાટ ___________એ પોપ અર્બન રજાની મદદ માંગી.

(અ) એલકસેસ (બ) ફ્રેડરિક બીજો (ક) જહોન પિટર

(3) ત્રીજુ ધર્મયુધ્ધ ___________ થયું.

(અ) 1995-1999 (બ) 1147-1149 (ક) 1189-1192

(4) _________ધર્મયુધ્ધમાં ખ્રિસ્તીઓ પાસેથી ઘણાં બધા સ્થળો મુસ્લિમોએ લઈ લીધા.

(અ) સાતમાં (બ) આઠમાં (ક) નવમાં

(5) ધર્મયુધ્ધનાં કારણે ..................ને ભારે ફટકો પડ્યો.

(અ) રાષ્ટ્રવાદ (બ) સામંતશાહી (ક) ગુલામ

**(ક) ખરાં ખોટા જણાવો.**

1. ધર્મયુધ્ધોમાં જોડાનાર ખ્રિસ્તીઓને પોપે ક્રોસ ધારણ કરવાની સૂચના કરી હતી.
2. ધર્મ યુદ્ધો માટેનું સૌથી મહત્વનું કારણ ધાર્મિક હતુ.
3. 11મી સદીથી 13મી સદી સુધી તેર ધર્મયુધ્ધો થયાં.
4. પ્રથમ ધર્મયુદ્ધમાં ખ્રિસ્તીઓનો વિજય થયો.
5. છઠ્ઠુ ધર્મયુધ્ધ્ ફ્રેડરિક રજાની આગેવાની નીચે લડાયું.
6. ધર્મયુધ્ધને કારણે વેપાર વાણિજયને નુકશાન થયું.

## 13.13 ચાવીરૂપ શબ્દો

**ઈસ્લામ સંસ્કૃતિ**

**હિજરત** *એક સ્થળ છોડીને બીજા સ્થળે જવું*

**કુરાન** *ઈસ્લામ ધર્મનો પવિત્ર ગ્રંથ*

**દીન** *સત્કર્મ – સદાચાર – એવો સામાન્ય અર્થ થાય*

**રોજા** *ઉપવાસ*

**હજ** *પવિત્ર મક્કાની ધાર્મિક યાત્રા*

**કુઝાડા** *ધર્મયુધ્ધો માટે વપરાયેલ સ્પેનીસ શબ્દ*

**જેરૂસલેમ** *ખ્રિસ્તીઓનું પવિત્ર સ્થળ*

**પોપ** *ખ્રિસ્તીઓનો ધર્મગુરુ*

**હકુમત** *રાજસત્તા*

**આયાત** *બહારનાં દેશોમાંથી માલ મંગાવવો.*

**નિકાસ** *દેશમાંથી બીજા દેશમાં માલ મોકલવો.*

## 13.14 તમારી પ્રગતિ ચકાશોનાં જવાબો

**ઈસ્લામ સંસ્કૃતિ**

*(ક) ખાલી જગ્યા પૂરો.*

(1) બ (2) અ (3) ક (4) અ (5) ક (6) ક (7) બ (8) બ

**ધર્મયુધ્ધો**

*(બ)* (1) બ (2) અ (3) ક (4) ક (5) બ

*(ક)* (1) ખરું (2) ખરું (3) ખોટું (4) ખરું (5) ખરું (6) ખોટું

## 13.15 સંદર્ભગ્રંથો

**ઈસ્લામ સંસ્કૃતિ**


- Arnold Thomas and Guillaume (Eds) : The Legacy of Islam, Landon, 1968.
- Bailey. C : Legacy of Rome, oxford, 1962.
- Alexander (Tran) : Islam and Muslim Art, London, 1980.
- Syad Ameer Ali : Islamic History and Culture, 1978.
- *પંડિત સુંદરલાલ : હજરત મહમ્મદ અને ઈસ્લામ, અમદાવાદ,* 1945.
- *બારોટ ચુનીલાલ પુ. : ઈસ્લામ યુગનો સુવર્ણયુગ, અમદાવાદ,* 1951.
- *નાગોરી ઈસ્માઈલભાઈ : ઈસ્લામ દર્શન, વલ્લભ વિદ્યાનગર,* 1976.

**ધર્મયુધ્ધો**


- *સ્વ.ડૉ. નવીનચંન્દ્ર આચાર્ય અને ડૉ. થોમસ પરમાર : જગતની અગ્રગણી સભ્યતાઓ, અમદાવાદ,* 2016
- Barket Earnest : The Crusades, Landon, 1923
- Calthrop M. M. C. : The Crudades, Landon, 1923

## એકમ : 14 ભારતનાં મહાકાવ્યોનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ

:: રૂપરેખા ::


**14.0** ઉદ્દેશ્યો

**14.1** પ્રસ્તાવના

**14.2** મહાકાવ્યોના રચયિતા

**14.3** મહાકાવ્યોની રચના માટેનું ચાલક બળ

**14.4** મહાકાવ્યોનું મહત્વ અને રચનાકાળ

**14.5** મહાકાવ્યોનો ઈતિહાસ

- **14.5.1** રામાયણની ટૂંક કથા
- **14.5.2** મહાભારતની ટૂંક કથા

**14.6** મહાકાવ્યોનું સાંસ્કૃતિક મહત્વ

- **14.6.1** સામાજિક તથા કૌટુંબિક ગુણોનો મહિમા
- **14.6.2** રામાયણમાં ગૃહધર્મ અને રાજધર્મનો ઉત્તમ ઉપદેશ
- **14.6.3** આદરણીય મહાપુરુષ અને આદર્શ ભારતીય નારી
- **14.6.4** સદગુણી પાત્રો સાથે દુર્ગણી પાત્રોનું ઐતિહાસિક આલેખન
- **14.6.5** મહાભારત એ પાંચમો વેદ
- **14.6.6** મહાભારતનો મહિમા
- **14.6.7** મહાભારત કુટુંબ કલહ-વિનાશનું કારણ
- **14.6.8** ભારતીય જીવનનું નિરૂપણ
- **14.6.9** શિખ
- **14.6.10** બન્ને મહાકાવ્યોમાં રજૂ થયેલ પાત્રો ધ્વારા ભારતીય પ્રજાને જીવનનો શાશ્વત સંદેશ
- **14.6.11** પાત્રસૃષ્ટિમાં વિવિધતા
- **14.6.12** મહાકાવ્યોના પાત્રો આજે પણ જીવંત

**14.7** સારાંશ

**14.8** તમારી પ્રગતિ ચકાસો

**14.9** ચાવીરૂપ શબ્દો

**14.10** તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**14.11** સંદર્ભગ્રંથો

## 14.0 ઉદ્દેશ્યો

- *ભારતના પ્રસિદ્ધ મહાકાવ્યો ઈતિહાસ જાણી શકશો.*
- *મહાકાવ્યોનું ભારતીય સમાજમાં રહેલુ મહત્વ મેળવી શકશો.*
- *મહાકાવ્યોમાં રજૂ થયેલ સાંસ્કૃતિક દર્શન ને જોઈ શકશો.*
- *મહાકાવ્યોમાં પ્રગટતી ભારતીય સંસ્કૃતિનાં સર્વસામાન્ય લક્ષણો અને ચિંતનને જાણી શકશો.*

## 14.1 પ્રસ્તાવના

*સ્મૃતિયુગની ભારતીય સંસ્કૃતિનું પ્રતિબિંબ રજૂ કરતાં બે મહાકાવ્યો રામાયણ અને મહાભારત છે. આ મહાકાવ્યો ભારતની સંસ્કૃતિની આધારશિલા છે. ભારતીય સંસ્કૃતિને સર્વાંગી રીતે ઉજાગર કરતાં આ બે મહાકાવ્યો આપણો ભવ્ય સાહિત્યિક અને સાંસ્કૃતિક વારસો છે. આ મહાકાવ્યો દેશકાલીન હોઈ તેમણે યુગે યુગે અનેક પઢીઓને પ્રેરક અને પ્રોત્સાહન પૂરા પાડ્યાં છે.*

*જિંદગીથી હારેલા, થાકેલા, હતાશ અને નિરાશ થયેલા અનેક માનવીને જીવન જીવવાનું નવું બળ પૂરૂ પાડ્યું છે. એ રીતે જોઈએ તો આ મહાકાવ્યો વિસામો સમાન છે. મહાકાવ્યો લોકસંસ્કૃતિ અને લોક શિક્ષણના મહત્વનાં સાધનો બની ગયા છે. તેમણે લોકોના વિચારોને વાચા આપી છે. મહાકાવ્યોએ પ્રજાના નૈતિક ઘડતરમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે.*

## 14.2 મહાકાવ્યોનાં રચયિતા

*'રામાયણ' પવિત્ર ગ્રંથની રચના ઋષિમુનિ મહાકવિ વાલ્મીકીએ કરેલી; તો 'મહાભારત' ગ્રંથની રચના મહામુનિ કૃષ્ણદ્વૈપાયન વ્યાસે કરેલી. એ બન્ને મહાકાવ્યો સંસ્કૃત સાહિત્યમાં ઘરેણાં સમાન છે. બન્ને મહાકાવ્યોમાં મૂળ વાર્તાની સાથે સાથે અનેકવિધ ઉપ-વાર્તાઓ, આડકથાઓ અને વાચકને કે ભાવુક ભક્તહૃદયને કોઈક નવી જ દુનિયામાં વિહરતા અને વિચારતા કરી દે તેવા અવનવા પ્રસંગોની હારમાળાને ગૂંથી એ બન્ને કવિઓએ પોતપોતાની આગવી વિચારસૃષ્ટિ દ્રષ્ટિ સમક્ષ ખડી કરી દીધી છે.*

*સામાન્યતઃ કાવ્યનો ઉદ્દભવ અચાનક કે આકસ્મિક જ થતો હોય છે; અથવા તો ઉરના સ્પંદનો કોઈક બનાવ નજરે નિહાળવાથી ઝંકૃત થઈ જતાં, થતો હોય છે. કવિ હૃદય નાજુક અને કુમાશભર્યું હોવાથી તે લાગણીઓ ઉપર કાબૂ રાખી શકતું નથી અને તેથી તે વ્યથા અને વેદના અનુભવે છે. આ વેદના કે સંવેદના એટલી તીવ્ર હોય છે કે તેનું હૃદય વલોવાઈ જાય છે; આકળ-વિકળ બની જાય છે અને વિચારતાં આપોઆપ શબ્દો ગોઠવાય કાવ્ય રૂપે સરી પડે છે ! એમાં રસ, ભાવવાહી અને વાચનરસ જગાવે તેવી કાવ્યકૃતિ બની જાય છે. કવિની ભાવ-સંવેદનાઓને લયબધ્ધ રીતે લિપિબધ્ધ પામે તે કાવ્ય. અલબત્ત*

*તેમાં પ્રાસ કે અનુપ્રાસ હોય; છંદ અને અલંકાર હોય; કલ્પનાનો વૈભવ હોય અને જે કાંઈ કહેવાનું છે તેમાં લાઘવ (સંક્ષેપ) અવશ્ય હોય !*

## 14.3 મહાકાવ્યોની રચના માટેનું ચાલક બળ

*કહેવાય છે કે, ક્રૌંચ અને ક્રૌંચી વિહગના યુગલ પૈકી એકને પારધીએ વીંધી નાંખતાં, તે તરફડીને નીચે પડ્યું; ઘાયલ થયું અને અંતે મરી ગયુ! તેના વિરહમાં ક્રૌંચી (જીવનસાથી) પણ સ્નેહને વશ હોવાથી, ત્યાં જ વિરહની આગમાં પ્રજ્વલિત થઈ, શિર પટકીને મૃત્યુને વહાલું કર્યું! આ દ્રશ્ય નજરોનજર નિહાળનાર ઋષિમુનિ વાલ્મિકીએ અપાર વેદના અનુભવી અને તેની તીવ્ર અનુભૂતિમાંથી વિરહનો એક શ્લોક તેમના મુખમાંથી સરી પડ્યો ! અને એ જ શ્લોક 'રામાયણ' મહાકાવ્યનો સ્રોત બની ગયો !*

*એવી જ કોઈક સંવેદના અનુભવીને વ્યાસે 'મહાભારત'ની રચના કરી હશે. જ્યારે કૌરવોને રાજદૂત રૂપે ગયેલા શ્રીકૃષ્ણને સોયની અણી ઉપર રહે તેટલી જમીન પણ પાંડવોને આપવાની ના પાડી હશે. ત્યારે એ હળાહળ અન્યાયમાંથી વેરાગ્નિ પ્રગટ્યો હશે અને તેમાં 'મહાભારત'નું યુધ્ધના બીજ રોપાઈ ગયાં હશે  તો ભરસભામાં બધા જ વડીલોની ઉપસ્થિતિમાં, દુઃશાસન દુર્યોધનના કહેવાથી દ્રૌપદીના ચીર ખેંચીને લાજ લૂંટવાનો પ્રયાસ કર્યો હશે. એ દ્રશ્ય સાંભળીને કૃષ્ણદ્રૌપાયન વ્યાસમુનિનું હૃદય હચમચી ગયું હશે અને મહાભારતની રચનાનું બીજ રોપાયું હશે.*

*'રામાયણ'ના રચયિતા પૂર્વાવસ્થાના એક કોળી અને લૂંટારા હતા; 'મહાભારત'ના રચયિતા એક માછીમાર કન્યાના ને ઋષિમુનિના પુત્ર હતાં. આર્ય અને અનાર્ય સંસ્કૃતિઓના સંમિલનની આ જબરદસ્ત ક્રાન્તિ હતી. આથી નિઃશંકપણે કહી શકાય કે, સંમિલન માટે વિચારોની યથાર્થતા આવશ્યક છે; નહિ કે જન્મ, જાતિ કે કુળ!*

*'રામાયણ' અને 'મહાભારત' એ માત્ર ઈતિહાસ જ નથી પરંતુ આર્યોએ શા માટે સપ્તસિંધુના ઉત્તર ભારતના પ્રદેશમાંથી દક્ષિણ તરફ વિસ્તાર કર્યો ? એ વિસ્તાર કરતાં જીવનના કયા આદર્શો સેવ્યા ; કયા અને કેવી ભૂલો કરી ? કયાં એમનું ગૌરવ ઝળકી ઊઠ્યું ? કયાં એમને ભોગવિલાસ અને વિજયોની લાલસાએ ફસાવ્યાં ? એમનો નારી જીવનનો આદર્શ શો હતો ? 'જીવન' અને 'મૃત્યું' વિશે તેમણે શા મંથનો કર્યા અને એ મંથનમાંથી તેમણે શું નવનીત તારવ્યું ? એ બધું જ આ મહાકવિઓએ પોતાની ધીરગંભીર છતાં મધુર વાણીમાં આર્ષદ્રષ્ટા બનીને ગાયું છે.*

*શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' આ સંદર્ભે યોગ્ય જ લખ્યું છે કે, જેઓ 'રામાયણ' અને 'મહાભારત' ને નથી જાણતાં તેઓ ભારતીય સંસ્કૃતિ વિશે કશું જ જાણતા નથી; કેમકે ભારતના કરોડો લોકોને આ બન્ને ગ્રંથોએ પ્રેમ-સાંકળે બાંધ્યા છે. રામ, સીતા, લક્ષ્મણ, ભરત, યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, કૃષ્ણ, દ્રૌપદી, વિભિષણ...વગેરે પાત્રોનાં નામો, સાચું*

*પુછો તો આપણા પાડોશીઓ, સગાંઓ કે મિત્રોના નામો કરતાંયે સવિશેષ જીવંત બન્યાં છે ! ઈતિહાસના કાળપ્રવાહમાં અનેક સામ્રાજ્યો રચાયાં, વિકાસની પરાકાષ્ટાએ પહોંચ્યાં અને અંતે પતન અને અવનતિ પામ્યાં ! રાજા-મહારાજાઓની સવારીઓ મગધ, થાણેશ્વર, દિલ્હી વગેરેમાં આવીને ગઈ પરંતુ લોકહૃદયમાં રામ, સીતા, લક્ષ્મણ, યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, કૃષ્ણ વગેરેનું જ રાજ્ય હતું, છે અને રહેશે ! આ બન્ને મહાન કવિઓ વાલ્મિકી અને વ્યાસ મુનિ પછી પણ આ દેશને શોભાવે તેવા સરસ્વતીના પ્રિય પુત્રોસમા સાહિત્યકારો થઈ ગયા; પરંતુ એ નદીઓનું ઉદ્દગામસ્થાન જેમ પર્વતમાં જ હોય તેમ તેમનું (અનુગામી કવિઓનું) પ્રેરણાસ્થાન તો આ બે મહાકાવ્યો જ છે.*

## 14.4 મહાકાવ્યાનું મહત્વ અને રચનાકાળ

*'રામાયણ' અને 'મહાભારત' આમ આપણા 'રાષ્ટ્રીય ગ્રંથો' છે. રાષ્ટ્રની સહિયારી મૂડી છે. સૌને પોતીકા લાગે તેવા એ ગ્રંથો છે. રામાયણની રચના પહેલાં થઈ અને મહાભારતની રચના એ પછી – થોડાંક વર્ષો પછીથી થઈ કેમ કે મહાભારતમાં 'રામાયણ'ના પ્રસંગો ઈ.સ. પૂર્વે 1700-17Ãk0ની સાલમાં (ઈ.સ.પૂર્વે 18મી સદીના) હોઈ શકે. જ્યારે મહાભારત ઈ.સ. પૂર્વે 800 થી ઈ.સ.પૂર્વે 200 દરમિયાન (લગભગ 600 વર્ષ સુધી) રચાયેલું હોવું જોઈએ. પરંતુ ભાષાની દ્રષ્ટિએ જોતાં, મહાભારતની શૈલી રામાયણ કરતાં પ્રાચીન લાગે છે તેથી કહી શકાય કે, 'મહાભારત' કોઈ એક જ કવિની કે કોઈ એક જ રચના હોય તેમ લાગતું નથી. વળી, રામાયણની કથાના કેટલાંક અંશો મહાભારતમાં પણ આવે છે. તેથી રામાયણ મહાકાવ્યોનો રચનાકાળ પહેલાંનો મૂકી શકાય. પરંતુ એથી ઊલટું પ્રસંગોનું નિરૂપણ થયેલ નથી એજ રીતે રામને વિષ્ણુના આઠમાં અવતાર તરીકે અને શ્રીકૃષ્ણને વિષ્ણુ કે નારાયણના (તૈત્તરેય બ્રાહ્મણગ્રંથ અને છાંદોગ્ય ઉપનિષદ મુજબ) નવમાં અવતાર તરીકે ગણ્યા છે.*

## 14.5 મહાકાવ્યોનો ઈતિહાસ

### 14.5.1 રામાયણની ટૂંક કથા :

*જેમ 'રામાયણ'એ ઈશ્વાકુ વંશના રઘુકૂળની કથા છે, કે જેમનું પ્રતીક 'ઊગતો સૂર્ય' છે. અને રાજા દશરથ તેમની કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી રાણીઓ તેમજ રામ-સીતા, લક્ષ્મણ-ઉર્મિલા, શત્રુઘ્ન-માંડવી અને ભરત-શ્રુતિકેત્તીની કુટુંબની કથા કવિ વાલ્મીકીએ 'રામાયણ'માં કંડારી છે; તો 'રામ-રાવણ (લંકા)ના યુધ્ધની કથા પણ તેમણે આલેખી છે. વિધિની વક્રતા કહો કે માનવમનની તીવ્ર મહત્વાકાંક્ષા (લાલસા!) કહો – પરંતુ કથા વળાંક લે છે અને જે જ્યેષ્ઠ પુત્ર રામને વહેલી સવારે રાજ્યસિંહાસન પર 'ઉત્તરાધિકારી' તરીકે 'રાજા' બનાવીને, રાજા દશરત નિશ્ચિંચ બની જવાના હતા; એ જ રાજા દશરથને કમને, રાણી કૈકેયીને આપેલાં બે વરદાનને પરિણામે, રામને 14 વર્ષ વનવાસ જવા કહેવું અને સૌથી નાના રાજકુમાર ભરતને ગાદી આપવા મજબૂર કરવા... અદ્દભૂત છે એ*

વાર્તારસનું સાતત્ય જાળવીને, વાચકને સતત જકડી રાખવાની ક્ષમતા વાલ્મીકિમાં છે, એ દેખાઈ આવે છે. કદાચ આ પ્રસંગ પરથી કહેવત પ્રચલિત બની હશે કે, ‘‘ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે ?’’ કેમ કે થોડાક જ સમયમાં પુત્રવિયોગમાં ઝૂરીઝૂરીને રાજા દશરથે પણ પ્રાણ ત્યાગ્યા ! ભલે પછી કદાચે, શ્રવણના અંધ માતાપિતાનો અભિશાપ લાગ્યો હોય; અને તેઓ પુત્રવિયોગ ઝૂરીઝૂરીને અવસાન પામ્યા હોય, તેમ પણ બને !

આજ સંદર્ભને આગળ જોઈએ તો, ‘મહાભારત’ એ ‘રામાયણ’થી જુદાં પ્રકારનું કાવ્ય છે. એમાં આવતાં પાત્રો માનવીય વધુ છે; અને સામાન્ય માણસોની જેમ ક્રોધી છે. વેરથી સળગી ઉઠનારાં છે અને ધર્મ વિશે અસ્થિર છે. દા.ત. શ્રેષ્ઠ ધર્મરાજ યુધિષ્ઠિર ૫ ‘નરો વા કુંજરો વા’ કહીને અશ્વત્થામા મરાયો ? પ્રશ્નનો કેવો ઉત્તર આપે છે! યુધિષ્ઠિર એક જ વાર અસત્ય બોલે છે, તો બરફમાં એમની આંગળી ગળી જાય છે. અને એમનો રથ જે ધરતીથી ચાર આંગળ ઊંચો ચાલતો હતો તે પૃથ્વીને છેવટે અડી જાય છે.

**14.5.2 મહાભારતની ટૂંક કથા :**

અર્વાચીન દિલ્હી પાસે જ આવેલ હસ્તિનાપુરમાં વસતા 5(પાંચ) પાંડવો અને 100 કૌરવોની વાત લઈને કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ મુનિ આપણી સમક્ષ મહાભારતના યુધ્ધની રમ્ય કથા (કે શોકકથા?) લઈને આવે છે. ‘રામાયણ’માં ધર્મનો દીપક સ્થિરપણે પ્રકાશે છે. માત્ર બસો વર્ષમાં તો વૈભવ, વિલાસિતા સત્તાનો મદ — એ સર્વેમાં મહાભારતકાળ આવતાં સુધીમાં સંસ્કારિતાનો દીપક જાણે કે છેલ્લો જ્વલંત પ્રકાશ પાથરી, ઓલવાઈ જતો હોય તેમ લાગે છે. અલબત્ત એ પ્રકાશ હોવાથી વધારે તેજસ્વી લાગે છે. (પાંડવોના પક્ષે સત્ય, ન્યાય, ધર્મ, દ્રષ્ટિગોચર થાય છે.) પરંતુ એ તેજમાં હવે દેખાય છે. અઢાર અક્ષૌહિણી સૈન્યનાં શબોથી લથબથ ભયંકર લાગતું કુરુક્ષેત્ર! અને લોપ થવાથી ખિન્ન થયેલા પાંચ પાંડવો અને તેમના સૂત્રધાર શ્રી કૃષ્ણ! અને એ રીતે ‘મહાભારત’ આપણા આર્યોનો વૈભવ રાજ્યોએ કરેલ આત્મઘાતની કથા છે. આ મહાભયાનક સર્વનાશનું રચયિતા વ્યાસે જે શબ્દ ચિત્ર આલેખ્યું છે તે એટલું બધું હૃદયદ્રાવક છે કે ઘડીભર તો ખુદ વિધાતા પણ આશ્ચર્યમાં પડી જાય છે! બીજી બાબત એ છે કે રામાયણકાળમાં ઋષિમુનિઓ અને આચાર્યોનું રાજાઓ અને રાજકારણ ઉપર વર્ચસ્વ દેખાય છે, તે મહાભારતકાળમાં લુપ્ત થઈ ગયેલું દેખાય છે.

દુર્યોધન-કૌરવોનો જયેષ્ઠ પુત્ર અને હસ્તિનાપુરનો ભાવિશાસક કોઈનુંય (શ્રીકૃષ્ણનું પણ નહિ !) કહ્યું માનતો નથી. સત્તાના નશામાં ચકચૂર બનેલો તે સંધિ કરવા રાજદૂત બનીને આવેલા શ્રી કૃષ્ણને કેદ કરવાનો વિચાર કરે છે. છેલ્લે વ્યાસમુનિ, પિતામહ વગેરે સમજાવવા આવે છે, તો તેમને પણ પોતાનો નિશ્ચય — ‘સોયના નાકા ઉપર રહે, તેટલી જમીન પણ નહિ આપવાનો નિશ્ચય અફર છે. તેમ કહી દેવાની હિંમત કરે છે ! પોતાના

*ગુરુ, દ્રોણાચાર્ય અને કૃપાચાર્યની સલાહની પણ સરિયામ અવગણના કરતાં અચકાતો નથી. અને દ્રોણાચાર્ય પણ 'બ્રાહ્મણત્વ' છોડ્યા પછી પતનની ખીણમાં ગબડે જ જાય છે. યુધ્ધના સઘળા નિયમો નેવે મૂકી, પાંડવો પર 'બ્રહ્માસ્ત્ર'નો પ્રયોગો કરે છે. અને તેના પુત્ર અશ્વત્થામાએ તો હદ કરી નાખી. દ્રૌપદીના પુત્રો તથા ભાઈઓને નિદ્રાધીન અવસ્થામાં જ મારી નાંખે છે. સત્તા, સંપત્તિ અને વૈભવની અતિશય લાલસામાં આખો યુગની સંસ્કારિતા તથા સૌજન્યને જાણે કે 'લકવો' (પેરેલીસીસ) થઈ ગયો છે. અરે જુઓ તો ખરા; અનેક યુગોથી દોરવાય છે. મામા શકુનિ; કર્ણ ; દુર્યોધન અને દુ:શાસન ! ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, કોઈનુંય ક્યાંય કશું જ ઉપજતું નથી. અને આ રોગ માત્ર હસ્તિનાપુરને ભરડીને બેસી ગયો છે. તેવું નથી; સર્વત્ર પ્રસર્યો છે.*

## 14.6 મહાકાવ્યોનું સાંસ્કૃતિક મહત્વ :

### 14.6.1 સામાજિક તથા કૌટૂંબિક ગુણોનો મહિમા

*ડૉ. રાધાકૃષ્ણનના મતે 'રામાયણ' નો મુખ્ય આશય સમાજ અને ગૃહસંસારનો ચિતાર આપવાનો અને સામાજિક તથા કૌટુંબિક ગુણોનો મહિમા ગાવાનો જ છે. રામ રામાયણની પાત્રસૃષ્ટિમાં કેન્દ્ર સ્થાને છે. તેમનો આવિર્ભાવ સદ્‌ગુણોના સ્વામી તરીકે દર્શાવાયો છે. જીવનના આંતર-બાહ્ય અનેકવિધ સંઘર્ષોનો સામનો કરતાં કરતાં તેમણે એક નિષ્ઠા અને કર્તવ્યપાલન દ્વારા ઉત્તમ માનવીય આદર્શ પૂરો પાડ્યો છે.*

*ચિંતામણિ વૈધ લખે છે કે, શ્રી રામનું ઉચ્ચ અને મનોહર ચરિત્ર દુનિયામાં બીજા માણસે કેવી રીતે વર્તવું તે દેખાડનાર નિષ્કલંક આદર્શરૂપ છે. શ્રી રામચંદ્રનું નામ લેતાં જ આપણી સમક્ષ સર્વ સદ્‌ગુણોની મોહક મૂર્તિ ખડી થાય છે. ઉત્તમ પુત્ર, ઉત્તમ બંધુ, ઉત્તમ મિત્ર, ઉત્તમ શત્રુ તથા ઉત્તમ રાજા એ બધાનો નમૂનો રામચંદ્ર જ છે. માનવીની પ્રગતિ માટે સંસ્કાર, પુરુષાર્થ, ત્યાગ અને તપસ્યા મહત્ત્વના છે. એ રામાયણનો આપણને સનાતન ઉપદેશ છે.*

### 14.6.2 રામાયણમાં ગૃહધર્મ અને રાજધર્મનો ઉત્તમ ઉપદેશ

*રામાયણમાં ગૃહધર્મ અને રાજધર્મનો ઉત્તમ ઉપદેશ છે. ઘરમાં સૌ કુટુંબીજનોએ પરસ્પર કેવા સ્નેહથી વર્તવુ જોઈએ એ જુદાં જુદાં દાખલા લઈને બતાવ્યું છે. પિતાના વચન ખાતર પુત્ર રામે વનવાસ સ્વીકાર્યો, પત્નીએ પતિના સુખે સુખી અને દુ:ખે દુ:ખી થવું જોઈએ. તેથી સીતાજી રામ સાથે વનમાં ગયા, ભાઈ લક્ષ્મણે વનમાં તેમજ રાવણ સામે યુધ્ધ્માં રામની સેવા કરી, બીજા ભાઈ ભરતે મોટા ભાઈનો હક્ક વિચારી સામી આવતી લક્ષ્મીને ઠોકર મારી નાના ભાઈ તરીકે પોતાની ફરજ હતી તે જ બતાવી. રામની પિતૃભક્તિ અને રાજધર્મ, તેમની કર્તવ્યનિષ્ઠા અને એકપત્નીવ્રત હિંદુ ધર્મના ઈતિહાસમાં કદી ભુલાવાનાં નથી.*

### 14.6.3 આદરણીય મહાપુરુષ અને આદર્શ ભારતીય નારી

*રામાયણના રામ મર્યાદાપુરષોત્તમ તરીકે માત્ર આદરણીય ન રહેતાં હિંદુ સંસ્કૃતિમાં સંસ્કારીજનો માટે અનુકરણીય વ્યક્તિત્વવાળા સાબિત થાય છે. એટલું જ ઉમદા અને પવિત્ર પાત્ર સીતાનું છે. જે આદર્શ ભારતીય સન્નારી તરીકે પ્રેરણા સ્વરૂપ છે. અનેક પત્ની વિવાહનાં પરિણામ ખરાબ છે એ રામાયણના મુખ્ય બોધપાઠમાંનો એક છે. દશરથના મહેલમાં અતિશય ખટપટ ચાલતી એટલે વાર્તાના નાયક રામે એક-પત્નીત્વનો આદર્શ દ્રઢતાપૂર્વક સેવ્યો અને પાળ્યો. રામરાજયનો આજે પણ ભારતીય સંસ્કૃતિમાં આદર્શ રાજય, કલ્યાણ રાજયના પર્યાયરૂપ માનવામાં આવે છે.*

### 14.6.4 સદગુણી પાત્રો સાથે દુર્ગણી પાત્રોનું ઐતિહાસિક આલેખન

*રામાયણના કવિએ સદગુણી પાત્રો સાથે દુર્ગુણી પાત્રોનું ઐતિહાસિક આલેખન કર્યું છે. અસંતુષ્ટ સેવિકા પોતાના સ્વાર્થ માટે કુટુંબમાં કેવો ઉલ્કાપાત મચાવે તે મંથરાના પાત્ર દ્વારા વ્યક્ત થાય છે. પુત્ર પ્રત્યેનો મોહ કુટુંબનો સર્વનાશ કેવી રીતે સર્જે તે કૈકેયીના પાત્ર દ્વારા બતાવવામાં આવ્યું છે. લંકાપતિ રાવણ અનેક વિદ્વાનો ઉપાસક હતો અને શિવનો અનન્ય ભક્ત હોવા છતાં મતિ બગડતાં અહંકારને કારણે તેને પણ રામના હાથે રણમાં રોળાવું પડે છે. રામાયણની રચનામાં રામ અને રાવણ વચ્ચેના સંઘર્ષની કથા છે. તેમાં રામને આર્ય અને રાવણને અનાર્ય સંસ્કૃતિના પ્રતિનિધિ માનવામાં આવે છે.*

*ઐતિહાસિક દ્રષ્ટિએ મૂલવીએ તો રામાયણમાં વિંધ્યાચળ પર્વતની દક્ષિણ તરફની આર્યોની વિજયકૂચનો ઈતિહાસ છે. વિભીષણ જેવો રાક્ષસ, હનુમાન, સુગ્રીવ અને જામ્બુવન આદિવાસીઓ, એક અનાર્ય જાતિનો આગેવાન જટાયુ, શબર જાતિની સ્ત્રી શબરી અને ભીલ રાજા ગૃહ એ સૌ આર્યજાતિના રામ પ્રત્યે ભક્તિભાવ દર્શાવે છે. તે દ્વારા રામાયણના કવિએ આર્ય સંસ્કૃતિની શ્રેષ્ઠતા બતાવી છે. આર્યજાતિના રામને અનાર્ય જાતિ વિના ન ચાલ્યું તે દ્વારા કવિએ અનાર્યોનું પણ મહત્વ સાબિત કર્યું છે. મહાકવિ વાલ્મીકીએ આર્ય અને અનાર્ય સંસ્કૃતિઓનું ઉત્તમ ભારત તથા દક્ષિણ ભારતના લોકોનું અને અનાર્ય તથા આર્ય લોકોના સમન્વયનું સુંદર સુરુચિપૂર્ણ અને રસપ્રદ શૈલીમાં વર્ણન કર્યું છે. રામાયણમાંથી પ્રેરણા લઈને મુઘલ સમયમાં સંત તુલસીદાસે 'રામચરિતમાનસ' નામનો હિન્દીમાં ગ્રંથ રચ્યો છે. ઉત્તર ભારતમાં કરોડ લોકો તુલસીદાસની ચોપાઈઓ આજે પણ મોઢે ગાય છે.*

### 14.6.5 મહાભારત એ પાંચમો વેદ

*મહાભારતના કવિ કૃષ્ણદ્વૈપાયન – વેદવ્યાસ છે. વ્યાસ એટલે જ સંપાદન કરનાર કૃષ્ણદ્વૈપાયને વેદની ચાર સંહિતાનું અને અઢાર પુરાણોનું સંપાદન કર્યું છે. મહાભારતના*

*કવિ તરીકે પણ તેમની પ્રતિષ્ઠા ભારતીય પરંપરામાં બે હાથવાળા હોવા છતાં ચાર હાથવાળા હરિ તરીકે થયેલી છે. તેઓ પરાશરમુનિ અને માછીમાર કન્યા મત્સ્યગંધાના પુત્ર હતાં. ભારતીય પરંપરામાં મહાભારત એ પાંચમો વેદ કહેવાય છે.*

### 14.6.6 મહાભારતનો મહિમા

*રામાયણની સરખામણીમાં મહાભારત એ જુદા પ્રકારનો ગ્રંથ છે. તેનું નામ સૂચવે છે તેમ તે ભરતગોત્રની કથા છે. પ્રાચીનકાલમાં ભરતગોત્રની બે શાખાઓ કૌરવો અને પાંડવો વચ્ચે જે યુધ્ધ થયુ તેનું આલેખન મહાભારતમાં છે. શરૂઆતમાં 24000 શ્લોકમાં આ યુધ્ધનું વર્ણન હતું. તેનું અસલ નામ જય હતું. જયમાંથી ભારત બન્યું અને ભારતમાંથી મહાભારત બન્યું. એના કવિ વેદવ્યાસ કહે છે કે જે મહાભારતમાં છે તે જ બીજે છે, જે મહાભારતમાં નથી તે બીજે કયાંય નથી.*

*મહાભારતના એક લાખ શ્લોક અઢાર પર્વમાં વહેંચાયેલાં છે. આ અઢાર પર્વ તે આદિ પર્વ, સભા પર્વ, વન પર્વ, વિરાટ પર્વ, ઉદ્યોગ પર્વ, ભીષ્મ પર્વ, દ્રોણ પર્વ, કર્ણ પર્વ, શલ્ય પર્વ, સૌપ્તિ પર્વ, સ્ત્રી પર્વ, શાંતિ પર્વ, અનુશાસન પર્વ, આશ્વમૈધિક પર્વ, આશ્રમ પર્વ, મૌસલ પર્વ, મહાપ્રારથાનિક પર્વ અને સ્વર્ગારોહણ પર્વ.*

*મહાભારને પ્રાચીન સંસ્કૃતિનાં વિશ્વકોશની ઉપમા આપવામાં આવે છે. મહાભારતનો કર્તા વેદવ્યાસ તો કહે છે કે, 'જે મહાભારતમાં છે તે અન્યત્ર છે અને જે મહાભારતમાં નથી તે બીજે કયાંય નથી.' ધર્મ, નીતિ, તત્ત્વજ્ઞાન, રાજનીતિ, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વગેરે અનેક વિષયોની ચર્ચા આ મહાગ્રંથમાં કરવામાં આવી છે.*

### 14.6.7 મહાભારત કુટુંબકલહ-વિનાશનું કારણ

*મહાભારત કુટુંબોનો કલહ કેવી રીતે સમગ્ર રાષ્ટ્રના જીવનને પાયમાલ કરી નાંખે છે એ દર્શાવતું વાસ્તવલક્ષી મહાકાવ્ય છે. આમાં ધૃતરાષ્ટ્રના સો પુત્રો-કૌરવો અને પાંડુના પાંચ પુત્રો – પાંડવો વચ્ચેના પ્રસંગો રજુ થયાં છે. તેમાં કૌરવોની દુષ્ટતા અને પાંડવોની સજ્જનતા, પાંડવોનું રાજય પડાવવા માટેના કૌરવોના પ્રયત્નો, જુગારમાં પાંડવોએ ગુમાવેલું રાજય, દ્રોપદી વસ્ત્રાહરણ, પાંડવોનું વનગમન અને અજ્ઞાતવાસ, એક તસુ પણ જમીન આપવાની દુર્યોધનની આનાકાની, કૃષ્ણની સહાયથી મહાભારતના યુધ્ધમાં પાંડવોનો વિજય વગેરે પ્રસંગો સુંદર રીતે આલેખાયા છે. વેદવ્યાસની દ્રષ્ટિ ધર્મનો ઉપદેશ આપવાની હોવાથી મહાભારતે ધર્મના એક પણ પાસાને છોડ્યું નથી. વેદના તત્ત્વજ્ઞાનને વ્યાસમુનિએ વ્યવહારમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે. તેથી તેને પાંચમો વેદ પણ કહે છે. હકીકતમાં તે સમસ્ત માનવજાતની કથની છે. જીંદગીની કથની છે.*

### 14.6.8 ભારતીય જીવનનું નિરૂપણ :

*મહાભારતમાં ભારતીય જીવનનાં બધાં પાસાં, ધર્મ, નીતિ, સમાજ, રાજકારણ અને સંસ્કૃતિનો સમાવેશ થાય છે. એને વિષે લોકોમાં ઉક્તિ છે કે 'જે કંઈ ભારતમાં છે તે મહાભારતમાં છે અને એમાં ઘણું ખરું સત્ય છે.'*

*ડૉ. સાંડેસરાના મતે, ''વિરાટ શબ્દના તમામ અર્થોને સાર્થક કરતો, વ્યાપકમાં વ્યાપક જીવનદર્શનને સાર્થક કરતો અને કરાવતો મહાભારત 'ગ્રંથ-સાગર' છે.'*

*ડૉ. રાધાકૃષ્ણન્ લખે છે કે, ''પ્રાચીન વૈદિક ધર્મ ધીમે ધીમે પરિવર્તન પામીને અર્વાચીન હિંદુ ધર્મનું રૂપ કેવી રીતે ધારણ કરતો જાય છે, એ આપણે મહાભારત પરથી જોઈ શકીએ છીએ.''*

*મહાભારતના મત પ્રમાણે, ધર્મ માત્રનો સાર આ શબ્દોમાં સમાયેલો છે કે, ''જે વાત પોતા માટે અણગમતી હોય તે બીજા પ્રત્યે ન કરવી.''*

### 14.6.9 શિખ :

*મહાભારતની શૌથી મોટી શિખામણ છે – 'યથા રાજા તથા પ્રજા' રાજા જો ઉત્તમ નહી હોય, તો રાષ્ટ્રનો નાશ નિશ્ચિત છે. મહાભારતનો બીજો બોધ એ છે કે, જુગારના પરિણામ હંમેશા વિપરીત જ આવે છે.*

### 14.6.10 બન્ને મહાકાવ્યોમાં રજુ થયેલ પાત્રો ધ્વારા ભારતીય પ્રજાને જીવનનો શાશ્વત સંદેશો.

*આમ, રામાયણ અને મહાભારતે તેના પાત્રો દ્વારા ભારતીય પ્રજાને જીવનનો શાશ્વત સંદેશો પાઠવ્યો છે. ભારતના કોઈપણ ભાગમાં વસતી વ્યક્તિ રામાયણ અને મહાભારતનાં પાત્રોથી સહેજ પણ અજાણ નથી. તેમણે ઉચ્ચ આદર્શો પૂરા પાડ્યા છે. ભારતની પ્રજાની એકતા અને સંસ્કારિતાનું સર્જન કરવાનો યશ આ બંને ગ્રંથોને ફાળે જાય છે. રામાયણ અને મહાભારતનું મહત્ત્વ આંકતા મનુભાઈ પંચોળી (દર્શક) લખે છે, ''જે રામાયણ અને મહાભારતને નથી જાણતા તે ભારતીય સંસ્કૃતિ વિષે કશું જ નથી જાણતાં. ભારતના કરોડ લોકોને એક પ્રેમસાંકળે આ ગ્રંથોએ બાંધ્યા છે. રામ, સીતા, ભરત, લક્ષ્મણ, હનુમાન, વિભીષણ, કૃષ્ણ, અર્જુન તથા ભીમનાં નામો આ સમાજનાં ઘરોમાં પાસેના મિત્રો કરતાં વિશેષ સજીવ બની રહ્યાં છે. વગર કાયદાએ, વગર તંત્રે કોણે આ દેશવાસીઓને જીવન તરફ એ પ્રકારની મતતા ઊભી કરી છે ? તો એમ જ કહેવાય કે રામાયણ-મહાભારતે.''*

**14.6.11 પાત્રસૃષ્ટિમાં વિવિધતા :**

*મહાભારતની પાત્ર સૃષ્ટિ પણ વિવિધતાઓથી ભરેલી છે. વેદવ્યાસે હજારો પાત્રોનું સર્જન કર્યું હોવા છતાં તે સૌ આપણને જીવતાં જાગતાં મનુષ્યો લાગે છે. યુધિષ્ઠિર અને દ્રૌપદી, દુષ્યંત અને શકુંતલા, નળ અને દમયંતી તેમજ બીજાં અનેક પાત્રો એક સંદેશો આપે છે કે જીવનમાં સત્યનું આચરણ કરનારે દુઃખ ભોગવવાની તૈયારી રાખવી જોઈએ. મહાભારતમાં રાજનીતિની અનેક ખટપટોનું વર્ણન કર્યું હોવા છતાં છેવટે તો પાંડવોનો એટલે કે સત્યનો જ જય બતાવ્યો છે. એક લાખ શ્લોકોના મહાભારતની સમાપ્તિ કરતાં વેદવ્યાસે લખ્યું છે – 'યતો ધર્મઃ તતો જય' એટલે કે જયાં ધર્મ ત્યાં જ જય.*

**14.6.12 મહાકાવ્યોનાં પાત્રો આજે પણ જીવંત :**

*આ બંને મહાકાવ્યોનાં પાત્રો આજે પણ આપણને જીવંત લાગે છે. સંસ્કૃત ભાષાના કવિઓએ તેમજ ભારતની જુદી જુદી પ્રાંતીય ભાષાઓના કવિઓએ તેમાંથી પ્રસંગો લઈને અનેક રચનાઓ કરી છે. ભારતની સામાન્ય જનતાને તો આ બંને કાવ્યોની કથા સાંભળવામાં કે ભજવાતી જોવામાં અનેરો આનંદ આવે છે. શિલ્પકારો અને ચિત્રકારોએ પણ તેમાંથી પોતાની કલાકૃતિઓનું સર્જન કર્યું છે. આ બંને મહાકાવ્યો કેવળ ઈતિહાસ નથી કે સંસ્કૃતિની કથા નથી, તે માત્ર ધર્મનો ઉપદેશ નથી, પણ મનુષ્યની ચેતનાને જગાડનાર આધ્યાત્મિક ગુરુ સમાન છે. આ અર્થમાં આ બંને મહાકાવ્યો ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે.*

## 14.7 સારાંશ

*આમ, મહાકાવ્યો કેવળ ઈતિહાસ નથી કે સંસ્કૃતિ કથા નથી, તે માત્ર ધર્મનો ઉપદેશ નથી, પણ મનુષ્યની ચેતનાને જગાડનાર આધ્યાત્મિક ગુરુ સમાન છે. આ અર્થમાં આ બન્ને મહાકાવ્યો ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે.*

*રામાયણ – મહાભારતમાં ભારતીય સંસ્કૃતિના દર્શન થાય છે. વિશ્વની શ્રેષ્ઠ સંસ્કૃતિ ભારતીય સંસ્કૃતિના મૂળમાં આ મહાકાવ્યો છે. આ મહાકાવ્યોએ ભારતના વારસાને વૈવિધ્યપૂર્ણ અને સમૃધ્ધ બનાવ્યું છે. ભારતીય સંસ્કૃતિને આમ યુગે યુગે નૂતન બળ, નૂતન શક્તિ અને નવોન્મેષ પ્રાપ્ત થતો ગયો છે. તેથી જ તે ગૌરવવંતી બની છે.*

## 14.8 તમારી પ્રગતિ ચકાસો

**(અ) લંબાણપૂર્વક પ્રશ્નોનાં જવાબ આપો.**

(1) *રામાયણની કથાનો પરિચય કરાવો.*

(2) *મહાકાવ્યોનું મહત્વ અને રચનાકાળ જણાવો.*

(3) *મહાકાવ્યોનું સાંસ્કૃતિક મહત્વ સમજાવો.*

**(બ) ખાલી જગ્યા પૂરો.**

(1) *રામાયણ ગ્રંથના લેખક ............. છે.*
(2) *રામાયણમાં રાજા દશરથ .............વંશના છે.*
(3) *રામાયણની રચના ઈ.સ.પૂ. ...............માં થઈ હશે.*
(4) *પાંચ પાંડવોના પિતાનું નામ ............. છે.*
(5) 100 *કૌરવોની માતાનું નામ ............ છે.*
(6) *ધૃતરાષ્ટ્ર જન્મથી ................રાજા હતાં.*

**(ક) એક-બે વાકયમાં જવાબ આપો.**

(1) *પ્રાચીન ભારતના બે મહાકાવ્યો નામ લખી તેની રચના કોણે કરી ?*

(2) *મહાકાવ્યો શાના ઉપર પ્રકાશ પાડે છે ?*

(3) *રામાયણ અને મહાભારતમાં શાની કથા આલેખવામાં આવી છે ?*

(4) *'મહાભારત' બીજા કયા નામે ઓળખાય છે ?*

(ડ) **નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

1. *મહાભારતના લેખક મહાકવિ વાલ્મિકી હતાં.*
2. (2) *પાંડવોનો સૌથી મોટો પુત્ર અર્જુન હતો.*
3. *રામ-રાવણ યુધ્ધની કથા રામાયણમાં લખાયેલી છે.*
4. *રામે સોળ વર્ષ વનવાસ ભોગવ્યો.*

## 14.9 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| *આર્ય-અનાર્ય* | *માનવીઓ / મનુષ્યો / દેવો (આર્ય) – રાક્ષસો / દુષ્ટો / દાનવો (અનાર્ય)* |
| *ધૃત* | *જુગાર* |
| *સંસ્કૃતિ* | *સુધરેલું, શિષ્ટ કે સંસ્કારી* |
| *કુરુક્ષેત્ર* | *યુધ્ધભૂમિ (પાંડવો-કૌરવો યુધ્ધ મેદાન)* |
| *પંચમ વેદ* | *મહાભારત* |
| *સુરાપા – મદિરા* | *દારુ* |

## 14.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

| | | | | |
|---|---|---|---|---|
| *(બ)* | (1) *આદિકવિ વાલ્મીકી* | (2) *ઈક્ષ્વાકુ* | (3) 1700 *કે* 1750 | |
| | (4) *પાંડુ રાજા* | (5) *ગાંધારી* | (6) *અંધ* | |
| *(ડ)* | *(૧) ખોટું* | (2) *ખોટું* | (3) *ખરુ* | (4) *ખોટું* |

## 14.11 સંદર્ભગ્રંથો


1. *પ્રાચીન ભારતનો ઈતિહાસ ભાગ-1, શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*
2. *પ્રાચીન ભારતીય સંસ્કૃતિ ઔર ઉસ્કા ઈતિહાસ – સત્યકેતુ વિદ્યાલંકાર*
3. *ભારતનો પ્રાચીન ઈતિહાસ - પ્રા. સુરેશભાઈ એમ. શાહ, જ્યોતિ પ્રકાશન, અમદાવાદ*
4. *પ્રાચીન ભારત કા સંપૂર્ણ ઈતિહાસ – ડૉ. એસ.એસ.નાગોરી, કાન્તા નાગોરી, સબલાઈન પબ્લિકેશન, જયપુર, રાજસ્થાન.*
5. *પ્રાચીન ભારતીય ઈતિહાસ – ડૉ. વી.એસ. ભાર્ગવ, રીસર્ચ પબ્લિકેશન, જયપુર, રાજસ્થાન*
6. *પ્રાચીન ભારત – ડૉ. નરેશ જે. પરીખ, કડી*
7. *પ્રાચીન ભારત – ડૉ. કે.સી.બારોટ, ગુજર્જર, પ્રકાશન, અમદાવાદ*
8. *આપણો વૈભવ અને વારસો – મનુભાઈ પંચોળી*

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-989-5